Gujarati Maulana Rumi Masnavi Book No 1

મશનવી મૌલાના રૂમ

ભાગ ૧લો

પ્રગટ કર્તા

-: અનુવાદક :-

અલ વાઇઝ નૂરમહમદ રહેમતુલ્લા, મોમ્બાસા.

પ્રકાશક-પ્રાપ્તિસ્થાન

નૂરમહમદ રહેમતુલ્લા

પી. ઓ. બોક્ષ-નં. ૮૫૨૯

મોમ્બાસા (કેન્યા).

કલામે હ. ઈમામ સુલતાન મુહમ્મદ શાહ, (અ. સ.)

કિતાબ મૌલાના રૂમ અને કિતાબ શાહ શમ્શ તબ્રીઝની તમે પડશો તો ખબર પડશે કે કયો રસ્તો સારો છે.

જંગબાર તા. ૧૩-૯-૧૮૯૯.

હું તમોને દિવાને શાહ શમ્શ તબ્રીઝ તથા મશનવી મૌલાના રૂમની કિતાબો મોકલીશ તમે તે પઢજો ત્યારે તમોને ખબર પડશે કે બીજા મુલ્કોમાં કેમ ચાલે છે. શાહ શમ્શ, પીર સદરદીન તથા મૌલાના રૂમ ફિલસૂફી ઘણીજ પડયા હતા. પીર શમ્સ, પીર સદરદીન, મૌલાના રૂમ એઓજ એવા થઈ શકયા એમ નહિ સમજતા, તમે પણ મહેનત કરી પડો તો એવા થઈ શકશો.

જંગબાર તા. ૧૪-૯-૧૮૯૯

કુરાને શરીફની માયના એવી રીતે કાઢવી જોઈએ કે જેવી રીતે મશનવી કિતાબની માયાના કાઢવામાં આવે છે.

કુરાન, જ્ઞાન તથા મશનવી સરવેની સરખી માયના ઉતારવી જોઈએ.

જેવી રીતના પીર સદરદીનના બોધ છે, તેવી જ રીતના મશનવીના અર્થ છે. પણ તે ફારસીમાં છે માટે માયના શીખવી જોઈએ.

એવી હિંમત હું કોઈમાં જોતો નથી કે તેની એવી ઈચ્છા હોય કે હું મશનવી વિગેરે શીખીને વાએઝ કરનાર થાઉં.

અમદાવાદ તા. ૧૩-૧૦-૧૯૦૩

અરબી અને ફારસી ભાષાઓમાં તવારીખોની કિતાબો છે તેમના તરજુમા ગુજરાતીમાં કરીને ઈસ્માઈલી લાયબ્રેરીઓમાં રાખવા જોઈએ.

પુના તા. ૨૮-૬-૧૯૦૮

અનુવાદકનું નિવેદન

આભાર દર્શન

મારી ઘણા વર્ષથી તમન્ના હતી કે મૌલાના રૂમની મશનવીને ગુજરાતીમાં અનુવાદ કરૂં, જેથી જિજ્ઞાસુ આત્માઓ તેમાંનો સાર ગ્રહણ કરી પોતાનું જીવન ખુદાઇ પ્રેમમાં રંગે.

આપણા પ્યારા ૪૮મા જેમાના ધણી હ. ઈમામ સુલતાન મુહમ્મદ શાહનું ફરમાન છે કે તમે ફિલસૂફી પડો તો ખુદાની નજદીક થઇ શકશો. મૌલાના રૂમની મશનવી પડવા ઘણી વખત ફરમાન કરેલાં.

ઉપલા ફરમાન પ્રમાણે સૌ કોઈ અમલ કરી ફિલસૂફી પડી ખુદાની નજદીકી પ્રાપ્ત કરે તે દૃષ્ટિબિંદુને નજર સમક્ષ રાખી મેં આ અદના પ્રયાસ કર્યો છે.

આ પહેલા ભાગમાં ૪૦૦૩ બૈતો છે, આશરે સતાવીશ હજાર બૈતોના છ ભાગ છે. દરેક વર્ષે એકેક ભાગ બહાર પાડવા ઈન્શાઅલ્લાહ ઉમેદ છે. મૌલા પૂરી કરે.

મૌલાના રૂમની મશનવીને ફારસીભાષાના કુરાનનું બિરુદ મળ્યું છે.

મશનવીયે મૌલવીયે મઅનવી
હસ્ત કુરાન દર ઝબાને પહેલવી.

આ અમર સાહિત્ય છે, જે જીવનમાં ઉતારવાથી આપણું જીવન પણ અમર બની રહેશે.

આસ્તે આસ્તે આપણી કોમ સાહિત્ય પ્રેમી બનતી જાય છે. તે ખુશીની વાત છે.

મેં આનો ગુજરાતી અનુવાદ અંગ્રેજી, ફારસી અને ઉર્દૂમાં અનુવાદ થએલી કિતાબો ઉપરથી કર્યો છે.

હું કોઈ ઉપલી ભાષાઓ જાણકાર પ્રોફેસર નથી. મારી અદના, બુધ્ધિ અને શકિત અનુસાર સાદી ગુજરાતી ભાષામાં અનુવાદનો આ મારો પ્રથમ પ્રયાસ હોય તેમાં ઘણી

ભૂલો રહી જવા પામી હશે. સુજ્ઞ વાંચકો તેમાં રહેલી ભૂલો તરફ મારૂં ધ્યાન દોરશે તો તે બીજી આવૃતિમાં તે સુધારવા કોશિશ કરીશ.

અગાઉથી આએ પુસ્તકના ગ્રાહક થઇ સહકાર આપનારા સદ્ગ્રહસ્થો કે જેઓના નામો મૌલાના રૂમની ૧૦૦ બોધદાયક વાર્તાઓ નામે આની સાથે જ બહાર પડતા બીજા પુસ્તકમાં છાપેલા છે તે સર્વે સદ્ગ્રહસ્થોનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

જુદી જુદી ટેરીટરીની ઇસમાઈલીયા એસોશીએશનના પ્રેસીડન્ટ સાહેબોએ આએ બુક છપાયા અગાઉથી સારા પ્રમાણમાં ઓર્ડર આપી આપેલા સહકાર બદલ તેપણ બધા સાહેબોનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

આએ પુસ્તકની પ્રસ્તાવના લખનાર અલવાઇઝ નુરદીનભાઈ ગુલામહુશેન દરેડીયા કે જેઓ એક અચ્છા વાએઝીન અને લેખક છે, તેઓની પ્રસ્તાવના લખવા ઉપરાંત સાથે રહીને આ તથા બીજાં બે પુસ્તકો જે બધાં એક સાથે છપાય છે તેમના પ્રૂફો રાતે ઉજાગરા કરીને તેમજ છાપવાના લગતા લગભગ કાર્યોમાં સાથે રહીને ઉત્તમ સહકાર આપવા બદલ તેમનો પણ ઘણો જ આભાર માનું છું.

જીવન સાથીનો ઉપકાર માનવો એ ઘણાને નવીનતા લાગશે પણ મારા જીવન સાથી બન્યા પછી મારી મહોરદાર શાહ સુલતાન કે જેમણાં મુંબઈના પ્રખ્યાત ફિદાઈ કુટુંબ સુમ્બી લાલજી દેવરાજનાં દોહીત્રી અને હાજીમોહમદ જુમા જાનમામદ ઈસમાઈલી બેન્કના માજી પ્રેસીડેન્ટના ભાઈ ડૉકટર અલીમામદ જુમા જાનમામદની સુપુત્રી થાય છે. તેમણે પુસ્તકના લેખન કાર્યમાં તેમજ તેવીજ બીજી મદદ વગર હું આજે મારૂં ચોથું પુસ્તક પ્રકાશન છે તે કરી શકયો ન જ હોત એટલે તેવણનો પણ આભાર વ્યકત કરૂં છું.

આપણો પાક મઝહબ મારફ્તી છે, રૂહાની છે, તે સમજવા આ પુસ્તક જરૂર મદદગાર થઇ પડશે તેવી આશા રાખું છું.

લીઃ દુઆગીર

અલ-વાઇઝ નુરમહમદ રહેમતુલ્લા



મહાન સુફી–મહાન અધ્યાત્મવાદી હઝરત–શમ્સ તબ્રેઝી (રહ.)ની

જીવનઝરમર

મહાન સૂફી મૌલાના રૂમી તો જીવન પલટો કરનાર, હૃદયમાં મારફતની મસ્તી જગાડ નાર, રૂહનાં આશક બનાવનાર અને ખુદાઈ પ્રેમની મસ્તી જગાડનાર હતા. હ. શમ્સ તબ્રેઝી તે મૌલાના રૂમનાં મુરશીદ બન્યા.

હ. શમ્સ તબ્રેઝ ખુદાના પ્રેમમાં મસ્ત અને મદહોશ બનેલાં દિવ્યાત્મા હતાં. મારફતની મસ્ત ભાવમાં, ડૂબેલાં હતાં. ખુદામાં ફનાહ થએલા જીવાત્મા હતાં. તેમણે પણ મૌલાના રૂમનાં મરશીદ બનીને મૌલાનાં રૂમને આત્માનાં માર્ગે દોરવ્યા, તેમનામાં ખુદાઈ ભાવનો જોશ પેદા કર્યો.

અહીં મૌલાનાં રૂમના મુરશીદ હ. શમ્સ તબ્રેઝનું જીવન ઝરમર રજૂ કરીએ. છીએ હ. શમ્સ તબ્રેઝ ફાતિમા ખાનદાનનાં નબીરા હતાં. હ. શમ્સ તબ્રેઝ હ. ઈમામ અલાઉદ્દીન મહમદ (અ. સ.)નાં પુત્ર હતા. હ. ઈમામ અલાઉદ્દીન મહમદ આલમોતનાં બાદશાહ હતા. હ. શમ્સ તબ્રેઝને બાળવયમાં જ આત્મિક સિદ્ધિ પ્રાપ્ત થઈ હતી. તેઓ પોતાની ઈચ્છા અનુસાર જમીન અને આસમાનમાં વિહાર કરી શકતા હતા. તેમ જ ફરિસ્તા સાથે વાતો કરી શકતાં હતા. તેથી તેમને 'પરિન્દા' અને ભેદી પુરૂષ તરીકે સંબોધવામાં આવતા હતા. રસુલ સ. અ. વ. ના જીવન પાઠથી તેઓએ પોતાનો આહાર ઓછો કરી નાંખ્યો હતો.

હ. શમ્સ તબ્રીઝ ફરમાવે છે કે 'શીકમ પરવર ચે દાનદ ઈ. સુખનરા, મગર હા કસકે બાશદ જાન વ તનરા.' યાને 'જેઓ પેટનીજ ફિકરમાંજ રહેનારા છે, તેઓ આત્મિક જ્ઞાનની વાતોનું રહસ્ય શું જાણે? પણ તેઓજ જાણી શકે કે જેઓ શરીર અને જાનની કુરબાની આપનારા હોય છે.' તેઓ ઈશ્વર–ઉપદેશક અલ્લાહના વાજીંત્ર રૂપ હતા. એવ-ણુની વાણી ખુદાઈ સંદેશ રૂપ (અલ્લાહની જબાન) હતી. તેમના અજબ પ્રભાવથી લોકો ચકિત થઇ જતા હતા. તેઓ દ્રઢ ઉપવાસી હતા. તેઓ ઘણા અપવાસ કરતા હતા. ઘણા દિવસો અન્ન પાણી વિના વિતાવતા. તેઓ કંઈપણ ખોરાક લીધા વિના દિવસો પર્યંત રહેતા હતા. જ્યારે તેઓ ખોરાક લેતા ત્યારે સૂકી રોટલી પાણીમાં ભીંજવીને ખાતા. એ મુજબ યુવાવસ્થામાં નફસનું દમન કરતા. લોકોના દિલમાં શમ્સ તબ્રીઝીની આત્મિક શક્તિની છાપ હતી. આવા પવિત્ર ચારિત્ર્યની છાપ લોકોના દિલમાં પડયા વિના રહેતી નથી.

એક વખત એક ક્રિશ્ચયન પાદરીએ આપને કપટથી નમન કર્યું. હ. શમ્સ તેને પૂછવા લાગ્યા કે, 'પહેલાં તમે જનમ્યા, કે તમારી દાઢી?' પાદરીએ કહ્યું કે 'પ્રથમ હું જનમ્યો અને વીસ વર્ષ બાદ મારી દાઢી.' આપે ફરમાવ્યું કે, 'તમારી દાઢી તમારાથી ૨૦ વર્ષ નાની હોવા છતાં તે સફેદ થઈ ગઇ છે. પણ ઓ વૃદ્ધ, (પાદરી) તમારૂં દિલ તો હજી કાળુંજ રહી ગયું છે.' આ વાત સાંભળીને પાદરી છક થઇ ગયો અને ખોટો આડંબર તજી, તૌબા કરી, ઇસ્લામની સચ્ચાઇ જોઇ તે ઇસ્લામ ધર્મમાં દાખલ થઈ ગયો.

ઇચ્છા શક્તિ ગુરુમ.

હ. શમ્સને જો કોઈ સતાવતું તો હઝરત શમ્સ નારાજ થઈ જતા તો ખુદા પાસે માંગતા હતા કે, 'યા ખુદા તું તેને મોટી ઉંમર અને વધુ ધન આપ.' (મોટી ઉંમરથી વધુ દુઃખો ભોગવવા પડે છે. વધારે ધનથી ગુમાન પેદા થાય છે, એવી રીતે માણસ ખુદાથી વધુ ગાફિલ થઈ જાય છે.)

"લા રોબાનીયત ફી દીન" "ધર્મમાં મઠવાસીપણું નથી."

હ. શમ્શ તબ્રીઝી ખુદાની ખાસ પસંદ કરેલી વ્યકિતઓમાંના એક હતા. તેમની કમાલિયતના વર્ણને જુદી જુદી કૃતિમાંથી મળી આવે છે, જેમાંનું એક નમૂના તરીકે અત્રે વર્ણવું યોગ્ય થઇ પડશે. એક દિવસે એક શખ્સ અમીરી ઠાઠમાઠ સાથે ઘોડા પર સ્વાર થઈ હ. શમ્શ પાસે આવ્યો અને એમની સામે ઉભો રહીને અનહદ રડવા લાગ્યો, પછી કાંઈપણ વાતચીત કર્યા વગર તે પોતાના અશ્વને પૂરપાટ દોડાવી ચાલ્યો ગયો.

આ હકીકત જોતાં હઝરતની મિજલસમાં બેઠેલા તબ્રીઝવાસીઓએ હેરતમાં પડી જઈ એ ભેદ ખુલ્લો કરવા માટેની આતુરતા દેખાડી. પ્રત્યુતરમાં હઝરતે ફરમાવ્યું 'આ અમીરી પોષાક અને ઠાઠમાઠમાં રહેલો શખ્શ એક દરવીશ છે. તેમ જ ખુદાની હુઝુરમાં સ્વિકારાયેલો એક નેક શખ્શ છે, પરંતુ તેણે સંસારનો દોર દમામ રાખેલો છે, એ કારણે જગતજનો પોતાની મતલબ સર એને ફુરસદ આપતા નથી એટલે તે એકાંતમાં બેસી તસ્બીહ કે ઝીકર કરી શકતો નથી; આવી સ્થિતિ વચ્ચે તેનું મન ભરાઇ આવ્યાથી તે મને જોઇને રડવા લાગ્યો એથી એનું મન ખાલી થતાં તેણે સંકેતમાં અમીરી ઠાઠમાઠ તજી ફકીરી પોષાક ધારણ કરવાની મરજી દેખાડી પરંતુ ખુદાને તે પસંદ નથી અને જે હાલતમાં એ દરવેશી જીવન ગુજારે છે તેમાંજ ખુદા રાજી છે. "લા રોબાનીયતફિ દીન" "ધર્મમાં મઠવાસીપણું નથી." તેની તેને જાણ થતાં સંતોષ સાથે તેજ પળે તે પાછો ફરી ગયો. ફકીરી હાલતમાં રહે તો સંસારી જનોનું ભલાઇનું કાર્ય કયાંથી થઈ શકે ? તેથી બહેતર એ છે કે અમીરી હાલતમાં રહી દીન અને દુનિયા બન્નેની રાહનુમાઇ કરે."

એક વખત એક મિજલસમાં કેટલાક આલીમો બેઠા હતા, જેમાંના એક શેખ હરીરે હ. શમ્શ તબ્રીઝીને પુછ્યું :—"તમારા મુરીદો નમાઝ પડતા નથી, રોઝા રાખતા નથી તેમ જ કેટલાક કામો શરાઅ વિરૂદ્ધ કરે છે તેઓને તમો કશો પણ ઠપકો આપતા નથી ?" તેના જવાબમાં હ. શમ્શે જણાવ્યું કે "મારા મુરીદોની વાત જવા દો હું પોતે પણ તેજ પંક્તિનો છું." ત્યાર પછી હસીને કહ્યું :—"જો તેઓ નમાઝ પડે, રોઝા રાખે અને શરીઅતના સઘળા અહેકામો બજાવી લાવે તો તે વડે તેઓની મુક્તિ થઈ જાય તો પછી મુરશીદની જરૂરત શી રહી ? પરંતુ મુરીદોએ મારી દામન એટલા માટે પકડી છે કે તેઓ પ્રત્યેક સંજોગો દરમ્યાન અમનો અમાનમાં રહી શકે અને હું તેઓની દસ્તગીરી કરૂં. જો તેઓ પોતાના તરીકા પ્રમાણે સેવા બજાવી લાવશે તો તેઓ પોતાનું હિત સાધી શકશે, સાથે સાથે મને પણ ઘણો આનંદ થશે."

વ્યવહારિક તેમ જ આત્મજ્ઞાનની પ્રાપ્તિ પછી હ. શમ્શે પર્યટન કરવાનું શરૂ કર્યું

હતું. તેઓ સોદાગર પેઠે નગરો નગર ફર્યા કરતા હતા અને ધર્મશાળામાં ઉતારો રાખતા અને રાતના સમયે ધ્યાન મગ્ન રહેતા હતા. એક સમયે તેમણે જગતનિયંતા પાસે પ્રાર્થના કરી કે, એવો કોઇ ખાસ માનવી મને મળી જાય કે જે પરમાર્થ માર્ગનો અભ્યાસી હોય અને સોહબતનો વિચાર રાખતો હોય. સત્વર અદ્રષ્ય જગતમાંથી સૂચન થયું કે "રૂમ જાઓ." એ જ વેળા હઝરત શમ્શે રૂમ ભણી પ્રયાણ થયું.

તેઓ કૌનીયા નગરમાં પહોંચ્યા અને બીરંજ ફરોશીઓની સરાઈમાં ઉતારો રાખ્યો. મૌલાના રૂમી પણ સંજોગવસાત્ કૌનીયામાં આવી પહોંચ્યા, હ. શમ્શ ઓટલા પર બેઠા હતા અને તેમની આસપાસ એ અજાણ્યા પુરૂષને જોવાની જિજ્ઞાસા સંતોષવા લોકોનું ટોળું એકઠું થએલું હતું. આ ભીડ જોઈને મૌલાના રૂમી પણ હ. શમ્શ ભણી આવ્યા અને જુએ છે તો એક કાંતિવાન પુરૂષ બેપરવાહીથી બેઠો છે. એ નૂરાની ચ્હેરો જોઈને દમિશ્કમાં જોએલો દિવ્ય પુરૂષ મૌલાના રૂમીને યાદ આવ્યો, પરંતુ પોષાક જુદા પ્રકારનો હોવાથી આ તે જ દિવ્ય પુરૂષ હશે કે કેમ તેની વિમાસણમાં તે પડી ગયા; એટલામાં હ. શમ્શે મૌલાના તરફ દ્રષ્ટિ ફેરવી, બન્નેની આંખો મળી. હ. શમ્શનું આત્મિક ઓજસ મૌલાનાની આંખ વાટે અંતરમાં ઉતરી ગયું.

કેટલીક વાર સુધી આંખો ગુપ્ત જ્ઞાનની વાતો અરસપરસ કરતી રહી. ત્યારબાદ હ. શમ્સે મહાન સૂફી બાયઝીદ બોસ્તામી વિષે કેટલાક માર્મિક અને કસોટી રૂપે મૌલાના રૂમીને પ્રશ્નો પૂછ્યા, જેના યોગ્ય જવાબો મળતાં હર્ષના ઉમળકાથી હ. શમ્શ મૌલાનાને ખૂબ ભેટ્યા. હ. શમ્શ તબ્રીઝી મૌલાના રૂમના ઉસ્તાદ હતા. મૌલાના રૂમની મશનવી જગ-મશહૂર છે. તેમ જ હ. શમ્શ તાબ્રીઝીની કુલીયાત પણ મશહુર છે અને આધ્યાત્મિક શિક્ષણથી ભરપૂર છે. સ્વામી રામતીર્થ જેવા પ્રસિદ્ધ પુરૂષે આ બે પુસ્તકોમાંથી આગળ વધવા માટે પ્રેરણા મેળવી છે. એ બાબત સ્વામી રામતીર્થના પુસ્તકમાં જોઈ શકાય છે.

મૌલાના રૂમી હ. શમ્શ તબ્રીઝીના સહવાસમાં આવ્યા પછી એક વેળા ફિકાહ હદીસ અને દીની મસાલાઓની કિતાબો મસ્જીદના હોજના કિનારે બેસીને જોઈ રહ્યા હતા; ત્યાં હ. શમ્શે આવીને કહ્યું કે, "આપ આ શું કરવા બેઠા છો?" મૌલાનાએ કહ્યું કે "કિતાબો જોઈ રહ્યો છું." હ. શમ્શે સઘળી કિતાબો હોજમાં નાંખી દીધી. આ બનાવથી મૌલાના રૂમીને ભારે શોક થયો, તેથી તેઓ દુઃખી સાદે કહેવા લાગ્યા કે, "તમોએ મારી ઉપર આફતોનો વરસાદ વરસાવ્યો. આ કિતાબો અતિશય કીમતી હતી, કેમકે ગમે ત્યાં શોધવાથી કે ગમે તે દામ આપવાથી તે મળી શકશે નહીં." ....

હ. શમ્શે જાણ્યું કે, મૌલાના રૂમીને દિલમાં ઘણો આઘાત થયો છે. હ. શમ્શ તેમને દુઃખી જોવા ન્હોતા ચાહતા, એથી તરત જ પાણીમાં પોતાનો હાથ નાખીને હોજમાંથી કિતાબો બહાર કાઢી આપી. આ બધા પુસ્તકો તેની મૂળ સ્થિતિમાં હતા. તેમાંનું એકેય પાનું ભીંજાયું નહોતું. આ ચમત્કાર જોઈને મૌલાના રૂમી ચકિત થઈ ગયા અને પોતાના મહાન મુર્શીદનું ગૌરવ જોઈ પોતાની અજ્ઞાનતા માટે માફી ચાહી. તે પછી તેમના મન પર એવી ઊંડી અસર થઈ કે, પુસ્તકો વાંચવા અને વાએઝો કરવાથી એમનું મન ઉતરી

અદ્રશ્ય જગત - સૂચન - કૌનીયા - રૂમ જાઓ
આંખો - [illegible]

ગયું અને એમની આંખો સામે પોતાના વ્હાલા મુરશીદ સિવાય પ્રત્યેક વસ્તુઓ તકલાદી યાને વ્યર્થ જેવી ભાસવા લાગી.

મૌલાના રૂમીએ ફરમાવ્યું છે કે, " સદ કિતાબ સદ વરક દર નાર કુન, જાંનો દિલરા જાની બ દિલદાર કુન " યાને " સૌ કિતાબો સેંકડો સોનેરી અનેરૂપેરી વરકી પાનાની હોય છતાં તેને આગમાં ફેંકી દે, અને જાન અને દિલથી મુરશીદ ઉપર કુરબાન થા. " મૌલાના રૂમી બંદગી કરતા ત્યારે ઘણી વખત પોતાનું મુખ હ. શમ્સના ચહેરા ભણી રાખતા હતા. "કઆબા" અને " કીબ્લા " ની ગણત્રી તેઓએ ત્યાંથી કીધી હતી. મૌલાના રૂમીની આ અને એવી બીજી અનેક વલણો જોઈને દિવસે દિવસે જન સમૂહમાં એવી વાતો ફેલાવા લાગી કે, મૌલાના રૂમી જ્યાં સુધી શમ્શ તબ્રીઝીથી વિખૂટા નહીં થાય ત્યાં સુધી મૌલાના રૂમી પરની શમ્શ તબ્રીઝીની આ અસરો દૂર થશે નહી, જન સમાજ તેઓના આંતરિક ભેદ સમજી શકે એમ ન હતું, તેથી હ. શમ્શની વિરૂદ્ધ ચળવળો ઊભી થઈ અને ઉશ્કેરણીઓ વધવા લાગી.

હ. શમ્શ તો આ બધું જાણતાં જ હતા, તેથી તેઓ તરત જ ખાનગી રીતે શામ તરફ રવાના થઈ ગયા. આ વિયોગથી મૌલાના રૂમને અતિશય દુઃખ થવા લાગ્યું; કેમકે તેમનો વિયોગ તેમનાથી સહન થતો નહીં; એથી એમનું શરીર સૂકાવા લાગ્યું તેમના ચહેરા પર હંમેશ શોકની છાયા છવાયેલી રહેતી.

સુલતાન વલદથી પોતાના પિતાનું આ દુઃખ જોઈ શકાયું નહી, તેથી તેઓ વિચારવા લગ્યા કે હ. શમ્શ તબ્રીઝીની હાજરી સિવાય બીજું કંઈપણ કારગર લાગે એમ નથી; પણ ઉપાય તેના હાથમાં નહોતો. એવામાં ઉડતા સમાચાર મળ્યા કે, હ. શમ્શ દમિશ્કમાં છે. આ વધાઈથી સુલતાન વલદ અત્યંત ખુશ થઈ ગયા અને પોતાના વ્હાલા પિતાને સધ્યારો આપી હ. શમ્સને કૌનીયામાં પાછા તેડી લાવવા અર્થે શામની મુસાફરીએ રવાના થયા. દમિશ્ક આવી સુલતાન વલદે હ. શમ્શની પૂછપરછ કરતાં હ. શમ્શ જલાલીઆની ધર્મશાળામાં રહેતા હોવાનું જાણી લીધું સુલતાન વલદે એ ધર્મશાળા પાસે આવીને જોયું તો હ. શમ્સ એક ફિરંગી છોકરા સાથે શેતરંજની રમત રમી રહ્યા હતા. રમતમાં તે ફિરંગી છોકરો દાવ જીતી જતો હતો. આ સંજોગ વચ્ચે આત્મબળ કળાઈ ગયેલું હોવાથી હ. શમ્શ તબ્રીઝીએ તેને સતપંથ–સાચા રાહનો સદ્બોધ આપ્યો તેથી તેણે ઈસ્લામ ધર્મ ગ્રહણ કર્યો. આગળ જતાં આ ફિરંગી છોકરો સૂફી ટોળાનો એક અંગભૂત થવા પામ્યો. જેવી રીતે હ. અલી અ. સ. ના સમયમાં હ. સલમાન ફારસી મૌલાના સેવક બન્યા હતા, અને સમય જતાં એહલેબેતમાં તેમનો શુમાર થયો હતો, તે જ પ્રમાણે હ. શમ્શ તબ્રીઝી સાથે રમતમાં મશગૂલ થએલ એ ફિરંગી છોકરાને દરજ્જો મળ્યો. સુલતાન વલદ પર હ. શમ્શની નજર પડતાં, સુલતાન વલદ હ. શમ્શના ચરણોમાં ઢળી પડયો અને સર્વે હકીકતનું વર્ણન કર્યું; એ સાંભળીને હ. શમ્શ ખિન્ન થયા અને સુલતાન વલદને વ્હાલથી ભેટયા અને કૌનીયા આવવા માટે તૈયાર થયા.

મૌલાના હાઝર ઈમામે ફરમાવ્યું છે કે :–

" તમે ફિલસૂફી પડો તો ખુદાવંદતઆલાની નજીક થઈ શકો. શમ્શ તબ્રેઝ, પીર સદરદીન તથા મૌલાના રૂમ ફિલસૂફી ઘણી પડયા હતા. તેમ જ કુરાને શરીફ માયના સાથે પડયા હતા "

—જંગબાર તા. ૧૪–૯–૧૮૯૯.

આંખો → મુરશીદ - Receive
દરેક ચીજ વ્યર્થ or તકલાદી લાગી.
100 - કિતાબો GOLDEN
- SILVER
જાન અને દીલથી કુરબાન થા.

રૂમીનો મુરશીદે કામીલ પ્રત્યેનો અનન્ય ભાવ.

આં બાદશાહે આઝમ દર બસ્તે બુદ મુહકમ,
પોશીદે દિલ્કે આદમ ઇમરૂઝ બર દર આયદ.

ભાવાર્થ :— તે બાદશાહે મજબૂતીથી દ્વાર બંધ રાખ્યા હતા. તે આજે દરવાજા ઉપર આદમનો પોષાક પહેરીને આવ્યો છે.

બદાન કે પીર સરાસર સિફાતે હક બાશદ.
અગર એ પીર નુમાયદ, બસુરતે બસરી.

તું જાણ કે, મુરશીદ સર્વાંશે હકની સિફત છે, પછી ભલે તે ઈન્સાનની સૂરતમાં દેખાતો હોય.

આફતાબે વજુદે અહલે સફા,
આં ઇમામે મુબીં વલીયે ખુદા.
આં ઇમામી કે કાયમસ્ત બા ઉ,
ઇનિ મકાનો ઝમાનો અર્ઝો સમા.
ઝાતે ઉ હસ્ત વાજીબુલ અસ્મા,
ઉ મુનઝઝેહ ઝ સિર્કો કુફ્રોરિયા.
આલમે વહેદ તસ્ત મસકને ઉ,
ઉ બીરૂં અઝ સિફાતે માફી હા.

ભાવાર્થ :—અહલે સફાના જીસ્મના સૂર્ય તે જાહેર ઈમામ અને ખુદાના દોસ્ત તે ઈમામ કે, જેની સાથે આ દુનિયા, જમાનો, જમીન આસમાન કાયમ છે. તેની જાત પૂજનીય અને મરતબા વાળી છે એ ઈમામ પવિત્ર છે. શિર્ક, કુફ્ર, કે દંભથી પર તેમનો નિવાસ વહેદાનિયતની સૃષ્ટિમાં છે, અને આ જે કાંઈ (જગત) છે, તે તેથી નિર્લેપ છે.

☆

મહાન સૂફી–અધ્યાત્મવાદી

મૌલાના જલાલુદ્દીન રૂમીનું જીવન દર્શન.

ખુદાનાં પ્રેમભાવ અને આત્માના અગમનિગમ નાં ઊંડા રહસ્યોથી ભરપૂર મશનવી નાં મહાન સર્જન સૂફી મૌલાના રૂમને મશનવીએ તો જગવિખ્યાત બનાવી દીધાં બલ્કે ફારસી ભાષાનું તો એ કુરાન છે એવું ભવ્ય બિરૂદ મલ્યું છે. ખરેખર મશનવી નું અંતરમાં અમીપાન કરવાથી અંતરમાં ખુદાઈ પ્રેમ ભાવના નો જોશ પેદા થાય છે અને હૃદય ખુદાઈ ભાવથી ભરાઈ જાય છે. અને જીવનમાં પરમ શાંતિનો અનુભવ થાય છે. મૌલાનાં રૂમની જીવન ઝાંખી કરવા માટે તેમનાં હૃદય સંગીત સમા મશનવીમાં ઊંડા ઊતરવું જોઈએ અને મધુરતા માણવી જોઈએ. અહીં તેમના જીવનનું ટૂંકમાં દર્શન કરાવવામાં આવ્યું છે.

મૌલાના રૂમીનું મૂળનામ મુહમ્મદ, લકબ જલાલુદ્દીન, ઉપનામ રૂમી હતું. તેમના પિતા બહાઉદ્દીન બલ્ખ શહેરનાં મૂળ વતની હતા. હી. ૬૦૪નાં રબીઉલ અવ્વલ માસની ૬ ઠ્ઠીએ મૌલાનાં રૂમીનો જન્મ બલ્ખમાં થયો હતો. મૌલાનાં પિતા બહાઉદ્દીનનાં લગ્ન ખુરાસાનનાં રાજ્ય કર્તા જલાલુદ્દીન મુશમદ ખાહિઝમ શાહની પુત્રી સાથે થયાં હતાં. એમનો સિલસિલો જાણીતા સૂફી ઈબ્રાહીમ અહદમથી મળે છે.

સુલતાન ઈબ્રાહીમ અહમદ બલ્ખનાં બાદશાહ હતા. મૌલાના જલાલુદ્દીન રૂમીના લગ્ન વીસ વર્ષની વયે હી. સ. ૬૨૩માં સમરકંદવાળા લાલા શરફુદ્દીનની પુત્રી ગૌહર-ખાતુન વેરે લારન્દા શહેરમાં કરવામાં આવ્યા હતા. કેટલાક એમનું નામ જાહેરખાતુન પણ કહે છે. તેમના પેટે એક અલાઉદ્દીન અને બીજા સુલતાન વલદ એમ બે પુત્રનો જન્મ થયો હતો. ગૌહરખાતુન યુવાન અવસ્થામાં મરણ પામતાં બીજા લગ્ન કીરાખાતુન વેરે થયા હતા. એમનાં પેટે પણ એક પુત્ર અને એક પુત્રી થયા હતા.

સુલતાન મુહમદ ખારિઝમ શાહ મૌલાના રૂમીના પિતા પ્રત્યે ઘણો ભક્તિભાવ ધરાવતો હતો. અલ્લામાં ફખરૂદ્દીન રાઝીથી તેમને મતભેદ થતાં તેઓ ખારઝમ છોડી નીશાપુર ગયા. ત્યાં શેખ ફરીદુદ્દીન અતાર સાથે મુલાકાત થઈ. શેખ અતારે છ વર્ષના બાળક જલાલુદ્દીનનું ભવ્ય લલાટ અને બુદ્ધિપ્રભા જોઈ સ્વરચિત "અસરારનામા" નામનું પુસ્તક તેમને ભેટ આપ્યું હતું અને કહ્યું હતું કે "આપના પુત્ર અધ્યાત્મિક શિખરની ઊંચામાં ઊંચી ટોચે પહોંચશે. આ કાબિલ રત્નની ઉપેક્ષા નહિ કરતા તેને પૂરેપૂરી કેળવણી આપજો."

હી. સ. ૬૧૦માં નિશાપુર ખાતે મૌલાના રૂમી અને તેમના પિતા આવ્યા હત.. ત્યાંના રાજવી મૌલાના જલાલુદ્દીનના માતામહ યાને નાના થતા હતા તેથી તેમણે પિતા પુત્રને ઘણો આવકાર આપ્યો. આ બાદશાહે હ. ઈમામ અલાઉદ્દીન મુહમ્મદ અ.ના રાજ્ય કાળમાં પાંચ ઈસમાઈલીઓને જીવતા બાળી મૂક્યા હતા. આ સબબથી ઈસમાઈલીઓ આ બાદશાહથી નારાજ હતા.

મૌલાના જલાલુદ્દીન રૂમીએ અત્રે આઠ વર્ષ પર્યંત નિવાસ કર્યો હતો. તાતારીઓના હાથે ત્યાંનો એ બાદશાહ માર્યો ગયો હતો. તાતારીઓની આ ત્રીજી જીત હતી. ત્યારબાદ પિતા પુત્ર કૌનીયા જઈ વસ્યા મૌલાના કૌનીયા ખાતે ખ્યાતિ પામતા ગયા. સૈયદ બુરહાનનુદ્દીન તીરમીઝીના સમાગમમાં રહી તેમણે ઘણી વિદ્યાઓનું શિક્ષણ મેળવ્યું અને તેઓ સામાન્ય રીતે પ્રચાર પામેલા સૂફીઓની હરોળમાં આવી ગયા, તેથી લોકોમાં રાજ્યકર્તાઓમાં અને વિદ્વાનોમાં એમનું સન્માન થતું અને તેઓ મૌલાનાની મુલાકાત માટે પણ આવતા. હી. સ. ૬૨૮માં મૌલાના રૂમીના પિતા બહાઉદ્દીન મરણ પામ્યા તેથી તેની પદવીએ મૌલાના આવ્યા હતા. મૌલાનાએહલબ અને શામની મુલાકાતો લઈ, ત્યાં ખાતે પણ કેટલીક વિદ્યાઓ પ્રાપ્ત કરી હતી.

એક દિવસ કૌનીયામાં મૌલાનાએ હ. શમ્શને એક ઠેકાણે ઓટલા પર બેઠેલા જોયા. હ. શમ્શની આસપાસ લોકોનું ટોળું એકઠું થયું હતું. મૌલાનાએ દમિશ્કમાં જોએલો દિવ્ય પુરૂષ યાદ આવ્યો પરંતુ પોષાક જુદા પ્રકારનો હોવાથી આ તે જ દિવ્ય પુરુષ હશે કે કેમ, તેની વિમાસણમાં પડી ગયા; પરંતુ બન્નેની આંખો મળતાં હ. શમ્શનું આત્મિક ઓજસ મૌલાનાની આંખો વાટે અંતરમાં ઉતરી ગયું. કેટલીવાર સુધી બનેલી આંખો ગુપ્ત જ્ઞાનની વાતો અરસ પરસ કરતી રહી. બાદ હ. શમ્શે મૌલાનાને મહાન સૂફી બાયઝીદ બોસ્તામી વિષે કેટલીક માર્મિક વાતો કસોટી રૂપે પૂછી જોઈ. જેનો યોગ્ય ઉત્તર મળતાં હર્ષના ઉમળકાથી હ. શમ્શ મૌલાનાને ભેટયા.

વિશ્વ વિખ્યાત મશનવી કે જે ગૂઢ આત્મવાદ અને ભક્તિરસપૂર્ણ કાવ્યગ્રંથ છે; તેના રચનાર મૌલાના જલાલુદ્દીન રૂમી સાથે હ. શમ્શ તબ્રીઝીનું જીવન રહસ્યપૂર્ણ જોડાએલું છે. હ. શમ્શ તબ્રીઝી સાથેના પ્રથમ મિલન વિષે જુદી જુદી વાતો પ્રચલિત છે. હ. શમ્શ અને મૌલાના રૂમી શેખસલાહુદ્દીને ઝરકોબના ઓરડામાં છ માસ સુધી એકાંતમાં રહ્યા હતા. અહીં તેમને કોઈ મળવા આવી શકતું નહિ. ફક્ત શેખ સલાહુદ્દીન ઝરકોબને ત્યાં આવવાની છૂટ હતી.

આ છ માસ દરમ્યાન મૌલાનાનો જીવન પલટો થઈ ગયો. ફિકાહ અને દીની મસીલાઓના પુસ્તકો ઉપરથી તેમનું મન ઉઠી ગયું અને તેમણે લોકોને શિક્ષણ આપવાનું

તથા નસીહત કરવાનું કાર્ય છોડી દીધું અને તઓશ્રી હ. શમ્શ સાથે એકાંત સ્થળોએ વસવાટ કરવા લાગ્યા અને હ. શમ્શના સહવાસમાં અન્ન પાણી વિના દિવસો પર્યંત રહી અધ્યાત્મ જ્ઞાનના ઊંડા અને ગુપ્ત રહસ્યોનો અભ્યાસ કરવામાં મશગૂલ રહેવા લાગ્યા.

મૌલાના રૂમીના આ જીવન પલ્ટાનો ખરો મર્મ નહી સમજનારા શિષ્યોમાં ખોટી ગેરસમજુતી ફેલાવા પામી. પરિણામે કેટલાક ઇર્ષાળુઓએ એમની આ સ્થિતિનો ગેરલાભ લઈ એવી અફવા ફેલાવી કે એક વિચિત્ર દિવાના શખ્શે મૌલાના રૂમી પર જાદુ કર્યું છે, તેથી તેઓ પોતાની શુદ્ધ બુદ્ધ ભૂલી ગયા છે અને દીની અહકામો યાને નિમાઝ, રોઝા જેવી ક્રિયાઓની તેમને પરવા રહી નથી અને તેમને કાબા અને કિબ્લાનું પણ ભાન રહ્યું નથી.

દિવસે દિવસે દિવસે લોકોમાં આવી રીતનો પ્રચાર વધતો ગયો. અજ્ઞાન લોકો આંતરિક રહસ્યની વાતો સમજી શકેજ નહિ, તેથી તેમની ઉશ્કેરાટ વૃત્તિ વધવાથી અને સંજોગો પ્રતિકૂળ થતા જતાં હોવાથી હ. શમ્શ મૌલાના રૂમીની પણ જાણ વગર ખાનગી રીતે એકાએક કૌનીયા છોડી દમિશ્ક તરફ રવાના થઈ ગયા. આથી મૌલાના રૂમીને ઘણો જ આઘાત થયો અને વિયોગની હાલતમાં તેમની સ્થિતિ વધુ વિચિત્ર બનતી ગઈ. પરિણામે તેમણે સર્વથી સંબંધ તોડી એકાંતવાસ ધારણ કરી લીધો અને અત્યંત શોકમાં સમય પસાર કરવા લાગ્યા. આ બે વર્ષના વિયોગ દરમ્યાન મૌલાનાને ઘણા જ દર્દભર્યા અને અસરકારક શએરો–કાવ્યો સ્ફુર્યા હતા. વિયોગનો પ્રસંગ કેટલો દુઃખદાયક હોય છે તેનો ભાસ તેમની મશનવીના પ્રથમ બેતથી જ સમજી શકાય છે કે,

બીશનવ અઝ નય ચું હીકાયત મી કુનુદ,
વઝ જુદાઈહા શીકાયત મી કુનુદ.

યાને વાંસળી પોતાના અસલ વતનની જુદાઈની દુઃખમય હાલત ફરિયાદ રૂપે કરે છે એનું વિસ્તારપૂર્વક વર્ણન એમાં રજુ કરે છે.

થોડા દિવસ પછી મૌલાનાનાં ફરઝંદ સુલતાન વલદ હ. શમ્શને સમજાવીને ઘણા માનથી કૌનીયા ખાતે તેડી લાવ્યા. આથી મૌલાના રૂમીને ફરીથી મુર્શીદની સેવા કરવાની તક સાંપડી અને ફરીથી કૌનીયા છોડીને જતા ન રહે તે માટે કિમીયાખાતુન નામની પોતાને ત્યાં પોષણ પામેલી પાળક કન્યા સાથે તેમના લગ્ન કરી આપ્યા અને પોતાની જોડમાં રહેવા માટે જગ્યા પણ કરી આપી.

એક દિવસ કિમીયાખાતુન ઘરમાંથી નારાજ થઈ ચાલ્યા ગયા તેની જાણ થતાં મૌલાનાને ખેદ થયો અને કેટલીક બાનુઓને બોલાવીને કિમીયાખાતુનને તેડી લાવવા મોકલ્યા, પરંતુ

તેઓ પાછા ફરતાં હ. શમ્શના ઓરડા પાસેથી નીકળ્યા ત્યારે તેમના કાને હ. શમ્શ સાથે કિમીયાખાતુન વાતો કરતા હોય એવો અવાજ આવ્યો તેથી મૌલાના ત્યાં જ થંભી ગયા. હ. શમ્શની દૃષ્ટિ મૌલાના પર પડતાં હ. શમ્શે તેમને ઘરમાં બોલાવ્યા. મૌલાનાએ ઘરમાં હ. શમ્શને એકલા જોઇને આશ્ચર્યથી પૂછ્યું કે, "કિમીયાખાતુન ક્યાં છે?"

હ. શમ્શે જવાબ આપ્યો કે તે તો રિસાઈને ચાલી ગઈ છે. મૌલાનાએ પૂછ્યું કે, 'હમણાં તો તમે કિમીયાખાતુન સાથે વાતો કરતા હતા. કૃપા કરી આ રહસ્યમય બીના સમજાવશો" જવાબમાં હ. શમ્શે કહ્યું કે, "અલ્લાહતા'લા મારાથી એટલી હદે રાજી છે કે જે સ્વરૂપમાં હું તેને જોવાની ઇચ્છા કરૂં છું, તે જ સ્વરૂપમાં તે પોતાનો જલાલ મને દેખાડે છે." આ વાત થયા પછી કિમીયાખાતુન ઘરમાં પાછા ફર્યા. હ. શમ્શની નારાજીભરી દૃષ્ટિ પડતાં ખાતુન બીમાર પડી ગયા અને ત્રીજે દિવસે તેની વફાત થઈ. ત્યારબાદ ૪૦ દિવસ રહીને હ. શમ્શ તબ્રીઝી હી. સ. ૬૪૪ના શાબાન માસમાં હીજરત કરીને હંમેશ માટે કોનીયા છોડી ગયા.

શમ્શ તબ્રીઝી અને મૌલાના રૂમાના ખાનગી નિવાસ દરમ્યાન લોકોના ઉશ્કેરણી કાર્યમાં મૌલાના રૂમીનો ફરઝંદ અલાઉદ્દીન પણ ભાગ ભજવતો હતો, બલ્કે આગેવાન હતો; આથી હ. શમ્સને ઘણું લાગી આવ્યું હતું.

હ. શમ્શને બહાર બોલાવીને સાત કાવત્રાખોરોએ તેમના ઉપર હુમલો કર્યો હતો, પરંતુ હ. શમ્શે પ્રચંડ ગર્જના કરી તેથી કાવત્રાખોરો બેભાન થઈ પડી ગયા હતા એમાં મૌલાના રૂમીનો ફરઝંદ પણ તે સાત જણાઓમાં સામેલ હતો; જ્યારે તેઓ હોશમાં આવ્યા ત્યારે તેઓને પોતાની અજાયબી વચ્ચે જમીન પર પડેલા થોડાક લોહીના ટીપા સિવાય અન્ય કંઈ જોવામાં આવ્યું નહી. તે દિવસથી હ. શમ્શ તબ્રીઝીની કોઈ નિશાની ક્યાંય જોવામાં આવી નહિ. કેટલાકો કહે છે કે હુલ્લડખોરોએ તેમની લાશ કૂવામાં નાંખી દીધી હતી.

એક રાતે મૌલાના રૂમીના પુત્ર સુલતાન વલદને સ્વપ્નમાં શમ્શ તબ્રીઝીએ કહ્યું કે, "પોતે ફલાણા કૂવાની અંદર સૂતા છે." એ ઉપરથી પોતાના મિત્રોને એકઠા કરીને એ કૂવામાંથી સુલતાન વલદે તેમની લાશ બહાર કાઢી અને મૌલાનાના મદ્રસાની પાસે તેમને દફન કર્યા. હ. શમ્શ અને મૌલાના રૂમીનો ગાઢ સહવાસ બે અઢી વર્ષ સુધી ચાલુ રહ્યો હતો. આ ઘટના હી. સં. ૬૪૫ માં બનેલી કહેવાય છે.

આ બનાવથી મૌલાના રૂમીના હૃદયને ઊંડો જખમ લાગ્યો અને હ. શમ્શના વિયોગની અસહ્ય વેદનાથી તેમનું જિગર ચિરાઈ ગયું હતું અને મુરશીદ સાથેની દિવ્ય મુલાકાતના

પ્રસંગોની યાદી કર્યાં કરતા હતા. તેઓશ્રી ઈબાદત અને પરહેઝગારીની અવસ્થામાં રહેતા હતા. બિછાના કે ઓશીકા સિવાય અને શરીરને ઢાળીને સૂતા વિનાં બેઠાં બેઠાં જ ઉંઘ લઈ લેતા. બંદગીના સમયે ગમે તે સ્થિતિ હોવા છતાં બંદગીમાં એક ધ્યાન થઈ જતા હતા, તે વખતે તેમના ચહેરાનો રંગ પણ બદલી જતો હતો. તેઓ ઇબાદતમાં એટલે સુધી તદ્દન લીન થઈ જતા હતા કે કેટલીક વેળા આખી રાત એમ જ પસાર થઈ જતાં સવાર થઇ જતી હતી.

હ. શમ્શ પછી શેખ લાહુદ્દીન ઝરકોબ, મૌલાના રૂમીના બ્રહ્મજ્ઞાનની જ્વાળાઓ તેમજ વિયોગથી બળતા હૃદયની શાંતિરૂપ હતા. શેખ સલાહુદ્દીન પણ અધ્યાત્મવાદી હતા. અને ઝરીના તાર બનાવવાનો હુન્નર કરતા હતા. તેમના સાથે મૌલાના રૂમીનો દશ વર્ષનો સંબંધ હતો શેખ સલાહુદ્દીનના અવસાન પછી મૌલાનાને હિસામુદ્દીન ચિલ્પી નામના એક શિષ્ય મળ્યા હતા, જેઓ તેમને આશ્વાસન આપતા અને તેમની ખિદમતમાં પડ્યા રહેતા. મૌલાના રૂમી તેમના પ્રત્યે અસીમ પ્રેમ ધરાવતા હતા.

જગમશહૂર મશનવીની રચના માટેના મુખ્ય પ્રેરક પણ હિસામુદ્દીન ચિલ્પીને માનવામાં આવે છે, સૂફીઝમના ઊંડા તત્વોનો પોતે જે લાભ લીધો હતો, તેવો લાભ જગતના માનવીઓને મળે એ શુભ નિષ્ઠાથી એક દિવસ ચિલ્પીએ મૌલાના પાસે અર્જ કરી કે, શેખ આતારના પુસ્તક "મન્તીકુ તૈયર" (પંછીનામાં)ની તર્ઝ પર બ્રહ્મજ્ઞાનને લગતી મશનવી લખવામાં આવે તો સારૂં. મૌલાનાએ પણ કહ્યું કે મને પણ રાત્રે એ જ વિચારો આવ્યા હતા અને એ વેળા જ થોડા પદો. **"બિશનવ અઝ નય"......તી..."પસ સુખન કોતહ બાયદ વસ્સલામ"** સુધી રચાઇ પણ ગયા છે. મશનવીની રચનામાં હિસામુદ્દીને સારો ભાગ લીધો હતો, તેથી મશનવીમાં ઘણે ઠેકાણે તેમના નામનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે. મુર્શીદની મહત્તા વિષે મૌલાના રૂમી લખે છે:

"તે બાદશાહે મજબૂતીથી દરવાજા બંધ રાખ્યા હતા, તે આજે દરવાજા ઉપર આદમનો પોષાક પહેરીને આવ્યો છે. તું જાણી લે કે મુર્શીદ સર્વાંશે હકની સિફ્ત છે; ભલે તે મનુષ્ય રૂપમાં દેખાતો હોય."

હ. શમ્શની મુલાકાત પહેલાં મૌલાના જલાલુદ્દીન સાહેબ શરીઅતી હતા; પરંતુ તેમના સહવાસથી સાહેબ તરીકતી બન્યા હતા. તેમના જીવનનાં પૂર્વકાળમાં તેઓ ધર્મશાસ્ત્રના પંડિત ગણાતા હતા. તેથી તેમની પાસેથી ફતવાઓ માંગવામાં આવતા હતા અને તેમનો ફેંસલો છેવટનો ગણાતો હતો, એટલા બધા તેઓ સત્તાધારી મનાતા હતા.

હ. શમ્શની મુલાકાત અને સમાગમમાં તેમનું માનસ બદલતા તેમના મઝહબી વિચારોમાં ભારે પરિવર્તન થએલું જણાતું હતું. મુર્શીદને ભેટયા ફિકાહ અને જાહેરી પુસ્તકો

પરથી તેમનું મન ઉતરી ગયું હતું અને લોકોને ઉપદેશ આપવા કે વાએઝ સંભળાવવાનું પણ બંધ કરી મુર્શીદની મસ્તીમાં હમેશાં મસ્ત રહી પવિત્ર ઈમામની મહોબતનો દમ ભરી તેઓ કહેતા હતા કે :

" અહેલે સફાના જીસ્મના સૂર્ય, જાહેર ઈમામ કે જેની સાથે આ દુનિયા, ઝમાનો જમીન અને આસમાન કાયમ તેની ઝાત પૂજનીય છે અને મર્તબાવાળી છે. એ ઈમામ પવિત્ર છે. શિર્ક, કુફ્ર, કે દંભથી પર છે. તેમનો નિવાસ વહેદાનિયતની સૃષ્ટિમાં છે, અને આ જે કાંઇ છે તેનાથી તે નિર્લેપ છે."

ઈરાનમાં આવેલ આઝરબાયજાનમાં એ સમયે ઈમામતની મસનદ પર હ. ઇમામ શમ્સુદ્દીન મુહમ્મદ ઈબ્ને હઝરત ઇમામ રૂકનુદ્દીન ખુરશાહ (અ) બિરાજમાન હતા.

મૌલાના રૂમી ફરમાવે છે કે,

ગર બદીદી હીસ્સે હેવાન શાહરા,
પસ બદીદી ગાવ વ ખર અલ્લાહરા.

યાને " એ શાહ (ખુદાઈ નૂર)ને હેવાની તત્વો ધરાવનારા જો જોઈ શકે, તો બેલ અને ગધેડા પણ એને જોઈ શકે." કેમકે આંખો તો દરેકની એ જ તત્વોની યાને માંસ અને લોહીમાંથી બનેલી હોય છે. અઝાઝીલમાં તકબ્બુરી અને હસદ હોવાથી તે હ. આદમ અ. માં ખુદાઇ નૂર જોઈ શક્યો નહી અને એનો દુશ્મન થયો. પરંતુ અઝાઝીલથી ઓછું જ્ઞાન ધરાવનાર ફિરસ્તાઓમાં તૌબા હતી, નમ્રતા હતી તેથી તેઓ હ. આદમ અ. માં ખુદાઈ–નુરને જોઈ શકયા અને તે ખુદાઈ નૂરને કબુલ કર્યું"

પૂર્વ જન્મ અને અવતાર વિષે મૌલાના રૂમી ફરમાવે છે કે,

હમચું સબ્ઝી બારહા રુદીદે અમ,
હફ્ત સદ હફ્તાદ કાલિબ દીદેહઅમ.

યાને " ૭૦૦૦ ખોળિયાં મેં જોયા છે. વનસ્પતિની માફક હું અનેકવાર ઉગેલો છું."

હ. ઈમામ સુલતાન મુહમ્મદ શાહે ફરમાવ્યું છે કે :

" મૌલાના રૂમી કહી ગયો છે કે, હું પથ્થર હતો તેમાંથી ઝાડમાં પેદા થયો, તેમાંથી બદલીને કીડીમાં પેદા થયો, ત્યારબાદ જાનવરમાં પહોંચ્યો. જાનવરમાંથી મટીને વાનરમાં પહોંચ્યો. તેમાંથી ઇન્સાન થયો છું. ઈન્સાનમાંથી શું થઈશ ? મલાયેક બનીશ. ત્યાંથી કયાં જઇશ ? તે કરતાં ઊંચે જઈશ. "

—દારેસ્સલામ તા. ૨૯–૯–૧૮૯૯.

મૌલાના રૂમની વફાત કૌનીયામાં હી. સ. ૬૭૨ જમાદીઉસ્સાનીની તા. ૫ મીએ મુર્શીદના વિયોગમાં થઈ હતી. એમની મઝાર કૌનીયામાં છે.

" જે કાંઈ છે. તેનાથી નિર્લેપ છે. "

અનુક્રમણિકા

		પાનું
*	ફરમાનનો અનન્યભાવ	....
*	અર્પણ	....
*	પ્રસ્તાવના	....
*	લેખકનું નિવેદન	....
*	હ. શમ્સ તબ્રીઝની જીવન ઝરમર	....
*	મૌલાના રૂમીનું જીવન ચરિત્ર	....
૧.	વાંસળીનું રૂદન.	૩
૨.	બાદશાહ અને દાસી.	૫
૩.	સરૈયો અને પોપટ.	૩૧
૪.	યહુદી બાદશાહ.	૩૯
૫.	બીજા યહુદી બાદશાહ કે જેણે ખ્રિસ્તીઓને દુઃખ દીધું.	૮૯
૬.	હ. હુદની વાત.	૧૦૫
૭.	સિંહ અને જંગલના પશુ.	૧૧૧
૮.	અઝરાઈલ અને હ. સુલેમાન.	૧૧૭
૯.	હ. સુલેમાન અને હુપ.	૧૪૯
૧૦.	હ. આદમ.	૧૫૩
૧૧.	નફસ સામેની જંગે અકબર.	૧૭૧
૧૨.	હ. ઉમર અને એલચી.	૧૭૩
૧૩.	ઈબ્લીસનો ઇન્કાર.	૧૮૫
૧૪.	વેપારી અને પોપટ.	૧૯૫
૧૫.	ફરીદુદ્દીનના કથન ઉપર વિવરણ.	૨૦૩
૧૬.	હ. મુસા તરફ જાદુગરોનો ભક્તિભાવ.	૨૦૫
૧૭.	હકીમ સનાઈના કથન ઉપર વિવરણ.	૨૨૩
૧૮.	સારંગીવાળાની વાત.	૨૪૩
૧૯.	હ. આયશા અને હ. પયગમ્બર.	૨૫૫
૨૦.	રૂદન કરતો થંભ.	૨૬૯
૨૧.	અબુજહલની હાજરીમાં હ. પયગમ્બર સાહેબનો મોઝીઝો.	૨૭૩
૨૨.	અરબ અને તેની ઘરવાળી.	૨૮૭
૨૩.	હ. મુસા અને ફીરઓન.	૩૧૩

૨૪. હ. સાલિહ. ૩૨૧
૨૫. વ્યાકરણશાસ્ત્રી અને હોડીવાળો. ૩૬૫
૨૬. રૂહાની રહેબર. ૩૭૭
૨૭. કાઝવીનનો બહાદુર. ૩૮૩
૨૮. સિંહ, વરૂ અને શિયાળ. ૩૮૭
૨૯. હ. નુહ. ૪૦૧
૩૦. હ. યુસુફ અને દોસ્ત. ૪૦૭
૩૧. હ. મુહમ્મદ (ર. સ. અ.) અને સહિયો. ૪૧૫
૩૨. બઉરનો પુત્ર બલચ. ૪૨૩
૩૩. હારૂત અને મારૂત. ૪૨૭
૩૪. બહેરો અને તેનો માંદો પાડોશી. ૪૩૩
૩૫. ઈબ્લીસ. ૪૪૧
૩૬. ગ્રીક અને ચાઈનીઝ. ૪૪૫
૩૭. ઝયદ. ૪૪૯
૩૮. લુકમાન અને તેના સાથીઓ. ૪૬૧
૩૯. હ. મૌલાઅલી અને નાસ્તિક. ૪૯૪
૪૦. હ. મૌલાઅલી અને તેનો ખૂની. ૫૦૩
૪૧. હ. આદમ અને ઈબ્લીસ. ૫૦૪
૪૨. હ. પયગમ્બરનો દુનિયા પ્રત્યેનો અભાવ. ૫૦૬

જીવનનાં સાફલ્ય માટે ફિલસૂફી,

તત્વજ્ઞાન અને પ્રેરણાદાયી પ્રસંગોથી

ભરપૂર અનુવાદકની

પ્રેરક કૃતિઓ

☙ મંગાવો અને વાંચો. ☙

૧. મશનવી મૌલાના રૂમ ભાગ ૧ લો.

૨. મૌલાના રૂમની ૧૦૦ બોધદાયક વાર્તાઓ.

3. 100 leesson Giving Stories from Mathnavi of Rumi.

4. Pearls from Mathnavi of Rumi.

હવે પછી અન્ય પ્રકાશનો તુરતમાં પ્રગટ થશે.........

[૧] મશનવી મૌલાના રૂમ ભાગ ૨ જો

[૨] મૌલાના રૂમની ૧૦૦ બોધદાયક વાર્તાઓ ભાગ ૨ જો

મશનવી મૌલાના રૂમ

ભાગ ૧ લો

ગુજરાતીમાં ભાષાંતર કરી

પ્રગટ કર્તા

અલવાઈઝ નુરમાહમદ રહેમતુલ્લા વલીયાણી

મોમ્બાસા

પ્રત : ૨૦૦૦]

[કીંમત શી. ૨૦

દયાળુ અને કૃપાળુ અલ્લાહના નામથી શરૂ કરૂં છું.

૧. સાંભળો, આ વાંસળી શું કહે છે? તે જુદાઈની કેવી ફર્યાદ કરે છે!

૨. જ્યારથી જંગલથી (અસલ વતનથી) જુદી કરી છે, મારો વિલાપ પુરૂષ અને સ્ત્રીને રડાવે છે.

૩. હું એવું (દીલ) માગું છું કે જે જુદાઈને પ્રતાપે ટુકડે ટુકડા થઈ ગયું હોય કે જેને હું પ્રેમના દર્દની વાતો ખુલ્લે ખુલ્લી સમજાવું.

૪. હરકોઈ જે પોતાના અસલથી જુદો થયો છે, તે પુનઃ મિલનની ઘડીની શોધ કર્યાં કરે છે.

૫. મેં દરેક મંડળીમાં આક્રંદ કર્યું સારા નરસાને સદા મળતી રહી ને.

૬. દરેક જણ પોતાના મત અનુસાર મારો મિત્ર બન્યો. પરંતુ કોઈએ મારા અંતરનો ભેદ શોધ્યો નહિ.

૭. મારો ભેદ મારા વિલાપથી દુર નથી. પરંતુ આંખ અને કાનને એ નુર નથી. (કે જેના વડે તે સત્ય વસ્તુ સમજી શકે).

૮. શરીર અને આત્મા વચ્ચે પડદો નથી. તથાપી આત્માને ચર્મચક્ષુ વડે કોઈ દેખે એ ધારો નથી.

૯. વાંસળીનો આ અવાજ અગ્નિ છે, પવન નથી. જે કોઈ આ અગ્નિ નથી ધરાવતો તે (ખુદા કરે) નહિવત થઈ જાય.

૧૦. વાંસળીમાં પ્રેમનો અગ્નિ ભભુકી રહ્યો છે. એ પ્રેમનોજ જોશ મદીરામાં ઉછળી રહ્યો છે.

૧૧. વાંસળી દરેકની સાથી છે કે જે પોતાના મિત્રનો વિયોગી છે, તેના સુરોએ અમારા દીલનાં આવરણો ચીરી નાંખ્યાં છે.

૧૨. વાંસળી જેવું વિષ અને વિષહર કોણે જોએલ છે? વાંસળી જેવો મળતીયો અને પ્રેમી સાથી કોણે દીઠેલ છે?

૧૩. વાંસળી રક્તમય (કઠીન) પંથનું વર્ણન સંભળાવે છે. અને મજનુની પ્રેમ કથાઓનું વર્ણન કરે છે.

૧૪. આ હીરાને હોશનો 'બેહોશ' સિવાય કોઇ જાણકાર નથી. (જેમ) જીભનો કાન સિવાય કોઈ ગ્રાહક નથી.

૧૫. અમારી ઉદાસીનતામાં વેળા કવેળા થઈ ગઈ. અમારા દીવસો પ્રેમ બળતરાના સાથી થયા.

૧૬. દિવસો ચાલ્યા ગયા, તો કહે, કાંઈ હરકત નહિ, (ઓ પ્રિયતમ) તું અમારી સાથે રહે, કારણકે તારા સરખો કોઇ પવિત્ર નથી.

૧૭. માછલી (હકને ચાહનાર) સિવાય હરકોઈ થોડા જળમાં ધરાઈ જાય છે. હરકોઈ (રૂહાની બક્ષિસ) રોજીથી રહિત છે તો તેનો દિવસ (જીદંગી) બરબાદ થઈ જાય છે.

અસલ વતન (જંગલ - વાંસળી માટે)

૧૮. કોઇ પણ કાચા માનવી પાકાની સ્થિતિ સમજી શકતો નથી. તેથી મારા શબ્દો ટુંકમાં કહેવા ઘટે. સલામ.

૧૯. હે પુત્ર, માયાવી બંધનને તોડી આઝાદ થા. તું ક્યાં લગી સોના ચાંદીનો ગુલામ રહીશ?

૨૦. જો તું સમુદ્રને કુજામાં રેડીશ તો તેમાં કેટલું સમાશે? એક દિવસનો હીસ્સો.

૨૧. લોભીયાની આંખો કદી ભરાતી નથી. છીપ જો સંતોષી ન થાય તો તેમાં મોતી ન પાકે.

૨૨. જે કોઈનું વસ્ત્ર પ્રેમ વડે ચિરાઈ ગયું છે, તે તૃષ્ણા અને સર્વ દોષથી પવિત્ર થયો છે.

૨૩. ખુશ રહો! ઓ લાભદાયી પ્રેમ, તું અમારી સર્વ બીમારીઓનો વૈદ્ય છે.

૨૪. હે અમારા અહંકાર અને આપવડાઇના ઔષધ. તુંજ અફલાતુન અને જાલીનુસ છે.

૨૫. પ્રેમના પ્રતાપે માટીની કાયા આકાશો પર ચઢી ગઇ. પર્વત (પણ) નાચવા લાગ્યો, અને ચંચળ બની ગયો.

૨૬. હે પ્રેમી, પ્રેમ તુર પર્વતનો પ્રાણ બની ગયો. (તેવોજ) તુર મસ્ત બન્યો. અને મુસા બેહોશ થઈ પડી ગયા.

૨૭. જો હું મારા માશુકના હોઠ સાથે જોડાએલો હોત, તો હું પણ વાંસળીની પેઠે કહેવા જેવી વાતો કહેત.

૨૮. જે કોઈ પોતાની ભાષા બોલનારથી જુદો પડી ગયો છે, તે જો કે સેંકડો વાક્ય ચાતુરી ધરાવવા છતાં મુંગો છે.

૨૯. જ્યારે ફુલ ચાલ્યું ગયું. ફુલવાડી સુકાઈ ગઇ, તો પછી તું બુલબુલનું ગીત વધુ વખત સાંભળીશ નહિ.

૩૦. સર્વસ્વ પ્રિયતમજ છે, પ્રેમી તો (કેવળ) પડદો છે, પ્રિયતમ જીવંત છે, પ્રેમી મૃત છે.

૩૧. જ્યારે પ્રેમને તેની (પ્રેમીની) દરકાર ન હોય, તો તે પાંખ વગરના પક્ષી જેવો રહી ગયો. તેના માટે અફસોસ!

૩૨. જો મારા પ્રિયતમનો પ્રકાશ મારી આગળ અને પાછળ ન હોય તો હું આગળ પાછળનું ભાન શી રીતે રાખી શકું?

૩૩. પ્રેમ ઇચ્છે છે કે આ કથન જાહેર થઈ જાય, (પરંતુ) દર્પણ જો પ્રતિબીંબ પાડે નહિ તો શી રીતે થઈ શકે?

૩૪. તું જાણે છે શા માટે (તારૂં રૂહાની) દર્પણ પ્રતિબીંબ પાડતું નથી? કારણ કે તેના મુખ ઉપરથી કાટ દૂર કરવામાં આવેલ નથી.

એક બાદશાહનું દાસી ઉપર આશિક થવું, તેને ખરીદ કર્યા પછી દાસીનું માંદુ પડવું, અને હકીમો પાસે તેનો ઉપાય કરાવવો.

૩૫. હે મિત્રો, આ વાત સાંભળો, (ખરી રીતે) તે આપણી ચાલુ (આંતરિક) હાલતનો જ ચિતાર છે.

૩૬. અગાઉના વખતમાં એક રાજવી હતો. જેના પાસે દુન્યવી તેમજ દીનનું પણ રાજ્ય હતું.

(સર્વસ્વ) પ્રેમી કેવળ પડદો. (પ્રિયતમ) મૃત છે. જીવંત

૩૭. એવું બન્યું કે એક દહાડો રાજવી પોતાના દરબારીઓ સહિત શિકાર કરવા ઘોડા પર સવાર થયો.

૩૮. રાજાએ રાજમાર્ગ પર એક દાસી જોઈ. (તેને દેખતાં જ) રાજાનો આત્મા તે દાસીનો ગુલામ બની ગયો.

૩૯. કેમ કે (શરીર રૂપી) પીંજરમાં તેનો આત્મા વ્યાકુળ થઈ રહ્યો હતો, (આથી) તેણે નાણા આપી તે દાસી ખરીદી લીધી.

૪૦. તેણીને ખરીદ કર્યા બાદ પોતે પોતાની મતલબ પ્રમાણે સફળ થયો તેવામાં કુદરતી તે દાસી માંદી પડી ગઈ.

૪૧. જેમ એક માણસ પાસે ગધેડો હતો પણ પલાણ ન હતું. પલાણ મલ્યું તો ગધેડાને વરૂ ઉઠાવી ગયા.

૪૨. તેની પાસે કુંજો હતો પણ પાણી ન હતું. જ્યારે પાણી મલ્યું તો કુંજો ભાંગી પડ્યો.

૪૩. રાજવીએ ડાબી અને જમણી (સર્વ) બાજુએથી વૈદો એકઠા કર્યા અને તેઓને કહ્યું, અમારા બન્નેના પ્રાણ તમારા હાથમાં છે

૪૪. મારી જીંદગીની કાંઈ વિસાત નથી (પણ) તેણી મારા પ્રાણનું જીવન છે. હું દુઃખી અને ઘાયલ છું. તેણી જ મારો ઈલાજ છે.

૪૫. જે કોઈ મારા પ્રાણ (દાસીનો) ઉપાય કરી (રોગ મટાડી) દેશે તે મારો મોતી માણેકનો ખજાનો લઈ જવા ભાગ્યશાળી થશે.

૪૬. સઘળા વૈદો તેને કહેવા લાગ્યા, અમો અમારી જાત જોખમમાં મુકશું. અમારૂં સર્વ બુદ્ધિબળ એકત્ર કરશું અને સાથે મળીને (ઈલાજ) કરશું.

૪૭. અમારામાંનો દરેક (વૈદ) વિશ્વનો મસીહ છે. દરેક દર્દની દવા અમારા હાથમાં છે.

૪૮. તેઓએ અહંકારમાં આવીને ઈન્શા અલ્લાહ ન કહ્યું. તેથી ખુદાએ તેઓને માણસની દુર્બળતા બતાવી આપી.

૪૯. મારો મતલબ (એ છે) કે ઈન્શાઅલ્લા ન કહેવું તે દીલની કઠોરતા છે. કેવળ (જીભથી) બોલવું (અને ખરા દીલથી નહિ તો) એ ખાલી દંભ છે.

૫૦. હે (વાંચક) એવા માણસ છે કે જેઓ જીભથી ઈન્શાઅલ્લાહ ઉચારતા નથી (છતાં પણ) તેઓનો આત્મા ઈન્શાઅલ્લાહના તત્વ સાથે મળેલો હોય છે.

૫૧. જે કંઈ તેઓએ (વૈદોએ) ઉપાય અને દવા કરી (તેનાથી) બિમારી વધી અને જરૂરીયાત પુરી ન થઈ.

૫૨. પેલી દાસી (મંદવાડને લીધે) વાળ જેવી બની ગઈ (જ્યારે) રાજવીની આંખોમાં લોહીના આંસુ નદીની માફક વહેતાં થયાં.

૫૩. નશીબજોગે સરકાએ પિત વધાર્યું, બદામનું તેલ શુષ્કતા બતાવતું હતું.

૫૪. હીઝ્જથી (જુલાબને બદલે) કબજીયાત થઈ ગઈ. ઝાડો આવતો બંધ થઈ ગયો. પાણી (આગ ઓલવનારૂં તે) અગ્નિમાં તેલ માફક ઉશ્કેરનારૂં નીવડયું. દાસીને આરામ કરવાની વૈદોની અશક્તિને બાદશાહને જાહેર થઇ ગયી.

અને તેણે મહાન ખુદાના દરબાર તરફ રજુ થવું,
પ્રાર્થનાનો જવાબ, દૈવી પુરૂષને સ્વપ્નામાં જોવું.

૫૫. રાજવીએ જ્યારે પેલા વૈદોની નબળાઈ નિહાળી ત્યારે તે ઉઘાડે પગે મસ્જીદે ગયો.

૫૬. તે મસ્જીદમાં જઇને મહેરાબ ભણી (સીજ્દામાં) ગયો. અને (એટલું રડયો) કે રાજવીનાં આંસુંથી સિજ્દા સ્થળ પાણી પાણી થઈ ગયું.

૫૭. જ્યારે (તે) ફ્નામાંથી નીકળી પોતાના પંડમાં (શુદ્ધીમાં) આવ્યો. ત્યારે તેણે પોતાની જીભ ખુદાની સ્તુતિમાં ખોલી.

૫૮. હે, (પવિત્ર જાત કે જેની) અદના બક્ષિસ દુનિયાનું રાજપાટ છે, હું શું કહું ? જ્યારે તું ગુપ્ત ભેદ જાણનાર છે.

૫૯. હે સદા અમારી ઉમીદોના આશ્રયદાતા, ફરીવાર અમો (સત્ય) માર્ગ ચુકી ગયા.

૬૦. તેં ફરમાવ્યું અલબત હું તારો ભેદ જાણું છું. પરંતુ તારી દુઆમાં તારે જાહેર કરવું જોઇએ.

૬૧. જ્યારે તેણે અંતરના ઉંડાણમાંથી આજીજી કરી ત્યારે (ખુદાઈ) રહેમતનો દરિયો જોશમાં આવી ગયો.

૬૨. રૂદન દરમ્યાન નિંદ્રા આવી ગઈ, સ્વપ્નું આવ્યું, તેમાં એક વૃદ્ધ પુરૂષ દેખાયો.

૬૩. તેણે કહ્યું હે રાજન ખુશ સમાચાર ! તારી દુઆઓ કબુલ થઇ છે, આવતી કાલે કોઇ અજાણ્યો તારી પાસે આવે તો તે અમારા તરફથી છે, (તે જાણજે)

૬૪. જ્યારે તે આવે ત્યારે (વિશ્વાસ રાખજે કે) તે હુશિયાર વૈદ છે, તેને સાચો સમજજે. કારણ કે તે અમીન અને સાદિક (સાચો) છે.

૬૫. તેના દરેક ઉપચારમાં પૂર્ણ જાદુ જોઈ લેજે. તેની પ્રકૃતિમાં ખુદાઈ શક્તિ જોઈ લેજે.

૬૬. જ્યારે આપેલો સમય આવી પહોંચ્યો, અને દિવસ થયો. સૂર્ય (પૂર્વમાંથી) ઉગીને તારાઓને અદૃષ્ય કર્યા.

૬૭. (સ્વપ્નામાં) જે રહસ્ય બતાવવામાં આવ્યું હતું તે જોવા રાજા ઝરૂખામાં વાટ જોતો હતો.

૬૮. તેણે એક ભવ્ય અને પવિત્ર પુરૂષ જોયો જાણે કે છાયામાં સુર્ય.

૬૯. તે દુરથી બીજના ચંદ્રની માફક આવતો હતો. તે અવિધમાન હતો જોકે ખ્યાલના રૂપમાં દેખાતો હતો.

૭૦. દુનિયામાં ખ્યાલ નહિવત છે, (તથાપી) જગત કે જે ખ્યાલ પર આધાર રાખે છે, તે નિહાળ.

૭૧. બર ખયાલી સુલેહશાનો જન્ગેશાન, વઝ ખયાલી ફખ્રે શાનો ન-ગે શાન.

૭૨. આં ખ્યાલાતી કી દામે અવલિયાસ્ત, અકસે મેહરૂયાંને બુસ્તાને ખુદાસ્ત.

૭૩. આં ખ્યાલે કે શાહ અંદર ખ્વાબ દીદ, દર રૂખે મહમાન હમીં આમદ પદીદ.
૭૪. નુરે હક ઝાહિર બુવદ અંદર વલી, નેક બીં બાશી અગર એહલે દીલી.
૭૫. આં વલીએ હક ચો પયદા શુદ ઝે દુર, અઝ સરા પાયશ હમી સી રેખ્ત નુર.

૭૬. ગુફ્ત માઅ શુકમ તુ બુદસ્તી ન આં. લેક કાર અઝકાર ખીઝદ દર જહાં.

૭૭. અય મરા તુ મુસ્તફા મન ચું ઉમર, અઝ બરાએ ખિદમતત બન્દમ કમર. અઝ ખુદાવન્દે વલે તૌફીક દર ખાસ્તને તૌફીકે રિઆયતે અદબ દર હમહ હાલહા વ બયાન કર્દને વખામતો ઝર રહાએ બી અદબી.

૭૮. અઝ ખુદા જુએમ તવફીકે અદબ. બી અદબ મહરૂમ શુદ અઝ લુત્ફેરબ.

૭૯. બે અદબ તનહા ન ખુદરા દાસ્ત બદ. બલકે આતિશ દર હમા આફાક ઝદ.
૮૦. માયદા અઝ આસ્માં દર મી રસીદ. બે શિરાઓ બી ફરોખ્ત વ બી ખરીદ.

૮૧. દર મીયાંને કવમે મુસા ચંદ કસ, બે અદબ ગુફતન્દ કો સેરો અદસ.

૮૨. મુનકતઅ શુદ ખાનો નાન અઝ આસમાન, માન્દ રન્જે ઝરખો બીલો દાસ્માન.
૮૩. બાઝ ઇસા ચૂં સફાયત કર્દ હક, ખ્વાન ફરસ્તાદ વ ગનીમત બર તબક.

૮૪. બાઝ ગુસ્તાખાં અદબ બુગઝાસ્તન્દ, ચું ગદાયાં ઝિલ્લહા બરદાશ્તન્દ.
૮૫. કર્દ ઇસા લા બ ઇશાંરા કે ઈં, કાયમસ્તો કમ ન ગરદદ અઝ ઝમીન.

૮૬. બદ ગુમાની કર્દનો હિર્સ આવરી, કુફ્ર બાશદ પેશે ખાને મીહતરી.
૮૭. ઝાન ગદારૂયાને નાદીદા ઝે આઝ, આંદરે રહેમત બર ઇશાન શુદફરાઝ,

૭૧. તેઓની સુલેહ અને લડાઈ ખ્યાલ ઉપર જ (આધાર) રાખે છે. તેઓની કીર્તિ અને શરમ પણ ખ્યાલમાંથીજ (ઉત્પન્ન થાય છે.)

૭૨. એ ખ્યાલો કે જે સંત લોકોની જાળ છે તે સ્વર્ગીય બગીચામાં રહેનારાનાં પ્રતિબીંબ છે.

૭૩. એ ખ્યાલ કે જે રાજાએ સ્વપ્નામાં જોયા હતા તે પરોણાના મુખ પર દેખાઈ આવતા હતા.

૭૪. "વલી"માં ખુદાનું જાહેર નુર મૌજુદ છે, જો દીલ ચોકખું હશે તો તે તું જોઈશ.

૭૫. આ ખુદાનો વલી જ્યારે દૂરથી નજરે પડયો (તો તેણે જોયું કે) તેના પગથી માથા સુધી નુર વરસતુ હતું.

૭૬. રાજવીએ કહ્યું મારો માશુક તુંજ છે, નહિ કે દાસી, પરંતુ જગતમાં એક કામમાંથી બીજું કામ નીકળી આવે છે.

૭૭. ઓ, તું જાણે કે મારો મુસ્તફા (સ) છે, અને હું તારા માટે જાણે ઉમર છું. તારી સેવા ખાતર મેં મારી કમર કસી છે.

આપણને શક્તિ આપનાર ખુદાવન્દ આગળ હર હાલમાં વિવેકનું પાલન કરવાની શક્તિની યાચના કરવી અને અવિવેકી વર્તનથી ખરાબીઓ અને હાનિકારક પરિણામોનું વર્ણન કરવું.

૭૮. ખુદા પાસેથી વિવેક શકિત માગીએ (કારણ કે) અવિવેકી ખુદાની રહેમત મેળવી શકતો નથી.

૭૯. અવિવેકી પોતા એકલાને જ નુકશાન કરતો નથી પરંતુ તે આખા જગતમાં આગ લગાડે છે.

૮૦. (હ. મુસાની કોમને) આસમાનમાંથી (ભોજનના) થાળ વગર ખરીદે કે વેચે, વગર તકલીફે ઉતરતા હતા.

૮૧. હ. મુસાની કોમમાંથી કેટલાકો અસભ્યતાથી બોલી ઊઠયા, આમાં લસણ તથા મસુર કયાં છે?

૮૨. આસમાનમાંથી થાળ અને ભોજન (આવતા) બંધ થઈ ગયા. (પરિણામે) ખેડની વેઠ તથા કોદાળી અને દાતરડું લઈ વૈતરૂં કરવાનું રહ્યું.

૮૩. ફરી જ્યારે હ. ઇસાએ દરમ્યાનગીરી કરી તો ખુદાએ આસમાનથી થાળ અને ખાવાનું મોકલ્યું.

૮૪. ફરીવાર ઉદ્ધત લોકોએ વિવેકનો ત્યાગ કર્યો. ભિખારી જેમ અનાજ છુપાવી રાખ્યું.

૮૫. હ. ઇસાએ તેઓને સમજાવ્યા કે આ થાળ નિરંતર આવનારો છે અને પૃથ્વી પર આવતો અટકશે નહિ.

૮૬. મહાન ખુદાના થાળ તરફ શંકા કે લાલસા રાખવી એ અનુપકારી છે.

૮૭. લાલસાથી અંધ બનેલા તે ભિખારીઓના કારણે એ રહેમતનું દ્વાર બંધ થઈ ગયું.

૮૮. ઝકાત અટકાવવાથી (વરસાદ માટે) વાદળાં નથી ચડતાં તથા વ્યભિચારથી દરેક દિશામાં મરકી ફેલાઇ જાય છે.

૮૯. જે જે દુઃખ અને તકલીફ તારા ઉપર આવી પડે છે. તે તારા ડર વગરના (ફાવે તેવા) વર્તન અને ધૃષ્ટતાના કારણે છે.

૯૦. જે કોઇ મિત્ર (માશુક) ના માર્ગમાં ફાવે તેવું વર્તન રાખે છે, તે લોકોને લૂંટનારો છે અને તે નામર્દ છે.

૯૧. આ આકાશ વિવેકના પ્રતાપે પ્રકાશથી ભરપુર છે ફીરસ્તાઓ (પણ) વિવેકના પ્રતાપે કલંક રહિત અને પવિત્ર છે.

૯૨. સુર્ય ગ્રહણ ધૃષ્ટતાના કારણે થયું, અઝાઝીલ પણ ધૃષ્ટતાના પ્રતાપે ખુદાઈ દ્વારથી હડધુત થયો.

જેનાં સ્વપ્નામાં દીદાર થયા હતા અને જેની પધરામણીની ખુશ વધાઇ આપવામાં આવી હતી, તે દૈવી વૈદ સાથે રાજવીની મુલાકાત.

૯૩. તેણે (રાજાએ) પોતાના હાથ પહોળા કરીને તેને આલિંગન કર્યું અને પ્રેમથી પોતાના દિલ અને આત્મામાં સ્થાન આપ્યું.

૯૪. તેના હાથ અને કપાળ ચુમવા લાગ્યો. તથા સ્થળ અને મુસાફરી સંબંધી પુછવાનું શરૂ કર્યું.

૯૫. પુછતાં પુછતાં તેને આસન તરફ દોરી ગયો. તેણે કહ્યું ધિરજના પ્રતાપે આખરે મને ખજાનો પ્રાપ્ત થયો છે.

૯૬. તેણે કહ્યું કે "ખુદાના નુર" અને 'કષ્ટહારી' ધિરજ સુખની ચાવી છે એ (હદીસના અર્થ) રૂપ (તુંજ છો)

૯૭. ઓ તું, કે જેનો દીદાર દરેક સવાલનો જવાબ છે. તારા થકી (સર્વ) મુશ્કેલીઓ વાતચીત કર્યા વિના આસાન થઈ જાય છે.

૯૮. તું અમારા દીલમાં જે (વાત) હોય તેનો ખુલાસો કરવાવાળો છે. જે કોઇના પગ કાદવમાં ફસાએલા છે, તે દરેકનો તું હાથ ઝાલનાર છો.

૯૯. પધારો, હે ચુનંદા, હે ખાસ પસંદગી પામેલા, જો તું જતો રહે તો (અમારા પર) મૃત્યુ આવી જાય. અને (જીવનની) વિશાળ જગ્યા સાંકડી થઇ જાય.

૧૦૦. તું જગતનો સ્વામી છે. જે કોઈ તને ચાહતો નથી તે ખચીત હલાક થઇ ગયો. (કુરાનની આયાત) "નીશંક જો તે અટકશે નહિ તો" (અમો તેને કપાળના વાળ પકડીને નરક ભણી ખેંચીશું, કે જેથી તે તેણીની હાલત તપાસે.)

રાજવીનું તે દૈવી વૈદ ને બીમાર દાસી પાસે લઇ જવું.

૧૦૧. જ્યારે તે મિલન અને મહેમાની થઈ રહી ત્યારે તે (રાજવી) તે (મહેમાનનો) હાથ ઝાલી જનાનખાનામાં લઈ ગયો.

૧૦૨. તેણે દર્દી અને તેણીનાં દર્દની વાત કહી સંભળાવી. પછી તેને દર્દી પાસે બેસાડયો.

૧૦૩. (દૈવી વૈદ) તેણીના ચહેરાનો રંગ, નાડ અને મુત્ર તપાસ્યાં (અને) તે (દર્દ) નાં લક્ષણો અને નિદાનો પણ શ્રવણ કર્યાં.

૧૦૪. તેણે કહ્યું, તેઓ (દાંભીક વૈદો) એ જે જે દવાઓ કરી તેનાથી તેની તંદુરસ્તી સુધરી નથી બલકે (તન્દુરસ્તીની) ઇમારતનો નાશ કર્યો છે.

૧૦૫. તેઓ અંદરની સ્થિતીથી બેખબર હતા. હું તેઓની બનાવટથી ખુદાનું રક્ષણ માગું છું.

૧૦૬. તેણે દર્દ જોયું અને ભેદ ખુલી ગયો. પરંતુ તેણે તેને ગુપ્ત રાખ્યું. રાજાને ન કહ્યું.

૧૦૭. તેણીનું દર્દ પિત્ત કે સન્નીપાતથી ન હતું. દરેક બળતણની ગંધ ધુમાડા પરથી જણાઈ આવે છે.

૧૦૮. તેણીની પીડા પરથી તેણે જાણ્યું કે તેણી દીલની બિમાર છે. શરીર તો સારૂં છે. પરંતુ તેણીનું દીલ (પ્રેમથી) જકડાએલું છે.

૧૦૯. દીલની બિમારીથી પ્રેમપણું જાહેર થઇ જાય છે. દીલની બિમારી જેવી કોઇ બીજી બિમારી નથી.

૧૧૦. પ્રેમની બિમારી (બીજી) બિમારીઓથી જુદી છે. પ્રેમ ખુદાના રહસ્યોનું યંત્ર છે.

૧૧૧. પ્રેમ આ તરફનો (દુન્યવી) કે પેલી તરફનો (રૂહાની) હોય, પરિણામે આપણને એ (હકીકી) બાદશાહ તરફ દોરી જાય છે.

૧૧૨. હું પ્રેમની સમજણ અને વર્ણન ગમે તેટલું કરૂં પણ જ્યારે (ખુદ) પ્રેમમાં આવું છું ત્યારે તે (વર્ણનથી) શરમાઇ જાઉં છું.

૧૧૩. જો કે જીભથી બોલીને પ્રેમ જાહેર થાય છે, પરંતુ વગર જીભે (બોલ્યે) વધુ પ્રકાશિત થાય છે.

૧૧૪. કલેમ (બીજી વાતો) લખવામાં ઉતાવળ કરતી હતી પણ જેવી પ્રેમ (વિષય) પર આવી તો લેખીની ખુદ ચિરાઈ ભાંગી ગઈ.

૧૧૫. તે (પ્રેમ)નું વર્ણન કરવામાં બુદ્ધિએ કીચડની અંદરના ગધેડાની જેમ ગુલાંટો મારી (અંતે) પ્રેમ અને પ્રેમીની સમજણું પ્રેમેજ આપી.

૧૧૬. સૂર્યની સાબીતી સૂર્યજ છે. જો તને સાબીતી જોઈતી હોય તો તેનાથી મોઢું ન ફેરવ.

૧૧૭. જો છાંયો (સૂર્ય)ની નિશાની આપે છે તો ખુદાઈ (સૂર્ય) હરપળે રૂહાની પ્રકાશ આપે છે.

૧૧૮. (સૂર્યનો) છાંયો રાતના વાર્તા સાંભળતાં ઉંઘ આવી જાય તેમ ગફલત લાવે છે. જ્યારે સૂર્ય ઉગે છે ત્યારે ચંદ્ર છૂપાઈ જાય છે. (દેખાતો નથી).

૧૧૯. વિશ્વમાં સુર્ય જેવો મુસાફર બીજો કોઈ નથી. (પરંતુ) આત્માનો સૂર્ય હમેશાં ટકી રહેનાર છે. જેને ગઈ કાલ નથી.

૧૨૦. સૂર્ય જાહેર જગતમાં જોકે અજોડ છે, (તો પણ ચિતમાં) તેના જેવોજ સૂર્ય કલ્પી શકાય છે.

૧૨૧. પરંતુ (રૂહાની) સૂર્ય કે જેના થકી આ જગત અસ્તિત્વમાં છે. તેની જોડ ન તો ચિતમાં છે કે ન તો જાહેરમાં.

દિલની બિમારી - પ્રેમ

૧૨૨. તેની પવિત્ર ઝાત માટે આપણી કલ્પના શક્તિ છે જ ક્યાં ? જેથી તેના જેવો કલ્પનાની અંદર સમાઈ શકે !

૧૨૩. શમ્સ તબરેઝી ખુદાના નુરમાંથી છે, તે ખુદાના નુરનો સૂર્ય (રોશની) છે.

૧૨૪. જ્યારે શમ્સુદ્દીન (દીનના સૂર્યના) ચહેરાની (કૃપાઓની) વાત આવી ત્યારે ચોથા આકાશના સૂર્યે (શરમથી) માથું છૂપાવી દીધું.

૧૨૫. હવે જ્યારે તેઓનું નામ (મારી જીભ પર) આવ્યું ત્યારે મારી ફરજ છે કે તેઓની કૃપાઓમાંની થોડી સંકેતોનું વર્ણન કરૂં.

૧૨૬. આ પળે મારા આત્માએ મારો પાલવ સંકેલ્યો છે. (એમની કૃપાઓનું વર્ણન કરવા) (કેમકે) તેણે યુસુફ (સ) ની પહેરણની વાસ ગ્રહણ કરી છે.

૧૨૭. કે જેથી જમીન અને આસમાનમાં રહેનારાઓ આનંદમાં હસવા લાગે તથા બુધ્ધિ, આત્મા અને ચક્ષુ સો ગણા (રોશન) થઈ જાય.

૧૨૮. (મેં કહ્યું) મને તકલીફ ન આપ. કેમકે હું બે ખુદીની હાલતમાં છું. મારી સુધબુધ નકામી થઈ ગઈ છે, અને મને (કામિલ મુરશીદના) ગુણ ગાવાની સુઝ પડતી નથી.

૧૨૯. બુધ્ધિમાં ન હોય તેવો માણસ જે કંઇ વાત કરે તે પોતા ઉપર જબર દસ્તી કરે છે, અથવા વડાઈથી અતિસ્યોક્તિ કરે છે. તે યોગ્ય નથી.

૧૩૦. મારી એકે નાડ હુશિયાર નથી (તો) હું એ પ્રિયતમનું વર્ણન કેમ કરૂં કે જેની કોઇ જોડ નથી.

૧૩૧. આ જુદાઈ અને દીલના દર્દનું વર્ણન હમણાં તો બીજા સમય સુધી મુલતવી રાખ.

૧૩૨. આત્માએ કહ્યું: મને ખોરાક આપ કેમકે હું ભૂખ્યો છું અને ઉતાવળ કર કારણકે સમય પણ એક કાપવાવાળી તલવાર છે.

૧૩૩. અયે દોસ્ત, સુફી તો સમયનો પુત્ર છે, આવતી કાલ કહેવી તે (સુફી) પંથમાં વાજબ નથી.

૧૩૪. તું ખરેખર સુફી પુરૂષ નથી. રોકડને ઉધાર વડે હાની પહોંચે છે (એ તું જાણે છે ?)

૧૩૫. મેં તેને કહ્યું, માશુકનું રહસ્ય ગુપ્ત રહે એજ સારૂં છે. (પરંતુ) વાતમાં (રહેલા મુદ્દાઓ) સાંભળતો જા.

૧૩૬. પ્રેમીઓનાં રહસ્યો બીજાઓની વાતમાં રૂપકમય સંભળાવવામાં આવે એ બહેતર છે.

૧૩૭. (રૂહે) (કહ્યું) ચોક્ખી અને ખુલ્લે ખુલ્લી પ્રમાણિકપણે વાત સંભળાવ. હે નકામી વાતો કરનાર, મને ટાળી ન નાખ,

૧૩૮. પરદો ઉંચકીને ખુલ્લી રીતે સંભળાવ. કેમકે હું પ્રેમી સાથે પહેરણ સહિત સુતો નથી.

૧૩૯. મેં કહ્યું, જો તે તારી નજરમાં નગ્ન પ્રગટ થઇ જાય તો નતો તું રહેવા પામ કે ન તારૂં પેટ કે કેડ.

૧૪૦. તારી ઈચ્છાની માંગણી હદમાં રહીને કર. તણખલું પહાડને ઉંચકી શકતું નથી.

૧૪૧. સૂર્ય કે જેના થકી આ જગત પ્રકાશિત છે, તે જો જરા નજીક આવે તો સઘળું સળગી જાય,

સુફી - આવતીકાલ સુફીનાં વાજબ નથી

(૨ તરીકે??)

૧૪૨. ફીતેના, ખળભળાટ અને ખુનરેજી થાય તેવી ખટપટ ન કર. શમ્સે તબ્રીઝી વિષે આથી વધારે કંઈ ન કહે.

૧૪૩. આ (રહસ્યનો) અંત નથી. શરૂ કરેલી વાત સંભળાવ. આ વાર્તાનો બાકીનો ભાગ કહે.

તે દૈવી પુરૂષની દાસીના દરદને શોધવા
માટે રાજાની પાસે એકાંતની ઈચ્છા કરવી.

૧૪૪. તેણે કહ્યું, હે રાજન, ઘરને ખાલી કરી દે. સ્વજનો અને અજાણ્યાઓને દૂર કરી દે.

૧૪૫. પરસાળમાં ઉભો રહીને પણ કોઇ ન સાંભળે કે જેથી હું આ દાસીને કેટલીક બાબતો પૂછી શકું.

૧૪૬. ઘર ખાલી કરવામાં આવ્યું. વૈદ અને દાસી સિવાય એક પણ માણુસ તેમાં રહ્યો નહિ.

૧૪૭. નમ્રતાથી (તેણે) દાસીને કહ્યું કે તારૂં શહેર (વતન) ક્યાં છે? કારણુ કે દરેક શહેરના લોકોનો ઉપચાર જુદો હોય છે.

૧૪૮. અને તે શહેરમાં તારૂં સગું વહાલું કોણુ છે? કોની સાથે તારો સંબંધ અને મેળ મેળાપ છે?

૧૪૯. તે પોતાનો હાથ તેણીની નાડ ઉપર રાખીને કુદરતી તકલીફો વિષે એક પછી એક પૂછતો હતો.

૧૫૦. જ્યારે કોઈના પગમાં કાંટો ભોંકાય છે. ત્યારે તે પોતાના પગને ઘુંટણુ પર રાખે છે.

૧૫૧. અને સોઈની અણી વડે તે કાંટાનો અગ્રભાગ ગોતવા માંડે છે. અને જો જડતો નથી તો હોઠ વડે તે ભાગને ભીનો કરે છે.

૧૫૨. પગના કાંટાને શોધવો આટલો મુશ્કેલ છે, તો દીલમાં ભોંકાએલ કાંટો શોધવો કેટલો મુશ્કેલ હશે? જવાબ દે.

૧૫૩. જો દરેક પામર ઈન્સાન દીલનો કાંટો જોઈ શકતે તો તેવાને શોક સંતાપો વધુ અસર કેમ કરી શકતે?

૧૫૪. કોઈ ગધેડાની પૂછડીમાં કાંટો ભોંકે (તો) ગધેડો તે કાઢવાનું જાણુતો નથી. (અને) તે કુદકા મારવા માંડે છે.

૧૫૫. તે કુદકા મારે છે અને કાંટો વધુ જોરથી ભોંકાય છે. ડાહ્યાની જરૂર છે કે તે કાંટો કાઢે.

૧૫૬. પરંતુ તે કાંટો કાઢનાર વૈદ હુશિયાર હતો. એક જગ્યાએ બીજી જગ્યાએ હાથ મુકી તપાસતો જતો હતો.

૧૫૭. ગધેડો કાંટાને બહાર કાઢવા બળતરા અને વેદનાથી લાતો ઉછાળે છે, અને સેંકડો ઠેકાણે પોતાને જખમ કરે છે.

૧૫૮. પેલી દાસી પાસેથી સ્નેહીઓની હકીકત વાર્તા રૂપે પુછતો જતો હતો.

૧૫૯. તેણી પણ વૈદ પાસે (પોતાના) રહેઠાણો, માલિકો અને દેશજનોને લગતી વાતો ખુલ્લે ખુલ્લી કહેતી જતી હતી.

દો પુરા
ઘરને ખાલી - સ્વજનો પણ x કોઈ પણ નહિ. (વૈદ્ય અને દાસી રહે)
પગમાં કાંટો - ભીનો - સાંધો - શોધે. ના દિલમાં [illegible]
ગધેડાની પૂંછડે - કાંટો [illegible]
(વૈદ્ય [illegible] બંધ પકડે.) કુદકા મારે - વધુ - ભોંકાય.

૧૬૦. (જો કે) તેણે તેની વાતો પ્રત્યે પોતાના કાન ધર્યા હતા. (પરંતુ) ધ્યાન તો તેણીની નાડ ને ધબકારા તરફ હતું.

૧૬૧. કે જેથી કોના નામથી તેણીની નાડ ધબકે છે. (એ ઉપરથી તે જાણી શકે) કે જગતમાં એજ શખ્સ તેણીના આત્માનો ચાહક છે.

૧૬૨. તેણીએ પોતાના સઘળા સ્નેહીઓ પોતાના ગામના ગણાવ્યા. પછી તેણીએ બીજા શહેરનું નામ લીધું.

૧૬૩. તેણે પુછ્યું, જ્યારે તું તારા પોતાના ગામથી નીકળી, પછી તું કયા શહેરમાં વધુ રહી ?

૧૬૪. તેણીએ કોઈ એક શહેરનું નામ લીધું અને બીજાનું વર્ણન કરવા લાગી. તેણીના ચહેરાના રંગમાં કે નાડમાં કાંઈ ફેર પડયો નહિ.

૧૬૫. તેણીએ માલિકો અને શહેરોનું એક પછી એક વર્ણન કર્યું. પોતાની રહેવાની જગ્યા અને ખાવાપીવાને લગતું સઘળું કહી સંભળાવ્યું.

૧૬૬. શહેરે શહેર અને (ગામે ગામનું) ઘર ઘરનું વર્ણન કર્યું (છતાં) ન તો તેણીની નાડ ફરકી કે ન તો ચહેરો ફિક્કો પડયો.

૧૬૭. તેણીની નાડ નિયમિત ગતી એ રહી ત્યાં લગી કે તેણે મીઠા સાકર જેવા સમરકંદ વિષે પુછા કરી.

૧૬૮. તેણીની નાડ ઉછળવા લાગી અને ચહેરો લાલ પીળો થવા લાગ્યો. કારણ કે સમરકન્દના સોનીથી તેણી વિખૂટી પડી હતી.

૧૬૯. જ્યારે બિમાર (દાસીથી) પેલા વૈદે આ ભેદ જાણી લીધો ત્યારે તેણે પીડા અને મુશીબતનું મૂળ તપાસી લીધું.

૧૭૦. તેણે પૂછ્યું. તેનો કયા રસ્તા પર કયો મહોલ્લો છે? તેણીએ કહ્યું. સરેપુલ, શેરી ગાતફર.

૧૭૧. તેણે કહ્યું. તને શું બિમારી છે તેની ખબર મને પડી ગઈ છે. ઝટપટ હું તારો જાદુઈ ઉપાય કરીશ.

૧૭૨. (હવે) તું ખુશી અને ફિકર વગરની બની જા. કારણ કે વરસાદ જેમ બગીચા તરફ (ભલાઈ) કરે છે તેમ હું તારા માટે કરીશ.

૧૭૩. હું તારા માટે ચિંતા કરૂં છું. તું ચિંતા ન કર. હું તારા તરફ સો પિતા કરતાં વધુ હેત ધરાવું છું.

૧૭૪. સાવધાન, સાવધાન. આ ભેદ કોઈને નહિ કહેજે. અગર રાજા પણ તને પુછે તો (કહેતી નહી)

૧૭૫. જો તારૂં દીલ તારા ભેદની કબ્ર (ગુપ્ત રાખનાર) થશે તો તારી મુરાદ જલ્દીથી પૂરી થશે.

૧૭૬. પયગમ્બર (ર. સ. અ.) નું કથન છે કે જે કોઈ પોતાનો ભેદ ગુપ્ત રાખે છે તેની મુરાદ જલ્દીથી પુરી થાય છે.

૧૭૭. જ્યારે બી ધરતીની અંદર ગુપ્ત રહે છે. ત્યારે તે ગુપ્ત રહેવાના પ્રતાપે હરિયાળ બને છે.
૧૭૮. સોનું અને ચાંદી (ધરતીની અંદર) ગુપ્ત ન હોત તો ખાણુની અંદર પોષણ શી રીતે પ્રાપ્ત કરત.
૧૭૯. તે (દૈવી) વૈદની આશાઓ અને મીઠા શબ્દોના આશ્વાસને પેલી દાસીને ભય રહિત બનાવી દીધી.
૧૮૦. સાચા વાયદાઓ દીલને રાહત આપે છે. બનાવટી વાયદાઓ બેચેની કરે છે.
૧૮૧. દયાવંતનો વાયદો સદા રહેનાર ખજાનો છે. કુપાત્રનો વાયદો આત્માનો સંતાપ.

તે ખુદાઈ વૈદે દાસીની બિમારીનું કારણ જાણી લેવું તથા રાજવીને જણાવવું.

૧૮૨. પછી (દૈવી વૈદ) ઉભો થઈ રાજવી તરફ ગયો. રાજવીને તે (ભેદથી) અમુક અંશે માહિતગાર કર્યો.
૧૮૩. તેણે કહ્યું, યુક્તિ તો યોગ્ય એ છે કે આ દર્દના ઈલાજ ખાતર આપણે એ માણસને અત્રે હાજર કરીએ.
૧૮૪. તે દૂર દેશથી સોનીને બોલાવી લે. તેને પૈસા અને શીરપાવથી ફોસલાવી લે.

સોનીને તેડી લાવવા રાજવીનું સંદેશ વાહકોને સમરકંદ મોકલાવવું.

૧૮૫. રાજવીએ તે તરફ એક બે કાસિદો મોકલ્યા (જેઓ) હુશિયાર, નિપુણ અને ભરોસાદાર હતા.
૧૮૬. તે બન્ને અમીરો રાજવી તરફથી સોની પાસે ખુશ ખબરી લઈને સમરકંદ આવ્યા.
૧૮૭. હે ભલા, (સોનીની) કળામાં ઉસ્તાદ, જેની કારીગરીનાં વખાણ બધા જ શહેરોમાં જાણીતાં છે.
૧૮૮. જો ફલાણા રાજવીએ (શાહી) ઘરેણાં ઘડાવવા તને પસંદ કર્યો છે, કેમકે તું (કારીગરોમાં) મુખ્ય છે.
૧૮૯. જો હાલ તુરત આ સોનું રૂપુ લે. પણ જ્યારે તું (રાજવીની હઝૂરમાં) આવીશ. ત્યારે તો તું માનીતો અને ઇષ્ટમિત્ર થઇશ.
૧૯૦. તે માણસ પુષ્કળ પૈસો અને શીરપાવ જોઈને ભરમાઇ ગયો. પોતાની માતૃભૂમિ તથા બાળ બચ્ચાંથી સબંધ તોડી નાખ્યો.
૧૯૧. તે માણસ રાજી થતો રસ્તા પર આવ્યો. એ ખબર ન હતી કે રાજાએ તેનો જાન લેવાનો નિશ્ચય કર્યો છે.
૧૯૨. અરબી ઘોડા પર સવાર થયો. ને આનંદ સહિત તેને પૂરપાટ દોડાવતો ગયો. પોતાના લોહીની કીંમતને શિરપાવ સમજ્યો.
૧૯૩. અરે (મુર્ખ) અતિ આનંદ વડે તું તારા જ પગવડે ભયંકર કાળ તરફ જઇ રહ્યો છે.
૧૯૪. તેના ખ્યાલમાં ધન, મહત્તા અને સત્તા (ની ધૂન હતી) યમદૂતે (મશ્કરીમાં) કહ્યું હા જાતો ખરો (સઘળું) મલી જશે.

શારી ઘરેણા - ઘડવા માં - પસંદ.

૧૯૫. તે પરદેશી માણસ માર્ગ પસાર કરીને પહોંચી ગયો ત્યારે વૈદ તેને રાજવી આગળ લઇ ગયા.

૧૯૬. તેઓ તેને આદરમાન સાથે રાજવી પાસે લઇ ગયા. જેથી તેને શીરાઝ શહેરની દીપીકાથી સળગાવી દેવામાં આવે.

૧૯૭. રાજવીએ તેના ઘણો જ આદર સત્કાર કર્યો અને સોનાનો ભંડાર સુપ્રદ કર્યો.

૧૯૮. પછી વૈદે રાજવીને કહ્યું, એ દાસી આ માણસને સોંપી દો.

૧૯૯. જેથી દાસી તેના સળવાથી રાજી થઇ જાય અને તેના મિલનનું પાણી તેના દીલની અગ્નિને શાંત પાડે.

૨૦૦. રાજવીએ તે રૂપવતી (દાસી) તેને અર્પણ કરી. તડપતાં દીલવાળાં બન્નેનાં લગ્ન કરી દીધા.

૨૦૧. છ માસ સુધી તેઓ બન્ને પ્રેમી સાથે રહ્યા. તે દરમ્યાન પેલી યુવતી પૂર્ણ તન્દુરસ્ત બની ગઈ.

૨૦૨. ત્યાર પછી (વૈદે) સોની માટે શરબત તૈયાર કર્યું જે તેણે પીધું અને યુવતી પાસે (તે) દિવસે દિવસે સુકાવા લાગ્યો.

૨૦૩. જ્યારે મંદવાડના કારણે તેની ખુબસૂરતી ન રહી. ત્યારે યુવતીનું દીલ તેના ઉપરથી ઉતરી ગયું.

૨૦૪. જ્યારે તે રૂપ વગરનો ફીક્કો પડી ગયો. ત્યારે તેણીના દીલમાં (સોનીનો) પ્રેમ ઠંડો પડી ગયો.

૨૦૫. જે પ્રેમ રૂપ ખાતર હોય છે. તે પ્રેમ નહિ. આખરે તે કલંક (સાબિત થાય) છે.

૨૦૬. જો તે (દાસીનો પ્રેમ) કલંક રૂપ હોઈને અળગ રહેત તો તેના પર આવો અન્યાય આવી ન પડત.

૨૦૭. તેની આંખોમાંથી નહેરની માફક (આંસુ સાથે) લોહી વહેવા લાગ્યું. તેનો (મોહક) ચહેરો તેના પ્રાણનો શત્રુ બન્યો.

૨૦૮. (જેમ) મોરનાં (સુંદર) પીંછાંજ તેના શત્રુ થઈ પડે છે, અરે ઘણા બાદશાહોનો વધ તેઓની દોલતે જ કરાવ્યો છે.

૨૦૯. તે (અંતવેળા) કહેવા લાગ્યો કે હું એ મૃગ છું કે જેની કસ્તુરી માટે આ શિકારીએ મારૂં (નિર્દોષ) લોહી રેડયું.

૨૧૦. અરે, હું એ જંગલનો શિયાળ છું કે, જેનું ઝાડીમાંથી ધસી આવી તેઓએ (પારધીઓએ) ચામડા ખાતર મસ્તક છેદયું!

૨૧૧. અરે, હું એ હાથી છું કે દંતશૂળ ખાતર મહાવતના પ્રહારથી ખૂન રેડયું.

૪

૨૧૨. જેણે મારા કરતાં હલકી (દાસી) ખાતર મારોજીવ લીધો છે, એ નથી જાણતો કે મારૂં ખૂન સુઈ જશે નહિ. (બદલા વગર શાંત થશે નહિ).
૨૧૩. આજ મારા ઉપર છે. આવતી કાલે તેની ઉપર છે. મારા જેવા માણસનું લોહી આવી રીતે નકામું કેમ જઈ શકે?
૨૧૪. જો કે ભીંત વિશાળ છાંયો ફેંકે છે (છતાં) એજ છાંયો પુનઃ તેની તરફ પાછો ફરે છે.
૨૧૫. આ જગત પહાડ છે. અને આપણાં કર્મો અવાજ છે, અવાજનો પડઘો આપણા તરફ પાછો આવે છે.
૨૧૬. તેણે આટલું કહ્યું, અને પળવારમાં તો તે માટીમાં મળી ગયો. પેલી દાસી પ્રેમ અને દુઃખથી પાક (મૂક્ત) બની ગઈ.
૨૧૭. કારણ કે મૃત્યુ પામેલાનો ઈશ્ક લાંબો વખત ટકતો નથી. કારણ કે મૃત્યુ પામેલા આપણી પાસે પાછા આવતા નથી.
૨૧૮. પરંતુ હૈયાતનો પ્રેમ આત્મા અને નજરમાં ફૂલવાડી કરતાં વધુ મહેકતો હોય છે.
૨૧૯. તે જીવંત (માશુક) નો પ્રેમ અખત્યાર કર કે જે સદા રહેનાર છે. જે પ્રાણ વર્ધક મદીરા પાનાર છે.
૨૨૦. તેનો પ્રેમ અખત્યાર કર કે જેના પ્રેમ વડે નબીઓએ શક્તિ અને મહાનતા મેળવી.
૨૨૧. તું એમ ન કહે કે તે (રૂહાની) બાદશાહની (હજુર) સુધી પહોંચવાની છૂટ નથી. દયાળુ દાતાર સાથે કામ પાડવું અઘરૂં નથી.

સોનીનો વધ કરવાનું તથા વિષ દેવાનું કાર્ય દૈવી સંકેત અનુસાર હતું. ન તેમાં વાસના હતી. ન દુષ્ટ ભાવના, એ (વિષે)નું વર્ણન.

૨૨૨. વૈદના હાથે તે માણસનું માર્યા જવું, ન તો કોઈ આશાના કારણે કે કોઈ ભયથી.
૨૨૩. તેણે રાજવીને સંતોષવા પ્રાણ લીધો નહતો, કે જ્યાં સુધી ખુદાઈ આજ્ઞા અને પ્રેરણા ન આવી.
૨૨૪. તે બાળક કે જેનું ગળું હ. ખિઝરે કાપી નાખ્યું હતું. તેનો ભેદ સામાન્ય જનતા સમજી શકતી નથી.
૨૨૫. (શખ્સ) કે જે ખુદા તરફથી વહી પ્રાપ્ત કરે છે, અને તેની જોડે વાત ચીત. તે જે હુકમ કરે તે વ્યાજબી કામ છે.
૨૨૬. એ કે જે (રૂહાની) જીવન આપે છે, તે જો પ્રાણ હરીલે તો તે યોગ્ય છે. (કારણકે) તે ખુદાનો પ્રતિનીધિ છે, અને તેનો હાથ ખુદાનો હાથ છે.
૨૨૭. માટે તેની આગળ હ. ઈસ્માઈલની માફક મસ્તક ધરીદે. આનંદ અને હસ્તાં હસ્તાં તેની કટાર આગળ જાન (કુરબાન કરી) દે.
૨૨૮. જેથી તારો આત્મા અનંત કાળ સુધી હસતો રહે. જેમ હ. અહમદ (સ) નો પવિત્ર આત્મા ખુદા સાથે (આનંદમાં) છે.

મૃત્યુ પામેલા ... (મૃત્યુ પામેલાનો ઈશ્ક લાંબો ...)

૨૨૯. પ્રેમીઓ આનંદનું પ્યાલું એ વેળા પીએ છે કે જે વેળા પ્રિતીપાત્રો પોતાના જ હાથો વડે કતલ કરી નાંખે છે.

૨૩૦. રાજવીએ એ ખૂન વિષય સુખની ઇચ્છાથી નથી કર્યું, તું (આ વિષે) દુષ્ટ ધારણા ત્થા ઝઘડા છોડી દે.

૨૩૧. તેણે (રાજવીએ) હલકું કાર્ય કર્યું છે એમ તેં ધારી લીધું પરંતુ પવિત્રતાની સ્થિતિમાં શુધ્ધતા ઉલપ શા માટે રાખે ?

૨૩૨. એટલા માટે તો આ (સખ્ત) સંયમ ત્થા ઈંદ્રીયદમન છે, જેથી ભઠ્ઠી ચાંદીમાંથી મેલ કીટ કાઢી નાખે.

૨૩૩. એટલા માટે જ સારાં નરસાં સોનાની કસોટી થાય છે, જેથી સોનું જોશ ખાઈને મેલ ઉપર લઇ આવે.

૨૩૪. જો તે રાજવીનું કાર્ય ખુદાઇ પ્રેરણાનું ન હોત તો તે એક હડકાયું કુતરૂં હોત. રાજવી નહિ.

૨૩૫. તે વાસના, લાલસા અને વિષય સુખથી પર હતો તેણે કરેલું કૃત્ય સારૂં હતું પરંતુ એવું સારૂં (જાહેર લોકને) નઠારૂં લાગે.

૨૩૬. હ. ખીઝરે નાવને દરિયામાં ભાગી નાખી. (ખરી રીતે) તે ભાંગવામાં સેંકડો મરામતો છે.

૨૩૭. હ. મુસાનું દીલ પ્રકાશ અને ખૂબીઓ ધરાવતું હોવા છતાં ખીઝરનાં કાર્યો સમજી શકવા અસમર્થ હતું. તું પાંખ વિના ન ઉડ.

૨૩૮. તે રાજવીનું કાર્ય રાતું ગુલાબ છે. તેને તું ખૂન ન કહે. તે અકલ સાથે મસ્ત છે. તેને તું દીવાનો ન કહે.

૨૩૯. મુસલમાનની હત્યા કરવી એજ જો તેનો હેતુ હોત અને જો હું તેનું નામ લેત તો હું અધર્મી ઠરત.

૨૪૦ દુષ્ટના વખાણથી (દૈવી) સિંહાસન કંપે છે. અને તેના વખાણથી પવિત્ર માણસ અપવિત્ર બને છે.

૨૪૧. તે રાજવી હતો. અને દરવેશી રાજવી. તે પસંદગી પામેલો, અને ખુદાના ખાસ બંદામાંથી હતો.

૨૪૨. આવો રાજવી કોઈનો પ્રાણ લે તો તે ભાગ્ય અને મહાન મરતબા તરફ દોરી જાય છે.

૨૪૩. જો તે (દૈવી વૈદ) પેલા (સોની) પર સખ્તાઈ કરવામાં તેનું ભલું ન જોત તો તે દયાવાન શા માટે (આવી) સખ્તાઈ કરવા યત્ન કરત.

૨૪૪. બાળક હજામની છરી આગળ ધ્રુજે છે. છતાં માયાળુ માતા બાળકની એ વેદનામાં ખુશ હોય છે.

૨૪૫. તે અડધું જીવન લઈ લે છે, અને (બદલામાં) એક સો જીવન આપે છે. તે એવો બદલો આપે છે કે જે તારી કલ્પનામાં પણ ન આવે.

લાલસા
વાસના
વિષય સુખ } ત્રણ - મુસા - ખીઝર
જગ્યા - દરિયામાં
દાના ખિઝર. ઉપર

૨૪૬. તું (તેઓનાં કાર્યોની) તારી પોતાની સાથે (સરખામણી કરીને) અનુમાન કરે છે. પરંતુ તું (સત્ય હકીકતથી) દૂર દૂર જઈ પડ્યો છે. સારી રીતે મનન કર.

એક સરૈયો અને પોપટ, અને પોપટનું હાટની અંદર તેલ ઢોળી નાખવાની વાત.

૨૪૭. એક સરૈયો હતો, જેની પાસે એક પોપટ હતો. પોપટ મધુર કંઠવાળો, લીલો અને વાચાળ હતો.

૨૪૮. તે માલિકની ગેરહાજરીમાં હાટ પર રહીને સંભાળ રાખતો હતો. સર્વ ઘરાકો સાથે ખુશ થઈ જાય તેવી વાતો કરતો હતો.

૨૪૯. માણસો સાથેની વાતચીત માણસની બોલીમાં કરતો હતો. પોપટોના આવાજ કરવામાં પણ હુશિયાર હતો.

૨૫૦. (એકવાર) તે હાટની પાટલી ઉપરથી કુદકોમારી નાસવા ઉડયો (આથી) તેણે ગુલાબનાં તેલની બાટલીઓ ઢાળી નાંખી.

૨૫૧: તેનો માલિક ઘર તરફથી આવ્યો. અને વેપારીની જેમ દુકાન પર નિરાંતે બેસી ગયો.

૨૫૨. (જ્યારે) તેણે હાટને તેલથી ભરેલ અને પોતાનાં કપડાં ચીકણાં જોયાં (ત્યારે) તેણે પોપટના માથા પર એવું માર્યું (કે) તે મારથી પોપટ બોડકું થઈ ગયું.

૨૫૩. (આથી પોપટે) કેટલાક દિવસો સુધી બોલવું બંધ કર્યું (આથી) સરૈયાએ ઊંડા નિસાસા નાખ્યા.

૨૫૪. તે દાઢી પીંખી કહેતો હતો કે, મારી સંપત્તિનો સૂર્ય વાદળ નીચે ચાલ્યો ગયો.

૨૫૫. એ વખતે મારા હાથ જ ભાંગી ગયા હોત તો હું તે મીઠાબોલા (પોપટ) ના માથા પર શી રીતે મારત?

૨૫૬. તે દરેક દરવીશને દાન આપતો હતો કે જેથી પોતાનું પક્ષી ફરી બોલતું થાય.

૨૫૭. ત્રણ દિવસ અને ત્રણ રાત્રિ પછી તે વ્યાકુળ ત્થા શોકાતુર નિરાશ બનેલો હાટ પર બેઠો હતો.

૨૫૮. તે પક્ષીને દરેક પ્રકારની અદ્ભૂત ચીજો બતાવતો હતો (એ આશાએ) કે કદાચ તે બોલવા લાગે.

૨૫૯. એટલામાં એક આબો પહેરેલ દરવેશ ઉઘાડે માથે હાટ પાસેથી પસાર થયો. જેનું માથું વાળ વગરનું હતું, જાણે વાટકો અને કથરોટની પીઠ.

૨૬૦. (તેને જોતાં જ) તુરત પોપટ બોલી ઊઠયો! અને સમજદાર પ્રાણી પેઠે દરવેશને હાકમારી.

૨૬૧. હે બોડકા, તું શા કારણથી બોડકાઓમાં ભળી ગયો. ત્યારે તેં પણ (કોઈની) બાટલીમાંથી તેલ ઢોળી નાંખ્યું લાગે છે.

૨૬૨. તેના ખોટા અનુમાનથી લોકોને હસવું આવ્યું કારણ કે તેણે કામળી ધારીને પોતાના જેવો માની લીધો.

૨૬૩. પવિત્ર (કામિલ) પુરૂષના કાર્યો તારાં કાર્યો સાથે સરખાવી ખોટું અનુમાન ન કર. જો કે શેર અને શીર એકજ રૂપે લખાય છે.

૨૬૪. આ પ્રમાણે ખોટી અટકળોના કારણે તમામ જગત ગુમરાહ થઈ ગયું, અને "અબ્દાલે હક્ક" (ખુદાના પ્રતિનિધિઓ) થી ભાગ્યે જ કોઈ વિરલો વાકેફ થયો.

૨૬૫. તેઓ (કાફરો) એ નબીઓ સાથે સમાનતાનો દાવો કર્યો. તેઓએ દૈવી પુરૂષોને પોતાના સમાન ગણ્યા.

૨૬૬. તેઓ કહેવા લાગ્યા, જુઓ, અમો પણ મનુષ્યો છીએ, તેઓ પણ મનુષ્યો છે. અમો અને તેઓ ઉંઘ અને ખોરાકના બંધનમાં છીએ.

૨૬૭. અંધતાથી તેઓ એટલું પણ ન સમજ્યા કે બન્ને વચ્ચે અનહદ તફાવત છે.

૨૬૮. (દાખલા તરીકે) બન્ને પ્રકારની માખીઓએ એક જ જગ્યાએથી (ફૂલો) ચૂસ્યાં. પરંતુ એકમાંથી ચટકો પેદા થયો, અને તે બીજીમાંથી મધ.

૨૬૯. એક જાતના મૃગોએ એક જ જાતનું ઘાસ ચર્યું. એક જ જગ્યાએથી પાણી પીધું. (પરંતુ) આ એકમાંથી લીંડીઓ બની, અને તે બીજામાંથી શુદ્ધ કસ્તુરી.

૨૭૦. બન્ને પ્રકારના વાંસે એક જ જગ્યાએથી પાણી પીધું. આ એક ખાલી છે. તે સાકરથી ભરેલ.

૨૭૧. આવીજ લાખો સરખામણીઓ લક્ષમાં લે. તેઓ વચ્ચેનો માર્ગ ૭૦ વર્ષની (મુસાફરી) જેટલો (લાંબો) છે.

૨૭૨. આ (દુર્જન) ખોરાક ખાય છે તો વિષ્ટા ઉત્પન્ન થાય છે. તે (સંત) ખાય છે તો સઘળું ખુદાઈ જ્યોત બને છે.

૨૭૩. આ આરોગે છે તો કંજુસાઈ અને વેરભાવ જન્મે છે. તે ખાય છે તો પ્રેમ જન્મે છે.

૨૭૪. આ જમીન ફળદ્રુપ છે અને તે નઠારી છે. આ પવિત્ર ફિરસ્તો છે. અને તે દૈત્ય તથા જંગલી પશુ છે.

૨૭૫. જો એ બન્નેના ચહેરા મળતા આવે તો તે બનવાજોગ છે. ખારા પાણી અને મીઠા પાણીમાં એક સરખી ચોકખાઈ હોય છે.

૨૭૬. સ્વાદ ચાખનાર સિવાય કોણ તફાવત જાણે? એજ વ્યક્તિ મીઠા જળ અને ખારા જળ વચ્ચેનો (તફાવત) જાણે છે.

૨૭૭. જાદુને (પયગમ્બરી) મોઅજિઝા સાથે સરખાવીને (તે અજ્ઞાને) ખોટું અનુમાન કર્યું, (અને) એ બન્નેનો પાયો છળકપટ સમજ્યો.

૨૭૮. જાદુગરોએ, હ. મુસા સાથે મુકાબલો કરવા માટે અસાની માફક પોતાની લાઠી ઉંચકી.

૨૭૯. પરંતુ આ લાકડી અને તે લાકડી વચ્ચે મોટો તફાવત છે. આ કામ (જાદુ) થી તે કામ (ચમત્કાર) સુધી લાંબો માર્ગ છે.

૨૮૦. આ કાર્યની પાછળ ખુદાનો ફિટકાર છે. તે કાર્ય માટે બદલા તરીકે ખુદાઈ કૃપા છે.

૨૮૧. અધર્મીઓ, નબીઓ અને દૈવી પુરૂષો સાથે બરાબરી કરવાના ઝગડામાં વાનરવૃત્તિ ધરાવે છે. એવી વૃત્તિ પણ દીલમાં આફતરૂપ છે.

૨૮૨. માણુસ જે કંઇ કરે છે, વાંદરો પણ એમજ કરે છે. કે જે માણુસ પાસેથી (થતું) જુએ છે.

૨૮૩. તે સમજે છે કે મેં તેના જેવું કર્યું, તે ઝઘડાખોર અસલ નકલના તફાવતને શી રીતે સમજે?

૨૮૪. આ પયગમ્બરો અને દૈવી પુરૂષો જે કંઈ કરે છે, તે ખુદાના હુકમ અનુસાર કરે છે, દેખાદેખી કરનાર ઝગડા ખાતર, ધૂળ નાંખ, ઝગડાખોરોના માથા પર!

૨૮૫. તે દંભ કરનાર, હકીકી મોમન સાથે બંદગીમાં ભળે છે, તે (માત્ર) ઝગડાને ખાતર, બંદગી કરવા નહિ.

૨૮૬. બંદગી, રોજા, હજ અને (દશોંદ) ઝકાતમાં મોમીનો દંભીઓ સાથે હારજીતની રમતમાં છે.

૨૮૭. પરિણામે ઇમાનદારોની જીત છે. દંભ કરનારાઓની આખરતમાં હાર છે.

૨૮૮. જો કે બંને એક જ બાજી પર છે, છતાં બન્ને એટલા દૂર છે જેટલા મર્વ વાસીઓ અને રયવાસીઓ છે.

૨૮૯. દરેક પોત પોતાના લાયક રહેઠાણુ તરફ જાય છે. દરેક પોત પોતાનાં નામ પ્રમાણે વર્તે છે.

૨૯૦. જો તેને મોમન કહેવામાં આવે છે તો તેનું દિલ ખુશ થઇ જાય છે: અને જો મુનાફીક કહે તો (ક્રોધની) આગથી સળગી ઉઠે છે.

૨૯૧. તે (મોમીન)નું નામ તેના ગુણુના કારણે પ્રિય છે. આ (દાંભિક) નું નામ તેની આફતોનાં કારણે અપ્રિય છે,

૨૯૨. ‘મીમ’ અને (વાવ) અને (મીમ) અને નુન (આ ચાર અક્ષરો) મોટાઈ આપે તેમ નથી. મોમીન શબ્દ ઓળખાણુ સિવાય-બીજા હેતુ માટે નથી.

૨૯૩. જો તું તેને (મુનાફીકને) મુનાફીક કહી દે તો આ દુષ્ટનામ તેને પણ અંતરમાં વીંછી પેઠે દંશ દે છે.

૨૯૪. જો આ નામ નર્કમાંથી ઉત્પન્ન થએલ નથી તો તેમાં નર્કનો સ્વાદ (અસર) કેમ છે?

૨૯૫. તે નઠારા નામની દુષ્ટતા અક્ષરોને અંગે નથી (અર્થને અંગે છે) દરિયાના પાણીનું ખારાપણું તેના પાત્રને અંગે નથી.

૨૯૬. અક્ષરો પાત્ર છે તેમાં અર્થ જળની પેઠે છે (પરંતુ) અર્થનો દરિયો તેની પાસે છે. કુરાને શરીફમાં છે કે ગ્રંથની માતા તેનાજ પાસે છે.

૨૯૭. ખારો સાગર અને મીઠો સાગર અડોઅડ વહી રહ્યો છે. તેઓની વચ્ચે એક આડ છે કે જેથી તે બન્ને ઓળંગી (મિશ્ર થઇ) શકતા નથી.

૨૯૮. જાણુ કે આ બંને એકજ મુળમાંથી વહી રહ્યા છે. આ બન્નેને ઓળંગીને તેઓનાં મૂળ સુધી પહોંચી જા.

૨૯૯. ખરૂં ખોટું સોનુ પારખવામાં કસોટી વગર હરગીઝ ભરોસાપાત્ર હોઈ શકતું નથી.

૩૦૦. જેના દિલમાં ખુદા કસોટી (વિવેક બુદ્ધિ) રાખે છે, એજ ધર્મ અને અધર્મ વચ્ચેના ભેદ પારખી શકે છે.

૩૦૧. (જેમ) જીવતા જાગતા માણસના મોંમાં એકાદ તણખલું પેસી જાય તો તે તેને બહાર કાઢે છે ત્યારે જ તેને ચેન પડે છે.

૩૦૨. હજારો કોળીયામાં એકાદ નાનું તણખલું આવી જાય છે તો જીભને તેનું ભાન થઈ જાય છે.

૩૦૩. દુનિયાની સમજ દુનિયાની આગળ વધવાની સીડી છે. ધાર્મિક સમજ આસમાન પર જવાની સીડી છે.

૩૦૪. દુન્યવી ઈન્દ્રીઓનું આરોગ્ય વૈદ પાસેથી મેળવ. રૂહાની આરોગ્ય પ્રિયતમ (મુરશીદ કામિલ) પાસેથી માંગ.

૩૦૫. આ ઈન્દ્રીઓનું આરોગ્ય શરીરના (પાલન પોષણ) થી છે. અને (રૂહાની) આરોગ્ય શરીરની બરબાદી (ઇંન્દ્રીય દમન) થી છે.

૩૦૬. રૂહનો બાદશાહ શરીરને (પ્રથમ) ઉજ્જડ કરે છે. અને એ પાયમાલી પછી પાછો તેને આબાદ કરે છે.

૩૦૭. જાણે સોનાના ભંડાર માટે ઘરને તારાજ કર્યું અને એજ ખજાનાથી ફરી ઘરને વધુ આબાદ બનાવ્યું.

૩૦૮. (જાણે મેલા) પાણીને બંધ કર્યું અને નહેરને ચોકખી કરી, પછી પીવાનું પાણી ફરીવાર તેજ નહેરમાં વહેતું કર્યું.

૩૦૯. (જાણે) ચામડી ચીરીને (બાણની) અણી ખેંચી કાઢી, પછી તે (જખમ) ઉપર તાજી ચામડી ઉગી.

૩૧૦. (જાણે) ગઢ ખેદાન મેદાન કર્યો, અને કાફર પાસેથી પાછો લીધો, પછી તેના પર સેંકડો (નવા) બુરૂજો અને ભીંતો ચણ્યાં.

૩૧૧. અજોડ (હકીકી માશુક) ના કાર્યોનું વર્ણન કોણ કરી શકે? આજે કાંઈ મેં કહ્યું તે તો હાલની જરૂરિયાત પૂરતું છે.

૩૧૨. (કારણકે) કોઇ વેળા (તે અજોડ પ્રિયતમ) આ રીતે જલ્વાગર થાય છે. તો કોઇવેળા એનાથી વિરૂદ્ધ, ધર્મ-મારફતનું કાર્ય વ્યાકુળતા વિના તો નથી જ.

૩૧૩. તે (કોઇ અધર્મી)ની પીઠ (ખુદાના) તરફ હોઈ અને તેથી તે વ્યાકુળ હોઇ તેવી રીતે નહિ બલકે (ખુદાઈ પ્રેમી) મિત્રના ધ્યાનમાં મસ્ત થઇને વ્યાકુળ થાય તેવી.

ખારા અને મીઠા - બંને જે સ્રોતમાંથી - ઝરણાં પહોંચી જા

૩૧૪. એક તે છે કે, જેનું મુખ મિત્રની તરફ છે. એક આ છે કે જેનું મુખ ખુદ (મિત્રનુ) જ મુખ છે.

૩૧૫. દરેકનું મુખ જોતો રહે. ધ્યાનથી તપાસતો રહે. બનવા જોગ છે કે 'ખિદમત'ના પ્રતાપે તું તેનો ચહેરો ઓળખવાવાળો બની જઈશ.

૩૧૬. 'દાના' (કામિલ મુરશીદ)ના દીદાર કરવા એજ ખરી ઈબાદત છે, એજ ભાગ્યનો દરવાજો ખોલનાર છે.

૩૧૭. ઘણાએ શયતાનો માણુસના રૂપમાં છે, ત્યારે દરેકના હાથમાં હાથ આપવો યાને કે એવાની બૈયત કરવી વાજબ નથી.

૩૧૮. કારણુકે પારધી પણ પક્ષીઓના જેવોજ અવાજ કાઢે છે કે જેથી તે પારધી પક્ષીને ફરેબ આપે. (ફસાવે)

૩૧૯. તે પક્ષી પોતાની જાતનાં નો અવાજ સાંભળી હવામાંથી ઉતરી આવે છે, (તરતજ) તે જાળ અને છરીની અણીનો (ઘા) ઝીલે છે.

૩૨૦. ખુદાઈ પુરૂષોનું કાર્ય રોશની અને ગરમી (પ્રેમ) છે. કુપાત્રનું કાર્ય ઢોંગ અનેનીચતા છે.

૩૨૧. ભીખ માંગવા ઉનનોસિંહ (ભીખારીઓ) બનાવે છે. તેમ (ઢાંલીકો) પણ 'બુ મુસ્લેમ'ને 'અહમદ'નો ઈલ્કાબ આપે છે.

૩૨૨. બુ મુસૈલમનો લકબ કઝઝાબ (જુઠો) ઠર્યો. જ્યારે હ. મુહમ્મદ (સ) નો (લકબ) ઉલુલ અલ્બાબ સાબિત રહ્યો.

૩૨૩. આપ (હ. મુહમ્મદ) દૈવી મદીરા છે. તેની સુગંધ કસ્તુરીની છે, તે (મુસૈલમ) ની મદીરા દુર્ગંધવાળી અને દુઃખ (આપનાર) છે.

ધર્માંધતાથી ખ્રિસ્તીઓનો નાશ કરનાર યહુદી બાદશાહની વાત.

૩૨૪. યહુદીઓમાં એક બાદશાહ હતો; જે અત્યાચાર કરનારો, હ. ઈસાનો શત્રુ તથા ખ્રિસ્તીઓનો ખૂની હતો.

૩૨૫. હઃ ઈસાનો (એ) જમાનો હતો. તથા વારો હતો. તે પણ (હ. ઈસા) હ. મુસાના પ્રાણુરૂપ હતા. અને હ. મુસા તેમના પ્રાણુરૂપ હતા.

૩૨૬. પરંતુ બાડા બાદશાહે એ બન્ને (ખુદાઈ) નબીઓને ખુદાઈ રાહમાં જુદા ગણ્યા.

૩૨૭. શિક્ષકે એકબાડા (શિષ્ય)ને કહ્યું, અહીં આવ, જા પેલા ઓરડામાંથી બાટલી લઈ આવ.

૩૨૮. બાડો તુરતજ અંદર ગયો, તો એક બાટલીના બદલે તેની નજરમાં બે (બાટલી) દેખાવા લાગી.

૩૨૯. શિક્ષકે કહ્યું, તે બે બાટલીઓ નથી. જા બાડાપણું તજી દે. એક કરતાં વધુ જોવા વાળો નથી,

એકતો મુખ-મિત્રં તરફ ને મુખ ખુદજ (મિત્રનું) મુખ છે.

કા. મુરશીદ ના દિદાર = ઈબાદત છે.

બાડાને-એકના બદલે બે દેખાય.

દાના = કામીલ મુરશીદ

૩૩૦. તેણે કહ્યું, હે ઉસ્તાદ, મને મહેણાં ન માર. શિક્ષકે કહ્યુ, તે બેમાંથી એકને ભાંગી નાખ.

૩૩૧. બાટલી એક જ હતી. તેની નજરમાં બે દેખાતી હતી. પરંતુ તે બાટલી ભાંગી નાખી તો બીજી દેખાણી જ નહિ.

૩૩૨. તેણે એકને ભાંગી તો તેની નજરમાંથી બન્ને ચાલી ગઈ. (તેમ) માણુસ સ્વાર્થવૃત્તિ અને ક્રોધ વડે બાડો બની જાય છે.

૩૩૩. ક્રોધ અને વિષયસુખ માણુસને બાડો બનાવી મૂકે છે. તથા રૂહને નીતિના માર્ગપરથી ચલિત કરી નાખે છે.

૩૩૪. સ્વાર્થ આવે છે ત્યારે સદગુણ ઢંકાઈજાય છે. તેના દિલમાંના સેંકડો પડદા આંખપર પડે છે.

૩૩૫. જે ન્યાયાધીશ પોતાના મનમાં લાંચ લેવાનો વિચાર કરે તો તે જુલ્મી અને જુલ્મ નો ભોગ બનેલા વચ્ચે કેવી રીતે ફરક પાડી શકે ?

૩૩૬. બાદશાહ યહુદી ખુન્નસથી એવો બાડો બની ગયો હતો કે (આપણે પોકારીએ) કે "બચાવ હે ખુદા બચાવ."

૩૩૭. જુલમનો ભોગ બનેલા લાખો ખ્રિસ્તી ઈમાનદારોને તેણે કત્લ કરાવ્યા. (તે કહેતો હતો) કે "હું હ. મુસાના ધર્મનો રક્ષક અને આધાર છું.

પ્રધાને કાવતરૂં રચવા બાદ-
શાહને ભંભેરણી કરવી.

૩૩૮. તે (રાજા)નો એક પ્રધાન હતો. તે ચંડાળ અને દગાબાજ હતો. તે છળથી જળ પર ગાંઠવાળી શકતો હતો.

૩૩૯. તેણે (રાજાને) કહ્યું, ખ્રિસ્તીઓ પોતાના જીવને બચાવી લે છે. પોતાના ધર્મને (આપ) રાજવીથી છુપાવી રાખે છે.

૩૪૦. (માટે) તેઓનો સંહાર નકર, કેમકે સંહાર કરવો લાભદાયી નથી. ધર્મ કાંઈ સુગંધ ધરાવતી કસ્તુરી કે ઊદ નથી.

૩૪૧. (ધર્મનો) ભેદ સેંકડો પડદાઓથી ઢંકાએલો છે. દેખાવમાં તેઓ તારી સાથે સહમત છે પણ દિલ વિરૂદ્ધ છે.

૩૪૨. રાજા તેને કહે, ત્યારે કંઈ યુક્તિ ઉત્તમ છે? તે પ્રપંચ અને ઢોંગને ઉખેડી નાખવાનો શો ઉપાય છે?

૩૪૩. કે જેથી જગતમાં એક પણ ખ્રિસ્તી બાકી રહેવા ન પામે. જાહેર રીતે ધર્મ પાળ-નાર કે ન ગુપ્ત ધર્મ પાળનાર (બાકી રહે).

૩૪૪. તેણે કહ્યું, હે રાજા, સખ્ત હુકમ વડે મારા કાન તથા હાથને કાપી નાખ. (સાથે) મારા નાક અને હોઠને પણ ચીરી નાખ.

૩૪૫. પછી મને ફાંસી આપવા લઇ જા. (તે જોઇ) જરૂર કોઈ દરમ્યાનગીરી કરી મુક્ત કરવાની માંગણી કરે.

૩૪૬. તું આ કાર્ય જાહેર જગામાં જાહેરાત સાથે કર (અને) એવા માર્ગ પર કે જે ચારે તરફ જતો હોય.

૩૪૭. પછી તું મને તારી પાસેથી કોઈ દૂરના શહેર તરફ હાંકી કાઢ, કે જેથી હું તેઓમાં બરબાદી અને ખળભળાટ મચાવી દઉં.

૩૪૮. પછી હું તેઓને કહીશ કે, "હું છુપી રીતે ખ્રિસ્તી છું. હે ભેદ જાણનાર ખુદા તુંજ મને જાણે છે."

૩૪૯. રાજા મારા ઇમાનથી માહિતગાર થઇ ગયો. અને ધાર્મિક આવેશમાં મારો પ્રાણ લેવાનો નિશ્ચય કર્યો.

૩૫૦. મારી ઇચ્છા હતી કે રાજાથી મારો ધર્મ સંતાડું, અને જે તેનો ધર્મ છે તે જાહેર કરૂં.

૩૫૧. (પણ) રાજાને મારા અંતરના ભેદની ગંધ આવી ગઈ. (એ) રાજાને મારા વચનોમાં વિશ્વાસ આવ્યો નહિ.

૩૫૨. (આથી) (રાજા) કહેવા લાગ્યો "તારી વાત રોટલીમાં (પેસેલી) સોય જેવી છે, તારા દિલથી મારા દિલ સુધી એકબારી છે.

૩૫૩. આ બારી વાટે મેં તારા દિલની વાત જોઇ લીધી છે. મેં તે વાત જોઇ હોઈ (હવે) હુ તારી વાત નહિ સાંભળું.

૩૫૪. હ. ઈસાનો આત્મા મારો મદદગાર ન થયો હોત તો તેણે યહુદી રીત પ્રમાણે મારા ટુકડા કર્યા હોત.

૩૫૫. હ. ઈસાના ખાતર પ્રાણ આપું, માથું આપું. તેના લાખો ઉપકારો માનું.

૩૫૬. હ. ઈસા માટે જાન આપવામાં હું નાખુશ નથી. પરંતુ હું ધાર્મિક જ્ઞાનથી માહિતગાર છું (તેથી લોકોને જ્ઞાન આપવું જીવદેવા કરતાં યોગ્ય લાગે છે).

૩૫૭. મને અફસોસ થાય છે કે એ પવિત્ર ધર્મ અજ્ઞાન લોકોની વચ્ચે છિન્નભિન્ન થઈ રહ્યો છે.

૩૫૮. હું ખુદાનો અને હ. ઇસાનો આભાર માનું છું કે આ સત્ય ધર્મનો હું કારનુમા બન્યો છું.

૩૫૯. યહુદી અને યહુદીત્વથી મારો છુટકારો થયો છે. તેથી મેં (સેવા કરવા) ધર્મની જનોઈ કમરે બાંધી છે.

૩૬૦. હે, લોકો, આ હ. ઇસાનો જમાનો છે. તેના ધર્મના તત્વો ઈમાન પૂર્વક કબુલ કરો.

૩૬૧. પ્રધાને રાજા પાસે આ કાવતરાનું વર્ણન કર્યું. તેના દિલમાંથી બધી ચિંતા દૂર કરી.

૩૬૨. તેને ખ્રિસ્તીઓની (વસ્તી) તરફ હાંકી કાઢવામાં આવ્યો. પછી તેણે નવા ધર્મમાં લોકોને આજુના દાવત શરૂ કરી દીધી.

ખ્રિસ્તીઓનું પ્રધાન પાસે એકઠું થવું અને તેનું તેઓ (ખ્રિસ્તીઓ સમક્ષ ભેદનું વર્ણન કરવું)

૩૬૩. લાખો ખ્રિસ્તી લોકો તેના તરફ થોડા થોડા કરીને તેની શેરીમાં ભેગા થવા લાગ્યા.

૩૬૪. તે તેઓને ખાનગીમાં ઈન્જીલ, ઝુન્નાર (જનોઇ) અને બંદગીના ભેદોનું વર્ણન કરતો.

૩૬૫. તે દેખાવમાં ધાર્મિક ફરજોનો ઉપદેશક હતો, પરંતુ દિલમાં (પારધીની) સિસોટી તથા જાળ (સમાન) હતો.

૩૬૬. કેટલાક અસહાબો ભૂત સમા નફસના છળકપટ વિષે પુછતા રહેતા હતાં. (કારણકે સત્ય અને અસત્ય વચ્ચેનો ભેદ શોધવો મુશ્કેલ છે.)

૩૬૭. કે તે તે (નફસ) બંદગીમાં તેમજ દિલની સફાઈમાં કયા કયા છાના સ્વાર્થો ભેળવી દે છે.

૩૬૮. તેઓ (અસહાબો) જાહેરી ફરજો વિષે પુછતા ન હતા. પરંતુ તેઓ અંતરના દોષ વિષે તેઓને પુછતા હતા.

૩૬૯. (તેથી) તેઓ વાળ વાળ તથા અણુંએ અણું નફસના પ્રપંચ સમજવા લાગ્યા. જેમ ફૂલ કુદીનાથી (સહેલાઈથી ઓળખાય છે તેમ).

૩૭૦. અસહાબોમાંના જેઓના અંતર ઈર્ષાળુ હતા તેઓ હ. રસુલ (સ) નફસ બાબતની સમજાવતી વાએજથી છક થઈ જતા હતા.

ખ્રિસ્તીઓનું વઝીરને અનુસરવું

૩૭૧. સઘળા ખ્રિસ્તીઓએ તેને પોતાનાં દિલ આપી દીધાં. ખરીરીતે સામાન્ય જનતામાં (ગાડરીયા) પ્રવાહમાં શું દમ હોય?

૩૭૨. તેઓએ પોતાના દિલમાં તેનો પ્રેમ સ્થાપ્યો. અને તેઓ તેને હ. ઈસાનો પ્રતિનિધિ સમજવા લાગ્યા.

૩૭૩. દિલથી એ કાંણો શ્રાપિત દજ્જાલ (હતો) હે ખુદા, પોકાર સાંભળ, તું જ સર્વથી વધારે મોટો મદદગાર છે.

૩૭૪. હે ખુદા, લાખો જાળ અને દાણા પડયા છે, અને અમો કંજુસ ભૂખ્યા પક્ષીઓ જેવા છીએ.

૩૭૫. દરેક પળે અમો નવી નવી જાળમાં સપડાઇએ છીએ. પછી ભલે અમો બધા બાજ અથવા શીમુર્ગ બની જઈએ.

૩૭૬. ઓ રહેમ રહેમીન (તારી દયા વડે) તું દરેક પળે અમોને છોડાવે છે. પરંતુ અમો ફરીવાર કોઇને કોઈ જાળ ભણી (ફસાઈ) જઇએ છીએ.

૩૭૭. અમો કોઠારમાં ઘઉં એકઠા કરીએ છીએ. (અને પછી) એકઠા કરેલા ઘઉં ગુમાવીએ છીએ.

૩૭૮. અમો (શા માટે) મનન પુર્વક વિચાર કરતા નથી કે ઘઉંને જે હાની પહોંચી છે તે ઉંદરના પ્રપંચના પ્રતાપે છે?

૩૭૯. ઉંદરે અમારા કોઠાર સુધી કાંણું પાડ્યું છે, તેના પ્રપંચથી અમારો કોઠાર ધૂળધાણી થઈ ગયો છે.

૩૮૦. હે જીવ, પહેલાં ઉંદરનો ત્રાસ દૂર કર. પછી ઘઉં એકઠા કરવામાં લાગી જા.

૩૮૧. સરદારોના સરદાર હ. મહમ્મદ (સ) ની હદીસ સાંભળ દિલની એકાગ્રતા વગરની બંદગી પૂર્ણ નથી.

૩૮૨. જો અમારા કોઠારમાં ચોરટો ઉંદર નથી તો ચાલીસ વર્ષની ઇબાદતના ઘઉં ક્યાં ગયા?

૩૮૩. આપણી બંદગીનું ફળ આપણા કોઠારમાં રોજ રોજનું કટકે કટકે એકઠું કેમ થતું નથી?

૩૮૪. લોખંડમાંથી નીકળતા અંગારના સિતારાઓ નીકળ્યા, અને બળતા રહે તે સ્વીકારી પોતામાં સમાવ્યા.

૩૮૫. અંધારામાં પરંતુ છુપાઇ રહેલો ચોર નીકળતાં સિતારા (અંગારા) પર આંગળી મુકે છે.

૩૮૬. તે ચિનગારીઓ એક એક કરીને બુઝાવી નાખે છે કે (રૂહાની) આકાશ ઉપર બતી રોશન ન થાય.

૩૮૭. અમારા પગ તળે હજારો જાળ પાથરેલી હોઇ પરંતુ તું અમારી સાથે છો તો અમોને જરાપણ તકલીફ નથી.

૩૮૮. તું દરેક રાત્રીએ જીવોને કાયાની જાળમાંથી મુક્ત કરી દે છે. (કાયારૂપી પાંજરાના) દરવાજા ખોલી નાખે છે.

૩૮૯. આત્માઓ દરેક રાત્રિના આ પીંજરમાંથી છુટી જાય છે. તેઓને એવી નિરાંત હોઇ છે કે ન કોઇ તેના સત્તા ચલાવે કે ન પોતાને આધિન થવું પડે.

૩૯૦. રાત્રે કેદીઓ કેદખાનાથી બે ખબર હોય છે. રાત્રે સત્તાવાનો સત્તા થી બે ખબર હોય છે.

૩૯૧. તેઓને નફા નુકશાનના વિચારકે દીલગીરી હોતી નથી. ન તેઓને આ-કે પેલા માણસનો વિચાર.

૩૯૨. નીંદ્રા વગર પણ જ્ઞાનીની આવીજ અવસ્થા હોય છે. (જેમ) ખુદાએ ફરમાવ્યું છે કે (તેઓની આંખો જોઇ તેને જાગતા ધારે છે) જ્યારે તેઓ નિદ્રાધીન છે. આની અવગણના ન કર.

૩૯૩. તે (જ્ઞાનીઓ) દુન્યવી કર્તવ્યોથી રાત દિવસ અળગા હોય છે. જેમ ખુદાનાં ગતીમાન હાથમાં કલમની હીલ ચાલ હોય છે.

૩૯૪. જે કોઈ લખવાની ક્રિયામાં હાથને જોતો નથી. તે કલમનું હલન ચલન જોઈ લખવાની ક્રિયા કલમથી સમજે છે,

૫૦ વર્ષની ઈબાદત ના ઘઉં.
હજારો 1000 જાળ - હોય તું અમારી સાથે છો. તો
અમોને જરાપણ તકલીફ નથી.

૩૯૫. જ્ઞાનીઓની આ સ્થિતીનો થોડો (નમુનો ખુદાએ) જાહેર કર્યો છે. (જેમકે) સામાન્ય લોકોને પણ ઇંદ્રીયોની ઉંઘે ઘેરી લીધા છે.

૩૯૬. તેઓના આત્માઓ અકથ્ય જંગલોમાં ચાલ્યા જાય છે, તેઓના આત્માઓ અને શરીરો આરામ કરતા હોય છે.

૩૯૭. ત્યારે તું આત્માઓને સીસોટી વડે જાળ (કાયા)ની અંદર ખેંચી લે છે. તે સઘળા રૂહોને તું દુઃખ દાયક જાળમાં (ફરી) નાખે છે.

૩૯૮. સવારે સુર્યનો ઉદય કરનાર (ખુદા) ઇઝરાએલ ફીરસ્તાની જેમ, સઘળાઓને સાકાર જગતમાં પાછા લાવે છે.

૩૯૯. તે ખુલ્લા ફરતા આત્માઓને દેહમાં કેદ કરે છે, તે દરેક કાયાને રૂહના ફરીવાર મીલનથી બોજદાર કરે છે.

૪૦૦. તે આત્માના અશ્વ પરથી (સંસારીક સંબંધ રૂપી) પલાણને ઉતારી નાખે છે. "ઉંઘ મૃત્યુની બહેન છે" (એ હદીસ)નો ગુઢાર્થ આ છે.

૪૦૧. પરંતુ દિવસના તેઓ પાછા ફરી શકે તેટલા ખાતર (ખુદા) તેઓના પગમાં દોરડું બાંધી રાખે છે.

૪૦૨. જેથી તે તેને દીવસે પેલા બીડમાંથી પાછું ખેંચી લાવે, અને ગોચરમાંથી લઈ સંસારનો ભાર તેના પર લાદે.

૪૦૩. જો તે આ આત્માને ગુફાના અસહાબો ની જેમ અગર "નુરની નૌકા" ની જેમ સુરક્ષિત રાખે તે તો કેવું સારૂં થાત!

૪૦૪. કે જેથી આ જાગૃતાવસ્થા અને ભાન (ઈન્દ્રીયોની ચંચળતા) ના તોફાનથી આ દીલ. આંખ અને કાન બચી જતે.

૪૦૫. અરે, જગતની અંદર "ગુફાના અસહાબો." (જ્ઞાનીઓ) ઘણાં છે. તારી આજુબાજુ અત્યારે પણ વિદ્યમાન છે.

૪૦૬. ગુફા તે (જ્ઞાની) ની સાથે છે. પ્રિયતમ તેની સાથે વાર્તાલાપમાં છે. પરંતુ તારી આંખ અને કાન પર મહોર મારેલી છે, તો શો લાભ?

ખલીફાની લયલાને જેવાની વાત.

૪૦૭. ખલીફાએ લયલાને કહ્યું, 'તે તું જ છે, કે જેના પ્રેમ થકી મજનું બાવરો અને ભાન ભૂલો બની ગયો છે?

૪૦૮. તું રૂપમાં બીજીઓ કરતાં ચડીયાતી નથી. તેણીએ કહ્યું, ચૂપરહે કેમકે તું મજનુ નથી.

૪૦૯. જો તને મજનુની આંખો હોત તો તારી દૃષ્ટિમાં આ બન્ને જહાંન તુચ્છ લાગત.

૪૧૦. તું ભાનમાં છે. પરંતુ મજનુ બે ભાન અવસ્થામાં છે. પ્રેમપંથમાં આત્મભાન ખરાબ છે.

૪૧૧. આત્માને આખો દીવસ કલ્પનાઓની વાતોથી, તેમજ લાભ અને નુકશાનની ચીંતા ફીકરથી (નુકશાન પહોંચે છે કે જેથી)

આત્મા ના અશ્વ ભાન: ઈન્દ્રીયોની
નુર ની નૌકા ચંચળતા

૪૧૨. ન તો દીલની શુધ્ધતા ન સુંદરતા કે દીવ્યતા (રહેવા પામે) નતો (રૂહાની) આકાશ તરફનો પ્રવાસ (કરીશકે)

૪૧૩. તે સખ્સ (ખરીરીતે) ઉંઘમાં છે કે જે ખોટી કલ્પનાઓથી આશાનાં સ્વપ્નાં સેવે છે. અને તેની સાથે વાતચીત કરવા માંડે છે.

૪૧૪. (જ્ઞાનીના ખ્યાલો) એવા નથી કે રૂહાની સમજમાંથી જીવભાવની જાહેરી સમજમાં આવે. તો તેના એ વિચારો તેના માટે સેંકડો આફતરૂપ થઈ પડે.

૪૧૫. જેમ ઉંઘતાને સ્વપ્નામાં શયતાન અપસરા જેવી લાગે પછી વાસનાથી પ્રેરાઈ શયતાન સાથે સંગ કરે છે.

૪૧૬. તે બીજને ક્ષાર ભૂમીમાં ગુમાવે છે. જેવોતે જાગૃત થાય છે કે પેલા ખ્યાલ તેની સામેથી અલોપ થઈ જાય છે.

૪૧૭. તેનાથી તેને મગજની દુર્બળતા અને શરીરની ગંદકી જણાય છે, અને અફસોસ કરે છે કે પેલું ચિત્ર અદ્રષ્ય થઈ ગયું.

૪૧૮. પક્ષી ઉંચે આકાશમાં ઉડી રહ્યું છે અને તેનો પડછાયો પક્ષીની જેમ ઉડતો જમીન પર દેખાય છે.

૪૧૯. કોઈ મુર્ખ, એ પડછાયાનો શિકાર કરવા લાગી જાય છે. (અને તેની પાછળ) એટલું બધું દોડે છે કે થાકીને લોથ પોથ થઇ જાય છે.

૪૨૦. તે તો પડછાયા તરફ બાણુ ફેંકતો જાય છે. (અંતે) આ કાર્યમાં જ તેનું ભાથું ખાલી થાય છે.

૪૨૧. (અફસોસ) તેના આયુષ્યનું ભાથું ખાલી થઈ ગયું. પડછાયાના શિકાર પાછળ દોડવામાં જીવતર વેડફાઈ ગયું.

૪૨૨. જ્યારે ખુદાની પ્રતી છાયા (કામીલ મુરશીદ) જ્યારે તેની છાયા યાને આત્મીક ખોરાક આપનાર મૌજુદ છે, ત્યારે તો તે ખોટા ખ્યાલો અને પડછાયા (મોહમાયાથી) બચાવી લેશે.

૪૨૩. "ખુદાની પ્રતિછાયા" ખુદાના (ખાસ) બંદા તરીકે જગતમાં મૌજુદ છે. જે આ જગતથી (સબંધથી) "મુર્દા" અને ખુદા (ના સબંધ) થી "જીન્દા" છે.

૪૨૪. (માટે) બહુ જ ઉતાવળે, વગર શંકાએ તે (ખુદાની પ્રતીછાયા) નો પાલવ પકડી લે કે જેથી તું આખર જમાનાની આપદાઓથી બચી જવા પામે.

૪૨૫ તેણે (ખુદાએ) પ્રતિ છાયાને કેવી રીતે ફેલાવી દીધેલ છે. (પ્રતી છાયાની મુરાદ) દૈવી પુરૂષનું સ્વરૂપ છે, કે જે ખુદાઈ સુર્યના પ્રકાશની દલીલ (માર્ગદર્શક) છે.

૪૨૬. આ દલીલ (માર્ગદર્શક) વગર આ ખીણમાં મુસાફરી ન કર. ખલીલની જેમ કહીં દે કે "હું છુપાઈ જવાવાળાઓને ચાહતો નથી."

૪૨૭. જા. પ્રતિછાયા મારફત (ખુદાઈ) સુર્યને પ્રાપ્ત કર. (રૂહાની) બાદશાહ; તબ્રીઝ નિવાસી હ. શમ્સનો પાલવ પકડી લે.

નોંધ:- ઉંઘતા ને સ્વપ્નામાં-શયતાન-અપસરા લાગે છે
જગત થી -સબંધ - મુર્દા -
ખુદા - સબંધ થી - જીન્દા

૪૨૮. જો તું આ ભોજન તથા લગ્ન સમારંભ તરફનો માર્ગ નથી જાણતો તો ઝિયાઉલ હક્ક હુસ્સામુદ્દીનને પુછી લે.

૪૨૯. અને જો માર્ગમાં ઇર્ષા તારૂં ગળું દબાવે, તો (યાદ રાખ) ઇર્ષાંમાંહદ કુદાવવી એ ઇબ્લીસનું (લક્ષણ) છે.

૪૩૦. કેમકે તે ઇર્ષાના જ અંગે આદમથી આંખ ફેરવી લે છે. ઇર્ષાનાજ લીધે તે પરમસુખ' સાથે દુશ્મની કરે છે.

૪૩૧. આ રસ્તામાં (ઇર્ષા) જેવી બીજી કોઈ આડખીલી નથી. નશીબદાર તે જ છે કે જેનો સાથીદાર ઇર્ષા નથી.

૪૩૨. આ માનવ દેહ ઇર્ષાનું ઘર છે. તેના કુટુમ્બ કબીલો (ઇન્દ્રીઓ) પણ ઇર્ષાથી કલંકીત હોય છે.

૪૩૩. જો કે મનુષ્યની કાયા ઇર્ષાનું ઘર હોઈ શકે છે. પરંતુ ખુદાએ તે (કામીલ મુર્શીદના) દેહને સમ્પૂર્ણ પવિત્ર કરેલ છે.

૪૩૪. "મારૂં ઘર પવિત્ર રાખો" (આ આયતનમાં એજ) પવિત્રતાની સમજણ છે. (કેમકે તે) "નુરનો ખજાનો" છે. જો તેનું માદળીયું (કાયા) માટીનું છે. (તો શું થયું?)

૪૩૫. જ્યારે તું (આવા) ઇર્ષાહીન (નુરના માલીક) સાથે દગાબાજી અને ઇર્ષા કરે છે–ત્યારે તેનું કાંઈ બગડતું નથી. પરંતુ ઇર્ષાના પ્રતાપે તારૂં દીલ કાળાશ પકડે છે.

૪૩૬. દૈવી પુરૂષોના પગ તળેની ધૂળ બની જા. અમારી જેમ ઇર્ષાના માથે ધૂળ નાંખ!

પ્રધાનની ઇર્ષાનું વર્ણન.

૪૩૭. તે શુદ્ર પ્રધાન (જેનું) મૂળ ઇર્ષાથી જ હતું, તેથી જ તેણે નકામાં પોતાનાં નાક તથા કાન પવનને સોંપી દીધા (કપાવીને પાયમાલ કર્યાં.)

૪૩૮. એવી આશાએ કે ઇર્ષાના ડંખથી તેનું ઝેર બીચારા ઇસાઇઓના અંતરમાં ઉતરે.

૪૩૯. જે કોઈ શખ્સ ઇર્ષાથી પોતાનું નાક કપાવે છે. તે પોતે જ નાક કાન વગરનો બને છે. (રૂહાની રહસ્યો સમજી શકતો નથી.)

૪૪૦. નાક એ છે કે જે વાસ સુંઘી શકે, કે જે વાસ તેને (રૂહાની હકીકત) તરફ દોરી જાય.

૪૪૧. જે કોઈ સુંઘવાની શક્તિ ધરાવતો નથી તે નાક વગરનો છે. વાસ (ની મકસદ) એ વાસ કે જે (રૂહાની હકીકત) ધર્મની છે.

૪૪૨. જે કોઈ આ વાસ પ્રાપ્ત કરે અને તેના માટે આભાર ન માને તો તે અનુપકારી બને છે અને તેનું નાક આ વાસ સુંઘવાની શક્તિને ગળી જાય છે.

૪૪૩. આભાર માન, આભાર માનનારાઓનો દાસ બનીજા, તેઓની હાજરીમાં મરેલા જેવો (અભિમાન વગરનો) બની જા, અમર થા.

૪૪૪. પ્રધાનની જેમ તું લુંટણગીરીને તારૂં સાધન ન બનાવ. લોકોને બંદગી કરવાથી અટકાવ નહિ.

નાક કાન વગર નો =૩.૨૨૨થી

૪૪૫. તે નીચ પ્રધાન (જાહેરમાં) ધર્મનો ઉપદેશક બની ગયો. તેણે દગાથી હલવામાં લસણ (ગુમરાહ કરવાની વાતો) મેળવી દીધું.

સમજુ ખ્રિસ્તીઓનું પ્રધાનના છળકપટને સમજી જવું.

૪૪૬. જે કોઈ (રૂહાની રહસ્ય) સમજનારા હતા તેઓ તેની વાણીની મીઠાશ સાથે રહેલી કડવાશ પણ (ઓળખી લેતા).

૪૪૭. તે સુંદર ધર્મની વાતોને (હલકી) વાતો સાથે ભેળવીને સંભળાવતો હતો. તે (જાણે) સાકરના શરબતમાં ધીમું ઝેર રેડતો હતો.

૪૪૮. જાહેરમાં તે સમજાવતો હતો કે (મારફતના) માર્ગમાં ઉમંગી બન. (પણ) તેના કહેવાની અસર રૂહાની રીતે હતાશ બનવાની (હતી).

૪૪૯. ચાંદી જાહેર રીતે ઉજળી અને ચળકાટ મારે છે, પરંતુ તેનાથી હાથ અને કપડાં કાળાં થઈ જાય છે.

૪૫૦. આગ જો કે ચીનગારીઓથી તેજવંત છે (પરંતુ) તેનું કાર્ય ભસ્મ કરનારૂં કાળું છે તે પણ જો.

૪૫૧. વિજળી આંખને પ્રકાશમાન દેખાય છે. પરંતુ તેની ખાસીયતથી તે નજર ચોરી (આંજી) લેવાવાળી છે.

૪૫૨. જેઓએ (રૂહાની) મજા ચાખી હતી તેઓ થોડા સીવાય બીજાઓ (પ્રધાન) ની વાણી હારની માફક શણગાર રૂપ થઈ.

૪૫૩. પ્રધાન રાજાથી છ વર્ષ જુદાઈમાં રહીને હ. ઈસાના અનુયાયીઓ માટે છત્રરૂપ બન્યો.

૪૫૪. લોકોએ પોતાનો ધર્મ અને દીલ પૂરે પુરાં તેને સ્વાધીન કરી દીધાં. તેના હુકમે તેઓ પોતાનો જાન કુરબાન કરવા તૈયાર હતા.

રાજાના-પ્રધાન સાથે ગુપ્ત સંદેશાઓ.

૪૫૫. રાજા અને તે (પ્રધાન) ની વચ્ચે સંદેશાઓ (ચાલુ હતા) જેનાથી રાજાને ખાનગીમાં આશ્વાસન મલતું હતું.

૪૫૬. રાજાએ તેને લખ્યું કે, હે મારા ભાગ્યવંત (પ્રધાન) સમય આવી ગયો છે, જલ્દી મારા દીલને (ચીંતાથી) મુક્ત કર.

૪૫૭. તેણે (જવાબમાં) કહ્યું, હે બાદશાહ! હું એજ કાર્યમાં મશગુલ છું કે હ. ઈસાના ધર્મમાં ફીતનાઓ નાંખી દઉ!

ઈસાઈઓનાં બાર સમૂહોનું વર્ણન

૪૫૮. ઈસાઈ કોમમાં સત્તા અને વ્યવસ્થા માટે બાર અમીરો હાકમ (તરીકે) હતા.

૪૫૯. દરેક સમૂહ એક એક અમીરને તાબે હતો જે દુન્યવી લાભને માટે પોતાના અમીરના ગુલામ બની ગયા હતા.

૪૬૦. આ બાર અમીરો અને તેના સમૂહો તે પાખંડી પ્રધાનના ગુલામ બન્યા હતા.

૪૬૧. તેઓ સઘળાઓનો તેની વાતો પર વિશ્વાસ હતો, તેના વર્તનનું તેઓ અનુકરણ કરતા હતા.

૪૬૨. જો તે (કોઈ અમીરને) કહે મરી જા, તો દરેક અમીર તેજ વખતે પોતાનો જીવ આપી દીએ.

પ્રધાનનો ઈન્જીલની આજ્ઞાઓમાં ગોટાળો કરવો.

૪૬૩. તેણે (પ્રધાને) દરેક (અમીર) ના નામનો ધર્મગ્રંથ તૈયાર કર્યો; અને દરેક ધર્મ ગ્રંથ (ની આજ્ઞાનો) નું સ્વરૂપ જુદું જુદું હતું.

૪૬૪. દરેકની આજ્ઞાઓ જુદા જ પ્રકારની હતી. પ્રત્યેક પહેલેથી છેલ્લે એક બીજાથી વિરૂદ્ધ હતી.

૪૬૫. "એકમાં ત્યાગના સાર્ગને અને રોજાને તોબાહના અને (ખુદાની નિકટતા સાધવા) માટેની શરત ઠરાવી."

૪૬૬. એકમાં તેણે કહ્યું, તપ લાભકર્તા નથી. આ પંથમાં દાન દશોંદ વગર મુક્તિ નથી.

૪૬૭. એકમાં તેણે કહ્યું. તારા અપવાસ, દાન દશોંદ તારા તરફની તારા દેવ (ખુદા) સાથે ભાગીદારી છે.

૪૬૮. ખુદાપર ભરોસો રાખ્યા વિના, તેમજ સુખ દુ:ખમાં પોતાની જાતને ખુદાને હવાલે કર્યા વગર (તપ, દાન, રોજા) સર્વ કપટ અને જુઠ છે.

૪૬૯. એકમાં તેણે કહ્યું, ખિદમત તો ફરજીયાત છે. નહિતર ખુદા પરના ભરોષાના વિચારો શંકાસ્પદ છે.

૪૭૦. એકમાં તેણે કહ્યું; નિયમો છે. તે (પાલન) કરવા માટે નથી. એ તો (માત્ર) આપણી અશક્તિ બતાવનાર છે.

૪૭૧. જેથી આપણે તેમાં આપણી અશક્તિ જોઇ ખુદાની શક્તિને પીછાણી લઇએ.

૪૭૨. એકમાં તેણે કહ્યું. પોતાની અશક્તિ ન જો (કાર્ય કર્યે જા) સાવધાન! એ અશકિત (ની માન્યતા) અનુપકારી પણું છે.

૪૭૩. પોતાની શકિત જો કેમકે આ શક્તિ એનાજ (ખુદાના) તરફથી છે. આત્મશકિતને તેની જ બક્ષીસ સમજ કે જે સર્વ શકિતમાન છે.

૪૭૪. એકમાં તેણે કહ્યું. આ (શકિત અશકિત) બન્નેને છોડી દે. કારણ કે જે કંઇ (સીવાઇ ખુદા) નજરમાં આવે તે મૂર્તી છે.

૪૭૪. એકમાં તેણે કહ્યું, આ દૃષ્ટિની બત્તીને બુઝાવ નહિ. કેમકે આ દૃષ્ટિ -એકાગ્રતા કરવાના દીપક સમાન છે.

૪૭૬. જો તું દૃષ્ટિ અને એકાગ્રતાને ઉતાવળે તજી દઈશ તો જાણે મધ્યરાત્રીએ મીલનનો દીપક બુઝાવી નાખ્યો.

૪૭૭. એકમાં તેણે કહ્યું. તેને બુઝાવી નાંખ. બીક ન રાખ. કે જેથી બદલામાં તને લાંખો નિહાળવા મલે.

૪૭૮. કારણ કે (બુદ્ધિના દીપક) ને બુઝાવવાથી આત્માનો દીપક વધુ (રોશન) થવા પામે છે. તારી મક્કમતા વડે તારી લયલા તારો મજનુ બની જાય છે.

૬

બુદ્ધિનો દીપક બંધ કરવાથી
આત્માનો દીપક રોશન ✓
મારા લયલા તારો મજનું.

૪૭૯. જે કોઈ બંદગી માટે સંસાર ત્યાગ કરે છે, તો સંસાર વધુને વધુ (માન સહીત) તેની સામે આવે છે.

૪૮૦. એકમાં તેણે કહ્યું, જે કંઇ ખુદાએ તને આપ્યું છે તે ખુદાએ ઉત્પન્ન કર્યું (ત્યારથી જ) તારા માટે (હલાલ) બનાવ્યું છે.

૪૮૧. (અને) તેને તારા માટે આસાન અને મનપસંદ ઠરાવેલ છે. તેને તું પ્રાપ્ત કરી લે. (તેનો ત્યાગ કરીને) નાહક પોતાને દુઃખમાં ન નાખ.

૪૮૨. એકમાં તેણે કહ્યું, જે કંઇ પંડ (નફસ)ને લગતું છે, તે સર્વને જવા દે. કારણ કે મનના કહ્યા પ્રમાણે વર્તવું એ નકામું છે.

૪૮૩. (એમ) જુદા જુદા ધર્મના રસ્તા આસાન થઈ પડયા છે. દરેક જણને પોતાનો ધર્મ પ્રાણસમ વહાલો લાગે છે.

૪૮૪. જો ખુદાએ (ધર્મ) આસાન બનાવી (તેને ઓળખવાનો સાચો) માર્ગ કર્યો હોત તો દરેક યહુદી અને અગ્નિપુજક તેનાથી (ખુદાથી) જાણકાર હોત.

૪૮૫. એકમાં તેણે કહ્યું, આસાન ખરી રીતે એ છે, કે દીલી જીવન રૂહાની ખોરાક હોય.

૪૮૬. શારીરિક સુખ જ્યારે પસાર થઈ જાય છે. ત્યારે હલકી જમીનની જેમ કાંઈ ઉપજ કે અનાજ આપતી નથી.

૪૮૭. તેની ઉપજમાં પસ્તાવા સિવાય કાંઈ હોતું નથી. તેના વેચાણમાં ખોટ સિવાય કાંઈ પણ આવતું નથી.

૪૮૮. અંતે તે આસાન નથી તેથી તેનું ખરૂં નામ મુશ્કીલ છે.

૪૮૯. તું મુશ્કીલ અને આસાન વચ્ચેનો તફાવત સમજ આ અને તેની ખુબી પરિણામની નજરે નિહાળ.

૪૯૦. એકમાં તેણે કહ્યું, મુરશીદની શોધકર. બાપદાદા તરફથી મળેલા સદ્દગુણોના લીધે આખરત સુધીની સમજ મેળવી શકીશ નહિ.

૪૯૧. દરેક ધર્મોએ પોતાના મત મુજબ મુરશીદ વગર આખરત તરફ નજર કરી (પરંતુ) ન છુટકે તેઓ ભૂલના કેદી બની ગયા.

૪૯૨. આખરત તરફ જોવું, હાથ વણતર (ની જેમ સહેલું) નથી. નહિતર ધર્મોમાં ભેદ-ભાવ શા માટે હોત?

૪૯૩. એકમાં તેણે કહ્યું, તું પોતે પણ ઉસ્તાદ છે, કારણકે તું ઉસ્તાદને ઓળખવાવાળો છે.

૪૯૪. મર્દથા. મર્દનો વેઠીયો ન થા. પોતાનો જ માર્ગ ગ્રહણ કર. અને (મુરશીદની શોધમાં) હેરાન પરેશાન ન થા.

૪૯૫. એકમાં તેણે કહ્યું, આ સર્વ (બહુત્વ) એક જ છે, જે કોઇ બે દેખે છે તે બાડો ઠીંગુજી છે.

૪૯૬. એકમાં તેણે કહ્યું, સો (વસ્તુ) એક શી રીતે થઈ શકે? આવા વિચારો જે કરે છે તે જરૂર ગાંડો હોવો જોઈએ.

૪૯૭. દરેક મત એક બીજાના વિરોધી છે. તે એક શી રીતે થઈ શકે? ઝેર અને સાકર એક છે?

૪૯૮. જ્યારે ઝેર અને સાકરથી પર ન થઈશ, ત્યાં સુધી તું વહેદત (એકત્વ)ની સુવાસ કેવી રીતે મેળવી શકીશ?

૪૯૯. આવી ઢબ અને રીતના બાર ધર્મ ગ્રંથો આ ઇસાઈ ધર્મના શત્રુએ લખી રાખ્યા.

ધર્મક્રિયાઓ કરવાના રૂપમાં ફેરફારો છે નહિ કે ધર્મની મૂળભૂત માન્યતાઓમાં

૫૦૦. તે (પ્રધાન) હ. ઇસાના એક રંગી પણાની વાસ (સમજ) ધરાવતો ન હતો. તે હ. ઇસાના રંગવાના પીપની અસર થાય તેવી લાયકાત ધરાવતો ન હતો.

૫૦૧. સેંકડો (જુદા જુદા) રંગોવાળા વસ્રો, એ પવિત્ર પીપથી સાદા અને પ્રકાશ માફક એક રંગના બની જતા હતા.

૫૦૨. (આ) કંટાળો ઉપજે એવું એકરંગીપણું નથી. (તેની) મીસાલ માછલી અને ચોકખાં પાણી જેવી છે.

૫૦૩. જો કે સુકી જમીન ઉપર હજારો રંગો છે. (છતાં) માછલીઓનો સુકી જમીન સાથે ખુલ્લો વિરોધ છે.

૫૦૪. માછલી કોણ છે? દરિયો શું છે? કે (જેની) સર્વશક્તિમાન અને કિર્તીવંત બાદશાહ સાથે તેઓની સરખામણી થઇ શકે?

૫૦૫. આ હસ્તી ધરાવતી (દુનીયા)માં લાખો સાગરો અને માછલીઓ તે મહાન અને દયાળુ (ખુદા) આગળ સીજદો કરે છે.

૫૦૬. ખુદાઈ બક્ષીસોના કેટલાએ વરસાદો વરસ્યા એટલે સુધી સાગર મોતીઓ વિખેરવા-વાળો થઇ ગયો.

૫૦૭. ખુદાઈ બક્ષીસોના કેટલાએ સુર્ય પ્રકાશ્યા. કે જેથી વાદળાં અને સાગર પરોપકાર (નો પાઠ) શીખ્યા.

૫૦૮. ખુદાઇ ડહાપણનો સુર્ય પ્રકાશ ધરતી અને માટી પર પડ્યો, કે જેથી જમીન બી ઉગાડવા લાયક બની.

૫૦૯ જમીન ભરોસાપાત્ર છે, જે કાંઈ તું તેમાં વાવે છે તે જ જાતની (વસ્તુ) દગો કર્યા વગર પાછી મેળવી શકે છે.

૫૧૦. આ વિશ્વાસ પાત્રતા (નો ગુણ) તે (ખુદાઈ) વિશ્વાસ પાત્રતા પાસેથી પ્રાપ્ત કર્યો છે. કેમકે (ખુદાઇ) ન્યાયના સૂર્યે તેના પર પ્રકાશ નાખ્યો છે.

૫૧૧. જ્યાં સુધી વસંત ખુદાઈ સંદેશો નથી લાવતી. જમીન પોતાના ભેદ બહાર નથી કાઢતી.

ઝેર અને સાકર ૨ ૭૯

૫૧૨. તે મહા ઉદ્દારે જડવસ્તુ (જમીન)ને આ ખબરો અમાનતદારી અને સચ્ચાઈ અર્પણ કરી.

૫૧૩. તેની કૃપા જડ વસ્તુને જાણકાર કરે છે. અને તેનો કોપ બુધ્ધિવાનને આંધળો કરે છે.

૫૧૪. આત્મા અને દીલને એ જોશ સહન કરવાની શક્તિ નથી. હું કોને કહું ? વિશ્વમાં એકે (સમર્થ) કાન નથી.

૫૧૫. જે કોઇ ઠેકાણે (સમર્થ) કાન હતો તે તો આંખ બની ગયો. જે કોઈ પત્થર હતો તે તેના પ્રતાપે માણેક બની ગયો.

૫૧૬. તે કીમીયાગર છે, કીમીયો શું (વિસાતમાં) છે ? તે મોજિઝા બક્ષવાવાળો છે, જાદુ શું છે ? (મોજિઝાની સામે)

૫૧૭. તેના ગુણ ગાવા એ પણ મારા તરફથી તેની મહાનતાની ઉપેક્ષા કરવા બરાબર છે. મને મારૂં પોતાપણાનું ભાન છે, અને એવું ભાન પણ ગુનાહ છે.

૫૧૮. તેની હસ્તી આગળ શુન્ય થઈ જવું જોઈએ. તેના આગળ હસ્તી શું છે ? (દિદારથી) અંધઅને (દુન્યવી શોકથી) કાળી.

૫૧૯. જો અંધ ન હોત તો (ખુદાઇ) સુર્યના તેજને (આંખોવડે) ઓળખતે અને ઓગળી જતે.

૫૨૦. અને જો (સંસારીક શોકના) માતમથી કાળાં વસ્ત્ર ધારણ કરેલ ન હોત તો આ તરફ (સંસારમાં) બરફની જેમ શા માટે થીજી જાત ?

આ કાવતરામાં (સંડોવાઈને) પ્રધાને વહોરી લીધેલ નુકશાનનું વર્ણન.

૫૨૧. રાજવી માફક, પ્રધાન અજ્ઞાન અને ગાફલ હતો (તેથી) હમેંશ રહેનાર અને છટકી ન શકાય તેવાનો સામનો કરતો હતો.

૫૨૨. તે એવા ખુદા સાથે (ઝગડતો હતો) કે જે એવો શક્તિમાન છે કે શુન્યમાંથી આવાં સેંકડો જગત ઉત્પન્ન કરી શકે છે.

૫૨૩. તે જ્યારે તારી આંખને પોતાના (પ્રકાશ) વડે દેખતી કરે છે. ત્યારે તારી નજરમાં આવા સેંકડો જગત ઉત્પન્ન કરી દેખાડે છે.

૫૨૪. જો આ જગત તને વિશાળ અને અતાગ દેખાય છે. તો જાણી લે કે ખુદાઇ શક્તિ સમક્ષ એક અણુ જેટલું પણ નથી.

૫૨૫. આ જગત તમારા આત્માઓનું કેદખાનું છે. ઉઠો ! પેલી બાજુ પ્રયાણ કરો કે જ્યાં વિશાળ પ્રદેશ છે.

૫૨૬. આ જગત મર્યાદિત છે. અને તે ખરેખર અમર્યાદિત છે. (આ જગતનું) બહારનું રૂપ અને આકાર તે રૂહાની જગતની આગળ અડચણરૂપ છે.

૫૨૭. ફીરઔનના લાખો ભાલાઓ, હ. મુસાની એક જ અસાથી ટુકડે ટુકડા થઈ ગયા.

૫૨૮. લાખો (અરબી) કાવ્યશાસ્રો હતા. પરંતુ તેના એક ઉમ્મી (પયગમ્બર) ના (દૈવી) શબ્દ આગળ શરમીંદા હતા.

પોતાપણા નું ભાન – ગુનાહ છે
જગત મર્યાદિત – બહારનું અમર્યાદિત (વિશાળ
૫૨૬)
ફિરૌન = મુસાની લાકડી થી
100000
લાખો ટુકડા.

૫૨૯. જાલીનૂસની લાખો વૈદક વિદ્યાઓ હતી પરંતુ હ. ઈસાની ફૂંક સમક્ષ હાંસીપાત્ર હતી.

૫૩૦. કોઈ શખ્સ અગર તે અધમ ન હોઈ, તો આવા સર્વ સત્તાધીશ સ્વામી આગળ પોતાને શા માટે ફના ન કરે?

૫૩૧. તેણે (ખુદાએ) પહાડ જેવા બળવાન દિલવાળાને ઉખેડી નાખ્યા છે. ચંચળ પક્ષીઓને બે પગ વડે (ઉંધા) લટકાવી દીધા છે.

૫૩૨. બુદ્ધિ અને ચિત્તને તીક્ષ્ણ કરવાં એ (હકીકી) માર્ગ નથી. ખુદાની દયા નમ્ર (દિલ) વગર કોઈ પ્રાપ્ત કરી શકતો નથી.

૫૩૩. અરે, ખજાનો ભેગો કરવાવાળા ખૂણે ખૂણે ખોદે છે, કે જેઓ કલ્પના દોડાવનારના બળદની દાઢી (ઉલ્લુ) બની જાય છે.

૫૩૪. બળદ કોણ છે કે તું તેની દાઢી બને? માટી શું છે કે જેથી તું તેનું ઘાસ બને?

૫૩૫. જ્યારે એક સ્ત્રી બદચાલ અંગે હલકી બની ગઈ ત્યારે ખુદાએ તેનું રૂપાંતર કર્યું અને તેણીને તારો (નક્ષત્ર) બનાવી દીધી.

૫૩૬. એક સ્ત્રીને તારો બનાવી દેવું રૂપાંતર હતું (ત્યારે) હે દુરાગ્રહી, માટી અને કાદવ બની જવું રૂપાંતર નથી?

૫૩૭. તારો રૂહ તને સૌથી ઊંચા આસમાને (ખુદાની નજદીક) લઈ જતો હતો. (જ્યારે) તું જળ અને માટીના હલકા (દરજ્જે) જઈ પડ્યો.

૫૩૮. આ અધઃપતનથી તેં પોતાનું એ સ્વરૂપનું રૂપાંતર કર્યું કે જે સ્વરૂપના બુદ્ધિવાનો (ફિરસ્તાઓ) નું ઈર્ષારૂપ હતું.

૫૩૯. વિચાર કર ત્યારે આ રૂપાંતર કેવું છે? (સ્ત્રીના) રૂપાંતરની સરખામણીમાં આ (તારુ) અત્યંત અધમ છે.

૫૪૦. તેં ઉમેદોના ઘોડાને (દુનિયા) તરફ વેગથી દોડાવ્યો. (અને) હ. આદમ કે જેને (ફિરસ્તાઓએ) સિજદો કર્યો હતો (તેના દરજ્જાને) ઓળખ્યો નહિ.

૫૪૧. હે કપૂત, અંતે તું પણ હ. આદમની જ ઔલાદ છે. તું કયાં સુધી અધોગતિને ઉન્નતિ સમજીશ?

૫૪૨. તું કયાં સુધી કહીશ કે, હું સારા જગત પર જીત મેળવીશ. (અને) આ દુનિયાને મારાથી જ ભરપૂર કરી દઈશ?

૫૪૩. જો પૃથ્વી એક છેડાથી બીજા છેડા સુધી બરફથી ભરપૂર થઈ જાય, તો પણ સૂર્યનો તાપ એક જ દૃષ્ટિમાં તેને પીગળાવી નાખે.

૫૪૪. ખુદા (ઇચ્છે તો) તે પ્રધાનનો (પાપનો) બોજો તેમજ તેના જેવા લાખોનો બોજો એકજ (દયાની) ચિનગારી વડે નાશ કરી છે.

૫૪૫. તે (ખુદા) ખોટી કલ્પનાઓને જ્ઞાન બનાવી દે છે. તે ઝેરી પાણીને શરબત બનાવે છે.

૫૪૬. તે, શકવાળી વાતને શ્રદ્ધામાં ફેરવી નાખે છે. વૈરને સ્નેહમાં નીપજાવે છે.

૫૪૭. તે, હ. ઇબ્રાહીમનું અગ્નિમાં પાલન કરે છે. ભયને રૂહાની સલામતી બનાવી દે છે.

૫૪૮. તેના (ખુદાના) કારણો બાળી નાખવાના (કાર્ય)થી તો હું ગભરાઈ જાઉં છે. અને તેના ખ્યાલોથી મારી સ્થિતી સોફીસ્તાઈ (ખોટી દલીલો કરનારા) જેવી થઈ છે.

પ્રધાને (ઈસાઈ) કોમને ભરમાવવા માટે અન્ય પ્રપંચ રચવો.

૫૪૯. પેલા પ્રધાનને પોતાના મનથી એક બીજો ઘાટ ઘડયો. તે ઉપદેશ આપવાનું છોડી એકાંતમાં બેઠો.

૫૫૦. તેણે પોતાના મુરીદોમાં દીદારની તમન્ના ઉત્પન્ન કરી. તે એકાંતમાં ચાલીસ પચાસ દિવસ રહ્યો.

૫૫૧. લોકો તેના દીદાર અને જ્ઞાનની વાતો અને સમૂહ પ્રાર્થનાથી વંચિત થતાં દીવાના બની ગયા.

૫૫૨. તેઓ કાલાવાલા અને રૂદન કરતા હતા, જ્યારે તે (પ્રધાન) એકાંત તપથી બેવડો વળી ગયો હતો.

૫૫૩. તેઓએ કહ્યું: તારા વગર અમોને પ્રકાશ મળતો નથી. આંધળાને દોરનાર ન હોય તો તેની કેવી હાલત થાય ?

૫૫૪. મહેરબાની ખાતર અને ખુદાને વાસ્તે અમોને વધુ વખત તારાથી અલગા ન રાખ.

૫૫૫. અમો બાળકો જેવા છીએ. તું અમારી છાયા છે. તું અમારા પર (તારી) એ છાયા ફેલાવ.

૫૫૬. તેણે (જવાબમાં) કહ્યું, મારો આત્મા મોહબ્બત કરવાથી દૂર નથી, પણ બહાર નીકળવાની (ખુદા તરફથી) પરવાનગી નથી.

૫૫૭. પેલા અમીરો દરમ્યાનગીરી કરવા આવ્યા. અને પેલા શિષ્યો આજીજી કરવા લાગ્યા.

૫૫૮. ઓ કૃપાળુ, આતે અમારી કેવી કમનશીબી છે ? તારા વિના અમો દિલ (ની રાહત) અને ધર્મ (ના ભેદો) થી અનાથ રહી ગયા.

૫૫૯. તું બહાના કરે છે અને અમો જુદાઈના દુઃખ દિલની બળતરાથી ઠંડા નિસાસા નાખીએ છીએ.

૫૬૦. અમો તારી મધુર વાણીથી ટેવાએલા છીએ. અમે તારા જ્ઞાનનું દૂધ પી ચુક્યા છીએ.

૫૬૧. અલ્લાહ, અલ્લાહ અમારા પર આવો ગજબ ન કર ! મહેરબાની કર, આજને આવતી કાલ ન કર.

૫૬૨. શું તને તારૂં દીલ (સંમતિ) આપે છે કે તારી જુદાઈમાં બે દિલ બનેલા લોકોની ગણત્રી તેઓમાં થાય કે જેઓએ કંઇ પ્રાપ્તી કરી નથી ?

૫૬૩. તેઓ બધા જમીન પરની માછલીની જેમ તરફડે છે. (ખુદાની ખાતર) પાણી વહેતું કર, નહેરનો બંધ ખસેડી લે !

જ્ઞાન નું દીધ.
આત્મા મહોબત કરવાથી દૂર નથી. બહાર નીકળવાની પરવાનગી નથી

૫૬૪. હે, તું કે જેના સરખો જગતમાં કોઈ નથી. ખુદાના વાસ્તે, ખુદાના વાસ્તે, લોકોની ફરિયાદને પહોંચ!

પ્રધાનનું પોતાના મુરીદોને ટાળવું.

૫૬૫. (પ્રધાને) કહ્યું: સાવધાન! (જાહેરી) વાતચીતને પસંદ કરનારાઓ, જીભની વાણી કાનથી સાંભળવાનો શોખ રાખનારાઓ!

૫૬૬. (શારીરિક) જાહેરી કાનમાં રૂ ભરો (બંધ કરો) હૃદયની બાતુની આંખો આગળથી જાહેરી પડદો નડે છે તે દૂર કરો.

૫૬૭. મસ્તકના કાન એ દિલના કાનનું રૂ છે જ્યાં સુધી આ કાન બહેરાં થતા નથી ત્યાં સુધી દિલના કાન બહેરા રહે છે.

૫૬૮. ઈન્દ્રિય વગરના કાનુ તથા વિચાર વગરના બની જાઓ. કે જેથી (ખુદા તરફનો) અવાજ 'પાછા ફરો' (ખુદા તરફ) સાંભળી શકો.

૫૬૯. તું જાગ્રત અવસ્થામાં વાતચિતમાં (મશગુલ) છે, જ્યાં સુધી તું સ્વપ્નાવસ્થાની વાતચિત ક્યાંથી સાંભળી શકીશ?

૫૭૦. આપણી વાણી અને કાર્યોએ જાહેરી મુસાફરી છે. (રૂહની) બાતુની મુસાફરી આકાશથી પણ ઉંચે છે.

૫૭૧. (જાહેરી) ઇન્દ્રીય માત્ર સુકું જ જુએ છે. કારણકે તેનો જન્મ જમીન પર થયો છે. (જ્યારે) હ. ઇસાના આત્માએ (રૂહાની) સાગર પર પગ મુકયા હતા.

૫૭૨. સૂકી (માટીની) કાયાની મુસાફરી સૂકી દુનિયા પર છે, (પણ) રૂહાની મુસાફરીએ સાગરના મધ્યમાં પોતાના પગ મુકયા છે.

૫૭૩. જ્યારે તારી ઉમર સૂકા માર્ગમાં જ વિતાવી છે. ક્યારેક પહાડ, જંગલ કે ક્યારેક નદીનાળામાં.

૫૭૪. (ત્યારે) તું અમૃતને ક્યાંથી મેળવી શકે? (આંતરિક) સાગરના તરંગોને ક્યાંથી ચીરી શકે?

૫૭૫. દુન્યવી તરંગો એ ધારણા, સમજણ અને ફિકર છે, (જ્યારે) જળ (આત્મિક) તરંગોએ આત્મશોધ (રૂહાની) નશો અને (ખુદાઇ જાતમાં) એકરૂપ થવું એ છે.

૫૭૬. જ્યાં સુધી તું આ (દુન્યવી) નશામાં છે ત્યાં સુધી તું (મારફતના) નશાથી દૂર છે. જ્યાં સુધી તું (દુન્યવી) કાર્યોમાં (મસ્ત) છે ત્યાં સુધી તું તે (મારફતના) પ્યાલાથી અંધ છે

૫૭૭. જાહેરી વાતચિત (દિલપર) ધૂળ (નાખવા) બરાબર છે. ચૂપ રહેવાની ટેવપાડ, સાવચેતી રાખ.

મુરીદોની ફરીવાર એકાંત છોડી દેવાની વિનંતી કરવી.

૫૭૮. તેઓ સઘળાઓએ કહ્યુ: હે શાણા, (મળવામાં) ફાચર ઇચ્છનારા આ ફોસલામણી અને સખ્તાઇના શબ્દો ન કહે.

૫૭૯. ચોપગાં જનાવર પર ગજા અનુસાર ભાર લાદ. અશકિતો પર શક્તિના પ્રમાણમાં કાર્ય (બોજો) રાખ.

જાહેરી મુસાફરી - વાણી, કાર્યો
બાતુની મુસાફરી - આકાશથી પણ ઉંચે.

૫૮૦. દરેક પક્ષીની ચણુ તેના પ્રમાણુ (શક્તિ) અનુસાર હોય છે. દરેક પક્ષીનો ખોરાક અંજીર શી રીતે હોઈ શકે?

૫૮૧. જો તું ધાવણા બાળકને, દૂધને બદલે રોટલો આપે તો બિચારા બાળકનું એ રોટલા વડે મરણ નીપજે.

૫૮૨. જ્યારે તેને દાંત ફૂટવા લાગશે ત્યારે તેનું દિલ પોતાની મેળે રોટલાની માંગણી કરશે.

૫૮૩. જે પક્ષીની પાંખો ઉગી ન હોઈ તે જ્યારે ઉડવા લાગે છે, ત્યારે (જરૂર) કોઈ ફાડી ખાનાર બિલાડીનો કોળીઓ બને છે.

૫૮૪. (પરંતુ) જ્યારે તેને પાંખો આવે છે. તે તકલીફ વગર કોઈની સારી નરસી સિસોટી વગર આપોઆપ ઉડવા લાગે છે.

૫૮૫. તારી–વાણી શયતાન (નફસ)ને શાંત કરી દે છે. તારા વચનો અમારા કાનને જ્ઞાનમય કરી દે છે.

૫૮૬. જ્યારે તું બોલે છે. ત્યારે અમારા કાન જ્ઞાનમય થઈ જાય છે. જ્યારે તું (જ્ઞાનનો) દરિયો–બની વહે છે. ત્યારે અમારી સૂકી ભૂમિ સરિતા બની જાય છે.

૫૮૭. તારા લીધે આ દુનિયા બહેસ્તથી પણ વધુ સારી છે. તારા પ્રતાપે નક્ષત્રથી મચ્છી (દરિયા) સુધી ખુશની છે.

૫૮૮. તારા વગર સ્વર્ગમાં પણ અંધકાર છે. પરંતુ હે ચાંદ ! તારા પ્રતાપે આકાશમાં અંધારૂં ક્યાંથી રહી શકે?

૫૮૯. આકાશોને તો જાહેર દેખાવની ઉચ્ચતા મળી છે, પરંતુ ખરી ઉચ્ચતા પાક આત્માની છે,

૫૯૦. જાહેરી ઉચ્ચતા કાયાઓ માટે છે. સત્વ આગળ કાયાઓ નામ માત્ર છે.

પ્રધાને જવાબ આપ્યો કે, એકાંતનો ભંગ નહિ કરૂં.

૫૯૧. તેણે (પ્રધાને) કહ્યું, તમારો વાદ વિવાદ બંધ કરો. (મારી) શિખામણ માટે તમારા આત્મા અને દિલમાં માર્ગ કરો!

૫૯૨. જો હું વિશ્વાસ પાત્ર છું તો વિશ્વાસ પાત્રમાં શંકા હોઈ શકે નહિ. અગર જો હું આકાશને જમીન કહું (તો પણ)

૫૯૩. જો હું સમ્પૂર્ણ છું. તો સમ્પૂર્ણમાં અવિશ્વાસ શા માટે? અને જો હું (સંપૂર્ણ) નથી તો આ મહેનત અને પજવણી શા માટે?

૫૯૪. હું આ એકાંતમાંથી બહાર નહિ નીકળું. કારણ કે હું અંતરના (રૂહાની) અભ્યાસમાં મશગુલ છું.

પ્રધાનના એકાંત માટે મુરીદોનો વાંધો.

૫૯૫. તેઓ સઘળા (મુરીદો) એ કહ્યું, હે પ્રધાન, આ અવિશ્વાસ નથી. અમારૂં કહેવું અજાણ્યા લોકોના કહેવા પ્રમાણે નથી. (જેની ખાત્રી માટે)

૫૯૬. તારા વિયોગને લીધે અમારી આંખોમાંથી સતત આસું વહી રહ્યાં છે, અને અમારા અંતરમાંથી નિસાસા નીકળી રહ્યાં છે.

૫૯૭. બાળક દાયા સાથે ઝગડતું નથી. પણ તે રડે છે, જો કે તે સારું કે નરસું છે તે જાણતું નથી.

૫૯૮. અમો જાણે કે સારંગી છીએ અને તું તેને ગજ મારે (વગાડે) છે. આ રૂદન અમારૂં નથી, (પરંતુ) તુંજ રૂદન કરી રહ્યો છે.

૫૯૯. અમો જાણે કે વાંસળી છીએ. અને અંદરથી નીકળતો અવાજ તારાથી છે. અમો જાણે કે પહાડ છીએ અને અમારા અંદરનો પડઘો તારાથી છે.

૬૦૦. અમો જાણે કે હારજીતમાં સેત્રંજનાં મહોરાં છીએ. ઓ આનંદી ગુણવાળા અમારી હારજીત તારાથી છે.

૬૦૧. હે તુ, અમારા આત્માના આત્મા! અમે કોણ? કે તારા જોડે અમારી હસ્તી બાકી રહે?

૬૦૨. અમો અને અમારી હસ્તી શુન્ય રૂપ છે, તુંજ સંપૂર્ણ હસ્તીમાં છે. (પરંતુ ટૂંકી નજરવાળાને) શુન્યતા દેખાય છે.

૬૦૩. અમો સઘળા સિંહ (છીએ) પરંતુ ઝંડા (ચીન) પરના સિંહ. તેઓ પવનના પ્રતાપે દરેક પળે ધસારો કરતા જોવામાં આવે છે.

૬૦૪- તેઓનો ધસારો નજરે પડે છે. પવન નજરે પડતો નથી. એ (પવિત્ર ઝાત) કે જે નજરે પડતી નથી તે અમારાથી હરગીજ દૂર ન થાય (એવી દુઆ માગું છું).

૬૦૫. અમારો પવન (પ્રાણ) અને અમારી હસ્તી તારા તરફની બક્ષિસ છે. અમારી હયાતી તારીજ રચના છે.

૬૦૬. તેંજ શૂન્યતાને હસ્તીનો સ્વાદ ચખાડયો, તેંજ શૂન્યતાને તારો પ્રેમી બનાવ્યો હતો.

૬૦૭. પોતાની બક્ષિસનો સ્વાદ ચખાડીને પાછી લઈ ન લે. તારા તરફના ફળો, મદિરા અને પ્યાલા પાછા ન લઈ લે.

૬૦૮. અને જો તું લઈજ લે તો એવો કોણ છે કે જે તેની પુછા કરી શકે? ચિત્ર ચિત્રકારની સાથે જોર શી રીતે (અજમાવે)?

૬૦૯. અમોને ન જો અમારા (દોષ) તરફ નજર ન કર. પરંતુ તારી કૃપા અને ઉદારતા તરફ જો.

૬૧૦. અમો જ્યારે હસ્તીમાં ન હતા. ન તો અમારી માંગણી હતી. (ત્યારે) તારી કૃપા અમારી મુંગી (પ્રાર્થનાઓ) સાંભળતી હતી.

૬૧૧. ચિત્રતો ચિત્રકાર અને પીંછી આગળ ગર્ભાશયના બાળકની જેમ આધિન અને બંધાએલો હોય છે.

૬૧૨. દૈવી શક્તિ આગળ રાજદરબાર (જગત)ના લોકો, સોય પાસે ભરત ભરવાનું કાંપડ હોય છે તેવી રીતે આધિન (લાચાર) છે,

આત્માના આત્મા (!).
અમે કોણ!
તારી જોડે હસ્તી બાકી રહે ?!!

૬૧૩. તે કદી એનાપર શયતાનનું તો કદી આદમ (મનુષ્ય)નું ચિત્ર બનાવે છે, કદીએના પર હર્ષનું તો કદી શોકનું ચિત્ર બનાવે છે.

૬૧૪. (તેને) રોકવા હાથ ઉગામી શકે એવી કોઈ શક્તિ જ નથી. લાભકે નુકશાન વિષે એક શબ્દ ઉચ્ચારી શકે તેવી કોઈ વાચાજ નથી.

૬૧૫. તું (પવિત્ર) કુરાને શરીફની આયાતનો ખુલાસો વાંચીલે (જેમાં) ખુદાએ ફરમાવ્યું. (કાફરો તરફ જે ધૂળ) તેં ફેંકી હતી તે તેં ફેંકી ન હતી. (પણ ખુદાએ ફેંકી હતી.)

૬૧૬. જો આપણે બાણુ ફેંકીએ, તો એ (કાર્ય) આપણા તરફથી નથી. આપણે તો (માત્ર) મનુષ્ય છીએ અને બાણુ ફેંકનાર ખુદા છે.

૬૧૭. આ બળજબરી નથી. પણ ખુદાઈ સર્વશક્તિનો અર્થ છે આપણે નમ્રતા ગ્રહણ કરીએ એટલા માટે ખુદાઈ સર્વશક્તિનો ઉલ્લેખ કર્યો છે.

૬૧૮. આપણી નમ્રતા આપણી લાચારીનો પુરાવો છે. આપણો (પાપ કર્મો માટેનો) સંકોચ આપણી આપમુખત્યારીનો પુરાવો છે.

૬૧૯. જો આપણા કર્મો ઉપર આપણો અખત્યાર નથી તો (પાપ કર્મ બાદ) શરમ શા માટે છે? તેસજ આ દિલગીરીને સંકોચને (ઝઘડા પછી) સુલેહ શા માટે?

૬૨૦. શિક્ષકોનું વિદ્યાર્થીઓને ધમકાવવું શા માટે છે? (જો અખત્યાર નથી તો) અને (યોજવામાં આવતી) યુક્તિઓથી દિલમાં પલ્ટા શા માટે થાય છે?

૬૨૧. અને જો તું કહે કે તે ખુદાઈ સર્વ શક્તિથી બેખબર છે તો ખુદાઈ સર્વશક્તિનો ચાંદ તેના અજ્ઞાનરૂપી વાદળમાં છૂપાઈ રહ્યો છે.

૬૨૨. તો આનો સરસ જવાબ સાંભળીશતો તું અધર્મીપણાને ત્યાગી ધર્મ તરફ ફરીશ.

૬૨૩. તોબાહ અને નમ્રતા બીમારીમાં દેખાઈ આવે છે. બીમારીનો સમય (દિલની) સંપૂર્ણ જાગૃતાવસ્થા છે.

૬૨૪. જે વખતે તું બીમાર પડી જાય છે. તે વેળા તું તારા પાપોની ખુદા પાસે માફી માગે છે.

૬૨૫. તે વખતે તારા ગુનાઓની ભયંકરતા તને દેખાઈ આવે છે. તેથી તું (મનમાં) નક્કી કરે છે કે હવે પછી હું (ધર્મ) માર્ગ પર ચાલીશ.

૬૨૬. (અને) તું પ્રતિજ્ઞાઓ અને માનતાઓ કરે છે કે હવે પછી હું (ખુદાની) ફરમાન-બરદારી સિવાય કોઈ કામ નહિ કરું.

૬૨૭. આ ઉપરથી સાબિત થાય છે કે બીમારી તને સૂધબૂધ તથા જાગૃતિ બક્ષે છે.

૬૨૮. આ તત્વને શોધનારા તું આ (સિદ્ધાંત)ને સમજી લે કે જે કોઈ શખ્સના (દિલમાં) દરદ (મહોબત) છે તેણે વાસ (રૂહાની આનંદ) મેળવ્યો છે.

૬૨૯. જે કોઈ વધારે જાગૃત છે. તેજ વધુ પીડાઈ (ખુદાઈ મહોબતમાં) છે. જે કોઈ, વધુ માહિતગાર છે તેનો ચહેરો વધારે ફિક્કો (વિચારવંત) છે.

૬૩૦. જો તું તેની સર્વશક્તિથી માહિતગાર છે, તો તારી નમ્રતા ક્યાં? તો તેની સર્વ-શક્તિપણા રૂપી બેડીની સમજણ ક્યાં?

ખુદા ઉપર - [illegible]

આપ અખત્યારી = પયગંબરો માટે પેલી દુનિયાના કાર્યો
" = અધર્મીઓ માટે આ દુનિયાના કાર્યો

૬૩૧. બેડીમાં જકડાએલો માણસ આનંદ શી રીતે માણી શકે? જેલનો કેદી સ્વતંત્રતા શી રીતે ભોગવી શકે?

૬૩૨. અને જો તું માને કે તારા પગ બાંધી રાખેલા છે (અને) સર્વ શકિતમાન બાદશાહનાં અમલદારો તારાપર (પહેરગીર તરીકે) બેઠેલા છે.

૬૩૩. ત્યારે તું આધીન લોકોપર (જુલમી) અમલદારની રીતે (જુલમ) ન કર, કારણકે આધીન લોકોની એ ખસલત કે ટેવ નથી.

૬૩૪. જો તું તેની દૈવી શક્તિને નથી દેખતો તો તું દાવો ન કર અને જો તું દેખે છે તો દેખવાની નિશાની ક્યાં?

૬૩૫. જે કાર્ય પ્રત્યે તારી લાગણી હોય છે. તે દરેક કાર્યમાં તું ખુલ્લી રીતે પોતાની શક્તિ દેખે છે.

૬૩૬. પણ જે કાર્ય પ્રત્યે તારી લાગણી કે ઇચ્છા નથી હોતી તે વેળા તું ખુદા પરસ્ત થઈ કહે છે કે આતો ખુદા તરફથી છે.

૬૩૭. પયગમ્બરો દુન્યવી કાર્યોમાં દૈવવાદીઓ છે, અધર્મીઓ આવતી દુનિયાના કાર્યોમાં દૈવવાદીઓ છે.

૬૩૮. પયગમ્બરો માટે પેલી દુનિયાના કાર્યો આપ અખત્યારીનાં છે. અધર્મીઓ માટે આ દુનિયાના કાર્યો આપ અખત્યારીનાં છે.

૬૩૯. કારણકે દરેક પક્ષી પોતાની જાતવાળા તરફ ઉડે છે. તે પાછળ અને તેનો જીવ આગળ.

૬૪૦. અધર્મીઓ 'સિજ્જીન' (નર્ક)ના સજાતીય છે (તેટલા માટે) તેઓ દિલોજાનથી સંસાર રૂપી (નર્ક)ના આશક બન્યા.

૬૪૧. પયગમ્બરો 'ઇલ્લીય્યીન' (સ્વર્ગ)ના સજાતીય હતા. (તેથી) તેઓ દિલોજાનથી 'ઇલ્લીય્યીન' ભણી ગયા.

૬૪૨. આ વાતનો તો અંતજ નથી. હવે આપણે પેલી વાતના બાકી (નાભાગ)નું વર્ણન કરીએ.

એકાંત ત્યાગ કરવા બાબતમાં
પ્રધાનનું મુરીદોને નિરાશ કરવું

૬૪૩. પેલા પ્રધાને અંદરથી જવાબ આપ્યો કે. હે મુરીદો, મારા તરફથી તમોને આ જાણ થાય.

૬૪૪. કે હ. ઈસાએ મને આ પ્રમાણે સંદેશો આપ્યો છે કે બધા મિત્રો અને સગાથી અળગો રહે.

૬૪૫. મોં ભીંત તરફ રાખ, એકલો બેસ, અને પોતાની હસ્તીથી પણ એકાંત કર.

૬૪૬. હવેથી (મને) બોલવાની પરવાનગી નથી. હવેથી મને વાતચીત કરવાની જરૂર નથી.

૬૪૭. હે મિત્રો, છેલ્લા સલામ. (સમજોકે) હું મૃત્યુ પામ્યો છું. ચોથા આસમાન પર હું મારૂં સર્વસ્વ ઉઠાવી ગયો છું.

સર્વ શક્તિમાન ખુદા પરસ્ત = ખુદાપરસ્ત
ખુદા = તારી લાગણી નથી ... કાર્યમાં - ઈચ્છા લાગણી નહિ
કાર્યમાં લાગણી → પોતાની શક્તિ દેખે

૬૪૮. જેથી હું અગ્નિ રૂપી (દુનિયાના ચક્ર)માં બળતણની જેમ દુઃખ અને આપદામાં સળગી ન જાઉં.

૬૪૯. હવે પછી હું ચોથા આસ્માને હ. ઈશાની બાજુમાં બેસીશ. પ્રધાને પોતાના ગાદી વારસ તરીકે દરેક અમીરની અલગ અલગ નિમણૂક કરવી.

૬૫૦. અને એજ વખતે તેણે (પ્રધાને) પેલા અમીરોને એક પછી એક બોલાવીને, દરેકની સાથે તેણે એકલાએ (ખાનગીમાં) વાતચીત કરી.

૬૫૧. તેણે દરેક (અમીરને) કહ્યું, હ. ઈસાના ધર્મમાં તુંજ ખુદાનો નાયબ તથા મારો ખલીફો છે.

૬૫૨. અને તે બીજા (બધા) અમીરો તારા તાબેદાર છે. હ. ઇસાએ જ તેઓને તારા અનુયાયી બનાવ્યા છે.

૬૫૩. કોઈપણ અમીર માથું ઉચકે તો તેને કેદ કરજે અથવા કત્લ કરજે અથવા તેને કેદમાં પૂરજે.

૬૫૪. પરંતુ હું જીવતો છું ત્યાં સુધી આ (ભેદ) ન કહેજે, હું મૃત્યુ ન પામું ત્યાં સુધી આ સત્તા માટે પ્રયાસ ન કરજે.

૬૫૫. જો આ ધર્મગ્રંથ અને હ. (ઇસા) મસીહની આજ્ઞાઓ છે, તે પ્રજાને ખુલ્લી રીતે એક પછી એક વાંચી સંભળાવજે.

૬૫૬. હું મૃત્યુ ન પામું ત્યાં સુધી તું આ વાત જાહેર ન કરજે. બાદશાહી અને હકુમતનો દાવો ન કરજે.

૬૫૭. તેણે દરેક અમીરને આ રીતે અલગ અલગ કહ્યું કે ખુદાઈ ધર્મમાં તારા સિવાય કોઈ નાયબ નથી.

૬૫૮. તેણે દરેકને એક પછી એક માનવંત બનાવ્યા. જે કંઇ તેણે એકને કહ્યું એ જ બીજાને કહ્યું.

૬૫૯. દરેકને તેણે એક ગ્રંથ આપ્યો. જે દરેક બીજાથી ઈરાદાપુર્વક વિરુદ્ધ હતો.

૬૬૦. એ ગ્રંથોનું લખાણ જુદું જુદું હતું. આથી અલીફ સુધી અક્ષરોના આકાર પ્રમાણે (જુદું જુદું)

૬૬૧. આ ગ્રંથની આજ્ઞા તે ગ્રંથની આજ્ઞાથી સદંતર વિરૂદ્ધ હતી કે જે વાતો અગાઉ કહેવાઈ ગએલ છે.

પ્રધાનનો એકાંતમાં આપઘાત કરવો.

૬૬૨. પછી તેણે (પ્રધાને) ચાલીસ પચાસ દિવસ દરવાજા બંધ રાખ્યા. (પછી) આત્મહત્યા કરી અને પોતાની હસ્તીમાંથી છટકી ગયો.

૬૬૩. જગતે જ્યારે તેનું મોત જાણ્યું. તો તેની કબ્ર પાસે કયામત મચી ગઇ.

૬૬૪. તેની કબ્ર પર તેના માટેના શોકમાં વાળ પીંખતા વસ્ત્રો ફાડતાં એટલા બધા લોકો એકઠા થઈ ગયા.

૬૬૫. અરબો, તુર્કીઓ, રૂમીઓ અને કુર્દ વાસીઓ કે જેઓની ગણત્રી ખુદા જ કરી શકે.

૬૬૬. તેઓ તેની કબ્રની ખાક પોતાના માથા ઉપર નાખતા હતા, તેઓ તેના માટેના દુઃખને પોતાનો ઉપચાર સમજતા હતા.

૬૬૭. તે લોકોએ તેની કબ્ર પર એક માસ સુધી પોતાની બન્ને આંખોમાંથી લોહી વહાવ્યાં.

હ. ઈસા (અ)ની ઉમ્મતનું અમીરોને પૂછવું કે તમારામાંથી ગાદીવારસ કોણ છે?

૬૬૮. એકમાસ પછી લોકોએ તેઓને પૂછ્યું, હે વડીલો, તમો અમીરોમાંથી તેની જગ્યા પર કોની નિમણુક થઇ છે?

૬૬૯. કે જેથી તેની જગ્યાએ અમો તેને અમારા ઇમામ તરીકે ઓળખીએ, કે જેથી અમારા કાર્યો તેના થકી પૂર્ણ થાય.

૬૭૦. અમો તેનો આશ્રય લઇને તેની બૈયત કરીએ, તેની સત્તા આગળ અમો સર્વ અમારાં સર ઝુકાવીએ.

૬૭૧. સૂર્ય ચાલ્યો ગયો છે, અને અમોને (દિલમાં) ડામ દેતો ગયો છે. ત્યારે હવે બત્તીજ ઇલાજ રૂપ નથી? (સૂર્યના બદલે)

૬૭૨. અમારી આંખોની સામેથી પ્રિયતમનો ચહેરો જતો રહ્યો છે. ત્યારે અમારા માટે તેના તરફથી યાદગીરી તરીકે એક પ્રતિનિધિ જરૂર હોવો જોઇએ.

૬૭૩. ખુદા (જાહેર રીતે) દેખવામાં નથી આવતો, (તેટલામાટે) આ પયગમ્બરો ખુદાના પ્રતિનિધિઓ છે.

૬૭૪. ના-ના મેં (આ) ભૂલથી કહી દીધું કેમકે જો તું પ્રતિનિધિઓ અને જેના તરફના પ્રતિનિધિઓ છે તે (ખુદા) એમ બે (જુદાજુદા) સમજીશ તો તે નઠારૂં છે, સારું નથી.

૬૭૫. ના, તું જાહેરી સ્વરૂપનો પૂજારી છો ત્યાં સુધી તો તેઓ બે છે, (પણ) જે શખ્સ જાહેર સ્વરૂપ (નાખ્યાલ)થી છટકી ગયો તેની પાસે તેઓ એક જ છે.

૬૭૬. જો તું જાહેરી સ્વરૂપને જોઇશ તો તારી આંખો બે છે, પરંતુ તેનું તેજ જોઇશ તો તે અંદરથી એક છે.

૬૭૭. જો કોઇ માણસ તેના તેજ પર નજર કરશે તો બન્ને આંખોના તેજમાં ફરક કરી શકાશે નહિ.

૬૭૮. અગર એક મકાનમાં દશ બતીઓ મૌજુદ છે, (અને) દરેક (બતી) જાહેરી દેખાવમાં જુદી જુદી છે.

૬૭૯. (પરંતુ) એમાં શક નથી કે દરેકના પ્રકાશમાં ફરક કરી શકાશે નહિ. અગર જો તું તેઓના પ્રકાશ તરફ નજર કરે.

૬૮૦. જો તું સો સફરજન અથવા સો આબીને ગણીશ તો તને એકસો દેખાશે (પણ) જો તું તેઓનો રસ કાઢીશ તો એકજ થઈ જશે.

૬૮૧. રૂહાની વિષયોમાં ભાગલા તથા સંખ્યા નથી. રૂહાની વિષયોમાં ભાગ કે એકલપણું નથી.

૬૮૨. મિત્રોની સાથે મિત્રનું મળવું સુખદાયી છે. સત્વનો પગ પકડ કેમકે જાહેર દેખાવ દુરાગ્રહી છે.

૧૧

૯૮૩. દુરાગ્રહી સ્વરૂપને (સંયમ) વડે પીગળાવી નાખ. તો દટાએલા ખજાનાની માફક વહેદત નજર આવે.

૯૮૪. જો તું તેને પીગળાવી શકીશ નહિ, તો તેની કૃપાએ ખુદ તેને પીગળાવી નાખશે. (ત્યારે તું કહીશ કે) આહ હું અંતઃકરણથી તેનો ગુલામ છું.

૯૮૫. તે પોતે જ (જ્ઞાનીના) દિલોને (જલ્વો) બતાવે છે. તે પોતે જ દરવેશના ફાટેલ ઝભ્ભાને સાંધી આપે છે.

૯૮૬. આપણે બધા (પ્રથમ) સાદા અને એક જ હતા, આપણે બધા પેલી તરફ (આલમે અરવાહ) (રૂહાની દુનિયામાં) માથા કે પગ વગરના (કાયા વગરના) હતા.

૯૮૭. આપણે સૂર્યની માફક એક જ ઝાત હતા. આપણે પાણી પેઠે ગાંઠ વગરના ચોકખા હતા.

૯૮૮. જ્યારે તે પવિત્ર જ્યોતિએ સ્વરૂપ ધારણ કર્યું ત્યારે કાંગરાઓના પડછાયાની જેમ તે અનેકરૂપી થઈ ગયું.

૯૮૯. કાંગરા (કાયા) ને મંજનીક (સંયમ) વડે ઉજ્જડ કરી નાખ. કે જેથી આ (પડછાયાના) સમૂહમાંનો ફરક જતો રહે.

૯૯૦. આ (વિષય) ની રજુઆત હું જુસ્સા સહિત કરત પણ મને બીક લાગી કે કોઈનું નબળું દિલ તેનાથી ગોથું ખાઈ જાય.

૯૯૧. આમાં સમાએલા મુદ્દાઓ તલવારની ધાર જેવા તિક્ષ્ણ છે. જો તારી પાસે (સમજ-શકિતની) ઢાલ નથી તો પાછો હટી જા, ભાગી જા.

૯૯૨. આ તીક્ષ્ણ તલવાર સામે ઢાલ વગર આવતો નહિ કારણ કે તલવારને કાપતાં શરમ આવતી નથી.

૯૯૩. આ કારણે મેં (વર્ણનરૂપી) તલવારને મ્યાનમાં રાખી દીધી. જેથી કોઈ ઉંધુ ન વાંચે. (અર્થનો અનર્થ ન કરે)

૯૯૪. (હવે) બાકીની વાત, સત્યવાદીઓના સમૂહની વફાદારી (ના વર્ણન) સુધી આવ્યા છીએ.

૯૯૫. કે જેઓ આ આગેવાનના (મરણ બાદ) ઉઠયા. (અને) તેની જગ્યાપર એક પ્રતિનિધિ માગતા હતા.

ગાદી વારસ સંબંધે અમીરોનો ઝગડો.

૯૯૬. તે અમીરામાંનો એક અમીર આગળ આવ્યો. (અને) વફાદાર લોકો સમક્ષ ઉપસ્થિત થયો.

૯૯૭. અને કહ્યું, જુઓ હું તે શખ્સનો પ્રતિનિધિ છું. હું ચાલુ જમાનાના હ. ઇસાનો પ્રતિનિધિ છું.

૯૯૮. જુઓ, આ ધર્મગ્રંથ મારો પુરાવો છે. કેમ કે આ પ્રતિનિધિત્વ પર તેના પછી મારોજ હક છે.

૯૯૯. (તેટલામાં) બીજો અમીર છૂપા સ્થળેથી બહાર નીકળ્યો. તેનો દાવો પણ એજ ખિલા-ફત પર હતો.

૭૦૦. તેણે પણ પોતાની બગલમાંથી ધર્મગ્રંથ કાઢયો. આથી બન્ને યહુદીને ક્રોધ ચઢયો.

૭૦૧. પેલા બાકીના અમીરો પણ એક પછી એક હારબંધ પાણીદાર તલવારો ખેંચી ખેચીને (આવતા ગયા).

૭૦૨. દરેકના હાથમાં તલવાર તથા ગ્રંથ હતો. (સઘળા) માતેલા હાથીઓની પેઠે એક બીજા પર તૂટી પડયા.

૭૦૩. લાખો ઇસાઈ લોકો કપાઇ ગયા. એટલે સુધી કે કપાએલા માથાના ઢગ લાગી ગયા.

૭૦૪. ડાબી અને જમણી બાજુએથી લોહી ધોધમાર વહેવા લાગ્યું આ (લડાઇ)થી ધૂળના તો ડુંગર હવામાં ઉડવા લાગ્યા.

૭૦૫. તેણે (પ્રધાને) જે કજીયાનાં બી રોપ્યાં હતાં તે તેઓના માથા માટે આફતરૂપ બની ગયા.

૭૦૬ અખરોટ (શરીરો) ભાંગી પડયા હતા. અને (તેમાંનો) જે કોઇ સમજ (રૂહાની) ધરાવનાર હતો તેનો આત્મા મરણ બાદ પવિત્ર અને ઉત્તમ બની ગયો.

૭૦૭. સંહાર અને મૃત્યુ દેહના ઘાટ માટે છે. એનો દાડમ અને સફરજનને તોડવા જેવું છે.

૭૦૮. જે મીઠાશવાળું હોય છે, તે મૂલ્યવાન થાય છે અને જે સડેલું હોય છે (તેમાં તૂટવાના) અવાજ સિવાય બીજું કાંઇ નથી.

૭૦૯. જેમાં તત્વ (રૂહાની ખુબી) છે તે ખુદ (મૃત્યુબાદ) પ્રગટ થઇ જાય છે. જેમાં તત્વ (રૂહાની ખુબી) નથી તે ફજેત થાય છે.

૭૧૦. જા. હે જાહેર રૂપના પૂજારી! તત્વ માટે પ્રયત્ન શરૂ કર. કેમ કે તત્વ આકારી દેહ માટે પાંખરૂપ છે.

૭૧૧. જ્ઞાનીઓની સોબત કર કે જેથી તું (રૂહાની) બક્ષિશ મેળવી શકે અને યુવાન (જ્ઞાંની) પણ બની જાય.

૭૧૨. એતો ચોક્કસ છે કે આ કાયામાં તત્વ (રૂહાની ખુબીઓ) વગરનો આત્મા એવો છે કે જાણે મ્યાનની અંદર લાકડાની તલવાર.

૭૧૩. જ્યાં સુધી તે મ્યાનમાં ત્યાં સુધી કીમતી (માનવામાં આવે) પણ જ્યારે બહાર નીકળી ત્યારે (જાણ્યું કે આતો) બળવાની વસ્તુ છે.

૭૧૪. લાકડાની તલવારને લડાઈમાં લઈ ન જતો. પ્રથમ તેને તપાસી જો, કે જેથી (અણીના સમયે) તારૂં કામ ન બગડે.

૭૧૫. જો (તારી તલવાર) લાકડાની છે, તો જા, બીજીની તપાસ કર, અને જો પોલાદની છે તો ખુશી સાથે આગળ આવ!

૭૧૬. ઔલિયાઓ શસ્ત્ર ભંડારમાં (તાત્વિક) તલવાર (મસીશકે) છે. તેઓના દીદાર તારા માટે કીમિયારૂપ છે.

તત્વ (આંખ) આકારી દેહ માટે પાંખ રૂપ છે.

૭૧૭. સઘળા દાના લોકોએ પણ એમજ કહ્યું છે કે, ઔલિયાઓ જગત માટે રહેમત છે.

૭૧૮. જો તું દાડમ ખરીદ કરે તો હસતું (મોં ખુલેલું) ખરીદ કર કે જેથી તેનું હાસ્ય તેના દાણાની માહીતી આપે.

૭૧૯. અહા; કેવું મુબારક તેનું હાસ્ય છે, કે જે હસતા ચહેરા મારફતે પોતાનું દિલ દેખાડી આપે છે. જાણે કાયારૂપી દાબડીમાં મોતી.

૭૨૦. અશુભ હાસ્ય એ ગુલાબનું હતું. જેનાથી મુખ ઉપરથી તેના દિલનું કાળાપણું દેખાઇ આવ્યું.

૭૨૧. દાડમનું હાસ્ય બાગને રૌનકદાર કરે છે. (તેમ) પવિત્ર પુરૂષોની સોહબત તને પવિત્ર કરે છે.

૭૨૨. ઔલિયાઓની એક ક્ષણની મુલાકાત સો વર્ષની ચોકખા દિલની બંદગી કરતાં બહેતર છે.

૭૨૩. માટે પવિત્ર (કામિલ) પુરૂષોનો પ્રેમ પોતાના દિલમાં રોપી દે. આનંદી દિલવાળા (ઔલીયા)ના પ્રેમ સિવાય (બીજાને) તારૂં દિલ અર્પણ નકર.

૭૨૪. નિરાશાની નજદીક ન જા. આશાઓ છે. અંધકાર તરફ ન જા, સૂર્યો છે.

૭૨૫. દિલ તને દિલવાળા (ઔલિયા) પુરૂષોની શેરી ભણી લઈ જાય છે. કાયા તને પાણી અને માટીના કેદખાના તરફ ખેંચી જાય છે.

૭૨૬. સાવધાન તારા દીલને પ્રેમી પાસેથી ખોરાક ખવરાવ, જા દરજ્જે પહોંચેલા પાસેથી દરજ્જે પહોંચવાની તલાશ કર.

હ. મુસ્તફા (સ) તરફ પુજ્યભાવનું વર્ણન કે જે ઇંજીલમાં હતું.

૭૨૭. હ. મુસ્તફા (સ)નું (પવિત્ર) નામ ઇંજીલમાં હતું કે જેઓ પયગમ્બરોના સરદાર અને પવિત્રતાના દરિયા (છે).

૭૨૮. આપના (મુબારક) ચહેરા, રૂપરંગ અને ગુણનું વર્ણન (ઇંજીલમાં) હતું. આપના ધર્મયુધ્ધો, રોજા અને ખાનપાનનું વર્ણન હતું.

૭૨૯. ઈસાઈઓનો અમુક સમુહ સવાબ મેળવવા ખાતર. જ્યારે જ્યારે તેઓ (પવિત્ર) નામ અને બોધ પ્રત્યે આવતા હતા.

૭૩૦. ત્યારે તેઓએ પવિત્ર નામ પર ચુંબન આપતા હતા. એ ઉમદા વખાણ તરફ પુજ્ય ભાવથી જોતા હતા.

૭૩૧. આ ફિસાદમાં જેનું આપણે વર્ણન કર્યું છે, એ સમુહ ફીતના અને ભયથી સલામત રહી ગયો.

૭૩૨. હ. અહમદ (સ)ના પવિત્ર નામનું શરણ લઈને અમીરોને પ્રધાનની ખરાબીથી (એ સમુહ) સહી સલામત રહી ગયો.

ઓલીયા ની એક પલ ની મુલાકાત
100 વર્ષની ચોક્ખા દિલની બંદગી
કરતા ઉત્તમ છે.

૭૩૩. તેઓનો વંશ ઘણો વધવા પામ્યો. હ. અહમદ (સ)નું નુર મદદગાર થયું. મિત્ર બની ગયું.

૭૩૪. અને ઈસાઈઓમાંનો એક બીજો સમુહ (જે) હ. અહમદ (સ)ના મુબારક નામની ઉપેક્ષા કરતો હતો.

૭૩૫. તે (સમુહ) બુદ્ધિહીન અને પ્રપંચી પ્રધાનના ફીતનાથી ધિક્કાર પાત્ર અને હડધુત થયો.

૭૩૬. ઉપરાંત વિરોધી લખાણવાળા ધર્મગ્રંથોને લઈને તેઓના ધર્મ નિયમો ઉલટ પલટ થઈ ગયા.

૭૩૭. હ. અહમદ (સ) નું (મુબારક) નામ જ્યારે આવી મદદ કરે છે, ત્યારે એમનું (પવિત્ર) નુર કેવી મદદ કરી શકતું હશે ?

૭૩૮. જયારે હ. અહમદ (સ) નું (પવિત્ર) નામ કિલ્લો બન્યું, ત્યારે રૂહુલ અમીનની પવિત્ર જાત કેવું (રક્ષણ) કરતી હશે ?

બીજા એક યહુદી બાદશાહની વાત કે જે ઈસાઈ ધર્મનો નાશ કરવા તૈયાર થયો.

૭૩૯. જેનો ઉપાય ન થઈ શકે એવી આ ખૂનરેજી કે જે પેલા પ્રધાનની આફતથી થવા પામી હતી.

૭૪૦. પેલા યહુદી વંશનો એક બીજો બાદશાહ ઈસાઈ કોમનો નાશ કરવા તૈયાર થયો.

૭૪૧. જો તને આ બીજા ફીતુરની માહીતી જોઈતી હોય તો નક્ષત્રોવાળા આકાશના સોગંદ છે, (અ) (આયતથી શરૂ થતાં) પ્રકરણ વાંચ.

૭૪૨. નઠારો રિવાજ કે જે પેલા રાજવીથી શરૂ થયો હતો તેના પર બીજા રાજવીએ પણ પગલાં માંડયા.

૭૪૩. જે કોઈ નઠારા રિવાજો સ્થાપે છે, તેના તરફ દરેક પળે ફીટકાર (વરસતા) રહે છે.

૭૪૪. સતપુરૂષો ચાલ્યા ગયા, અને તેઓના ઉતમ રીવાજો રહેવા પામ્યા. દુષ્ટ જનોથી ત્રાસ અને લાનતો રહેવા પામ્યા (હલકા રિવાજો)

૭૪૫. કયામત સુધી જે કોઈ દુષ્ટ જનોના સહવાસમાં આદરશે તેનું મુખ (વલણ) તેજ તરફ રહેશે.

૭૪૬. આ મીઠું પાણી અને ખારૂ પાણી, રણેરણ (માં) સૂર ફુંકાશે ત્યાં સુધી લોકોમાં વહેતું રહેશે.

૭૪૭. નેક માણસોને મીઠા પાણીનો વારસો (મલ્યો) છે. એ વારસો શું છે ? "તેઓને અમે કિતાબનો વારસો આપ્યો છે."

૭૪૮. જો તું વિચાર કરીશ તો સમજાશે કે મોમીનોની બંદગી નબુવતરૂપી માણેકમાંથી (નીકળતા) કિરણો છે.

૭૪૯. કિરણો માણેકોની સાથે ફર્યા કરે છે. કિરણો એ બાજુએ જાય છે જ્યાં એ (માણેક) હોય છે.

૭૫૦. (જેમ) બારીમાંથી આવતો પ્રકાશ ઘરની ચારેબાજુ ફરે છે. કેમ કે સૂર્ય એક રાશિમાંથી બીજી રાશિમાં ફરે છે.

૭૫૧. જેને (જેવા) ગ્રહ સાથે સબંધ હોય છે, તે પોતાના ગ્રહ (ના ગુણો)ની સાથે દોડે છે.

૭૫૨. જો તેનું જન્મ નક્ષત્ર શુક્રનો ગ્રહ હશે. તો તેનું વલણ આનંદ, અને પ્રેમની લાગણી હશે.

૭૫૩. અને જો (તેનો ગ્રહ) ખુનરેઝી ખાસિયતવાળો (મંગળ) હશે, તો તે લડાઈ, આળ અને વેર ભાવનાના પ્રયત્નો કરશે.

૭૫૪. (આકાશી) ગ્રહો સિવાય (રૂહાની) ગ્રહો છે. જેમાં જલન અને અશુભ અસર હોતી નથી.

૭૫૫. (એ ગ્રહો) જુદાજ આકાશોમાં ફરે છે (કે જે) આ સાત જાણીતા આસમાનો સિવાયના (છે).

૭૫૬. તેઓ ખુદાઇ નૂરના ચળકાટમાં દઢ છે, (અસ્ત થતા નથી) ને તેઓ એક બીજા સાથે જોડાએલા છે, કે ન તેઓ એક બીજાથી જુદા છે.

૭૫૭. જે કોઈનું ખુશ નસીબ એ ગ્રહો સાથે થયું છે. તેનો આત્મા (શયતાનને) મારી નસાડી દેનાર, કાફરોને સળગાવી દેનાર થાય છે.

૭૫૮. તેનો ક્રોધ અંગારક ગ્રહની અસરવાળા માણસ જેવો હોતો નથી. તે (નમ્ર) મસ્તક ઝુકાવીને ચાલવાવાળો વિજયી અને (જાહેરમાં) પરાજીત હોય છે.

૭૫૯. તેનું વિજયી નૂર ખામી અને ઝાંખપથી ખુદાઇ નૂરની બે આંગળીઓ વચ્ચે સુરક્ષિત હોય છે.

૭૬૦. ખુદાએ (સર્વ) આત્માઓ ઉપર એ "નૂર" ને નાઝીલ કરેલ છે. (પરંતુ માત્ર) ભાગ્યશાળીઓ એજ તેઓના પાલવ પકડી રાખ્યા છે.

૭૬૧. જે કોઈ શખ્સે એ નુરની હીદાયતી બક્ષિસ પ્રાપ્ત કરી છે, તેણે ખુદા સિવાય સર્વથી મુખ ફેરવ્યું છે. ✓ ✓

૭૬૨. જે કોઈની પાસે (આવા) પ્રેમનો પાલવ નથી, એ શખ્સ એ નૂરની હીદાયતી બક્ષિસથી અભાગી રહી ગયો છે.

૭૬૩. 'જુઝ' નું મુખ (આકર્ષણ) 'કુલ્લ' તરફ હોય છે. બુલ બુલોનો પ્રેમ પુષ્પના ચહેરા સાથે હોય છે.

૭૬૪. બળદનો રંગ બહારનો (દેખ) માનવીનો અંતરનો લાલ પીળો રંગ દેખ.

૭૬૫. સુંદર રંગો પવિત્રતાના પીપમાંથી છે. દુષ્ટ લોકોના રંગ જુલ્મા ગંદા જળમાંથી છે.

બુલબુલ → પુષ્પ

શુક્ર નો ગ્રહ :- આનંદ. પ્રેમ.
મંગળ નો ગ્રહ લડાઈ. આળ. વેરભાવ
રૂહાની ગ્રહ = જલન. અશુભ અસર હોતાનથી

૭૬૬. 'ખુદાઈ રંગ' એ સુંદર રંગનું નામ છે. 'ખુદાઈ ફીટકાર' મલીન રંગની ગંધ છે.

૭૬૭. જે સમુદ્રમાંથી (આવે)છે, તે સમુદ્રમાંજ જાય છે. જે સ્થળેથી આવે છે ત્યાંજ ચાલ્યું જાય છે.

૭૬૮. (તેજરીતે) પર્વતની ટોચ પરથી ધસારા બંધ વહેતા પાણી અને આપણી કાયામાંથી ચાલ્યો જતો પ્રેમી આત્મા (જ્યાંથી આવે છે ત્યાંજ જાય છે).

યહુદી બાદશાહે, આગ સળગાવવી અને આગની બાજુમાંજ એક મૂર્તિ ગોઠવવી અને (હુકમ કરવો) કે જે કોઇ મૂર્તિને સિજદો કરશે તે અગ્નિથી છુટકારો પામશે.

૭૬૯. જો પેલા કૂતરા યહુદી એ કેવી યુક્તિ કરી! આગની બાજુમાંજ એક મૂર્તિ ગોઠવીને.

૭૭૦. કહ્યું, જે કોઈ આ મૂર્તિને સિજદો કરશે તે છુટકારો પામશે. અને જો તે સિજદો નહિ કરશે તો તે આગની અંદર બેસશે (બળી મરશે).

૭૭૧. તેનું (આમ કરવાનું) કારણ કે તેણે પોતાની વાસનાની મૂર્તિને શિક્ષા નહોતી કરી! તેની નફસની મૂર્તિમાંતી (આ) એક બીજી મૂર્તિ જન્મી.

૭૭૨. તારી નફસની મૂર્તિ (સર્વ) મૂર્તિઓની જનેતા છે. કેમકે એ (પથ્થરની) મૂર્તિ તો નાગ છે. જ્યારે આ અજગર છે.

૭૭૩. નફસ લોખંડ તથા પથ્થર છે. જ્યારે મૂર્તિ ચિનગારીઓ છે. એ ચિનગારીઓ પાણીથી શમાવી શકાય છે.

૭૭૪. (પરંતુ) પત્થર અને લોખંડ પાણીથી શી રીતે શમાવી શકાશે? આ બન્ને જે માનવીમાં હોય તે સલામત શી રીતે રહી શકશે?

૭૭૫. મૂર્તિ (જાણે) કૂજાની અંદરનું રહેલું ગંદુ પાણી છે. નફસ ગંદા પાણીનો ઝરો સમજ.

૭૭૬. એ ઘડી કાઢેલી મૂર્તિ જાણે કાળો (ગંદો) ધોધ છે. (જ્યારે) મૂર્તિકાર નફસ રાજમાર્ગ પરનો ઝરો છે.

૭૭૭. પથ્થરનો ટુકડો સો ઘડાને ભાંગી શકે છે. જ્યારે ઝરાનું પાણી વિના વિલંબે ઉછાળે છે (અને વળી તળીયે લઈ જાય છે).

૭૭૮. મૂર્તિને ભાંગી નાખવી સહેલી છે, બહુજ સહેલી છે. (પણ) નફસનું (દમન) આસાન સમજવું મૂર્ખતા છે, મૂર્ખતા.

૭૭૯. હે પુત્ર, જો તું નફસનું મૂળરૂપ (જાણવા) ઇચ્છતો હો, તો સાત દરવાજાવાળા નર્કનું વર્ણન (કુરાને શરીફમાં) વાંચીલે.

૭૮૦. દરેક પળે એક પ્રપંચ (નફસમાંથી ઉત્પન્ન થાય છે) એ દરેક પ્રપંચની અંદર સેંકડો ફિરૌન તેના અનુયાયીઓ સહિત ડૂબેલા છે.

૭૮૧. (માટે) હ. મુસાના ખુદા તથા હ. મુસાનું (શરણુ) માટે ઉતાવળે દોડી જા. ઈમાનના જળને ફીરૌની વાસનાથી ઢોળી ન નાખ.

૭૮૨. ખુદા અને હ. અહમદ (સ)ની સાથે કોલ કરાર કર. હે બંધુ, કાયારૂપી અણુ જહલથી છટકીજા.

યહુદી રાજવીનું એક સ્રીને તેના બાળક સાથે લઈ આવવું અને તેના બાળકને આગમાં ફેંકી દેવું અને આગની અંદરથી બાળકનું બોલી ઊઠવું.

૭૮૩. પેલો યહુદી (રાજવી) એક સ્રીને તેણીના બાળક સાથે એ મૂર્તિ પાસે લઈ આવ્યો. જ્યાં આગ ભડકી રહી હતી.

૭૮૪. તેણે કહ્યું, હે સ્રી આ મૂર્તિ આગળ સિજ્દો કર. નહિતર વગર બોલ્યે, તું આગમાં સળગી જઈશ.

૭૮૫. તે સ્રી પવિત્ર ધર્મ (પાળનારી) અને પૂરી ઇમાનદાર હતી. (તેથી) તે ઈમાનના (પ્રતાપે) તેણીએ મૂર્તિને સિજ્દો ન કર્યો.

૭૮૬. (તેથી) તેણે તેની પાસેથી બાળક છીનવીને આગમાં નાખી દીધું. (આથી) સ્રી ડરી ગઈ અને તેણીનું દિલ ઈમાન પરથી ડગવા લાગ્યું.

૭૮૭. તેણી મૂર્તિ આગળ સિજ્દો કરવા વિચાર કરતી હતી. (તેવામાં) તે બાળકે (આગમાંથી) બૂમ પાડી, "ખચિત હું મૃત્યુ પામ્યો નથી.

૭૮૮. હે માતા (તું) અંદર ચાલી આવ. હું અહીં આનંદમાં છું. જો કે જાહેરમાં તો આગમાં છું.

૭૮૯. (આ) આગ (ગુપ્ત ભેદને) પડદામાં રાખવા એક નજર બંધી છે. (ખરીરીતે) આ ખુદાઈ રહેમત છે, જે અગ્નિ સ્વરૂપે (પ્રગટ કર્યું) છે.

૭૯૦. અંદર આવ, અને હ. ઈબ્રાહીમ નબીનાં ભેદો નીરખીને જેમણે આગમાં ગુલાબ અને ચમેલીનાં ફૂલો પ્રાપ્ત કર્યાં હતાં.

૭૯૧. તારાથી જન્મતી વેળાએ હું મૃત્યુ સમજતો હતો. તારાથી અવતરતાં મને ખૂબ જ બીક લાગતી હતી.

૭૯૨. જ્યારે મેં જન્મ લીધો ત્યારે મને (લાગ્યું) કે સાંકડા કેદખાનામાંથી છુટીને આનંદી અને ખૂબસૂરત જગતમાં (આવ્યો છું)

૭૯૩. જ્યારે હું આ અગ્નિમાં શાંતિ અનુભવું છું. ત્યારે હવે આ જગત ગર્ભાશય પ્રમાણે દેખાય છે.

૭૯૪. આ આગમાં મેં એક એવું જગત જોયું છે. જેના દરેક અણુ હ. ઈસાની ફૂંક (જેવા) છે.

અગ્નિ : માં ખુદાઈ રહેમત - શાંતિ : દરેક અણુ
સ્ત્રી, બાળક - આગમાં
જગત -> ગર્ભાશય :
હ. ઈસાની
ફૂંક જેવાં
મૃત્યુ પામ્યો નહિ

૭૯૫. આ જગત જાહેર રીતે હસ્તીમાં નથી. (પરંતુ) તત્ત્વની રીતે મૌજૂદ છે. જ્યારે એ જગત જાહેર સ્વરૂપે હસ્તીમાં છે (પણ) અસ્થાયી છે.

૭૯૬. અંદર આવ માતા, હું તને માતૃત્વના હકથી (વિનવું છું.) જો આ અગ્નિ, અગ્નિની અસર ધરાવતો નથી.

૭૯૭. અંદર આવ માતા. બુલંદ નસિબ આવ્યું છે. અંદર આવ માતા, આ દેલતને હાથમાંથી જવા ન દે.

૭૯૮. તેં એ (યહુદી) કુતરાની શક્તિ જોઈ લીધી. (હવે) અંદર આવ કે જેથી તું ખુદાઈ શક્તિ અને કૃપા નિહાળે.

૭૯૯. હું લાગણીને વશ થઇને, તારા પગ (દુનિયાની બેડીથી) ખોલવા ઈચ્છું છું. (નહિતર) મારો રૂહાની આનંદને અંગે મને તારી પરવા નથી.

૮૦૦. અંદર આવી જા, અને બીજાઓને પણ બોલાવી લે, કારણ કે હકીકી બાદશાહે અગ્નિની અંદર (ખાણાના) થાળ તૈયાર રાખ્યા છે.

૮૦૧. હે મુસલમાનો, તમો બધા અંદર ચાલ્યા આવો. આ રૂહાની મીઠાશ સિવાય (જે છે) તે આપદા છે.

૮૦૨. એ લોકો તમો બધા પતંગિયાની પેઠે અંદર આવો. આ ખુશ નશીબીમાં કે જે સેંકડો વસંતો ધરાવે છે.

૮૦૩. તે લોકો વચ્ચે પડકાર કરી રહ્યો હતો. લોકોનાં દીલ પ્રેમ સાથે હેબત ભર્યાં બન્યા હતા.

૮૦૪. ત્યાર બાદ બધા લોકો પુરૂષો અને સ્રીઓ (એક સાથે) બેશુદ્ધ બનીને પોતે પોતાને જ આગની અંદર નાંખવા લાગ્યા.

૮૦૫. ચોકીદારો વગર, આકર્ષણ વગર, માત્ર મિત્રની મહોબતના લીધે (આગમાં પડયા) કારણ કે દરેક સુખ કે દુઃખ તેનું જ કામ છે.

૮૦૬. એટલે સુધી વાત પહોંચી કે પેલા જુલમી સિપાઈઓ પોતે જ લોકોને અટકાયત કરવા લાગ્યા કે આગમાં પ્રવેશ ન કરો.

૮૦૭. એ યહુદી કાળા મોં વાળો શરમીંદો થયો. અને આ કારણે દુઃખી અને દિલથી બિમાર થયો.

૮૦૮. કારણ કે લોકો પોતાના ઇમાનમાં વધુ પ્રેમી બની ગયા. પોતાના દેહને ફના કરવામાં વધુ દૃઢ બની ગયા.

૮૦૯. ખુદાનો ઉપકાર (કે) શયતાનના પ્રપંચે તેને પોતાને જ તેમાં સપડાવી દીધો. ખુદાનો ઉપકાર (કે) શયતાને પોતે જ પોતાને કાળા મુખવાળો જોઈ લીધો.

રૂહાની આંગણાંઃ- બાબાનાયરાબાદ

૮૧૦. તે બીજા લોકોના ચહેરા પર જે મસળતો હતો એ (કાળાશ) તે નીચ પાપીઓના ચહેરા પર એકઠી થઈ ગઈ!

૮૧૧. જે શખ્સ લોકોનાં વસ્ત્ર ચીરવામાં આગ્રહી હતો. તેનાં પોતાનાંજ ચીરાઈ ગયાં, (જ્યારે) તેઓનાં સલામત (રહી ગયાં)

હ. મુહમ્મદ સ. નું મુબારક નામ મશ્કરીથી લેનાર શખ્સનું મોઢું વાંકું વળી જવું.

૮૧૨. એક માણસે મશ્કરીમાં મોઢું વાંકું કરીને હ. અહમદ સ. નું નામ બોલ્યો. તો તેનું મોઢું વાંકું જ રહી ગયું.

૮૧૩. તે દોડતો આવ્યો (અને) કહ્યું, હે મુહમ્મદ (સ) મને માફ કરો. આપને ઇલ્મે લદુન્ની ની બક્ષિશો છે.

૮૧૪. મેં મારી અજ્ઞાનતાથી આપની હાંસી કરી હતી. (જો કે) એ હાંસી મને પોતાને જ લાગુ પડે છે, અને હું પોતે જ (હાંસીને) લાયક છું.

૮૧૫. જ્યારે ખુદા કોઈનો (ઐબનો) પડદો ચીરવા ઇચ્છે છે ત્યારે તેના મનનું વલણ પવિત્ર પુરૂષોની નિંદા તરફ ફેરવે છે.

૮૧૬. જ્યારે ખુદા કોઇના ઐબ ઢાંકવા ઇચ્છે છે, ત્યારે, તે દોષિત લોકોના દોષ માટે પણ એકે શબ્દ ઉચ્ચારતો નથી.

૮૧૭. જ્યારે ખુદા આપણને મદદ કરવા ઇચ્છે છે, ત્યારે નમ્રતાથી તૌબાહ તરફ આપણા મનનું વલણ ફેરવે છે.

૮૧૮. અહા! એ કેવી સુખી આંખો છે કે જે તે (પ્રેમી) માટે આંસું સારે છે, અહા! એ કેવું નસીબદાર દિલ છે કે જે તેની (મહોબતમાં) ભૂંજાય છે.

૮૧૯. અંતે દરેક રૂદનનું પરિણામ હાસ્ય છે. પરિણામ દર્શી માણસ જ (ખુદાનો) આશીર્વાદ પામેલો દાસ છે.

૮૨૦. જે જગ્યાએ જળ વહેતું હોય છે ત્યાં લીલુંછમ હોય છે, જે કોઈ ઠેકાણે (પ્રેમનાં) આંસુઓ વહેતા હોય છે, તે ઠેકાણે (ખુદાની) રહેમત વરસતી હોય છે.

૮૨૧. રેંટની જેમ રૂદન કરતી અને પ્રેમ ભીની આંખો ધરાવનાર થા કે જેથી તારા આત્માના આંગણામાં લીલોતરી ઉગવા પામે.

૮૨૨. જ્યારે પેલા ફીક્કા ચહેરાવાળાએ (શરમાઈને) હિમ્મતથી માફી માંગી ત્યારે સરદારે (હ. મુહમ્મદ સ.) તેનાપર રહેમ કરી માફી આપી.

જ્યાં પાણી ત્યાં – લીલોતરી
જ્યાં પ્રેમ નાં આંસુ → ત્યાં ખુદાની રહેમત.

૮૨૩. જો તું અશ્રુઓ ચાહતો હો તો અશ્રુપાત કરનારાઓ પર દયા કર. જો તું દયા ચાહતો હો તો અશક્તો પર દયા કર.

એ યહુદી બાદશાહને અગ્નિને ધમકાવવું

૮૨૪. બાદશાહે અગ્નિ તરફ ફરીને (કહ્યું) હે, ઉગ્ર સ્વભાવવાળા અગ્નિ, જગતને બાળી દેનારી તારી કુદરતી ખાસિયત ક્યાં ગઈ?

૮૨૫. તું શા માટે નથી બાળતો? તારા જાતિ ગુણનું શું થયું? કે શું અમારા (બદ) નસીબે તારો ઇરાદો જ ફરી ગયો?

૮૨૬. તું તારી પૂજા કરનારા પર પણ રહેમ કરતો નથી? (ત્યારે) જે તારી પૂજા કરતો નથી તે શી રીતે બચી ગયો?

૮૨૭. અજાયબી! આ નજરબંધી છે કે હોશબંધી? આવી પ્રચંડ અગ્નિ શા માટે નથી બાળતી?

૮૨૮. તારા પર કોઈએ જાદુ કર્યું છે કે કામણ? કે અમારા (બદ) કિસ્મતે તારી ખાસિ-યતની વિરૂદ્ધ (બની રહ્યું) છે.

૮૨૯. અગ્નિએ કહ્યું, હું એજ છું. અગ્નિ જ છું. અંદર આવ કે જેથી તું મારી ગરમી અનુભવે!

૮૩૦. મારી કુદરતી ખાસિયત અને તત્વો નથી બદલ્યા. હું ખુદાઈ તલવાર છું (માત્ર ખુદાની) પરવાનગીથી કાપી શકું છું.

૮૩૧. તુર્કમાન (લોકોના વફાદાર) કૂતરાઓ મહેમાનો સમક્ષ ગેલ કરવા મંડી જાય છે.

૮૩૨. અને જો કોઈ અજાણ્યા ચહેરાવાળો, તંબુની પાસેથી પસાર થાય છે, તો તે (શખ્સ) કૂતરાંને સિંહ પેઠે પોતાના પર હુમલો કરતા જુએ છે.

૮૩૩. હું ભક્તિભાવમાં એક કૂતરા કરતાં ઓછો નથી. (અને) જીવનમાં ખુદા એક તુર્ક કરતાં ઓછો નથી. (સદા કાયમ છે)

૮૩૪. જો તારી ખાસિયત રૂપી અગ્નિ દુઃખી કરે, તો (સમજ કે) ધર્મના માલિકના હુકમથી એ બળે છે.

૮૩૫. જો તારી ખાસિયત રૂપી અગ્નિ તને આનંદ આપે તો (સમજ કે) ધર્મનો માલિક તારા (દિલની) અંદર આનંદ પૂરે છે.

૮૩૬. જ્યારે પણ તું શોકાતુર થા ત્યારે ખુદાની માફી માગ. (કારણ કે) શોક માલિકના હુકમથી કાર્યકર બને છે.

૮૩૭. જ્યારે (ખુદા) ઈચ્છે છે ત્યારે ગમ પોતે જ આનંદ બની જાય છે. બંધન પોતે જ આઝાદી બની જાય છે.

૮૩૮. પવન, પાણી, માટી અને અગ્નિ ખુદાના બંદા છે. તારી અને મારી નજરે તેઓ મરેલા છે. (પણ) ખુદા સમક્ષ જીવતા છે.

૮૩૯. ખુદાની હઝુરમાં અગ્નિ હમેશાં પ્રેમીની જેમ રાત અને દિવસ નિરંતર (ફરમાંબરદારી માટે) ઉભો છે.

૮૪૦. તું પથ્થર પર લોખંડ મારે છે તો (તેમાંથી) અગ્નિ ઝરે છે એપણ ખુદાની આજ્ઞાથી પગ બહાર કાઢે છે.

૮૪૧. જુલ્મ રૂપી લોખંડ અને પથ્થરને એક બીજા સાથે ન ટકરાવ, કારણ કે આ બન્ને સ્ત્રી પુરૂષ પેઠે જણે છે. (દુષ્ટ પરિણામ રૂપી બચ્ચાં).

૮૪૨. પથ્થર અને લોખંડ ખરેખર કારણો છે (અગ્નિ પેદા કરનાર) પરંતુ ભલા માનવી તું આનાથી બહુ જ ઊંચી નજર રાખ.

૮૪૩. કેમકે (આ ઝાહેરી) કારણને તે (રૂહાની) કારણેજ ઉત્પન્ન કરેલ છે. કોઈ કારણ વિના કારણ પોતાની મેળે શી રીતે ઉત્પન્ન થઈ શકે.

૮૪૪. અને એ કારણો જે નબીઓને માર્ગદર્શન કરે છે. તે આ કારણોથી ઉચ્ચતર છે.

૮૪૫. કેમકે આ કારણને એ કારણ જ કાર્ય સાધક બનાવે છે. ફરીવાર એજ તેને અર્થ વગરનું અને અકર્મક બનાવે છે.

૮૪૬. આ કારણથી (સામાન્ય) બુદ્ધિ (ધરાવતા) માહિતગાર હોય છે. જ્યારે એ કારણોથી નબીઓ માહિતગાર હોય છે.

૮૪૭. આ 'કારણ' નો અર્થ અરબીમાં શું છે? કહે 'દોરડું', આ દોરડું' આ (દુનિયા રૂપી) કૂવાની અંદર (ખુદાઈ) હિકમતથી આવ્યું છે.

૮૪૮. રેંટમાળનું ફરવું આ દોરડાને જ લીધે હોય છે. (પણ) રેંટમાળના ફેરવનારને ન જોવું એ એક ભૂલ છે.

૮૪૯. સાવધાન! સાવધાન! આ જગતનાં કારણો રૂપી દોરડાઓને ફરતા ચક્ર (આકાશ) થી સમજી ન લેતો.

૮૫૦. કે જેથી તું ચક્ર (આકાશ) પેઠે ખાલી અને (ફરતા) પૈડા જેવો ન રહીશ. કે જેથી તું મગજ વગરનો અને મર્ખ (લાકડા) પેઠે સળગી નથી.

૮૫૧. ખુદાના હુકમથી પવન અગ્નિ બની જાય છે. બન્ને ખુદાઇ મદીરા વડે મસ્ત છે.

૮૫૨. હે પુત્ર, જો તું આંખ ખોલીને દેખીશ તો તને જણાશે કે નમ્રતારૂપી પાણી અને ક્રોધરૂપી અગ્નિ પણ ખુદા તરફથી જ છે.

રૂહાની કારણ છે
ઝાહેરી કારણ છે
આનાથી ઉપર નજર રાખ
પથ્થર ઉપર લોખંડ
ખુદાના બંદા → ① અગ્નિ ② પવન ③ પાણી ④ માટી
ખુદાની હુઝુરમાં ફરમાંબરદારી માટે તૈયાર
→ આગ ઉત્પન્ન થાય
તારી મારી નજરે મરેલા - પણ ખુદા સમક્ષ જીવતા.

૮૫૩. જો પવનનો આત્મા ખુદાથી માહિતગાર ન હોત તો હ. આદમ પયગમ્બરના લોકો વચ્ચે ફરક શી રીતે કરી શકત ?

હ. હુદ અ.ના ઝમાનામાં આદની કોમનો વિનાશ કરનાર પવનની વાત.

૮૫૪. હ. હુદ (અ.) એ ઈમાનદારોની આસપાસ લીટી દોરી હતી. પવન જ્યારે એ જગ્યાએ પહોંચતો તો શાંત થઈ જતો.

૮૫૫. જે લોકો (કાફરો) આ લીટીની બહાર હતા, તેઓ બધાઓને પટકીને ટુકડે ટુકડા કરી નાખતો હતો.

૮૫૬. એજ પ્રમાણે રબારી શયબાન પોતાનાં (ઘેટાં બકરાના) ટોળાંને ચારે બાજુ દેખાય તેવી લીટી દોરીને જતા હતા.

૮૫૭. જ્યારે તેઓ શુક્રવારે નમાઝના વખતે જતા હતા, (ત્યારે લીટી દોરતા) કે જેથી તે સ્થળે કોઈ વરૂ હુમલો કરી પાયમાલી ન કરે.

૮૫૮. ન તો કોઈ વરૂ તેની અંદર દાખલ થતું. ન કોઈ બકરૂં તે નિશાનીની બહાર નીકળી પડતું.

૮૫૯. વરૂની વાસનાનો તેમજ બકરાંની વાસનાનો પવન મર્દે ખુદા (શયબાન) ના વર્તુલમાં બંધ (થઈજતો) હતો.

૮૬૦. એજ પ્રમાણે મૃત્યુનો પવન મોમીનો માટે બગીચાના ઠંડા અને આનંદી વાયુ પેઠે થઈ જાય છે,

૮૬૧. અગ્નિએ હ. ઇબ્રાહીમ નબીને દાંત નહોતા ભરાવ્યા. જ્યારે તેઓ ખુદાની પસંદગી પામેલા હતા. તો એ (અગ્નિ) તેમને શી રીતે કરડે?

૮૬૨. વિષયવાસના નો અગ્નિ મોમીન માનવીઓને સળગાવી શકતો નથી, કે જે બાકીના બધાઓને ધરતીને તળિયે (નર્ક) સુધી તાણી જાય છે.

૮૬૩. ખુદાના હુકમ અનુસાર જ્યારે નીલ નદીના મોજાઓએ ધસારો કર્યો ત્યારે (મોજાંઓએ) હ. મુસાના અનુયાયીઓને ફિરઓનની કોમમાંથી ઓળખી લીધા.

૮૬૪. જ્યારે (ખુદાનો) હુકમ આવ્યો ત્યારે ધરતી કારૂનને, તેની દોલત અને સિંહાસન સાથેજ પોતાના તળિયે તાણી ગઈ.

૮૬૫. જળ અને માટીએ જ્યારે હ. ઈસાની ફૂંકનો ખોરાક આરોગ્યો. ત્યારે પાંખ અને પીંછા ફેલાવ્યા અને પક્ષી બનીને ઉડવા લાગ્યા.

૮૬૬. તારા (શબ્દ)નું રટણ જળ અને માટીની (કાયા) માંથી શ્વાસોશ્વાસથી ઊંચે ચઢે છે. જે તારી શુદ્ધ હૃદયની ફૂંક થકી બહેસ્તનું પક્ષી બની જાય છે.

૮૬૭. હ. મુસા (અ.) જેની તજલ્લી માટે ઈચ્છા બનાવી હતી તે ખુદાના નૂરથી તૂર પર્વત નાચવા મંડી પડયો. વળી કામિલ સૂફી બની ગયો વળી ઐબથી બચી ગયો.

૮૬૮. પર્વત જો એક માનનીય સૂફી બન્યો તો તેમાં આશ્ચર્ય શું છે? હ. મુસાની કાયા પણ મુઠ્ઠીભર માટીમાંથીજ (બનેલી) હતી.

યહુદી રાજવીનું પોતાના સલાહકારોની સલાહનું હસી કાઢવું, નકારવું અને કબુલ ન કરવું.

૮૬૯. પેલા યહુદી બાદશાહે આ અજાયબ વાતો જોઈ (છતાં) તેણે હાંસી અને ઈન્કાર સિવાય કંઈ પણ (કર્યું) નહિ.

૮૭૦. તેના સલાહકારોએ કહ્યું, (હે બાદશાહ) હદ બહાર જવું ન જોઈએ. ઝઘડાનો અશ્વ આટલો પુરપાટ દોડાવવો ન જોઈએ.

૮૭૧. આથી તેણે (ગુસ્સાથી) સલાહકારોને હાથે કડીઓ નાખી, અને કેદમાં પૂરી દીધા. (આ રીતે) તે જુલમ પર જુલમ કરવા લાગ્યો.

૮૭૨. જ્યારે આ બાબત આટલી હદે પહોંચી તો (ગૈબમાંથી) અવાજ આવ્યો, હે કૂતરા ઊભો રહે, અમારા તરફથી ગઝબ આવી પહોંચ્યો છે.

૮૭૩. ત્યાર બાદ આગ ચાલીસ ગજ ઊંચી ભભૂકી, તેઓની ચોતરફ ફેલાઈ પેલા યહુદીઓને બાળી નાખ્યા.

૮૭૪. શરૂથી જ તેઓનું મૂળ અગ્નિ હતું. (તેથી) આખરે તેઓ પોતાના મૂળ ભણી રવાના થયાં.

૮૭૫. એ સમૂહ અગ્નિમાંથી જ ઉત્પન્ન થયો હતો. જુઝનો રસ્તો 'કૂલ' તરફ હોય છે.

૮૭૬. તેઓ ફક્ત મોમીનોને જ સળગાવી નાખનાર અગ્નિ રૂપે હતાં. (પરંતુ) તેઓને પોતાના જ અગ્નિએ કચરા પેઠે સળગાવી દીધા.

૮૭૭. જેની જનેતા "હાવિયા" છે તેનો ખૂણો (રહેઠાણ) હાવિયા (દોજખ) થશે.

૮૭૮. કેમકે બાળકની જનેતા (પોતાના બાળકની) તલબગાર હોય છે. મૂળિયાં (હંમેશાં) ડાળીઓની પૂંઠ પકડે છે.

૮૭૯. પાણી જો કે હોજની અંદર કેદી છે પરંતુ હવા તેને શોષી લે છે, કેમકે તે મૂળ-તત્વોમાંથી છે.

૮૮૦. તે (હવા) (પાણી) તે મુક્ત કરી તેના મૂળ સ્થાન સુધી થોડું -થોડું કરીને એવી રીતે લઇ જાય છે કે જેથી તું તેનું લઈ જવું જોઈ પણ ન શકે.

૮૮૧. એવી જ રીતે આ શ્વાસોશ્વાસ આપણા આત્માઓને જગતના કેદખાનામાંથી ધીરે ધીરે ચોરી જાય છે.

૮૮૨. એજ પ્રમાણે આપણા "પવિત્ર શબ્દો" પણ તેના (ખુદાના) તરફ ઊંચે ચઢે છે. આપણામાંથી નીકળીને એ સ્થાન સુધી ઊંચે ચઢે છે કે જેની ખબર માત્ર ખુદાને જ છે.

૮૮૩. આપણા શ્વાસો ચુનંદા (શબ્દો) સહિત આપણી તરફની ભેટ તરીકે 'દારૂલ બકા' ભણી ઊંચે ચઢે છે.

૮૮૪. પછી આપણા શબ્દનો બદલો આપણી તરફ પાછો આપે છે. કીર્તિવંત ધણી તરફથી રહેમત તરીકે તેનાથી બમણો (બદલો) (આવે છે.)

૮૮૫. પછી તે આપણને એ જ પ્રમાણે (પવિત્ર શબ્દોનું) ઝીક્ર કરવા પ્રેરે છે. કે જેથી તેનો બંદો જે પ્રાપ્ત કરી ચુક્યો છે (તેનાથી) વધારે પ્રાપ્ત કરી શકે.

૮૮૬. આવી રીતે નિરંતર (આપણા પવિત્ર શબ્દો) ઉંચે ચડતા રહે છે. જ્યારે એ (ખુદાઈ રહેમત) નીચે ઉતરતી રહે છે. (ખુદા કરે) એ હંમેશાં જારી રહે.

૮૮૭. હવે આપણે ફારસી ભાષામાં કહીએ મતલબ કે આ આકર્ષણ એ તરફથી આવે છે કે જે તરફથી એ આનંદ આવ્યો છે.

૮૮૮ દરેક સમુહના લોકોએ એ તરફ મીટ માંડી હોય છે કે, જે તરફ એક દિવસ તેઓએ મજા ચાખી હોય.

૮૮૯. ખરેખર (દરેક) જાતીને પોતાના સજાતીયમાંથી જ મજાહ પ્રાપ્ત થાય છે, 'જુઝ' ને પોતાના 'કુલ્લ' માં જ મજાહ આપે છે તે જોઈ લે.

૮૯૦. અગર તે કોઈ વિજાતીય માટે કાબેલ હશે, (અને) જ્યારે તે તેમાં મળી જશે તો તેની સજાતીય બની જશે.

૮૯૧. જેમ પાણી અને રોટલી આપણા સજાતીય નહોતા (પણ જમ્યા પછી) આપણા સજાતીય બની ગયા. અને આપણા (કદ અને શક્તિ)માં વધારો કર્યો.

૮૯૨. પાણી અને રોટલીમાં આપણા સજાતીય હોવાનો દેખાવ નથી. (પણ) પરિણામની નજરે તું તેને સજાતીય સમજી લે. (સમાઈને શક્તિ આપે છે).

૮૯૩. અને જો વિજાતીયમાંથી આપણને મજા (મળતી) હશે તો તે ચોક્કસ સજાતીયને મળતી આવતી હશે.

૮૯૪. જે મળતાપણું ધરાવે છે તે તો ઉધાર છે. ઉધાર તો આખરે બાકી રહેનાર નથી.

૮૯૫. જો કે પક્ષી (પારધીની) સીસોટીના અવાજથી ખુશી થાય છે. પરંતુ જ્યારે તેને તે સજાતિય ન જોતાં બીકમાં નાસી જાય છે.

૮૯૬. તરસ્યાને જો કે મૃગજળ (જોવાથી) મજાહ આવે છે, (પણ) જ્યારે તેની નજદીક પહોંચે છે ત્યારે ભાગવા માંડે છે, (અને) પાણી શોધે છે.

૮૯૭. નિર્ધનો જો કે બનાવટી સોનાથી (છેતરાઇ) આનંદી બની જાય છે, પરંતુ એ (સોનું) ટંકશાળમાં ફજેત થઈ જાય છે.

૮૯૮. (સાવધાન) રખેને સોનાનો ઢોળ તને માર્ગ પરથી ફેંકી દીએ (ગુમરાહ કરે) રખેને ખોટો મોહ તને (અજ્ઞાનતાના) કુવામાં ધકેલી દીએ.

૮૯૯. કલીલહની વાત કે જે આ વિષયપર પ્રકાશ પાડે છે તેની તલાશ કર અને એ વાતનું તાત્પર્ય શોધી કાઢ.

ખુદા ઉપર ભરોસો રાખવા અને પુરૂષાર્થને ત્યજી દેવા
શિકાર થતા વનચર પ્રાણીઓનું સિંહને સમજાવવું.

૯૦૦. પ્રાણીઓના એક ટોળાંને સુંદર ખીણમાં હમેશાં સિંહ સાથે ખેંચતાણ (લડાઈ) થયા કરતી હતી.

૯૦૧. કેમકે તે સિંહ બખોલમાંથી (આવી) તેઓને ઉપાડી જતો હતો. (જેથી) તે ચરવાની જગ્યા સર્વ પ્રાણીઓને અપ્રિય થઈ પડી હતી.

૯૦૨. તેઓ એક યુક્તિ કરી સિંહ પાસે આવ્યા. (અને કહ્યું.) અમો તને રોજીંદો ખોરાક (પહોંચાડી) તને તૃપ્ત કરતા રહેશું.

૯૦૩. (એ શરત કે) આ રોજીંદા ખોરાક ઉપરાંત બીજો કોઈ શિકાર પાછળ તારે ન આવવું કે જેથી અમોને આ ઘાસ કડવું ન લાગે.

પ્રાણીઓને સિંહે જવાબ આપવો અને
પુરૂષાર્થના લાભો સમજાવવા.

૯૦૪. (સિંહે) કહ્યું, હા (મંજુર છે) એ શરતે કે હું પ્રમાણિકતા જોઉં. પણ દગલબાજી નહિ. કારણ કે મેં ફલાણા અને ઢીંકણા માણસોની ઘણી દગલબાજી જોઈ છે.

૯૦૫. હું (દુષ્ટ) માણસોની વર્તણુંકો અને દગલ બાજીઓથી પાયમાલ થઈ ગયો છું. હું સાપ અને વિંછીના દંશ ખાઈ ચૂકયો છું.

૯૦૬. (ખુદ) નફસ મારી (કાયાના) બખોલમાં હમેશાં તાકીને બેઠો છે. જે છળકપટ અને વેરમાં સઘળા મનુષ્યો કરતાં નીચ છે.

૯૦૭. 'મોમીન બે વાર દંશાતો નથી' (એહદીસ) મારા કાનોમાં ગુંજી રહી છે. નબી સાહેબનું એ કથન મેં દિલોજાનથી ગ્રહણ કરી લીધું છે.

પ્રાણીઓનું, પુરુષાર્થ કરતા પ્રારબ્ધને શ્રેષ્ઠતા આપીને તેની દલીલો કરવી.

૯૦૮. સઘળાઓએ કહ્યું. હે દાના અમીર! ભવિષ્યના વિચારો કરવાનું છોડી દે. નસીબ આગળ એ કાંઈ પણ ફાયદો કરે તેમ નથી,

૯૦૯. પ્રથમથી ભવિષ્યના વિચારો કરવામાં ગરબડ અને ખરાબીની બીક (ઉત્પન્ન થાય છે) જા, ખુદાપર ભરોસો રાખ. ખુદાપર ભરોસો રાખવો જ બહેતર છે.

૯૧૦. હે ઉગ્ર અને ક્રોધી (સિંહ) નસીબ સાથે બાથ ન ભીડ, રખેને ભાગ્ય તારી સાથે ઝઘડો કરવા તૈયાર થઈ જાય.

૯૧૧. ખુદાઈ હુકમ આગળ મૃત (આધિન) બની જવું જોઈએ. કે જેથી પ્રભાતના પરવરદીગાર તરફથી ફટકો ન પડે.

ખુદા પર ભરોસો રાખીને આત્મ સમર્પણ કરવા કરતાં
પુરૂષાર્થને શ્રેષ્ઠતા આપતી સિંહની દલીલો.

૯૧૨. (સિંહે) કહ્યું, જો ખુદા પરનો ભરોસો (સત્ય) માર્ગ દર્શાવે છે તો આ સાધનો પણ પયગમ્બર સાહેબની સુન્નત છે.

ખુદાઈ હુકમ આગળ – મૃત.
કાયાના બખોલમાં નફસ છે.

સિંહ – શિકાર – (ઘાસ – કડવું ન લાગે)

૯૧૩. પયગમ્બર સાહેબે બુલન્દ અવાજે ફરમાવ્યું છે કે, ખુદાપર ભરોસો રાખવાની સાથે સાથે ઉંટના ઘુંટણ પણ બાંધી રાખો.

૯૧૪. ઉપયોગ કરનાર ખુદાને વહાલો છે. એ ઈશારા તરફ લક્ષ દે અને ખુદા પર ભરોસો રાખીને સાધનો પ્રત્યે આળસુ ન થા.

પ્રાણીઓએ પુરૂષાર્થ અને ઉદ્યોગ કરતાં નશીબને શ્રેષ્ઠતા આપી તેનું પુનઃ ઉચ્ચારણ કરવું.

૯૧૫. તે ટોળાંએ તેને કહ્યું, ઉદ્યોગ કે જે મનુષ્ય જાતિની (શ્રદ્ધાની) નબળાઇના કારણે છે. તેને કપટનો કોળીઓ સમજ કે જે ગળાના માપનો હોય.

૯૧૬. ખુદાપર ભરોસો રાખવા કરતાં ઉદ્યોગ શ્રેષ્ઠ નથી? કુદરતને આધીન થવા કરતાં વધારે પસંદ કરવા લાયક શું છે?

૯૧૭. ઘણા લોકો એક આફત માંથી ભાગે છે અને બીજી આફત તરફ જાય છે. ઘણા લોકો સાપથી ભડકે છે અને અજગર તરફ (ફસાય છે).

૯૧૮. મનુષ્યે યુક્તિ યોજી, અને તેની યુક્તિ જાળ હતી. જે વસ્તુને તે પ્રાણ (વહાલી) સમજતો હતો એજ (તેનું) રક્ત ચૂસનાર હતી.

૯૧૯. તેણે દ્વાર બંધ કરી દીધાં (જ્યારે) દુશ્મન તો ઘરમાંજ હતો. ફિરૌનની યુક્તિ પણ આજ પ્રકારની વાત હતી.

૯૨૦. તે કીન્નાખોર ફિરૌને લાખો બાળકોને કતલ કરી નાખ્યા. પરંતુ જેની તલાશમાં હતો એ (હ. મુસા) તેના પોતાનાજ ઘરમાં હતા.

૯૨૧. જ્યારે આપણી દૃષ્ટિમાં ઘણી ખામીઓ છે, ત્યારે જા પોતાની દૃષ્ટિને (હકીકી) પ્રિયતમની દૃષ્ટિમાં ફના કરી નાખ.

૯૨૨. (પછી) તેની દૃષ્ટિ આપણી દૃષ્ટી (બની જાય છે) અહાહા ઉત્તમ બદલો. અને તેની દૃષ્ટિ (તદબીર)માં સઘળી આશાઓ પૂર્ણ થશે.

૯૨૩. (નાનો) બાળક પકડવા અને દોડવા શક્તિવાળો નહોતો ત્યાં સુધી તે પોતાના બાપની ગરદન પર બેસી ફર્યા કરતો.

૯૨૪. જ્યારે ખોટી ખટપટ અને પોતાના હાથપગ (ચલાવવા વાળો) થયો ત્યારે દુઃખમાં પડ્યો અને કાળા કામો કરવામાં મશગુલ થયો.

૯૨૫. મનુષ્યના આત્માઓ હાથને પગ પહેલાં એટલે દેહમાં કેદી થયા પહેલાં પોતાની સંપૂર્ણ (પવિત્રતાને) અંગે પવિત્ર (જગત)માં ફરતા હતા.

૯૨૬. જ્યારે 'નીચે ઉતરી જાઓ ની ખુદાઈ આજ્ઞાથી કેદી થયા, ત્યારે ક્રોધ, લોભ અને અલ્પ આનંદમાં ગિરફતાર થઈ ગયા.

૯૨૭. આપણે ખુદાનાં બાળ બચ્ચાં છીએ. અને દૂધ માટે ટળવળીએ છીએ. (જેમ હ. રસુલસ.) ફરમાવ્યું છે કે, મનુષ્યો ખુદાનાં બાળ બચ્ચાં છે.

ખુદા પર ભરોસો – ઉંટના [illegible] બાંધો
- સાધનો પ્રત્યે આળસુ ન થા
- માર્ગ બતાવે છે

૯૨૮. છે (પવિત્રઝાત) કે જે આસમાનમાંથી વરસાદ વરસાવે છે, તે પોતાની કૃપા વડે આપણને રોટલો આપવા શક્તિમાન છે.

સિંહે ખુદા પર ભરોસો રાખવા કરતાં પુરુષાર્થને
શ્રેષ્ઠતા આપીને ફરી દલીલોથી સાબિત કરવું.

૯૨૯. સિંહે કહ્યું, હા. પરંતુ રબ્બુલ ઈબાદ-બંદાઓના પરવર દિગારે આપણા પગ આગળ એક સીડી રાખી છે.

૯૩૦. પગથિયે પગથિયે આપણે છાપરા સુધી ચઢવું જોઈએ. પરંતુ અહીં દૈવવાદી બની જવું તો તે ખોટા વિચારો છે.

૯૩૧. તારા પગ સલામત છે તો તું પોતાને લંગડો શા માટે બનાવે છે, તારા હાથ સલામત છે તો પોતાના પંજાને શા માટે છૂપાવે છે? (મહેનત કરવામાં)

૯૩૨. જો ગુલામના હાથમાં તેનો માલિક ઝબાન (કહ્યા) વગર એક કોદાળી આપે તો તેનો મતલબ તે સમજી જશે.

૯૩૩. કોદાળી પેઠે હાથપણ તેના તરફના છૂપા ઈશારાઓ છે, ભવિષ્યના વિચારો કરવાની શક્તિ તેના તરફની ચોખ્ખી દલીલો છે.

૯૩૪. જો તું તેના છૂપા ઈશારાઓ દિલથી માન્ય રાખીશ. તો તું તારી જિંદગી છૂપા ઈશારાઓ પૂર્ણ કરવા અર્પણ કરીશ.

૯૩૫. તો (ખુદા) તને રહસ્યો (સમજવાના) ઘણા ઈશારાઓ અર્પણ કરશે. તારા પરથી બોજો ઉતારીને તને (મોટું) કામ બક્ષિશ કરશે.

૯૩૬. તું (તેનો બોજો) ઉંચકે છે, તો તે તને ઉચકી લેશે (રૂહાની જગત તરફ સહેલ શક્તિ આપશે.) જો તું તેની આજ્ઞાઓ માન્ય રાખે છે, તો તે તને માનનીય બનાવશે.

૯૩૭. જો તું તેની આજ્ઞાઓ કબુલ રાખીશ તો તું 'કાબિલ' (જ્ઞાની) થઈશ જો તું વસ્લની ઉમ્મેદ રાખીશ તો તું 'વાસિલ' થઈશ.

૯૩૮. પુરુષાર્થ કરવો એ કુદરતની બક્ષિશ માટેનો આભાર છે. પોતે પોતાને લાચાર સમજી લેવું એ બક્ષિશોનો ઇન્કાર છે.

૯૩૯. ન્યામતોનો આભાર માનવાથી તેમાં વધારો થાય છે. જ્યારે આભાર ન માનવાથી તારા હાથમાંથી (પહેલાંની ન્યામતો) પણ છીનવી લે છે.

૯૪૦ તારો દૈવવાદ તો (એવો) છે કે માર્ગમાં ઊંઘી જવું, ઊંઘ નહિ. તેના દ્વાર અને ઉંબરાને ન દેખ ત્યાં સુધી ઊંઘ નહિ.

૯૪૧. સાવધાન! હે આળસુ અને અવિશ્વાસુ (માનવી) તું મેવાદાર વૃક્ષ નીચે (ઉંઘ લે) તે સિવાય ઊંઘ ન લે.

૯૪૨. જેથી (તે વૃક્ષની) ડાળીઓને પવન ડોલાવે (અને) તારા પર (રૂહાની) ફળો વરસાવે.

પગ - આગળ - સિડી - છાપરા ઉપર ચડવું.
સમજવું
ગુલામ- (હાથ.પગ છે.) શા હેતુ કોદાળી આપે તો સમજી જાય.

૯૪૩. દૈવવાદ (સૂચવે) છે કે લુંટારાઓની વચ્ચે ઊંઘી જવું ! કવખતનો કૂકડો સલામત (જીવતો) શી રીતે રહી શકે ?

૯૪૪. જો તું છૂપા સંકેતો તરફ તારા નાકનું ટીચકું ચઢાવીશ, તો તું (પોતાને) પુરૂષ સમજતો હોઇશ પણ જ્યારે વિચાર કરીશ તો (સમજી શકે) તું સ્ત્રી જ છે.

૯૪૫. આટલી બુદ્ધિ તું ધરાવે છે તે પણ જતી રહેશે અને જે મસ્તકમાંથી બુદ્ધિ ઉડી જશે તે પૂછડુ બની જશે.

૯૪૬. કેમકે આભાર ન માનવો એ અશુભ અને ક્રૂરતા છે જે એવા શુક્ર ન ગુજારનાર માણસને દોઝખના તળિયે તાણી જાય છે.

૯૪૭. જો તું ખુદાપર ભરોસો રાખે છે તો કાર્યની અંદર રાખ, કાર્યકર. પછી (પરિણામ) સર્વ શક્તિમાન ખુદા પર છોડી દે.

પ્રાણીઓએ પુરુષાર્થ કરતા પ્રારબ્ધને
શ્રેષ્ઠતા આપી તે ફરી દોહરાવવું.

૯૪૮. (આ સાંભળી) બધા તેની સામે બૂમ પાડીને કહેવા લાગ્યા. તે લાલચુ લોકોએ આ સાધન (પુરૂષાર્થ) નાં બીજ વાવ્યાં.

૯૪૯. કરોડો સ્ત્રીઓ અને પુરૂષોએ. છતાં તેઓ શા માટે પોતાના (મનોરથો) થી વંચિત રહ્યા.

૯૫૦. પૃથ્વી ઉત્પન્ન થઈ ત્યારથી લાખો પેઢીઓએ અજગર પેઠે પોતાના સો સો મોઢાં ખુલ્લાં રાખીને.

૯૫૧. ચાલાક સમુદાયોએ એવા પ્રપંચો યોજ્યા, કે પહાડો પણ તેના કપટ વડે જડમૂળથી ઉખડી ગયા.

૯૫૨. કીર્તિવંત માલિકે તેના છળકપટનું વર્ણન કર્યું છે, (તેઓના પ્રપંચો એવા હતા.) કે જેથી પહાડોના શિખરો પણ તેને લીધે પોતાની જગ્યાએથી ખસી જાય.

૯૫૩. છતાં તે હિસ્સો (શિક્ષા) કે જે તેઓના માટે અનાદિકાળમાં (નિર્માણ) થઈ ચૂકી હતી. તેના સિવાય (કાંઈ ન મળ્યું) તેઓની ચિંતા ફીકર અને કાર્યોથી તેઓનું કાંઈ ન વળ્યું.

૯૫૪. તેઓ સઘળા પુરુષાર્થ અને કાર્યો કરવા છતાં નિષ્ફળ ગયા. સૃજનહાર ખુદાના કાર્યો અને હુકમો જ કાયમ રહ્યા.

૯૫૫. હે નામદાર, ઉદ્યોગને નામ સિવાય (અન્ય કાંઈ) ન સમજ. હે ચાલાક પુરુષાર્થને વહેમ સિવાય (અન્ય કાંઈ) ન સમજ.

ઈસરાઈલ (અ.) એ એક માણસને જોયો. તે માણસ
નાસીને હ. સુલેમાન (અ) ની સેવામાં આવ્યો.
ઉદ્યમ કરતાં ભાગ્ય બળવાન છે એ વિષે વાદ વિવાદ.

મસ્તકમાંથ બુદ્ધિ ઉડી જાય
તો પૂંછડુ બની જાય.

૯૫૬. એક દિવસ બપોરે એક સાદો માણુસ ગભરાઈને હ. સુલેમાન (અ) ની અદાલતમાં આવ્યો.

૯૫૭. તેનો ચહેરો બીકથી પીળો થઈ ગયો હતો. બેઉ હોઠ વાદળી રંગના બની ગયા હતા. હ. સુલેમાન (અ) એ તેને આમ ગભરાઈ જવાનું કારણુ પૂછ્યું.

૯૫૮. તેણે કહ્યું, અઝરાઈલ (અ) એ મારા તરફ ઘણી જ ગુસ્સાની અને ધિક્કારની નજરે જોએલ છે.

૯૫૯. (બાદશાહે) કહ્યું, હવે તારી શી ઈચ્છા છે? તે કહે, ઓ મારી જીંદગીના રખેવાળ હવાને હુકમ કરો.

૯૬૦. મને અહીંથી હિંદુસ્તાન લઈ જાય. કદાચ આ તારો ગુલામ ત્યાં જવાથી પોતાની જીંદગી બચાવી શકશે.

૯૬૧. વાહ ! માણુસો ગરીબાઈથી નાસે છે. (અને) પરિણુામે લોભ અને તૃષ્ણુાનાં મોંમાં કોળીઓ થઈ જાય છે.

૯૬૨. ગરીબાઈની બીક (એ) આ માણુસના ભયભીત થવા બરાબર છે. કંજુસાઈ અને તૃષ્ણુા (આ વાતમાં) હિંદુસ્તાન સમજી લે.

૯૬૩. (બાદશાહે) તેને દરિયા ઉપરથી હિન્દના અંદરના ભાગમાં લઈ જવા હવાને ફરમાવ્યું.

૯૬૪. બીજે દિવસે દરબારમાં બાદશાહ સુલેમાને અઝરાયલ (અ) ને પૂછ્યું.

૯૬૫. તેં પેલા મુસલમાન તરફ ગુસ્સાની નજરે (શા માટે) જોયું કે જેના લીધે પેલાને પોતાનું ઘરબાર છોડી દેશવટે બીજા દેશમાં ભટકવું પડ્યું ?

૯૬૬. તેણે અઝરાયલ (આ) કહ્યું, મેં ક્યારે તેના તરફ ગુસ્સાથી જોયું ? મેં તેને પસાર થતી વખતે (તેની સામે) અજાયબીમાં જોયું.

૯૬૭. કારણુ કે ખુદાનો મને (એવો) હુકમ હતો કે, ખબરદાર આજે જ તેનો જીવ તારે હિંદમાં લેવો.

૯૬૮. મેં નવાઈ પામી (મારા મનમાં) કહ્યું, (જો) તેને (કદાચ) સો પાંખો ઉડવાની હોય તો પણુ આજે જ તેને હિંદમાં પહોંચવું એ લાંબી મુસાફરી છે. (અશક્ય છે).

૯૬૯. હું ખુદાના હુકમથી હિંદમાં ગયો. ત્યારે તેને ત્યાં જોયો ને મેં જીવ લીધો.

૯૭૦. આપણે કોનાથી નાશી જશું ? આપણુા પોતાથી ? આહ તે મૂર્ખતા છે. આપણે કોનાથી સંતાશુ ? ખુદાથી ? આહ તે પાપ છે.

સિંહ ફરીવાર ખુદા ઉપરના ભરોસા કરતાં ઉદ્યમ કરવો ઉત્તમ છે તે પર વાદ વિવાદ કરવો અને ઉદ્યમના ફાયદાઓ સમજાવવા.

૯૭૧. સિંહે કહ્યું, હા, પણુ તેજ વખતે નબીઓ અને મોમીનોના પ્રયત્નો ધ્યાનમાં લે.

૯૭૨. ખુદા, તે કેવો માનવંત છે, તેઓએ ગરમી ઠંડી અને સખ્તાઈ સહન કરી (છતાં) તેઓના ઉદ્યમોને કામિયાબ બનાવ્યા,

૨૧૪૨૧ - હ. સુલેમાન - હવા - હિંદુસ્તાન -
[illegible]
[illegible]

૯૭૩. દરેક સંજોગોમાં તેઓની યુક્તિઓ ઉત્તમ હતી. ભલા માણસનાં બધાં કાર્યો ભલાં હોય છે.

૯૭૪. તેઓની જાળોએ આસમાની પંખીઓ પકડ્યાં. તેઓની ખામીઓ તેઓની ખૂબીઓમાં ફેરવાઈ ગઈ.

૯૭૫. ભલાભાઈ, પયગમ્બરો અને વલીઓની માફક તારાથી બની શકે ત્યાં સુધી ઉદ્યમ ન છોડ.

૯૭૬. કોશિષ કરવી એ કાંઈ તકદીર સાથે લડાઈ નથી. તકદીરે જ આપણા પર (કોશિષ) કરવા (ફરજ) લાદેલ છે.

૯૭૭. ઈમાન અને ફરમાંબરદારીનાં રસ્તામાં કોઈએ એક પણ મુશ્કેલી સહન કરી હોય તો હું કાફર થઈ જાઉં (એમ સમજો).

૯૭૮. જો તારું માથું ફુટ્યું ન હોય તો માથા ઉપર પાટો ન બાંધ (ભલાઈના કામ કરવામાં) એક બે દિવસ (જીંદગી સુધી) ઉદ્યમ કર પછી હંમેશની જીંદગી હસ્તો રહે.

૯૭૯. જેણે આ દુનિયાને આરામ કરવાની જગ્યા (સમજી) તલપ કરી તેણે આરામ કરવાની હલકી જગ્યા શોધી. આવતી દુનિયાની આરામ કરવાની જગ્યા શોધવી ઉત્તમ છે.

૯૮૦. આ દુનિયાની (માયા) મેળવવાની યુક્તિઓ કિંમત વગરની છે. (પરંતુ) આ દુનિયાને તજવાની યુકિતઓની હીદાયત (ખુદા તરફથી) મેળવાઈ છે.

૯૮૧. (ખરી) યુકિત (કેદી) તેના કેદખાનામાં બાકોરૂં પાડે તે છે. (નાશી જવા) પરંતુ જો તે બાકોરૂં પૂરી દીએ તો તે યુકિત મૂર્ખાઈ છે.

૯૮૨. આ દુનિયા કેદખાનું છે. અને આપણે કેદીઓ છીએ. જેલમાં બાકોરૂં ખોદ અને તે વાટે તને બહાર કાઢ.

૯૮૩. દુનિયા શું છે? (કે જેમાં) તું ખુદાથી અનઉપકારી બને છે? માલ દોલત રૂપું સ્રી એ (દુનિયા) નથી.

૯૮૪. મિલ્કતને ધ્યાનમાં લેતા તું તેને ધર્મની ખાતર એકઠી કરે છે. પયગમ્બરની હદીશ મુજબ નેક માણસ માટે નેકીથી પેદા (હકથી પેદા કરેલી દોલત કેવી સારી છે.)

૯૮૫. હોડીની અંદરનું પાણી હોડીનો નાશ કરનાર છે. (પણ) પાણીની અંદર હોડી એ તેના હિતમાં છે.

૯૮૬. પોતાના દિલમાંથી માલ મિલ્કતનો મોહ કાંઢી નાખવાથી હ. સુલેમાન પયગમ્બરને પોતાને (બીજા કોઈ નામ કરતાં) 'ગરીબ'થી ઓળખાવ્યા.

૯૮૭. બંધ કરેલા મોં વાળો કુંજો (અંદરથી ખાલી) દરિયાના તોફાનમાં પાણી ઉપર તરે છે.

૯૮૮. જે કોઈની અંદર ગરીબાઈ પણાં (નમ્રતા) નો પવન (દિલમાં) છે. તો તે દુનિયાના (અંધકારરૂપી) પાણીની સપાટી ઉપર આરામ કરતો હોય છે.

ઇમાન ને ફરમાબરદારીના રસ્તામાં મુશ્કેલી નથી?

૯૮૯. અગર જો કે આ સારી દુનિયાની બાદશાહી તેની છે છતાં તેના દિલની નજરમાં આ બાદશાહી કીંમત વગરની છે.

૯૯૦. તેથી જ તારા દિલનું મોં સીલ કરીને બંધ કરી દે અને અંદર (અમલ અને નેકીની) હવા ભર.

૯૯૧. કોશિષ કરવી (વાજબ છે) સત્ય છે. દર્દ અને દવા પણ સત્ય છે. ઇનકાર કરનાર પોતાની કોશિષોમાં નકાર કરવા પણ કોશિષ કરે છે.

૯૯૨. સિંહે આ રીતના ઘણા પુરાવા આપ્યા, કે જેથી ભાગ્યવાદીઓ (તેના) જવાબો દેવામાં (પણ) કંટાળી ગયા.

૯૯૩. શિયાળ અને હરણ અને સસલું અને લોંકડીએ ભાગ્યવાદ વિષેનો વાદ વિવાદ તજી દીધો.

૯૯૪. તેઓએ વિક્રાળ સિંહ સાથે કોલકરાર કર્યા, કે આ સોદામાં તેઓ નુકશાન નહિ ખમે.

૯૯૫. દરરોજ તેને તેનું ખાવાનું (કાંઈ પણ) દખલ વગર મળતું રહેશે. અને તે પછી તેણે બીજાની માંગણી કરવી નહિ.

૯૯૬. દરરોજ જેના પર પાસો પડતો તે ચિતાહની (ઝડપથી) સિંહ તરફ દોડી જતો.

૯૯૭. પરંતુ જ્યારે આ મોતનો પ્યાલો સસલા પર પડયો ત્યારે તે સસલું બુમ પાડી ઊઠ્યું: આપણે ક્યાં સુધી આ અન્યાય સહન કરશું?

૯૯૮. સમુહે તેને કહ્યું, આ બધો વખત અમો અમારી જીંદગી વિશ્વાસ અને વફાદારી પૂર્વક અર્પણ કરતા આવ્યા છીએ.

૯૯૯. અમોને તું બદનામ ન બનાવ. ઓ બળવાખોર. રખેને સિંહ ગુસ્સે થઈ જાય. જા, જા, જલ્દી, જલ્દી.

પશુઓને સસલાનો જવાબ.

૧૦૦૦. તેણે કહ્યું, અરે દોસ્તો મને મહેતલ આપો તો હું મારી ખંધાઈ ભરેલી યુક્તિથી આ પીડામાંથી તમોને મુક્ત કરૂં.

૧૦૦૧. મારી યુક્તિના પ્રતાપે તમારી જીંદગીઓ બચી જાય અને આ ચારો તમારા વંશજો માટે વારસામાં રહે.

૧૦૦૨. દરેક પયગમ્બરે પોતાની ઉમ્મતને આવી રીતે મુક્તિનો માર્ગ સૂચવ્યો હતો.

૧૦૦૩. કારણ કે તેણે (પયગમ્બરે) મુક્તિનો માર્ગ આકાશમાંથી જોયો હતો (અને) તે તેમની નજરમાં આંખની કીકી પેઠે સમાએલો હતો.

૧૦૦૪. માણસોએ તેમને કીકી જેવા નાના માન્યા. કોઈએ કીકીમાં કેવી (ખરેખરી) મોટાઈ છે તેનો વિચાર કર્યો નહિ.

૧૦૦૫. (પશુઓના સમુહે તેને કહ્યું, ઓ ગધેડા, અમોને કાન દઈને સાંભળ. તું સસલું હોઈ સસલાની હદમાં જ રહે, (શેખી ન માર)

મુક્તિનો માર્ગ. પયગં - આકાશમાંથી
અને આંખની કીકીમાં નજરમાં સમાએલો
તેમને - કીડીના નાના - માન્યા પરંતુ કેટલા મોટાઈ (?).

૧૦૦૬. અરે, આ કેવો બડાઈખોર છે? (આવો વિચાર) તારાથી વધુ જોરાવરો પણ કરી શકતા નથી.

૧૦૦૭. તું ઘણો જ ગર્વિષ્ટ છે. અથવા અમારૂં કિસ્મત અમારી પાછળ પડેલું છે. નહિતર તારા જેવાનું આવું કહેવું વ્યાજબી કેમ હોઈ શકે.

૧૦૦૮. તેણે કહ્યું કે, ઓ મિત્રો ખુદાએ મને પ્રેરણા આપી છે. તે મારા જેવા નબળાને (સારી યુકિત) સુજાડે છે.

૧૦૦૯. ખુદાએ જે મધમાખીઓને શીખવાડયું છે. તે સિંહ અને જંગલી ગધેડાને નથી શીખવ્યું.

૧૦૧૦. તે (મધમાખી) હલવા (જેવો) મીઠો મધપુડો બનાવે છે, ખુદાએ તેઓને તે વિદ્યાનું દ્વાર ખોલી આપ્યું છે.

૧૦૧૧. ખુદાએ જે રેશમના કીડાને શીખવ્યું, શું તેવું કોઈ હાથી બનાવી શકે છે?

૧૦૧૨. માટીમાંથી બનાવેલા આદમે ખુદા પાસેથી જ્ઞાન મેળવ્યું. તે જ્ઞાને સાતે આસમાનને (પ્રકાશથી) ભરી દીધા.

૧૦૧૩. તેણે (હ. આદમે) ફીરસ્તાઓની મહત્તા અને ખ્યાતિ (મગરૂરી) તોડી નાખી. ખુદાની કુદરતમાં શંકા કરે છે તે આંધળો છે.

૧૦૧૪. છ લાખ વરસની ઇબાદત કરનાર આહિદ (ઈબ્લીસ) (આદમને સીજદો ન કરવાથી) બળદના જેવો મૂર્ખ ગણાયો.

૧૦૧૫. (ઇબલીસે ધાર્યું કે) તે (હ. આદમ) રૂહાની જ્ઞાનનું દૂધ પીવાને શક્તિમાન ન થાય અને તે બહેસ્તના ઉંચા મહેલોમાં ફરતા ન હોય.

૧૦૧૬. (જાહેરી) સમજણ આપતું જ્ઞાન તેના માટે છીંકી રૂપ બન્યું કે જેથી તે (જાહેર જોનારા) ખુદાઈ ઉચ્ચતર વિદ્યા રૂપી દૂધ પી શકે નહિ.

૧૦૧૭. (તે વિદ્યાનું) એક ટીપું અંતઃકરણની છીપમાં પડયું કે મોતી થઈ ગયું. એવું મોતી આકાશમાં કે સાગરમાં (પણ) નથી.

૧૦૧૮. કયાં લગી જાહેર પરસ્ત રહીશ? આખર જાહેરદારીને પુજનાર તારો સત્ય ન સમજનાર આત્મા (હજુ સુધી મિથ્યા) રૂપથી છુટતો નથી.

૧૦૧૯. રૂપથી માણસ માણસ થતો નથી. જો એમ જ હોત તો હ. રસુલે ખુદા (સ) અને અબુ જહલ સમાન હોત.

૧૦૨૦. હ. અહમ્મદ (મુહમ્મદ) (ર. સ. અ.) અને અબુ જહલ બન્ને દેવળમાં ગયા પરંતુ બન્નેના જવામાં ઘણો ફેર હતો.

૧૦૨૧ તેઓ (રસુલ સ.) આવ્યા તો મૂર્તિઓએ તેઓને સિજદો કર્યો (પણ) તે (અબુ-જહલ) આવ્યો તો તેણે સેવકની માફક મૂર્તિને સિજદો કર્યો.

૧૦૨૨. અલ્લાહે કઅફના કુતરાને એવી શક્તિ આપી કે આખી દુનિયાના સિંહોએ તેની આગળ માથું નમાવ્યું.

આદમ - ખુદા પાસેથી જ્ઞાન - 7 આસમાનોમાં
લીધું. ફેલાવ્યું.
જાહેરના
(જાહેરી આંખ) ફરિશ્તાનું - ૪: ગાફેલ 6 લાખ વર્ષની ઇબાદત

૧૦૨૩. તો તેને (કુતરાને) નઠારી સુરતથી શું નુકસાન થયું ? કેમકે તેનો જીવ નૂરના સાગરમાં ડૂબેલો હતો.

૧૦૨૪. સારો પોશાક પહેરવાથી રૂપાળા દેખાય તે સુંદરતા નથી. (પરંતુ) વિદ્વાનો ન્યાયી નામથી પ્રખ્યાત થાય (તે સુંદરતા છે).

૧૦૨૫. (અને ગુણ જેવા કે) વિદ્વાન અને ન્યાયી એ માત્ર રૂહાની અર્ક છે. કે જે તું કોઈ જગ્યાએ આગળ કે પાછળ શોધી શકીશ નહિ.

૧૦૨૬. લામકાં તરફથી આ વિશેષતા શરીર તરફ આવે છે. જેની મોટાઈ અને પ્રકાશથી જીવ રૂપી સૂર્યનો આકાશમાં પણ સમાવેશ થઈ શકતો નથી.

૧૦૨૭. આ વાતનો છેડો નથી. એને પડતી મુક. સસલાની વાર્તા સાંભળ.

૧૦૨૮. તારા કાન કે જે ગધેડાના કાન જેવા છે તે વેચી નાખીને બીજા કાન ખરીદ કર. (કેમ કે) આ વાત લંબકર્ણો જેવા કાનવાળા સાંભળી શકતા નથી.

૧૦૨૯. જા. સસલાએ કેવી ખંધી યુક્તિ લડાવી તે જો. સસલાએ સિંહને પકડવાની કેવી યુક્તિ લડાવી તે જો.

૧૦૩૦. વિદ્યા એ હ. સુલેમાન બાદશાહની, શહેનશાહીની વીંટી છે. આખું જગત રૂપ છે, અને વિદ્યા એ જીવ છે.

૧૦૩૧. દરિયા, ડુંગરો તેમજ મેદાનોમાંના જાનવરો માણસની આગળ શક્તિ વગરનાં છે તેનું આજ કારણ (વિદ્યા) છે.

૧૦૩૨. તેનાથી (માણસથી) સિંહ અને ચિતા ઉંદરની માફક બીએ છે. તેનાથી નદીઓના મોટી રાગરો પણ ઝાંખપ અને ગભરાટ અનુભવે છે.

૧૦૩૩. પરીઓ અને દાનવોએ સંતાવાની જગ્યાઓ શોધી. દરેક (માણસની વિદ્યાથી ડરીને) છૂપાઈ ગયા.

૧૦૩૪. માણસ જાતના ઘણા છૂપા દુશ્મનો છે. જે માણસ સાવધાન રહે છે તે સમજુ છે.

૧૦૩૫. ઘણા સારા નરસા પ્રાણીઓ (અમારાથી) છુપાએલા છે, દરેક પળે તેઓના ઘા અમારા દીલ ઉપર વાગતા હોય છે.

૧૦૩૬. જો તું નહાવા માટે નદીમાં જાય છે. તો ત્યાં પાણીમાં રહેલા કાંટા ભોંકાય ને તને ઈજા પહોંચાડે છે.

૧૦૩૭. જો કે તે કાંટો પાણીમાં ઉંડો ઢંકાએલો હોવા છતાં જ્યારે પગમાં ભોંકાય છે ત્યારે તેની ખબર પડે છે.

૧૦૩૮. (ફીરસ્તાઈ) દિવ્ય સંદેશા અને (સેતાની) પ્રલોભનો હજારો હસ્તીઓ તરફથી (આવી) અથડાય છે. નહિ કે (માત્ર) એકથી.

૧૦૩૯. (ધીરજથી) રાહ જો. કારણ કે તારી જાહેરી સમજણ રૂપાંતર પામશે. તું તે જોઈ શકીશ. (તારા અંતરમાં) અને (પછી મુશ્કેલીઓ ઉકેલાઈ જશે.

નદીમાં કાંટા દેખાતા નથી
વિદ્યા- જાનવરો ખરાબ માણસો, પરીઓ, દાનવો
મો. દુખાવા

૧૦૪૦. તેથી (તું જોઈશ) કે કોના શબ્દો તેં અવગણ્યા છે અને કોને તેં તારો માર્ગ દર્શક બનાવ્યો છે.

તેના દિલની ખાનગી વાત કહેવા પ્રાણીઓની સસલાને વિનંતી કરવી.

૧૦૪૧. ત્યાર બાદ તેઓએ કહ્યું, ઓ ચાલાક સસલા, તારી યુક્તિનો મતલબ અમારી પાસે રજૂ કર.

૧૦૪૨. ઓ તું, કે જે સિંહનો મુકાબલો કરવા તૈયાર થયો છે. તો તારા દિલમાં વિચારેલી યુક્તિ અમોને જણાવ.

૧૦૪૩. સલાહની આપલેથી સમજ અને હોંશિયારી આવે છે. એક બુદ્ધિમાં બીજી ઘણી બુદ્ધિઓની (સલાહથી) વધારો થાય છે.

૧૦૪૪. હ. રસુલે ફરમાવ્યું છે કે, અમાનતદારની સલાહ લો. જેમની સલાહ શોધવામાં આવે છે તેઓ વિશ્વાસુ હોય છે.

સસલાએ તેમનાથી વાત છૂપી રાખી.

૧૦૪૫. તેણે કહ્યું, દરેક ભેદ જાહેર કરવો ન જોઈએ. ઘણી વખત જોઈએ છીએ કે એકી બેકી રમનાર બેકી મારે છે. ને એકી નીકળે છે, ને એકી મારે તો બેકી નીકળે છે.

૧૦૪૬. ગમે તેટલી સફાઈથી આરસી ઉપર શ્વાસ નાંખશો તો પણ તે મેલી થશે જ.

૧૦૪૭. આ ત્રણ ચીજ સમજાવવા માટે તમારી જીભ કદી ન ખોલતા. તમારી સફર, તમારૂં સોનું અને તમારો ધર્મ.

૧૦૪૮. જ્યારે ઉપલા ત્રણમાંથી (કોઈની) બીજાને ખબર પડે તો તેના ઘણા દુશ્મનો રાહ જોતાં ઉભા હોય છે.

૧૦૪૯. જો તું એક કે બેને વાત કરીશ તો (તારી છૂપી વાતના) સલામ. જે ગુપ્તવાત બે એ જાણી તે દરેક જગ્યાએ પ્રસિદ્ધ થઈ જાય છે.

૧૦૫૦. જો તું બે કે ત્રણ પક્ષીઓને સાથે બાંધીશ તો તેઓ સાથે બંધાએલા જમીન પર દીલગીરીમાં પડયા રહેશે.

૧૦૫૧. (પણ હકીકતમાં) તેઓ બહુ જ ચતુરાઈ પૂર્વક અંદરો અંદર સલાહ કરતા હોય છે. (કોઈ પણ જોનારના મનમાં) તેઓનો આ ભેદ ભુલમાં નાખે છે.

૧૦૫૨. (તેવી જ રીતે) પયગમ્બર સલાહ મશવરો લેતા હતા. ખાનગીમાં (બોલતા) અને તેઓના અસહાબો તેમને જવાબો આપતા હતા. અને (કદાચ) જ્ઞાન વગરના (અર્થ વગરના)

૧૦૫૩. તેઓ પોતાનો મત ઘણા ગૂઢાર્થમાં બોલતા કે દુશ્મનો (તેનું) પગ કે માથું જાણી શકે નહિ.

૩ ચીજ સમજાવવા માટે કદી ન ખોલતાં
(૧) સફર
(૨) સોનું.
(૩) ધર્મ
| ગૂઢાર્થમાં બોલતા કે હાથ, પગ, ના સમજાય.

૧૦૫૪. તે (હઃ રસુલ) તેમના (દુશ્મનો) પાસેથી જવાબ મેળવતા. જ્યારે બીજાને આ સવાલની ગંધ (પણ) આવતી નહિ.

સસલાના દાવપેચની કથા.

૧૦૫૫. તેણે પહોંચવામાં થોડું મોડું કર્યું, સિંહ કે જે બરાડા પાડી પંજા પછાડતો હતો તેની પાસે જવા નીકળ્યો.

૧૦૫૬. સિંહ પંજા પછાડી જમીન ધ્રુજાવી ધૂળ ઉડાડતો હતો કારણ તે (સસલો) ત્યાં મોડો પહોંચ્યો હતો.

૧૦૫૭. તે બુમ પાડી કહે, મેં કહ્યું હતું (કે) તે લુચ્ચાઓનાં વચનો વ્યર્થ છે અને કદી પૂરાં થવાં વાળાં નથી.

૧૦૫૮. આ લોકોના દગાએ મને મારી નાખ્યો, આ દગલબાજીનો વખત કેટલો ચાલશે? કેટલો લાંબો?

૧૦૫૯. (એવી રીતે) જે બાદશાહ પોતાની મૂર્ખાઈથી આગળ પાછળનો વિચાર કર્યા વગર (લડવા નીકળ્યો તો) લાચાર થઈ જશે.

૧૦૬૦ રસ્તો સપાટ છે. પણ તેની નીચે ખાડા છે. નામનાની વચ્ચે અર્થ પૂર્ણ તંગી છે.

૧૦૬૧. શબ્દો અને નામના ઉંડા ખાડા (જેવા) છે. મીઠા શબ્દો અમારી જીંદગી રૂપી પાણી માટે રેતી છે (રેતીમાં પાણી ચુસાઈ જાય છે).

૧૦૬૨. રેતી કે જેના પર પાણી ઉછળીને પડે છે. તે ભાગ્યે જ (પાછું) મેળવાય છે. જા અને તેને શોધ.

૧૦૬૩. તે કે જે ડહાપણની શોધ કરે છે, તે ડહાપણનો ઝરો બને છે, તે મેળવેલી વસ્તુ અને (લીધેલા) ઉપાયોથી સ્વતંત્ર બને છે.

૧૦૬૪. તેની સમજ હકીકતી સમજ બને છે, તેની સમજણ તેની રૂહાનીને ઉન્નત બનાવે છે.

૧૦૬૫. જેમ માણસની બુદ્ધિ તેનો જ શિક્ષક બને છે (અને મેળવ્યા) બાદ તેની બુદ્ધિ તેનો વિદ્યાર્થી બને છે.

૧૦૬૬. બુદ્ધિ જીબરાયલની માફક કહે છે. "ઓ મુહમ્મદ (સ. અ. વ.) જો હું એક ડગલું પણ આગળ વધું તો તે મને બાળી મુકે.

૧૦૬૭. તમે મને છોડી જાવ. આગળ એકલા જ જાઓ. અહીં સુધી જ મારી હદ છે. ઓ રૂહાનીના રાજા!

૧૦૬૮. જે કોઈ સુસ્તીથી આભારી કે ધીરજ વગરનો રહે છે. તે કર્મનો પગ ઝાલે છે અને તેને આધીન થાય છે.

૧૦૬૯. જે કોઈ કર્મ આગળ નીરૂપાય બની માંદા થઈ બેઠા છે. તેઓ એજ બીમારીથી કબરમાં પેસી જાય છે.

૧૦૭૦. હ. પયગમ્બર સાહેબે ફરમાવ્યું છે કે "જેઓ આમ બીમાર રહે છે. તે બત્તીની પેઠે ધીમે ધીમે ઓલવાઈ જશે."

૧૦૭૧. કર્મનો અર્થ શું છે? તુટેલા અવયવને બાંધવો કે કપાએલી રગને બાંધવી.

૧૦૭૨. જો તારો પગ આ રસ્તામાં ભાંગેલ નથી તો (તૂં) કોના ઉપર હસે છે? શા માટે તેં તારા પગને પાટો બાંધ્યો છે?

૧૦૭૩. જેણે ઉદ્યમ કરતાં પગ ભાંગ્યો, તો તેના માટે ઘોડો આવ્યો અને તેના પર સવાર થયો (રવાના થયો)

૧૦૭૪. તે સત્ય ધર્મનો કાંધીઓ હતો. (હવે) પોતે સવાર થઈ ગયો. (પહેલાં) ખુદાઈ હૂકમોનો સ્વીકાર કરનાર હતો હવે પોતે જ સ્વીકારાએલો બની ગયો.

૧૦૭૫. અત્યાર સુધી તે રાજા પાસેથી હૂકમો મેળવતો હતો, હવે પછી તે રાજાના હૂકમો પ્રજાને પહોંચાડશે.

૧૦૭૬. અત્યાર સુધી તારાઓ તેના પર અસર ઉપજાવતા હતા. હવે પછી તે તારાઓનો રાજ્વી છે.

૧૦૭૭. જો (આના પ્રતાપે) તારી નજરમાં (દિલમાં) ગુંચવણ ઉભી થાય તો પછી "ચંદ્રમાના ટુકડા કરવામાં આવ્યા." વિષે પણ તારા દીલમાં શંકાઓ થાય.

૧૦૭૮. તારા ઈમાનને તાજું કર પંણ માત્ર જીભથી નહિ. ઓ તું કે જેણે છુપી (મેલી) ઇચ્છાને તાજી કરી છે.

૧૦૭૯. જ્યાં સુધી તારી ઇચ્છાઓ તાજી છે, ઇમાન તાજું નહિ બને, આ ઇચ્છાઓએ જ તને પેલા (ઈમાનના) દરવાજાથી અટકાવ્યો છે.

૧૦૮૦. તેં (ચોકખા) શબ્દનો (હકીકત બદલવા) અર્થ બદલાયો. તું પોતે બદલાઈ જા. (ખુદાઈ) કિતાબ નહિ.

૧૦૮૧. તું કુરાનના તારી મરજી મુજબના અર્થ કરે છે, તેંજ ભવ્ય અર્થોનો દરજ્જો ઉતાર્યો અને (સાચા રાહેથી) ફેરવી નાખ્યા.

માખીની હલકી દલીલોં

૧૦૮૨. ગધેડાના પેશાબ ભરેલા ખાબોચીયામાં ઘાસના ટુકડા ઉપર માખી પોતાનું માથું હાંકનાર માફક ઉંચુ કરીને (બેઠી હતી).

૧૦૮૩. તેણે કહ્યું: મે (તેમને) દરિયો અને વહાણુ કહ્યાં છે. આ વહાણુને મેં ઘણા લાંબા વખત હંકાર્યું છે.

૧૦૮૪. જુઓ. આ અહીં દરિયો છે. અને આ મારૂં વહાણુ છે. અને હું દરિયામાં (જાણે) હંકારનારો કુશળ નાવિક છું.

૧૦૮૫. તે દરિયા ઉપર મોટા જહાજને ચલાવી રહ્યો છે, તે નાની ચીજ તેને બહુજ ભવ્ય દેખાતી હતી.

[illegible]

૧૦૮૬. પેલો પેશાબનો (ખાડો) તેના પ્રમાણુમાં અમર્યાદ હતો. એવી (સાચી) દષ્ટિ ક્યાં છે કે સત્ય જોઈ શકે?

૧૦૮૭. તેની દુનિયા તેની નજર પહોંચે એટલી મોટી બને છે, તેની આંખ મોટી છે. અને તેના પ્રમાણુમાં તેનો દરિયો (પણ) વિશાળ છે.

૧૦૮૮. તેથી(કુરાનનો) ખોટો અર્થ કરવોએ પેલી માખીની માફક છે. તેની કલ્પના ગધેડાના પેશાબને (દરિયો માનવો) અને (અર્થ વગરનો) ઘાસનો ખ્યાલ.

૧૦૮૯. જો માખી પોતાનો ખોટો અભિપ્રાય બાંધવાનું છોડી દે તો તેનું કિસ્મત હુમામાં ફેરવી નાખે.

૧૦૯૦. તે કે જે આ (ખુદાઈ) રહેનુંમાઈનો (ખરો અર્થ) મેળવે તો તે માખી નથી. તેના બહારના દેખાવથી તેનો આત્મા સરખાવાતો નથી.

સસલાના મોડા આવવાથી સિંહનું ગર્જવું.

૧૦૯૧. દાખલા તરીકે સસલું કે જેણે સિંહની સાથે બાથ ભીડી. તો તેનો આત્મા તેના સ્વરૂપ સાથે સરખામણીમાં ક્યાં હતો?

૧૦૯૨. સિંહ ભુસ્સા અને ગુસ્સામાં (પોતાને) કહેતો હતો કે, મારા કાનને લીધે દુશ્મનોએ મને આંખે પાટા બાંધ્યા (ભુલાવ્યો.)

૧૦૯૩. કર્મવાદીઓના દગા ફટકાએ મને (બંધનમાં) બાંધી લીધો છે. તેઓની લાકડાની તલવારે મને ઘાયલ કર્યો છે.

૧૦૯૪. હવે પછી હું આવી રીતની ફરેબમાં નહિ આવું. આ બધું સેતાનો અને ભુત-પ્રેતની (છિતરપીંડીની) રાડો (બુમ બરાડા) છે.

૧૦૯૫. ઓ મારા દીલ તેઓના ભુક્કા બોલાવી દે. પાછો પડ નહિ. તેમની ચામડી ઉતરડી નાખ. કારણકે તેઓ ચામડી સિવાય કાંઈ નથી. (મીઠા શબ્દો)

૧૦૯૬. ચામડી શું છે? મીઠા શબ્દો, જેમ પાણી ઉપરના રજકણુ કે જેની કોઇંગતી નથી.

૧૦૯૭. જાણુકે આ (મીઠા) શબ્દો ચામડી (છાલ) છે. અને તેનો અર્થ એ ગરભ છે, આ શબ્દો (માત્ર) રૂપ છે અને તેનો અર્થ જાણે કે જીવ છે.

૧૦૯૮. ચામડી (છાલ) અંદરના ખરાબ ગરભને ઢાંકે છે. અને તે ઈર્ષાથી સારા ગરભને છુપો રાખે છે.

૧૦૯૯. જ્યારે હવારૂપી કલમ અને પાણીરૂપી કાગળ હોય ત્યારે તું જે પણ લખીશ તે તુરતજ નાશ પામશે.

૧૧૦૦. તે પાણી ઉપર લખાએલ છે. જો તું તે દૃઢ રહે એમ ઈચ્છે, તો તું (નિરાશામાં) તારા આંગળાને કરડતો પાછો ફરીશ.

૧૧૦૧. ઈન્સાનમાં અહંકાર અને લાલસાની હવા ભરેલી છે. જ્યારે તું અહંકાર છોડી દે છે. ત્યારે તેના (ખુદાના) સદેંશા (નો સમય પાક્યો છે તેમ સમજ).

ચામડી = મીઠા શબ્દો છાલ-અર્થ-ગર્ભ
શબ્દો - માત્ર રૂપ -> અર્થ = કે જીવ છે.

૧૧૦૨. કિરતારના સંદેશા આનંદદાયક હોય છે. કે જે (સંદેશા) તને પગથી માથાસુધી આનંદથી ભરી દીએ છે.

૧૧૦૩. બાદશાહોના ખુત્બા અને બાદશાહી બદલાય છે. (પરંતુ) નબીઓના ખુત્બા અને બાદશાહી (અફર છે).

૧૧૦૪. કારણકે રાજાની નામના (દુન્યવી) અહંકારથી છે. જ્યારે નબીઓના કિર્તીવંત અધિકારો (ખુદાઇ) શહેનશાહતના લીધે છે.

૧૧૦૫ રાજાઓની છાપ સિક્કાઓ ઉપરથી ફેરવી નાખવામાં આવે છે (સિક્કા ફરી જાય છે) પરંતુ હ. મુહમ્મદનું નામ તેઓના (અંતર) પર સદા રહેનાર છે.

૧૧૦૬. અહમદ (હ. મુહમ્મદ)નું નામ એ સઘળા પયગમ્બરોનું (નામ) છે. જ્યારે સો ગણવામાં આવે છે, (તો) નેવું આપણી સાથે હોય છે (સમાવેશ થાય છે).

સસલાના વધુ દાવપેચ લડાવવા.

૧૧૦૭. સસલાએ જવામાં ખૂબજ મોડું કર્યું. તેણે પોતાના મનમાં ગોઠવી રાખેલી યુક્તિ તાજી કરી.

૧૧૦૮. તે ખૂબ જ મોડું કર્યા બાદ રસ્તા પર આવ્યો, કે તે સિંહના કાનમાં એક બે ગુપ્ત વાતો સંભળાવે.

૧૧૦૯. ધારી લે, કેવા શબ્દો બુદ્ધિ સાથે મળતા હશે? આ બુદ્ધિનો દરિયો કેવો અહોળો છે!

૧૧૧૦. અમારી સૂરતો આ મીઠા દરિયામાં ઝડપથી દોડે છે. (જાણે કે) પાણીની સપાટી ઉપર (તરતા) પ્યાલા.

૧૧૧૧. જ્યાં સુધી તેઓ (પાણીથી) ભરાઈ જતા નથી. ત્યાં સુધી દરિયાની સપાટી પર પ્યાલાના ટોપની જેમ (તેઓ તરે છે) પણ પ્યાલો જ્યારે ભરાઈ જાય છે કે તુરત જ ડૂબી જાય છે.

૧૧૧૨. બુદ્ધિ ગુપ્ત છે, અને જગત દેખીતું છે. અમારૂં રૂપ તેનાજ દરિયાનાં મોજાં છે.

૧૧૧૩. રૂપ જે કાંઇ (વસ્તુ) બુદ્ધિના બળથી બનાવે છે (તેને) (અક્કલનો) દરિયો દૂર ફેંકી દે છે. (તે જ રીતે)

૧૧૧૪. જ્યાં સુધી દિલ હકીકત બનાવનાર (મુરશીદે કામિલ) તરફ નજર ન કરે (તેના કહેવા પ્રમાણે અમલ ન કરે) જેમ તીર તેના દૂર ફેંકનારને ન જુએ. (ઉપલી બૈત સાથે જોડો)

૧૧૧૫. તે (આમ જે આંધળો છે) ધારે છે કે તેનો ઘોડો ખોવાઇ ગયો છે. (તે જ વખતે) તે રસ્તા પર પોતાના જ ઘોડાને હઠીલાઈથી દોડાવે છે.

૧૧૧૬. તે સવાર (પોતાના મનમાં) ધારે છે કે તેનો ઘોડો ખોવાઇ ગયો છે, જ્યારે તેનો જ ઘોડો તેને પવનની ગતિએ આગળ લઈ જતો હોય છે.

સિક્કા ઉપર રાજાની છાપ બદલાય છે. પરંતુ મહંમદનું નામ અંતર પર સદા રહેનાર છે.

૧૧૧૭. તે અસ્થિર મગજનો ભારે દિલે એક દરવાજેથી બીજે દરવાજે પૂછતો અને તપાસ કરતો ફરે છે.

૧૧૧૮. તે મારો ઘોડો ચોરનાર કોણ અને કયાં છે? અરે ઓ શેઠ, આ તારી રાંગ નીચે કયું (જનાવર) છે?

૧૧૧૯. હા, તે ઘોડો તો છે પણ ઘોડો કયાં છે? અરે ઓ હોશિયાર સવાર તારા ઘોડાની શોધમાં (પ્રથમ) તારા પોતાપણામાં આવ (ભાનમાં આવ)

૧૧૨૦. જીવ (દેખાવમાં) ગુપ્ત છે. કારણ કે, તે તેની તદ્દન નજીક અને પ્રત્યક્ષ છે, તો કેમ તારૂં પેટ પાણીથી ભરાએલું હોવા છતાં હોઠ સુકા છે?

૧૧૨૧. તું રાતો, લીલો, ભુરો કેમ જોઈ શકીશ? સિવાય કે આ ત્રણે (રંગો) (જોયા) પહેલાં તું પ્રકાશને જુએ છે.

૧૧૨૨. જ્યારે તારૂં ચિત્ત રંગોની (સમજમાં) ખોવાઈ ગએલું ત્યારે તને પેલા રંગો પ્રકાશથી પડદો બની ગયાં.

૧૧૨૩. એજ પ્રમાણે રાત્રે જ્યારે પેલા રંગો છૂપાએલા હતા. ત્યારે તું જુએ છે કે રંગોનું નિહાળવું પેલા પ્રકાશના મૂળને આભારી હતું.

૧૧૨૪. બહારના પ્રકાશ વગર રંગો નિહાળી શકાય નહી. તે જ પ્રમાણે તે અંદરની કલ્પનાના રંગ સાથે છે?

૧૧૨૫. આ બહારના (પ્રકાશનું) મૂળ સૂર્ય અને સુહા (એક ગ્રહ) માંથી મળે છે. જ્યારે અંદરનો પ્રકાશ ખુદાઈ રહેમતનું પ્રતિબિંબ છે.

૧૧૨૬. પ્રકાશ કે જે આંખને પ્રકાશ આપે છે. તે હકીકતમાં દિલનો પ્રકાશ છે. આંખનો પ્રકાશ દિલના પ્રકાશમાંથી ઉત્પન્ન થાય છે.

૧૧૨૭. ફરી પ્રકાશ કે જે દિલને પ્રકાશ આપે છે, તે ખુદાઇ નુર છે કે, જે પવિત્ર અને અકલી કે ઇંદ્રીઓના પ્રકાશથી જુદું છે.

૧૧૨૮. રાત્રે પ્રકાશ હતો નહિ (તેથી) તું (તે વખતે) રંગો જોઈ શકયો નહિ. પછી તે (પ્રકાશ) પ્રકાશના વિરોધી અંધારાના પ્રતાપે જાહેર થઈ શકયો.

૧૧૨૯. (પ્રથમ) પ્રકાશ નજરે પડે છે. પછી રંગ જોવામાં આવે છે. પ્રકાશના વિરોધી (અંધારાથી) આની તને તુર્તજ જાણ થાય છે.

૧૧૩૦. ખુદાએ દુઃખ અને દિલગીરી એટલા માટે પેદા કર્યાં કે. એનો વિરોધી આનંદ છે તે જાહેર થાય.

૧૧૩૧. ગૂપ્ત વસ્તુઓ તેના વિરોધીઓના પ્રતાપે જાહેરમાં આવે છે. ખુદાનો કોઈ વિરોધી નથી. તે છૂપો છે.

૧૧૩૨. કારણ કે દૃષ્ટિ પ્રથમ પ્રકાશ પર પડે છે. પછી રંગ પર. વિરોધીના પ્રતાપે વિરોધી જાહેર થાય છે. જેમ ગ્રીક અને હબસી.

ખુદાને કોઈ વિરોધી નથી - તે છુપો છે.
પોતાપણામાં:- ભાનમાં
ખુદાઈ નુર:- પવિત્ર, અકલી, ઇંદ્રીઓના પ્રકાશથી જુદુ છે.

૧૧૩૩. તેથી તું પ્રકાશને તેના વિરોધના પ્રતાપે જાણે છે. વિરોધીના આગળ આવવાથી વિરોધી ખુલ્લો પડે છે.

૧૧૩૪. ખુદાઈ નૂરના કોઈ વિરોધી હસ્તીમાં નથી. કે જે વિરોધના અંગે તેને દેખાવમાં આવવાનું શક્ય બને.

૧૧૩૫. (તેથી) જરૂરી (છતાં) આપણી આંખો તેને પારખી શક્તિ નથી. જો કે તે આપણને જુએ છે. આ (ખરી હકીકત) હ. મુસાઅને સિનાઈ પર્વત (ઉપરથી) સમજ.

૧૧૩૬. જાણુ કે રૂપ જીવના (વાસ્તવિકતાના) આધારે ઉત્પન્ન થાય છે. જેમ જંગલમાંથી સિંહ, અથવા અવાજ અને કથન વિચારમાંથી (ઉત્પન્ન થાય છે.)

૧૧૩૭. આ કથન અને અવાજ વિચારમાંથી ઉત્પન્ન થાય છે. તું જાણુતો નથી કે વિચારોનો દરિયો ક્યાં છે?

૧૧૩૮. પણ તું જોઈ શક્યો હોઇશકે ભાષણુમાંની હકીકત સુંદર હતી તો તું જાણુકે તેનો (વિચારોનો) દરિયો ઉમદા છે.

૧૧૩૯. જ્યારે વિચારોની છોળો ડહાપણુના (દરિયામાંથી) ઉછળે છે. તે (ડહાપણુ) બોલી અને અવાજમાં રૂપાંતર પામે છે.

૧૧૪૦. તે રૂપ અવાજથી ઉત્પન્ન થયું અને ફરી નાશ પામ્યું, મોજું તેને ફરીવાર પોતાની મેળે સમુદ્રમાં લઈ ગયું.

૧૧૪૧. રૂપ રૂપરહિતમાંથી આવ્યું, અને પાછું તેમાંજ સમાઈ ગયું. ખરેખર "અમે તારી તરફ જ ફરનાર છીએ."

૧૧૪૨. પછી દરેક પળે તું મૃત્યુ પામે છે અને પાછો ફરે છે. હ. નબી મહમદ મુસ્તફા (ર. સ. અ.) ફરમાવ્યું આ દુનિયા (માત્ર) એક પળ છે (ઘણી ટૂંકી છે)

૧૧૪૩. આપણા વિચારો તેમાંથી (ઉત્પન્ન થએલા) તીર માફક છે, તે હવામાં કેમ અટકશે? તે પાછા ખુદા તરફ (પાછા ફરશે).

૧૧૪૪. દરેક પળે દુનિયામાં ફેરફાર થતા રહે છે. પરંતુ આપણે આ ફેરફારથી અજાણ હોઇએ છીએ (કારણકે જાહેરી દેખાવમાં) તેવીજ રહે છે.

૧૧૪૫. જિંદગી પણ નવી નવી આવી રહી છે, જેમ ઝરો (કાંઠો બદલતો જાય છે) જો કે શરીરમાં ચાલુ જિંદગીનું દેખાવનું મળતાપણું (નજરે પડે છે).

૧૧૪૬. તેના ઝડપીપણાને લીધે તે (જિંદગી) ચાલુ લાગે છે, જેમ ચિનગારી હાથમાં લઇ ગોળ ફેરવતાં (ચાલુ લાગે છે)

૧૧૪૭. જો તમે બળતી લાકડીને ચાલાકીથી હલાવો તો આગ લાંબી નજરે પડશે.

૧૧૪૮. આ લાંબી મુદત ખુદાઈ કાર્ય જે ઝડપી હીલચાલથી પેદા થયું તેની રજૂઆત કરે છે.

૩૪, મલાઈ કે ઉખળ ધારું.
૩૪. જુના આધારે ઉખળ.

૧૧૪૯. જો કદી આ ભેદોનો શોધનાર ખૂબજ જ્ઞાની હોય તો (તેને કહો) હીસ્સામુદ્દીન કે (જે તેની) ભવ્ય કિતાબ છે તેની પાસે જા. (જ્યાં તમને ભેદ ખુલ્લો થએલો જણાશે).

સસલાનું સિંહ પાસે આવવું અને સિંહનું તેનાથી ગુસ્સે થવું.

૧૧૫૦. સિંહે, ખીજાએલો, ક્રુર અને હિંસક બનેલો, સસલાને દૂરથી આવતો જોયો.

૧૧૫૧. (સસલો) ના ઉમેદ ન થએલો અને વિશ્વાસ પુર્વક દોડતો, (સિંહ) ગુસ્સે થએલો, ઝનુની, ઘાતકી (અને) ચીડીઓ.

૧૧૫૨. (તેણે વિચાર્યું) ધીરજથી જતાં શંકા ઉત્પન્ન થાય, જ્યારે હિંમત પૂર્વક (જતાં) શંકાનાં બધાં કારણો નાબૂદ થાય.

૧૧૫૩. જેવો તે વધુ નજદીક આવ્યો, તદ્દન નજીક, પેલા સિંહે ગર્જના કરી હા, હ., બદમાસ.

૧૧૫૪. હું કે જેણે બળદોના અવયવોના ટુકડે ટુકડા કર્યા છે. મેં ભયંકર ઝનુની હાથીઓના કાન આમળ્યા છે.

૧૧૫૫. તું અર્ધું ઉગેલું (નબળું) સસલું તે વળી કોણ? જે મારા હુકમને આમ જમીન ઉપર ફેંકી શકે? (ન માને)

૧૧૫૬. સસલાનું ઝોકું અને ધ્યાન વગરનું થવું છોડી દે. ગર્જના કરતા સિંહને, એ ગધેડા કાન દઈને સાંભળ.

સસલાની માફી માગવી.

૧૧૫૭. સસલું બૂમ પાડી કહે, 'દયા કરો' મારી પાસે બહાનું છે જો બાદશાહ સલામતની ક્ષમા મારી મદદે આવે.

૧૧૫૮. તેણે કહ્યું, શું બહાનું છે? એ મૂર્ખાઓમાંના ટૂંકી દ્રષ્ટિવાળા, બાદશાહોની હજુરમાં આવવાનો શું આ (યોગ્ય) વખત છે?

૧૧૫૯. તું કવખતનો કુકડો છો. તારૂં મસ્તક ઉડાવી દેવું જોઈએ. કોઇએ મૂર્ખનું બહાનું સાંભળવું ન જોઈએ.

૧૧૬૦. મૂર્ખનું બહાનું તેના ગુનાહ કરતાં વધુ ખરાબ છે. અજ્ઞાનીનું બહાનું ઝેર છે જે ડહાપણનો નાશ કરે છે.

૧૧૬૧. એ સસલા, તારૂં બહાનું ડહાપણ વગરનું છે. શું મારા કાન ખરગોશ (ગધેડાના કાન) જેવા લંબકર્ણ છે કે તું મારા કાનમાં આ વાત મુકે છે?

૧૧૬૨. તેણે જવાબ આપ્યો, એ બાદશાહ! આ તુચ્છને એકવાર મોટો સમજી લે આફતમાં સપડાએલાની વાત સાંભળી લેવી જોઇએ.

૧૧૬૩. તારા ઉંચા દરજ્જાને (લાયક) દાન દે, તારા રસ્તે ભુલા પડેલાને હાંકી ન કાઢ.

૧૧૬૪. સમુદ્રકે જે ઝરાને પૂરતું પાણી આપે છે તેજ પોતાના ચહેરા અને માથા (સપાટી) પર દરેક કચરાના ટુકડાને મૂકે છે.

૧૧૬૫. આ ઉદારતાથી દરિયો ઓછો થતો નથી. દરિયાની ઉદારતાથી તેનામાં વધઘટ થતી નથી.

૧૧૬૬. તેણે કહ્યું, હું મારી ઉદારતા યોગ્ય જગ્યાએ વાપરીશ. હું દરેકનાં કપડાં તેના કદ પ્રમાણે વેતરીશ.

૧૧૬૭. સસલું આક્રંદ કરીને કહે, સાંભળ, જો હું તારી કૃપાને પાત્ર ન હોઉ તો હું (ક્રોધરૂપી) અજગરની આગળ (તારું) વેર પૂર્ણ કરવા મસ્તક નમાવું છું.

૧૧૬૮. નાસ્તા વખતે હું (તમારા) તરફ આવવા નીકળ્યો હતો. હું મારા મિત્રની સંગાથે બાદશાહ સલામત તરફ આવવા નીકળ્યો હતો.

૧૧૬૯. (પ્રાણીઓના) સમૂહે તારા માટે બીજા સસલાને મારા સાથી અને મિત્ર તરીકે (અહીં) આવવા મોકલ્યો હતો.

૧૧૭૦. એક બીજા સિંહે તારા આ નમ્ર ગુલામ પર રસ્તામાં હુમલો કર્યો. તારા તરફ આવતાં (અમો) બન્ને પર હુમલો કર્યો.

૧૧૭૧. મેં તેને કહ્યું, અમો એક જ બાદશાહના ગુલામો છીએ. તેમના મહાન દરબારના નમ્ર સેવકો છીએ.

૧૧૭૨. તેણે કહ્યું, શહેનશાહ ! તે કોણ છે ? જરા શરમા. મારી હજૂરમાં ગમે તેવા લફંગાની વાત ન કર.

૧૧૭૩. તમો બન્ને અને તારા રાજાના હું ટુકડા કરી નાખીશ. જો તું અને તારો દોસ્ત મારા દરવાજેથી ભાગ્યા તો.

૧૧૭૪. મેં તેને કહ્યું, મને એકવાર મારા બાદશાહને મારો ચહેરો બતાવવા દે અને આ સમાચાર તેને પહોંચાડવા દે.

૧૧૭૫. તેણે કહ્યું, તારા આ સાથીને (મારા હવાલામાં) બાના તરીકે સોંપીજા નહિતર મારા કાયદા મુજબ તારો ભોગ લેવામાં આવશે.

૧૧૭૬. અમે તેને ઘણા કાલાવાલા કર્યા, પરંતુ તે કામ ન આવ્યા. તેણે મારા દોસ્તને પકડયો અને મને એકલાને જવા દીધો.

૧૧૭૭. મારો મિત્ર મારાથી ત્રણ બાબતમાં, તેના હ્રુષ્ટ પુષ્ટ પણુ, સુંદરતા અને શરીરના (કદમાં) મારાથી ચડિયાતો છે.

૧૧૭૮. હવે પછી આ રસ્તાની પેલા સિંહે મના કરી છે. અમારી કબૂલાતની દોરી તૂટી ગઈ છે.

૧૧૭૯. (તું) હવે પછી આ લથ્થાની આશા ન રાખતો. હું ખરી હકીકત નિવેદન કરી રહ્યો છું અને ખરૂં કહેવું એ તીખું લાગે છે,

૧૧૮૦. હવે જો તારે (આ) ભક્ષ્યું જોઈતું હોય તો (પહેલાં) આ રસ્તો સાફ કર. હા. હા. ચાલ મારી સાથે અને પેલા અટકાવનારની ખબર લે.

સિંહનો સસલાને જવાબ દેવો
અને તેની સાથે રવાના થવું.

૧૧૮૧. તેણે કહ્યું, બિસ્મિલ્લાહ, ચાલ મારી સાથે. તે ક્યાં છે તે મને બતાવ. જો તું સત્ય વદતો હો તો મારી આગળ ચાલ.

૧૧૮૨. તેઓ સૌ સજાને પાત્ર છે. હું તેઓને ચખાડીશ. અથવા જો આ જુઠ હશે તો તને તારા લાયક (શિક્ષા) ચખાડીશ.

૧૧૮૩. સસલું ભોમિયાની માફક તેની આગળ ચાલ્યું કે તે તેને (સિંહને) તેના ફાંસા તરફ દોરી જાય.

૧૧૮૪. તેણે (સિંહને દોર્યો) કૂવા તરફ કે જે તેણે નક્કી કરી રાખ્યો હતો. તેણે ઊંડા કૂવાને તેની (સિંહની) જિંદગી માટે ફાંસો બનાવ્યો હતો.

૧૧૮૫. આમ તેઓ બન્ને ચાલ્યા, જ્યાં સુધી કે કૂવાની નજદીક (તેઓ આવી પહોંચ્યા) આવી રીતે સસલું ઘાસ નીચે છૂપાઈ રહેલું પાણી હતું.

૧૧૮૬. (પર્વતનું) પાણી ઘાસને તાણીને મેદાન તરફ લઈ જાય છે. મને કેવી અજાયબી લાગે છે કે ઘાસ પર્વતને તાણી જાય છે.

૧૧૮૭. તેની (સસલાની) કપટ જાળ એ સિંહનો ગળા ફાંસો હતો. અદભૂત સસલું ! જે પોતાના (શિકાર તરીકે) સિંહને લઈ જતું હતું.

૧૧૮૮. હ. મુસા ફીરઓનને તેના સૈન્ય અને બળવાન યજમાન સહિત, નાઈલ નદીમાં ખેંચી ગયા.

૧૧૮૯. માત્ર એક અડધી પાંખવાળા મચ્છરે નમરૂદની ખોપરીના ટેભા તોડી નાખ્યા.

૧૧૯૦. જે પોતાના દુશ્મનના શબ્દો સાંભળે છે તેની સ્થિતિ જો, અને તે કે જે અદેખાનો દોસ્ત બને છે તેનો બદલો પણ (જો).

૧૧૯૧. ફીરઓનની હાલત (જો) કે જેણે હામાનને સાંભર્યો. (અને) નમરૂદની હાલત (જો) કે જેણે શેતાનની (વાત) સાંભળી.

૧૧૯૨. અલબત, દુશ્મન તારી સાથે મિત્રતા ભરેલી રીતે ડહાપણ ડોળશે. (પરંતુ) જાણ કે (તેના શબ્દો) ફાંસો છે જે દાણા માટે બોલશે. (ફસાવશે જેમ ગલમાં મચ્છી)

૧૧૯૩. અગર જો તને સાકર આપે તો તેને ઝેર સમજ. જો તે તારા શરીર માટે માયાળુ કાર્ય કરે તો તેને ક્રૂરતા સમજ.

૧૧૯૪. જ્યારે (કુદરતી) ભાવિ પસાર થશે તો તું ચામડી (બહારનો દેખાવ) સિવાય કાંઈ નહિ જોઈ શકે. તું મિત્રોમાંથી દુશ્મનો પારખી નહિ શકે.

૧૧૯૫. જો આમ હકીકત છે. તો પછી નમ્રતાપૂર્વક આજીજીમાં લાગી જા. તોબાહ, (ખુદાનાં) વખાણ અને રોજામાં લાગી જા.

૧૧૯૬. ચાલુ રૂદન કર, આક્રંદ કરીને કહે ("ઓ તું કે જે છૂપા ભેદો જાણે છે, અમોને હલકી યુક્તિઓના નીચે ન મસળ.)

૧૧૯૭. ઓ સિંહના પેદા કરનાર, અમો તારી મહેરબાની મેળવવામાંથી બાકાત રહી ગયા છીએ. (છતાં પણ) આ ચરામાંથી સિંહને અમારા ઉપર (છલંગ મારવા) ન દે.

૧૧૯૮. અમને મીઠું પાણી અગ્નિ રૂપે ન દે. અમારા ઉપર અગ્નિ રૂપી પાણી ન ફેંક.

૧૧૯૯. જ્યારે તું તારા કોપનો શરાબ (અમોને) પીવડાવે છે. ત્યારે તું અસ્તિત્વ વગરનાને અસ્તિત્વમાં લાવે છે.

૧૨૦૦. આ બેખુદી શું છે? કે જે આંખને ખરી દષ્ટિમાં જોતાં અટકાવે છે. તેથી (સાધારણ) પથ્થર જવાહીર દેખાય છે, ઊન રેશમ (દેખાય છે.)

૧૨૦૧. આ નશો શું છે? સમજણની આડોડાઈ. આમલીના લાકડાને બદલે ચાખડીનું લાકડું (દેખાયછે).

હ. સુલેમાન અને હુદ હુદ ની વાત. સમજાવે છે કે જ્યારે કુદરતી ભાવિ પસાર થવા આવે છે ત્યારે દેખતી આંખોપર મહોર લાગે છે.

૧૨૦૨. જ્યારે હ. સુલેમાન માટે શાહી તંબુ ઉભો કરવામાં આવ્યો ત્યારે પંખીઓ તેમને પ્રણામ કરવા આવ્યા.

૧૨૦૩. તેઓને માલમ પડયું કે (તેઓ તેમનીજ) ભાષા બોલતા હતા અને પોતાની સાથે દિલસોજી ધરાવતા જોયા. (તો) તેઓએ એકપછી એક તેમની ખિદમતમાં (આવવાની) ઉતાવળ કરી.

૧૨૦૪. પોતાના જાતિભાઈ કરતાં વધુ મીઠી ભાષામાં હ. સુલેમાનને વાત કરતા જોઈ બધાં પક્ષીઓએ (વાતચીતમાં) ટપકો દેવો માંડી વાળ્યો.

૧૨૦૫. એક જ ભાષા બોલવી એ સગાઈ અને સ્નેહનું આકર્ષણ છે. માણસ (જ્યારે) પોતાની સાથે ભળી શકતા ન હોય (તેમની સાથે ભળે છે) તો તે બેડીમાં પડેલો કેદી (જેવી હાલત લાગે છે).

૧૨૦૬. અરે ઘણા હિન્દુઓ અને તુર્કો એક જ ભાષા બોલે છે. અરે ઘણા તુર્કોની જોડી (ભાષા અંગે એક બીજાથી) અજાણ્યા હોય છે.

૧૨૦૭. અરસ પરસની ભાષાની સમજણ એ ખરેખર જુદી (વાત) છે. ભાષાની એકતા કરતાં દિલની એકતા વધુ બહેતર છે.

૧૨૦૮. દિલમાં લાખો દુભાષિયા ભાષા કે દફતરમાં સહી કર્યા વગર ઉત્પન્ન થાય છે.

૧૨૦૯. બધાં પક્ષીઓમાં દરેક પોતાની ચતુરાઈની ગુપ્ત વાતો, જ્ઞાન અને અનુભવ (કહેવા લાગ્યાં)

૧૨૧૦. તેઓ એક પછી એક હ. સુલેમાનના વખાણ કરતા સાથે પોતાની વિનંતીઓ (ધ્યાનમાં લેવા) અરજ કરતા હતા.

૧૨૧૧. અહંકાર કે હું પણાને કારણે નહિ (પણ) તે તેઓની હજૂરમાં તેઓને કબૂલાતમાં લ્યો.

૧૨૧૨. જ્યારે એક પકડાએલાને શેઠની જરૂરત છે (તેને ખરીદી લેવા) તો તે પોતાના ડહાપણની (વિગતવાર હકીકત) રજુ કરે છે.

૧૨૧૩. પરંતુ જો તેને ખરીદ કરે તેમાં તે શરમાતો હોય તો પોતાને માંદો અશક્ત, બહેરો અને લંગડો (હોવાનો દેખાવ) કરે છે.

૧૨૧૪. હુદહુદને પોતાની વિદ્યા, હોંશિયારી અને વિચારોની વાત કહેવાનો વારો આવ્યો.

૧૨૧૫. તેણે કહ્યું, ઓ બાદશાહ સલામત, હું માત્ર એક જ બુદ્ધિમાં ઉતરતી વાત જાહેર કરીશ. ચોકખી વાત કહેવી એ વધારે સારૂં છે.

૧૨૧૬. તેણે કહ્યું. કહેવા માંડ, તે ડહાપણની વાત કેવી છે તે મને સાંભળવા દે. હુદહુદે કહ્યું, તે વખતે કે જ્યારે હું સૌથી ઊંચા બિંદુમાં હોઉં છું.

૧૨૧૭. હું મારી આંખથી ચોકસાઈપૂર્વક તે મધ્ય બિંદુમાંથી જોઉં છું તો હું જમીન ઉપરના તળિયે પડેલા પાણીને ચોકખી રીતે જોઉં છું.

૧૨૧૮. તેથી તે ક્યાં અને કેટલું ઉંડું છે, તેનો રંગ કેવો છે, માટીમાંથી કે ખડકમાંથી ક્યાંથી ઉછાળા મારીને વહે છે (તે હું જોઈ શકું છું).

૧૨૧૯. ઓ બાદશાહ સુલેમાન, તારી લશ્કરી છાવણીના રહેઠાણની ખાતર તારી મુસાફરીમાં મારા ડહાપણ ખાતર મને (તારી સાથે) રાખ.

૧૨૨૦. પછી હ. સુલેમાને કહ્યું, નકામા નપાણિયા અંધોળા વિસ્તારના ઓ ભલા સાથી! (તું મારી સાથે ભલે રહે)

કાગડાનું હુદહુદના હકની સામે થવું.

૧૨૨૧. જ્યારે કાગડાએ (આ) સાંભળ્યું અદેખાઈ ભરેલો એ (આગળ) આવ્યો અને હ. સુલેમાનને કહ્યું, "તે (હુદહુદ) જુઠું અને હલકું બોલ્યો છે.

૧૨૨૨. પોતાનાં મૂર્ખાઈ ભરેલાં આત્મવખાણનાં અને જુઠાં બોલ (આપ નામદારની) માનવંત હજૂરમાં બોલવું તે સભ્યતા ભરેલું નથી.

૧૨૨૩. જો તેને હંમેશાં આવી (તીક્ષ્ણ) નજર હોય તો થોડી જમીન પર પથરાએલી જાળ (થોડા દાણા સાથેની) કેમ જોઈ શકતો નથી?

૧૨૨૪. તો પછી તેને જાળમાં કેવી રીતે સપડાવાય છે? તે કેવી રીતે રાજીખુશીથી પાંજરામાં પૂરાવા જાય છે?

૧૨૨૫. પછી હ.સુલેમાને કહ્યું ઓ હુદહુદ, શું તે યોગ્ય છે કે આ તારા પહેલાજ પ્યાલામાં મેલ ઉત્પન્ન થયો.?

૧૨૨૬. ઓ તું કે જેણે છાશ પીધી છે અને છતાં કેફ ચઢવાનો ઢોંગ કરે છે, અને મારી હજૂરમાં પતરાજી કરી જુઠું બોલી રહ્યો છે?

હુદહુદનો કાગડાને તેના
સામા થયાનો જવાબ દેવો.

૧૨૨૭. તેણે કહ્યું, ઓ બાદશાહ, ખુદાને ખાતર મારી વિરુદ્ધ શત્રુના શબ્દો ન સાંભળ હું (તારા ઘરનો) ખુલ્લો યાચક છું.

૧૨૨૮. જો હું જે દાવો કરૂં છું તે (સત્ય) નથી તો હું મારૂં મસ્તક (તારી આગળ ઝૂકાવું છું મારા મસ્તકને (ધડથી) જુદું કર.

૧૨૨૯. કાગડો દૈવી નસીબની સત્તાને માનતો ન હોઈ નાસ્તિક છે, જો કે તેની પાસે હજારો સમજ શક્તિઓ છે.

૧૨૩૦. જો તારામાં એક શબ્દ (જેટલી) પણ નાસ્તિકતા હોય તો તું બદબો મારતી વિષય વાસનાના વેશ્યાવાડાની બેઠક છે.

૧૨૩૧. જ્યારે હું હવામાં (ઉડતો) હોઉં છું. ત્યારે જો મારૂં નસીબ મારી હોંશિયારીની આંખ મસળે નહિ તો જાળ જોઉં છું.

૧૨૩૨. જ્યારે દૈવી ભાવિ ભૂલાવે છે ત્યારે ડહાપણ ઉંઘવા માંડે છે. ચંદ્ર કાળો પડે છે. સૂર્ય અટકી પડે છે, (સાચું દેખાતું નથી)

૧૨૩૩. દૈવી ભાવિથી આ (ચીજોની) કેવી વહેંચણી છે કે જે નવાઇ પમાડે છે, તે દૈવી ભાવિજ છે કે (નાસ્તિકો) દૈવી નસીબમાં માનતા નથી.

હ. આદમ (અ. સ.) ની વાત દૈવી
ભાવિએ તેમની દૃષ્ટિ પર મહોર
મારી મનાઈનો ખુલ્લો અર્થ
સમજવામાં નિષ્ફળ ગયા. ટેક છોડી દેવી.

૧૨૩૪. મખલુકના માલીકે (ખુદાએ) જ્યારે માણસ જાતના પિતા હ. આદમને નામો શીખવ્યા, રગે રગની લાખો વિદ્યાઓ (શીખવી).

૧૨૩૫. જે ચીજો (દુનિયાની) આખર સુધી (ખરારૂપમાં) હસ્તી ધરાવે છે તે દરેક ચીજોના નામોનું (જ્ઞાન) તેના આત્માને ઉત્પન્ન થયું.

૧૨૩૬. તેણે આપેલા લકબમાં કશો ફેરફાર ન થયો. તેણે જેને ચંચળ કહી બોલાવ્યું તે કદી આળસુ ન બન્યું.

૧૨૩૭. જે આખરે ઈમાનદાર છે તેને પ્રથમથી જ (મોમન) દેખાણો. તેજે આખરમાં નાસ્તિક થવાનો છે તે (પણ) તેને જાહેર થયું.

૧૨૩૮. જો તને જાણકાર પાસેથી દરેક ચીજના નામ સાંભળવામાં આવે તો 'તેણે નામો શીખવ્યાં. એના અંદરના અર્થનો ભેદ સાંભળ.'

૧૨૩૯. આપણા માટે દરેક ચીજના નામ બહારના (દેખાવનાં) છે. (પરંતુ) પેદા કરનાર માટે દરેક ચીજના નામની અંદરની (વાસ્તવિકતા) છે.

૧૨૪૦. હ. મુસાની નજરમાં તેના દોરડાનું નામ અસા (લાઠી) હતું, પેદા કરનારની નજ-

૧૨૪૧. રમાં તેનું નામ અઝદાહ (અજગર) હતું, અહીં (અથાગ જાહેલિયતમાં) હ. ઉમરનું નામ મૂર્તિપૂજક હતું. પરંતુ (ચશ્મે મિશાક)માં તેનું નામ ઈમાનદાર હતું.

૧૨૪૨. જે ચીજનું નામ એક પળે આપણી સામે "બી" હતું તેનું ખુદાની દષ્ટિમાં એવું જ રૂપ હતું. જેવી રીતે કે તમે મારી સામે છો.

૧૨૪૩. આ "બી" (રૂપસ્વરૂપે) અસ્તિત્વમાં ન હતું. ખુદાની સાથે જ હસ્તીમાં હતું. નાના કે મોટા સ્વરૂપે નહિ (જાહેરમાં દેખાય છે તેવી રીતે)

૧૨૪૪. ટૂંકમાં જે આપણો અંત છે. તે ખરી રીતે ખુદા સાથે આપણું નામ (હસ્તીમાં આણનાર છે).

૧૨૪૫. તે માણસ ઉપર તેની છેલ્લી હાલત પ્રમાણેનું નામ આપે છે. એ પ્રમાણે નહિ કે જે હાલતનું નામ ટૂંક વખત માટે આપે છે.

૧૨૪૬. તેવી જ રીતે હ. આદમે નૂર થકી પવિત્ર બનેલી આંખથી જોયું (તો) આત્મા અને તેની અંદર રહેલા નામની સમજ તેને જણાઈ આવી.

૧૨૪૭. જ્યારે ફિરસ્તાઓએ તેની અંદર નૂરનાં કિરણો જોયાં ત્યારે તેઓ એ તેને સિજ્દો કરી માન આપ્યું, અને જલ્દીથી આદર સત્કાર કર્યો.

૧૨૪૮. જો હું કયામત સુધી હ. આદમે પસંદ કરેલું નામ યાદ કરી વખાણ કર્યા કરૂં તો પણ (તેનાં વખાણ) પૂરા ન થાય.

૧૨૪૯. આ બધું તેણે જાણ્યું, (છતાં) જ્યારે દૈવિ ભાવી આવે છે ત્યારે તે (માત્ર) એકજ મનાઈની સમજમાં ભૂલા પડ્યા.

૧૨૫૦. નવાઈ પામતો (કે) મનાઈ હોવી એ કાયદા વિરૂદ્ધ બનાવવાના કારણે અથવા તો ગૂંચવણના કારણે તેણે તે અર્થ કબૂલ કર્યો.

૧૨૫૧. તેઓ પોતાના દિલમાં અર્થ કરવામાં સફળ થયા છે (એમ જ્યારે તેઓની દૃષ્ટિમાં લાગ્યું (ત્યારે) તેની ખાસિયત ઘઉં તરફ (તેઓને) ઉતાવળે નશામાં લઇ ગઇ.

૧૨૫૨. માળી (હ. આદમ) ના પગમાં કાંટો ભોંકાયો, ચોરને (શેતાનને) તક મળી અને તે જલ્દીથી માલ ઉઠાવી ગયો. (હ. આદમને છેતરી ગયો)

આપણા માટે- બહારના નામ.
પેદા કરનાર માટે = નામની અંદરની વાસ્તવિકતા

૧૨૫૩. જ્યારે તે (હ. આદમ) ભાનમાં આવ્યા. તો ફરીવાર ખરા રસ્તા પર આવી ગયા. તેમણે જોયું કે ચોર દુકાનનો સામાન ઉઠાવી ગયો છે.

૧૨૫૪. તેમણે આક્રંદ કર્યું, ઓ માલિક, અફસોસ, અમોએ ખોટું કર્યું છે. એનો અર્થ એમ કે ઘોર અંધારૂં છવાયું અને અમો માર્ગ ચૂકી ગયા.

૧૨૫૫. દૈવી નસીબ સૂર્યને (સત્યમાર્ગને) વાદળાની માફક ઢાંકી દે છે. તેથી સિંહો અને અજગરો ઉંદર (જેવા) બને છે.

૧૨૫૬. જો હું (હુદહુદ) ખુદાઈ હુકમ વખતે ફાંસો જોઈ ન શકું તો ખુદાઈ હુકમો આગળ હું એટલો અજ્ઞાન નથી.

૧૨૫૭. અરે (ખરો) સુખી તે છે (જે) ખરા માર્ગમાં અડગ ઉભો રહે. તેનું પોતાનું જોર જવા દે અને નમ્રતાપૂર્વકની આજીજીમાં લાગી જાય.

૧૨૫૮. જો દૈવી નસીબ તને કાળામાં (અંધારામાં) રાત્રિની માફક ઢાંકે તો પણ દૈવી નસીબ આખરે તારો હાથ પકડશે. (તને દોરવશે)

૧૨૫૯. જો દૈવી નસીબ તારી જિંદગી પર સો વખત હુમલો કરે છતાં પણ દૈવી નસીબ તને જિંદગી આપશે અને તારી તંદુરસ્તી સુધારશે.

૧૨૬૦. જો આ દૈવી નસીબ સોવખત તારો રસ્તો રોકે (છતાં) તારો તંબુ (આખરે) આસમાન ઉપર ખોડશે.

૧૨૬૧. જાણ કે આ (ખુદાઈ) મહોબતપણામાંથી છે. (પ્રથમ) તે તને ગભરાવી મૂકે છે. એટલા માટે કે તને સલામતીની બાદશાહી અર્પે.

૧૨૬૨ આ વિષયનો અંત નથી. મોડું થયું છે. (આડીવાત થઇ.) (હવે) સસલું અને સિંહની વાત સાંભળ.

કૂવાની નજીક આવતાં સસલાનું સિંહ પાસેથી પાછાં પગલાં ભરવાં.

૧૨૬૩. જ્યારે સિંહ કૂવાની નજદીક આવ્યો ત્યારે તેણે જોયું કે સસલું રસ્તામાં પાછળ રહી ગયું છે અને પાછાં પગલાં ભરે છે.

૧૨૬૪ તેણે કહ્યું, તું શા માટે પાછા પગે ચાલી રહ્યો છે? પાછળ નહિ હટ. આગળ આવ.

૧૨૬૫. તેણે કહ્યું કે મારા પગ (ચાલવાની શક્તિ) ક્યાં છે? (બન્ને) હાથ અને પગ ખતમ થયા. (અશક્ત થયા) મારો જીવ ધ્રૂજે છે. અને મારા દિલમાંથી (હિંમત) નાસી ગઈ છે.

૧૨૬૬. મારો ચહેરો સોના જેવો પીળો થઈ ગયો છે તે તું નથી જો તો? મારો રંગ (દેખાવ) મારી અંદરની હાલતનું જ્ઞાન આપે છે.

૧૨૬૭. જ્યારે ખુદાએ ચહેરાને (અંદરની હાલત) બતાવનાર ફરમાવ્યો છે. (તેના લીધે કોઈને) ઓળખી શકનારની નજર તેના ચહેરા તરફ હોય છે.

મારો દેખાવ મારી અંદરની હાલતનું જ્ઞાન આપે છે.

૧૨૬૮. રંગ અને વાસ ઘંટડીની માફક પરખાઈ આવે છે. ઘોડાનું ખોંખારવું ઘોડાને વાકેફ કરે છે.

૧૨૬૯. કોઈ પણ વસ્તુનો અવાજ તેના વિષેની માહિતી આપે છે, તેનાથી જ તું ગધેડાનું ભૂંકવું અને દરવાજાનું તૂટી પડવું પારખી શકે છે.

૧૨૭૦. હ. પયગમ્બર સાહેબે ફરમાવ્યું છે કે જે ઇન્સાનની જીભ બંધ છે તેવા માણસોની વિવેક શક્તિ પારખવી છૂપી (મુશ્કેલ) છે.

૧૨૭૧. ચહેરાનો રંગ તેના દિલની હાલત રજુ કરે છે. મારા પર દયા કર. તારા દિલમાં મારા માટે પ્રેમ પ્રગટ કર.

૧૨૭૨. ચહેરાની રતાશ (દિલની) સંતોષનો પડઘો છે. પીળો ચહેરો ધીરજ અને અનુપકારીપણું (બતાવે છે).

૧૨૭૩. મારા પર એ આવ્યું છે કે જેણે મારા હાથ અને પગ લઈ લીધા છે. ચહેરાનો રંગ જોર અને નિશાની (દેખાવ) પણ લઈ લીધો છે.

૧૨૭૪. તે કે જે પોતા ઉપર આવતી દરેક વસ્તુના ટુકડે ટુકડા કરી નાખે છે, દરેક ઝાડને થડ મૂળમાંથી ઉખેડી નાખે છે.

૧૨૭૫. મારા પર એ (મુશ્કેલી) આવી છે કે માણુસ જાત, જાનવર, ધાતુ અને ઝાડપાનને (પણ) મહાત કર્યા છે.

૧૨૭૬. આ બધું ખરેખર તો થોડો થોડો ભાગ છે (છતાં) તે આંખમાંથી જ છે. ભાવિ માઠી દશા રંગને પીળો બનાવે છે સુગંધ દુર્ગંધમાં (પલટાય) છે.

૧૨૭૭. તેથી જ જગત કોઈવાર ધીરજ ધરે છે. કોઈવાર ઉપકારી બને છે. બગીચો કોઈ વાર ફાલે છે તો કોઈ વાર ઉજ્જડ બને છે.

૧૨૭૮. ઉગતો સૂર્ય અગ્નિ જેવા રંગનો હોય છે. બીજે વખતે માથા તરફ ડૂબતો હોય છે.

૧૨૭૯. (અવકાશમાં) તારાઓ ચારેય દિશાઓએ પ્રકાશી રહ્યા છે. વખતો વખત બાળીને પીડા કરતા હોય છે.

૧૨૮૦. ચંદ્ર તારા ઓની ખૂબસૂરતીમાં વધુ ચડિયાતો છે. (તે પણ ક્યારેક) માનસિક બીમારીથી (પીડાતો) ભૂત જેવો (લાગે છે).

૧૨૮૧. આ પૃથ્વી શાંત અને કબજામાં આવેલીછે તે (પણ) ધરતીકંપના પ્રતાપે ભયંકર ઝંઝાવાતમાં ધકેલાય છે.

૧૨૮૨. અરે આ ઉતરતા દુશ્મન (ધરતીકંપ)ના પ્રતાપે દુનિયામાં કેટલાએ પહાડો નાજુક ટુકડાઓ અને રેતી બનેલા છે.

૧૨૮૩. આ હવા (જીવનના) પ્રાણ સાથે જોડાએલ છે. પરંતુ જ્યારે દૈવી નસીબ આવે છે ત્યારે તે તેને મેલું અને બદબોમાં ફેરવે છે.

મુશ્કેલી ને મહાત કર્યા.
માણસજાત
જાનવર
ઝાડપાન
ધાતુ
ચહેરો રતાશ = દિલના સંતોષ નો પડઘો.
પીળો : માંદી દશા. (સુગંધ ના દુર્ગંધ)

૧૨૮૪. જીવ સાથે મેળ મેળવે તેવું મીઠું પાણી. ખાબોચિયામાં (પડતાં) પીળું, ગંદુ અને ખારૂં બને છે.

૧૨૮૫. અગ્નિ કે જે તેના મોઢામાં લપટાએલ છે. (અહંકાર બન્યો છે) એક જ પવનની ફૂંક તેનું મૃત્યુ નિપજાવશે.

૧૨૮૬. દરિયાની હાલત (એવી છે કે જે) તેના ઉશ્કેરાટ અને ગભરાટમાંથી તેના બદલતા વિચારો (તમે) જોઈ શકો.

૧૨૮૭. ચક્કરની ફરતું આકાશ કે જે શોધવામાં અને ગોતવામાં (રોકાએલું છે) તેની સ્થિતિ તેના બચ્ચાંની સ્થિતિ જેવી છે.

૧૨૮૮. કોઈવાર નીચા, કોઈવાર મધ્યમાં, કોઈવાર સૌથી ઊંચા, નસીબદાર અને કમનસીબ ગ્રહોનાં ટોળાનાં ટોળાં છે.

૧૨૮૯. તારામાંથીજ, 'કુલ્લ'માંના બનેલો એ 'જૂજ' દરેક સાદી (વગર મેળવણીની) ચીજની હાલતને પકડ.

૧૨૯૦. તે મુજબ 'કુલ્લ' જ્યારે દુઃખ અને દિલગીરીમાં સહન કરે છે, તો પછી તેનો ભાગ પીળા ચહેરાનો કેમ ન બને?

૧૨૯૧. ખાસ કરીને એક બીજાથી વિરોધી હોઈ (તેવા) ભાગો ગોઠવાય છે. (જેવાકે) પાંણી અને જમીન, અગ્નિ અને હવા.

૧૨૯૨. તે અજાયબ જેવું નથી કે ઘેટું વરૂથી સંકોચાય છે, (પરંતુ) અજાયબતો એ છે કે આ ઘેટું વરૂના પડખામાં ઘૂસે (મિત્રતા કરે).

૧૨૯૩. જિંદગી સુલેહની વિરોધી છે, મોત એ તેઓ વચ્ચે ઉઠેલી લડાઈની સત્ય બીના છે.

૧૨૯૪. આ ઘણા દૂરના વિરોધીઓ સિંહ અને જંગલી ગધેડો (આ) બે વચ્ચેની મિત્રાચારી ખુદાની દયાના પ્રતાપે છે.

૧૨૯૫. જ્યારે દુનિયા બીમાર અને કેદી છે, ત્યારે બીમાર પસાર થઈ જાય તો તેમાં અજાયબી શું છે?

૧૨૯૬. આ દષ્ટિએ તે (સસલાએ) સિંહને શીખામણો સંભળાવી તે કહે, હું પાછળ રહી ગયો છું, તેનું કારણ આ બેડી છે.

સિંહનું સસલાને પીછેહઠનું કારણ પૂછવું.

૧૨૯૭. સિંહ તેને કહે, તારી તકલીફનાં બધાં કારણોમાં ખાસ કારણ શું છે? મને કહે. મારા કહેવાનો ભાવાર્થ આજ છે.

૧૨૯૮. તે કહે, પેલો સિંહ આ કૂવામાં છે, આ કિલ્લામાં તે કોઈ પણ ઈજાઓથી સહીસલામત છે,

૧૨૯૯. જે કોઈ ડહાપણ ધરાવે છે તે કૂવાનું તળિયું (રહેવા માટે) પસંદ કરે છે, કારણ કે રૂહાની આનંદ એકાંતમાં રહેવામાં જ છે.

૧૩૦૦. કૂવાનું અંધારૂં દુનિયાના છાંયડાના અંધારા કરતાં વધુ ઉત્તમ છે, જે કોઇ દુનિયાની ટોચ (ઊંચા સિંહાસને)પર રહે છે તે પોતાનું માથું બચાવી શકશે નહિ.

૧૩૦૧. સિંહ કહે, આગળ ચાલ મારો પ્રહાર તેને હમણાં જ તાબે કરશે, તેમાં જો કે તે સિંહ અત્યારે તેમાં છે?

૧૩૦૨. તેણે જવાબ આપ્યો, તેના ભયંકરપણાને લીધે હું ખચકાઉં છું. મહેરબાનીની રાહે તું મને તારા પડખાની બાજુએ લે.

૧૩૦૩. ઓ ઉદારતાની ખાણ, તારીજ મદદના પ્રતાપે હું મારી આંખો ઉઘાડી તે કૂવામાં જોઉં છું (પ્રતિબિંબ).

સિંહની કૂવામાં નજર કરવી અને પોતાનો તથા સસલાનો પડછાયો જોવો.

૧૩૦૪. જ્યારે સિંહે તેને પોતાની બાજુમાં લીધો ત્યારે તેણે સિંહના સંરક્ષણ નીચે કૂવા તરફ દોડવું શરૂ કર્યું.

૧૩૦૫. જેવું તેઓએ કૂવાના પાણીમાં જોયું, પાણીમાં સિંહ અને (સસલાના) પ્રતિબિંબ દેખાયાં.

૧૩૦૬. સિંહે પોતાનું પ્રતિબિંબ જોયું, પાણીમાં સિંહ અને તેની બાજુમાં હ્રુષ્ટપુષ્ટ સસલાનાં પ્રતિબિંબ દેખાયાં.

૧૩૦૭. જ્યારે તેણે પોતાનો હરીફ પાણીમાં જોયો. (કે તુરતજ) તેણે સસલાને મૂકીને કૂવામાં કૂદકો માર્યો.

૧૩૦૮. તેણે ખોદેલા કૂવામાં તે (પોતે જ) પડયો. તેનો અન્યાય તેના તરફ (પાછો) તેના માથા ઉપર જ આવતો હતો.

૧૩૦૯. પાપ કરનારાના અન્યાયો તેમના માટે અંધારા કૂવા બન્યા. એમ દરેક ડાહ્યા માણસોએ કહ્યું છે.

૧૩૧૦. જેમ વધુ અન્યાયી તેમ તેનો કૂવો વધારે ભયંકર. (દૈવી) ન્યાયે ભયંકર પાપ માટે ભયંકર સજાઓ ઠરાવી છે.

૧૩૧૧. ઓ તું કે જેણે અન્યાયથી બીજા માટે કૂવો ખોદયો છે (તો જાણ કે) તું તારા પોતાના જ ફંદામાં ફસાઈ જઈશ.

૧૩૧૨. તારી આજુબાજુ રેશમના કીડાની માફક (કોશેટો) ન ગુંથ. તું તારા પોતા માટે (પડવા) કૂવો ખોદી રહ્યો છે. નિયમનથી ખોદ (બહુ ઊંડો નહિ.)

'163' રૂ આનંદ- એકાંતમાં રહેવામાં જ છે

૧૩૧૩. નબળાને સાથીદાર વગરનો ન ધાર. કુરાનમાંની આ (આયત) પઢ. "જ્યારે ખુદાની મદદ આવી પહોંચશે."

૧૩૧૪. જો તું હાથી છો (તો) તારા દુશ્મનો તારાથી ભાગી જશે. વાહ! તેનો બદલો તારા તરફ પાછો ફરશે, "પંખીઓ ટોળામાં" (આ આયત પઢ)

૧૩૧૫. જો જગત પર કોઈ ગરીબ માણસ દયાની આજીજી કરે તો તેઓ પર આકાશી પરીશ્તાની ભારે ગરબડ પડશે (મદદ કરવાની)

૧૩૧૬. જો તું તેને તારા દાંત વડે કરડી લોહી કાઢીશ. તો દાંતની બીમારી તારા પર હુમલો કરશે. પછી તું શું કરીશ?

૧૩૧૭. સિંહે પોતાને કૂવામાં જોયો. પોતાના ગુસ્સામાં તે પળે પોતે દુશ્મનને જાણી શક્યો નહિ.

૧૩૧૮. તે પોતાના જ પ્રતિબિંબને પોતાનો દુશ્મન સમજ્યો. ખરી રીતે પોતે પોતાની તલવાર પોતા ઉપર જ વારી.

૧૩૧૯. અરે! ઘણા અન્યાયો તું બીજામાં જુએ છે, ઓ વાંચનાર, તેં તારી પોતાની ખાસિયતનું પ્રતિબિંબ તેઓમાં (પડેલું છે)

૧૩૨૦. જે ઢોંગ, અન્યાય અને ઉધ્ધતાઈ તારામાં છે. તે તેઓમાં દ્દષ્ટિએ પડે છે.

૧૩૨૧. તે (પાપ કરનાર) તું જ છો. અને તું જ તારા તરફ પેલા ફટકા મારે છે. તે પળે તને શ્રાપ આપનાર તું પોતે જ છો.

૧૩૨૨. તારા પોતામાં જે ખરાબી છે. તે તું પોતે જોતો નથી. નહિતર તું તને પોતાને ખરા દિલથી ધિક્કારતો થઈ જા.

૧૩૨૩. ઓ મૂર્ખ આદમી, તું તારા પોતાના જ ઉપર હુમલો કરે છે, જેમ સિંહે પોતાના તરફ જ હુમલો કર્યો.

૧૩૨૪. જ્યારે તું તારી પોતાની ખાસિયતના તળિયે પહોંચીશ (તપાસ કરીશ) તો પછી તું જાણી શકીશ કે જે ખરાબી છે તે તારા પોતાનામાંથી જ છે.

૧૩૨૫. સિંહને (કૂવાને) તળિયે ખબર પડી કે સિંહ જે તેને દેખાતો હતો તે બીજો નહિ પણ પોતાનું જ પ્રતિબિંબ હતું.

૧૩૨૬. જે કોઈ ગરીબ કંગાળના દાંત તોડે છે. (દુ:ખ આપે છે) તે સિંહની માફક જુઠું જોએલ (પ્રતિબિંબ) માફક કરે છે.

૧૩૨૭. જો તું તારા કાકાના ચહેરા પર ખરાબ ભાવ જુએ તો (તું જાણ કે) તારો કાકો ખરાબ નથી. (પરંતુ) તે તું જ છો. તારા ખુદથી ભાગી જા.

૧૩૨૮. 'દર્પણ એક બીજા તરફ વફાદાર હોય છે.' આ કહેવત હ. રસુલે ખુદા તરફથી કહેવામાં આવી છે.

તુ તારા ઉપર જ હુમલો કરે છે
તું જ છો. તારા ખુદથી ભાગી જા.

૧૩૨૯. જો તું તારી આંખ સામે ભૂરો કાચ પકડીશ. તો તેના પ્રતાપે જગત તને ભૂરું દેખાશે.

૧૩૩૦. જો તું આંધળો ન હોત તો જાણુ કે તે ભૂરો રંગ તારા પોતામાંથી આવે છે. તારા પોતા માટે હલકું બોલ (ઠપકો આપ). બીજા કોઈ માટે હલકી વાણી ન ઉચ્ચાર.

૧૩૩૧. જો ખરો ઈમાનદાર ખુદાઈ નૂરથી ન જોતો હોય તો ખરા ઈમાનદારને ન દેખાતી ચીજો કેવી રીતે ચોકખી દેખાય છે.

૧૩૩૨. તેજ પ્રમાણે તું જો ખુદાના કોપના પ્રતાપે જો તો હો તો તું ભલા અને બૂરાઈ વચ્ચેનો તફાવત સમજી શકીશ નહિ.

૧૩૩૩. થોડું થોડું પાણી અગ્નિ ઉપર છાંટતો જા. (કે જેથી) એ દુઃખમાં ડૂબેલા તારી અગ્નિ પ્રકાશ બની જાય.

૧૩૩૪. ઓ અમારા માલિક તું (પોતે જ) પવિત્રતાભર્યું પાણી છાંટ, કે જેથી આ દુનિયાનો આતશ સંપૂર્ણ પ્રકાશ બની જાય.

૧૩૩૫. સઘળા સમુદ્રોનું પાણી તારા જ તાબે છે. પાણી અને અગ્નિ (સઘળી) ઓ માલિક, તારા જ છે.

૧૩૩૬. જો તું ઇચ્છા કરે તો અગ્નિ મીઠું પાણી બની જાય. પરંતુ જો તું ઇચ્છા ન કરે તો પાણી પણ અગ્નિ બની જાય.

૧૩૩૭. આપણામાં આ મહત્ત્વાકાંક્ષા અસ્તિત્વમાં તારાથી જ લાવવામાં આવી છે. ઓ માલિક, આ ખરાબીમાંથી છૂટવું એ (પણ) તારી બક્ષિશ છે.

૧૩૩૮. (અમારી ઈચ્છા વગર તેં અમોને આ મહત્વાકાંક્ષા આપશો છે. તેં જ અમો ને અસંખ્ય અંત વગરની બક્ષિશો અર્પી છે.

સસલાનું શિકારના પશુઓ પાસે સિંહના કુવામાં પડ્યાના સમાચાર લઈ આવવા.

૧૩૩૯. જ્યારે સસલું (સિંહના પંજામાંથી) મુક્ત થયું, કે તેના આનંદનો પાર ન રહ્યો, (પછી) તેણે જનાવરો તરફ છોડેલી જગ્યા સુધી દોડવા માંડયું.

૧૩૪૦. કૂવામાં સિંહને દયાજનક રીતે મરાએલા જાણી તે ચરાસુધી આખે રસ્તે આનંદથી કૂદતો જતો હતો.

૧૩૪૧. તે મોતના પંજામાંથી છૂટયો હોઈ બન્ને હાથથી તાલીઓ પાડતો હતો. હવામાં ડાળીઓ અને પાન ખુશમિજાજમાં નાચે છે (તેમ).

૧૩૪૨. ડાળીઓને પાંદડાંને જમીન ઉપરની કેદમાંથી આઝાદી મળી. તેઓનાં મસ્તકો ઊંચા થયા અને હવાના સાથીઓ બની ગયાં.

૧૩૪૩. પાંદડાઓં, જ્યારે તેઓએ ડાળીમાંથી જુદા થઈને ઝાડના ટોચ સુધી પહોંચવાની ઉતાવળ કરી.

૧૩૪૪. બી માંથી બહાર પડતા ફણુગા અને દરેક ફળ અને ઝાડ દરેક પોતાની જીભે ખુદાના ગુણુગાન ગાતા હોય છે.

૧૩૪૫. કહેવામાં આવ્યું, કે કીર્તિવંત દેનારે અમારા મૂળને ઉછેર્યું. ત્યાં સુધી કે ઝાડ મોટું થયું અને સીધું ઉભું રહેવા પામ્યું.

૧૩૪૬. (તેજ પ્રમાણે) રૂહ માટીમાં બંધાએલો છે, જ્યારે તેમાંથી નાસી છૂટે છે ત્યારે માટીના કેદખાનામાંથી છૂટતાં દિલમાં ખુશ થાય છે,

૧૩૪૭. (તે) હવામાં ખુદાઈ પ્રેમમાં ખામી રહિત બનેલા પૂનમના ચંદ્રમાની ગોળાની માફક નાચવા લાગે છે.

૧૩૪૮. તેઓનાં શરીરો અને તેઓના આત્મા નાચે છે. ના. ના. પૂછ નહિં કે (તેઓના આત્મા કેવા બન્યા) અને પેલી વસ્તુઓ કે જેમાંથી આત્માને ખુશી મલે છે. તે પૂછ નહિ.

૧૩૪૯. સસલાએ સિંહને કેદમાં પૂર્યો. શિંહ ઉપર શરમ છે! જે સસલાને લીધે કેદી બન્યો.

૧૩૫૦. તે આવીજ અપમાનિત દશામાં છે અને છતાં આ કેવી વિચિત્રતા છે કે 'ફખરૂદીન'. (મઝહબની મગરૂરી) જેવા લકબોથી સંબોધવામાં આવે છે.

૧૩૫૧. ઓ સિંહ, તું કે જે આ એકાંત કૂવાને તળિયે પડેલો છે, તારા સસલા રૂપી જીવે (નફસે) તારૂં લોહી વહેવડાવી પીધું છે.

૧૩૫૨. તારો સસલા રૂપી જીવ જંગલમાં ચારો ચરે છે, જ્યારે તું "કેમ" અને "શા માટે" ના કૂવાના તળિયે પડેલો છે!

૧૩૫૩. સિંહને સપડાવનાર (સસલું) હર્ષનાદ કરતું પશુઓ તરફ દોડી ગયું. ઓ લોકો આનંદ કરો, ખુશીયાલીની જાહેરાત કરનાર આવી પહોંચ્યો છે.

૧૩૫૪. શુભ સમાચાર, શુભ સમાચાર! ઓ ખુશીયાલી ઉજવનાર સમૂહ, તે નર્કનો કૂતરો નર્કમાં પાછો ગયો છે.

૧૩૫૫. શુભ સમાચાર, શુભ સમાચાર! તેના પેદા કરનારના વેરે તમારી જિંદગીના દુશ્મનના દાંત ઉખેડી નાખ્યા છે.

૧૩૫૬. તે કે જેણે ઘણાનાં માથાં તેના પંજા વડે ચીરેલાં, મોતની સાવરણી તેને પણ કચરાની માફક તાણી ગઈ.

જંગલના પશુઓનું સસલાની આસપાસ ભેગું થઈ તેના વખાણ કરવાં.

૧૩૫૭. બધાં જંગલના જનાવરો ભેગા થઇ અત્યાનંદ અને ઉશ્કેરાટભર્યાં હર્ષથી ડોલતાં હતાં.

૧૩૫૮. તેઓએ ગોળ કૂંડાળું કર્યું. તે (સસલું) વચ્ચે (બેઠું) જાણે કે મીણબત્તી, બધાં જનાવરોએ તેને માનપૂર્વક વંદન કર્યું,

સસલું : જીવ : નફસ
જંગલમાં ચારો ચરે છે.

૧૩૫૯. શું તુ દૈવી ફિરસ્તો કે પરી છો? ના. તું તો ઝનૂની સિંહનો મોતનો ફિરસ્તો છો.
૧૩૬૦. તું જે પણ હો, અમારા આત્માઓ તારા ઉપર કુરબાન છે. તું ફાવી ગયો છે. તારા હાથ અને પંજા (વધુ) મજબૂત બનો. (એવી દુઆ કરીએ છીએ.)
૧૩૬૧. ખુદાએ આ પાણીને ઝરામાં ફેરવી નાખ્યું. તારા હાથ અને બાવડાને અમારા ધન્યવાદ છે.

૧૩૬૨. અમોને સમજાવ કે, તે સિંહ સાથે કેવી કપટી મસલેહત કરી, અને તે કેવી રીતે કપટથી તે ચંડાળનો નાશ કર્યો?
૧૩૬૩. અમોને સમજાવ કે, જેથી આ વાત અમારા (દિલના) રોગનો (મૂંઝવણનો) નાશ કરે. અમોને સમજાવ જેથી અમારા આત્માઓને નિરાંત થાય.
૧૩૬૪. પેલા ખૂનીના અન્યાયે અમારા આત્માઓમાં લાખો જખમો કરેલા છે.

૧૩૬૫. તેણે કહ્યું, મહેરબાનો! તે તો ખુદાની (ગૈબી) મદદનું જ (પરિણામ છે) નહિતર દુનિયામાં સસલું શું છે? (કે આવું કામ કરી શકે?)
૧૩૬૬. તેણે (ખુદાએ) મને શક્તિ અર્પણ કરી. અને મારા દિલમાં પ્રકાશ આપ્યો અને તે પ્રકાશે મારા હાથ અને કાંડામાં જોર આપ્યું.
૧૩૬૭. ખુદામાંથી જ (મને) (ઊંચે દરજ્જે લઈ જવાની) પસંદગી આવી. અને ખુદામાંથી જ ફેરફારો પણ આવે છે (જે ઇન્સાનને નીચી હાલતે લઈ જાય છે) ખુદા ↑↓ નીચે
૧૩૬૮. ખુદા આવી રીતે ક્રમે ક્રમે શક ધરાવનારા અને શોધનારાઓને (એક સરખી રીતે) ફેરવતો આ દૈવી મદદ ખુલ્લી કરે છે.
૧૩૬૯. કાળજી રાખ, પસાર થતી બાદશાહીમાં બહુ ખુશી નથી. ઓ તું કે જે તડકા છાંયડાની બેડીમાં બંદીવાન છો. સ્વતંત્ર હોવાનું વર્તન ન રાખ.
૧૩૭૦. તેઓ કે, જેઓ માટે તડકા છાંયડાથી પર હોવાની બાદશાહી તૈયાર થએલી છે તેમના માટે (બાદશાહી) વાજીંત્રો સાતેય ગ્રહોમાં વાગે છે.
૧૩૭૧. તડકા છાંયડાની પર હંમેશાં હૈયાતી ધરાવતા બાદશાહો છે. તેઓના આત્માઓ નિરંતર (રૂહાની) જામ પીવડાવનાર સહિત ફરતા હોય છે.
૧૩૭૨. જો તું આ (દુન્યવી ખુશીઓને) એક બે દિવસ (ટૂંકી દુન્યવી જિંદગી માટે) પીવાનું (ભોગવવી) છોડી દઈશ, તો તારૂં મોઢું બેસ્તના પીણામાં ડૂબશે.

(હદીસ) નું વિવરણ, આપણે નાની લડાઈમાંથી મોટી લડાઇ તરફ પાછા ફર્યા છીએ."

૧૩૭૩. ઓ બાદશાહો, આપણે બહારના દુશ્મનનો સંહાર કર્યો છે (પરંતુ) આપણી અંદર તેનાથી પણ વધુ ખરાબ દુશ્મન બાકી રહ્યો છે.
૧૩૭૪. આ (દુશ્મનનો) નાશ કરવો એ સમજણ તથા હોંશિયારીનું કામ નથી. અંદરનો સિંહ સસલાથી તાબે થાય તેવો નથી.

ખુદાએ → શક્તિ → મારા દિલમાં પ્રકાશ
↓
પ્રકાશે મારા હાથ
કાંડામાં જોર આપ્યુ

૧૩૭૫. આ (નફ્સે અમ્મારા) દોજખ છે અને આ દોજખ અઝદાહ (અજગર) છે (કે જેની અગ્નિ) સમુદ્રો (ના પાણીથી) બૂઝાવી શકાતી નથી.

૧૩૭૬. તે સાતેય સમુદ્રો (નું પાણી) પી જશે તો પણ પેલા પેદા થનારા વાપરનારાની જ્વાળા ઓછી થશે નહિ.

૧૩૭૭. પથ્થરો અને પથ્થર જેવા દિલના નાસ્તિકો કંગાળ અને શરમ ભરેલા તેમાં દાખલ થાય છે.

૧૩૭૮. (પણ) છતાં આ બધા ખોરાકથી તે શાંત થશે નહિ. જ્યાં સુધી ખુદા તરફથી તેને આ હુકમ ન આવે ત્યાં સુધી.

૧૩૭૯. શું તું ધરાઈ ગયો છે? શું તું ધરાઈ ગયો છે? તે કહે છે, હજી નહિ. અરે? અહીં અગ્નિ છે, અહીં ચળકાટ છે, અહીં આગ બળી રહી છે.

૧૩૮૦. તેનાથી મોઢું ભરાઈ જાય, આખું જગત ફુલીજાય, (તોપણ) તેનું પેટ જોશથી બૂમ પાડે છે, શું ત્યાં આનાથી વધારે છે?

૧૩૮૧. ખુદા (પોતાની બાદશાહી) "લામકાં" પર પગલાં મૂકે છે. હુકમ કરે છે, શાંત થા અને (શાંત) થઈ જાય છે.

૧૩૮૨. તેજ પ્રમાણે આ આપણી ખુદી એ નર્કનોજ ભાગ છે,અને બધા ભાગોમાં આખા અંગની પ્રકૃતિ હોય છે.

૧૩૮૩. માત્ર ખુદાનેજ તેને મારવાનો પગ (શક્તિ) છે, ખરેખર ખુદાજ તેના પર બાણ છોડશે (તેને જીતવા).

૧૩૮૪. માત્ર સીધું તીરજ ધનુષ્ય પર મુકવામાં આવે છે, પણ આ ધનુષ્યનાં (નફ્સનાં) તીર વાંકા વળેલાં અને તૂટેલાં ફૂટેલાં છે.

૧૩૮૫. તીરની માફક સીધો બની જા, અને ધનુષ્યથી નાસી જા, શક વગરની (વાત છે) કે સીધું તીરજ ધનુષ્યથી સીધું ઉડે છે.

૧૩૮૬. (હવે) હું જ્યારે જાહેરી યુદ્ધથી પાછો ફર્યો છું. ત્યારે મેં મારો ચહેરો અંદરના યુદ્ધ તરફ ફેરવ્યો છે.

૧૩૮૭. જ્યારે હું નાની જેહાદ (લડાઈ)માંથી પાછો ફર્યો છું. ત્યારે અમે હ. પયગમ્બર (ર. સ. અ) સાથે રહી મોટી લડાઈમાં ઝંપલાવ્યું છે.

૧૩૮૮. હું ખુદા પાસે શક્તિ અને મદદ માટે ગીરીયાઝારી કરૂં છુ. અને (મારાનફ્સને જીતવા માટે) ફખર કરૂં અને આ કાફ પર્વતને સોયની અણીથી મૂળસાંથી ઉખેડું.

૧૩૮૯. સિંહ કે જે દુશ્મનોની લાંબી કતાર તોડે છે તેને ગણત્રીમાં નાંના ગણ. પણ (ખરો) સિંહ તે છે જે પોતાને તોડે છે (નફ્સને જીતે છે)

મોમનોના સરદાર હ. ઉમર (ખુદા તેમની પર રાજી રહે) રૂમના એલચીનું તેમને મળવું અનેખુદાની દયાથી હ.ઉમર (ર.) ઉપર થએલી બક્ષિશોની સાક્ષી આપવી.

નફ્સેઅમ્મારા = દોઝખ છે = અજગર
ખુદી = નર્કનોજ ભાગ છે
તીર: (નફ્સના)

૧૩૯૦. હ. ઉમર (૨) પાસે મદીનામાં રૂમના શહેનશાહ તરફથી એક એલચી પહોળા રણમાંથી (પસાર થઇ) આવ્યો.

૧૩૯૧. તેણે કહ્યું, તમો ઓ ખિદમતગારો, ખલીફનો રાજમહેલ કયાં છે? કે જેથી હું મારો ઘોડો અને સામાન તે તરફ લઈ જાઉં.

૧૩૯૨. ટોળાએ તેને કહ્યું, તેની પાસે રાજમહેલ નથી. હ. ઉમર (૨)નો (માત્ર) મહેલ તેનો સુશોભિત આત્મા છે.

૧૩૯૩. જો કે મોમીનોના સરદાર તરીકે તેની ખૂબ જ ખ્યાતિ છે. (તો પણ) ગરીબ જેવી એક ઝૂંપડી સિવાય બીજું કાંઈ રહેવાનું નથી.

૧૩૯૪. ઓ ભાઇ, તું તેનો મહેલ કેવી રીતે નજરે નિહાળીશ? જ્યારે તારા દિલની આંખમાં વાળ ઉગ્યા છે.

૧૩૯૫ તારા દિલની આંખમાંથી વાળ અને ખામીની સાફસૂફી કર અને પછી તેના મહેલની ઓળખ માટે આશા રાખ.

૧૩૯૬ જેણે પોતાનો આત્મા વિષયવાસનામય વિચારોથી સાફ કર્યો, તો તે તુરત જ તેની હજૂરમાં તેના પવિત્ર દરવાજામાં દાખલ થશે.

૧૩૯૭. જ્યારે હ. મુહમ્મદ (ર. સ. અ.) એ આ અગ્નિ (વાસના) અને ધુમાડો (આવેગો) ની સાફસૂફી કરી જે તરફ તેણે તેનો ચહેરો ફેરવ્યો (તે તરફ) ખુદાનો ચહેરો હતો (જોયો)

૧૩૯૮. જો તું ગંદી (સેતાની) હલકી સુચનાઓનો મિત્ર થઇશ તો "ત્યાં ખુદાનો ચહેરો છે." તેનો (ખરો અર્થ) કેમ જાણી શકીશ?

૧૩૯૯. જેના દિલનો દરવાજો ખોલવામાં આવ્યો છે, તે દરેકે દરેક શહેરમાંથી સૂરજ (ચમકતો) જોઈ શકે છે.

૧૪૦૦. ખુદા બીજાઓની અંદર તે જ પ્રમાણે દેખાય છે જેમ તારાઓની આજુબાજુ ચંદ્રમા (દેખાય છે.)

૧૪૦૧. તારી બન્ને આંખો ઉપર તારી આંગળીના છેડા દબાવીશ. તો શું તને જરા જેટલું પણ જગત દેખાશે? ઈન્સાફ કર. (કબૂલ કર કે જોઇ શકાશે નહિ).

૧૪૦૨. જો કે તું જગતને જોઇ શકીશ નહિ છતાં જગત હસ્તી ધરાવતું નથી એમ નથી, તારા હલકા નફસની આંગળીઓની ખામી તને બચાવી શકશે નહિ.

૧૪૦૩. આવ, તારી આંગળીઓ આંખો ઉપરથી ઉપાડી લે, અને પછી તારી ઈચ્છામાં આવે તે જો.

૧૪૦૪. હ. નુહને તેના લોકોએ કહ્યું, "દૈવી ઉતરનાર કોપ કયાં છે? તેણે જવાબ આપ્યો, પેલી બીજી બાજુએ. "તેઓ પોતાના કપડાંથી પોતાને છૂપાવે છે."

૧૪૦૫ તમે તમારા ચહેરા અને માથાં કપડામાં ઢાંકયા છે. જરૂરિયાતની તમોને આંખો છે છતાં દેખતા નથી.

૧૪૦૬. માણુસ આંખ છે. બાકીની (બધી કિંમત વગરની) ચામડી છે. પેલી (આંખની) નજર (એવી હકીકતી બનાવ) કે પ્યારાના દીદાર કરે.

૧૪૦૭. જ્યારે પ્રિયતમને જોવાની દૃષ્ટિ નથી (તો) તે (આંખ) આંધળી હોવી વધુ સારૂં છે. જે પ્રેમી નિરંતર રહેનાર ન હોય તો તે (નજરથી દૂર રહે તે) વધું સારૂં છે.

૧૪૦૮. જ્યારે રૂમના એલચીએ આ તાઝગી ભરેલા શબ્દો સાંભળ્યા ત્યારે તેની દિલ ચશ્પી અતિ ગણી વધી ગઈ.

૧૪૦૯. તેણે પોતાની દૃષ્ટિ (ધ્યાન) ઉમરને શોધવામાં લગાડી. તેનો સરસામાન અને ઘોડો ભલે ગુમ થાય.

૧૪૧૦. તે (એલચી) મહાન સિધ્ધિ મેળવનાર (ઉમર)ની પાછળ દરેક દિશાએ જતો હતો. ભાન વગર તેની શોધ કરતો હતો.

૧૪૧૧. (તે) કહેતો જતો હતો કે દુનિયામાં આવો માણુસ હોઈ શકે કે જે રૂહની માફક દુનિયાથી સંતાએલો હોય?

૧૪૧૨. તેણે તેને શોધ્યો. (કે જેનો) તે ગુલામ બની રહે. અનિવાર્ય રીતે શોધનાર પામનાર બની રહે છે.

૧૪૧૩. રણુની એક અરબ સ્ત્રીએ જોયું કે તે અજાણ્યો છે. તેણીએ (તેને) કહ્યું, જો હ. ઉમર (૨) પેલા ખજુરના ઝાડ નીચે છે.

૧૪૧૪. તે મનુષ્યોના સહવાસથી દૂર ત્યાં ખજુરીના ઝાડ નીચે છે, ખુદાનો પડછાયો નિહાળ, જે છાયામાં સૂતો છે.

ખજુરીના ઝાડ નીચે સુતેલા હ. ઉમર (૨.) ને રૂમના એલચીનું શોધવું.

૧૪૧૫. તે નજીક આવ્યો અને થોડે દુર ઉભો રહ્યો તેણે હ. ઉમર (૨)ને જોયા અને (પોતે) ધ્રુજતો નીચે પડયો.

૧૪૧૬. પેલા ઝોકાં ખાતા માણુસમાંથી ભયયુક્ત માન એલચીના (દિલમાં) પેદા થયું. તેના આત્મામાં એક આનંદની લહેરી પસાર થઈ ગઈ.

૧૪૧૭. પ્રેમઅને ભય ભરેલું માન એક બીજાના વિરોધી છે, તેણે તેના દિલમાં બન્ને ભેગાં થએલાં જોયાં.

૧૪૧૮. તેણે પોતાના દિલમાં કહ્યું, મેં (ઘણા) રાજાઓ જોયા છે, બાદશાહોની હજુરમાં મને પસંદ કરાએલા જેવું મહાન માન મલતું હતું.

૧૪૧૯. મને બાદશાહોના ભયયુક્ત માન કે ભયની પરવા નથી, પરંતુ આ માણુસના માનમાં મારી બુદ્ધિ શક્તિ હરાઈ ગઈ છે.

૧૪૨૦. હું સિંહો અને વાઘોના જંગલોમાં ગએલો છું. પરંતુ તેઓના લીધે મારા ચહેરામાં (કદી) ફેરફાર થયો નથી.

૧૪૨૧. જ્યારે લડાઇના મેદાનમાં (લડવા માટે) હાર ગોઠવવામાં આવે છે, ત્યારે ભયંકર સંજોગો વચ્ચે પણ હું સિંહની માફક ઝનૂની બનું છું.

માણસ = આંખ છે

૧૪૨૨. મેં ઘણા સખત ઘા ખાધા છે. અને (બીજાઓને પણ) લગાવ્યા છે. બીજા બધાઓ કરતાં મારા દિલમાં હું વધુ મજબૂત છું.

૧૪૨૩. આ માણસ હથિયાર વગર જમીન પર સૂતો છે. (અને છતાં) હું મારા તમામ અવયવોથી ધ્રુજી રહ્યો છું તેનું શું કારણ છે?

૧૪૨૪. આ ભયયુક્ત માન ખુદા તરફથી છે, એ કોઇ પેદા થએલી હસ્તીઓથી નથી. આ ભય આ માણસ કે જેણે દરવીશનો ઝબ્બો પહેર્યો છે તેનાથી નથી.

૧૪૨૫. જે કોઈ ખુદાથી બીએ છે. અને ખુદાની બીક રાખવી પસંદ કરે છે (ધર્મ સમજી) જીન અને માણસ જાત દરેક કે જે તેને જુએ છે, તે તેનાથી બીએ છે.

૧૪૨૬. આમ ધ્યાન પૂર્વક વિચારી તેણે પોતાના બન્ને હાથ માન દર્શાવવા બાંધ્યા. થોડી વારમાં હ. ઉમર (ર.) ઉંઘમાંથી જાગ્યા.

રૂમના એલચીની હ. ઉમર (ર) ને સલામ કરવી.

૧૪૨૭. તેણે હ. ઉમર (ર) ને માનપૂર્વક સલામ કર્યા. પયગંબર સાહેબની હદીસ છે કે (પહેલાં) સલામ કરો પછી વાત કરો.

૧૪૨૮. પછી તેણે (હ. ઉમરે) કહ્યું, તને મુબારક બાદ છે. તેમણે તેને પોતાની પાસે બોલાવ્યો. તેને દિલાસો આપ્યો અને નજીક બેસવા ફરમાવ્યું.

૧૪૨૯ જેઓ બીએ છે. તેમને "તું બી નહિ" એ દરખાસ્તં મહેમાનગીરીની (નિશાની છે) જેઓ બીએ છે તેમના માટે એ યોગ્ય સ્વાગત છે.

૧૪૩૦. જ્યારે કોઈ બીએ છે ત્યારે તેને (નહિ બીવાનું) આશ્વાસન આપવામાં આવે છે. તેઓ તેના દિલની બીકને મીઠા શબ્દોથી શાંત પાડે છે.

૧૪૩૧. જેને કોઈ બીક નથી તેને "તું બી નહિ." એમ કેમ કહે? (તેને) તેવી શીખામણ શા માટે આપે છે? તેને તેવી શીખામણની જરૂર નથી.

૧૪૩૨. તેણે (હ. ઉમર) (ર) એ મૂંઝાતા દિલવાળાને ખુશીમાં આણ્યો. અને તેના મૂંઝાતા દિલને (આનંદથી) પુલકિત કર્યું.

૧૪૩૩. ત્યારબાદ તેણે તેને ગૂઢ સંભાષણો સંભળાવ્યા; ખુદાના પવિત્ર સંબંધ વિષે, કે ખુદા કેવો ભલો મિત્ર છે!

૧૪૩૪. અને ખુદાનું તેના વલીઓ તરફનું માયાળુપણું (સંભાળાવ્યું) એટલા માટે કે કે તે (એલચી) મુકામ (નો અર્થ) અને હાલ (બદલાની સ્થિતિનો અર્થ) જાણી શકે.

૧૪૩૫. તે ખૂબસૂરત નવોઢાએ ઢાંકેલો ઘૂંઘટ ખુલે તેને "હાલ" કહેવામાં આવે છે. અને જ્યારે નવોઢાનું (પતિ–રાજા) સાથેનું એકાંતમાં મિલન થવું, તેને મુકામ (કહે છે).

૧૪૩૬. પડદો ઉંચકાયાની વખતે એ રાજા અને બીજાઓ સાક્ષી પૂરતા હોય છે. (પરંતુ) (નવોઢા) સાથે તે કીર્તિવંત બાદશાહનું એકાંતમાં હોવા વખતે બીજું કોઈ હોતું નથી.

૧૪૩૭. નવોઢા, સામાન્ય અને અમીરો (બન્નેની) પાસે ઘૂમટો ખોલે છે, પરંતુ લગ્ન મંડપમાં રાજા સાથે નવોઢા એકલી હોય છે.

૧૪૩૮. સૂફીઓમાં ઘણા આ 'હાલ'ના આનંદ માણતા હોય છે (પરંતુ) 'મકામ' ના દરજ્જે પહોંચ્યા હોય તેવા કોઈ વિરલ જ હોયછે.

૧૪૩૯. તેણે (હ. ઉમર (ર.)) એ તેને સફર કરતા રૂહના સ્થળોની માહિતી આપી. અને તેને રૂહની મુસાફરીઓની પણ યાદી આપી.

૧૪૪૦. તે વખત કે જે વખત કદી રદ નથી થતો. જે 'પવિત્ર'નું રહેઠાણ (અર્શે અઝીમ) જે નિરંતર સુશોભિત છે (તેની પણ યાદી આપી).

૧૪૪૧. વાતાવરણ કે જેમાં રૂહાની 'સીમર્ગ' આ દુન્યવી જિંદગી પહેલાં પણ ઉડ્યો છે. અને (ખુદાની દયાની) લિજ્જતનો અનુભવ કર્યો છે.

૧૪૪૨. તેની માત્ર એકજ ઉડ્ડયન દુન્યવી ક્ષિતિજ કરતાં વધુ લાંબી હોય છે, પ્રેમીના ચાહવાની આશા કે ઉત્કંઠા કરતાં પણ વધારે.

૧૪૪૩. જ્યારે હ. ઉમર (ર.)ને તે અજાણ્યો દોસ્ત માલમ પડ્યો; (જાણ્યું કે) તેનો આત્મા (દૈવી) ભેદો જાણવાની તલાશમાં છે.

૧૪૪૪. શેખ (હ. ઉમર (ર.)) એક્કો (હોંશિયાર) હતો. અને મુરીદ (એલચી) આતુર હતો. ઉતાવળો માણસ (ઘોડેસ્વાર ચાલાક) હતો. પશુ (ઘોડો) બાદશાહી તબેલાનો હતો.

૧૪૪૫. તે રૂહાની દોરવણી આપનાર (હ. ઉમર (ર))ને જણાયું કે તે (એલચી) રૂહાની (દોરવણી) સમજી શકે તેવો હતો. તેણે સારી જમીનમાં સારાં બી વાવ્યાં.

રૂમના એલચીનો તેને (હ. ઉમર (ર.))ને સવાલ કરવો.

૧૪૪૬. તે માણસે તેને કહ્યું, ઓ મોમનોના સરદાર, રૂહ ઉપરથી જમીન પર કેમ આવ્યો.

૧૪૪૭. અનંત પક્ષી પીંજરામાં કેમ આવ્યું ? તેણે જવાબ આપ્યો, ખુદાએ "શબ્દો" ઉચ્ચાર્યા અને રૂહાની પર જાદુ (અસર) પડી.

૧૪૪૮. જ્યારે તે જે અસ્તિત્વમાં ન હોય આંખ કે કાન ન હોય તેના પર "શબ્દો" ઉચ્ચારે છે (તો તે ખુદાના) શબ્દો થકી તેઓ હાલવા ચાલવા માંડે છે.

૧૪૪૯. તેમના (ખુદાના) 'શબ્દો' થકી અસ્તિત્વ ન ધરાવતું રૂપ તેજ પળે અસ્તિત્વમાં આવી ખુશાલીમાં નાચતું હોય છે.

૧૪૫૦. જ્યારે તે ફરીવાર રૂપમાં આપેલ ઉપર 'શબ્દ' ઉચ્ચારે છે. એ શબ્દ થકી અસ્તિત્વમાં આવેલની હસ્તી મટી જાય છે.

૧૪૫૧. તેણે ગુલાબના કાનમાં 'શબ્દ' ઉચ્ચાર્યો અને તેને હસતું કર્યું (ખીલ્યું) તે પથ્થર પર (શબ્દ) બોલ્યો અને તેને ખાણનો હીરો બનાવ્યો.

સૂફીઓમાં - હાલમાં આનંદ ઘણા
'મકામ' = ના દરજ્જે = કોઈ વિરલ

૧૪૫૨. તેણે શરીરને સંદેશો કહ્યો, તેથી તે રૂહ બન્યો. (શરીરમાં પ્રવેશ્યો.) તેણે સૂર્યને શબ્દ કહ્યો, (તેથી) તે તેજસ્વી બન્યો.

૧૪૫૩. ફરીવાર તે તેના કાનમાં ભયયુક્ત કહેણુ મુકે છે (સંભળાવેછે) અને સૂર્યના ચહેરા પર સેંકડો ગ્રહણ નડે છે.

૧૪૫૪. તે ઉચ્ચારનારા વાદળાના કાનમાં શું ગાય છે તે ધ્યાનમાં લે કે જેથી તે મસકની માફક પોતાની આંખોમાંથી આંસુ (વરસાદ) રેડે છે.

૧૪૫૫. પૃથ્વીના કાનમાં ખુદાએ શું ગાયું છે તે ધ્યાનમાં લે. તેથી (ગાળાના પ્રતાપે)તે ધ્યાન આપવા જેવી ચુપ (શાંત) રહી છે.

૧૪૫૬. જે ગુંચવણમાં છે તે ઉઝરડાથી (અજ્ઞાનથી) દુઃખમાં છે. ખુદા તેના કાનમાં આ આંટીઘુંટી (વિષે) બોલ્યો છે.

૧૪૫૭. કે તે તેને બે (શકભર્યા) વિચારોની કેદમાં બાંધે (વિચારે છે), મને જે કહેવામાં આવ્યું તે કરૂં કે તેનાથી ઉલટું ?

૧૪૫૮. ખુદાના હુકમ થકી એક બાજુ વધારે અગત્યતા મેળવે છે, તે દૈવી દ્વાર થકી બે માંથી એક પસંદ કરે છે.

૧૪૫૯. જો તારું અંતકરણ (ગૂંચવણની) હાલતમાં ન હોય તો તું આ રૂનું પૂંમડું તારા રૂહાની કાનમાં ન ખોસ.

૧૪૬૦. કે જેથી તું તેની આંટી ઘુંટીઓ સમજી શકે. કે જેથી તું ખુલ્લી અને અદૃશ્ય નિશાની નિહાળી શકે.

૧૪૬૧. પછી રૂહાની કાન 'વહી' (સંદેશો) ઉતરવાની જગ્યા બને છે, ખુદાઈ સંદેશો 'વહી' શું છે ? ઈંદ્રીયની સમજથી છૂપેલ સંભાષણ.

૧૪૬૨. રૂહાની કાન અને આંખ ઇંદ્રીયની સમજથી જુદા જ છે. (સમજને દૂર લઈ જનાર) કાન અને સમજનો કાન આ (દિવ્ય સંદેશ) રહિત છે.

૧૪૬૩. પ્રેમની ખાતર ફરજીયાત શબ્દ મને અધીરો બનાવે છે. જે પ્રેમી નથી તેને ફરજીયાતની (કેદમાં) બંધનમાં નાખે છે.

૧૪૬૪. આ ખુદા સાથે એકતા છે. અને તે ફરજિયાત નથી. આ ચંદ્રમાના પ્રકાશ મુજબ ચોકખું છે. આ કાંઈ વાદળ નથી. (કે ટકાએલું રહે)

૧૪૬૫. જો આ ફરજીયાત હોય તો તે જેમ નીચ (સહન કરે છે પાપની સજા) તેમ ફરજીયાત નથી. 'નફ્સે અમારા'ની હલકાઈ ને તાબે થનારે (કરેલી મહેનત) મુજબ ફરજીયાત નથી.

૧૪૬૬. ખુદાએ જેઓના દિલની દૃષ્ટિ વિશાળ કરી છે. ઓ પુત્ર, તેઓજ આ ફરજીયાતનો ખરો અર્થ જાણે છે.

૧૪૬૭. તેઓ ભવિષ્યની ન દેખાતી હકીકતો નજરે નિહાળે છે, તેઓની ભૂતકાળની યાદી નહિવત્ બને છે.

રૂહ કાન, આંખ ⇒ ઈન્દ્રીય સમજ થી જુદા છે.
ખુદા સાથે ની એકતા = ફરજીયાત નહિ
દિલ દ્રષ્ટિ વિશાળ છે = તે ફરજીયાતનો અર્થ જાણે છે

૧૪૬૮. તેઓની સ્વતંત્ર ઇચ્છા અને ફરજીયાત (સામાન્ય માણસથી) જુદી છે. સ્વાતિનો વરસાદ (છીપમાં) મોતીઓ ટપકાવે છે.

૧૪૬૯. (છીપની) બહાર પાણીનું ટીપું નાનું કે મોટું છે. પણ છીપની અંદર નાનું કે મોટું મોતી છે.

૧૪૭૦. તે પુરૂષો કે જેઓની ખાસિયત કસ્તુરીના મૃગની માંસગ્રંથિ છે, તેઓ બહારથી (લોહી) જેવા છે, જ્યારે તેમની અંદર કસ્તુરીની સુગંધ છે.

૧૪૭૧. એમ ન કહે, આ તત્વ બહારથી લોહી છે. (તો પછી) માંસપેશીમાં જાય છે ત્યારે કસ્તુરીની સુગંધ કેમ બને છે?

૧૪૭૨. આ ત્રાંબુ બહારથી તુચ્છ છે એમ ન કહે (અને જો કહેતો) તે દિલમાં અર્ક વચ્ચે સ્વચ્છ કેમ ધારે છે?

૧૪૭૩. તારામાં સ્વતંત્ર ઇચ્છા અને ફરજીયાત એ (બાબત માત્ર) દ્દષ્ટિભ્રમ હતો, (પણ) જ્યારે તે તેઓમાં દાખલ થયું તો તે શાહી (દૈવી) પ્રકાશ બન્યો.

૧૪૭૪. જ્યારે ભાખરી મેજના કપડામાં (વીંટળાએલી) હોય છે ત્યારે તે અજીવંત વસ્તુ છે, (પણ) માણસના શરીરમાં તે ખુશ આત્મા (હયાતી માટે) બને છે.

૧૪૭૫. જ્યારે તે મેજના કપડામાં હતું. ત્યારે શરીરમાં રૂપાંતર થઈ ન શક્યું પણ આત્માએ 'સલસબીલ' (બહેસ્તના ઝરા) ના (પાણીમાં) રૂપાંતર કર્યું.

૧૪૭૬. માણસ કે જે એક માંસનો ટુકડો છે, અક્કલ અને આત્માની નવાજિશ પામતાં પહાડ, સમુદ્ર અને ખાણ ચીરે છે.

૧૪૭૭. ઓ તું કે જે સત્ય વાંચી રહ્યો છે, જાણ કે આવી શક્તિ આત્મામાં છે. તો પછી આત્માઓના આત્મામાં કેવી શકિત હશે?

૧૪૭૮. પહાડો ફાટી જતાં પહાડો ચીરતા આત્માની શક્તિ બતાવાઇ છે, આત્માઓના આત્માની શક્તિ, "ચંદ્રમા ચીરાઇ જુદો થયો" (માં બતાવાઇ છે)

૧૪૭૯. જો દિલ આ ગુહાર્થની કોથળીનું ઢાંકણું ઉઘાડી શકે તો આત્મા (અત્યાનંદમાં) ઊંચામાં ઊંચા બહેસ્ત તરફ દોડી શકે.

હ. આદમનું પોતાની ભૂલનું તોહમત પોતા પર મૂકવું.
કહે "ઓ માલિક અમો એ ખોટું કર્યું છે, અને
ઇબ્લીસનું પોતાની ભૂલનું તોહમત ખુદા પર મૂકવું
"તું મને અવળે માર્ગે લઈ ગયો."

૧૪૮૦. આપણાં અને ખુદાનાં કૃત્યો ધ્યાનમાંલે, આપણા કર્તવ્યો કાયમી (અસવાળાં) સમજ આ સ્પષ્ટ નિહાળી શકાય છે.

૧૪૮૧. જો પેદા કરેલા જીવો (કાર્યની) વચ્ચે ન હોય તો, કોઇને એમ કહેતો નહિ કે તું આમ શા માટે વર્ત્યો,

૧૪૮૨. ખુદાની કાર્ય શકિત આપણાં કાર્યોને હસ્તીમાં લાવે છે. આપણાં કૃત્યો (પણ) ખુદાની જ કાર્ય શક્તિની જ અસરવાળાં છે.

૧૪૮૩. બુદ્ધિ વિષયક આત્મા પેલી (બહારની નિશાની) અથવા અંદરનો (આત્મા) જુએ છે. તે બે અકસ્માતો એકી વખતે કેમ નિહાળી શકે ?

૧૪૮૪. જો તે આત્મા તરફ ઢળે છે તો તે પેલા તરફ બેધ્યાની બને છે. કોઈ પણ આંખ એકી વખતે આગળ કે પાછળ જોઈ શકે નહિ.

૧૪૮૫. જ્યારે તું તારી સામેની બાજુએ નજર કરે છે, ત્યારે તેજ વખતે તારી પીઠ તરફ નજર કરી શકીશ ? આ બરાબર સમજ.

૧૪૮૬. તેવી જ રીતે જો રૂહ અક્ષર અને જીવનું આકલન કરતો ન હોય તો રૂહ તે બન્નેનો પેદા કરનાર શી રીતે હોઈ શકે ?

૧૪૮૭. ઓ પુત્ર, માત્ર ખુદા જ બન્નેનું દોરવણી આપે છે, (તેનુ) એક કૃત્ય બીજા કૃત્યને છુપાવી શકતું નથી.

૧૪૮૮, શેતાને કહ્યું (ખુદાને) " તું મને ફોસલાવીને અવળે માર્ગે લઈ ગયો. નીચ શેતાને તેનું પોતાનું કૃત્ય સંતાડ્યું.

૧૪૮૯. હ. આદમે કહ્યું, અમે અમારા ઉપર જુલમ કર્યો છે, ને અમારી માફક ખુદાના કાર્યો ઉપર ધ્યાન આપ્યા વગરનો રહે તેવો નહતો.

૧૪૯૦. માન ખાતર તેણે (ખુદાઇ કાર્ય)ને સંતાડ્યું, પાપ પોતા પર લઈ લેવા તેણે ફળ ખાધું.

૧૪૯૧. તેની તોબાહ બાદ તેણે (ખુદાએ) તેને કહ્યું, ઓ આદમ, શું મેં તારામાં પાપ અને મુસ્કેલીઓ પેદા કર્યા નથી ?

૧૪૯૨. શું તે મારૂં આગવું કથન અને ભાવિ ન હતું ? તેં તોબાહ કરવાની વેળાએ તે શા માટે સંતાડ્યું.

૧૪૯૩. તેણે (હ. આદમે) કહ્યું, હું ડરી ગયો હતો (તેથી) સભ્યતા છોડી ન શક્યો, તેણે (ખુદાએ) કહ્યું, મેં પણ તારા તરફ એજ (સભ્યતા) નિહાળી હતી.

૧૪૯૪. જેઓ પૂજ્યભાવ બતાવે છે તો તેને (વળતાં) પૂજ્ય ભાવ મલે છે, જે સાકર લાવે છે, તે મીઠો બદામી હલવો ખાય છે.

૧૪૯૫. નેક ઓરતો કોના માટે છે ? નેક મરદો માટે, તારા દોસ્ત તરફ પૂજ્યભાવ રાખ. (તેને) નાખુશ કર અને (પછી) જો (શું થાય છે)

૧૪૯૬. ઓ દિલ, આ ફેરફાર સંકેતભરી ભાષામાં (દાખલા દલીલથી) સમજાવ. જેથી તું ફરજીયાત અને મરજીયાત (નો ફેરફાર) જાણી શકે.

આત્મા તરફ ઢળતો પેલા તરફ બેધ્યાનો બને છે.

૧૪૯૭. (દાખલા તરીકે) પોતાની મેળે ધ્રુજતો હાથ અને તું બીજાનો હાથ પકડીને હલાવે તેનો ફેરફાર (સમજ).

૧૪૯૮ જાણુકે આ બન્ને હીલચાલો ખુદાએ પેદા કરી છે, પણ પેલીને બીજી સાથે સરખામણી કરવી અશકય છે.

૧૪૯૯. તેનો હાથ હલાવવાના કારણથી તું દિલગીર થયો હોઇશ. માણસ દિલગીરીને બદલે વિકારના આવેગનો ભોગ કેવી રીતે બને છે ?

૧૫૦૦. આ બુદ્ધિશાળીની તપાસ છે, આ તપાસનો અર્થ શું છે? ઓ નિષ્કપટી, તે દૈવયોગે નબળી સમજણ ધરાવનાર તે જગ્યાએ જવા રસ્તો શોધે છે.

૧૫૦૧. બુદ્ધિશાળીની તપાસ જો કે તે મોતી (જેવી ઉત્તમ) હોવા (છતાં) તે રૂહાની તપાસ કરતાં જુદી છે.

૧૫૦૨. રૂહાની તપાસ એ બીજી સપાટી છે, રૂહાની જામ એ બીજો દિલાસો છે.

૧૫૦૩. તે વખતે કે જ્યારે બુદ્ધિજીવી તપાસ (સંજોગાનુસાર) કરાય છે, ત્યારે આ ઉમર (ર.) બુ અલ હકમ (ન્યાયના પિતા)ના ગાઢ સબંધમાં હોય છે.

૧૫૦૪. (પણ) જ્યારે ઉમર (ર) બુદ્ધિની સમજ છોડી રૂહાની સમજ તરફ ફર્યા ત્યારે બુઅલ હકમ (ન્યાયના પિતા)તે વિષયની તપાસમાં (બુ જહલ) અજ્ઞાનનો પિતા બન્યો.

૧૫૦૫. તે ઇંદ્રીયની સમજથી થએલા જ્ઞાનમાં સંપૂર્ણ છે પરંતુ રૂહાની સમજણમાં ખરે-ખર અજ્ઞાન છે.

૧૫૦૬. તપાસ કે બુદ્ધિ અને ઇંદ્રીઓની તપાસમાં આ ગૌણ કારણો (સબંધ ધરાવે છે), રૂહાની અજાયબી કે અજાયબીનો બાપ છે. (અજાયબીની હદ)

૧૫૦૭. ઓ તું કે જે રૂહાની રોશની શોધે છે, (જાણુ કે) જ્યારે રૂહાની રોશની આવે છે ત્યારે નિર્ણય કે ભવિષ્યવાદ અથવા એકબીજાથી વિરૂદ્ધ અથવા જરૂરિયાત અદા કરવા પણું રહેતું નથી.

૧૫૦૮. જોનાર કે જેને તેનું (ખુદાનું) 'નૂર' દોરવતું હોય છે તે 'અસા'ની જેમ પ્રમાણની સાબિતીથી તદ્દન સ્વતંત્ર બને છે.

વિવરણ અને જ્યાં પણ તમો છો ત્યાં તે તમારી સાથે છે.

૧૫૦૯. ફરી એકવાર આપણે પેલી વાત ઉપર આવીએ. જ્યારે ખરેખર શું આપણે વાર્તાથી આગળ નીકળી ગયા ?

૧૫૧૦. જો આપણે અજ્ઞાનતામાં પડીએ તો તે તેનું જ કેદખાનું છે. અને જો આપણે જ્ઞાની બનીએ તો તેનોજ મહેલ (બક્ષિશ) છે.

૧૫૧૧. અને જો આપણે નિંદ્રામાં પડીએ તો આપણે તેના જ નશામાં છીએ અને જો જાગૃત થઈએ તો તેના હાથમાં છીએ.

અજ્ઞાનતા- કેદખાનું
જ્ઞાની બનીએ- તો મહેલ

૧૫૧૨. અને જો આપણે રૂદન કરીએ તો આપણે તેની જ છુટી મૂકેલી દયાથી લદાએલા વાદળ છીએ. અને જો આપણે હાસ્ય કરીએ તો તે વખતે આપણે તેની વીજળી છીએ.

૧૫૧૩. અને જો (આપણે) કોપ અને લડાઈમાં પડીએ તો તે તેની જ શકિતનું પ્રતિબિંબ છે. અને જો આપણે સુલેહ અને મમતા (ધરાવીએ) તો તેમાં તેના પ્રેમનું પ્રતિબિંબ છે.

૧૫૧૪. આપણે કોણ છીએ? આ ગૂંચવણવાળી દુનિયામાં (તેના સિવાય) ખરેખર કોણ અલીફ જેવો (એક જ) હોય? કોઈ જ નહિ. કોઈ જ નહિ.

"એલચીનું હ. ઉમર (ર.)ને પૂછવું–માટીની કાયામાં રૂહને સહન કરવી પડતી તકલીફો વિષે."

૧૫૧૫. તેણે કહ્યું ઓ ઉમર (ર.) આ પવિત્ર ચીજને (રૂહને) આવી ગંદી જગ્યાંમાં પૂરવામાં શું ભેદ અને ડહાપણ હતું?

૧૫૧૬. ચોખ્ખું જળ કાદવમાં સંતાડયું છે. પવિત્ર રૂહ શરીરમાં જકડાએલ છે.

૧૫૧૭. તે (હ. ઉમર ર.) કહે, તું ઊંડું જ્ઞાન ધરાવનારી તપાસ કરી રહ્યો છે. તું શબ્દમાં અર્થને કેદ કરે છે.

૧૫૧૮. તેં (વગર શરતે) અર્થને કેદ કર્યો છે. તેં શબ્દમાં પવનને બાંધ્યો છે.

૧૫૧૯. તેં આ ફાયદા (સારા ઈરાદા) માટે કર્યું છે, ઓ તું કે જે ખુદાના (સારા ઈરાદાથી) ફાયદાથી આંધળો (આંખે પડદાવાળો) છે.

૧૫૨૦. તે કે જેમાંથી (દરેક) ફાયદાઓ પેદા થયા હતા. જે આપણાથી જોઈ શકાતું હતું તે કેવી રીતે તેનાથી જોઈ શકાયું ન હતું.

૧૫૨૧. ઘણીજ મોટી સંખ્યામાં ફાયદાઓ છે, તેની સરખામણીમાં (રૂહને શરીરમાં કેદ કરવામાં ઘણા ફાયદાઓ (આપણને) થોડાજ (લાગે છે.)

૧૫૨૨. તારી વાણીનો શ્વાસ કે જે તારા શરીરના (ભાગોનો) ભાગ છે, ફાયદાકારક બને છે. (તો પછી) શા માટે સળંગનું સળંગ (રૂહ અને શરીરનો પાર્થિવ સંબંધ) ફાયદાથી વંચિત છે.

૧૫૨૩. તું (માત્ર) એક ભાગ છે, તારી (વાણીનું) કૃત્ય ફાયદા કારક છે, તો શા માટે તારો હાથ સળંગ ઉપર હુમલો કરવા ઉપાડે છે?

૧૫૨૪. જો બોલવામાં કાંઇ ફાયદો ન હોય તો બોલ નહિ, અને જો હોય તો વાંધા કરવા છોડી દે. ઉપકાર માનવાની કોશિશ કર.

૧૫૨૫. ખુદાનો ઉપકાર માનવો એ દરેકના ગળાની ગલેબંધ (ફરજ) છે, (ઉપકાર માનવો તે) વાંધા કરવા કે એક બીજાનો ચહેરો ચીડિયો કરવો તેમ નથી.

તુ શબ્દમાં અર્થ ને કેદ કરે છે.

૧૫૨૬. જો ઉપકાર માનવો એ માત્ર ચીડિયા દેખાવાનોજ હોય તો સરકા જેવો કોઈ શુક્ર ગુજાર નથી.

૧૫૨૭. જો સરકો પિત્તાશયનો રસ્તો શોધવા માગે તો તેને ખાંડ (સાથે ભેળવી) સકન જબીં બનવા દે.

૧૫૨૮. કવિતાઓના અર્થમાં ચોકખી દિશાઓ હોતી નથી. તે ગોફણ જેવી છે, તે કબજામાં નથી.

"જેઓ ખુદા સાથે બેસવા ઉમેદ રાખે છે તેઓ સુફી સાથે બેસે" નો આંતરિક અર્થ.

૧૫૨૯. (રૂહાની હકીક્તના) આ એક બે પ્યાલાએ એલચીને અંતકરણની એકતામાં નાખ્યો (જેથી) એલચીપણું અને સંદેશો તેની યાદીમાં ન રહ્યા.

૧૫૩૦. એલચી ખુદાની શક્તિના (ખ્યાલમાં) બેભાન બન્યો, એલચી આ હાલતમાં આવતાં એલચીમાંથી રાજા બની ગયો.

૧૫૩૧. જ્યારે તોફાનની આંધી સમુદ્ર સુધી પહોંચી તો તે સમુદ્ર બની ગઇ જ્યારે બી જમીનમાં પહોંચ્યું તો અનાજનો પાક બની ગયું.

૧૫૩૨. જ્યારે ભાખરી જનાવર (માણસ) ના સબંધમાં આવી. તો તે સૂકી ભાખરી જીવતી અને જ્ઞાનવાન બની ગઈ.

૧૫૩૩. જ્યારે મીણ અને બળતણ અગ્નિને વફાદાર બન્યાં ત્યારે તેઓના અંધારાનો સાર પ્રકાશ બન્યો.

૧૫૩૪. જ્યારે સુરમાનો પત્થર આંખમાં અંજાણો તો તે નજરમાં ફેરવાઇ ગયો, અને માર્ગદર્શક બન્યો.

૧૫૩૫. અરે, તેજ માણસ સુખી છે જે પોતપણાથી છુટો થઈ અસ્તિત્વ ધરાવનાર હૈયાત (નૂર) સાથે એકાકાર બની ગયો હોય.

૧૫૩૬. જીવતો (માણસ) જો મૃત્યુ પામેલાનો સાથી બનેલો હોય તો તે (પણ) મરેલો બન્યો. તેનાથી તેણે તેની જિંદગી ખતમ કરી.

૧૫૩૭. ખુદાઈ કુરાને શરીફનો આશરો લેવા જો તું ભાગી છુટયો હોય તો તું પયગમ્બરોના આત્માઓ સાથે મળેલો છે.

૧૫૩૮. કુરાને શરીફ પયગમ્બરોની હાલતનું (વર્ણન) છે. કે જેઓ ખુદાઈ મહાસાગરની મચ્છીઓ છે.

૧૫૩૯. અરે જો તું કુરાન વાંચ અને તે (દિલમાં) કબૂલે નહિ તો (જેમ) પયગમ્બરો અને રૂહાની પેશ્વાને જોયા (પણ અનુસર્યા નહિ તો શું ફાયદો ?)

જીવતો- માણસ- મરેલા ના સાથી બને તો તેવા મરેલો

૧૫૪૦. અને જો તું કુરાન કબૂલ કરે, પયગમ્બરોની વાતો વાંચે તો પછી, તારો આત્મા પીંજરામાં (કાયામાં) પૂરાવા માટે દુ:ખ અનુભવશે.

૧૫૪૧. પક્ષી જે પીંજરામાં કેદી છે અને જો તે છુટવાની કોશિશ ન કરે તો તે અજ્ઞાન છે.

૧૫૪૨. રૂહાનીઓ જેઓ પોતાના પીંજરામાંથી નાસી છૂટી છે, તેઓ પયગમ્બરો છે. તેઓ દોરવણી આપવાની લાયકાતવાળા છે.

૧૫૪૩. તેઓના અવાજ બહાર (સંભળાય તેવો) ન હોવા છતાં મઝહબ (સમજાવતાં કહે છે) તારા છુટવા માટેનો આ એક જ રસ્તો છે.

૧૫૪૪. આ સાંકડા પીંજરમાંથી નાસી છુટવા આવી રીતના રસ્તા સિવાય બીજો રસ્તો નથી, આમ,

૧૫૪૫. તું તને પોતાને બીમાર (જેવો) બનાવ. હદ ઉપરાંતનો કંગાળ. એવી રીતે ખ્યાતિના (પીંજરામાંથી) છૂટો થઈ શકે.

૧૫૪૬. દુનિયાની ખ્યાતિ એ મજબુત સાંકળ છે તે લોઢાની સાંકળથી આ રસ્તો ઓછો બંધન કર્તા કેમ હોઈ શકે ?

વેપારી કે જે (હિંદ) વેપાર કરવા જવા પ્રસંગે તેના પોપટે હિંદના પોપટો માટે સંદેશો આપ્યો તેની કથા.

૧૫૪૭. એક વેપારી હતો, અને તેની પાસે એક પોપટ હતો, પાંજરામાં પૂરેલો, સુંદર પોપટ.

૧૫૪૮. જ્યારે વેપારી હિન્દુસ્તાન મુસાફરીએ જવા રવાના થવાની તૈયારીમાં હતો.

૧૫૪૯. તેની ઉદારતાને લીધે તેણે દરેક ગુલામ અને ચાકરડીને પુછ્યું, “હું તમારે માટે શું લાવું ? (મને) જલ્દી કહો.

૧૫૫૦. દરેકે પોતાની ઈચ્છા મુજબની ચીજો માગી. પેલા ભલા માણસે તેઓ દરેકને તે ચીજો માટેનું વચન આપ્યું.

૧૫૫૧. તેણે પોપટને પુછ્યું, હિંદ મુલકમાંથી તારી પસંદગીની કઇ ચીજ છે કે જે હું તારા માટે લાવું ?

૧૫૫૨. પેલો પોપટ કહે. “જ્યારે તમો ત્યાં પોપટને જુઓ તો તેઓને મારી કફોડી દશા જણાવજો” (અને કહેજો)

૧૫૫૩. આ અને આવો પોપટ જે તમારાં તરફ લાગણી ધરાવે છે તે તેના કર્મસંજોગે મારી કેદમાં છે.

૧૫૫૪. તે તમને સલામ મોકલાવે છે અને ન્યાય માગે છે અને તમારી પાસેથી યોગ્ય દોરવણીનો રસ્તો અને રીત (શીખવાની) ઉમેદ રાખે છે.

સાંકળ: દુનિયાની ખ્યાતિ [illegible]:- આગાહ- પાંજરામાંથી નાસી છૂટે છે
પાંજરામાંથી છૂટવાની કોશીશ ન કરે તો તેમાં અજ્ઞાન છે.

૧૫૫૫. તેણી કહે છે, હું તમારી પાછળ મળવાની ઈચ્છાનું ભૂત છોડીને જુદાઈમાં અહીં મરી જાઉં ?

૧૫૫૬. આ શું યોગ્ય છે કે હું અહીં બંદીખાનામાં દુઃખમાં છું. જ્યારે તમો લીલા મેદાનોમાં વૃક્ષો ઉપર ફરીને (આનંદ કરો)

૧૫૫૭. દોસ્તો ઉપર શું આવો જ વિશ્વાસ રાખવો ? હું અહીં બંદીખાનામાં અને તમો ફૂલવાડીમાં.

૧૫૫૮. ઓ ભલા ભાઈઓ, આ દયાજનક પક્ષી તરફ ધ્યાન આપો. સવારના સુકાએલા ચરાઓમાં (મારી યાદીમાં પાણી પીઓ)

૧૫૫૯. સુખી દોસ્ત તે છે કે જેના દોસ્તો તેને યાદ કરતા હોય, અને તેમાં ખાસ કરીને જ્યારે (માશુક) લયલા હોય અને (આશક) મજનુ.

૧૫૬૦. ઓ તમો કે જેઓ પોતાના વહાલા સાથે ખુશી મનાઓ છો. ત્યારે હું મારા પોતાના ખૂનથી ભરેલા પ્યાલા પી રહ્યો છું.

૧૫૬૧. (તમે કે જેઓ મારા વહાલા છો) મારી યાદીમાં એક શરાબનો પ્યાલો ગટગટાવી જાઓ. જો તમારી ઈચ્છા મને ન્યાય કરાવાની હોય.

૧૫૬૨. અગર (છેવટ) જ્યારે તમોએ પીધું તો એક ઘૂંટડો મારી યાદીમાં જે ધૂળને ચાળવા પડેલો છે તેની યાદીમાં થૂંકજો.

૧૫૬૩. અરે હું અજબ થાઉં છું કે વચનો અને સોગંદો કયાં ગયાં ? તે હોઠનાં મીઠા સાકર જેવા વચનો કયાં ગયાં ?

૧૫૬૪. જો મારી ઓછી બંદગીના કારણે તેં તારા બંદાને તજી દીધો છે, હલકાં કાર્યો કરનારને તું સજા કરે છે તો પછી તે બન્નેમાં (માલિક અને ગુલામમાં) શું ફરક ?

૧૫૬૫. કોપ અને વેર અંગે તું જે સજા કરે છે. તે (મને) સારંગીના અવાજ અને સંગીત કરતાં પણ વધુ સુખદાયક છે.

૧૫૬૬. તારી કૃપા કરતાં તારી ક્રૂરતા વધુ સારી છે. અને તારૂં વેર જિંદગી કરતાં વધુ વહાલું છે.

૧૫૬૭. આ તારી અગ્નિ છે, (તો) તારો પ્રકાશ કેવો હશે ? ખરેખર આ (તારૂં) રૂદન છે. તો પછી તારો તહેવાર કેવો ભવ્ય હશે ?

૧૫૬૮. તારી ક્રુરતાની મીઠાશ જોતાં અને તારી ખૂબસૂરતીની વાત કરીએ તો તારા ઊંડાણના તળિયા સુધી કોઈ પહોંચ્યું નથી.

૧૫૬૯. હું ફરિયાદ કરૂં છું અને (છતાં) મને તે સમજે છે એમ માની લેતાં બીઉં છું. અને તારી દયાથી ક્રૂરતા ઓછી થાય તેથી પણ (બીઉં છું.)

૧૫૭૦. હું તેની કૂરતા અને તેની કોમળતા માટે ઘણોજ વધુ પડતો મોહી પડયો છું. આ બન્ને વિરોધી ચીજોના પ્રેમમાં છું. તે (કેટલું) અદ્ભૂત છે!

૧૫૭૧. ખુદાના કસમ, જો હું આ કાંટા (દિલગીરીથી નાસી જાઉં) અને (ખુશીના) બગીચામાં દાખલ થાઉં તો હું આને લીધે બુલબુલની માફક રોવું શરૂ કરૂં.

૧૫૭૨. આ નવાઈ જેવું બુલબુલ છે કે તે પોતાનું મોઢું ગુલાબ અને કાંટા બન્ને સાથે ખાવા માટે પોતાનું મોઢું ઉઘાડે છે.

૧૫૭૩. આ કયું બુલબુલ છે? (ના) એ ક્રોધાગ્નિ રાક્ષસ છે. આ પ્રેમને પ્રતાપે બધી કડવી ચીજો તેને માટે મીઠી છે.

૧૫૭૪. તે સર્વજ્ઞનો આશક છે. અને ખુદ સર્વજ્ઞ છે. તે પોતાનાજ પ્રેમમાં અને તેનો પોતાનોજ પ્રેમ શોધે છે.

પક્ષીની પાંખો કે જે દૈવી સમજ છે તેનું વર્ણન.

૧૫૭૫. આ પ્રમાણે પોપટની વાત છે કે જે આત્મા છે. તે ક્યાં છે કે જેને (રૂહાની) પંખીઓનો વિશ્વાસ હોય?

૧૫૭૬ એ પંખી ક્યાં છે? નબળું અને નિર્દોષ અને તેની અંદર હ. સુલેમાન અને તેના (બધા) યજમાનો હોય?

૧૫૭૭ જ્યારે તે આભાર કે ફરિયાદ વગર સખત ગીરીયાઝારી કરે છે. ત્યારે સાતેય આસમાનમાં ગડબડ (ઉઠે છે).

૧૫૭૮ દરેક પળે ખુદા તરફથી તેની પાસે સેંકડો સંદેશા અને સંદેશ વાહકો (આવે છે) 'ઓ મારા ખુદા'ની તેના તરફથી એક જ આહ, ખુદા તરફથી સો (અવાજો, હું હાજર છું).

૧૫૭૯. ખુદાની દૃષ્ટિમાં તેના આંજ્ઞાકિતપણા કરતાં તેની પીછેહઠ વધુ સારી છે. લબ્બૈકના તેના નાસ્તિકતામાં બધા વિશ્વાસો તૂટેલા (કિંમત વગરના) છે.

૧૫૮૦. દરેક પળે તે વિશિષ્ઠ દરજ્જો મેળવતો જાય છે, તે (ખુદા) તેના મુગટ ઉપર સો વિશિષ્ઠ મુગટો મૂકે છે.

૧૫૮૧. તેનું શરીર દુનિયા ઉપર છે. અને તેનો આત્મા "લામકાં" છે "લામકાં" (આ ગૂઢ માર્ગે) ચાલનારાની કલ્પના બહારની વાત છે.

દરેક પળે ઓ મારા ખુદા - (આહ).
ખુદા તરફથી અવાજો, હું હાજર છું.
આત્માં → લામકાં છે.

૧૫૮૨. આ "લામકાં" તારી સમજણમાં આવી શકે તેમ નથી. (જો કે) તે તારી કલ્પનામાં દરેક પળે ઊઠે છે.

૧૫૮૩. ના, સ્થળ અને "લામકાં" તેના કાબૂમાં છે. જેમ ચાર (સ્વર્ગીય) નદીઓ તે કે જે સ્વર્ગમાં રહે છે તેના કબજામાં છે.

૧૫૮૪. આનો ખુલાસો હવે ટૂંકો કર. અને તારો ચહેરો તેનાથી ફેરવવા એક શબ્દ પણ નહિ ઉચ્ચારતો, ખરું શું છે તે ખુદા જાણે છે.

૧૫૮૫. આપણે આ (હકીકત)માંથી પાછા ફરીએ છીએ. ઓ દોસ્તો પંખી, વેપારી અને હિંદ (ની વાત તરફ વળીએ).

૧૫૮૬. વેપારીએ આ સંદેશો (આપવા) કબૂલ કર્યું. કે તે આ અભિનંદન તેના (પોપટના) કુટુંબીઓને પહોંચાડશે.

વેપારીનું હિંદના પોપટોને મળવું અને પોપટનો સંદેશો પહોંચાડવો.

૧૫૮૭. જ્યારે તે હિંદના દૂરના સ્થાને પહોંચ્યો, ત્યારે ત્યાં મેદાનમાં સેંકડો પોપટ જોયા.

૧૫૮૮. તેણે પોતાનું જનાવર (ઘોડો) થંભાવ્યો. અને તેણે અભિનંદનનો અવાજ કર્યો, અમાનત (જાહેર કરી)

૧૫૮૯. પોપટમાંનો એક ખૂબ જ આંચકાઓ સાથે ધ્રુજી નીચે પડયો અને મરીગયો, તેનો શ્વાસ થંભી ગયો.

૧૫૯૦. વેપારી સંદેશો કહેવા બદલ પસ્તાવો કરવા લાગ્યો. અને કહેવા લાગ્યો કે હુંજ આ પંખીના નાશનું નિમિત્ત બન્યો છું.

૧૫૯૧. આ મારા પોપટનો જરૂર સગો હોવો જોઈએ. તેઓ બન્ને શરીર જુદા હોવા છતાં આત્મિક રીતે એક હોવા જોઈએ.

૧૫૯૨. મેં શા માટે આમ કર્યું ? મેં શા માટે સંદેશો આપ્યો ? મેં આ ગરીબડાનો મૂર્ખાઈ ભરેલી વાત કરીને નાશ કર્યો.

૧૫૯૩. આ જીભ એક પત્થર અને અગ્નિવાળા જેવી છે. જેથી તેનાથી જે બહાર આવે છે તે અગ્નિ સમાન છે.

૧૫૯૪. વાત કહેવા ખાતર કે બડાઈ મારવા ખાતર નકામો પત્થર અને લોઢાને એક બીજા સાથે ટકરાવ નહિ.

૧૫૯૫. કારણ કે તે અંધારૂં છે, અને તેની બન્ને બાજુએ રૂનાં ખેતરો છે, રૂની વચ્ચે ચિનગારી કેમ લગાડાય ?

૧૫૯૬. તે લોકો અન્યાયી છે કે જેઓ પોતાની આંખો બંધ રાખીને આવા શબ્દો થકી દુનિયામાં આગ ફેલાવતા હોય છે.

૧૫૯૭. માત્ર એક જ શબ્દ આખા જગતને નુકશાન કરે છે. મરેલી લોંકડીઓને સિંહના (રૂપમાં) ફેરવી નાખે છે.

૧૫૯૮. આત્માઓમાં (નવજીવન અર્પનાર) હ. ઇસાની ફૂંક (શક્તિ) ની અસલ ખાસિયત છે. (જ્યારે તેઓ સંગ્રહ કરનાર બન્યા) તો એક ઝખમ છે અને બીજો પાટો છે.

૧૫૯૯. જો (કાયા) નો પડદો રૂહાનીઓથી હટાવવામાં આવે તો દરેક રૂહોની વાણી હ. ઈસાની (ફૂંક) માફક બને.

૧૬૦૦ જો તું સાકર માફક (મીઠા) શબ્દો બોલવા માગતો હો તો સબર કર અને આ મીઠાઈ (દુનિયાની લિજ્જતો) ન ખા.

૧૬૦૧ અકલવાળાની તમન્ના પોતા ઉપર કાબૂ ધરાવવાની છે. મીઠાઈ તો બચ્ચાંઓની ઇચ્છાની વસ્તુ છે.

૧૬૦૨. જે આત્મસંયમ કેળવે છે, તે સ્વર્ગની પ્રાપ્તિ કરે છે. જે મીઠાઈ (દુનિયાની લિજ્જત) ખાય છે તે નીચો પડે છે.

ફરીદુદ્દીન અતારના કથનનું વિવરણ. "તું વિષયી છો. **એ ધ્યાન વગરના,** ખૂન પી (આત્મસંયમ કેળવ) **માટીમાંથી** (તારા શારીરિક અસ્તિત્વમાંથી). કારણ **કે અધ્યાત્મવાદી જો** ઝેર પીએ તો (પણ) તે ઝેર **નાશક** (તેના માટે) બનશે.

૧૬૦૩. ઔલીયા બધા જુએ તેમ ઝેર પણ પીએ તો પણ તે તેને નુકશાન કરતું નથી.

૧૬૦૪. કારણ કે તેણે (રૂહાની) તંદુરસ્તી હાંસલ કરી છે, અને (પરહેજીથી) તે મુક્ત છે. (ખુદાને) શોધનાર કંગાળ (હજી) તાવ પીડિત (હાલતમાં) છે.

૧૬૦૫. પયગમ્બર સાહેબે ફરમાવ્યું છે કે ઓ બહાદુર શોધનાર, ખબરદાર રહે! જેણે મેળવ્યું છે તેની સાથે હરીફાઈ ન કરતો.

૧૬૦૬. જો તારામાં નમરૂદ (નાસ્તિકતા) છે તો આગમાં ન પડ. જો તું (આગમાં) પડવા ઇચ્છે તો પહેલાં ઈબ્રાહીમ બની જા.

૧૬૦૭. જો તું તરનાર કે ખલાસી ન હો તો (દરિયામાં) ન પડ. (આપ વડાઈ) ના વિચારોમાં (ન ફસા).

૧૬૦૮. તે (દરવેશ) દરિયાના તળિયેથી મોતી ખેંચી લાવે છે, નુકશાનીને બદલે સપાટી પર ફાયદા લઈ આવે છે.

૧૬૦૯. જો કામિલ પુરૂષ માટી ઉપાડે છે તો તે સોનામાં ફેરવાઈ જાય છે, જો અધૂરો સોનું ઉપાડી જાય તો (પણ) તે રાખમાં ફેરવાઈ જાય છે.

૧૬૧૦ જ્યારે તે સત્ય માર્ગી (કામિલ પુરૂષ) ખુદા તરફથી સ્વીકારાએલો છે. બધી ચીજોમાં તેનો હાથ ખુદાનો હાથ છે.

બચ્ચાંઓની ઈચ્છાની વસ્તુ છે.
* મિઠાઈ - ખાય તે નીચો પડે. આત્મસંયમ - સ્વર્ગની પ્રાપ્તિ,

૧૬૧૧. અધુરીયા માણુસનો હાથ એ દૈત્ય અને શેતાનનો હાથ છે. કારણ કે તે અહંકાર અને કપટના સકંજામાં પડેલો છે.

૧૬૧૨. જો અજ્ઞાનતા (તે કામિલ પુરૂષ) પાસે આવે છે તો તે જ્ઞાન બને છે. પરંતુ જ્ઞાન જો અધૂરા પાસે પહોંચે છે તો તે અજ્ઞાન બને છે.

૧૬૧૩. જે પણ દર્દી લીએ તે દર્દ બને છે. (બૂરાને લીધે બૂરૂં બને), કામલ પુરૂષ (નું કાર્ય બીજાની નજરમાં) અધર્મ લાગે તો પણ તે ધર્મ હોય છે.

૧૬૧૪ ઓ તું, કે જે પગે ચાલી રહ્યો છે (અને) તું ઘોડેસ્વાર સાથે હરીફાઈ કરી રહ્યો છે (તો) તું તારૂં માથું બચાવી શકીશ નહિ. તારા પોતાના પગ જ સંભાળ (અટકાવ).

જાદુગરોએ હ. મુસાનું (અ.) માન જાળવવું
અને કહેવું "તમારો શું હુકમ છે"
પહેલાં અમો દોરડાં ફેંકીએ કે તમો!

૧૬૧૫. શ્રાપિત ફીરઓનના વખતમાં જાદુગરો હ. મુસા (અ.) ની સામે દુશ્મનાઈમાં હરીફાઈ કરવા આવ્યા.

૧૬૧૬. છતાં હ. મુસા (અ.) એ તેઓને પહેલો હક આપ્યો. જાદુગરો પણ તેને (હ. મુસાને) માનપૂર્વક અનુસર્યા.

૧૬૧૭. કારણ કે તેઓએ તેને કહ્યું, તારેજ હુકમ કરવાનો છે, (જો) તું પહેલો થવા ઇચ્છે તો (બધાઓ) કરતાં તું તારૂં દોરડું પહેલાં નાખ.

૧૬૧૮. તે કહે ના, પહેલાં તમે કરો. ઓ જાદુગરો, પહેલાં તમારી યુક્તિઓ વચ્ચે લાવો. (બધાં જોઈ શકે તેમ)

૧૬૧૯. આ જાતના માનથી (ખરા) મઝહબની તેઓની (માન્યતા) ખરીદાઈ ગઈ તેથી વિવાદ અંગે (ઈમાનદારીમાં) તેઓના હાથ અને પગ કપાઈ ગયા.

૧૬૨૦. જ્યારે જાદુગરોએ હ. મુસાની શક્તિ જોઈ ત્યારે તેઓએ પોતાના હાથ તથા પગ (વિવાદના) પાપ ધોવા માટે કુરબાન કર્યા.

૧૬૨૧. ઓલીયા પુરૂષ માટે (ખોરાકનો) દરેક કોળીઓ અને (દરેક) વચન કાયદાસરનું હોય છે; જો તું ઓલીયો નથી તો ખા નહિ, મૂંગો બન.

૧૬૨૨. તેવી જ રીતે જો તું કાન છો અને તે એક જીભ છે તો તે તારો મળતિયો નથી. ખુદાએ કાનને કહ્યું "ચુપ રહે."

૧૬૨૩. જ્યારે ધાવણું બચ્ચું જન્મ ધારણ કરે છે, ત્યારે શરૂઆતમાં તે ચૂપકીદી ધારણ કરે છે, "તે સઘળું કાન છે."

૧૬૨૪. થોડી મુદ્દત માટે તેણે પોતાના હોઠ બોલવા માટે બંધ રાખવા જોઈએ, જ્યાં સુધી કે તે બોલતાં શીખે છે.

૧૬૨૫. જો તે કાનની માફક (ચૂપ) ન હોય અને બડબડતા અવાજે કરે તો તે દુનિયામાં સઉથી વધારે મૂંગુ પ્રાણી પોતાને બનાવે છે.

૧૬૨૬. તે કે જે કુદરતી બહેરો છે, તે કે જેને શરૂઆતથી જ કાન નથી, તે મૂંગો છે. તે કેવી રીતે ભાષણ કરવા માંડશે ?

૧૬૨૭. તેવી જ રીતે બોલવા માટે પેલાએ પ્રથમ સાંભળવું જોઈએ. તું સાંભળવાનાં રસ્તે બોલવા માટે બહાર આવ.

૧૬૨૮. તમે ઘરોમાં દરવાજામાંથી દાખલ થાઓ અને દરેક કાર્યોનું છેવટ તપાસો.

૧૬૨૯. સાંભળવાના રસ્તા સિવાય સ્વતંત્ર રીતે બોલી જ નથી સિવાય ભાષણનો પેદા કરનાર કે જેને કોઈની જરૂરિયાત હોતી નથી.

૧૬૩૦. તે પોતે સ્વયંભૂ છે, તે કોઈ શિક્ષકથી દોરવાતો નથી. તે દરેક ચીજનો આધાર છે, તેને કોઈનો આધાર નથી.

૧૬૩૧. (જ્યારે) બાકીના હાથ કસબ અને ચર્ચામાં (ડુબેલા) છે, તે શિક્ષકની દોરવણી પ્રમાણે વર્તે છે, અને નમૂનાની જરૂર રહે છે.

૧૬૩૨. આ હકીકત સાંભળવામાં તું જો પરદેશી નથી, તો ફકીરનો ઝબ્બો પહેર અને જંગલની અંદર એકાંત જગ્યાએ જઈ રોવું શરૂ કર.

૧૬૩૩. હ. આદમ સાબિતીઓ ખાતર આંસુ પાડીને છટકી શક્યા. ભેજવાળાં આંસુ પશ્ચાતાપનો શ્વાસ (બોલી) છે.

૧૬૩૪. હ. આદમ રોવાના પ્રતાપે દુનિયા પર આવ્યા, તે રોતો પશ્ચાતાપ કરતો અને દિલગીર થાય.

૧૬૩૫. હ. આદમ બહેસ્તમાંથી અને સાતમા (આસમાનેથી) પોતાને ગુનેહગાર સમજતાં બૂટની હાર (ગીરીયાઝરીની) જગ્યાએ ગયા.

૧૬૩૬. જો તું હ. આદમની પુંઠમાંથી અને કસરમાંથી બનેલો છે તો (તું) તેના સોબતીઓમાંનો બની રહે (ચાલુ ગીરીયાઝારીમાં રહે).

૧૬૩૭. દિલની આતશ માટે મુખવાસનાં ફળ તૈયાર કર. અને આંખનું પાણી (આંસુ) (તેવો) બગીચો વાદળો અને સૂર્ય માટે ઉઘાડવામાં આવ્યો છે.

૧૬૩૮. આંખના પાણી (આંસુનો) સ્વાદ તું શું જાણે ? તું રોટલાનો ચાહક છે. આંધળા (ભિખારી) જેમ.

૧૬૩૯. જો આ કોથળી રોટલાથી ખાલી કરીશ. તો તું તે કીર્તિવંત મોતીઓથી ભરી દઈશ.

૧૬૪૦. શેતાની દૂધનું તારા બચ્ચાંથી (આત્માથી) ધાવણ છોડાવ. અને પછી ફિરસ્તાથી તેઓની દોસ્તી કરાવ,

બોલવા માટે પ્રથમ સાંભળવું
સાંભળવાના રસ્તે બોલવા બહાર
આવ

૧૬૪૧. જો તું અંધકારમય, ચિડાએલો અને ગમગીન છો, તો તું જાણ કે તું શેતાને ધાવેલી છાતીનું ધાવણ ધાવી રહ્યો છે.

૧૬૪૨. જે કોળીઓ તને પ્રકાશ અને સંપૂર્ણતા આપે તો (જાણ) કે તે હકની કરેલી કમાઈનો છે.

૧૬૪૩. તેલ કે જે આપણી બત્તીને બૂઝાવી નાખે, જ્યારે તે બતી બુઝાવે તો જાણ કે તે પાણી છે.

૧૬૪૪. હકના ખાધેલા ખોરાકથી જ્ઞાન અને ડહાપણ આવે છે. કાયદા સરના ખાધેલા કોળિયાથી પ્રેમ અને નમ્રતા આવે છે.

૧૬૪૫. જ્યારે જે ખોરાકથી અદેખાઈ અને કપટ (ઉત્પન્ન) થતું જુએ અને જ્યારે અજ્ઞાનતા અને બેદરકારી ઉત્પન્ન થાય તો જાણ કે તે ખોરાક હલાલ નથી.

૧૬૪૬. તું ઘઉં વાવીને બાજરાની નીપજ લઈશ? શું ઘોડી ગધેડાના બોલકાને જન્મ આપશે?

૧૬૪૭. કોળિયો એ બી છે, અને વિચારો તેનાં ફળો છે. કોળિયો એ સમુદ્ર છે અને વિચારો તેનાં મોતીઓ છે.

૧૬૪૮. કાયદા સરનો ખોરાક મોમાં જતાં ખુદાની ખિદમત કરવાનું વલણ જન્મ પામે છે અને પેલી પારની દુનિયામાં પહોંચવાનો નિશ્ચય થાય છે.

વેપારીની હિંદના પોપટોની પોતાના પોપટને વાત કહેવી.

૧૬૪૯. વેપારી તેનો વેપાર સંપૂર્ણ કરી પોતાના દિલમાં રાજી થતો ઘરે પાછો ફર્યો.

૧૬૫૦. તે દરેક ગુલામ માટે ભેટ લેતો આવ્યો. તેણે દરેક બાંદીને પણ નામની ભેટો આપી.

૧૬૫૧. પોપટે પૂછ્યું, મારી ભેટ કયાં છે? જે તમોએ જોયું અને કહ્યું, તે મને જણાવો.

૧૬૫૨. તે કહે "નહિ." ખરેખર મેં (જે કહ્યું.) તેના માટે પસ્તાઉં છું. મારા હાથ કરડું છું. અને મારી આંગળીઓનાં બચકાં ભરું છું.

૧૬૫૩. શા માટે મેં અજ્ઞાનતામાં અને મૂર્ખાઈમાં ન સમજવા જેવો સંદેશો પહોંચાડયો?

૧૬૫૪. પોપટ કહે, ઓ શેઠ, તારો પશ્ચાતાપ શા કારણે છે. આ અકળામણ અને દુઃખ શાથી ઉત્પન્ન થાય છે?"

૧૬૫૫. તેણે કહ્યું, મેં તારી ફરિયાદો તારા જેવાજ પોપટોના ટોળામાં કહી.

૧૬૫૬. એક પોપટે તારા દર્દની વાત (હકીકત) જાણી. તેનું દિલ તૂટી ગયું, અને ધ્રુજી મરી ગયો.

૧૬૫૭. હું (ઘણોજ) દિલગીર થયો. (ધાર્યું) કે મેં શા માટે આ વાત કરી? પરંતુ વાત કર્યા બાદ મારા પશ્ચાતાપનો શો અર્થ?

૧૬૫૮. જાણુ કે જીભમાંથી ઓચિંતો છૂટી ગએલો શબ્દ જેમ બાણુમાંથી તીર છૂટી જાય તેવી રીતનો છે.

૧૬૫૯. ઓ ફરઝંદ તે તીર પાછું પોતા તરફ આવતું નથી. ધોધબંધ આવતાં પ્રવાહના રસ્તામાં બંધ બાંધવો જોઈએ.

૧૬૬૦. જો તે મૂળને પાછળ મૂકી દે તો દુનિયા (દેશ) ઉપર ફરી વળે છે. જો તે દેશને તારાજ કરે તો નવાઈ જેવું નથી.

૧૬૬૧. આપણાં કૃત્યોનો બદલો અદૃષ્ય રીતે મળતો હોય છે. અને તેનાં નીપજતાં પરિણામો ઉપર ઈન્સાનની શકિત નથી.

૧૬૬૨. આ બધાં પરિણામો કોઈની પણ ભાગીદારી સિવાય ખુદાએજ પેદા કર્યાં હોય છે. જો કે તે આપણા પર છોડવામાં આવ્યા હોય છે.

૧૬૬૩. ઝૈદને અમ્ર તરફ તીર છોડવા દે, તેના તીરે અમ્રને વાઘની (માફક) ઈજા કરી.

૧૬૬૪. લાંબી મુદ્દત સુધી (આખુ) વર્ષ તે (ઝખમ) તેને દર્દ ઉપજાવતું રહ્યું. દર્દ ખુદાએ પેદા કર્યું છે, માણસે નહિ.

૧૬૬૫. જો ઝૈદ કે જેણે તીર માર્યું તે તેજ પળે બીકથી મરી ગયો હોત (જ્યારે અમ્ર ઘાયલ થયો ત્યારે) (છતાં પણ) દર્દનો ત્યાં ચાલુ જ રહ્યું હોત. મોત સુધી.

૧૬૬૬. તેવી જ રીતે (અમ્ર) ઈજાના પરિણામે મરી ગયો. (ત્યારે) આ કૃત્યથી ઝૈદ કે જેણે (તીર) માર્યું હતું તે ખૂની કહેવાણો.

૧૬૬૭. આ દુઃખોનું તેનાપર તહોમત મૂકવામાં આવ્યું. (પણ) ખરી રીતે તે પેદા કરનારનાં જ કૃત્યો હતાં.

૧૬૬૮ બી વાવતાં, શ્વાસલેતાં, (બોલતાં). જાળ નાખતાં, અને સંવનન કરતાં. આ બધાં કૃત્યોના પરિણામો ખુદાની (ઈચ્છાને) આધીન છે.

૧૬૬૯. રૂહાની પેશ્વાઓ ખુદા પાસેથી મેળવેલી શકિત ધરાવતા હોય છે જો તીર ફેંકવામાં આવેલું હોય તો પણ તે તેની લાઈનમાંથી પાછું ફેરવે છે.

૧૬૭૦. ખુદાના હાથે (શકિતથી) જે પરિણામ આવત ને જ્યારે અવલીયા દુઆ કરે છે ત્યારે (તેનું) પરિણામ ફેરવાઈ જાય છે.

૧૬૭૧, ખુદાઈ દયાના દરવાજા થકી જે કહેવામાં નથી આવ્યું તે કહેવાય છે. કે જેથી શીખ કે કબાબ તેનાથી બળતાં નથી (નુકશાન નથી થતું).

૧૬૭૨. દરેકના મગજમાં જે સંભળાણું હોય તે ભૂંસી નાખે છે. અને: તે નજરે જોઈ ન શકાય તેવું બનાવે છે.

૧૬૭૩. ઓ મહેરમાન જો તને દેખાવ અને સાબિતી જોઈતી હોય તો (કુરાને પાકમાંથી) પઢ (જે) વચન (અમે માસુખ) કે ભૂલાવી દઈએ છીએ.

૧૬૭૪. આ વચન પઢ "તેઓએ મારી ચેતવણીથી ભૂલાવ્યા." ભૂલાવવાની (અવલીયાઓની) આ શકિત જો.

૧૬૭૫. તેઓ યાદ રાખવાનું અને ભૂલાવી દેવાને શક્તિમાન છે. તેઓ (ખુદાએ) બનાવેલા બધા જીવો પર શક્તિશાળી છે.

૧૬૭૬. જ્યારે તેઓએ માનસિક વિચાર ભૂલાવી દેવા તારો રસ્તો રોકયો હોય છે ત્યારે કાર્ય કરવું અશકય છે, જો કે તેવો સદ્‌ગુણ તારામાં હોય તો પણ.

૧૬૭૭. વિચાર કર જેઓ ઊંચે દરજ્જે ચડયા તે શું હસવાને પાત્ર છે? કુરાનમાં બની શકે તો વાંચ "તેઓએ તમને ભૂલાવી દીધા."

૧૬૭૮. જે એક ગામડાની માલિકી ધરાવે છે તે આપણા શરીરોનો રાજા છે, તે જે દિલ ધરાવે છે. (રૂહાની પેશ્વા) તે તમારા દિલોનો બાદશાહ છે.

૧૬૭૯. શક વગરની વાત છે કે આ માલ છે તે (જ્ઞાન) સમજવાની શાખા છે, માણસ માત્ર તેટલા માટે બાળક (શિખાવ) છે.

૧૬૮૦. આ આખા સવાલને વિસ્તારવાની હિંમત હું કરતો નથી. જેઓ મધ્યમાં (અધૂરા) છે તેઓ તરફથી અડચણ આવી રહી છે.

૧૬૮૧. જેમ દરગુજરપણું અને ફરીવાર યાદી એ (ખુદાએ) ઉત્પન્ન કરેલા (રૂહાની પેશ્વા) થકી જ છે. તેઓને મદદની પુકાર કરતાં તેઓ મદદે આવે છે.

૧૬૮૨. તે કીર્તિવાન દરેક રાતના તેઓના દિલમાંથી લાખો ભલા અને બૂરા વિચારો ખાલી કરાવે છે.

૧૬૮૩. જ્યારે દિવસના (ફરીવાર) તે તેઓનાં દિલ તેવીજ રીતે ભરે છે, તે પેલી (ખાલી) છીપો મોતીથી ભરે છે.

૧૬૮૪. (દૈવી) દોરવણીથી (નિંદ્રા બાદ) અગાઉની ચીજોના પેલા વિચારો રૂહોને જાણીતા થાય છે.

૧૬૮૫. તારો હુન્નર અને ચતુરાઈ પાછી આપે છે, કે તે તારા ગુજરાનનાં રસ્તા ખોલે.

૧૬૮૬. સોનીની કારીગરી લુહાર પાસે નહિ જાય, ભલા માણસનો સ્વભાવ બૂરા પાસે નહિ જાય.

૧૬૮૭. વાદીની (માલિકની) મિલ્કતી વસ્તુઓ માફક કયામતના દિવસે કારીગરી અને સ્વભાવ (પાછા) આવશે.

૧૬૮૮. નિંદ્રા બાદ (તેવીજ રીતે) કારીગરી અને સ્વભાવ પોતાનાં હોવાનો દાવો કરે છે તે ઉતાવળમાં પાછા ફરશે.

૧૬૮૯. જ્યાં ભલાઈ અને બૂરાઈ હતી તેજ જગ્યાએ સવાર થતાં તારો સ્વભાવ અને ચતુરાઈ પાછાં જશે.

(શરીરનો) ગામડા - નો માલિક - રાજા -
દિલનો - રાજા - રૂ.પેશ્વા. ઈમામ.

૧૬૯૦. જેમ સંદેશ વાહક કબૂતરો બીજા શહેરોમાંથી ઉપયોગી (સમાચાર) પોતાના શહેરમાં લાવે છે.

પેલા પોપટોએ કરેલું વેપારીના પોપટે
સાંભળવું. અને પિંજરામાં મરી જવું,
અને વેપારીનો તેના માટે પશ્ચાતાપ કરવો.

૧૬૯૧. પેલા બીજા પોપટે શું કર્યું તે જ્યારે પક્ષીએ સાંભળ્યું, ત્યારે તે (પણ) હદ ઉપરાંત ધ્રુજી, ઠંડુ થઇ ગયું.

૧૬૯૨. વેપારી તેને આમ પડેલું જોઇ, ઉભો થઇ ગયો અને પોતાની ટોપી જમીન પર પછાડી.

૧૬૯૩. જ્યારે તેણે તેને આવા ખોટા દેખાવ અને આવી હાલતમાં જોયો, વેપારી આગળ વધી પોતાના કપડાં ફાડવા લાગ્યો.

૧૬૯૪. તેણે કહ્યું, ઓ મધુર સ્વરના સુંદર પોપટ, આ તને શું થયું છે? આમ શાથી બન્યું?

૧૬૯૫. અરે અફસોસ, મારા મધુર સ્વરવાળા પંખી, ઓ મારા દિલી દોસ્ત અને વિશ્વાસુ.

૧૬૯૬. અરે અફસોસ, મારા સૂરીલા પંખી, મારા આત્માના શરાબ, મારા બગીચા અને મારા મીઠા તુલસી.

૧૬૯૭. જો હ. સુલેમાન પાસે આવું પંખી હોત તો તે બીજા પંક્ષીઓ સાથે મેળ રાખી શકત?

૧૬૯૮. અરે અફસોસ, સસ્તામાં મેળવેલા પક્ષી માટે, તેણીએ મહોબત કરીને આટલી જલ્દી પોતાનો ચહેરો ફેરવી લીધો?

૧૬૯૯. ઓ જીભ, તેં મને ઘણું નુકશાન કર્યું છે, પરંતુ જ્યારે તું બોલતી હોય છે ત્યારે મારે તને શું કહેવું?

૧૭૦૦. ઓ જીભ! તું અગ્નિ અને ગંજી (બંને) છો. તું આ ગંજી ઉપર આ આગ ક્યાં સુધી ફુગાવીશ?

૧૭૦૧. મારો આત્મા તારે લીધે છૂપા નિસાસા નાખે છે. તેં જે કરવા ધાર્યું છે તેના લીધે.

૧૭૦૨. ઓ જીભ! તું છેડા વગરનો ખજાનો છો, ઓ જીભ તું દવા ન થઈ શકે તેવું દર્દ છો.

૧૭૦૩. તું ક્યારેક સિસોટી બની પંખીઓને છેતરે છે, (ક્યારેક વ્હાલાના) વિયોગમાં આશ્વાસન દેનાર છો.

૧૭૦૪. તું ક્યારે મારાપર દયા કરીશ? ઓ દયા વગરની, ઓ તું કે જેણેં મારા પર વેર લેવા તીર તાક્યું છે?

૧૭૦૫. ખરેખર તેંજ મારા પંખીને ઉડી જતું કર્યું, અન્યાયના ઘાસ ચરામાં જુલમ ન કર.

૧૭૦૬. કાંતો જવાબ દે અથવા તેનો ઉપાય બતાવ અથવા મને કહે કે, આનંદ (પેદા કરવાના) શા ઉપાય લેવા ?

૧૭૦૭. હાય અફસોસ, મારૂં અંધારૂં નાશ કરતા પ્રભાતને. અફસોસ, મારા દિવસના અપ્રિય અજવાળાને.

૧૭૦૮. હાય અફસોસ, મારા સુંદર ઉડનાર પંખી માટે, જે પહેલી હાલતથી છેલ્લે સુધી સારી રીતે ઉડયું છે.

૧૭૦૯. અજ્ઞાન માણુસ હંમેશાં દુઃખમાં પડ્યો રહે છે. ઉભો થા અને (કુરાનમાં) વાંચ "હું કસમ ખાઉં છું અને તો દુઃખમાં."

૧૭૧૦. તારા ચહેરાને પ્રતાપે હું દુઃખમાંથી મુક્ત હતો. અને તારી નદીમાં ફીણુથી (કચરાથી) સાફ થતો હતો.

૧૭૧૧. આ દુઃખની બૂમો (પ્રેમીને) જોવાની કલ્પનાથી (વિચારોથી) ઉત્પન્ન થાય છે અને અત્યારના મારા અસ્તિત્વથી જુદાઈના (અંગે).

૧૭૧૨. તે ખુદાની ઈર્ષા હતી. અને ખુદાની સામે કોઇ યુક્તિ નથી. ખુદાની મહોબતમાં હજારો ટુકડાઓમાં વેરાએલું દિલ કયાં છે ?

૧૭૧૩. (ખુદાની) ઈર્ષા આજ છે કે તે બીજી ચીજો અથવા દુન્યવી શબ્દોથી સમજાવી શકાય તેનાથી પર છે.

૧૭૧૪. અરે અફસોસ, જો મારાં આસું દરિયો હોત (તો) તે ભલા દીલવાળાની હજૂરમાં રજૂઆત કરવામાં વેરાએલું હોત.

૧૭૧૫. મારો પોપટ, મારૂં હોંશિયાર પંખી. મારા વિચારો અને મારા અંતરના મનની ભાષા સમજનાર દુભાષિયો.

૧૭૧૬. તેણીએ મને શરૂઆતમાં જ કહ્યું હતું જે ખરા ખોટાનો જે ભાગ (કહેવા) મને કહેવામાં આવ્યું તે યાદ રાખ્યું હોત તો.

૧૭૧૭. પોપટ કે જેનો અવાજ (દૈવી) દિવ્ય સંદેશ (જેવો હતો.) તેની ઉત્પતી અસ્તિત્વના પહેલાથી જ હતી.

૧૭૧૮. તે પોપટ તારી અંદર છુપાએલો છે, તેનું પ્રતિબિંબ આ અને પેલા ઉપર પડેલું છે.

૧૭૧૯. તેણી તારી ખુશી હરી લીએ છે અને તેણીના પ્રતાપે જ તું ખુશી પ્રાપ્ત કરે છે, તે ન્યાય હોવા છતાં તે તને નુકશાન પહોંચાડે છે.

૧૭૨૦. ઓ તું કે જે શરીરની ખાતર તારા આત્મા બાળી રહ્યો છે. તેં તારા આત્માને બાળ્યો છે (નાશ કર્યો છે) શરીરને તાજું માજું બનાવ્યું છે.

૧૭૨૧. હું (ખુદાની મહોબતમાં) બળી રહ્યો છું. શું કોઈને જામગરીની જરૂર છે ? મારી અગ્નિથી તેનામાં રહેલા કચરાને આગ લગાડવા દે.

૧૭૨૨. જામગરી સળગી ઉઠે તેવી છે, તે જામગરી લે કે જે અગ્નિ સળગાવે (સત્ય સમજે).

૧૭૨૩. અરે અફસોસ, અફસોસ, અફસોસ, આવો ચંદ્રમા વાદળામાં છૂપાઈ ગયો.

૧૭૨૪. હું શબ્દ કેમ ઉચ્ચારૂં ? કારણ કે મારા દિલનો અગ્નિ અસહ્ય થઈ પડયો છે, જુદાઈનો સિંહ ઝનૂની અને ખૂન વહાવનાર બન્યો છે.

૧૭૨૫. તે કે જે શરાબ નહિ પીધેલી હાલતમાં (પણ) પ્રચંડ અને હિંસક છે, જ્યારે તે પોતાના હાથમાં શરાબનો કપ લેશે ત્યારે તે કેવો બનશે ?

૧૭૨૬. સિંહ કે જેનું વર્ણન ન થઈ શકે તેવો હિંસક છે તે તેના બહોળા ચરા માટે ઘણોજ મહાન.

૧૭૨૭. હું કવિતાઓ વિષે વિચાર કરૂં છું ત્યારે મારૂં મધુરૂં દિલ મને કહે છે; તારા દર્શન સિવાય બીજો વિચાર ન કર.

૧૭૨૮. આરામથી બેસ. મારી કવિતાના કલ્પનાના (દોસ્ત). તું મારી હાજરીમાં કવિતાની (કલ્પનાનું) પરમસુખ મેળવનાર છો.

૧૭૨૯. તેં વિચારેલા તેઓના માટેના શબ્દો કયાં છે ? શબ્દો શું છે ? અંગુરની વાડીના વાળના કાંટા.

૧૭૩૦. હું મારો શબ્દ, અવાજ અને બોલી ગભરાટમાં ફેંકીશ, (બોલીશ) આ ત્રણ સિવાય (પણ) હું તારી સાથે વાત કરૂં.

૧૭૩૧. તે "શબ્દ" કે જે મેં હ. આદમથી છૂપો રાખ્યો તે હું તને કહીશ. ઓ (તું કે જે) દુનિયાનો જાણકાર છે.

૧૭૩૨. તે શબ્દ કે જે મેં હ. ઈબ્રાહીમને ન જણાવ્યો તે (હું તને કહીશ) અને તે દુ:ખ (પ્રેમ) કે જે હ. જીબ્રાઈલ જાણતા નથી.

૧૭૩૩. હ. ઈસા તે શબ્દ બોલી ફૂંક મારતા હતા. તે ખુદાઈ શબ્દ અદેખાઈથી (બોલતા હતા) "મા" વગર કાંઈ જ ઉચ્ચારતા ન હતા.

૧૭૩૪. ભાષામાં "મા" શું છે? હકારાત્મક અને નકારાત્મક. હું હા કહેનાર નથી હું બે ખુદ અને નકારાએલો છું.

૧૭૩૫ મને વ્યક્તિપણું બે ખુદીમાંથી મલ્યું છે, તેથી જ હું મારૂં વ્યક્તિપણું બે ખુદીમાં ફેરવું છું

૧૭૩૬. બધા બાદશાહો તેનાં ગુલામોના ગુલામ છે. બધા લોકો મરેલા છે (મરવાની તૈયારીમાં) છે કે જે તેમના માટે મરે છે.

૧૭૩૭ બધા બાદશાહો પોતાના નમનારને પોતે પણ નમતા હોય છે, બધા લોકો કે જે તેના પ્રેમમાં મસ્ત હોય છે, તેઓ પણ તેના પ્રેમમાં મસ્ત હોય છે.

(૧) માં → હકારાત્મક
નકારાત્મક.

૧૭૩૮. પારધી પક્ષીઓનો એટલા માટે શિકાર બને છે કે તે ઓચિંતો તેઓને પોતાનો શિકાર બનાવે.

૧૭૩૯. દિલ હરી લેનારનાં દિલ જેઓએ પોતાના દિલ ખોયાં છે તેના કેદી બને છે બધા માશુકો આશકોના શિકાર બને છે.

૧૭૪૦. જેઓને તું માશુક જુએ છે તેઓને તું આશક સમજ, કારણ કે સગાઈમાં તે આ અને પેલું બન્ને છે.

૧૭૪૧. જો તું તરસ્યો આ દુનિયામાં પાણીને શોધે છે (તો) પાણી પણ જેઓ આ દુનિયામાં તરસ્યા છે તેને શોધે છે.

૧૭૪૨. તેજ પ્રમાણે જેમ તે તારો આશક છે (તો) તું ચૂપ રહે. જેમ તે તારો કાન ખેંચે. તું (આખો) કાન બની જા.

૧૭૪૩. (અત્યાનંદનું) તોફાની વહેણનું તળાવ બની જા. નહિતર તે શરમ અને નાશ (નુકશાન) કરશે.

૧૭૪૪. નાશ નોતરે છે છતાં હું શા માટે દરકાર કરૂં (કારણ કે) નાશની અંદર બાદશાહી ખજાનો છે.

૧૭૪૫. તે કે જે ખુદામાં ડૂબી ગયો છે તે વધારે ડૂબવાની તમન્ના કરે છે (જ્યારે) તેનો આત્મા દરિયાના મોજાની માફક ઉપર નીચે (ઉછળે છે).

૧૭૪૬. (પૂછે છે) દરિયાનું તળિયું કે સપાટી (બન્નેમાં) કયું વધારે આલ્હાદ જનક છે. તેનું (પ્રેમીની) ઢાલ કે તીર કયું વધારે મોહ પમાડનાર છે?

૧૭૪૭. ઓ દિલ જો તું ખુશી અને ગમની વચ્ચે તફાવત ગણીશ તો તું બદ ઈશારાથી ટુકડે ટુકડા થઈ જઈશ.

૧૭૪૮. જો કે તારી ઉમેદોના હેતુનો સ્વાદ સાકરનો છે. તારી ઉમેદોનો હેતુ (તારામાં) વહાલાની ઈચ્છાનો ગેરહાજર નથી.

૧૭૪૯. તેનો દરેક ગ્રહ એ સો નવા ચંદ્રમાના ખૂનની કિંમત છે, તેને માટે (આખી) દુનિયાનું લોહી વહેવડાવવું " હલાલ " છે.

૧૭૫૦. આપણે કિંમત અને લોહીની કિંમત મેળવી. આપણે આપણા આત્માનો જુગાર રમવા ઉતાવળ કરી.

૧૭૫૧. અરે, આશકોની જિંદગી મોતમાં સમાએલી છે. જ્યાં સુધી તેં તારૂં દિલ ગુમાવ્યું નથી ત્યાં સુધી માશુકનું દિલ જીતી શકીશ નહિ.

૧૭૫૨. મેં તેનું દિલ જીતવા સો કળા અને રીતો અજમાવી (પણ) તેણે મને નિરાશામાં મૂકવા બહાના કર્યાં.

૧૭૫૩. આખરે મેં કહ્યું, મારૂં દિલ અને આત્મા તારામાં જ ડૂબી ગયા છે. તે કહે ચાલ્યો જા. મારા પર આવો જાદુ ન કર.

૧૭૫૪. તેં કઈ વાતો વિચારી તે શું હું જાણતો નથી? અરે જ્યારે તુ દ્વિતપણું જુએ છે ત્યારે તેં "વ્હાલાને" કેવો ધારી લીધો છે?

૧૭૫૫. ઓ ગંદા આત્માવાળા, શું તું મને નજીવી કિંમતનો સમજે છે.? (એમ છે તો) તેનું કારણ તેં મને ઘણો સસ્તો ખરીદ્યો છે.

૧૭૫૬. જે સસ્તે ખરીદે છે તે સસ્તે વેચે છે. એક બાળક રોટલીના ટુકડા માટે મોતી આપી દેશે.

૧૭૫૭. પ્રેમમાં (ખૂબ જ ઊંડો) ડૂબી ગયો છું. કે જે પ્રેમમાં પહેલાં અને છેલ્લા પ્રેમી ડૂબ્યા છે.

૧૭૫૮. મેં તે ઉપર ઉપરથી કહ્યું છે, મેં તે (લંબાણ પૂર્વક) કહ્યું નથી. નહિતર તારી સમજ અને મારૂં કથન બન્ને વપરાઈ ગયાં હોત.

૧૭૫૯. જ્યારે હું હોઠની વાત કરૂં ત્યારે તે સમુદ્રનો હોઠ (કિનારો) છે જ્યારે હું 'ના' કહું તો અર્થ સમજવો 'સિપાઈ.'

૧૭૬૦. (અંદરની) મધુરતાને અંગે હું કડક ચહેરા સાથે બેસું છું. વાણીની સંપૂર્ણતાને અંગે હું ચૂપ બેઠો છું.

૧૭૬૧. કડક ચહેરાના પડદામાં બન્ને દુનિયાથી મારી મીઠાશ છૂપાવી રાખી હોય!

૧૭૬૨. એટલા માટે કે આ વિષય દરેકના કાન પર ન પડે. તેથી દરવેશી સો ગૂઢાર્થોમાં એક જ કહું છું.

હકીમ (સિનાઈ) ના વચનનું વિવરણ.

સિનાઈ

રસ્તે જતાં જે કોઈ કારણ તને પાછળ રાખે તે નાસ્તિકતા હોય કે ઈમાન તેની શી ફિકર? જે પણ રૂપ તને પ્યારાથી પાછો પાડે તે ખૂબસૂરત છે કે બદસુરત તેની શી ફિકર? અને હ. પયગમ્બર સાહેબના શબ્દો "ખરેખર સાદ અદેખો છે. અને હું સાદ કરતાં વધુ અદેખો છું. અને અલ્લાહ મારા કરતાં વધુ અદેખો છે અને તેની અદેખાઈ અંગે જ જાહેરી કે બાતુની દંભી કૃત્યોની તેને તેણે મના ફરમાવી છે.

દરવેશી 100 ગુઢાર્થોમાં → એક જ કહું છું.

૧૭૬૩. આખી દુનિયા અદેખી બની છે. કારણ કે ખુદા અદેખાઈમાં આખી દુનિયામાં સૌથી આગળ છે.

૧૭૬૪. તે રૂહની માફક છે. દુનિયા કાયા માફક. કાયા રૂહ પાસેથી ભલાઇ તથા બૂરાઈ મેળવે છે.

૧૭૬૫. હર કોઈ કે જેની પ્રાર્થના (ગૂઢાર્થ) સંદેશામાં પરિણમે. તો શું તું તેને (અસલ) રૂઢિવાદ તરફ ફરતો બેશરમ ગણે?

૧૭૬૬. હરકોઈ કે જે રાજાની પહેરામણીનો માલિક બન્યો છે. તે રાજા વતી હાંકનાર અને તો તે નુકશાનકારક છે.

૧૭૬૭. હરકોઈ કે જે રાજાનો પ્રીતિ પાત્ર મિત્ર બને અને (જો) તે દરવાજે ઊભો રહે તો તે તેને અપમાન જનક અને છેતરામણું છે.

૧૭૬૮. જ્યારે રાજાનો હાથ ચૂમવાનો તેને ખાસ હક મલ્યો હોય ત્યારે જો તે રાજાનો પગ ચૂમે તો ગુન્હો છે.

૧૭૬૯. અલબત રાજાને પગે માથું મૂકવું એ આધીનતા છે. (છતાં) આગલી આધીનતાના કાર્યો તરફ જોતાં તે ભૂલ અને પીછેહઠ છે.

૧૭૭૦. જે કોઈ માત્ર સુગંધ (મોટાઈ) પસંદ કરતો ચહેરો જોશે તેનો રાજા અદેખો બનશે.

૧૭૭૧. દૃષ્ટાંતની ભાષામાં કહું તો ખુદાની અદેખાઈ ઘઉં છે. (જ્યારે) ઈન્સાનની અદેખાઈ ડાળાનું ખડ છે.

૧૭૭૨. જાણ્ કે બધી અદેખાઈનું મૂળ ખુદામાં અદેખાઇ છે તે છે. પેલી માણસ જાત ખુદામાંથી મળતાપણા વગર ફણગો ફુટયો છે.

૧૭૭૩. આનો ખુલાસો હું મૂકી દઉં છું. અને પેલી છચુપચુ સુંદરતાના ઘાતકીપણાની ફરિયાદ શરૂ કરૂં છું.

૧૭૭૪. હું શોક કરૂં છું કારણ કે ખુદાને શોક પસંદ છે, તે ઈચ્છે છે કે બન્ને દુનિયા શોક અને પ્રશ્ચાતાપ કરે.

૧૭૭૫. જ્યારે હું તેની સાથે પ્રેમના નશામાં રહેનારાઓમાંનો એક નથી તો તેની ઠગાઇ માટે હું શા માટે અતિશય શોક ન કરૂં?

૧૭૭૬. તેના દિવસ સિવાય અને તેના દિવસની માફક પ્રકાશિત ચહેરાની મહેરબાની વગર હું શા માટે રાત્રિ માફક દિલગીર ન થાઉં?

૧૭૭૭. તેની કડવાશ મારા આત્માની મીઠાશ છે. તે કે જે પ્રેમી મારા દિલને દુઃખો આપે છે તેના ઉપર મારો આત્મા કુરબાન થાય!

૧૭૭૮. જેની સમાન બીજો કોઈ નથી તે કીર્તિવંત બાદશાહની ખુશી ખાતર હું મારી તંગી અને દુઃખી હાલતમાં (પણ) તેના પ્રેમમાં છું.

૧૭૭૯. દુઃખની રજને મેં મારી આંખોનો મલમ બનાવ્યો છે કે જેથી મારી બન્ને આંખોનો સાગર મોતીઓથી ભરાઈ જાય,

દુનિયા અદેખી - નો → અદેખો - ૧૭૬૮.
રૂહ પાસેથી
ભલાઈ-બુરાઈ

૧૭૮૦. તેના (ખુદાના પ્રેમમાં) જે માણસો આંસુ સારે છે તે મોતીઓ છે જો કે માણસો તેને આંસુ સમજે છે.

૧૭૮૧. હું આત્માના આત્માને ફરિયાદ કરૂં છું (પણ હકીકતમાં) ફરિયાદ કરતો નથી હું માત્ર સંબોધું છું.

૧૭૮૨. મારૂં દિલ કહે છે, 'હું તેનાથી ચિરાઈ ગયું.' અરે હું (લાંબા વખતથી) તેના છેતરવાથી હસી રહ્યો છું.

૧૭૮૩. ઓ સચ્ચાઇના કીર્તિવંત મને સીધે રસ્તે ચલાવ. ઓ તું કે જે ઊંચા આસને બેસવાવાળો છો, અને હું તારા દરવાજાનો ઉંબરો છું.

૧૭૮૪. હકીકતમાં ઉંબરો અને ઊંચું આસન ક્યાં છે? તે જગ્યાએ કે જ્યાં વ્હાલમ છે. (ત્યારે) અમો અને હું ક્યાં છીએ?

૧૭૮૫. ઓ તું કે, જેનો આત્મા "અમે" અને "હું" થી સ્વતંત્ર છે, ઓ તું કે જે માણુસ અને આત્માનો ગૂઢ તત્વ છો.

૧૭૮૬. જ્યારે સ્રી અને પુરુષ એક બને ત્યારે તે એકતા તુંજ છો. જ્યારે સમૂહને હાંકી કાઢવામાં આવે છે, અરે, તે તું જ (એકતા કરનાર) છો.

૧૭૮૭. આ હું અને અમેનો રચનાર તું જ છો. એટલા ખાતર કે તને પૂજવાની રમતનો તું જોરદાર રમનાર બને.

૧૭૮૮. તે સઘળા 'હુ" ઓ અને 'તુ" ઓ એક આત્મા બને અને આખરે પ્યારામાં સમાઈ જાય.

૧૭૮૯ આ બધું સત્ય છે. અને તું આવ્યો છે જ. ઓ 'શબ્દ' ના ઉત્પાદક (પિતા) ઓ તું કે જેમાંથી 'આવ' અને બધી વાણી ઉત્પન્ન થાય છે.

૧૭૯૦. શરીર માત્ર શારીરિક આકાર જ જોઈ શકે, તે તારી દિલગીરીઓ અને ખુશીના તરંગો કરે છે.

૧૭૯૧. દિલ કે જે દિલગીરી અને ખુશીથી સંકળાએલું છે તે તેને જોવાને લાયક છે એમ કહે નહિ.

૧૭૯૨. તે કે જે ખુશી અને ગમીમાં જીવવા બંધાએલો છે, તે આ બન્ને ઉછીની લીધેલી ચીજોમાં છે.

૧૭૯૩. પ્રેમનો લીલો બગીચો કે જે છેડા વગરનો છે ત્યાં ગમી કે ખુશી સિવાયનાં બીજાં ઘણાં ફળો છે.

૧૭૯૪. આ બન્ને સ્થિતિની હાલત કરતાં પ્રેમ ચડિયાતો છે, વસંત કે પાનખર ઋતુ સિવાય પણ તે હંમેશાં લીલો અને તાજો છે.

ખુદાઈ પ્રેમમાં - આંસુ - તે મોતી. પરંતુ માણસો - આંસુ સમજે.

હકીકતમાં ઉંબરો ને ઉંચુ આસન ક્યાં છે? } - જ્યાં વ્હાલમ છે.

પ્રેમનો બગીચો - છેડા વગરનો

૧૭૯૫. ઓ કીર્તિવંત હું તારા સુંદર ચહેરાને દર્શાવ દેતો રહું. આત્માની વાત જણાવ. કે જે કટકાઓ ભાડું (ખુદાઈ હક) છે.

૧૭૯૬. કારણ કે વૈદક ભરેલી દષ્ટિ ક્ષેપથી તે કે જેને પ્રેમાળ દષ્ટિ આપવામાં આવી છે (તેણે) મારા દિલને તાન્નું બનાવી મુક્યું છે.

૧૭૯૭. જો તે મારૂં ખૂન વહાવે તો પણ હું તેને નિર્દોષ કહું. હું કહેતો હતો "તે હલાલ છે" અને તે (મારાથી) ભાગતો હતો.

૧૭૯૮. તેઓ કે જેઓ ધૂળ મિસાલ છે તેનાથી હું ભાગતો હતો. શા માટે તું દિલગીર દિલો પર તારી દિલગીરી રેડે છે?

૧૭૯૯. ઓ તું કે જેને દરેક પ્રભાત પૂર્વમાંથી ઉદય થતું પ્રકાશિત ઝરાની માફક પ્રકાશ માન દેખાય છે.

૧૮૦૦. તારા ઉન્માદિત પ્રેમીને તું શા માટે બહાના સિવાય બીજું કાંઇ દેતો નથી? ઓ તું કે જેના હોઠની મીઠાશ બેહદ કીમતી છે.

૧૮૦૧. ઓ તું કે જે જૂની દુનિયાનો નવો આત્મા છો. મારા આત્મા અને દિલ વગર મારી કાયામાંથી આવતા ચિત્કારને સાંભળ.

૧૮૦૨. ગુલાબની વાત છોડી દે. ખુદાની ખાતર બુલબુલની વાત ચાલુ કર કે જે ગુલાબથી છૂટું પડયું છે.

૧૮૦૩. દુઃખ કે આનંદને ખાતર અમારી લાગણી નથી ઉદ્‌ભવી. કલ્પના અને તરંગોએ અમારા અંતઃકરણને અસર કરેલ નથી.

૧૮૦૪. એક બીજી (અંતઃકરણની) હાલત છે, કે જે ભાગ્યે જ પ્રાપ્ત થાય (તું) આ માન્યતામાં વિશ્વાસ રાખ કારણ કે ખુદા ઘણો જ મહાન છે.

૧૮૦૫. (સાધારણ) મનુષ્યની હાલતથી તુલના ન કર. દુષ્ટ કૃત્યો અને સુકૃત્યોમાં બંધાઈ ન જા.

૧૮૦૬. દુષ્ટ કૃત્યો અને સુકૃત્યો, ગમ અને ખુશી તે ચીજો હસ્તીમાં આવનાર છે' જે હસ્તીમાં આવે છે તે નાશ પામે છે, ખુદા તેનો વારસદાર છે.

૧૮૦૭. પ્રભાત થયું છે, ઓ તું કે જે પ્રભાતનો મદદગાર અને આશરો છો, મારાં માટે મારા માલિક હીસામુદ્દીન પાસેથી માફી માગ.

૧૮૦૮. તું કે જે સર્વજ્ઞ મન અને આત્માની માફી આપનાર, તું આત્માનો આત્મા અને પરવાળાની ડાખળીની શોભા છો.

૧૮૦૯. પ્રભાતના પ્રકાશે અજવાળું પાથર્યું છે. અને તારા પ્રકાશમાં અમે સવારનું પીણું, તારા મનસુરનો શરાબ પીવામાં મશગૂલ થયા છીએ.

૧૮૧૦. અલબત જેમ તારી બક્ષિશ મને આમ (આનંદમાં) રાખે છે ત્યારે કોણ (બીજો) દારૂ આના કરતાં વધુ આનંદ આપી શકે?

૧૮૧૧. શરાબ અત્યાનંદમાં છે, આપણા અત્યાનંદ માટે તે કંગાળની માફક તળપે છે, બહેસ્ત ક્રાંન્તિમાં છે તે અમારા અંતઃકરણ માટેના ભિખારી છે.

૧૮૧૨. શરાબ આપણી સાથે નશામાં ફેરવાઇ ગયો. આપણે તેનાથી નહિ. આપણાથી શરીર હસ્તીમાં આવ્યાં આપણે તેનાથી નહિ.

૧૮૧૩. આપણે મધમાખીઓ છીએ અને કાયા મીણ છે. આપણે શરીર બનાવ્યું, મીણની માફક. કોશાણુંથી કોશાણું.

વેપારી કે જે (હિંદમાં) વેપાર કરવા ગયો તેની વાત ફરી શરૂ કરવી.

૧૮૧૪. આ (વાત) બહુ લાંબી છે, વેપારીની વાત કહે, કે જેથી આપણે જોઇએ કે તે ભલા માણસનું શું થયું.

૧૮૧૫. તે વેપારી (ગમની) અગ્નિમાં, બળાપામાં અને આવેશમાં આના જેવા સેંકડો દુઃખો ઉચ્ચારતો.

૧૮૧૬. અવારનવાર અલંકારીન આત્મામાં ઉઠતા વિરોધી તત્વો, નિરાશા કે હકીકત માટે અવારનવાર આજીજીપૂર્વક અરજ કરતો.

૧૮૧૭. ડૂબતો માણસ આત્મિક પીડાથી સહન કરતો દરેક તણખલાને પકડવાની કોશિશ કરે છે.

૧૮૧૮. પોતાનું માથું (જિંદગી) ગુમાવવાની બીકમાં તે પોતાના હાથ પગ ઘસે છે કે કોઈ આ દુઃખમાં તેના હાથ પકડે (મદદ કરે).

૧૮૧૯. દોસ્ત પોતાનો ઉશ્કેરાટ સમાવે છે, શાંત પડી રહેવા કરતાં નકામા ફાંફા મારવા વધુ સારૂં છે.

૧૮૨૦. તે (સર્વનો) બાદશાહ છે, તે આળસુ નથી. જો કે તેનો દાવો અદ્‌ભૂત હશે! કારણ કે તે માંદો નથી.

૧૮૨૧. ઓ પુત્ર, આ કારણે જ દયાળુ ખુદાએ કહ્યું છે, "ઓ પુત્ર, દરરોજ તે કામમાં (મશગૂલ) છે."

૧૮૨૨. આ રીતે તું કદી છોલાઈ જા કે છેદાઇ જા (તો પણ) જ્યાં સુધી તારો છેલ્લો દમ આવે ત્યાં સુધી એક પળને માટે પણ નવરો ન રહેતો.

૧૮૨૩. કે જેથી તારો છેલ્લો દમ તારા જિગરજાન મિત્રમાં છેલ્લો દમ બની રહે.

૧૮૨૪. માણસ કે સ્ત્રી માં જે પણ આત્મા છે તે સખત પ્રયત્ન કરે છે. આત્માના રાજાની આંખ અને કાન બારીએ છે, (જોનાર અને સાંભળનાર છે)

વેપારીનું પોપટને પીંજરામાંથી કાઢવું
અને મરેલા પોપટનું ઉડી જવું.

૧૮૨૫. ત્યાર બાદ તેણે તેના પીંજરામાંથી બહાર કાઢયો. નાનો પોપટ ઝાડની ઊંચી ડાળીએ જઈને બેઠો.

છેદાઈજા- છોલાઈ જા- છેલ્લા દમ આવે
ત્યાં સુધી એક પળ માટે
નવરો ન રહે.

૧૮૨૬. મરી ગયેલા પોપટે એવી (ઝડપી) ઉડ્ડયન કરી, જેમ પૂર્વીય સૂર્ય ઉપર આવવાની દોડ મૂકે છે.

૧૮૨૭. વેપારી પક્ષીના કૃત્યથી અચંબો પામ્યો. તેણે એકાએક (કાંઈપણ) સમજ્યા વગર પક્ષીના રહસ્યો જોયાં.

૧૮૨૮. તેણે પોતાનો ચહેરો ઉંચો કર્યો અને કહ્યું, ઓ બુલબુલ, તારી વાત સમજાવી અમોને ફાયદો પહોંચાડ.

૧૮૨૯. (હિંદના) પોપટે શું કર્યું કે જે તું શીખ્યો, યુક્તિ સમજાવ અને અમોને (દિલગીરીમાં) બાળ.

૧૮૩૦. પોપટે તેને જવાબ આપ્યો, 'તેણે પોતાના કૃત્યથી મને શિખામણ આપી કે તારી મીઠી બોલી અને તારો સ્નેહ (તારા શેઠ તરફનો) છોડી દે.

૧૮૩૧. કારણ કે તારો અવાજ જ તને કેદખાનામાં લાવ્યો છે. આ શિખામણ સમજાવવાની ખાતર તેણીએ મરેલી હોવાનો ઢોંગ કર્યો.

૧૮૩૨. (તેના કહેવાનો) અર્થ, એ તું કે જે ઊંચે અને નીચે ગાનાર બન્યો છે, (તે) મારી માફક મરેલો બની જા. કે જેથી તું છુટકારો મેળવી શકે.

૧૮૩૩. જો તું અનાજનો દાણો થઇશ. તો નાનુ પક્ષી તને ચાંચમાં લઈ જશે (ખાઈ જશે) જો તું છોડનો ફણગો બન્યો તો નાના બચ્ચાં તને ચૂંટી લેશે.

૧૮૩૪. દાણો સંતાડ, ફાંસો બની જા. ફણગો સંતાડ, છાપરા ઉપરનું ઘાસ બની જા.

૧૮૩૫. જે કોઈ પોતાની સુંદરતા લીલામમાં મૂકે છે. સેંકડો બદનસીબ તેના તરફ ઉમટે છે.

૧૮૩૬. કાવતરાં, ક્રોધ, અદાવતો, તેના માથા ઉપર ઠલવાઈ છે. જેમ મસ્તકમાંથી છૂટતું પાણી.

૧૮૩૭. દુશ્મનો અદેખાઈથી તેને ટુકડે ટુકડા કરી ચીરી નાખે છે. મિત્રો પણ બાકીની જિંદગી ખતમ કરી નાખે છે.

૧૮૩૮. તે કે જે વાવણી અને ઝરાના મોજાંથી અજાણ્યો હતો તે જિંદગીના દમની કિંમત શી રીતે આંકી શકે?

૧૮૩૯. ખુદાની રહેમતનો આસરો તારે લેવો જોઈએ. તે આપણી રૂહાની ઉપર હજારો ગણી રહેમતો વર્ષાવતો હોય છે.

૧૮૪૦. તેથી તું આસરો શોધી શકે. પછી તું આસરા વગરનો કેમ હોઈશ? પાણી અને અગ્નિ તારૂં લશ્કર બનશે.

૧૮૪૧. શું દરિયો હ. નૂહ અને હ. મુસાનો દોસ્ત બન્યો નહતો? તેના દુશ્મનોથી વેર લેવામાં શું તેઓ ઉતાવળા બન્યા ન હતા?

૧૮૪૨. હ. ઈબ્રાહીમ માટે અગ્નિ કિલ્લો બન્યો ન હતો? કે જેથી નમરૂદના દિલમાં ધુમાડા (દિલગીરી) પેદા નહોતી કરી?

૩૦

સુંદરતા લીલામ માં મૂકે - બદનસીબ ઉમટે

૧૮૪૩. પર્વતે હ. યાહયાને પોતાની પાસે નહોતા બોલાવ્યા? અને તેના દુશ્મનોને પથ્થરાના મારાથી ભગાડ્યા ન હતા?

૧૮૪૪. તે કહે, ઓ યાહયા, આવ મારી અંદર આશરો લે, કે જેથી હું તીક્ષ્ણ તલવારથી તારું રક્ષણ કરું.

પોપટનું વેપારીને અલવિદા કરી ઉડી જવું.

૧૮૪૫. પોપટે તેને એક બે (રૂહાની) સ્વાદિષ્ટ શિખામણો આપી. અને પછી છૂટા પડવા માટેના છેલ્લા સલામ કર્યા.

૧૮૪૬. વેપારી તેને કહે, જા, ખુદા તારૂં રક્ષણ કરે, હમણાં તેં મને નવો રસ્તો બતાવ્યો છે.

૧૮૪૭. વેપારી પોતાને કહે, આ મારા માટે શિખામણ છે. હું પણ તેનો જ રસ્તો લઈશ, કારણ કે આ રસ્તો પ્રકાશથી ભરપૂર છે.

૧૮૪૮. મારો જીવ પોપટના (જીવ) કરતાં હલકો કેમ હોઈ શકે? રૂહે આ સારા રસ્તા પર ચાલવું જ જોઈએ.

લોકોથી માન પામવું ને ખ્યાતિ પામવી એ નુકશાનકર્તા છે તે વિષે

૧૮૪૯. શરીર એ પાંજરાની માફક છે. ખુશામતખોરીથી તેમાં જેઓ આવજા કરે છે તેઓ આત્મા માટે કાંટારૂપ બને છે.

૧૮૫૦. આ એક તેને એમ કહેશે, હું તારો વિશ્વાસુ બનીશ. બીજો કહે નહિ. હું તારો ભાગીદાર છું.

૧૮૫૧. આ એક તેને કહેશે તારા જેવો સુંદરતામાં, પ્રખ્યાતિમાં, દયા અને ઉદારતામાં તારા જેવો બીજો કોઇ અસ્તિત્વમાં નથી.

૧૮૫૨. પેલો તેને કહે છે, બન્ને દુનિયા તારી છે, અમારા બધાના આત્માઓ તારા આત્મા પર આધાર રાખનારા છીએ.

૧૮૫૩. જ્યારે તે જુએ છે કે માણસ તેના પ્યારમાં તડપે છે ત્યારે અજ્ઞાનતામાં તે પોતાનું ભાન ભૂલી જાય છે.

૧૮૫૪. સેતાને તેના જેવા લાખોને (નાશની) નદીમાં ધકેલી દીધા છે તેને તે જાણતો નથી.

૧૮૫૫. દુનિયાનું મસ્કાપણું અને દંભ એ મીઠો કોળિયો છે. તે બહું થોડું ખા. (નહિ ખા) કારણ કે તે કોળિયો અગ્નિથી ભરેલો છે.

૧૮૫૬. તેની અગ્નિ ગુપ્ત છે અને તેનો સ્વાદ નજરે પડે છે. તેના ભડકા અંતમાં નજરે પડે છે.

૧૮૫૭. એમ ન કહે કે હું કેવી રીતે તે વખાણને ગળી જાઉં? તે (ઇનામની) આશાએ બોલી રહ્યો છે, હું તેના જ રસ્તા પર છું.

દુનિયા નો દંભ - મીઠો કોળીયો તેનો અગ્નિ છે.
માન પામવું, ખ્યાતિ -> નુકશાન કર્તા. ભાગ.

૧૮૫૮. જો તારો વખાણ કરનાર જાહેરમાં તારા માટે કટાક્ષમય લખાણ કરે તો તે ઉઝરડાને લીધે તારૂં દિલ દિવસો સુધી બળશે.

૧૮૫૯. તેને તમારી પાસેથી જે ફાયદો જોઈતો હતો (તે ન મળતાં) નિરાશામાં તેણે આ કહ્યું છે. તે તમે જાણો છો.

૧૮૬૦. છતાં તેની અસર તમારા મોં ઉપર રહે છે. તેવો જ અનુભવ વખાણના પ્રતાપે પણ બને છે.

૧૮૬૧. તેની અસર પણ ઘણા દિવસો સુધી રહે છે. અને આત્માના અભિમાન અને ઠગાઈનું કારણ બને છે.

૧૮૬૨. તે પોતાને બતાવતું નથી. કારણ કે વખાણ મીઠું લાગે છે. (ઠપકાની વખતે) દુષ્ટતા દેખાઈ આવે છે. ઠપકો કડવો લાગે છે.

૧૮૬૩. તે (ઠપકો) દવા અને ગોળીઓ જે તું ગળે છે તેના જેવો (કડવો) લાગે છે અને લાંબા વખત સુધી (તેનાથી) તું દુઃખી અને મુશ્કેલીમાં હોય છે.

૧૮૬૪. જેમકે તમે હલવો ખાઓ છો, તો તેનો સ્વાદ દિલ પસંદ લાગે છે, તેની અસર બીજાની માફક કાયમ માટે રહેતી નથી.

૧૮૬૫. જ્યારે તે (દેખી શકાઈ તેવું) સહન કરતું નથી. ત્યારે તે ન દેખી શકાય તેવું સહન કરે છે, દરેક વિરોધી તેના વિરોધીઓથી જ ઓળખ.

૧૮૬૬. જ્યારે ખાંડની અસર સહન કરે છે (સુષુપ્ત રહે છે) થોડી વાર પછી તે ગુમડાઓ માટે દાકતર છરીને બોલાવે છે.

૧૮૬૭. ફીરઓન (પોતાની) કીર્તિના વખાણની રેલમછેલથી ભરેલો હતો. નમ્રતાથી ભરપૂર રૂહાની રીતે નમ્ર બન. સત્તાવાન ન બન.

૧૮૬૮. બની શકે ત્યાં સુધી ગુલામ બન, (નમ્ર બન) શહેનશાહ ન બન. ફટકા સહન કર. દડાની માફક બન. (ફટકા મારવાનું) બેટ ન બન.

૧૮૬૯. નહિતર જ્યારે (તારી પાસે) આ સત્તા કે ખૂબસૂરતી નહિ રહે ત્યારે તું પેલા તારા સોબતીઓથી ધિક્કારાએલો બની જઈશ.

૧૮૭૦. આ પ્રકારના લોકો કે જેઓ તને છેતરવા ખુશામત કરે છે, તેઓ તને (આમ) જોશે ત્યારે તેઓ તને શેતાન કહીને બોલાવશે.

૧૮૭૧. જ્યારે તેઓ તને તેના આંગણે જોશે ત્યારે તેઓ રાડ પાડશે કે, એક મૃત્યુ પામેલો પોતાની કબરમાંથી ઉઠ્યો છે.

૧૮૭૨. (તું જાણે કે) દાઢી વગરનો યુવાન લાગીશ. તેઓ કે જેઓ તને "માલિક તરીકે બોલાવતા તેઓ જ તને ઠગાઈથી બદનામ કરશે.

૧૮૭૩. તેઓ જ્યારે કલંકિત હોવા છતાં દાઢી જોશે ત્યારે તેની શોધ કરવામાં શેતાન પણ શરમાશે.

૧૮૭૪. શેતાન ગુન્હાહિત કાર્ય કરાવવા ઈન્સાન ને ભેટે છે, તે તને નહિ ભેટે કારણ કે તું તેનાથી પણ વધુ ખરાબ છે,

૧૮૭૫. જ્યાં સુધી કે તમે માણુસ હતા ત્યાં સુધી સેતાન તમારે પગલે પગલે દોડતો હતો, અને પોતાનો શરાબ પાવા કોશિશ કરતો હતો.

૧૮૭૬. જ્યારે તું શૈતાનિયતમાં બંધાઈ ગયેલો છે તો શેતાન પણ તારાથી નાશી જશે. ઓ કિંમત વગરના !

૧૮૭૭. તે (શરૂમાં) તેઓ તારૂં ખમીશ પકડશે. (પણ) જે તું આવો બનીશ તો તેઓ (તારાથી) નાસી જશે.

હદીશનું વિવરણ "જે કાંઈ ખુદા ચાહે તેજ થાય છે."

૧૮૭૮. આપણે આ બધા શબ્દો બોલ્યા છીએ. પરંતુ (સફર માટેની) તૈયારીમાં આ કાંઈ જ નથી. ખુદાની મહેરબાની વગર કાંઈજ નથી.

૧૮૭૯. ખુદાની મહેરબાની અને ખુદાએ ખાસ ચૂંટેલાની કૃપા સિવાય જો તે ફિરસ્તો પણ હશે (તોપણ) તેનું પાનું કાળું છે.

૧૮૮૦. ઓ ખુદાવંદ આલમીન, તું કે જેની રહેમત દરેક જરૂરીયાતો પૂરી કરે છે તેની આની સાથે સરખામણી કરવી યોગ્ય નથી.

૧૮૮૧. આ જાતની હીદાયત તેંજ (અમારા પર) ઉતારી છે. તેં જ (અત્યાર સુધી) અમારા ઘણા ગુનાહોનો ઢાંક પીછોડો કર્યો છે.

૧૮૮૨. જ્ઞાનનું ટીપું ઉત્પન્ન કરી તું જે (અમોને) આપે છે. તે (ટીપું) તારા દરિયામાં મળી જવા ઈચ્છા રાખે છે.

૧૮૮૩. મારા આત્મામાં જ્ઞાનનું એક ટીપું છે તેને વિષય વાસના અને શરીરની આ માટીમાંથી જુદું કર.

૧૮૮૪. આ માટી તેને ચૂસીલે તે પહેલાં, આ (વાસના મય) પવન તેને ખેંચી જાય તે પહેલાં.

૧૮૮૫. જો કે જ્યારે તેઓ તેને ખેંચી જાય ત્યારે તું તેને તેનાથી પાછા મેળવવા અને બચાવવા શક્તિમાન છો.

૧૮૮૬. ટીપું કે જે હવામાં અદ્રશ્ય થયું અથવા (જમીન પર) પડયું. જ્યારે કે તે તારા (સર્વ શકિતમાન) ભંડારમાંથી નાસી છૂટયું.

૧૮૮૭. જો તે શૂન્ય રૂપે હોઈ કે સેંકડો રૂપે પણ ન હોય તો પણ તું જ્યારે તેને બોલાવશે. ત્યારે તે ફરી પગે દોડતું આવશે.

૧૮૮૮. ઓ માલિક વણજાર ઉપર વણજાર શૂન્યમાંથી અસ્તિત્વમાં આવતી હોય છે.

૧૮૮૯. લાખો વિરોધીઓ પોતાના વિરોધીઓનો નાશ કરતા હોય છે તારૂં હુકમનામું શૂન્યમાંથી ઉપસ્થિત થાય છે.

જ્ઞાન ટીપું ઉત્પન્ન કરી-
તે ટીપું-દરિયામાં મળી જવા.
આત્મામાં જ્ઞાનનું ટીપું છે.
વિષય વાસના - માટી દૂર કર.

૧૮૯૦. ખાસ કરીને દરેક રાત્રિએ વિચારો અને સમજણ ઊંડા દરિયામાં ડૂબકી મારી શૂન્ય બને છે.

૧૮૯૧. ફરીવાર પ્રભાતે પેલી દૈવી હસ્તીઓ દરિયામાંથી માછલીની માફક પોતાના માથાં ઉંચકે છે.

૧૮૯૨. પાનખર રૂતુમાં લાખો છોડ અને પાંદડાં મૃત્યુના મહા સાગરમાં મળી જાય છે.

૧૮૯૩. જ્યારે બગીચામાં કાગડો જાણે કે કાળા કપડામાં (સુકાએલી) લીલોતરી ઉપર વિલાપ કરનાર બની અફસોસ કરે છે.

૧૮૯૪. ફરીવાર જગતના માલિક તરફથી સૂન્યને કહેણ આવે છે, "જે ફાડી ખાધું તે પાછું આપી દે."

૧૮૯૫. ઓ કાળા મૃત્યુ, તે છોડવાઓ, લીલાં પાન અને ઘાસ જે તું ભરખી ગયું છે, તે પાછું આપી દે.

૧૮૯૬. ઓ ભાઈ, તારી સમજ શક્તિ એક ક્ષણ માટે એકત્ર કર (અને વિચાર). દરેક પળે તારી અંદર પાનખર અને વસંતરૂતુ ઉત્પન્ન (થાય છે).

૧૮૯૭. તારા દિલના બગીચામાં જો. લીલો હરીયાળો, તાજા, ગુલાબના છોડો, શરૂના ઝાડો અને જુઈથી ભરપૂર.

૧૮૯૮. પાંદડાઓની સંખ્યાને અંગે ડાળીઓ સંતાએલી, વિશાળ મેદાન અને અસંખ્ય ફૂલોથી સંતાએલા ભવ્ય મહેલો.

૧૮૯૯. આ શબ્દો "અકલે કુલ" માંથી છે જે પેલા ફૂલો, શરૂનાં ઝાડોની સુગંધ છે.

૧૯૦૦ તેં કદી જ્યાં ગુલાબ ન હોય તેવી જગ્યાએ ગુલાબના ફૂલની વાસ સુંઘી છે? તેં કદી શરાબનાં ફીણ શરાબ વગર જોયાં છે?

૧૯૦૧. એ જ સુગંધ તને રસ્તો બતાવશે અને તને યોગ્ય રસ્તા પર લાવશે. તે તને બાગે બહેસ્ત અને હૌજે કૌસર પાસે લઇ જશે.

૧૯૦૨. (આંધળી) આંખ માટે આ સુવાસ દવા (માફક) છે, (તે) પ્રકાશ અર્પે છે.

૧૯૦૩. ખોટી સુગંધ આંખનું તેજ હરી લે છે. યુસુફની વાસ આંખને ઉજાળે છે.

૧૯૦૪. જો તું યુસુફ ન હો તો યાકુબ બન. આંખો અશ્રુથી ભરેલી અને (દિલમાં) તલપના કરનાર જેવો બન.

૧૯૦૫. ગીઝનીના સંત પાસેથી આ સલાહ સાંભળ, કે જેથી તું તારા વૃદ્ધ શરીરમાં તાજગી અનુભવીશ.

૧૯૦૬. ધિક્કારને ગુલાબના જેવો ચહેરો જોઈએ, જો તને તેવો ચહેરો નથી તો ગુસ્સો ન કર.

૧૯૦૭. તંગ ચહેરામાં ધિક્કાર હોવું એ કડુપાપણું છે. ચિંતા એ આંધળાની પણ આંખનું દર્દ છે.

૧૯૦૮ યુસુફની હજુરમાં તું ખૂબસૂરત છો તેવું તારાપણું ન બતાવ. યાકુબની આહો અને નમ્રતા પુર્વકની આજીજી સિવાય કાંઈ ન માગ.

૧૯૦૯. નમ્રતાથી આજીજી કરી. એ પોપટના મરી જવાનો અર્થ હતો. ગરીબાઇ અને નમ્રતા પુર્વક આજીજી કરવામાં તું મરેલા જેવો બની જા.

૧૯૧૦. હ. ઈસાની તે ફૂંક તને જીવાડે અને લાયક બનાવે અને પોતા માફક આર્શિવાદ પામેલો બનાવે.

૧૯૧૧. ખડક વસંત રૂતુમાં ફૂલોથી લદાએલો કેમ બની શકશે? જમીન બનીજા કે જેથી ઘણા રંગોવાળાં ફૂલોમય બની રહે.

૧૯૧૨. વર્ષોથી તું ખડક રહેતો આવ્યો છે, એકવાર અખતરા ખાતર માટી બન.

હ. ઉમર (ર)ના વખતમાં ઘરડા સારંગી વાળાની વાત કે જેણે ભૂખે મરતાં ખુદાખાતર કબ્રસ્તાનમાં સારંગી વગાડી.

૧૯૧૩. શું તે સાંભળ્યું છે કે, એકવાર હ. ઉમર (ર)ના વખતમાં એક સારંગી વાળો, સુંદર અને કીર્તિવંત કવિ હતો.

૧૯૧૪. બુલબુલ તેણીના પોતાના અવાજને અંગે બનેલ છે, તેના ખૂબસૂરત અવાજથી એક આનંદ સો આનંદમાં ફેરવાઈ જાય છે.

૧૯૧૫. તેનો (સારંગીવાળાનો) દમ સમારંભો અને મજાલીસોનું ઘરેણું હતું, તેના ગાનથી મુડદાં જાગી ઉઠતાં.

૧૯૧૬. (તે) અસરાફીલ જેવો હતો, કે જેનો અવાજ ખુબીભરી રીતે મરી ગએલી કાયામાં આત્મા જાગૃત કરતો.

૧૯૧૭. અથવા તે અસરાફીલનો સાથી હતો, કારણ કે તેનું ગાન (જાણેકે) હાથીને પાંખો ઉગાડતી.

૧૯૧૮. એક દિવસ અસરાફીલ તીક્ષ્ણ અવાજ કરશે, અને તે કે જે સેંકડો વર્ષથી નાશ પામ્યો છે તેઓને જિંદગી આપશે.

૧૯૧૯. પયગ્મ્બરોને પણ પોતામાં (રૂહાની) સૂર હશે, જેઓ (ખુદાના) શોધક હશે તેઓને અમુલ્ય જિંદગી અર્પશે.

૧૯૨૦. વાસનામય કાન આ સૂરો સાંભળતા નથી, કારણ કે વિષયી કાન દંભને લીધે બહેરા થયા છે.

૧૯૨૧. હુરાંનો અવાજ માણસ સાંભળી શકતો નથી કારણ કે તે હુરાંનો મર્મ જોઈ શકતો નથી.

૧૯૨૨. જોકે હુરાંનો સૂર આ દુનિયા માટે પણ છે, પણ દિલનો સૂર આ બન્ને (સૂરો) કરતાં ઉંચો છે.

હુરાનો અવાજ : માણસ સાંભળી શકતો નથી
દિલનો સૂર (અવાજ)

૧૯૨૩. કારણ કે હુરાં અને માણુસ બન્ને (સરખા) કેદી છે, તેઓ બન્ને તેઓની અજ્ઞાનતાને અંગે કેદમાં છે.

૧૯૨૪. સુરાતુલ રૂહમાનમાં "ઓ જીનની કોમ" વાંચ "જો તું આગળ જઈ શકે" સમજ.

૧૯૨૫. અવલીયાના અંદરના સૂરો કહે છે, સઉથી પહેલાં ઓ તું કે જે 'લા' નો બનેલો (છે)

૧૯૨૬. સંભાળ રાખ તારૂં માથું 'લા' ના નકારપણાથી ઉપાડ તારૂં મસ્તક આ કલ્પના અને ધારણાથી આગળ લે.

૧૯૨૭. ઓ તમો સઘળાઓ કોહવાએલા આ (દુનિયાની) પેદાશમાં છો તારો અનંત કહેનાર આત્મા એ ઉગ્યો કે જન્મ લીધો નથી.

૧૯૨૮. (અવલીયાના) સૂરોનું એક કણ (જેટલું) કહું, તો આત્મા કબરમાંથી પોતાનાં માથાં ઉંચાં કરશે.

૧૯૨૯. તારો કાન નજદીક કર (જોકે) તે અવાજની મીઠાશ દૂર નથી પણ તે તને પહોંચવાની રજા આપવામાં આવી નથી.

૧૯૩૦. સાંભળ, અવલીયાઓ આ વખતના અસરાફીલો છે, તેઓ થકી મૃત્યુ પામેલા જીવન અને તાજગી પામે છે.

૧૯૩૧. તેઓના અવાજ થકી કાયાની કબરોમાં મરેલા આત્માઓ લપટાવેલી ચાદરોમાંથી ઉભા થાય છે.

૧૯૩૨. તે (આમ જાગૃત થએલા) કહે છે, આ અવાજ બીજા અવાજો કરતાં જૂદો છે, ઉશ્કેરાએલો (મરેલો) તે ખુદાના અવાજનું કાર્ય છે.

૧૯૩૩. આપણે મરેલા હતા. અને સદંતર નાશ પામ્યા હતા. ખુદાનું કહેણુ આવ્યું આપણે જાગૃત થયા.

૧૯૩૪. ખુદાનું કહેણુ છૂપું કે જાહેર મરીયમ (હ. ઈસાની માતા)ને તેના હૃદયમાં જે અર્પણુ કરવામાં આવ્યું તે અર્પણુ કરે છે.

૧૯૩૫. ઓ તું કે જે મૃત્યુથી (તારાદીલમાં) ચામડીની અંદર કોહવાઈ ગયો છે તે, તે મિત્રના (ખુદાના) અવાજે શૂન્યમાંથી અસ્તિત્વમાં આવ.

૧૯૩૬. તે અવાજ બાદશાહ (ખુદા) તરફથી ખરેખર ચોકસરીતે છે જો કે તે ખુદાના અવલીયાના કંઠ સ્થળનું હોય.

૧૯૩૭. તે (ખુદાએ) તેને (રૂહાની પેશ્વાને) કહ્યું, હું તારી જબાન અને આંખ છું. હુંજ તારી બુદ્ધિ અને હુંજ તારી ખુશી અને કોપ છું.

૧૯૩૮. જા. કારણકે તું (જેને ખુદાએ કહ્યું) છો. તેં મારાથી સાંભળે છે અને મારાથી જુએ છે. તું પોતે (દૈવી) અંતઃકરણુ છો. આ (કહેવાની શું મતલબ છે?) તુંજ ખુદાઈ બુદ્ધિનો માલિક છો.

તું – લાં ના બનેલો છો.
રહેલા છે

૧૯૩૯. જ્યારે તું બે ખૂદી થકી બન્યો છે. તે કે જે ખુદાની માલિકીનો બન્યો છે. "હું તારો છું કારણકે ખુદા તેનો બન્યો છે."

૧૯૪૦. કોઈવાર હું તને કહું "તે તારો છે. કોઈવાર તે હું જ છું. હું જે પણ કહું (તે માન) હું પ્રકાશિત સૂર્ય છું."

૧૯૪૧. હું જે પણ પ્રકાશ આપું છું. તે બત્તીની ફૂંક (ખુદાઈ શબ્દથી) (આખી) દુનિયાની તકલીફો આસાન થાય છે.

૧૯૪૨. (દુનિયાનો) સૂર્ય જે અંધારૂં હટાવી શકતો નથી. (તે) અંધારૂં મારા શ્વાસ થકી પ્રકાશીત પ્રભાતની માફક બને છે.

૧૯૪૩. તે તેના પોતાનાજ વ્યક્તિત્વથી આદમ માટે નામો બતાવે છે. બાકીના માટે તે આદમ થકી નામો બહાર પાડે છે.

૧૯૪૪. તેતો પ્રકાશ આદમ થકી કે પોતા થકી તું મેળવે છે, શરાબ કુજામાંથી મેળવ કે કપમાંથી.

૧૯૪૫. કારણકે આ તુબડું કુજાથી બહુજ નજદીકનો સબંધ ધરાવે છે, આશીર્વાદીત તુમડું તું આનંદ મેળવે છે તેમ મેળવતું નથી.

૧૯૪૬. હ. મુહમ્મદ (સ.અ.વ) ફરમાવ્યું છે કે, તે કે જેણે મને જોયો તે સુખી છે અને મારો ચહેરો જોનાર તરફ જોઈ છે તે પણ (સુખી છે)

૧૯૪૭. જ્યારે બત્તી મીણબત્તીમાંના પ્રકાશને હસી કાઢે છે, (પણ) દરેક જણ જે (બત્તી)ને જુએ છે ચોક્કસ તે મીણબત્તીને પણ જુએ છે.

૧૯૪૮. આ રીતે પ્રકાશનું બદલવું થાય છે, જ્યાંસુધી એકસો બત્તીઓ સળગાવવામાં આવી. છેલ્લી (બત્તીને) જોવું એ અસલ પ્રકાશનું મિલન છે.

૧૯૪૯. તારો આત્મા તે ભરપૂર પ્રકાશ પાસેથી કે મીણબત્તી પાસેથી પ્રકાશ મેળવે તેમાં તફાવત નથી.

૧૯૫૦. છેલ્લા (રૂહાની પેશ્વા) પાસેથી (ખુદાઈ) પ્રકાશ મેળવ, અથવા તો અગાઉ થઈ ગએલા તેઓની મીણબત્તીમાંથી પ્રકાશ મેળવ.

હદીશનું વિવરણ, ખરેખર તારા ખુદાએ તારી
જિંદગીના દિવસો દરમ્યાન ચોક્કસ રહેમતો મોકલી
છે, "ઓહ તેઓને મેળવવા અરજ કર"

૧૯૫૧. હ. પયગમ્બર સાહેબે કહ્યું છે કે, અત્યારના દિવસોમાં ખુદાઈ શ્વાસો (રહેમતો) ફાવી ગએલ છે.

૧૯૫૨. આ રૂહાની અસરો તરફ તારૂં ધ્યાન અને કાનદે. આવા શ્વાસો (રહેમતો) ઝીલી લે.

૧૯૫૩. (દૈવી) રહેમતો તારી પાસે આવેછે અને ચાલી જાય છે. જેને જોઈએ તેને તે નવજીવન આપે છે અને છૂટી પડે છે.

પોતાના થકી નામો આદમ માટે બતાવે
આદમ થકી નામો બહાર | શરાબ કુજા માંથી ૩૪

૧૯૫૪. બીજી રહેમત આવી પહોંચી છે. ઓ ભલા ભાઈ સમજદાર બનીજા કે, જેથી તું આ (રહેમતનો લાભ) ચુકી ન જા.

૧૯૫૫. અગ્નિ ધરાવતો આત્મા તેની અગ્નિને શાંત કરનાર મેળવે છે. મરેલા (જેવા) આત્મા પોતાની અંદર હલચલ અનુભવે છે.

૧૯૫૬. તાઝગી અને તુબા ઝાડની હીલચાલ "આ" છે. આ જનાવરોની હીલચાલ માફક નથી.

૧૯૫૭. જો તે જમીન અને બહેસ્ત પર પડે તો તેનું પીત તુરત જ પાણીમાં ફેરવાઈ જાય છે.

૧૯૫૮. ખરેખર આ અનંત રહેમતની બીકથી (તેઓ નિરાશામાં ભરાઇ ગયા) (કુરાનના શબ્દો પડો) "તેનો તેઓએ ઈન્કાર કર્યો." (જે રહેમત નવાજીશ કરી તેનો).

૧૯૫૯. નહિતર "તેઓ આનાથી સંકોચાયા" એ (કુરાનના) શબ્દ કેમ હોત ? પર્વતનું દિલ બીકના અંગે લોહીમાં ફેરવાઇ ન જાય ?

૧૯૬૦. ગઈ રાત્રે આ (રહેમત) જુદી રીતના જુદા દેખાવે પોત મેળે મારી પાસે રજૂ થઈ, પણ (ખોરાકના) થોડા કોળીયાઓએ અંદર આવી તેનો રસ્તો રોકી લીધો.

૧૯૬૧. એક કોળીયાને ખાતર લુકમાનને બાના તરીકે રહેવું પડયું તે લુકમાનનો વખત છે. ઓ કોળીયા ચાલ્યો જા.

૧૯૬૨. આ છીદ્રો (વાસનાના) કોળીયાને પ્રતાપે છે. તું લુકમાનના તળીયામાંથી જલ્દી કાંટા કાઢી નાખ.

૧૯૬૩. તેના બુટના તળીયામાં (ખરેખરતો) કાંટો છે જ નહિ. અરે તેનો પડછાયો પણ નહિ પરંતુ ખામીઓને અંગે આ ભેદ તું સમજતો નથી.

૧૯૬૪. તું છે તેં જ તે કાંટો છે. તું બહુ કંજૂસ અને સખત આંધળો છો. તેં તને ખજુર માની લીધો છે.

૧૯૬૫. એટલા માટે કે લુકમાનનો આત્મા ખુદાના ગુલાબના બગીચાનો છે (તો પછી) શામાટે તેના આત્માનો પગ કાંટાથી ઝખમ પામેલો હોય ?

૧૯૬૬. આમ કાંટા ખાનારનું અસ્તિત્વ ઉંટની (માફક) છે. આ ઉંટની ઉપર હ. મુસ્તફા (ર. સ. અ.) થી જન્મ પામેલો સવાર થયો છે.

૧૯૬૭. ઓ ઉંટ, તારી પીઠ પર ગુલાબની ગુણો છે. અને તેના અત્તરોની સેંકડે ગુલાબ-દાનીઓ તારામાં ઉગી છે.

૧૯૬૮. તારો ખ્યાલ બાવળ (કાંટાના ઝાડ) અને રેતી તરફ છે. મને અજાયબી થાય છે કે કિંમત વગરના કાંટામાંથી તું કયા ગુલાબો એકઠાં કરીશ ?

૧૯૬૯. ઓ તું, આ શોધમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ આંટાફેરા લઈ રહ્યો છે, કયાં સુધી તું કહીશ, આ ગુલાબનો બગીચો કયાં છે ? કયાં છે ?

૧૯૭૦. જ્યાં સુધી આ કાંટો તારા પગમાંથી નહિ કાઢે ત્યાં સુધી તારી આંખો આંધળી છે (તો પછી) તું કેવી રીતે આગળ ચાલીશ ?

૧૯૭૧. માણસ કે જેનો આ દુનિયામાં સમાવેશ કરવામાં આવ્યો નથી. તે કાંટાની અણીમાં સંતાએલ છે.

૧૯૭૨. હ. મુહમ્મદ (ર. સ. અ) (આ દુનિયામાં) મેળ (શાંતિ) માટે આવ્યા. (તે કહેશે) બોલ મને કહે ઓ "હુમયરા" મારી સાથે બોલ.

૧૯૭૩. ઓ હુમયરા ઘોડાની નાળ અગ્નિમાં નાખ. કે જેથી તારા ઘોડાની નાળ થકી આ પર્વત માણેક બની જાય.

૧૯૭૪. આ "હુમયરા" એ નારી જાતી શબ્દ છે; અને અરબો રૂહ માટે નારીજાતક (શબ્દ) વાપરતા હતા.

૧૯૭૫. પરંતુ નારીજાતી હોવા માટે રૂહને કાંઈ ફિકર (નુકશાન) નથી રૂહને સ્રી કે પુરૂષ (ના રૂપ) સાથે કાંઈ સબંધ નથી.

૧૯૭૬. તે નરજાતી કે નારી જાતીથી વધુ ઉંચો છે. આનો અર્થ આમ નથી કે રૂહમાં સુકાએલાં કે ભીનાં બીઆં ગોઠવેલાં છે.

૧૯૭૭. આમ નથી કે, રોટલા ખાવા થકી રૂહ મોટો થાય છે અથવા કોઈવાર આના જેવો કે કોઈ વાર તેનાં જેવો છે.

૧૯૭૮. તે ખુશીનો બનાવનાર છે અને તે પોતે પણ ખુશી છે, અને ખુશીનું તત્વ છે અંદરની ખુશી વગર ખુશી નથી. ઓ લાંચ લેનાર !

૧૯૭૯. જ્યારે તું સાકરને અંગે મીઠો છે, તો એમ પણ બને કે કોઈવાર તારામાંથી ગળપણ નાશ પામે.

૧૯૮૦. પણ જ્યારે તું ઈમાનની રેલમછેલથી મીઠો બન્યો તો પછી તે મીઠાશ સાકરમાંથી કેમ છૂટશે ?

૧૯૮૧ જ્યારે (ખુદાઈ) ચાહક પોતાની અંદરના ચોકખા શરાબથી ધરાઈ ગયો હશે. ત્યારે તે ભાન વગરનો બનવાનું કારણ સાથી વગરનો બનશે.

૧૯૮૨. 'અકલે જુઝ' એ પ્રેમનો ઈન્કાર કરનાર છે જો કે તે ઈમાનદાર હોવાનું જાહેર કરે (છતાં)

૧૯૮૩. તે હોશિયાર અને જાણનાર છે (છતાં) પણ તે પોતે નહિવત હોવાનું (ન કબૂલે) અગર જો કે તે ફિરસ્તો પણ હોય તો પણ તે દાનવ છે

૧૯૮૪. તે (અકલે જુઝ) શબ્દ અને કાર્યમાં આપણો દોસ્ત છે, પણ જ્યારે તું અંદરની ભાવનામાં (બેહોશીમાં) આવે છે ત્યારે તે નહિવત છે.

૧૯૮૫. તે શૂન્ય છે કારણ કે તે અસ્તિત્વમાંથી નાશી છૂટયો નથી અને શૂન્ય બન્યો નથી. જ્યારે તે રાજીખુશીથી શૂન્ય બન્યો નથી ત્યારે ઘણા (મરીને) શૂન્ય બન્યા.

રૂહને સ્ત્રી પુરુષ ના રૂપ સાથે સબંધ નથી

અરબો - રૂહ - ને નારી માટે શબ્દ વાપરતા

૧૯૮૬. સંપૂર્ણતા એ જ આત્મા છે. અને તેને 'સંપૂર્ણતા' થી બોલાવવામાં આવે છે, હ. મુસ્તુફા (ર. સ. અ.) ફરમાવતા, ઓ બીલાલ અમોને તાઝગી આપ.

૧૯૮૭. ઓ બીલાલ મેં તારા દિલમાં ફૂંકેલા શ્વાસમાંના શ્વાસથી તારા સુરીલા અવાજને સંભળાવ.

૧૯૮૮. તે શ્વાસ થકી હ. આદમ મદહોશ બન્યા. અને બહેસ્તના લોકોની સમજ શક્તિ સમજણ વગરની બની ગઈ.

૧૯૮૯. હ. મુસ્તુફા (ર. સ. અ.) આ સુંદર અવાજથી પોતે જ પ્રભાવિત થયા. તઅરીસની રાત્રિએ તેમની નમાઝ ચુકાઈ ગઈ.

૧૯૯૦. આશિર્વાદીત ઉંઘમાંથી તેઓએ પોતાનું માથું ઉંચું કર્યું જ નહિ, ત્યાં સુધી કે સવારની નમાઝથી બપોરની નમાઝ વેળા થઈ.

૧૯૯૧. તઅરીસની રાત્રિએ તેમના પવિત્ર આત્માને "નવોઢા" ની હાજરીમાં હાથ ચુંબવાનો (ખાસ અધિકાર) મલ્યો.

૧૯૯૨. પ્રેમ અને આત્મા બન્ને સંતાએલા અને પડદે ઢંકાએલા છે, જો મેં તેને (ખુદાને) 'નવોઢા' કહી તો તું (તેમાં) ભૂલ શોધતો નહિ.

૧૯૯૩. વ્હાલાના અણગમાની (બીકથી) હું શાંત રહ્યો હોત. જો તેણે મને એક પળ માટે ટૂંકી વિશ્રાંતિ આપી હોત.

૧૯૯૪. પણ તે ચાલુ કહ્યા કરે છે, 'કહ્યા કર આવી જા'. તે ભૂલ નથી. અદીઠ દુનિયા માટે તે (દૈવી) ભાવીની જરૂરીયાત છે.

૧૯૯૫. જે માત્ર ભૂલ સિવાય બીજું જોતો નથી તેનામાં ખામી છે, અદ્રશ્યનો પવિત્ર આત્મા ભુલ કેવી રીતે શોધે?

૧૯૯૬. અજ્ઞાની હોવાના અંગેજ ભૂલ ઉદય પામે છે, દયાળુ માલિકના સબંધને અંગે નહિ.

૧૯૯૭. પેદા કરનારના સબંધને જોતાં નાસ્તિકતા પણ ડહાપણ છે. જ્યારે તું અમારા પર તહોમત મુકે છે તો નાસ્તિકતા એ નુકશાન કારક ચીજ છે.

૧૯૯૮. સેંકડો ફાયદા હોવા છતાં જો એક ભૂલ થઈ તો તે શેરડી સાથે લાકડું ભેગું કરે છે.

૧૯૯૯. બન્ને (શેરડી અને લાકડું) ત્રાજવામાં સાથે તોળવામાં આવે છે, કારણ કે બન્ને શરીર અને આત્માની માફક મીઠાં છે.

૨૦૦૦. મહાન (સૂફી) એ એટલા માટે નકામું નથી કહ્યું કે, પવિત્ર પુરૂષોનાં શરીરો ખાસ તેઓના આત્માની માફક પવિત્ર છે.

૨૦૦૧. તેઓની વાણી, આત્મા અને રૂપ (આ) બધાં વગર નિશાને રૂહજ છે.

૨૦૦૨. રૂહ કે જે તેઓને અદેખાઈની દૃષ્ટિથી જુએ છે તે માત્ર શરીર છે, 'નર્દ' નામની નામની રમતમાં સરવાળો, તે માત્ર નામનોજ (જીવ) છે.

સંપૂર્ણતા - એજ આત્મા છે.
વાણી - આત્મા - રૂપ -> વગર નિશાન રૂહજ છે.

૨૦૦૩. તે (રૂહાની પેશ્વાની દુશ્મની કરનારની કાયા) જમીનમાં (કબરમાં) જાય છે અને તે સંપૂર્ણ મીટી બની જાય છે, (આ પવિત્ર પુરૂષોની કાયા) ધરતીમાં જતાં તદ્દન પવિત્ર બની.

૨૦૦૪. (રૂહાની) ધરતી કે જેનાથી હ. મુહમ્મદ (ર.સ.અ.) સૌથી વધારે પવિત્ર થયા. હદીશના (કહેવા મુજબ) (રૂહાની) ધરતી ઉપર સૌથી વધુ શાનદાર બન્યા.

૨૦૦૫. આ રૂહાનીયત તેમના વંશજોમાં વહેતી આવી છે. તેઓના ગાદી વારસો તારી સામે જ છે, તેઓને શોધ.

૨૦૦૬. તે (હ. મુહમ્મદ (ર.સ.અ)ના રૂહાની ગાદીવારસ) તારી આગળ જ બેઠા છે (પણ) ખરેખર તારો ચહેરો (નજર) ક્યાં છે? તે તારી સામેજ છે. પણ આવો ખ્યાલ કરનાર આત્મા ક્યાં છે?

૨૦૦૭. જો તું આગળ પાછળની કલ્પના કરીશ તો તું શરીરથી બંધાએલો છે અને રૂહથી પડી ગએલો છે.

૨૦૦૮. નીચે અને ઉપર, આગળ અને પાછળ એ કાયાની શાખાઓ છે, તેજસ્વી રૂહનું સત્વ દિશા વગરનું છે. (સ્થળ સાથે સબંધ નથી)

૨૦૦૯. (રૂહાની) બાદશાહના પવિત્ર પ્રકાશથી તારી (અંદરની) આંખ ખોલ. કલ્પનાઓથી ચેતતો રહે, તેની માફક કે એક માણુસ ટૂંકી નજર ને હોય.

૨૦૧૦. કે તું ગમ અને ખુશીમાં માત્ર કાયા છો. ઓ તું કે જે શૂન્ય છો તો શૂન્ય ને આગળ પાછળ ક્યાંથી હોય?

૨૦૧૧. વરસાદનો દિવસ છે. રાત સુધીની મુસાફરી છે. આ (દુન્યવી) વરસાદથી ન ભીંજા પણ માલિકના વરસાદથી તરબોળ થઈ જા.

હ. આયશા (ર) ની વાત કે તેણીનું હ. મુસ્તફા (ર.સ.અ.) ને પૂછ્યું, આજે વરસાદ પડયો છે. તમો કબ્રસ્તાને ગયા હતાં. છતાં તમારા કપડાં ભીના કેમ નથી.?

૨૦૧૨. એક દિવસ હ. નબી મુહમ્મદ (ર.સ.અ) પોતાના દોસ્તોમાંના એકના જનાજામાં કબ્રસ્તાને ગયા.

૨૦૧૩. તેમણે માટી એકઠી કરી કબરમાં ભરી. તેમણે જમીનમાં બી વાવવાની ગતી વધારી.

૨૦૧૪. આ ઝાડો જાણે કે દટાએલા હતા. તેઓએ પોતાના ફણગા જમીમાંથી ઉંચા કર્યા,

૨૦૧૫. તેઓ લોકો માટે સેંકડો નિશાનીઓ બનાવે છે. અને જેઓને (સાંભળવાને) કાન છે, તેઓને ખુલ્લી રીતે કહે છે.

૨૦૧૬. લીલી જીભથી અને લાંબા હાથની (આંગળીઓથી) તેઓ ગૂપ્ત રીતે જમીનના (અંદરના) વિચારો કહે છે.

૨૦૧૭. (જમીનમાં ડૂબેલા) બતકોની માફક કે જેઓએ પોતાનું માથું પાણીમાં ડૂબાવેલુ" (જાણે) મોર જેવા તેઓ શોભીતા બન્યા હોય જો કે (ઉનાળામાં) તેઓ (કાળા) કાગડા જેવા.

* આગળ- પાછળરૂ- કલ્પના - શારીરક બંધાયેલ.
નીચે- ઉપર. આગળ- પાછળ રૂહ થી પડેલો.
કાયાની શાખા.
રૂહ ની સત્વ-દિશા વગરનું. (સ્થળ x)

૨૦૧૮. શિયાળામાં તે તેમને (બરફ)માં કેદમાં પૂરે છે. ખુદા પેલા કાગડાઓને (વસંતમાં) મોર બનાવે છે.

૨૦૧૯. જો કે તે તેમને ઉનાળામાં મૃત્યુના મોંમાં ધકેલે છે. તેજ તેને વસંતના કારણે બચાવે છે અને તેમને પાંદડાં આપે છે.

૨૦૨૦. નાસ્તિકો કહે છે, આ (પેદાશ) ચોક્કસ બહાર (દેખાવ) પૂરતી જ છે. તે પરોપકારી ખુદા તરફથી છે એમ શા માટે નક્કી કરવું?

૨૦૨૧. તેઓના દ્વેષ છતાં, ખુદા તેના દોસ્તોના દિલમાં રૂહાની બગીચાના સુંદર કેયા-રાઓ બનાવે છે.

૨૦૨૨. દરેક ગુલાબ કે જેની અંદર મધુર વાસ હોય છે. તે ગુલાબે સ્વંમય રહસ્યો કહેતું હોય છે.

૨૦૨૩. (શક અને અવિશ્વાસનો) પડદો ફાડીને નાસ્તિકોના ગભરાટ માં તેઓની સુગંધ ચારે બાજુ પ્રસરે છે.

૨૦૨૪. ગુલાબના ફૂલની વાસ થકી નાસ્તિકો વંદાની માફક અથવા સુકોમળ મગજ નગારાના અવાજથી સંકોચાય તેમ સંકોચાય છે.

૨૦૨૫. તેઓ પોતામાં બંધાઇ ગએલા અને પોતામાં તલ્લીન થએલા, પોતાની આંખો વીજળી અને પ્રકાશથી ખેંચી લીએ છે.

૨૦૨૬. તેઓ પોતાની આંખો મીંચે છે પણ ત્યાં આંખજ નથી. આંખ તો તેજ છે કે, જે સલામત જગ્યા જોઇ શકે.

૨૦૨૭. જ્યારે હં પયગમ્બર કબ્રસ્તાનેથી પાછા ફર્યા, તેઓ હ. સીદીકા પાસે ગયા અને તેમનામાં વિશ્વાસ મુકયો.

૨૦૨૮. જ્યારે હ. સીદીકાની આંખો તેમના પર પડી, તેણી આગળ વધી અને તેઓ પર હાથ ફેરવવો શરૂ કર્યો.

૨૦૨૯. તેઓની પાઘડી પર, ચહેરા પર, તેમના વાળ પર, તેઓમાં કૉલર પર; છાતી પર અને હાથ પર.

૨૦૩૦. હ. પયગમ્બરે કહ્યું, આવી ઉતાવળમાં તું શું શોધી રહી છો? તેણીએ જવાબ આપ્યો, આજે વાદળામાંથી વરસાદ પડયો છે.

૨૦૩૧. હું કપડાની (ભીનાસ) તપાસી રહી છું, મને તે વરસાદના લીધે ભીનાં થએલાં લાગતાં નથી, અરે એ કેવી વિચિત્રતા છે?

૨૦૩૨. હ. પયગમ્બર સાહેબે કહ્યું, "તારા માથાપર તેં શું વિંટાળ્યું છે? તેણી કહે, તમારી ચાદર મેં મારા માથાપર વિંટાળી છે.

૨૦૩૩. તેઓ કહે; ઓ પવિત્ર દિલવાળી, ખુદાએ અદીઠ વરસાદ તારી પવિત્ર આંખને બતાવેલ છે.

૨૦૩૪. વરસાદ તારા વાદળોમાંનો નહતો. બીજાં વાદળો અને બીજું જ આકાશ છે.
હકીમ (સનાઈ)ની બૈતનું વિવરણ, આ દુનિયાના
આકાશ ઉપર ધણીપણું બતાવતા
આત્મિક રાજ્યના આકાશો છે, રૂહાની રસ્તામાં
નીચાણવાળી અને ઉંચાણવાળી જગ્યા છે,
ગગનચુંબી પહાડો અને સમુદ્રો પણ.

૨૦૩૫. અદીઠ દુનિયાના આ સિવાયના વાદળો અને પાણી છે તેને બીજો જ સૂર્ય અને આકાશ છે.

૨૦૩૬. ચૂંટાએલા સિવાય કોઇ આ ભેદ સમજી શકતો નથી. બાકીના બીજી વારની ઉત્પત્તિ માટે શંકામાં છે.

૨૦૩૭. કેળવવાની ખાતર વરસાદ છે, સડાવવાની ખાતર પણ વરસાદ છે.

૨૦૩૮. વસંત ઋતુનો વરસાદ મહાન ફાયદા કારક છે. પણ તે વરસાદ બગીચાને પાનખર ઋતુમાં તાવ જેવો છે.

૨૦૩૯. વસંત ઋતુનો વરસાદ નાજુકતાથી પોષણ આપે છે. જ્યારે પાનખર ઋતુનો વરસાદ તેને બીમાર અને તેજ હીન બનાવે છે.

૨૦૪૦. તેજ પ્રમાણે જાણુકે ઠંડી, પવન અને સૂર્ય જુદી જુદી અસરોવાળા છે. અને (દરેક) ઉકેલ શોધે છે.

૨૦૪૧. અને તેજ પ્રમાણે અદીઠ દુનિયામાં આજ પ્રમાણેના જુદા જુદા પ્રકારના છે. નફો, નુકશાન, વધવું અને ઘટવું.

૨૦૪૨. આ "અબ્દાલ" ની રહેમત (રૂહાની) વસંતની છે અને તેના થકી દિલ અને આત્મામાં લીલો બગીચો બને છે.

૨૦૪૩. તેઓની રહેમતોમાંથી વસંત ઋતુમાં ઝાડ ખીલે છે તેમ નશીબદારોમાં અસર ઉત્પન્ન થાય છે.

૨૦૪૪. જો ત્યાં તે જગ્યાએ સુકું ઝાડ હોયતો તેમાં જિંદગી અર્પતા પવનનો તેમાં કસુર ન ગણ.

૨૦૪૫. પવન પોતાનું કાર્ય કરે છે અને ફૂંકાય છે. તેના પોતાના પસંદગીના આત્માને તેણે પસંદ કર્યો હોય છે.

"વસંત ઋતુની ઠંડીનો લાભ લે" એ હદીસના અર્થ બાબત.

૨૦૪૬. પયગમ્બર સાહેબે કહ્યું છે કે, મારા દોસ્તો ધ્યાન રાખો, વસંત ઋતુ ની ઠંડીથી તમારા શરીરને ઢાંકો નહિ.

૨૦૪૭. કારણ કે તે વસંત ઋતુ ઝાડને જેમ (ફાયદો) કરે છે તેમ તે તમારા આત્માને ફાયદો કરે છે.

૨૦૪૮ પણ શિયાળાની ઠંડીથી ભાગ, કારણકે તે બગીચાઅને શરાબને જે (ખરાબ) અસર કરે છે તે તેવી અસર (તને) કરશે.

૨૦૪૯. (આ હદીસનો) રૂઢી ચુસ્તો જાહેરી અર્થ કરે છે. અને જાહેર રીતે સમજીને સંતોષ પામે છે.

૨૦૫૦ તે વર્ગના (લોકો) રૂહથી અજ્ઞાન છે. તેઓએ પર્વતને જોયો પણ તેમાં રહેલી ખાણને ન જોઈ.

૨૦૫૧. ખુદાની દૃષ્ટિમાં પેલો શિયાળો એ 'નફસ' અને તેની ઈચ્છાઓ સમજ અને આત્માએ વસંતનું તત્વ અને અમર જિંદગી છે.

૨૦૫૨. તારામાં તારી વિભાગીય સમજ છૂપાએલી છે. (હવે) આ દુનિયામાં જેની સમજ સંપૂર્ણ છે તેને શોધ.

૨૦૫૩. તેના સંપૂર્ણપણાથી તારી વિભાગીય સમજ સંપૂર્ણ બનશે. "અકલે કુલ" જાણે કે નફસના ગળાની બેડી છે.

૨૦૫૪. તેથીજ તેનો ખરો અર્થ આ છે. કે પવિત્ર રહેમતો વસંતઋતુ માફક પાંદડા અને દારૂનું નવજીવન છે.

૨૦૫૫. રૂહાની પેશ્વાનું કહેવું, સખત હોય કે નરમ (છતાં) તું તારૂં શરીર તેનાથી ન ઢાંક (દૃષ્ટિ ન ફેરવ) તેઓજ તારા દીનના મદદગાર છે.

૨૦૫૬. ભલે તે (રૂહાની પેશ્વા) ગરમ કે નરમ કહે, તેના શબ્દો આનંદ સાથે સ્વીકાર. અને તેના થકી તું ગરમી, શરદી અને દોઝખના અગ્નિથી બચી જઈશ.

૨૦૫૭. તેની સખતી અને નરમી તે વસંત ઋતુની નવી જિંદગી, સચ્ચાઈ, ઇમાન અને ખીદમત છે.

૨૦૫૮. જેમ રૂહાનીઓનો બગીચો તેના થકીજ હૈયાત છે. અને (તેના) દિલનો સમુદ્ર મોતીઓથી ભરેલો છે.

૨૦૫૯. ડાહ્યા માણસના દિલમાં હજારો વ્યાધિઓ હોય છે, જોકે તેના દિલના બગીચામાં એક દાંત જેટલુ પણ ખુટતું હોય.

હ. સીદીકાનું હ. મુસ્તુફા (સ.અ.વ.)ને પૂછવું. આજના વરસાદનો આંતરિક અર્થ શું હતો ?

૨૦૬૦. હ. સીદીકાએ કહ્યું, ઓ અસ્તિત્વની મલાઇ (કે જે તમો હો) આજના વરસાદનું ખરૂં કારણ શું હતું ?

૨૦૬૧. શું તે દયાના વરસાદમાંનો (એક) હતો ? અથવા તો ગભરાટનો કે કીર્તિવંતના ન્યાયનો (વરસાદ) હતો ?

૨૦૬૨. શું તે વસંત ઋતુની શાખાના ભલા થકી હતો ? અથવા તો ઝેરી તાવદાયક ઉનાળાની અસર હતી ?

૨૦૬૩. તેમણે કહ્યું, આ (વરસાદ) ગમને શાંત કરનાર હતો. જે (ગમ) થકી આદમ જાતને સુખચેનમાં આફતરૂપ છે.

૨૦૬૪. જો માણસ ગમના અગ્નિમાં રહેવાનો હોય તો તે ઘણુંજ નાશકારક નુકશાન વહોરી લેત.

૨૦૬૫. તો આ જગત તુરત જ વેરાન બની જાત, માણસોની અંદર સ્વાર્થી ઇચ્છાઓ ઉગી નીકળત.

૨૦૬૬. (ખુદાનુ) ભુલી જવું (માણસોના પાપ) એ આ દુનિયાનો થાંભલો (અટકાવ) છે રૂહાની સમજણ આ દુનિયાને ઝેર (લાગે છે)

૨૦૬૭. સમજણ (એ) પેલી દુનિયા માટે છે, અને એ જ્યારે તે ફાવી જાય છે ત્યારે આ દુનિયા ફગાવી દેવાય છે.

૨૦૬૮. સમજણ એ સૂર્ય છે, અને કંજુસાઈ બરફ, સમજણ એ પાણી છે અને આ દુનિયા ગંદકી છે.

૨૦૬૯. પેલા પારની દુનિયામાંની એક જરા જેટલી સમજણ ટપકે તો આ દુનિયામાં કંજુસાઈ અને અદેખાઈ (આટલી) જોર ન પકડે.

૨૦૭૦. જો અદષ્યમાંથી જરા વધુ ટપકે તો આ દુનિયામાં ભલાઈ અને બૂરાઈ બાકી ન રહે.

૨૦૭૧. આનો છેડો જ નથી. શરૂઆત કરવાનાં સ્થળે પાછો ફર. કવિની કથામાં પાછો ફર.

વૃદ્ધ સારંગીવાળો અને તેની હકીકતની બાકી રહેલી વાર્તા

૨૦૭૨. પેલો કવિ કે જેનાથી દુનિયામાં અત્યાનંદ છવાએલ છે, કે જેના અવાજમાંથી અદ્ભુત કલ્પનાઓ ઉત્પન્ન થતી હતી.

૨૦૭૩. કે જેના ગીતે આત્માનું પંખી પાંખ ફફડાવે છે, જેના સૂરથી અંતઃકરણ બે ધ્યાન બન્યું હોત.

૨૦૭૪. સમય પસાર થતો ગયો અને તે વૃદ્ધ થયો. બાજ પકડનાર તેનો આત્મા અશક્તિથી ડાંસ પકડનાર બન્યો.

૨૦૭૫. શરાબની બરણીની માફક તેની પીઠ વાંકી વળી ગઇ. તેની આંખોની પાંપણો જાણે પટપટીયું હોય, (તેવી બની)

૨૦૭૬. તેનો સુંદર અને રૂહને તાજગી આપતો અવાજ કઢંગો બન્યો, કોઈના ઉપયોગનો ન રહ્યો.

૨૦૭૭. અવાજની ઠાઠમાઠ કે જે જુહરાને પણ અદેખાઇ ઉપજાવે તેવી હતી તે હવે ઘરડા ગધેડાના ભૂંકવા જેવી બની ગઈ.

૨૦૭૮. ખરેખર, કઈ સુંદર ચીજ છે કે જે ગંદી બનતી નથી. અથવા કયું છાપરૂં છે કે જે ચટાઈ (જેવું સપાટ) બનતું નથી.

૨૦૭૯. માત્ર પવિત્ર પુરૂષોના અંતઃકરણના અવાજો, કે જેઓની નવાજીશનો પ્રત્યાઘાત (ક્યામતના) રણસીંગાના અવાજ જેવો છે.

૨૦૮૦. (તેઓનાંજ) દિલો છે કે બધાં દિલો નશાવાળાં બન્યાં છે, આપણી હસ્તી હસ્તીમા લાવનાર તેઓની જ અદીઠ હસ્તી છે.

૨૦૮૧- તે (રૂહાની પેશ્વા) બધા વિચારોમાં કસ્તુરી છે અને વળી દરેક વિચારમાં (પણ) તે અંતરની "વહી" (દિવ્ય સંદેશા) ઉતારનાર ખુશાલી છે.

૨૦૮૨. જ્યારે કવિ વૃદ્ધ અને નબળો બન્યો, કાંઈ કમાણી (ન રહી,) તે એક રોટલાના ટુકડાનો કરજદાર બની ગયો.

૨૦૮૩. તેણે કહ્યું, "તેં મને લાંબી જિંદગી અને ટૂંકી વિશ્રાંતિ આપી છે, ઓ ખુદા હું એક ગુનેહગાર ઝાલીમ (છું) (જેનાપર) તેં પસંદગીની નવાજીશો કરી છે.

૨૦૮૪. સીત્તેર વર્ષથી હું પાપ આચરતો આવ્યો છું (છતાં) એક દિવસ માટે પણ તેં તારી કૃપા મારા પરથી હટાવી નથી.

૨૦૮૫. હું કાંઈ કમાઈ શકું તેમ નથી. આજે (હવે) હું તારો મહેમાન છું, હું મારી સારંગી તારા ખાતર વગાડીશ. હું તારો જ છું.

૨૦૮૬. તેણે તેની સારંગી લીધી અને ખુદાની શોધમાં મદીનાના કબ્રસ્તાને અફસોસની બુમ પાડતો ગયો.

૨૦૮૭. તેણે કહ્યું, હું રેશમી તારની કિંમત માટે તારી પાસે આજીજી પૂર્વક માગું છું. કારણ કે તે (ખુદા) તેના માયાળુ પણને અંગે ખોટા સિક્કા પણ સ્વીકારે છે.

૨૦૮૮. તેણે સારંગી લાંબા વખત સુધી વગાડ્યા કરી, અને (પછી) રૂદન કરતાં કરતાં પોતાનું મસ્તક નીચે મુકયું, તેણે સારંગીનો તકીઓ બનાવ્યો અને કબર પર ઢળી પડયો.

૨૦૮૯. નિદ્રાએ તેને ઘેરી લીધો. પક્ષી તેનો આત્મા બંદીખાનામાંથી નાસી છુટ્યો, તેણે સારંગી અને સારંગી વાળાને જવા દઈ ફેંકી દીધા.

૨૦૯૦. આ જગતના દુઃખ અને શરીરથી તે સાદા (પવિત્ર) બહોળા આત્મિક જગત માટે છૂટો થયો.

૨૦૯૧. ત્યાં તેના આત્માએ તે અનુભવ્યું જે તે ગાતો હતો, અને કહેતો હતો કે જો તેઓ અહીં રહેવા દે તો મને અહીં રહેવા દયો.

૨૦૯૨. આ વસંત ઋતુ અને આ બગીચામાં મારો આત્મા ખુશ છે, આ મેદાનોનાં પીણાં અને આ ખેતરોનાં ફળો ખાવામાં (પણ ખુશ છે)

૨૦૯૩. હું માથું અને પગ વગર મુસાફરી કરું છું. હોઠ કે દાંત વગર હું સાકર ખાઉં છું.

૨૦૯૪. મગજના થાક વગર સ્વતંત્ર યાદી અને વિચારમાં હું બહેસ્તના રહેવાસીઓ સાથે વાતો કરૂં છું

૨૦૯૫. મારી આંખ બંધ હોવા છતાં હું (આખી) દુનિયા જોઉં છું. હાથ વગરનો હું ગુલાબો અને તુલસી ભેગા કરૂં છું.

મુસાફરી : માથું અને પગ વગર

૨૦૯૬. પાણીનું પંખી (તેનો આત્મા) મધના દરિયામાં કુદ્યો હતો 'જોબ'નો ઝરો પીવા અને નહાવા માટે.

૨૦૯૭. 'જોબ'ના (ઝરામાં) સૂર્યના પ્રકાશની માફક તેના પગથી તે માથાના મુગટ સુધી દુઃખો રહિત (પવિત્ર બન્યો).

૨૦૯૮. જો મશનવી અવકાશમાં આકાશ હોત તો આના (ગૂઢાર્થના) અર્ધા ભાગને પણ જગ્યા ન મળત.

૨૦૯૯. પૃથ્વી અને આકાશ (આ માયાવી દુનિયા)થી વિશેષ વિશાળતા (રૂહાની જગતની) એ મારા દિલમાં (માયાવી દુનિયાના) તેના સાંકડાપણા થકી ટુકડા કરાવ્યા.

૨૧૦૦. આ સ્વપ્ના થકી આ જગતમાં (મને) જે જણાવવામાં આવ્યું તેનાથી મારી પાંખો અને પીછાં તેના વિસ્તાર અંગે પહોળી થઈ છે.

૨૧૦૧. જો કોઈને આ જગત અને તેના રસ્તાની માહીતી માલમ પડી હોત તો આ (પાર્થિવ જગતમાં) રહેત નહિ, એક પળ માટે પણ (નહિ).

૨૧૦૨. (કવિને) ખુદાઈ સંદેશ આવતા હતાં, "નહિ" લાલચુ ન બન. હવે જ્યારે તારા પગનો કાંટો બહાર નીકળી ગયો છે ત્યારે રવાના થા.

૨૧૦૩. તેનો આત્મા તેની (ખુદાની) દયા અને રહેમતના વિશાળ હૈયામાં (અત્યાનંદ થકી) વિલંબ કરતો હતો દરમ્યાનમાં.

હ. ઉમર (ર) સુતા હતા ત્યારે આકાશી અવાજે કહ્યું: "બયતુલ-માલમાંથી ચોક્કસ રકમ કબ્રસ્તાનમાં સુતેલા માણસને આપી આવો"

૨૧૦૪. પછી ખુદાએ હ. ઉમર (ર) ઉપર એવું આળસ મોકલ્યું કે તે પોતાને જાગૃત અવસ્થામાં રાખી શકયા નહિ.

૨૧૦૫. તે અજાયબીમાં પડી કહેવા લાગ્યા કે આ અજાણી (વસ્તુ) છે, આ અદ્રષ્યમાંથી ઉતરેલ છે. તે કારણ વગર હોઈ શકે નહિ.

૨૧૦૬. તેમણે પોતાનું મસ્તક નીચે ઢાળ્યું. નિદ્રાએ તેનો કબજો લીધો, તેને સ્વપ્નું આવ્યું કે, તેને ખુદાનો અવાજ આવ્યો. તેના આત્માએ સાંભળ્યું.

૨૧૦૭. તે અવાજ કે જે દરેક બુમ અને અવાજનું અસલ છે, તે જ ખરેખર તો અવાજ છે અને બાકીના તો પડઘા છે.

૨૧૦૮. તુર્કો, કુર્દ, અરબ, અને ઇરાની ભાષા બોલનાર માણસો તે અવાજને કાન કે હોઠની મદદ સિવાય સમજ્યા છે.

૨૧૦૯. અરે તુર્કો, ઇરાની કે ઇથોપીઅન તો શું લાકડું અને પથ્થર (પણ) તે અવાજ સમજ્યા છે.

૨૧૧૦. દરેક પળે તેનામાંથી (અવાજ) આવે છે, શું હું (તમારો માલિક) નથી? (આ અવાજ થકી) માટી અને અકસ્માતો સર્જાય છે.

૨૧૧૧. જો તેઓમાંથી 'તુંજ' ન આવે તો પણ તેઓનું શૂન્યમાંથી (અસ્તિત્વમાં આવવું) એ જ હકારાત્મક જવાબ છે.

૨૧૧૨. મેં જે કહ્યું, તેની સમજાવટમાં પથ્થર અને લાકડાની મિત્રતા ભરી (જાગૃતિ) ને લગતી એક સુંદર વાત સાંભળ.

હ. પયગમ્બર માટે સંખ્યા વધતાં આશન બનાવતાં રૂદન કરતાં થંભની ફરિયાદ. જ્યારે તમો નસીહત કરો છો ત્યારે અમો તમારો ચહેરો જોઈ શકતા નથી. હ. પયગમ્બર અને તેના અસહાબોએ તે ફરિયાદ સાંભળવી અને હ. પયગમ્બરની થંભ સાથે ખુલ્લી ભાષામાં વાતચીત કરવી.

૨૧૧૩. રૂદન કરનાર થંભ પોતાને હ. પયગમ્બરથી જૂદો કરવા માટે ફરિયાદ કરતો હતો. જેમ એક સમજદાર પ્રાણી કરે તેમ.

૨૧૧૪. હ. પયગમ્બર સાહેબે કહ્યું, ઓ થંભ તને શું જોઈએ છીએ? તે કહે: તમારાથી જુદો થતાં મારો આત્મા લોહીમાં ફેરવાઈ ગયો છે.

૨૧૧૫. હું તમારો મદદગાર હતો. (હવે) તમે મારાથી નાશી ગયા છો. તમે તે જગ્યા મીમ્બર પર વળાંક કરવા વારસામાં આપી છે.

૨૧૧૬. તેઓ કહે, શું તું એવી ઇચ્છા રાખે છે કે તને ખજુરી બનાવવામાં આવે કે જેથી પુર્વ અને પશ્ચિમના લોકો તારામાંથી ફળ ખાવા આવે.

૨૧૧૭. અથવા તો તે (ખુદા) તને પેલી પારની દુનિયામાં શરૂનું ઝાડ બનાવે કે જેથી તું હંમેશાં તાજો અને ખીલતો રહી શકે?

૨૧૧૮. તેણે જવાબ આપ્યો, હું હમેશ માટેની જિંદગી સહી લેવા તૈયાર છું. "સાંભળ, ઓ ભાન વગરના તું લાકડાના ટૂકડાથી ઓછો ન થતો."

૨૧૧૯. તેમણે (હ. પયગમ્બરે) તે થંભને જમીનમાં દાટયો કયામતના દિવસે માણસ જાતની માફક તેને ઉઠાડવામાં આવશે.

૨૧૨૦. તેથી તું જાણ કે, દરેકને કે જેને ખુદા (પોતાની પાસે) બોલાવશે તે આ દુનિયાના કાર્યથી સંબંધ ધરાવનાર નહિ રહે.

૨૧૨૧. જેને ખુદાથી કામ અને સંબંધ હશે તેને ત્યાં દાખલ થવાની પરવાનગી મળશે. અને (દુનિયાના) કાર્ય છોડી આગળ જશે.

૨૧૨૨. તે કે જેને રૂહાની (ગૂઢાર્થ જ્ઞાન) સમજવાની બક્ષીસ હોતી નથી તે નિર્જીવ વસ્તુની ફરીયાદ કરવાની (વાત) કેમ માન્ય કરશે?

૨૧૨૩. તે કહે છે, હા. કબુલાતની ખાતર, પણ તેના દિલથી નહિ. લોકો ભલે કહે કે, તે (તેના ધર્મમાં) નાસ્તિક છે.

૨૧૨૪. (ખુદાઇ) હુકમ "થા." જાણનારા હતા (નહિતર) આ સિધ્ધાંત દુનિયામાં કબુલ કરવામાં આવ્યો ન હોત.

૨૧૨૫. લાખો આજ્ઞાંકીતો અને કાયદાસર ચાલનારાઓએ એક જ કાળા ડાઘ (શક) માટે નાશ નોતર્યો.

૨૧૨૬. તેઓનું આજ્ઞાકીંતપણું અને તેઓએ રજુ કરેલી પ્રમાણુશાસ્ત્રની સાબિતીઓ, તેઓની પાંખો અને પીંછા અભિપ્રાય ઉપર આધાર રાખે છે.

૨૧૨૭. જંગલી દૈત્ય (તેઓના દિલમાં) શંકા ઉત્પન્ન કરે છે, આ બધા આંધળાઓ તેમાં ગળાડૂબ પડયા.

૨૧૨૮. સંકલીન તર્ક કરનારાના પગ લાકડાના હોય છે, અને લાકડાનો પગ એ બહુ જ નબળો છે.

૨૧૨૯. ઝમાનાના રાહનુમા, રૂહાની દૃષ્ટિનો માલિક કે જેના દૃઢપણાથી પર્વતો ના માથાં ફરવા માંડે છે (અચંબો પામે છે).

૨૧૩૦. આંધળા માણસનો પગ લાકડી છે, લાકડી. કે જેથી તે કાંકરાઓમાં માથાભર ન પડે.

૨૧૩૧. ઘોડેસ્વાર કે જે લશ્કરના વિજ્યનું (કારણ) બને છે, તો પછી દીનના (લશ્કર) માટે તે કોણ ? તે જ કે જે (રૂહાની) દૃષ્ટિ ધરાવનાર હોય છે.

૨૧૩૨. જો આંધળો લાકડીના સહારે તેનો રસ્તો જુએ (અને છતાં પણ) (બીજા) લોકોની દેખરેખથી પોતાનો રસ્તો જોઈ શકે.

૨૧૩૩. જો કોઈ દેખતો માણસ અને (રૂહાની) રાજાઓ ન હોય તો બધા આંધળા દુનિયામાં મરી જાય.

૨૧૩૪. આંધળાઓથી વાવવું કે લણવું કે ખેતી ખેડવી અથવા તો વેપાર કરવો કે નફો કરવો થઈ શકે નહિ.

૨૧૩૫. જો તે (ખુદા) તારાપર દયા અને રહેમ ન વર્ષાવે તો તારૂં પ્રમાણુ શાસ્ત્રની તારવણીનું લાકડું ભાંગી જશે.

૨૧૩૬. આ લાકડી શું છે ? અનુમાન અને પ્રમાણુશાસ્ત્રનું પ્રદર્શન (શું છે) (આંધળાને) તે લાકડી કોણે આપી ? સઘળું જોનાર અને સર્વ શક્તિમાને.

૨૧૩૭. જ્યારે લાકડી કજીયા અને હુમલો કરવાનું હથીયાર બન્યું છે ત્યારે ઓ આંધળા તે લાકડીને ભાંગી નાખ.

૨૧૩૮. તેણે તને લાકડી, એટલા માટે આપી કે તું તેની હજુરમાં આવી શકે. (અને) તે જ લાકડી તેં તારા ગુસ્સામાં તેની જ સામે ફટકાવી.

૨૧૩૯. ઓ આંધળાના સાથી તું શું કરી રહ્યો છે ? તારી અને ખુદા વચ્ચે રૂહાની દૃષ્ટિ ધરાંવનાર રાખ.

૨૧૪૦. જેણે તને લાકડી આપી તેનું પહેરણુ મજબુત પકડી રાખ. હ. આદમે બે ફરમાનીને પ્રતાપે કેવી ભયંકર (યાચનાઓ) લોગવી.

૨૧૪૧. હ. અહમદ (હ. મુહમ્મદ ર. સ. અ) અને હ. મુસાના મોઝીજાનો વિચાર કર. લાકડી સર્પ કેમ બની અને થંભને જ્ઞાનની નવાજીશ કેમ થઈ?

૨૧૪૨. લાકડીમાંથી સર્પ આવ્યો, અને થંભમાંથી રૂદન. તેઓ (લાકડી અને રૂદન) દીનની ખાતર રોજના પાંચ વખત (માનનીય નગારાં) વગાડે છે.

૨૧૪૩. જો આ (રૂહાની સત્યોનો) સ્વાદ સમજ વગરનો હતો તો આ બધા મોઝીની શા માટે જરૂરી હતા?

૨૧૪૪ જે પણ બુધ્ધિ ગમ્ય છે તે મોઝીજાની સાબિતી વગર અને સંતોષ્યા વગર સમજણ ખમી ખાય છે.

૨૧૪૫. આ નહિ બતાવેલો રસ્તો બુધ્ધિગમ્ય મનાતો નથી. માનતો જા. દરેક ભાગ્યશાળીના દિલમાં સ્વીકારાએલ છે.

૨૧૪૬. હ. આદમની બીકમાં શયતાન અને જંગલી પશુ ટાપુઓ તરફ અદેખાઈને અંગે ભાગી ગયા.

૨૧૪૭. તેવી જ રીતે પયગમ્બરોના મોઝીજા હતા. બીકમાં નાસ્તિકો ઘાસની અંદર ભરાઈ ગયા.

૨૧૪૮. આસ્તિક હોવાના માનમાં તેઓ નાસ્તિકતામાં જીવે છે, અને તું જાણે (પણ) નહિ કે તેઓ કોણ છે?

૨૧૪૯. ત્રાંબાના સિક્કાને રૂપું ઘસીને રાજાનું નામ (બતાવતો), (બતાવનારા) દગલબાજોની માફક.

૨૧૫૦. જાહેરી રીતે તેઓના શબ્દો દૈવી એકતા અને મઝહબ (ઈસ્લામ માટે) છે. પરંતુ અંદરનો અર્થ જાણે કે રોટલામાં બી.

૨૧૫૧. તત્વવેતાને એક શબ્દ કહેવાને પેટ (હિંમત) હોતી નથી. જો તે શબ્દ ઉચ્ચારે તો સત્ય ધર્મ તેને ગુંચવી નાંખે.

૨૧૫૨. તેના હાથ અને પગ ખાલી છે, અને જે પણ તેનો જીવ કહે છે, પેલા બન્ને તેના કબજામાં છે.

૨૧૫૩. અલબત તેઓ (નાસ્તિકો) પોતાની જીભોથી શંકાઓ વિચારણા અર્થે આગળ મુકશે, પરંતુ તેના પગો અને હાથો (તેના વિરૂધ્ધ) સાક્ષી આપે છે.

અબુ જહલની મુઠીમાંના કાંકરાઓ સાથે હ. પયગમ્બરની વાતચીત કરવી હ. (નબી મહમ્મદ મુસ્તફા ર.સ.અ.) માટે કાંકરાની સાહેદી પૂરવી હ. મહમ્મદ ર. સ. અ. ની પયગમ્બર સત્ય હોવાની સાક્ષી આપવી.

૨૧૫૪. અબુ જહલના હાથમાં થોડા કાંકરા હતા. તે કહે, ઓ આહમદ જલ્દીથી કહે આમાં શું છે?

૨૧૫૫. જો તમે ખુદાના પયગમ્બર છો તો (કહો) મારી હથેળીમાં શું સંતાડેલું છે? આસમાની રહસ્યોનું જ્ઞાન તમોને છે? (તો કહો).

૨૧૫૬, તેમણે કહ્યું: તું મારી પાસે શું કરાવવાની ઇચ્છા રાખે છે? તેમાં શું સંતાડેલું છે તે હું કહું, અથવા તો તેઓ જાહેર કરે કે હું ખરૂં કહેનાર સાચો છું.

૨૧૫૭. અબુ જહલ કહે, આ બીજી (વસ્તુ) વધુ અદ્‌ભૂત છે. હ. રસુલે કહ્યું: હા. (પણ) ખુદાને તેનાથી વધુ સત્તા છે.

૨૧૫૮. કાંઈપણ ઢીલ વગર તેની મુઠી વચ્ચેના કાંકરાએ (મુસ્લિમ) કલમો પઢવો શરૂ કર્યો.

૨૧૫૯. દરેક કહે, લા ઈલ્લાહા ઇલ્લલાહ (ખુદા સિવાય બીજો ખુદા નથી) અને દરેક કહે, મુહમ્મદ રસુલીલ્લાહ (હ. મહમ્મદ ખુદાના પયગમ્બર છે)

૨૧૬૦. જ્યારે અબુ જહલે આ પથ્થરમાંથી સાંભળ્યું ત્યારે ગુસ્સામાં તે પથ્થરો જમીન ઉપર ફેંકયા.

કવિની બાકી રહેલી વાત હ. ઉમરે તેને આકાશી અવાજથી ઉચ્ચારએલો સંદેશો તેને પહોંચાડયો, તેની વાત.

૨૧૬૧ પાછો ફર અને કવિની કફોડી હાલત સાંભળ. કારણ કે કવિ (આટલી બધી) લાંબી મુદતની રાહ જોવા માટે નિરાશ થયો છે.

૨૧૬૨. હ. ઉમર (ર.)ને ખુદાનો હુકમ આવ્યો. કહે, ઓ ઉમર, અમારા ચાકરને તેની તંગીમાંથી મુકત કરો.

૨૧૬૩. અમારી પાસે પસંદગીનો અને ઘણી જ ઉંચી લાયકાતવાળો ચાકર છે. કબ્રસ્તાને પગે ચાલવાની મહેનત કરીને જા.

૨૧૬૪. ઓ ઉમર! બયતુલ માલમાંથી સાતસો દીનાર તારા હાથમાં લઈને ઉભો થા.

૨૧૬૫. તે તેની પાસે લઈને જા, (અને કહેજે) ઓ તું કે જે અમારી પસંદગીનો છે, આ રકમ હમણાં સ્વીકાર અને દરગુજર કર (આટલી નાની રકમ માટે)

૨૧૬૬. આ રકમ રેશમ (ખરીદવાની) કિંમતમાં વાપર. જ્યારે તે વપરાઇ જાય ત્યારે ફરીવાર અહીં આવજે

૨૧૬૭. પછી હ. ઉમર (ર) માન યુક્ત ભય ભરેલી હાલતમાં ઉભા થયાં કે આ ખિદમત કરવામાં પોતાની કમર કસે.

૨૧૬૮. પોતાના હાથમાં (નાણાની) કોથળી સહિત હ. ઉમરે (ર) પોતાનો ચહેરો કબ્રસ્તાન તરફ કર્યો. (ખુદાઈ પસંદગી પામેલાને) શોધવા દોડયા.

૨૧૬૯. (તેમને) કબ્રસ્તાનની આજુબાજુ બહુ લાંબુ દોડવું પડયું ત્યાં કોઈ ન હતું માત્ર એક ગરીબ ઘરડો માણસ.

૨૧૭૦. તેણે કહ્યું, કે આ તે નથી. અને ફરી એકવાર દોડયા. તે થાકી ગયા. પણ તેમણે આ વૃદ્ધ સિવાય કોઈને જોયા નહિ.

૨૧૭૧. તેમણે કહ્યું, "ખુદાએ કહ્યું કે, તે મારો ચાકર છે. તે પવિત્ર લાયક અને આશીર્વાદ પામેલો છે.

૨૧૭૨. વૃદ્ધ સારંગીવાળો ખુદાની પસંદગી પામેલો કેમ હોઈ શકે? એ ગૂપ્ત રહસ્ય કેટલું અદભૂત, આહ તું કેવો અદભૂત છે?

૨૧૭૩. ફરી એકવાર તેણે કબ્રસ્તાનમાં ફરવું શરૂ કર્યું, જાણે જંગલમાં શિકાર કરવા ફરતો સિંહ.

૨૧૭૪. જ્યારે તેમને ખાત્રી થઈ કે ત્યાં પેલા વૃદ્ધ સારંગીવાળા સિવાય બીજો કોઈ નથી ત્યારે તેમણે કહ્યું, ખરેખર કેટલાય પ્રકાશ પામેલા દિલવાળા (અંધારામાં) નજરે પડે છે.

૨૧૭૫. તેઓ આવીને તેની નજદીક સેંકડો માન સહીત બેઠા, હ. ઉમર (ર)ને (ઓચિંતી) છીંક આવી અને પેલો વૃદ્ધ પોતાના પગ ઉપર ઉભો થઇ ગયો.

૨૧૭૬. તેણે હ. ઉમર (ર) જોયા અને તેના તરફ વિસ્મયતાથી જોયું, તેણે ચાલવાનું નક્કી કર્યું પણ ભયથી ધ્રૂજવા લાગ્યા.

૨૧૭૭. તેણે પોતાના દિલમાં કહ્યું: અરે ખુદા મદદ કર હું તારે આશરે છું. નિરિક્ષક એક ગરીબ વૃદ્ધા સારંગીવાળા ઉપર પડયો છે.

૨૧૭૮. જ્યારે હ. ઉમરે (ર) બુઢાના (દિલના) ભાવો તરફ જોયું, તો તેમને તે શરમાતો અને ફિક્કો પડેલો જોયો.

૨૧૭૯. પછી હ. ઉમર તેને કહે, બી નહિ, મારાથી નાસી ન જા, કારણ કે હું ખુદા તરફથી સારા સમાચાર તારા માટે લાવ્યો છું.

૨૧૮૦. ખુદાએ વારંવાર તારા સ્વાભાવનાં વખાણ કર્યાં છે. તેથી તેણે ઉમરને તારા ચહેરાનો ચાહક બનાવ્યો છે.

૨૧૮૧. મારી બાજુમાં બેસ. મારાથી જુદાઈ રાખ નહિ. કે જેથી હું તારા કાનમાં ખુદાની સહાનુભૂતિ સંભળાવી શકું.

૨૧૮૨. ખુદા પોતાના આશીર્વાદો સહિત તને પુછે છે કે, તારા પાર વગરનાં દુ:ખો અને તકલીફોમાં પણ તું કેવો સરળ રહી શકયો છે.

૨૧૮૩. જો અહીં રેશમ ખરીદવા સોનાના સિક્કા છે, આ વાપરી નાખીને ફરીવાર પાછો અહીં આવ.

૨૧૮૪. (પશ્ચાતાપમાં) આખા શરીરે ધ્રૂજતો, પોતાના હાથ કરડતો અને કપડાં ફાડતો વૃદ્ધ આ સાંભળી રહ્યો.

૨૧૮૫. તે બુમ પાડી કહે, ઓ ખુદા! તારા જેવો (મહાન) બીજો કોઈ નથી. તે ગરીબ ઘરડો માણુસ શરમથી પાણી પાણી થઈ ગયો.

૨૧૮૬. આખરે જ્યારે તે ખૂબજ રોયો અને જ્યારે દીલગીરી હદ વટાવી ગઈ ત્યારે તેણે સારંગી જમીન ઉપર પછાડી અને તેના ટૂકડે ટૂકડા કરી નાખ્યા.

૨૧૮૭. તે કહે, એ (સારંગી) તું ખુદાથી મારા માટે પડદો હતી. અરે તું તો બાદશાહના રાજમાર્ગથી દૂર રાખનાર લૂંટારો હતી.

૬૧૮૮. એ તું, કે જેણે મારું ૭૦ વર્ષ સુધી લોહી પીધું, એ તું કે જેના થકી મારો ચહેરો કાળો થયો. (નામોશી પામ્યો)

૨૧૮૯. દયા કરો, એ ઉદાર માલિક (તું) કે જે અન્યાય પૂર્ણ પસાર કરનાર જિંદગીને (પણ) ઇમાન અર્પે છે.

૨૧૦૦. ખુદાએ મને જિંદગી આપી દરેક દિવસની કિંમત માત્ર તેના (ખુદા) સિવાય બીજું કોઈ જાણતું નથી.

૨૧૯૧. મેં મારી દમોદમ જિંદગી પસાર કરીનાખી, મેં ત્રણ ગણા શ્વાસે અને ખરજમાં જિંદગી પસાર કરી.

૨૧૯૨. વાજીંત્રો અને ઇરાકના સ્વરો મેળવવામાં, અરે મારી (આ દુનિયા) છોડવાની કઠીન વેળા મારા દિલમાંથી ભૂલાઈ ગઈ.

૨૧૯૩. ઝીરાફગંદના પ્રવાહી પદાર્થના તાજગી પણાનું બી મારા દિલમાં સૂકાઈ ગયું અને મારૂં દીલ મરી ગયું, અફસોસ.

૨૧૯૪ અફસોસ આ ચોવીસ અવાજોની મધુરતાની વણઝાર પસાર થઈ ગઈ અરે, દિવસ મોડો ઉગ્યો.

૨૧૯૫ એ ખુદા! હું કે જે તારી જ મદદ ચાહું છું. તેને આ (હુંપણાથી) ઉગાર. ન્યાય શોધનાર (ખુદ) સિવાય બીજા કોઈ પાસેથી હું ન્યાય ચાહતો નથી.

૨૧૯૬ ચોક્કસ, મારા કરતાં પણ જે મને નજીક છે તેના સિવાય બીજા કોઈ પાસેથી મને ઈન્સાફ મળી શકશે નહિ.

૨૧૯૭ મારૂં આ મારાપણું પળેપળ તેનામાંથી જ આવે છે. તેથી જ્યારે આ અફળ થશે ત્યારે હું (માત્ર) તેને જ જોઇશ.

૨૧૯૮ તે કે જે તમારા માટે સોનું ગણે છે ત્યારે તમારું તાકી રહેવું તેના તરફ જ હોવું જોઈએ. નહિ કે પોતા તરફ.

હ. ઉમર (ર.) નું તેને રોવાની સ્થિતિ કે જે (ખૂદીપણું) છે તેમાંથી ધ્યાન ફેરવી (ખુદામાં) એકતાર થઇ જવાની હાલત કે જે (બે ખૂદી) છે તેમાં જવા ફરમાવવું.

૨૧૯૯. પછી હ. ઉમર (ર) એ તેને કહ્યું, "આ તારો શોક તે પણ તારી ગંભીરતાની નિશાની છે.

૨૨૦૦. પોતાની ગંભીરતાથી પસાર થઈ જવું એ એક બીજો રસ્તો છે. કારણ કે ગંભીરતા એ પણ એક બીજું પાપ છે.

૨૨૦૧. ગંભીરતાએ ભુતકાળમાં જે થઇ ગયું હોય તેમાંથી હસ્તી ધરાવે છે. (જાગેછે) ભૂતકાળ અને ભવિષ્ય કાળ એ બન્ને ખુદાથી (તને જુદો કરવા) પડદો છે.

૨૨૦૨. તે બન્ને ઉપર અગ્નિ નાખ. આ બન્નેના થકી જ તું વાંસળીની માફક ગાંઠથી ભરેલો રહીશ.

૨૨૦૩. જ્યારે વાંસળી ગાંઠથી ભરેલી હોય છે ત્યારે તે ગૂપ્ત વાતોની ભાગીદાર બની શકતી નથી અને તે હોઠોની અને અવાજની સાથીદાર હોતી નથી.

૨૨૦૪ જ્યારે તું ખુદાને શોધનારને બહાર પડે છે ત્યારે તું જવા માટેના કાર્યમાં ગૂંથાએલો હોય છે, (પણુ) જ્યારે તું ઘરે આવે છે ત્યારે તું તારી સાથે (પોતાપણુ) લાવે છે.

૨૨૦૫. ઓ તું, કે જેનું જ્ઞાન, જ્ઞાન આપનારના જ્ઞાન વગરનું છે. તારો પ્રશ્ચાતાપ તારા પાપ કરતાં વધુ (ખરાબ) છે.

૨૨૦૬. જે સ્થિતિ વહી ગઈ છે તે માટે તું પશ્ચાતાપ શોધવા નીકળ્યો છે, તો તું આ પાપ માટે ક્યારે પશ્ચાતાપ કરીશ?

૨૨૦૭. એક વેળા તું અવાજથી ત્રણ ગણા ધીમા સ્વર તરફ ફરે છે, અને બીજી વેળા (પ્રેમમાં) રૂદન કરતો અને શોક કરતો ચૂમી કરે છે.

૨૨૦૮ જ્યારે ફારૂક (હ. ઉમર) ગૂઢાર્થોનો પડછાયો બન્યો ત્યારે વૃદ્ધ ઇન્સાનનું દિલ અંદરથી જાગૃત થયું.

૨૨૦૯. તે હાસ્ય, રૂદન વગરનું બન્યો. રૂહની માફક તેનો (હિવાની) આત્મા છૂટો પડ્યો અને બીજા આત્માએ જિંદગીમાં પ્રવેશ કર્યો.

૨૨૧૦. તે ઘડીએ તેના અંતરમાં એવો અત્યાનંદ ઉત્પન્ન થયો કે તે દુનિયા ઉપરથી આસમાન તરફ રવાના થયો.

૨૨૧૧. શોધવું અને તપાસ કરવી એ (બધી) તપાસ અને શોધથી પર છે. (તેનું વર્ણન કેમ કરવું) તે હું જાણતો નથી જો તું જાણતો હો તો કહે.

૨૨૧૨. શબ્દો અને ભાવના (એ) શબ્દો અને ભાવનાથી પર છે. કીર્તિવંત શહેનશાહની ખૂબસૂરતીમાં તે ડૂબી ગયો છે.

૨૨૧૩. ડૂબી ગયો એવી રીતે નહિ કે તેમાંથી તેનો છુટકારો ન કરી શકાય, અથવા તો દૈવી સાગર સિવાય બીજો કોઈ તેને ઓળખતો હોય!

૨૨૧૪. અકલે જુઝ "અકલે કુલ" (ના ભેદ વિષે) બોલી શકે નહિ. જો તેની પાસે માગણી ઉપર માગણી ન આવી હોય.

શોધ / તપાસ } છુ પરદો. ગંભીરતા- પાપ-
ભૂત- ભવિષ્ય - ખુદા ના વચ્ચે પડદો છે
વાંસળી, માયનાકેપર

૨૨૧૫. જ્યારે માગણી ઉપર માગણી આવે છે ત્યારે (અકલે કુલ) ના દરિયામાં મોજાં તે જગ્યાએ આવી પહોંચે છે.

૨૨૧૬. હવે (જ્યારે) તે વૃદ્ધ માણુસની (રૂહાનીયત) અનુભવની વાત આટલી દલીલ સુધી આવી પહોંચી ત્યારે (મેં) વૃદ્ધ અને તેના અનુભવો પડદા પાછળ ખેંચી લીધા છે.

૨૨૧૭. વૃદ્ધે પોતાનું પહેરણુ વાત અને દલીલથી ખંખેરી નાખ્યું છે. અર્ધી વાત આપણા મોંમાંજ રહી ગઈ (કહેવાની બાકી રહી ગઈ).

૨૨૧૮. આવો આનંદ માણુવા માટે લાખો જિંદગીઓ જુગારમાં હારી જવી (પણ) લાયક છે.

૨૨૧૯. રૂહાની જંગલમાં શિકાર કરવા માટે બાજ બન. જગતના સૂર્યની માફક પોતાની જિંદગીને જુગારમાં મૂકે છે તેવો બન.

૨૨૨૦. ઊંચો સૂર્ય જીવન ફેલાવે છે, દરેક પળે તે ખાલી અને ભરેલો બને છે.

૨૨૨૧. ઓ સત્યના સૂર્ય! રૂહાની જિંદગીફેલાવ. આ ઘરડી દુનિયાને નવી (જિંદગી) અર્પણું કર.

૨૨૨૨. આત્મા અને જીવ એ અદૃષ્યમાંથી મનુષ્યજાત (ખાતર) વહેતા પાણીની માફક અસ્તિત્વમાં આવે છે.

બે ફિરસ્તાઓની દરેક ખૂલ્લી બજારોમાં રોજની પ્રાર્થના કરવી, (તેઓ) કહેતા કે "ઓ ખુદા! ઉડાવને બદલામાં બક્ષીસ આપ ઓ, ખુદા કંજૂસને (બદલામાં) ઝેર આપ, ઉડાવ તે છે કે જે ખુદાની રાહમાં વાપરે, નહિ કે વાસનામય જીંદગી માટે લખલૂટ ખર્ચ કરે તેનું વિવરણુ.

૨૨૨૩. હ. પયગમ્બર સાહેબે ધીમેથી ઠપકો દેવાની ખાતર કહ્યું, "બે ફિરસ્તાઓ ભલાઈની જાહેરાત કરે છે.

૨૨૨૪. કહે છે કે, ઓ ખુદા! ઉડાવ લોકોને પૂરેપૂરા સંતોષી કરજે. જે દીરહમ તેઓ વાપરે છે તેની બદલીમાં લાખોગણો ફાયદો આપજે.

૨૨૨૫. ઓ ખુદા! કંજૂસ લોકોને નુકશાની ઉપર નુકશાની સિવાય બીજું કાંઈ આપતો નહિ.

૨૨૨૬. અરે એવાં કેટલાએ કૃત્યો કંજૂસાઈનાં છે જે ઉડાવ કરતાં વધુ સારાં છે. જે ખુદાનું છે, તે ખુદાના હુકમ સિવાય ન વાપર.

૨૨૨૭. કે જેથી તું અત્યંત ખજાનો બદલામાં મેળવી શકે અરે જેથી તું નાસ્તિક માંનો ગણાઈ ન જા.

૨૨૨૮. તેઓ પોતાના ઉંટો કુરબાનીમાં આપવાની માંગણી કરતા હતા કે જેથી તેઓની તલવારો હ. મુસ્તફા (ર. સ. અ) સામે ફાવી જાય.

૨૨૨૯. ખુદા સાથે એક થઈ જનાર પાસેથી ખુદાનો હુકમ શોધવાનો પ્રયત્ન કર. ખુદાનો હુકમ દરેક દિલ સમજી સકતાં નથી.

૨૨૩૦. દાખલા તરીકે એક ગુલામ, (ખુદાના) દુશ્મને (પોતાના મત પ્રમાણે) ન્યાય કર્યો. રાજાથી બળવો કરનારને રાજાની માલિકીની ચીજ જ ઈનાયત કરી.

૨૨૩૧. બે ધ્યાનવાળાને કુરાનમાં ચેતવણી આપવામાં આવી છે કે, તેઓનું બધું ખર્ચવું તેઓ માટે સખત દુઃખદાયક છે.

૨૨૩૨. નીતિના સિદ્ધાંતો અને ન્યાયમાં આ દુશ્મન બાદશાહની નજરમાં શું વધારે છે? દેશવટો અને કાળો ચહેરો (નામોશી)

૨૨૩૩. હ. પયગમ્બર સામેની લડાઈમાં ખુદાની કૃપા મેળવવા મક્કાના અમીરોએ કુરબાની કરવાની ઉમેદ કરી હતી.

૨૨૩૪. આની ખાતર જ ઈમાનદાર પોતાની નમાઝમાં બીક રાખીને કહે છે "અમને સીધે રસ્તે દોરવ."

૨૨૩૫ આવી રીતે પૈસો આપવો એ ઉદાર માણસ લાગે છે, પણ ખરેખર તો પ્રેમીની ઉદારતા પોતાના આત્માને આધિન કરવો તે છે.

૨૨૩૬ જો તું ખુદાની ખાતર રોટલો આપીશ તો (બદલામાં) તને રોટલો મળશે. જો ખુદાની ખાતર તમો પ્રાણ આપશો તો (બદલામાં) પ્રાણ મળશે.

૨૨૩૭. આ સીધા ઝાડનાં પાન તોડી નાખશો તો કુદરત તેના પર પાન વગર ખોરાકી અર્પણ કરશે.

૨૨૩૮. તારા ઉડાવપણાને અંગે કાંઈ દોલત તમારી પાસે હાથમાં રહેતી નથી તો પછી ખુદાની ઉદારતા તને નીચે કેમ પછાડશે ?

૨૨૩૯. જ્યારે કોઈ ખેતરમાં વાવે છે, ત્યારે તેના (બી) ખાલી થાય છે, પણ તેના અનાજના ખેતરમાં ફાયદો થાય છે.

૨૨૪૦. પણ જો તે બીયાને ભંડારમાંજ છોડી દયે, અને તેને બચાવે, તો ઉંદરો અને આફતો તેને ફાડી ખાશે.

૨૨૪૧. આ દુનિયા (સત્યનો) ઈન્કાર કરનાર છે, (ખુદાની) સહાયતાથી સત્યને શોધ, તારૂં બદન નાશવંત છે, તેમાં સત્ય શોધ.

૨૨૪૨. ખારૂં પાણી (હિંસક) જીવને તલવાર નીચે આણ. (બહેસ્તી) રૂહને ખરીદ કર કે જે જાણે મીઠા પાણીની સરિતા છે.

૨૨૪૩. અને જો તું આવો બની ન શકે તો નીચેની વાતો સાંભળ તો ખરોજ.

ખલીફની વાત કે જેણે ઉદારતામાં હાતીમતાઈને પાછળ રાખ્યો અને જેનો કોઈ હરીફ નહિ હતો તે વિષે.

૨૨૪૪. અગાઉના વખતમાં એક ખલીફો હતો, તેણે હાતીમને પોતાની ઉદારતામાં ગુલામ બનાવ્યો હતો.

૨૨૪૫. તેણે દુઃખી દુનિયા ઉપર તંગી અને ગરીબાઈનો અંત આણીને ઉદારતા અને બક્ષીસોનો વાવટો ફરકાવ્યો.

૨૨૪૬. તે મોતીઓનો મહાસાગર હતો. પવિત્ર ઉદારતા અને તેની બક્ષીસો એક પહાડથી બીજા પહાડે પહોંચી હતી.

૨૨૪૭. આ મીટીની દુનિયામાં તે વાદળ અને વરસાદ હતો. જાહેરી દાન આપવાવાળામાં તે મધ્યબિંદુ હતો.

૨૨૪૮. તેની બક્ષીસોથી સમુદ્ર અને ખાણો (શરમમાં) ધ્રૂજતી હતી. તેની ઉદારતાની વણઝાર ઉપર વણઝાર વહેતી હતી.

૨૨૪૯. જરૂરીયાત તેના દરવાજે અને રહેઠાણે ફરતી હતી. તેની ઉદારતાની ખ્યાતિ દુનિયામાં દૂર દૂર સુધી પહોંચી હતી.

૨૨૫૦. ઈરાનીઓ અને રૂમીઓ, તુર્કો અરબો તેના દાન અને ઉદારતામાં અજાયબીમાં ગરકાવ થઈ ગયા હતા.

૨૨૫૧. તે દાનનો દરિયો અને જિંદગીનું જળ હતું, તેનાથી અરબો અને પરદેશીઓ સજીવન થયા હતા.

રણના ગરીબ અરબ અને તેની ઘરવાળીનું તેની સાથે બદલાવું ગરીબાઇ અને તંગીના લીધે તેની વાત.

૨૨૫૨. એક રીતે અરબની ઘરવાળીએ તેના ધણીને કહેવા માંડયું. (તેણી) વાત હદની બહાર લઈ ગઈ.

૨૨૫૩. આપણે આ ગરીબાઈ અને તકલીફો ભોગવીએ છીએ આખી દુનિયા સુખમાં, (જીવે છે) માત્ર (આપણે જ) દુઃખી છીએ.

૨૨૫૪. આપણને ખાવા માટે રોટલી નથી. આપણો (માત્ર) ખોરાક દુઃખ, બળાપો અને અદેખાઈ છે. આપણી પાસે ચંબુ નથી. આપણું પાણી પણ (માત્ર) આંખમાનાં આંસુ છે.

૨૨૫૫. આપણો પોશાક દિવસે બળતો તડકો છે, રાતના આપણો પલંગ અને પથારી ચંદ્રમાંનું અજવાળું છે.

૨૨૫૬. આપણે ચંદ્રમાનું ચગદું રોટલાનું ચગદું સમજીએ છીએ અને આકાશ તરફ આપણા હાથ ઉંચા કરીએ છીએ.

૨૨૫૭. દુનિયામાં (ગરીબોના) પણ ગરીબો આપણી ગરીબાઈથી શરમાય છે, આપણી રોજની રોટલીની અધીરાઈથી દિવસ પણ રાતમાં ફેરવાઈ જાય છે.

૨૨૫૮. આપણાં સગાં વહાલાં અને અજાણ્યા (મુસાફરો) આપણાથી દૂર ભાગે જેમ સામીરી માણસોથી ભાગે છે.

૨૨૫૯. જો હું કોઈ પાસેથી થોડી મસુરની દાળ માગું તો તે મને જવાબ દેશે, ચૂપ થા, ઓ મૃત્યુ અને મરકી.

પોશાક - તડકો દિવસે
પથારી - ને પલંગ - ચંદ્રમાંનુ રાત્રે અજવાળુ

૨૨૬૦. અરબો લડવામાં અને (દાન) દેવામાં મગરૂરી લેતા હાય છે. (પરંતુ) તું અરબોમાં લખાણમાં ખામી જેવો છે.

૨૨૬૧. આપણને લડવા સાથે શું નિસ્બત, આપણે લડ્યા વગર મરેલા છીએ. આપણને જરૂરીયાતની તલવારથી ચક્કર આવતાં હોય છે.

૨૨૬૨. (આપણે) કયા ઈનામો (આપીએ)? આપણે ચાલુ ભિખારીની હાલતમાં છીએ. અને હવામાં મચ્છર (મારવાની) કલ્પના કરતા હાઈએ છીએ.

૨૨૬૩. જો કે મહેમાન આવી પહોંચે છે અને જેં હું છું (જીવતી હોવાની ખાત્રી જેટલી) હું તે નિંદ્રામાં રાતના પડ્યા બાદ હું તેના ફાટેલા ઝભ્ભા માટે જઈશ.

મુરીદો ઉંધે રસ્તે દોરવાણા કે તેઓની જરૂરીયાતમાં ખોટા દંભી કે, જેઓ સંતો અને સત્ય પુરૂષોના સ્વાંગમાં (જાણે ખુદામાં મળેલા છે અને તે જાણતા પણ ન હતા કે 'નકદ' અને 'નકલ'નો તફાવત કે બનાવટી કે કુદરતી બનેલું છે તે (પણ) તેઓ જાણતા ન હતા.

૨૨૬૪. ડાહ્યા માણસોએ પોતાના જ્ઞાન થકી એટલા માટે જ કહ્યું છે કે, જે ફાયદાઓ આપી શકે તેનો જ મહેમાન બનવું જોઈએ.

૨૨૬૫. તું તેનો મહેમાન અને મુરીદ છે કે, જે કંજૂસાઈથી તારી પાસે જે હતું તે પણ છીનવી લે છે.

૨૨૬૬. તે મજબુત નથી. તે તને કેમ મજબુત બનાવશે. તે પ્રકાશ આપતો નથી (ના. ના.) તે તને કાળો બનાવશે.

૨૨૬૭. જ્યારે તેના પોતાનામાં પ્રકાશ નથી, તો તેની સોબત થકી બીજાઓ તેમાંથી પ્રકાશ ક્યાંથી મેળવી શકશે?

૨૨૬૮. તે આંખો સુધારનાર (પોતે જ) અર્ધો અંધો છે, તે (માણસોની) આંખમાં ઊંઘ મુકવા સિવાય બીજું શું મુકશે?

૨૨૬૯. ગરીબાઈ અને પીડાથી આપણી આવી હાલત છે. કોઈ પણ મહેમાન આપણાથી છેતરાશે નહિ.

૨૨૭૦. જો તેં દસ વર્ષ સુધીનો દુકાળ (દેખીતી રીતનો) જોયો ન હોય તો તારી આંખો ઉઘાડ, અને આપણા તરફ જો.

૨૨૭૧. આપણો બહારનો દેખાવ એ જગાત લેનારના અંદરની હકીકત જેવો છે, તેના દિલમાં અંધારૂં છે (પરંતુ) તેની જીભ દેખાવે સત્યભાષી જેવી છે.

૨૨૭૨. તેના દિલમાં ખુદાઈ રાહ કે સુગંધ નથી, પરંતુ તેનો ખોટો દાવો માણસ જાતના દાદા હ. આદમ (અ) અને હ. શીશ (અ) થી પણ વધારે મોટો છે.

૨૨૭૩. સેતાન (તેનાથી એટલો શરમાય છે કે) તેણે પોતાનું ચિત્ર પણ તેને બતાવ્યું નથી (છતાં) તે (સત્યભાષીનો દેખાવ કરનાર) કહે છેઃ અમે તો રૂહાની પેશ્વાના સેવક છીએ અને તેનાથી વધુ.

૨૨૭૪. તેણે દરવીશો વાપરે છે તેવા ઘણા બોલ ચોરી લીધા છે. તે પોતે (પવિત્ર) માણુસ છે તેમ બતાવવાનો વિચાર કર્યા કરે છે.

૨૨૭૫. જો તે બાયઝીદના વચનની પણ વાત કરે (તો પણ) યઝીદને પણ તેના અસ્તિત્વથી શરમાવું પડે.

૨૨૭૬. તે રોટલાના ટુકડા વગરનો કે બહેસ્તના માંસના ટુકડા વગરનો છે, ખુદા તેના તરફ એક હાડકું પણ ફેંકતો નથી.

૨૨૭૭. તે જાહેરાત કરે છે, મેં રકાબીઓ ગોઠવી દીધી છે, હું ખુદાનો પાદરી છું. હું ખલીફાનો પુત્ર છું.

૨૨૭૮. ભલે પધાર્યા (મિજબાનીમાં) ઓ ભલા દિલના આદમી, ભૂખથી ત્રાસેલા, મારા ઉદાર (દિલવાળાના) (કોઈ ચીજ વગરના) ખાણાના મેજ પર પેટ ભરીને જમો.

૨૨૭૯. કેટલાક માણુસો આવતી કાલ પર ભરૂસો રાખતા હોય છે, વર્ષો સુધી (તેના) દરવાજે ભટકયા છે (પણ) આવતી કાલ કદી આવતી નથી.

૨૨૮૦. માણુસના અંતકરણના અંદરના વિચારોને સ્પષ્ટ થતાં ઘણો લાંબો વખત લાગે છે. વધુ ઓછો (નાની મોટી બાબતોમાં)

૨૨૮૧. (તેથી આપણે જાણી શકીએ કે) તેના શરીરની દીવાલોમાં ખજાનો છે અથવા તો સાપ કીડી કે અજગરનું રહેઠાણ છે.

૨૨૮૨. જ્યારે તે (નકામું) છે તે ચોકખું જણાઈ આવે છે (તે વખતે) શોધનારની જિંદગી પસાર થયેલી હોય છે તો તે જ્ઞાન જાણવાથી (તેને) શું ફાયદો થયો?

(જોકે) ભાગ્યેજ એક મુરીદ વિશ્વાસપુર્વક પોતાનું ઇમાન
ખોટા દંભીમાં મુકે છે અને તે (માને છે) કે તે (પવિત્ર)
પુરૂષ છે, આ વિશ્વાસના કારણે તે (રૂહાની) દરજ્જે
પહોંચે છે, કે જે દરજ્જે પહોંચવાનું તેના મુરશિદે
સ્વપ્નામાં પણ ધાર્યું ન હોય તે (મુરીદ) પાણી અને અગ્નિ
તેને નુકશાન ન કરે (તેવા દરજ્જે પહોંચે છે) તે (પેલા
દંભી મુરશિદને) નુકશાન કરે છે. પણ આવું
ભાગ્યેજ બને છે. તે કેવી રીતે બને તે સમજાવવું.

૨૨૮૩. પરંતુ તેમાં અપવાદ રૂપે એક મુરીદ કે જેને તેની (રૂહાની) રોશની થકી પેલા જૂઠને (દંભને) ફાયદાકારક બનાવ્યું.

૨૨૮૪. તે પોતાની ભલાઈના કાર્યના પ્રતાપે ઉંચે દરજ્જે પહોંચે છે. જોકે તે (દંભી) આત્મા હોવાનો દેખાવ કરે છે, અને તે (આત્મા) માત્ર શરીર હોવાનું સાબીત કરે છે.

૨૨૮૫. તે તેના જેવું છે જાણે કે રાત્રિના વખતે દિલમાં કીબલા શોધવાની કોશીષ કરવી, કીબલા મળતો નથી. પણ તેની (શોધનારની) દુઆ કબુલાતમાં આવી.

૨૨૮૬. ઢગને તેના આત્માની અંદરની તંગી છે, પણ આપણને તેના વગર રોટલાની તંગી છે.

૨૨૮૭. આપણે દંભીની માફક શા માટે સંતાઈએ છીએ? અને ખોટી કીર્તિની ખાતર માનસિક પીડા સહન કરીએ છીએ.

અરબનું તેની ઘરવાળીને ધીરજ ધરવા સમજાવવું, અને ધીરજ અને ગરીબાઈની ઉતમતાનું વર્ણન કરવા વિષે.

૨૨૮૮. તેનો ધણી તેને કહેઃ ક્યાં સુધીનું આવક અને બીની પેદાશ શોધીશ? આપણી જિંદગીમાં શું બાકી રહ્યું છે? લગભગ (જિંદગી) વીતી ગઈ છે.

૨૨૮૯. અક્કલવાળો માણસ વધઘટ ઉપર ધ્યાન આપતો નથી. કારણ કે બન્ને ધોધબંધ પ્રવાહની માફક પસાર થઈ જાય છે.

૨૨૯૦. તે (જિંદગી) પવિત્ર (ચોખ્ખી અને દુઃખ વગરની) અથવા તો કાદવવાળા પ્રવાહ જેવી (ગંદી) તેના માટે બડબડ ન કર. તે એક પળ માટે પણ સહન કરવાની નથી (બદલાયા કરે છે.)

૨૨૯૧. આ દુનિયામાં હજારો જનાવરો ચડતી પડતી વગરની જિંદગી જીવતા હોય છે.

૨૨૯૨. હોલો ઝાડ ઉપર બેસી ખુદાનો આભાર માનતો હોય છે, જો કે તેનો રાતનો ખોરાક (હજી) તૈયાર નથી.

૨૨૯૩. ચંડોળ પક્ષી ખુદાના વખાણ ગાતું હોય છે (અને કહે છે) હું મારા રોજના ખોરાક માટે તારા ઉપર આધાર રાખું છું. તો તું કે જે પ્રાર્થનાઓનો જવાબ આપે છે.

૨૨૯૪. બાજ પક્ષીએ રાજાના હાથને પોતાનો આનંદ માન્યો છે. તેણે મુરદાલ માંસની પોતાની બધી ઉમેદો છોડી દીધી છે.

૨૨૯૫. મચ્છરથી હાથી સુધી (કોઈ પણ જનાવર) ને તેજ રીતે લ્યો, (તેઓ પોતાની આજીવીકા માટે) ખુદાના કુટુંબી બન્યા છે, અને તે કેવો સારો પોષણ આપનાર છે!

૨૨૯૬. આ બધી દિલગીરી એ આપણા દિલમાં ઉદ્ભવે છે તે (નકામી તૃષ્ણા) રૂપી પવન અને આપણા અસ્તિત્વની વરાળ અને ધૂળ છે.

૨૨૯૭. આ ઉખડેલા મૂળીયા રૂપી દુઃખો આપણને દાતરડા (માફક કાપે છે.) આ આમ કે પેલું એ (શેતાની) આવેગો છે.

૨૨૯૮. જાણ કે દરેક દુઃખ એ મોતનો એક ભાગ છે, જો એમ કરવાનું બની શકે તો એ મોતના ભાગને હટાવી દે.

અક્કલમંદ { વધ / ઘટ } ધ્યાન ન } દરેક દુઃખ મોતનો જ ભાગ છે.

૨૨૯૯. જો તું મોતના ભાગથી નાસી ન શકે તો જાણુ કે આખું (મોત) તારા મસ્તક ઉપર રેડવામાં આવશે.

૨૩૦૦. જે મોતનો એક ભાગ તને મીઠો લાગશે તો જાણુ કે ખુદા તને આખું (ખરૂં મોત) આનંદથી ભેટાડશે.

૨૩૦૧. દુઃખો મોત તરફથી તેના દૂત તરીકે આવે છે. ઓ મુર્ખ માણસ તે દૂત તરફથી તારો ચહેરો ફેરવી ન લે.

૨૩૦૨. જે કોઈ (દુનિયામાં) સુખચેનથી જીવે છે તે વિષ (દુઃખ) થી મૃત્યુ પામે છે, જે પોતાનું શરીર સાચવે છે તે પોતાનું માથું સંભાળી શકતો નથી.

૨૩૦૩ ઘેટાંઓ મેદાનોમાંથી ગામ તરફ હાંકી લઈ જવામાં આવે છે, જેઓ વધુ જાડાં હોય તેઓને જલ્દીથી કાપી મારી નાખવામાં આવે છે.

૨૩૦૪. રાત પસાર થઈ ગઈ છે, અને સવાર થયું છે, ઓ મારા આત્મા (ફરીવાર) તું કેટલો લાંબો વખત સોનાની વાત શરૂઆતથી લઈશ?

૨૩૦૫. તું એકવાર જુવાન હતો. અને તે પછી તું વધુ સંતોષી બન્યો. (પરંતુ હવે) તું સોનાનો શોધનાર બન્યો. પહેલાં તું પોતે ખરેખર સોનું હતો.

૨૩૦૬. તું ફળદાયી શરાબ હતો. (હવે) તું કિંમત વગરનો કેમ બન્યો? જ્યારે તારૂં ફળ પાકતું હતું ત્યારે (તે ફળ) સડી ગએલું કેમ બન્યું.

૨૩૦૭. ફળ વધુ મીઠું બનવું જોઈએ. નહિ કે દોરડા બનાવનારની માફક વધુ પાછળ જવું જોઈએ.

૨૩૦૮. તું મારી ઘરવાળી છો. ઘરવાળીમાં (ધણીના ગુણ) જેવા જ ગુણ હોવા જોઈએ. એટલા માટે કે બધાં કામો સરખાં જ થાય.

૨૩૦૯. પરણેલાં યુગલે એક બીજાને મળતા થવું જોઈએ. બૂટ કે જોડાની જોડ તરફ નજર કર.

૨૩૧૦. જો બૂટમાંનો એક વધુ સાંકડો પડતો તે બૂટની જોડી તારા માટે કાંઈ કામની ન રહે.

૨૩૧૧. તેં દરવાજાનું એક બારણું મોટું અને એક નાનું કદી જોયું છે? અથવા વાઘ સિંહની સરખામણી કરી શકે?

૨૩૧૨. ઉંટ ઉપરની ગુણીઓ એક નાની અને એક મોટી હોય તો બન્નેનું પૂર્ણ રીતે સમતુલા જળવાય નહિ.

૨૩૧૩. હું મજબુત રીતે (ખરા દિલથી) સંતોષ તરફ જાઉં છું. તું શા માટે ભુંડું બોલવા તરફ જઈ રહી છો?

૨૩૧૪. સવાર સુધી આ રીતે સંતોષી માણસ અંતઃકરણપૂર્વક બહાદુરીથી વાતો કરતો રહ્યો.

સ્ત્રીની તેણીના ધણીને નસીહત કરવી, કહે, "તારા (રૂહાની)
દરજ્જા અને લાયકાતની વાત ન કર, તું જે નથી તે શા માટે
કહે છે? જો કે આ શબ્દો તો સાચા છે પણ તું ખુદામાં વિશ્વાસ
હોવાના દરજ્જા સુધી પહોંચ્યો નથી. તારાં ભક્તિ ભાવ ભરેલાં
કાર્યો અને રહેઠાણ વિષે બોલવું. એ નુકશાનકારક છે, અને
ખુદાની નજરમાં સૌથી વધારે ધિક્કારવા યોગ્ય છે,"

દુનિયામાં સુખચેનથી જીવે તે : દુઃખથી મરે છે
પહેલા સોનુ-હવે સોનાનો શોધનાર બન્યો. - તે સોનુ હતો - હવે તું સોનાનો શોધનાર બન્યો.
સોનુ શોધનાર
ઘરવાળીમાં (ધણીના ગુણ) જેવા ગુણ હોવા જોઈએ

૨૩૧૫. પત્ની બૂમ પાડી ઊઠી, ઓ તું કે જેણે પોતાની ખ્યાતિ ધર્મથી કરી છે, (તેથી) હું વધુ વખત તારી બનાવટી વાતો ઉપર ભરોસો રાખીશ નહિ.

૨૩૧૬. મારી પાસે અર્થ વગરની અને અનુમાન અને ખોટો દાવો ન કરો. ચુપ રહો અહંકાર અને જ્ઞાન વગરની વાત ન કરો.

૨૩૧૭. ક્યાં સુધી (તું) અહંકાર અને બનાવટી વાતો (ઉચ્ચારીશ), તારા પોતાના કૃત્યો અને લાગણી જુઓ, અને શરમાઓ.

૨૩૧૮. અહંકાર કદરૂપો છે, અને ભિખારી (વધુ) કદરૂપું છે, સખત ઠંડીમાં ભીના કપડાં પહેરવા જેવું.

૨૩૧૯. ક્યાં સુધી (આ) અભિમાન, અહંકાર અને બડાઈ મારીશ, ઓ તું કે જેનું ઘર કરોળિયાના જાળા જેવું છે!

૩૩૨૦. તમે તમારો આત્મા સંતોષથી ક્યારે ઉજાળ્યો છે? કે માત્ર સંતોષનું નામજ શીખ્યા છો!

૨૩૨૧. પયગમ્બર સાહેબે કહ્યું છે, "સંતોષ શું? "ખજાનો." તું દુઃખમાંથી લાભને પારખી શકીશ નહિ.

૨૩૨૨. આ સંતોષ એ આત્માનો ખજાનો છે, (તે તેં મેળવ્યો છે) તેવી બડાઈ ન હાંક, ઓ (તું કે જે) મારા આત્માની દિલગીરી અને દુઃખ છે.

૨૩૨૩. મને તારી મિત્ર ન કહે, બહુ વહાલનો દેખાવ ન કર. હું ન્યાયની ભાગીદાર છું હું; દગા ફટકાની ભાગીદાર નથી.

૨૩૨૪. ક્યાં સુધી તું અમીર અને બેની વચ્ચે ચાલતો રહીશ? જ્યારે તું (ખોરાક માટે) હવામાં તીડના ભાગો જુદા કરે છે.

૨૩૨૫. તું કૂતરાની માફક હડકવાથી સંતોષ પામે છે, તું બરૂની વાંસળી માફક ખાલી પેટે ડોલે છે.

૨૩૨૬. મારા તરફ (ઠંડા) ધિક્કારની નજરે ન જુઓ, નહિતર હું (બીજાઓને) કહીશ કે તમારી રગોમાં શું ભર્યું છે?

૨૩૨૭. તું તારી સમજણ મારાથી વધું હોવાનું જોઇ રહ્યો છે, પણ શું તેં ખરેખર મને જાણી છે? મારામાં કે મારી સમજણમાં કાંઈ ભૂલ છે.

૨૩૨૮. મારા ઉપર ભૂખ્યા વરૂની માફક કૂદકો ન મારો અને તારી સમજણ પ્રમાણે નામોશી પામવા કરતાં સમજણ વગરના (ગાંડા) હોવું વધુ સારૂં છે.

૨૩૨૯. તારી સમજણ માણસ જાત માટે બેડી છે, તે સમજણ નથી, (પણ) તે સાપ અને વીંછી છે.

૨૩૩૦. તારી ખામી અને અન્યાય ખુદાનો દુશ્મન થાય! આપણને તારી સમજણની ખામી ટૂંકી ન પડે (ઈજા ન થાય તો સારૂં)

"સંતોષ:- આત્માનો ખજાનો."

૨૩૩૧. તું સાપ અને મોહક બન્ને છો, આહ ! કેવી અજાયબી ! તું સાપ પણ છે અને સાપ પકડનાર પણ, ઓ તું આરબની નામોશી.

૨૩૩૨. જો કાગડો પોતાનું બેડોળપણું જાણે તો તે દિલગીરી અને દુઃખથી બરફની માફક ઓગળી જાય !

૨૩૩૩. તાંત્રિક દુશ્મન (કહે) તે મુજબ જાદુમંત્ર મારે છે. તે સર્પ પર જાદુ મંત્ર મારે છે. અને સર્પ તેના પર જાદુ કરે છે.

૨૩૩૪. તેનું છટકું સર્પ પર જાદુ નથી તો તે સર્પના જાદુનો શિકાર કેમ બને છે?

૨૩૩૫. તાંત્રિક કંજૂસાઈ અને પૈસો મેળવવાની (ધુનમાં) તે વખતે સર્પના જાદુના ભાનમાં રહેતો નથી.

૨૩૩૬. સર્પ કહે છે, ઓ તાંત્રિક ખબરદાર, ખબરદાર, તેં તારું જાદુ અજમાવ્યું છે. હવે મારું જાદુ જો.

૨૩૩૭. મને શરમ અને મૂંઝવણમાં નાંખી તેં ખુદાના નામે મને છેતર્યો છે.

૨૩૩૮. ખુદાના નામે મને ગુલામીમાં રાખ્યો છે, નહિ કે તારી યુક્તિથી, તેં ખુદાના નામને છટકું બનાવ્યું છે, તને ધિક્કાર છે !

૨૩૩૯. ખુદાનું નામ મારા વતી તારા પર બદલો લેશે, હું મારો આત્મા અને શરીર ખુદાના નામે અર્પણ કરીશ.

૨૩૪૦. તારી જિંદગી મારા ઘાથી કાંતો જુદી થશે અથવા તે (ખુદા) મારા જેમ તને કેદમાં નાખશે.

૨૩૪૧. (આખી) કિતાબ જેટલી આ જાતની નકામી વાતો પેલી સ્રીએ તેના જુવાન ધણી આગળ ગાયા કરી.

પેલા માણસનું તેની સ્ત્રીને નસીહત કરવી. કહે,
ગરીબો તરફ ધિક્કારથી ન જો પણ ખુદાનું કાર્ય
સંપૂર્ણ છે એમ સમજ. તારી પોતાની ગરીબાઈએ
તને ગરીબોને હાવભાવથી અપમાન કરતાં અને
જુઠું બોલતાં કરી છે. આવા વૃથા વિચાર
અને મત બહાર ન કાઢ.

૨૩૪૨. તે કહે, ઓ સ્રી તું સ્રી છો કે દિલગીરીનો બાપ છો ? ગરીબાઈ (મારુ) ભૂષણ છે. અને તું મારું માથું ન ખા.

૨૩૪૩. દોલત અને સોનું એ માથાની ટોપી માફક છે, તેજ બહાદુર માણસ છે કે જે પોતાની ટોપીનું રક્ષણ કરે છે.

૨૩૪૪. પરંતુ જ્યારે તે ટોપી ચાલી જાય છે. ત્યારે તે વાંકડી અને ખૂબસૂરત વાળની લટ હોઈ, તે વધુ સુખી થાય છે.

૨૩૪૫. ખુદાઈ માર્ગીની આંખો તેવી જ સળતી હોય છે તેથી (તેની) નજર ઢાંકેલી હોવા કરતાં પડદા વગરની હોવી વધુ સારૂં છે.

૨૩૪૬. જ્યારે ગુલામનો વેપારી (ગુલામને) વેચવા કાઢે છે ત્યારે તે (મજબૂત) ગુલામના કપડાં કે જે ખામી સંતાડે છે તે હટાવી લે છે.

૨૩૪૭. પરંતુ જો તેમાં કાંઈ ખામી હોય તો તે તેને નગ્ન શી રીતે કરશે? નહિ જ કરે. (લેનારને) તેના પોષાકથી છેતરશે.

૨૩૪૮. તે કહે છે. આ એક ભલા બૂરાથી શરમાય છે, તેને નગ્ન કરવાથી તારાથી તે ભાગી જશે.

૨૩૪૯. (પૈસાદાર) વેપારી કાનની બૂરાઈથી ફસાઈ જશે. પણ વેપારી કે જેની પાસે પૈસા છે, તે પૈસા તેની બૂરાઈઓને ઢાંકી દેશે.

૨૩૫૦. આ લાલસા શકી (માત્ર) હિંમતવાન સિવાય આ ખરાબી જોઈ શકાતી નથી. લાલસાની લાગણી દિલો વચ્ચે જોડતું હાડકું છે.

૨૩૫૧. ભિખારી કદાચ ચોકખા સુવર્ણની માફક શબ્દ ઉચ્ચારે તો પણ તેની બનાવટ દુકાન સુધી પહોંચવા રસ્તો શોધી શકશે નહિ.

૨૩૫૨. (રૂહાની) ગરીબાઈ તારી બીકથી પર છે. ગરીબાઈ ઉપર ધિક્કારની નજરે ન જો.

૨૩૫૩. કારણ કે દરવીશો ગરીબાઈ અને દોલતથી પર છે તેઓ સર્વ શક્તિમાન પાસેથી ભરપૂર હિસ્સો ધરાવે છે.

૨૩૫૪. મહાન ખુદા ન્યાયી છે, ન્યાયી નિર્જીવ (ગરીબો અને નબળા) તરફ દુષ્ટતાથી કેમ વર્તે?

૨૩૫૫. (તેઓ કેવી રીતે) એકને સારૂં નસીબ અને દોલત આપે જ્યારે બીજાને અગ્નિમાં નાખે?

૨૩૫૬. તે બન્ને જહાનના પેદા કરનાર માલિક તરફ આવા (ખરાબ) વિચારો જ તેને બાળે છે.

૨૩૫૭. (હદીસમાં કહેવાયું છે કે) ગરીબાઈ મારી મગરૂરી છે તે શું ફોગટ અને જુઠું છે? નહિ. તેમાં હજારો કીર્તિ અને ધિક્કારો સમાએલા છે.

૨૩૫૮. તેં ગુસ્સામાં તે લકબ મને આપ્યો! તેં (મને) દોસ્તોનો ઘાતક અને સર્પ પકડનાર તરીકે બોલાવ્યો છે.

૨૩૫૯. જો હું સાપ પકડું તો હું તેના ઝેરીલા દાંત પાડી નાખું એમ કહીને તેનું માથું ભંગાવામાંથી તેને બચાવું.

૨૩૬૦. કારણ કે તેના ઝેરીલા દાંતો તેની જિંદગીના દુશ્મનો છે. આ હીકમતથી હું દુશ્મનને દોસ્ત બનાવું છું.

૨૩૬૧. હું મારો જાદુ લાલસાના (અંગે) કરતો નથી. મેં લાલસાની દિશા બદલી નાખી છે.

(રૂહાની) ગરીબાઈ
[illegible]

૨૩૬૨. ખુદા મના કરે છે! હું ઉત્પન્ન કરેલાઓ પાસેથી કાંઈ મેળવવાની ઈચ્છા રાખતો નથી. મારા દિલમાં સંતોષપણાને પ્રતાપે આખી દુનિયા સમાએલી છે.

૨૩૬૩. તું પેરૂના ઝાડના મથાળે બેસી હોઈ કાંઇ જોઈ શકતી નથી. ખરાબ વિચારો ચાલુ ન રહે તેટલા ખાતર નીચે ઉતર.

૨૩૬૪. જ્યારે ગોળ ફરી ફરીને તને ચકકર આવશે ત્યારે તને ઘર ફરતું લાગશે અને તે તારાજ (કૃત્ય)ને અંગે (ફરતું લાગશે).

> દરેકની હિલચાલ તે જ્યાં છે ત્યાંથી આગળ વધે છે.
> પોતાના ખુદના કૂંડાળાસાંથી તે દરેકને જુએ છે વાદળી
> કાચ સૂર્યને વાદળી દેખાડશે, રાતો કાચ રાતો (દેખાડશે)
> રંગના વાતાવરણથી કાચ હટાવવામાં આવે તો તે
> સફેદ દેખાય છે અને તે બીજા બધા કાંચો કરતાં
> વધુ સત્ય છે. અને તે (પ્રમાણે) ઈમામ છે (કે
> જે સત્ય સમજાવે છે) તે વિષે.

૨૩૬૫. અબુ જહલે હ. આહમદને જોયા અને કહ્યું, હાસમના પુત્રોમાંથી ઉત્પન્ન થએલાઓમાં તું કદરૂપો છો.

૨૩૬૬. હ. આહમદે (મુહમ્મદે) તેમને કહ્યું કે તું ખરો છો. તું સત્ય બોલ્યો છે, જો કે તું ઉદ્ધત છો.

૨૩૬૭. સીદીકે (હ. અબુબકરે) તેઓને જોયા અને કહ્યું: ઓ સૂર્ય આપ પૂર્વ કે પશ્ચિમના નથી, ખૂબ પ્રકાશો.

૨૩૬૮. હ. આહમદે કહ્યું, ઓ વહાલા દોસ્ત, તું સાચું બોલ્યો છો, ઓ. તું કે જે આ નિર્જીવ દુનિયાથી નાસી છૂટયો છો, (દિલથી વિસારી)

૨૩૬૯. તેઓ હાજર રહેલાઓએ પૂછ્યું, તમોએ બન્નેને સાચી વાત કહેનારા શા માટે કીધા. જ્યારે તેઓ બન્ને એકબીજાથી વિરોધીભાસી હતાં.

૨૩૭૦. તેમણે જવાબ આપ્યો: દૈવી હાથથી સાફ થએલો હું અરીસો છું. તુર્ક અને હિન્દુ બન્ને મારામાં જેવા તેઓ છે તેવા હસ્તી ધરાવે છે.

૨૩૭૧. ઓ સ્ત્રી, તું જો બહુ બહાદુર સમજે છે, તો તું સ્ત્રીઓની ઈચ્છા (દુનિયાની માયા)માંથી ઊંચી આવ.

૨૩૭૨. આ કંજૂસાઈ (જેવી હાલત હોવી)એ (હકીકતમાં) (દૈવી) આશીર્વાદ જ છે જ્યાં (રૂહાની) આશીર્વાદ હોય છે ત્યાં કંજૂસાઈ કેમ હોઈ શકે?

૨૩૭૩. ગરીબાઈ માટે એકબે દિવસ (ટૂંક મુદત) માટે અખતરો કર કે જેવી તને ગરીબાઈમાં બમણી શ્રીમંતાઈ (માલુમ) પડશે.

૨૩૭૪. ગરીબાઈમાં ધીરજ ધરો. આ અણગમો છોડી દે. કારણ કે ગરીબાઈ કૃપાળુ માલિકનો પ્રકાશ (રહેમત) છે.

સ્ત્રી → સ્ત્રીઓની ઈચ્છા (દુનિયા) માંથી ઊંચી આવ.

૨૩૭૫. કડવો ન થા. (સુરકો ન વહેંચ) અને (તું) મધના દરિયામાં હજારો આત્મા હરિફાઈમાં કૂદકાં મારતા (જોઈશ).

૨૩૭૬. ગુલાબના ફૂલ માફક ગુલાબના સરબતમાં લાખો સખ્તાઈ ભોગવતા આત્માઓ જો.

૨૩૭૭. અરે અફસોસ, જો તારામાં સમજશક્તિ હોત તો મારા દિલની નહિ કહેવાએલી વાત મારા દિલમાંથી તારા દિલમાં રોશન થઈ જાત.

૨૩૭૮. આ વાતો તારા રૂહની ડીંટડીનુંજ દૂધ છે. જ્યાં સુધી તે કોઈ ચૂસે નહિ ત્યાંસુધી સારી રીતે બહાર નહિ આવે.

૨૩૭૯. જ્યારે સાંભળનાર તરસ્યો અને આજીજી કરનાર બને છે. ઉપદેશ કરનાર જો તે મૃત્યુ (સમાન) હોય (તોપણ) છટાદાર બોલનાર બને છે.

૨૩૮૦. જ્યારે સાંભળનાર સજાગ અને થાક વગરનો છે, ત્યારે મૂંગો અને બહેરો તેની અંદરથી સેંકડો જીભો બોલતી શોધી શકશે.

૨૩૮૧. મારે દરવાજે કોઈ અજાણ્યો આવે છે તો મારા ઘરાણાની ઓરતો બુરખાથી પોતાનું માથું ઢાંકી દેશે.

૨૩૮૨. તેઓના બુરખામાં ઢંકાએલા ચહેરા તેઓ ખુલ્લા કરશે જો તેઓને ઈજા ન કરનાર સંબંધી અંદર આવે.

૨૩૮૩. દરેક જે ખૂબસૂરત, સુંદર અને ભવ્ય બનાવવામાં આવ્યું છે તે જોઈ શકે તેવી આંખો માટે બનાવવામાં આવ્યું છે.

૨૩૮૪. જે બહેરો છે તેને સુરીલા સંગીતનો ત્રણ ગણો અવાજ કે ધીમા વાજીંત્ર બરજનો અવાજ (સંભળાય) છે.

૨૩૮૫. ખુદાએ કસ્તુરીને નકામી સુવાસિત કરી નથી. તેણે સુંઘવાની ઈંદ્રીય માટે તે બનાવી. તેણે નકામી બીમારીથી સુંઘવાની શક્તિ ગુમાવનાર માટે નથી બનાવી.

૨૩૮૬. ખુદાએ પૃથ્વી અને આકાશો સ્થિર કર્યાં છે, તેની વચ્ચે તેણે અગ્નિ અને "નૂર" ઉત્પન્ન કર્યાં છે.

૨૩૮૭. (તેણે) આ દુનિયા માટીમાંથી બનાવેલા માટે બનાવી. તેણે બહેસ્ત સ્વર્ગીય (ઉત્તમ રૂહો) માટે બનાવી.

૨૩૮૮. નીચે (ઉતરેલો) ઈન્સાન જે ઉંચે છે તેનો દુશ્મન છે. દરેક જગ્યાનો ખરીદ કરનાર (શોધનાર) દેખાઈ આવે છે.

૨૩૮૯. ઓ પાક ઓરત, જેની આંખો આંધળી છે તેના ખાતર તું કદી ઉભી થઈ ને તારી જાતને શણગારી છે.

૨૩૯૦. જો હું આખી દુનિયાને સંતાડેલા મોતીઓથી (જ્ઞાનથી) ભરી દઉં (તોપણ) કેવી રીતે લાયક ગણુાઉં જ્યારે તેઓ તે ભાગના અધિકારી નથી?

૨૩૯૧. ઓ સ્રી, ઝઘડો કરવો અને રસ્તા રોકવા બંધ કરી દે. અને જો બંધ કરવા ન હોય તો મારાથી છૂટી થઈ જા.

પાક ઑરત :- આંખો આંધળી છે તેના માટે શણગારે છે!

૨૩૯૨. ભલા કે બૂરા માટે ઝઘડો કરવા કઈ જગ્યા (કયું કારણ) મારા માટે છે? કારણ કે મારૂં દિલ શાંતિના કાર્યો માટે સંકોચાઈ ગયું છે.

૨૩૯૩. જો તું ચુપ થઇશ તો (ઠીક છે) અને જો નહિ થા તો હું આજ પળે આ મારૂં રહેવાનું ઘર છોડી જઇશ.

સ્ત્રીએ પોતાના ધણીનું સાન જાળવી પોતે જે બોલી તે માફ કરવા ખુદાને આજીજી કરી તે વિષે.

૨૩૯૪. જ્યારે ઘરવાળીએ જોયું કે તે ઝનૂની અને બેકાબૂ બન્યો છે, ત્યારે તેણીએ રોવું શરૂ કર્યું. સાચા આંસુએ સ્ત્રીઓનું લલચાવવું છે.

૨૩૯૫. તેણી કહે, મેં ક્યારે તમારી પાસેથી આવા (શબ્દો) સાંભળવાની આશા રાખી હતી? મેં તમારી પાસેથી જુદી જ આશા રાખી હતી.

૨૩૯૬. સ્ત્રીએ (હવે) પોતાપણું છોડીને વાતો કરવી શરૂ કરી. તેણી કહે, હું તો તારી ધૂળ છું, નહિ કે તારી ધણીયાણી (ને લાયક).

૨૩૯૭. શરીર, મારો જીવ અને બધું મારું તારૂં જ છે, મારા પર તારી જ સત્તા અને હુકમ છે.

૨૩૯૮. જો કે ગરીબાઈના કારણે મારા દિલે ધીરજ ગુમાવી છે. (પણ) તે મારા માટે જ નહિ પણ તારા માટે (સબ્ર) છે.

૨૩૯૯. મારી તકલીફોમાં તું જ આધાર છે. તમે પૈસા વગરના હો તેમ હું ઇચ્છતી નથી.

૨૪૦૦. આ બધું મારા આત્મા અને મનમાં મારે ખાતર નથી. આ રુદન અને શોક કરવો એ તારી ખાતર જ છે.

૨૪૦૧. (હું કસમ ખાઉં છું) ખુદાના કે દરેક પળે તારા માટે તારી સમક્ષ ખુશીથી મૃત્યુ માટે તૈયાર છું.

૨૪૦૨. જો તારો આત્મા કે જેને મારો આત્મા સમર્પણ થયો છે તે મારા આત્માના અંદરના વિચારોથી સભાન હોત.

૨૪૦૩ અને જો મારા માટે તારા આવા (હલકા) વિચાર હોય તો હું આત્મા અને શરીર બન્નેથી થાકી ગયો છું.

૨૪૦૪. ઓ મારા આત્માના આનંદ! જો તું મારી સાથે આમ વર્તીશ તો હું સોના અને રૂપા ઉપર માટી નાખીશ (છોડી દઈશ).

૨૪૦૫. તું કે જે મારા શરીર અને આત્મામાં વસી ગએલ છે. તે તું મારાથી છૂટી પડવાની જાહેરાત કરીશ? અને તે પણ આ (નાની) ભૂલને પ્રતાપે!

૨૪૦૬. શાંત થાઓ, તારામાં શક્તિ છે (પણ) અરે, મારો આત્મા તારી આ જાહેરાત કરવાની વિરૂદ્ધ આજીજી કરે છે.

૨૪૦૭. યાદ રાખ કે જ્યારે હું મૂર્તિ જેવો (સુંદર) હતો. અને તું મૂર્તિપૂજકની માફક (મારી પૂજા કરતી હતી).

આત્માના આનંદ:-

૨૪૦૮. તારા ગુલામે તારૂં દિલ તારી માયામાં (આતુરતામાં) પ્રગટાવ્યું છે, તું જે પણ નામે બોલાવીશ (જેમકે) (તું) બળેલું (કહીશ) તો જવાબ મળશે, હા, તે બળેલું છે.

૨૪૦૯. તું જેની સાથે પણ મને રાંધીશ (તકલીફ આપીશ) હું તારો વફાદારીપૂર્વક સાથી રહીશ. (તું મારી) સાથે કડવાશ કે મીઠાશથી (વર્તીશ) તો પણ તું મારા પ્યાર માટે લાયક છે.

૨૪૧૦. મેં ખુદાઈ ગીબત કરી છે, આહ, (પણ) હવે હું સત્ય ઈમાન તરફ પાછો ફર્યો છું મારા ખરા રૂહથી (દિલથી) હું તારા હુકમમાં આવ્યો છું.

૨૪૧૧. તારા માયાળુ સ્વભાવની મને ખબર નહતી. તારી સાથે અસભ્યતાથી મારી છાતી ઠોકી છે. (વાદવિવાદ કર્યો છે).

૨૪૧૨. હવે જ્યારે મેં તારી માફીની બત્તી કરી છે, ત્યારે હવે હું વિરોધ છોડી દઉં છું. અને પશ્ચાતાપ કરૂં છું.

૨૪૧૩. હું તારી સમક્ષ તલવાર અને ચક્ર મૂકું છું. હું તારી સમક્ષ મસ્તક નમાવું છું. ઝાટકે લગાવ.

૨૪૧૪. તું મારાથી જુદાઈની વસમી વાત કરે છે. તને યોગ્ય લાગે તેમ કર પરંતુ આ નહિ કર.

૨૪૧૫. તારૂં અંતઃકરણ મારી ખાતર જ કબૂલ કરનાર છે. મારી ગેર હાજરીમાં તેજ તારી અંદર સતત મારો બચાવ કરે છે.

૨૪૧૬. મારા માટે તારી અંદર બચાવ કરનાર તારૂં જ ભલું અંતઃકરણ છે. મારા દિલના વિશ્વાસે (તારો) ગુનાહ કર્યો છે.

૨૪૧૭. મારા પર દયા કર. તારા દિલમાં કાંઈ પણ રાખ્યા વગર, ઓ ગુસ્સે થએલ, ઓ તું કે જેની સો મણ મધથી પણ મીઠી ખાસિયત છે.

૨૪૧૮. આ રીતે, તેણી જીતવાની અને દયાળુ ભાષા બોલતી હતી, દરમ્યાન તેના પર રોવાનું ડૂસકું આવ્યું.

૨૪૧૯. જ્યારે આંસુ અને ડૂસકાં હદ વટાવી ગયાં, તેણી કે જે વગર આંસુએ મોહ પમાડતી હતી.

૨૪૨૦. ત્યાં (જાણે કે) વરસતા વરસાદમાં વીજળીએ ચમકારો કર્યો, (અને) તે એકાકી માણસના દિલમાં અગ્નિની ચિનગારી સળગી.

૨૪૨૧. તેણી કે જેના ચહેરાનો તે માણસ ગુલામ હતો. તે કેમ બને કે તેણી તે ગુલામ સામે રમત માંડે?

૨૪૨૨. તેણી કે, જેના તે જ સ્વભાવથી તું ધ્રુજે છે, તેણી જ્યારે તારી આગળ રોવું શરૂ કરે ત્યારે તું કેવો ભલો બની રહે !

૨૪૨૩ તેણી કે જેના ધિક્કાર માટે તારું દિલ અને આત્મા લોહી સારે છે, તે જ્યારે તારી પાસે કાલાવાલા કરે ત્યારે શું થાય?

૨૪૨૪. તેણી કે જેની ઉદ્ધતાઈ અને ફાંસામાં આપણે છીએ તો તેણી જ્યારે દરગુજર ચાહે ત્યારે આપણી પાસે કયો રસ્તો રહે?

૨૪૨૫. (ઇચ્છિત ચીજોનો પ્રેમ સ્ત્રીઓ વિગેરે) માણસોનો શણગાર છે, ખુદાએ જ એ વ્યવસ્થા કરી છે, ખુદાની વ્યવસ્થામાંથી તેઓ કેમ છટકી શકે?

૨૪૨૬. તેણે (ખુદાએ) તેણીને (સ્ત્રીને) પેદા કરી કે તે (આદમ) તેણીમાં આરામ મેળવે હ. આદમ બીબી હવાથી જુદા કેમ પડે?

૨૪૨૭. જો તે (ધણી) ઝાલનો પુત્ર રૂસ્તમ પણ હોય અને હ. હમ્ઝાથી (બહાદુરીમાં) વધારે હોય (પણ) સત્તાની દ્દષ્ટિએ તે જુની ઘરવાળીનો બંદીવાન હશે.

૨૪૨૮. તે (હ. પયગમ્બર) કે જેના શબ્દો (આખી) દુનિયાને બંધનકર્તા હતા તેઓ "ઓ હુમયરા મને કહે".

૨૪૨૯. પાણી અગ્નિ ઉપર તેની ભયંકર અસરને અંગે ફાવી જાય છે પરંતુ જ્યારે (વાસણમાં) તેના ઉપર મૂકવામાં આવે તો તે ઉકાળે છે.

૨૪૩૦. તે બન્ને વચ્ચે જ્યારે દેગડો આવે છે ત્યારે ઓ રાજા, અગ્નિ પાણીનો નાશ કરે છે, અને વરાળમાં બદલે છે.

૨૪૩૧. દેખીતી રીતે તું તારી ઘરવાળી પર સત્તા ચલાવે છે. જેમ (અગ્નિ ઠારનુ) પાણી, (છતાં) આંતરિક રીતે તારા ઉપર તારી ઘરવાળી સત્તા ચલાવે છે.

૨૪૩૨. આ માણસ જાતનું વિશેષ લક્ષણ છે. (બીજા) પ્રાણીઓ નીચા (દરજ્જાના) હોવાથી તેમાં પ્રેમ અધૂરો યાને (પ્રેમની લાગણી) ઓછી ઉદ્દભવે છે.

હદીશનું વિવરણ. ખરેખર તેઓ (સ્ત્રીઓ) સમજુ માણસો ઉપર સત્તા ધરાવે છે. અને અજ્ઞાની તેઓ ઉપર સત્તા ચલાવે છે.

૨૪૩૩. હ. પયગમ્બર સાહેબે ફરમાવ્યું છે કે "સ્ત્રી દાના અને અક્કલવાળા ઉપર વધારે પડતી ફાવી જાય છે.

૨૪૩૪. જ્યારે બીજી બાજુ અજ્ઞાન માણસ સ્ત્રી ઉપર ફાવી જાય છે, કારણકે તેઓમાં જાનવરની ભયંકરતા સમાએલી હોય છે.

૨૪૩૫. તેઓમાં નાજુકતા, હેત, મમતાની ખામી હોય છે, કારણકે પશુપણું તેઓના (ઇન્સાની) ખાસિયત ઉપર સત્તા ચલાવે છે.

૨૪૩૬. પ્રેમ અને માયાળુપણું માનવ ગુણો છે. ગુસ્સો અને વિષયવાસના એ જનાવરની ખાસિયતો છે.

૨૪૩૭. તેણી (સ્ત્રી)એ ખુદાનું કિરણ છે. તેણી (કાંઈ માટીનો) પ્યાર નથી. તેણી ઉત્પાદક છે, તમે કદાચ કહો કે તેણી ઉત્પન્ન કરેલી નથી.

સ્ત્રી એ ખુદાનું કિરણ છે

માણસની કબુલાત કરવી, તેની ઘરવાળીની અરજ કે તેણે
ગુજરાનનું સાધન શોધવા જવું, અને તેણીના વિરોધને ખુદાઈ
માર્ગદર્શન માનવું દરેક જ્ઞાની માણસના મગજમાં છે કે
આ ખરૂં છે કે કક્ષામાં ફરતી ચીજોનો કોઇ ફેરવનાર છે.

૨૪૩૮. જાલીમ અમલદાર મોત વખતે પોતાના જુલમ માટે જેમ દિલગીર થાય છે તેમ આ માણુસ પોતાના શબ્દો માટે દિલગીર થયો.

૨૪૩૯. તેણે કહ્યું, મારી જિંદગીના આત્માનો હું વિરોધી કેમ બન્યો ? મેં મારા પોતાના આત્માના માથા ઉપર લાત કેમ મારી ?

૨૪૪૦. જ્યારે દૈવી ભાવિ આવે છે ત્યારે તે નજરને વાળી દે છે તેથી આપણું જ્ઞાન માથું કે પગમાં (ખરા ખોટામાં) ફેરફાર સમજી શકતું નથી.

૨૪૪૧. જેવું નસીબ પસાર થાય છે હોંશિયારી તેને ફાડી ખાય છે, પડદો ચિરાઈ જાય છે અને તેની છાતી ફાટી જાય છે.

૨૪૪૨. માણુસે કહ્યું, ઓ ઘરવાળી, હું પશ્ચાતાપ કરૂં છું. જો હું નાસ્તિક હતો તો (હવે) હું મુસ્લિમ બનું છું.

૨૪૪૩. હું તારી સમક્ષ પાપી છું. દયા કર, અને ધડમૂળમાંથી મને જલ્દી ઉખેડી ન નાંખ (મારો નાશ ન કર).

૨૪૪૪. અગાઉનો નાસ્તિક જો પશ્ચાતાપ કરે તો, જ્યારે તે તોબાહ કરે છે ત્યારે તે મુસ્લિમ બને છે.

૨૪૪૫. તે (ખુદા) દયાળુ અને ઉદાર માલિક છે. અસ્તિત્વ ધરાવનાર અને અરૂપ. બન્ને તેના પ્રેમમાં છે.

૨૪૪૬. નાસ્તિકતા અને ઇમાન બન્ને તે માલિકના પ્રેમમાં છે, જસત અને રૂપું બન્ને ધાતુ તેની ગુલામ છે.

હ. મુસા અને ફીરઔન બન્ને ખુદાઈ ઈચ્છાના તાબેદાર
હતા. જેમ વિષનાશક ઔષધ અને વિષ, અંધારૂં અને
અજવાળું, અને ખુદા સાથે ફીરઓનનું એકાંતમાં અરજ
ગુજારવી આજીજી કરવી કે તે તેની (ભવ્ય) કીર્તિનો
નાશ ન કરે તે વિષે.

૨૪૪૭. હ. મુસા અને ફીરઓન બન્ને સત્યતાના નોકર હતા. દેખીતી રીતે પેલાએ રસ્તો પકડી રાખ્યો, જ્યારે બીજો રસ્તો ભુલી ગયો.

૨૪૪૮. હ. મુસા દિવસના ભાગમાં ખુદા આગળ પ્રશ્ચાતાપ કરતા હતા. મધ્ય રાત્રીએ ફીરઓન રોવું શરૂ કરતો.

૨૪૪૯. કહે તો કે યા ખુદા, આ કઈ જાતની બેડી મારી ગરદન ઉપર છે. જો તે બાંધવા માટેની ન હોત તો કોણુ કહેત કે 'હુ' હું છું ?

૨૪૫૦. તે જ હ. મુસાને તારી જ (મરજીથી) દિલનો પ્રકાશિત બનાવ્યો છે, અને (તેજ મરજીથી) તેં મને અંધકારમય બનાવ્યો છે.

૨૪૫૧. તેવી જ રીતે તે હ. મુસાનો ચહેરો ચંદ્રમાની માફક ચમકતો કર્યો છે. તેજ મારા આત્માના ચહેરાને કાળા ચહેરાનો બનાવ્યો છે.

૨૪૫૨. મારો ગ્રહ ચંદ્રમાથી સારો નથી. જ્યારે તેને ગ્રહણ લાગ્યું છે (તો) મને કઈ મદદ મળે ?

૨૪૫૩. જો તું સારા માનમાં વાજીંત્ર વગાડી, રાજા બાદશાહ (જાહેર કરે) તો પણ ચંદ્ર-માને ગ્રહણ લાગ્યું છે અને માણસો (ધાતુના) વાસણો પીટશે.

૨૪૫૪. તેઓ પેલાં વાસણો વગાડી બુમરાણ મચાવશે. તેઓ ચંદ્રમાને તેઓના ફટકાથી શરમાવશે.

૨૪૫૫. હું જે ફીરઓન છું (છતાં) અરે, અફસોસ, લોકોએ (મારા માટે કરેલા ઘા માટે) મારો સર્વોત્તમ માલિકનો (લકબ) માણસોના વાસણો વગાડવા જેવો છે.

૨૪૫૬. અમો (હ. મુસા અને હું) તારા જ ચાકરો છીએ. પરંતુ તારો કુહાડો તારા જંગલમાં રસથી ભરેલ ડાળી ચીરે છે.

૨૪૫૭. પછી એક ડાળીને ભાર દઈને વાવવામાં આવે છે અને બીજી ડાળીને દરકાર વગર છોડી દેવામાં આવે છે.

૨૪૫૮. કુહાડી સામે ડાળીની કાંઈ શક્તિ નથી. કોઈ ડાળી કુહાડીની શક્તિથી છટકી શકે નહિ.

૨૪૫૯. તારી કુહાડીની શક્તિના સત્ય સમક્ષ (કાલાવાલા કરૂં છું) અમારાં આ અવળા કૃત્યોને સદ્‌કાર્યમાં ફેરવી નાખ.

૨૪૬૦. એકવાર ફરી ફીરઓને પોતાના મનમાં કહ્યું, આહ અન્તયખી, શું હું હું નથી ? આખી રાત ફીરઓને આક્રંદ કર્યું, "ઓ મારા માલિક."

૨૪૬૧. હું ખાનગીમાં નમ્ર અને કબુલાતવાળો બનું છું. અને જ્યારે હ. મુસા પાસે પહોંચું છું ત્યારે કેમ બદલાઈ જાઉં છું ?

૨૪૬૨. હલકા સોનાના રંગ ઉપર દસ ઢાળ ચડાવું છું, તે અગ્નિની હાજરીમાં કાળું કેમ પડે છે ?

૨૪૬૩. મારો આત્મા અને મારૂં શરીર તેના હુકમમાં છે તે શું ખરૂં નથી ? (તેથી) એક પળે તે ગર્ભ બને છે અને બીજી પળે છાલ.

૨૪૬૪. જ્યારે તે મને અનાજના ખેતરમાં જવા હુકમ કરે છે ત્યારે હું લીલો બનું છું. જ્યારે તે મને કદરૂપો બનાવે છે ત્યારે પીળો બનું છું.

૨૪૬૫. એક પળે તે મને ચંદ્રમા બતાવે છે બીજી (પળે) કાળો. ખરેખર આ ખુદાના કાર્ય વગર કેમ હોય ?

૨૪૬૬. તેના હુકમનામાનું બેટ ફટકો લગાડે છે "થા અને થયું." આપણે દડાની માફક અવકાશ, અને દૂર દોડીએ છીએ.

૨૪૬૭. જ્યારે બેરંગી રંગનો કેદી બને છે ત્યારે હ. મુસા, મુસાની સાથે અથડામણમાં આવે છે.

૨૪૬૮. જ્યારે તું બેરંગના દરજ્જે પહોંચીશ (જે તારૂં અસલ હતું) ત્યારે હ. મુસા અને ફીરઔન એક બીજા સાથે શાંતિમાં હશે.

૨૪૬૯. જો તારે આ ભેદ બાબતમાં સવાલો કરવા હોય તો (હું જવાબ આપીશ) રંગ વગરની દુનિયા અથડામણ વગરની કેમ બને ?

૨૪૭૦. અજાયબી તો એ છે કે આ રંગ, રંગ વગરનામાંથી ઉઠે છે. રંગે, રંગ વગરના સાથે લડાઈ કેમ જગાડી ?

૨૪૭૧. (ખુદાએ) તેવીજ રીતે તેલનો આકાર પાણીમાંથી ઘડ્યો છે, શા માટે તેલ અને પાણી એક બીજાનાં વિરોધી છે ?

૨૪૭૨. જ્યારે ગુલાબ કાંટામાંથી ખીલ્યું છે અને કાંટા ગુલાબમાંથી. તો તે બન્ને ગુણ માટે શા માટે ચાલુ લડે છે ?

૨૪૭૩. અથવા શું આ ખરેખર લડાઈ નથી ? શું તે (ખુદાઈ) ઈચ્છા છે ? (અને શું તે) યુક્તિ છે ? અથવા જેઓ ગધેડા વેચે છે તેવી તકરાર છે.

૨૪૭૪. અથવા તો તે આ કે નથી ? શું તે બેખુદી છે ? ખજાનો શોધવો જ જોઈએ અને આ (નશો) એ નાશ છે.

૨૪૭૫. ને જે ખજાનો છે એમ તું ધારી રહ્યો છે, તે ખોટી કલ્પનાઓના પ્રતાપે તું ખજાનો ખોઈ રહ્યો છે !

૨૪૭૬. કલ્પના અને ધારણાઓ ખેતીની માફક છે. ખેતીની જગ્યાએ ખજાનો (મળશે નહિ).

૨૪૭૭. ખેતીની સ્થિતિમાં અસ્તિત્વપણું અને શત્રુવટ છે. અસ્તિત્વ ન ધરાવનાર અસ્તિત્વ ધરાવનાર ચીજોથી શરમાય છે.

૨૪૭૮. બાબત આમ નથી કે અસ્તિત્વ ધરાવનાર અસ્તિત્વ ન ધરાવનારને મદદ માટે કાલાવાલા કરતા ન હોય, અરૂપ અસ્તિત્વ ધરાવનારને પાછા પાડે છે.

૨૪૭૯. એમ ન કહે, હું અરૂપથી ભાગું છું, નહિ તો તે તારાથી ભાગે છે, ઉભો રહે. (ભાગવાની કલ્પના ન કર).

૨૪૮૦. દેખીતી રીતે તે તને પોતા તરફ બોલાવે છે, પણ હકીકતમાં તે તને ઈન્કારના દંડાથી હાંકી કાઢે છે.

૨૪૮૧ ઓ ભવ્ય દિલના આદમી, તે ઉલટા બૂટની (હકીકત) છે. ફીરઔનનો બળવો (હકીકતમાં) હ. મુસાથી જ હતો.

શા માટે શાપિતો બન્ને દુનિયાથી નિરાશ થશે (કુરાને શરીફ મુજબ) "તેણે તેની આ જિંદગી અને આવતી જિંદગી ગુમાવી છે."

૨૪૮૨. કંગાળ તત્વવેત્તાની મજબૂતપણે એ માન્યતા હતી કે આકાશ ઈંડુ છે અને પૃથ્વી જાણે કે તેની અંદરની સફેદી છે.

૨૪૮૩. કોઈએ તેને પૂછ્યું કે આજુબાજુના આકાશી વિસ્તારમાં આ પૃથ્વી કેમ રહી છે?

૨૪૮૪. હવામાં બત્તી લટકાવવા માફક, નીચે કે ઉપર જવા હિલચાલ કર્યા વગર.

૨૪૮૫. તે તત્વવેત્તાએ તેને કહ્યું, તે એટલા માટે હવામાં રહે છે કે આકાશની છએ દિશાએથી તેને આકર્ષણ ખેંચી રાખે છે.

૨૪૮૬. (આકાશ) ઘુમ્મટ માફક છે. પથરોથી પરોવાએલો હોય જે વચ્ચે લોઢાથી લટકાએલો રહે છે.

૨૪૮૭. પેલો કહે, આ સ્વચ્છ આકાશ હલકી માટીને પોતા તરફ કેમ ખેંચે છે?

૨૪૮૮. 'નહિ' તે છએ દિશા એથી તેને (પૃથ્વીને) પાછી હટાવે છે, કે જેથી તે (પૃથ્વી) તોફાની પવનોની અંદર (સ્થિર) રહે છે.

૨૪૮૯. (તેવી જ રીતે) પછી સંપૂર્ણ (રૂહાની પેશ્વા) ના દિલથી પાછી ફરેલી (શક્તિ થકી) ફીરઓનોના રૂહ સત્યાનાશમાં રહે છે.

૨૪૯૦. એટલા જ માટે આ દુનિયા અને પેલી દુનિયાએ ના પસંદ કરવાને અંગે આ ભૂલા પડેલાઓ 'આ' કે 'પેલા' વગર રહી ગયા.

૨૪૯૧. સર્વ શક્તિમાનના (પવિત્ર) દાસથી તારું માથું ફેરવીશ તો જાણ કે તેઓ તારા અસ્તિત્વથી કંટાળ્યા છે.

૨૪૯૨. તેઓ અંબર ધરાવે છે, જ્યારે તેઓ તેને ખુલ્લી કરે છે, ત્યારે તારા અસ્તિત્વના ઉન્માદને તેઓ ઘાસ કરે છે.

૨૪૯૩. જ્યારે તેઓ તેઓની અંબર સંતાડશે, ત્યારે તેઓ જલ્દીથી ખુદા તરફનું તારૂં બળવાખોરપણું (હટાવી) આધીનતામાં લઈ જશે.

૨૪૯૪. તે (હાલત જે તું ધરાવે છે) તે સ્થિતિ જાણે કે પશુતાની છે, કે જે બંદીવાન માનવતાના (દરજ્જે) માનવતાને આધીન છે.

૨૪૯૫. એ શેઠ, માનવતાને દરજ્જે પહોંચવું તે રૂહાની પેશ્વાઓને આધીન છે.

૨૪૯૬. હ. અહમદ (દુનિયાના) લોકોને પોતાના નોકરો તરીકે બોલાવવામાં ખરા છે વાંચ (કુરાને પાક) એ મારા ચાકરો."

૨૪૯૭. તારી સમજ શક્તિ ઊંટ હાંકનાર જેવી છે અને તું ઊંટ છે. તે તેના સખત કાબૂ નીચે દરેક દિશાએ તને હાંકે છે.

૨૪૯૮. રૂહાની પેશ્વાઓ અકલમંદના પણ અકલમંદ છે, અને બધી સમજ શક્તિઓ ઊંટની માફક અંતમાં (તેના જ કાબૂમાં છે).

૨૪૯૯. આગળ આવ, તેઓ તરફ સમજણપૂર્વક નિહાળ, રાહનુમા (માર્ગદર્શક) એકજ છે અને લાખો આત્માઓ (તેને અનુસરે છે).

કાબૂમાં (રૂ. પેશ્વાના)
આકાશ- ઈંડુ
(બધીજ સમજશક્તિઓ) પૃથ્વી → તેની અંદરની સફેદી,
અંતમાં

૨૫૦૦. રાહનુમા શું છે? ઊંટને હાંકનાર શું છે? તું એવી આંખો મેળવ કે આ સૂર્યને જોઈ શકે.

૨૫૦૧. જાણે કે રાત્રે જગત ખીલી મારી હોય તેમ જડાઈ ગએલું લાગે છે, ત્યારે સૂરજ ઉપર આધાર રાખતું (જગત) આતુરતાથી દિવસની રાહ જુએ છે.

૨૫૦૨. અહીં રજકણમાં સંતાએલો સૂર્ય છે, ઘેટાના ઉનમાં (છુપાએલ) ઝનૂની સિંહ.

૨૫૦૩. આહીં તણુખલાની નીચે સમુદ્ર છુપાએલ છે, ધ્યાન રાખજે ઉતાવળમાં તે તણખલા પર પગ ન પડે.

૨૫૦૪. (મૂર્ખના) દિલનો વહેમ ઉતાવળી લાગણીએ (રૂહાની) માર્ગદર્શક માટે દૈવી રહેમત છે.

૨૫૦૫. દરેક પયગમ્બર આ દુનિયામાં એકલા આવ્યા. 'તે એકલો હતો' અને છતાં તેનામાં એકસો અદૃષ્ય દુનિયા સમાએલી હતી.

૨૫૦૬. તેણે તેની શક્તિથી બ્રહ્માંડમાં મોહ પમાડયો. તેણે ઘણી જ થોડી પ્રખ્યાતિથી પોતાને ઓળખાવ્યો.

૨૫૦૭. મુર્ખાઓને તેને એકલો અને નબળો જોયો જે બાદશાહનો સાથી બન્યો તે નબળો કેમ હોય?

૨૫૦૮. મૂર્ખે કહ્યું, તે માણુસ છે તેનામાં બીજું કાંઈ વધુ નથી. જે પોતાના અંતને જોતો નથી તેને ધિક્કાર છે.

(જાહેર) સમજની આંખો હ. સાલેહ અને તેની ઉંટડીને તુચ્છ, આધાર વગરની સમજતા હતા. જ્યારે ખુદાને લશ્કરનો નાશ કરવો હોય ત્યારે તે તેઓના દુશ્મનોને આધાર વગરના બતાવે છે. અને સંખ્યામાં થોડા બતાવે છે. જો કે દુશ્મન તેનાથી વધુ જોરાવર હોય તો પણ તે તારી દ્રષ્ટિમાં થોડા બતાવે છે કે જેથી ખુદાને જે કરવાનું છે તે તે કરે છે.

૨૫૦૯. હ. સાલેહની ઉંટડી રૂપમાં ઉંટ હતી. તે (દયા વગરની) કોમે પોતાની મૂર્ખાઈમાં તેને ઝબેહ કરી.

૨૫૧૦. જ્યારે તેઓ પાણીના કારણે તેના દુશ્મન બન્યા. તેઓ પાણી અને ખોરાકમાં આંધળા બન્યા (ખુદાના આશીર્વાદથી વંચિત થયા).

૨૫૧૧. ખુદાની ઉંટડી નાના ઝરા અને વાદળામાંથી પાણી પીતી હતી. તેઓએ (હકીકતમાં) ખુદાનું પાણી ખુદા માટે અટકાવ્યું.

૨૫૧૨. હ. સાલેહની ઉંટડી ઈમાનદાર માણસોના શરીર જેવી બની. ઝાલીમોના ખતમ માટે ફાંસો બની.

૨૫૧૩. (ખુદાઈ હુકમ) (તમે જોઈ શકો) કે 'ખુદાની ઉંટડીને પાણીનો તેનો ભાગ લેવા દ્યો!" મૃત્યુ અને આફતના હુકમમાંથી તે લોકો વિરૂદ્ધ ઘડાએલું (નશીબે ઘેરી લીધા).

૨૫૧૪. ખુદાના કોપે એક માત્ર ઉંટના લોહીના બદલામાં આખું ગામ માગવામાં આવ્યું.

૨૫૧૫. તેનો (પયગમ્બર કે રૂહાની પેશ્વાનો) આત્મા સાલેહની માફક છે. તેનું શરીર ઉંટડી છે. રૂહ (ખુદા સાથે) મેળાપમાં છે, શરીર તંગીમાં (મુશ્કેલીમાં)

૨૫૧૬. હ. સાલેહનો રૂહ પીડાથી લાગણી પ્રધાન ન હતો. ઘા ઊંટ (શરીર) પર પડતા હતા. તત્ત્વ (રૂહ) ઉપર નહિ.

૨૫૧૭. કોઈપણ રૂહાની પેશ્વાના (દિલો) પર જીત મેળવી શકે નહિ. છીપને જ નુકશાન થાય છે. મોતીને નહિ.

૨૫૧૮. હ. સાલેહનો રૂહ ઇજા પહોંચાડી શકાય તેવો ન હતો. 'ખુદાનું નુર' નાસ્તિકોને આધીન નથી.

૨૫૧૯. આત્માના આત્મા (ખુદાએ) માટીની કાયામાં (રૂહનો) સમાવેશ કર્યો, કે જેથી તેઓ તેને ઈજા કરે અને સજા ભોગવે.

૨૫૨૦. તેઓ જાણતા ન હતા કે આ કાયાને ઈજા પહોંચાડવી તે તેને જ (ખુદાને) ઈજા પહોંચાડવા (બરાબર છે) આ બરણીનું પાણી નદીના પાણી સાથે મળેલું છે.

૨૫૨૧. ખુદા શરીરના (રૂહ) સાથે સંબંધ ધરાવે છે, એટલા માટે તે (રૂહાની પેશ્વા) આખી દુનિયા માટે સલામતીનું ઘર બને.

૨૫૨૨. ઉંટ કે જે રૂહાની પેશ્વાનું શરીર છે, તેનો ગુલામ બન: કે જેથી તું હ. સાલીહના રૂહનો સાથીદાર બને.

૨૫૨૩. (થાસુદના લોકોને) હ. સાલેહે કહ્યું, જ્યારે તમોએ આ દુશ્મની બતાવી છે ત્યારે (હવે) ત્રણ દિવસ પછી ખુદાની સજા તમારા પર આવશે.

૨૫૨૪. ત્રણ દિવસ પછી રૂહાનીના લેનાર તરફથી પીડા આવશે, તેની ત્રણ નિશાનીઓ હશે.

૨૫૨૫. તમારા બધાના ચહેરાનો રંગ બદલાઈ જશે. નજરે પડતા રંગથી તે જુદો હશે.

૨૫૨૬. પહેલે દિવસે તમારા ચહેરાનો રંગ કેસરી થઈ જશે અને બીજે દિવસે 'અરગવા' માફક રાતો થઈ જશે.

૨૫૨૭. ત્રીજે દિવસે તમો બધાના ચહેરા કાળા પડી જશે. ત્યાર બાદ ખુદાનો કોપ આવી પહોંચશે.

૨૫૨૮. તમારા પર આવનાર કોપની નિશાનીઓ મારાથી જાણવા માગતા હોતો તે ઊંટ-ડીનું બચ્ચું પર્વતો તરફ દોડી ગયું છે.

૨૫૨૯. જો તમો તેને પકડી શકો તો તમારા માટે મદદ છે, નહિતર આશાનું પંખી ચોક્કસપણે જાળમાંથી નાશી છૂટયું છે.

૨૫૩૦. કોઈપણ ઉંટડીના બચ્ચાંને આંબી શકયું નહિ, તે પર્વતોમાં પહોંચી ગયું અને અદૃષ્ય થયું.

૨૫૩૧. હ. સાલેહે કહ્યું, તમે જુઓ છો તેમ (ખુદાઈ) ભાવી બહાલ રખાણું છે અને તમારી આશાના તરંગનું માથું કપાઈ ગયું છે.

૨૫૩૨. ઉંટડીનું બચ્ચું શું છે? તેનું (રૂહાની પેશ્વાનું) દિલ, કે જે સારા કૃત્યો અને દયા થકી તું તેને તેની જગ્યાએ પાછું લાવી શકે.

૨૫૩૩. જો તું તારૂં દિલ પાછું મેળવી શકે તો તું તે દૈવી (સજાથી) બચી શકશે. નહિતર તું નિરાશ થઈને તારો પોંચો કરડીશ.

૨૫૩૪. જ્યારે તેઓએ આ ભયંકર ધમકી સાંભળી, ત્યારે તેઓએ પોતાની નજર નીચે નાંખી. અને રાહ જોવા લાગ્યા.

૨૫૩૫. પહેલે દિવસે તેઓએ પોતાના ચહેરા પીળા જોયા, તેઓ નિરાશામાં ભારે નિશાશા નાખતા હતા.

૨૫૩૬. બીજે દિવસે તેઓના ચહેરા રાતા બન્યા. આશા અને પશ્ચાતાપ કરવાની વેળા તેઓએ ગુમાવી.

૨૫૩૭. ત્રીજે દિવસે તેઓ બધાના ચહેરા કાળા બન્યા. હ. સાલેહની ભવિષ્યવાણી આનાકાની કર્યા વગર ખરી પડી.

૨૫૩૮. જ્યારે તેઓ બધા નિરાશામાં ડૂબી ગયા ત્યારે તેઓ પંખીની માફક પોતાની ઘુંટણીએ પડ્યા.

૨૫૩૯. હ. જીબ્રાઈલ વિશ્વાસુ (ફિરસ્તો) કે જે કુરાનમાં આ ઘૂંટણીએ પડવાની વિગત 'જાશીમીન' શબ્દ લાવ્યો.

૨૫૪૦. જ્યારે રૂહાની પેશ્વા તને નસીહત કરે છે ત્યારે તે વખતે તું ઘુંટણીએ પડે છે? બીક રાખી ઘૂંટણીએ પડવા હુકમ કરવામાં આવેલ છે.

૨૫૪૧. કોપનો ફટકો ખાવા માટે થામુદના લોકો રાહ જોતા. કોપ ઉતર્યો અને શહેરનો નાશ કર્યો.

૨૫૪૨. હ. સાલીહ પોતાના એકાંત વાસમાંથી શહેરમાં ગયા, તેમણે અગ્નિ અને ધૂમાડા ભરેલું શહેર જોયું.

૨૫૪૩. તેમણે પોતાના હોઠોથી પશ્ચાતાપ કરનાર સાંભળ્યા. જેઓ બોલતા હતા તેઓ દેખાય તેવા ન હતા, (દટાઈ ગયા હતા) પણ તેઓનો પશ્ચાતાપ ચોખ્ખો સાંભળી શકાતો હતો.

૨૫૪૪. તેણે તેઓના હાડકામાંથી શોક સાંભળ્યો, કરૂણા વરસાદની માફક તેઓના આત્મામાંથી લોહીનાં આંસુ પડતાં હતાં.

૨૫૪૫. હ. સાલેહે તે સાંભળ્યો અને પોતે રૂદન કરવા લાગ્યા. જેઓએ આ દિલગીરી પેદા કરી તેઓ માટે તેઓ દિલગીર થયા.

૨૫૪૬. તેઓ કહેઃ ઓ લોકો તમો કે જેઓ પતરાજીમાં જીવ્યા, તમારી ખાતર હું ખુદા આગળ રૂદન કરૂં છું.

૨૫૪૭. ખુદાએ (મને) કહ્યું, તેઓની નાસ્તિકતા માટે તું ધીરજ ધર, તેઓને નસીહત કર. તેઓના નીમેલા વખતથી વધુ તેઓ રહી શકે નહિ.

૨૫૪૮. મેં કહ્યું, તેઓના દુષ્ટ કૃત્યોએ નસીહતને નકારી છે. નસીહતનું દૂધ પ્રેમ અને આનંદથી બહાર આવે છે.

૨૫૪૯. તેઓ મારી સાથે ઘણી જ દુષ્ટતાથી વર્ત્યા છે, (જેથી) નસીહતનું દૂધ મારી નાડીઓમાં જામી ગયું છે.

૨૫૫૦. મને ખુદાએ કહ્યું, હું તને એક ભેટ આપીશ. હું તારા ઝખ્મો પર પાટો બાંધીશ.

૨૫૫૧. ખુદાએ મારૂં દિલ આકાશ જેવું સ્વચ્છ કર્યું. તેણે મારા દિલમાંના જુલમોને વાળી ઝૂડીને સાફ કર્યાં.

૨૫૫૨. હું ફરીવાર તેઓને ચેતવણી દેવા ગયો. હું તેઓ સાથે દૃષ્ટાંતથી અને સાકર જેવા મીઠા શબ્દોથી બોલ્યો.

૨૫૫૩. મેં સાકરમાંથી તાજું દૂધ પેદા કર્યું. મેં દૂધ અને મધ મારા શબ્દો વડે મેળવ્યાં.

૨૫૫૪. પેલા શબ્દો તારામાં ઝેર બન્યા. કારણ કે તું શરૂઆતના પાયાથી ઝેરમાં મળેલો હતો.

૨૫૫૫. હું, ગમ જે ખતમ થયો તે માટે (શા સારૂં) ગમ કરૂં? ઓ હઠાગ્રહી લોકો તમો જ મારી દિલગીરી હતા.

૨૫૫૬. ગમના અંત માટે કોઈ દીલગીર થાય? શું કોઈ પોતાના માથાનો ઉઝરડો મટી ગયા પછી પોતાના વાળ પીંખે?

૨૫૫૭. (પણ) તે પોતે પોતા તરફ ફર્યો અને કહ્યું, ઓ શોક કરવાવાળા! તેં ટોળું શોકને લાયક ન હતું.

૨૫૫૮. સચ્ચાઈથી પઠ. મારા અવતરણોનો અવળો અર્થ ન કરતો. (કુરાનમાં) કહેઃ હું અન્યાયી લોકો માટે શા માટે દિલગીર થાઉં?

૨૫૫૯. ફરીવાર તેણે આંસુ સાથે દિલમાં રોવું શરૂ કર્યું. નહિ બતાવેલી સહાનુભૂતિ તેના (દિલમાં) ઉત્પન્ન થઈ.

૨૫૬૦ પાણીના ટીપાંનો વરસાદ વરસતો હતો (રોતા હતા) અને તેઓ રહેમતનો દરિયો છલકાતાં બેભાન બન્યા.

૨૫૬૧. તેમની સમજણ તેમને કહેતી હતી, આ રૂદન શા માટે છે? આવા લફંગાઓ માટે એક માણસે શા માટે રોવું?

૨૫૬૨. મને કહે, તું શા માટે રડી રહ્યો છે? તેઓના દંભ માટે કે તેઓના દુષ્ટ કૃત્યો ધિક્કારનાર મિજબાન તરીકે.

૨૫૬૩. તેઓના કચરાથી ભરેલાં કાળા દિલ માટે ? તેઓની સર્પ જેવી ઝેરીલી જીભો માટે ?

૨૫૬૪. તેઓનો નાશકારક શ્વાસ અને દાંત માટે ? અઝદારની માફક તેઓની આંખો અને મુખો ચળકે છે તેના માટે ?

૨૫૬૫. તેઓનાં કજીઆ કંકાસ, અપમાન માટે કે તેઓની હાંસી માટે (તું રડે છે) (ખુદાનો) આભાર માન કે ખુદાએ તેઓને બંદીવાન બનાવ્યા છે.

૨૫૬૬. તેઓના હાથ અકોણા, તેઓના પગ અકોણા, તેઓની આંખો અકોણી, તેઓનો પ્રેમ અકોણો, તેઓની સુલેહ અકોણી તેઓનો ગુસ્સો અકોણો.

૨૫૬૭. આંધળુ આજ્ઞાકિંત પણું અને ચાલુ રૂઢી પ્રમાણે ચાલતાં તેઓએ પોતાના પગો હિદાયતી ઉંટ પૂજ્ય મુરશિદ તરફ કર્યાં.

૨૫૬૮. તેઓ મુરશિદ માટે આતુર ન હતા. તેઓ બધા જાણે કે ઘરડા ગધેડા બન્યા હતા. દરેકની આંખો અને કાનો દંભની નજરે નિહાળતા હતા.

૨૫૬૯. ખુદાએ આજ્ઞાકિંત મોમનોને બહેસ્તમાંથી (અહીં) મોકલ્યા છે. કે તે (ખુદા) તેઓની વચ્ચે દોજખની આગ માટે મોટા થતાઓને બતાવે.

તેણે બન્ને સમુદ્રોને એક બીજાને મળવા જવા
દીધા (પણ) તેઓની વચ્ચે અટકાયત છે કે જે
તેઓ ઓળંગવાની શોધમાં નથી તે વિષે.

૨૫૭૦. એક જ દુકાનમાં રહેવા (છતાં) તેઓ વચ્ચેનો અટકાવ પસાર કરવા ઈચ્છતા નથી. આગના લોકો અને બહેસ્તના લોકોને નિહાળ.

૨૫૭૧. તેણે આગના લોકો અને 'નુર'ના લોકોને ભેળસેળ કર્યાં છે. તેઓએ વચ્ચે કાફ પર્વતની પીઠ ઉભી કરી છે.

૨૫૭૨. તેણે (તેઓને) ખાણમાં સોનું અને માટીની માફક ભેળસેળ કર્યાં છે તેઓ વચ્ચે એકસો જંગલ અને વણજારો છે.

૨૫૭૩. (તેઓ) હારમાં કોડી અને મોતીની માફક ભેળસેળ થઈ ગયા છે (જ્યારે છૂટા પડતાં) એક જ રાતના મહેમાનની માફક છે.

૨૫૭૪. અર્ધો દરિયો સાકરની માફક મીઠો છે, મીઠો સ્વાદ, ચંદ્રમાની માફક ઉજળો રંગ.

૨૫૭૫. બીજો અર્ધો સાપના ઝેર જેવો ખારો છે. સ્વાદે કડવો અને ડામર જેવો કાળો.

૨૫૭૬. બન્ને અડધીયાં એક બીજાની અથડામણમાં આવે છે. અંદરથી તે છેક માથા સુધી, દરિયાના પાણી માફક મોજાં ઉપર મોજાં.

૨૫૭૭. અથડાવાનો દેખાવ સાંકડા શરીરમાંથી (ઉદય પામે છે) શાંતિ કે યુદ્ધમાં વણાઈ ગએલા આત્માને (પ્રતાપે).

૨૫૭૮. શાંતિનાં મોજાં એક બીજા સાથે અથડાઈને માણસના અંતઃકરણમાં ધિક્કારનાં મૂળીયાં ઉખેડી નાખે છે.

૨૫૭૯. બીજા રૂપમાં લડાઈના મોજાં (માણસની) મહોબત્ત ઉપરથી નીચે ફેરવી નાખે છે.

૨૫૮૦. પ્રેમ ધિક્કારને મીઠાસ તરફ ખેંચે છે, કારણ કે બધા પ્રેમનો પાયો સચ્ચાઈ છે.

૨૫૮૧. ક્રોધ મીઠાસને કડવાસ તરફ લઈ જાય છે, કડવાસ મીઠાસ સાથે કેમ ભેળવી શકાશે?

૨૫૮૨. કડવાસ અને મીઠાસ આ નજરથી જોઈ શકાય તેમ નથી, (પણ) તેના અંતથી પારખી શકાઈ છે.

૨૫૮૩. જે આંખ અંત જોઈ શકે તે ખરૂં જોઈ શકે છે, આંખ કે જે માત્ર તબેલો જુએ છે તે ગૂંચવણ અને ભૂલાવવામાં પડે છે.

૨૫૮૪. અરે ઘણા સાકર જેવા મીઠા હોય છે પણ તે સાકરમાં ઝેર છૂપાએલું હોય છે.

૨૫૮૫. તે કે જે (બાકીના કરતાં) તીવ્ર બુધ્ધિ વાળો છે તે તેના વાસથી જાણી જશે. બીજા (માત્ર) તેના હોઠ અને દાંતથી અડકશે ત્યારે જ (જાણશે).

૨૫૮૬. પછી તેના હોઠ તે ગળા સુધી પહોંચ્યા પહેલાં જ ના પસંદ કરશે, જોકે સેતાન બુમ પાડીને કહેશે, ખાઈજા.

૨૫૮૭. અને બીજાને તે તેના ગળામાં (પોતાની મેળે) જાહેર કરશે. જ્યારે બીજાને તે તેના શરીરમાં (દાખલ થયા બાદ) જાહેર કરશે.

૨૫૮૮. અને બીજાને તે ગળામાં ઓકતી વખતે બળતરા કરશે. તે બહાર નીકળતી વખતે અંદર દાખલ થવાની માફક સુચનાઓ આપશે.

૨૫૮૯. અને બીજાને દિવસો અને મહિનાઓ બાદ (ખબર પડશે) અને બીજાને મરવા બાદ કબરના ખાડામાં.

૨૫૯૦. કબરના તળીએ જો તેને ટુંકી વિશ્રાંતિ આપવામાં આવે (તો પણ) તે કયામતના દિવસે તેને ચોક્કસ દેખાશે.

૨૫૯૧. વખતના રૂપાંતરથી શેરડી અને સાકરને આ દુનિયામાં દેખાવાનો સમય આપવામાં આવ્યો છે.

૨૫૯૨. તે સૂર્યમાંથી (કિરણો મેળવે) કે તે રંગની છાંટ, શોભા અને ચળકાટ મેળવતાં માણેકને વર્ષો લાગે છે.

૨૫૯૩. ભાજી પાલો બે મહિનામાં પાકી અવસ્થામાં આવે છે. જ્યારે રાતું ગુલાબ એક વર્ષે સંપૂર્ણતામાં આવે છે.

૨૫૯૪. તેજ કારણને અંગે મહાન કીર્તિવાન ખુદાએ સુરતુલ અનામમાં ફરમાવ્યું છે: "ચોક્કસ નીમેલો વખત."

૨૫૯૫. તેં આ વાર્તાલાપ સાંભળ્યો છે. તું સંપૂર્ણ રીતે વાળે વાળ આ સાંભળનાર (સમજવા) કાન ધરાવે તે જિંદગીનુ જળ છે. જો તેં તે પીધું તો તે લાભ કરશે.

૨૫૯૬. તેને જિંદગીનું જળ કહે, તેને વાર્તાલાપ ન કહે, જુના પત્રના શરીરમાં નવો પ્રાણ પૂર.

૨૫૯૭. (હવે) મારા દોસ્ત બીજી હદીસ ધ્યાનથી સાંભળ. (કે જે) રૂહની માફક છે. ઘણી જ સ્પષ્ટ અને ગહન.

૨૫૯૮. (રૂહાની દૃષ્ટિએ) અમુક ચોક્કસ જગ્યાએ ખુદાઈ વલણને અંગે આ ઝેર અને સર્પ (દુન્યની માયા અને વિષય વાસના) પચે તેવા છે.

૨૫૯૯. એક જગ્યામાં તે ઝેર છે, અને એક જગ્યાએ દવા છે, એક જગ્યામાં નાસ્તિકતા એક જગ્યાએ સ્વીકારાએલો.

૨૬૦૦. જો કે ત્યાં તે આત્માને હાનિકારક છે, જ્યારે તે અહીં આવી પહોંચે છે ત્યારે તે ઔષધ બને છે.

૨૬૦૧. નાની દ્રાક્ષમાં રસ ખાટો હોય છે, પરંતુ જ્યારે કાચી દ્રાક્ષ (પાકેલી) બને છે ત્યારે તે મીઠી અને સ્વાદીષ્ટ બને છે.

૨૬૦૨. ફરીવાર તે શરાબના કૂજામાં કડવી અને કાયદા વિરૂદ્ધની બને છે, (પણ) તે સરકાના રૂપમાં રૂતુ વખતે કેવી સ્વાદીષ્ટ લાગે છે.

રૂહાની પેશ્વાએ કરેલું તેજ મુરીદે કરવું એ ગેર વ્યાજબી છે, તેને લગતું વિવરણ. જેવી રીતે વૈદને મીઠાઈ નુકશાન કરતી નથી, પણ તે બીમારને નુકશાન કારક છે. ધુમ્મસ અને બરફ પાકેલી દ્રાક્ષને નુકશાન કરતું નથી. પણ કાચા ફળને નુકશાન કરે છે, તેવાજ રીતે જે મુરીદ હજી રસ્તા પર (અપક્વ) છે. પાકો થયો નથી (આવી રીતથી) (કુરાને શરીફ) "કે જેથી ખુદા તને માફ કરે અને તારાં આગળ પાછળનાં પાપ માફ કરે.

૨૬૦૩. જો મુરશિદ ઝેર પીએ તો પણ તે વિષનાશક બને છે, પરંતુ જો શોધનાર (મુરીદ) તે પીએ તો તેના મનમાં અંધારું થઈ જશે.

૨૬૦૪. હ. સુલેમાન પાસેથી આ શબ્દો બહાર પડ્યા છે, ઓ માલિક મને આપ. એટલે કે આ સલ્તનત અને સત્તા મારા સિવાય બીજા કોઈને આપતો નહિ.

૨૬૦૫. આ દયા અને બક્ષીસ મારા સિવાય બીજા કોઈ ઉપર ઉતારતો નહિ. આ અદેખાઈ જેવું લાગે છે, પણ (હકીકતમાં) તેમ હતું નહિ.

૨૬૦૬. તારા દિલથી (ગૂઢાર્થ) વાંચ "તે ન વર્તે." મારા પછી એ શબ્દના અંદરના અર્થને ન જો. તેની (હ. સુલેમાનની) તૃષ્ણાનું મૂળ શોધી કાઢ (અર્થનું)

૨૬૦૭. નહિ. પણ તેણે બાદશાહીમાં એકસો જોખમો જોયાં, આ દુનિયાની બાદશાહીમાં (દરેક રીતે) વાળે વાળમાં પોતાના મુસ્તકનો ભય હતો.

૨૬૦૮. ધર્મની ફિકરમાં, દિલની ફિકરમાં માથાની ફિકર કર. આપણા માટે આના જેવી બીજી કોઈ કસોટી નથી.

૨૬૦૯. તેટલા માટે દરેકને હ. સુલેમાન જેવી ઉંચી મહાત્વાકાંક્ષા હોવી જરૂરી છે, એટલા માટે લાખો રંગો અને સુગંધીઓથી (બૂરાઈઓની લાલચમાંથી) છટકી શકે.

૨૬૧૦. આવું મહાન (રૂહાની) બળ તે ધરાવતો હતો. છતાં (દુન્યવી) બાદશાહીનાં મોજાં તેના દિલને ગૂંગળાવતાં હતાં.

૨૬૧૧. જ્યારે આ દિલગીરીમાં તેના પર ધૂળ છવાઈ ગઈ (બાદશાહીમાં ખુદાની યાદીમાં ખામી આવી) ત્યારે દુનિયાના બધા રાજાઓ તરફ તેને સહાનુભૂતિ ઉત્પન્ન થઈ.

૨૬૧૨. ત્યારે તેણે (તેઓના વતી ખુદાને) યાચના કરી અને કહ્યું, (રૂહાની) સંપૂર્ણતા સાથે આ બાદશાહી તેઓને પણ આપ કે જે મને આપી છે.

૨૬૧૩. તું (તે) ગમે તેને આપીશ, અને (ગમે તેના પર) આ બક્ષીસો નવાજીશ તે (તે શખ્સ) સુલેમાન છે, અને હું પણ તેજ છું.

૨૬૧૪. તે મારી પાછળ નથી, તે મારી સાથે છે, ખરેખર મારી સાથે જ છે, તેનો અર્થ શું ? હું બીન હરીફ છું.

૨૬૧૫. આ સમજાવવાની મારી ફરજ છે, પણ (હવે) હું માણુસ અને તેની સ્રીની વાત તરફ પાછો ફરૂં છું.

અરબ અને તેની ઘરવાળીના કજીયાનો સાર.

૨૬૧૬. જેના દિલમાં ઈમાન છે, (તે) માણુસ અને સ્રીના બદલાઈ જવામાં બોધ નિહાળે છે.

૨૬૧૭. (વાર્તા તરીકે) માણુસ અને સ્રીનું (વાદમાં) બદલાઈ જવું એ આગળ કહેવાઈ ગયું છે. જાણ કે તે તારો નફસ અને બુધ્ધિની વાત છે.

પાછળ નથી – સાથેજ છે.
હું : બીન હરીફ છે.

૨૬૧૮. આ સ્ત્રી અને માણસ કે જેઓ નફસ અને સમજણ છે, તે ભલાઈ અને બૂરાઈના પ્રદર્શનમાં ઘણા જ જરૂરી છે.

૨૬૧૯. અને આ જરૂરી જોડી આ દુન્યવી ઘટમાં (કાયામાં) દિવસ અને રાત બદલાય તેવા સખ્ત પ્રયત્નોમાં (મશગૂલ) છે.

૨૬૨૦. સ્ત્રી ઘર સંસાર માટેની જરૂરિયાતોની આજીજી કરે છે, તેનો અર્થ એ કે ખ્યાતિ, રોટલો, કેળવેલું માંસ, દરજ્જો.

૨૬૨૧. ઘરવાળીની માફક નફસ (પોતાની ઈચ્છાઓ સંતોષવાના) સાધનો મેળવવા એક વખત માનવતા શોધે છે અને બીજી વખતે સત્તા.

૨૬૨૨. આ (દુન્યવી વિચારોથી બુદ્ધિ ખરેખર તો અજ્ઞાત હોય છે, તેના મગજમાં ખુદાની મહોબત સિવાય બીજું કાંઈ હોતું નથી.

૨૬૨૩. જો કે અંદરનો (ખરો) અર્થ આ વાતનો ગલમાં ગર્ભનાખી ફાંસો નાખવાનો છે. છેવટ સુધીની આ વાતનો બહારનો અર્થ (હવે) સાંભળ.

૨૬૨૪. જો રૂહાની સમજણ પૂરતી હોત તો દુનિયાનું પેદા થવું નકામું અને સુસ્ત હોત.

૨૬૨૫. જો પ્રેમ એજ (માત્ર રૂહાની) વિચાર અને હકીકત હોત તો તારા રોજાઓ અને પ્રાર્થનાઓનું રૂપ ન હોત.

૨૬૨૬. પ્યારની ખાતર આશકોની બક્ષિશો એક બીજા તરફ આકાર રૂપે કાંઈ પણ ન હોત.

૨૬૨૭. બક્ષિશો થકી ગુપ્ત રીતે છૂપાએલી પ્રેમની લાગણી પ્રગટ થાય છે.

૨૬૨૮. ઓ વહાલા દોસ્ત, ભલાઈનાં જાહેરી કૃત્યો દિલની મહોબતની લાગણીની સાક્ષી પૂરે છે.

૨૬૨૯. તારો સાક્ષી ક્યારેક સાચો હોય છે ક્યારેક ખોટો. ક્યારેક શરાબના નશાથી ઓત-પ્રોત, ક્યારેક જામી ગએલા ખાટા દહીં જેવો.

૨૬૩૦. તે કે જેણે ખાટું દહીં ખાધું છે. તે નશામાં હોવાનો દેખાવ કરે છે તે બેભાનની માફક લવારો કરે છે, અને માથા ભારે હોવાનું વર્તન કરે છે.

૨૬૩૧. પેલો નાસ્તિક રોજા અને પ્રાર્થનાઓમાં (ઉદ્યોગી) બની જાય છે. એટલા માટે કે ખુદાઈ મહોબતમાં ડૂબી ગયો છે તેમ (લોકો) ધારે.

૨૬૩૨. ટૂંકાણમાં બહારના કૃત્યો (અંદરની લાગણી કરતાં) જુદાં છે. (એટલા માટે કે) જે સંતાડ્યું છે તે બતાવવા માટે.

૨૬૩૩. ઓ માલિક, "અમોને એવી અંતર દૃષ્ટિ અમારી ઉમેદ પ્રમાણેની બક્ષિશ કર કે જેથી અમો સત્ય અને જુઠું બતાવી શકવાનું જાણીએ.

૨૬૩૪. તું જાણે છે કે વિવેક શક્તિનો ભાગ કેવી રીતે ભેદ સમજતો થાય છે. આ રીતે વિવેક શક્તિ ખુદાઈ "નૂર"થી જોતી હોય છે.

૨૬૩૫. અને જો (દેખીતી રીતે) તેની અસર ન હોય (છતાં) કારણજ તેને જાહેર કરે છે (દાખલા તરીકે) સગપણજ પ્રેમ સંદેશના સમાચાર આપે છે.

૨૬૩૬. જ્યારે ખુદાનું 'નૂર' અંતઃકરણમાં આવે છે ત્યારે તું કારણ કે અસરનો ગુલામ રહીશ નહિ.

૨૬૩૭. કારણકે પ્રેમજ અંદરથી શક્તિશાળી ચિનગારી ફેંકશે. અને તેની અસર 'નજાત' અપાવશે.

૨૬૩૮. તેને પ્રેમની નિશાનીઓની જરૂરજ નથી. (તેના દિલના) આકાશમાં પ્રેમે પ્રકાશ ફેલાવ્યો છે.

૨૬૩૯. આ બાબતનો વિગતવાર ખુલાસો છે (જે હું આપું.) એટલા માટે કે વિષય પૂરો થાય. પણ તેમને (તારા માટેજ) શોધ અને હવે 'ખુદા હાફીઝ'.

૨૬૪૦. અને તે બહારના દેખાતા રૂપના અંદરનો અર્થ જાણશે. રૂપ નજીક અને દૂર પણ છે.

૨૬૪૧. દેખીતી રીતે તેઓ ઝાડના રસ અને ઝાડ જેવા છે, જ્યારે તું તેઓના સત્ય તરફ ફરીશ ત્યારે તેઓ બહુ દૂર હશે.

૨૬૪૨. અને જરૂરી મિલ્કતની અને સત્યની રજા લઈ લે. અને તેઓ બન્ને કે જેઓના ચહેરા ચંદ્રમાની માફક ચમકતા હતા તેની હકીકત કહે.

અરબનું તેની પ્રિયતમાની માગણી ઉપર દિલ
લગાડવું, અને કસમ ખાધા કે (તેણીને) આમ નમતું
આપવામાં દંભ કે અખતરાના (વિચાર) નથી.

૨૬૪૩. માણસે કહ્યું, હવે હું તારો વિરોધ કરવો મૂકી દઉં છું. તારી મુખત્યારી છે. (જોઈએ તો) મ્યાનમાંથી તલવાર કાઢ.

૨૬૪૪. તું જે જે કરવાનું મને કહીશ, હું તેને તાબે થઈશ. તેના ભલા બૂરા પરિણામની હું ગણત્રી નહિ કરૂં.

૨૬૪૫. તારા અસ્તિત્વમાં હું અસ્તિત્વ વગરનો બની જઈશ. કારણકે હું તારો પ્રેમી છું. પ્રેમ (પ્રેમીને) મૂંગો અને બહેરો બનાવે છે.

૨૬૪૬. સ્ત્રી કહે અરે, તમે ખરેખર મારા મિત્ર છો એ મને અજાયબી લાગે છે. કે આવી યુક્તિથી મારા (ખાનગી) વિચારો જાણવા નમી પડ્યા છો ?

૨૬૪૭. તે કહે (ના.) જે ખૂબજ દિલમાં છૂપેલા વિચારો જાણે છે તે ખુદાના કસમ કે જેણે માટીમાંથી પવિત્ર હ. આદમ બનાવ્યા.

૨૬૪૮. ત્રણ ક્યુબીક ફૂટનું શરીર કે જે તેણે આપ્યું છે જેમાં ભાવિમાં છૂપાએલા લેખો અને રૂહાની (દુનિયાની) બધી વસ્તુ સમાવી.

પ્રેમી: તારા અસ્તિત્વમાં
હું અસ્તિત્વ વગરનો
બનીશ.

જુઓ:- ૨૬૩૬ માં - કારણ, અસર x.
પ્રેમ- પ્રેમીને મૂંગો ને બહેરો બનાવે.

૨૬૪૯. જો કે તેણે (ખુદાએ) તેને (આદમને) નામો (ખુદાઈ જ્ઞાન મારફત) શીખવ્યા પણ તેણે શરૂઆતમાં દરેક જે હંમેશ માટે રહેનાર છે તેની સમજણ આપી.

૨૬૫૦. જેથી ફિરસ્તાઓ તેની જોડે શીખવામાં (અધ્યયન) થયા. અને તેની (ખુદાની.) કીર્તિવંતપણાથી વધુ પવિત્રપણું મેળવ્યું.

૨૬૫૧. આદમમાંથી જે તેઓ ઉપર ઉતારવામાં આવ્યું તે તેઓના બહેસ્તમાંના વિસ્તારમાંથી ન હતું.

૨૬૫૨. તે પવિત્ર આત્મા (હ. આદમ) ની મહાનતાની સરખામણીમાં સાતેય બહેસ્તોનો વિસ્તાર ટૂંકો બન્યો.

૨૬૫૩. હ. પયગમ્બર સાહેબે ફરમાવ્યું કે "ખુદાએ કહ્યું, હું ઊંચા કે નીચા કૂંજામાં સમાએલો નથી.

૨૬૫૪. મારો સમાવેશ પૃથ્વી કે સ્વર્ગ અથવા બ્રહ્માંડમાં થઈ ન શકે, ઓ અમીર, આ વાત ચોક્કસ સમજ.

૨૬૫૫. પણ હું ખરા ઈમાનદારના દિલમાં સમાઈ શકું, આહ, કેવું વિચિત્ર જો તું મને શોધે છે તો પહેલાં દિલમાં શોધ.

૨૬૫૬. તેણે (ખુદાએ) વળી એમ પણ કહ્યું, ઓ ખુદાની બીક રાખનાર, મારા નોકરોમાં દાખલ થા, તો તું મારા દીદાર કરતા બહેસ્તમાં મને મળીશ.

૨૬૫૭. અર્શે જ્યારે તેને હ. આદમના રૂહને બહોળા વિસ્તારમાં ફેલાએલો નૂરમાં જોયા તો તે (અર્શ) ફરી ગયું.

૨૬૫૮. ખરેખર અર્શનો વિસ્તાર બહુ મોટો છે. પણ જ્યારે સત્ય આવી પહોંચે ત્યારે કદ તે વળી શું? તેને કોણ માપી શકે?

૨૬૫૯. પછી ફિરસ્તાઓ હ. આદમને કહેતા. આ સમય અગાઉ પણ અમારી દોસ્તી તમારી સાથે હતી. જમીનની માટી સાથે.

૨૬૬૦. પૃથ્વીપર અમો ખિદમતનાં બી વાવતા હતા. (બંદગી કરતા હતા.) અમો આ જોડાણથી આશ્ચર્ય પામતા હતા.

૨૬૬૧. આ માટી સાથે શું સંબંધ છે? તે (વિચારી) આશ્ચર્ય પામતા હતા. જ્યારે અમારી ખાસિયત (તો) આકાશી છે.

૨૬૬૨. (અમે કહ્યું.) આપણામાં શા માટે આ દોસ્તી છે? અંધારામાં પ્રકાશ કેમ? પ્રકાશ અંધકાર સાથે શી રીતે રહી શકે?

૨૬૬૩. ઓ આદમ, તે મિત્રતા તારી સુવાસને અંગેજ હતી, કારણ કે જમીન તમારા શરીરનો વાણો તાણો હતી.

૨૬૬૪. આ જગ્યાએથી (પૃથ્વીથી) તમારૂં માટીનું શરીર વણવામાં આવ્યું, (અને) આ જગ્યાએ (બહેસ્તમાં) તમારૂં પવિત્રનૂર માલમ પડ્યું.

૨૬૬૫. આ (નૂર) તમારા આત્મા પાસેથી અમોએ મેળવેલ છે, તે માટીમાંથી પણ સ્પષ્ટ દેખાય છે.

૨૬૬૬. અમો જમીનથી બેધ્યાન, ત્યાં સંતાએલા ખજાનાથી બેધ્યાન જમીન પર હતા.

૨૬૬૭. જ્યારે બંદગી કરવાની જગ્યાએથી ખુદાએ અમોને મુસાફરીએ મોકલ્યા ત્યારે આ ફેરફારથી અમારાં તાળવા ખાટાં થઇ ગયાં (સખત દિલગીરી થઈ)

૨૬૬૮. તેથી અમો દલીલ કરતા હતા. (કહેતા હતા) ઓ ખુદા, અમારી બદલીમાં કોણ આવશે ?

૨૬૬૯. તારા હુકમો અને કહેણોની કીર્તિ ગાનાર ભવ્યતાને શું તમો વેચી નાખશો (વિસારી દેશો)?

૨૬૭૦. ખુદાઈ હુકમનાસાએ અમારા માટે (મોજશોખની) ચાદર બિછાવી (અને તેણે કહ્યું,) હવે તમે બહાદુરી ભરી રીતે બોલો.

૨૬૭૧. જેમ પિતા પાસે પુત્ર બોલે તેમ બીક વગર જે પણ તમારી જીભે આવે (તે બોલો)

૨૬૭૨. ભલે (તમારા આ શબ્દો મેળ વગરના) (પણ) હોય. મારા કોપ કરતાં મારી દયા વધુ આગળ થનાર છે.

૨૬૭૩. અને આ ઉત્તમતા જાહેર કરવા ખાતર, ઓ ફિરસ્તા, હું તારામાં ગૂંચવણ અને શકવું ખેંચાણ મૂકીશ.

૨૬૭૪. કે જેથી તું બોલે અને હું તારા તરફ પગલાં ન લઉં કે જેથી મારી કૃપાનો ઈન્કાર કરનાર એક શબ્દ પણ બોલી શકે નહી.

૨૬૭૫. મારી રહેમમાં સો પિતાઓ અને સો માતાઓ દરેક પળે જન્મે છે અને અદૃષ્ય થાય છે.

૨૬૭૬. તેઓની રહેમ એ મારી રહેમના દરિયાના ફીણ છે. ફીણ આવે છે અને જાય છે પણ સમુદ્ર તો હંમેશ છે.

૨૬૭૭. હું ખરેખર શું કહું ? તે મોતીની (દૈવી રહેમની) સરખામણીમાં આ છીપ (માનવીની રહેમ) એ કાંઈજ નથી માત્ર ફીણનાં ફીણ છે.

૨૬૭૮. આ ફીણના સત્ય થકી, તે સમુદ્રના સત્ય થકી (હું કસમ ખાઉં છું) કે મારાં આ શબ્દો તારી કસોટી કરવા ખાતર નથી, કે નકામા પણ નથી.

૨૬૭૯. તેઓ પ્રેમ , ઈમાન અને નમ્રતાને અંગે (પ્રેરાયાછે) હું જેની પાસે પાછો ફરનાર છું તેની સત્યના (હું કસમ ખાઈને કહું છું.)

૨૬૮૦. આ સ્નેહ થકી (જેહું બતાવું છું તે) તને અખતરો દેખાયછે. એક ક્ષણ માટે તું આ અખતરો અમલમાં મૂકીશ ?

૨૬૮૧. તારા ખાનગી (વિચારો) સંતાડ નહિ. (જણાવી દે) એટલા માટે કે હું મારા (શબ્દો) પણ જણાવું હું જે પણ કાંઈ કરી શકું તેના માટે હુકમ કર.

૨૬૮૨. તારા દિલને સંતાડ નહિ. (ખુલ્લું કર) એટલા માટે કે મારું પણ ખૂલે અને હું જે પણ કાંઈ કરવા શક્તિમાન હોઉં તે (તારા માટે) કરું.

૨૬૮૩. હું કેમ કરી શકું ? મારીપાસે કઈ દવાછે ? મારો આત્મા કેવી કફોડી હાલતમાં છે તે જો.

સ્ત્રીનું પોતાના ધણીને રોજની રોજી કેવી રીતે કમાવવી તેની ખાસ વિગત કહેવી અને તેણે તે કબૂલ કરી તે વિષે.

૨૬૮૪. સ્ત્રી કહે, સૂર્ય પ્રકાશિત થયો છે, આખી દુનિયા તેમાંથી પ્રકાશ મેળવે છે.

૨૬૮૫. ખુદાના પ્રતિનિધિ અને ખુદાના ખલીફા, તેનાથકી બગદાદ (રોશની ભર્યું-સુખી) વસંત ઋતુ પ્રમાણે બન્યું છે.

૨૬૮૬. જો તું બાદશાહની હજૂરમાં જઈ શકીશ તું પોતે બાદશાહ બની જઇશ. તું તેટલો લાંબો વખત કમનસીબી પાછળ જઇશિ ?

૨૬૮૭. નસીબદારો સાથે દોસ્તી એ અમૃત છે. ખરેખર તેઓની (પસંદગીની) દૃષ્ટિને પણ અમૃત સાથે કેમ (સરખાવાય) ?

૨૬૮૮. હ. આહમદ (હ. મુહમ્મદ)ની આંખે હ. અબુબક (ર) પર પડી. તે એક જ ઈમાનદારી ના કૃત્યને અંગે "સીદીક" બની ગયા.

૨૬૮૯. ધણીએ કહ્યું: મારે રાજાને મળવા કેમ જવું જોઈએ ? હું તેની પાસે બહાના વગર કેમ જઇશિ ?

૨૬૯૦. મારીપાસે કાંઈ ભલામણ કે યુક્તિ હોવી જોઈએ ? શું કોઈ હાથ કારીગરી ઓજારો વગર (બને) ?

૨૬૯૧. (તેવોજ દાખલો કહું તો) પ્રખ્યાત મજનુના વિષે. જ્યારે તેણે કોઈ પાસેથી સાંભળ્યું કે લયલા જરા માંદી છે.

૨૬૯૨. બૂમ પાડી કહે, આહ, હું કાંઈ બહાના વગર તેની પાસે કેમ જઇશ ? અને જ્યારે તેણી બીમાર છે અને ત્યારે તેને મળવામાં હું જો નિષ્ફળ જાઉં તો હું કેવો (દુ:ખી થઇશ) ?

૨૬૯૩. જો હું હોશિયાર વૈદ હોતતો પગે ચાલીને સૌ પ્રથમ હું જ ત્યાં પહોંચી ગયો હોત.

૨૬૯૪. ખુદાએ આપણને કહ્યું, "કહે, તમો આવો." આપણી શરમની લાગણીઓ જીતવાનું બતાવવા આપણને (આમ કહ્યું છે)

૨૬૯૫ જો ઘુવડને નજર અને (તડકા સહન કરવા શકિત) હોત તો તેઓ ઉપર ઉડી જાત અને પોતે પ્રકાશનો આનંદ ભોગવત.

૨૬૯૬. ઘરવાળીએ કહ્યું, જ્યારે દયાળુ બાદશાહ મેદાનમાં જાય છે. અશકય વસ્તુ શકય બની જાય છે.

૨૬૯૭. કારણકે શકિત ખોટા દાવામાં અને પોતાપણામાં (ફસાય છે) જ્યારે વાત અશકિતમાં અને નહિવત્માં સૂતી હોય છે.

૨૬૯૮. તે કહે હું શકિત વગર કેમ ધંધો કરૂં ? જ્યાં સુધી કે હું બતાવું કે મારી પાસે ખરેખર કાંઇ શકિત નથી.

૨૬૯૯. મારી અશક્તિનો મારી પાસે પુરાવો હોવો જોઈએ. હવે તે (બાદશાહને) મારી તંગી માટે દયા આવે !

૨૭૦૦. વાત અને દૃષ્યનો જો તે પુરાવો આપ્યો હોય તો દયાળુ બાદશાહને (પણ) દયા આવે.

૨૭૦૧. વાત અને દૃષ્ય થકી જે ખાત્રી પુરવાર કરવામાં આવે છે તે કદી ઉપલી અદાલતનો ન્યાયાધીશ નબળી પાડી શકતો નથી.

૨૭૦૨. તેને સત્યના સાક્ષી તરીકે પોતાના અંતરમાં જરૂર હોય છે. તેથી તેના પોતાના શબ્દો કરતાં અંદરનો પ્રકાશ અજવાળુ આપે (જેથી સાચો ન્યાય કરી શકે)

અરબનુ રણ વિસ્તારમાંનું પાણીના કુંજાનું બગદાદમાં
મોમનોના સરદાર પાસે ભેટ તરીકે લઇ જવું એમ
સમજીને કે તે શહેરમાં પાણીની સખત તંગી હશે.

૨૭૦૩. સ્ત્રીએ કહ્યું, ખુદાથી પવિત્ર થનાર લોકો જ્યારે પોતાની તમામ શક્તિથી ઉઠે તેજ સત્યતા છે.

૨૭૦૪. આ કુંજામાં આપણી પાસે વરસાદનું પાણી છે, (માત્ર તેજ તારી દોલત મૂડી અને મિલ્કત (છે).

૨૭૦૫. આ પાણીનો ઘડો લઈને રવાના થાવ. તેને ભેટ (તરીકે) લઈ જાવ. અને તે શહેન-શાહની હજૂરમાં પહોંચો.

૨૭૦૬. એમ કહેજો, અમારી પાસે આના સિવાય બીજું કશું નથી. રણમાં આ પાણીથી વધુ સારું બીજું કાંઈ નથી.

૨૭૦૭. જોકે તેનો ખજાનો સોનું અને ઝવેરાતથી ભરપૂર હશે. છતાં પણ આના જેવું પાણી તે મેળવી શકશે નહિ. એ ભાગ્યેજ મળે છે.

૨૭૦૮. આ કુંજો શું છે? આપણું શારીરિક કેદખાનું. તેની અંદર આપણી ઈંદ્રીઓ રૂપી ખારૂં પાણી છે.

૨૭૦૯. ઓ મારા માલિક, આ મારો કુંજો અને બરણી તારી રહેમતના પ્રતાપે સ્વીકારજે. "ખુદાએ ખરીદયું છે." (૫૯)

૨૭૧૦. (તે કાયા) જગ પાંચ નાળચાવાળો, પાંચ ઈંદ્રીઓવાળો છે, બહારના કચરાથી આ પાણી ચોકખું રાખજે.

૨૭૧૧. આ જગમાંના (પાણીને) દરિયામાં જવાનો રસ્તો હશે. અને કદાચ મારો જગ દરિયાની સ્થિતિ ધારણ કરી બેસે.

૨૭૧૨. જેથી તું તે જ્યારે રાજાને ભેટ તરીકે તેની પાસે લઈ જાય ત્યારે રાજાને તે પવિત્ર ચોકખું માલમ પડે. અને તે તેનો ખરીદનાર બને.

૨૭૧૩. (અને) તેના પછી તે પાણી અનંત બની જશે. સેંકડો દુનિયા આ મારા જગમાના (પાણીથી) ભરાઈ જાય.

કુંજો:- શારીરિક કેદખાનું
તેની અંદર ઈંદ્રીઓ રૂપી ખારૂં પાણી

૨૭૧૪. તેના નાળચા બંધ કરી દે. (સત્યના) જગમાંથી ભરેલા પાણીથી તેને ભરપૂર રાખ. ખુદાએ ફરમાવ્યું છે કે, "જુઠી તૃષ્ણાઓથી તારી આંખો બંધ કરી દે."

૨૭૧૫. તેની (ધણીની) દાઢી હવાથી (અહંકારથી) ભરેલી હતી. (તેણે મનમાં વિચાર્યું) આહ ! તેની પાસે આવી મહાન ભેટ હતી! આ ખરેખર તેના જેવા બાદશાહને લાયક જ છે.

૨૭૧૬. તેની ઘરવાળી જાણતી નહતી કે (બગદાદ) જે જગ્યાએ છે ત્યાં મહાન નદી દરિયા (જેવી). તેનું પાણી સાકર જેવું મીઠું છે.

૨૭૧૭. શહેરની વચ્ચેથી દરિયાની માફક પસાર થતી હોડીઓ અને મચ્છીની જાળોથી ભરપૂર.

૨૭૧૮. "જેની નીચે નદીઓ વહે છે" ની સમજણ મેળવ. સુલતાન પાસે પહોંચ અને તેનું સામ્રાજ્ય અને ઠાઠમાઠ જોઈને સમજણ મેળવ.

૨૭૧૯. આપણી ઇંદ્રીઓની સમજ જે અત્યારે છે તે તે નદીઓના (પાણી) સામે એક ટીપું જ છે.

અરબની ઘરવાળીનું પાણીના કુંજાને ઊનના કપડામાં સીવીને તેનું મોઢું બંધ કરવું. કારણકે અરબનું કહેવું હતું કે (રાજા માટે આ ખૂબજ કીમતી ભેટ છે).

૨૭૨૦. ધણી કહે, હા, ઘડાનું મોઢું બાંધી લે. ધ્યાન રાખજે. આ એવી ભેટ છે કે જે આપણને નફો કરી દેશે.

૨૭૨૧. આ કૂંજાને ઊનના કપડામાં સીવીલે. બાદશાહ પોતાનો રોજો આ ભેટથી (આ પાણીથી) ખોલશે.

૨૭૨૨. કારણકે આના જેવું પાણી દુનિયામાં ક્યાંય નથી. બીજું કોઇપણ (પાણી) આના જેટલું ચોકખું નથી.

૨૭૨૩. (તેણે આ કહ્યું). કારણકે તેઓ દરિયાનું ખારૂં પાણી પીવાને (તેના જેવા માણસો) હમેશાં ડગુમગુ અને અડધ આંધળા હોય છે.

૨૭૨૪. પક્ષી કે જેનું રહેઠાણ ખારા પાણીમાં હોય તેઓ ચોકખું (મીઠું) પાણી ક્યાં મળી શકશે તે કેવી રીતે જાણી શકે ?

૨૭૨૫. ઓ, તું કે જેનો જન્મ ખારા પાણીમાં થયો છે, તે શટ, જયહુન અને યુક્રેટસને કેમ જાણી શકીશ?

૨૭૨૬. ઓ, તું કે જે વણજારના કાફલામાંથી લાગી છૂટયો નથી (દુનિયાની ગફલતથી) તે બે ખુદી, બે ફાસ, અને બેહદપણું કેવી રીતે જાણી શકીશ.

૨૭૨૭. અને જો તું જાણે છે તો તે તારા બાપ દાદા પાસેથી મેળવેલ છે. (તો પછી) આ નામો તને બારાખડી જેવાં (કેમ લાગે છે ?)

૨૭૨૮. બધા છોકરાઓને બારાખડી અને લીપી કેવી ચોખ્ખી અને જાણીતી હોય છે અને (છતાં) તેના ખરા અર્થથી તેઓ દૂર હોય છે. (જાણવા મુશ્કેલ હોય છે.)

૨૭૨૯. પછી પેલા અરબે કુંજો લીધો. અને મુસાફરીએ રવાના થયો. પોતાની સાથે તેને (કુંજાને) રાત દિવસ રાખીને.

૨૭૩૦. તે કુંજા માટે દૈવી કમનસીબે (કાંઈ નુકશાન થાય) તે માટે ખૂબ ધ્રુજતો, આખરે તે તેને રણમાંથી શહેર (બગદાદ)માં લઈ જઈ શકયો.

૨૭૩૧. તેની ઘરવાળી મુસલ્લા ઉપર પ્રાર્થનાઓ કરતી હતી, અને કહ્યા કરતી, “ રબ્બી સલીમ.” “ ઓ ખુદા બચાવજે.”

૨૭૩૨. આજીજી કરતી કે, અમારૂં પાણી લૂંટારાઓથી સલામત રાખજે. ઓ માલિક. તે ઝવેરાતને પેલા સમુદ્ર સુધી ભેટાડજે. (બાદશાહસુધી) પહોંચાડજે)

૨૭૩૩. જો કે મારો ધણી ચપળ અને કુનેહવાળો છે છતાં ઝવેરાતના લાખો દુશ્મનો હોય છે.

૨૭૩૪. ખરેખર મોતી, તે ખરેખર હૌજે કવસરનું પાણી છે, આ ટીપું છે જે અસલ મોતીનું ટીપું છે.

૨૭૩૫. સ્રીની પ્રાર્થનાઓ અને આજીજીઓ થકી, અને ધણીની ચીવટ અને કાળજીપૂર્વક (સાચવણથી) તે વજનદાર બોજો.

૨૭૩૬. તે તેણે લાંબો વખત લગાડયા વગર લૂંટારાથી સલામત અને પત્થરાઓથી બચાવીને શહેનશાહની રાજધાનીમાં લાવ્યો.

૨૭૩૭. તેણે ભવ્ય દરબાર જોયો, જ્યાં ગરજવાળા લોકો પોતાની જાળ (જરૂરિયાતની યાદ) પાથરી બેઠા હતા.

૨૭૩૮. દરેક જગ્યાએ દરેક પળે કોઇ અરજદાર દરવાજામાંથી ભેટ કે માનનીય પોષાક લઈને (બહાર આવતા હતા)

૨૭૩૯. નાસ્તિક કે આસ્તિક કે ભલા બૂરા માણસો માટે તે જાણે કે સૂરજ અને વરસાદ, નહિ જાણે કે સ્વર્ગ (હતું)

૨૭૪૦. તેણે કેટલાક માણસોને (ખલીફાની હજૂરમાં) માન પામતા જોયા, અને બીજાએ. પગ ઉપર ઉભા રહીને (હારમાં) વાટ જોતા હતા.

૨૭૪૧. ઊંચા અને નીચા હ. સુલેમાનથી લઈ કીડી, તેઓ બધા જિંદગીની તાજગી ભર્યા બન્યા હતા, જાણે કે દુનિયામાં (કયામતર) નગારૂં વાગ્યું.

૨૭૪૨. (જાણે) રૂપના ચાહકો મોતીઓમાં બંધાઈ ગયા છે, અને સત્યના ચાહકોએ સત્યનો સાગર શોધી કાઢયો છે,

૨૭૪૩. તેઓ કે જેઓ લાલસા વગરના છે (તેઓ) કેવી ઉંચી આશાવાળા બન્યા છે! અને જેઓ ઉંચી લાલસાવાળા છે તેઓએ કયું પરમસુખ મેળવ્યું છે!

બતાવવામાં આવ્યું કે ભિખારી બક્ષીસના પ્રેમમાં છે, અને ઉદાર ભેટ આપનારના (પણ) પ્રેમમાં છે, તેથી ઉમદા ભેટો આપનાર ઉદાર ભિખારી સાથે પ્રેમમાં છે, જો ભિખારીમાં વધુ ધીરજ હોય તો ઉદાર ભેટો આપનાર તેના દરવાજે આવશે અને જો ઉમદા ભેટ આપનારને ધીરજ હશે તો ભિખારી તેના દરવાજે આવશે, પણ ભિખારીની ધીરજ એ ભિખારીનો સદ્‌ગુણ છે જ્યારે ભેટ આપનારની ધીરજ તેનામાંની ખામી છે.

૨૭૪૪. મોટો અવાજ (તેના કાને) પડયો. આવ એ શોધનાર! તે ભિખારીઓની માફક સખાવત માગનારાઓને શોધે છે.

૨૭૪૫. સખાવત ભિખારી અને ગરીબોને શોધે છે જેમ એક સ્વરૂપવાળી આરસીને શોધે છે.

૨૭૪૬. ભિખારીઓનો ચહેરો આરસીથી ખૂબસૂરત બને છે, દાત્તાનો ચહેરો ભિખારીઓને લીધે નજરે પડે છે.

૨૭૪૭. તેથી આને લીધેજ ખુદાએ સુરા વાદ્દુહામાં ફરમાવ્યું "એ મોહમ્મદ! ભિખારીઓ તરફ બુમો નહિ પાડો" (હાંકી નહિ કાઢો)

૨૭૪૮. તે પ્રમાણે ભિખારી સખાવતની આરસી છે, ધ્યાન રાખો આરસી ઉપર શ્વાસ ફેંકવો એ નુકશાનકારક છે.

૨૭૪૯. આ ઉદાહરણમાં તેની (આપનારની) સખાવત ભિખારીને ઉઘાડો પાડે છે. જ્યારે બીજા (ઉદાહરણમાં) તે (આપનાર) ભિખારીઓ ઉપર જરૂર કરતાં વધુ બક્ષીસ કરે છે.

૨૭૫૦. પછી, ભિખારીઓ ખુદાની ઉદારતાની આરસી છે, તેઓ ખુદા સાથે છે તેની સાથે પૂરી ઉદારતામાં એક થયેલા છે.

૨૭૫૧. અને ઉપલી (જાતના ભિખારી) સિવાયના બન્ને ખરેખર મરેલા છે, (ખુદાઈ દરબારમાં) તેઓ નથી પણ તેઓ માત્ર પડદા ઉપરના ચિત્ર છે.

એક ગરીબ કે જે ખુદાનો ચાહક છે અને તેનો પ્યાસો છે, અને બીજો ગરીબ કે (ખુદાથી) કમનસીબ છે અને તેના (ખુદાના) કરતા બીજાની પ્યાસ કરે તેના તફાવત વિષે.

૨૭૫૨. (જે ખુદા સિવાય બીજાને શોધે છે) છે દરવેશનું ચિત્ર છે, તે ખાવા લાયક નથી (ખુદાઈ રહેમત) ખાવાનું કૂતરાના ચિત્ર આગળ ન નાખ.

ભિખારી - ખુદાની ઉદારતાની આરસી,
તેઓ ખુદા સાથે છે,
તેની સાથે ઉદારતામાં એક-

૨૭૫૩. તેને માત્ર ખાવાનો કોળીઓ જોઈએ છીએ. તેને ખુદા જોતો નથી. નિર્જીવ ચિત્ર આગળ ખાવાની રકાબીઓ ન રાખ.

૨૭૫૪. દરવેશ કે જેને માત્ર ખાવાનુંજ જોઈએ છીએ. તે જમીન ઉપરની મચ્છી (જેવો) છે. તેનું રૂપ મચ્છીનું છે, (પણ) તે દરિયાથી દૂર નાસે છે.

૨૭૫૫. તે પાળેલો મરઘો છે, તે હવાનો બાજ નથી. તે (ખાવામાં) મીઠી વસ્તુ આરોગે છે, તે ખુદામાંથી ખાતો નથી.

૨૭૫૬. તે નફો મેળવવા ખુદાને ચાહે છે, ખુદાની રહેમતો અને મહાનતાને ચાહતો નથી.

૨૭૫૭. જો તે એમ ધારે કે તે (ખુદાઈ) અર્ક સાથે મહોબતમાં છે, તો (ખુદાઈ) નામો અને સંબંધો એ અર્ક નથી.

૨૭૫૮. ગુણોમાં, વ્યાખ્યામાં વિચાર અટવાઈ જાય છે, ખુદા કહી શકાય તેવો નથી. તે "લમ યુલદ" છે.

૨૭૫૯. તે કે જે પોતાની ધારણા અને વિચારના પ્રેમમાં છે, તે જે ઉદારતાનો દાતા છે તેનો પ્રેમી કેમ બની શકે?

૨૭૬૦. જો તે ધારણાનો પ્રેમી તેની (ધારણામાં) સાચો હોય તો તે તેની ખોટી સમજને હકીકતમાં દોરવશે.

૨૭૬૧. આ કહેણુની સમજૂતી વિવરણ માગે છે, પણ હું ઘરડા (નબળા) મગજ અંગે બીઉં છું.

૨૭૬૨. ઘરડા અને ટૂંકી સમજ શક્તિવાળાં પોતાના વિચારોમાં સો ખરાબ તરંગો ઉઠાડે છે.

૨૭૬૩. સાચી રીતે સાંભળવાનું દરેક માટે શક્ય નથી. અંજીર દરેક નાના પક્ષીઓ માટે કોળીઓ નથી.

૨૭૬૪. ખાસ કરીને તે પક્ષી કે જે મરેલું, સડેલું, આંધળું, આંખો વગરનું, વૃથા કલ્પનાઓથી ભરેલું (છે).

૨૭૬૫. માછલીના ચિત્રને જમીન કે પાણીમાં શું તફાવત? હિન્દુના રંગને સાબુ કે મોરથુથુમાં શું તફાવત?

૨૭૬૬. જો તું કાગળ પર છબી દિલગીરી ભરેલી ચિત્રે તો તેનાથી દિલગીરી કે ખુશીનો કાંઈ બોધપાઠ નથી.

૨૭૬૭. તેનો દેખાવ દિલગીરી ભરેલો છે પણ તે (દિલગીરીથી) પર છે, (અથવા) તેનો દેખાવ હસતો હોય તો પણ તેને (અંદરની ખુશીની) ભાવના નથી.

૨૭૬૮. અને આ (દુન્યવી) દિલગીરી કે ખુશી જે દીલમાં ચિત્ર રૂપે ચિત્રાઈ ગએલ છે તે નાશવંત છે પણ ચિત્ર કે જે (રૂહાની) ખુશી કે દિલગીરીનું હોય (તે પેલા કરતાં ઉત્તમ છે).

ખુદામાંથી ખાતો નથી.
વ્યાખ્યામાં, ગુણો, માં વિચાર અટવાઈ જાય છે
ખુદા લમ યુલદ - ઉલી શકાય

૨૭૬૯. ચિત્રના હસ્તા હોવાનો દેખાવ તારા પ્રતાપે છે. એટલા માટે કે તે ચિત્ર થકી સાચી સમજણ ધરાવી શકાય.

૨૭૭૦. કપડાં કાઢવાના રૂમની બહારથી આ ગરમ સ્નાનાગાર (માયાવી દુનિયા) ઉપર (નજર પડી) તો તે ચિત્રો કપડાં જેવા દેખાણા.

૨૭૭૧. જ્યાં સુધી તું બહાર છે ત્યાં સુધી તું માત્ર કપડાં છો. ઓ માયાળુ આત્મા કપડાં કાઢ, અને (હકીકતના) નહાવાના હોજમાં દાખલ થા.

૨૭૭૨. કારણ કે તારાં કપડાં સાથે અંદર આવવાનો રસ્તો નથી. શરીર આત્માથી અજાણ છે. કપડાં શરીરથી (અજ્ઞાન) છે.

ખલીફાના અમલદારી અને હજૂરિયાઓ અરબની ભેટ સ્વીકારવા માન આપી આગળ આવ્યા તે વિષે.

૨૭૭૩. અરબ ગાઢ જંગલમાંથી બાદશાહના રાજમહેલના દરવાજે આવી પહોંચ્યો.

૨૭૭૪. બાદશાહના હજૂરિયા તેને મળવા ગયા. તેની છાતીપર માયાળુપણે ગુલાબજળ છાંટ્યું.

૨૭૭૫. વાતચીત કર્યા વગર પણ તેઓ તેને શું જોઈતું હતું તે સમજી ગયા, તેઓનો રીવાજ હતો કે માગ્યા પહેલાં આપવું.

૨૭૭૬. પછી તેઓએ તેને કહ્યું, ઓ અરબના શેખ, તમો કયાંથી આવો છો? મુસાફરી અને (તેના) થાક બાદ (હવે) તમે કેમ છો?

૨૭૭૭. તે કહે, "હું નાયક છું." (જો તમારો ચાહ મેળવવા) ઉત્તેજન આપો તો. હું સાધન વગરનો છું (છતાં) તમો મને તમારી પાછળ મૂકો (દરકાર કરો).

૨૭૭૮. આ તમો, કે જેઓના ચહેરા ઉપર મોટાઈના ચિહ્નો છે, આ તમો, કે જેઓ ઓ તમો કે જેઓની શોભા જાફરના સોનાથી પણ વધુ ખુશી ઉપજાવે છે.

૨૭૭૯. ઓ તું, કે જેની નજર ઘણી નજરોની (બરાબર છે) ઓ તું, કે જેની નજર માત્રથી સોનાના ટૂકડાઓ વેરાઈ જાય છે.

૨૭૮૦. ઓ તમો બધાઓ, કે જેઓ ખુદાના પ્રકાશથી જોવાવાળા બન્યા છો. જેઓ ખુદા તરફથી ભલાઈના માટે આવ્યા છો!

૨૭૮૧. તમો તમારી આંખો નજરના સત્વથી ત્રાંબા જેવા વ્યક્તિગત ઇન્સાન ઉપર નજર ફેરવો છો.

૨૭૮૨. હું અજાણ્યો છું. હું વિશાળ રેતીના રણમાંથી આવું છું. હું સુલતાનની મહેરબાનીની આશાએ આવ્યો છું.

૨૭૮૩. તેની કૃપાની સુગંધ આખા રણ (વિસ્તારમાં) ફેલાણી છે, (તેનાથી) રેતીના કણે કણ જાગૃત થયા છે.

૨૭૮૪. હું આટલી લાંબી મજલે દીનાર માટે આવ્યો છું. જેવો હું અહીં આવ્યો કે આ દેખાવની (ભવ્યતાનો) નશો ચડયો છે.

૨૭૮૫. એક માણુસ પાંઉવાળાને ત્યાં પાંઉ લેવા ગયો. પણુ જ્યારે પાંઉવાળાની ખૂબસૂરતી જોઈ તો તેને ભુતને (પાંઉને) છોડી દીધું.

૨૭૮૬. એક માણુસ આનંદ મેળવવા ગુલાબના બગીચામાં ગયો. તો તે (મજાહ) તેને માળીની ખૂબસૂરતીમાં મેળવી.

૨૭૮૭. રણુના અરબની માફક કે જેણે પાણી કૂવામાંથી મેળવ્યું હતું. તેને જિંદગીના પાણીનો સ્વાદ (સુંદર) યુસુફના ચહેરામાં ચાખ્યો.

૨૭૮૮. હ. મુસા અગ્નિ લાવવા ગયા. પરંતુ તેમને એવો અગ્નિ (નુર) મલ્યું કે તેણે અગ્નિ (શોધવામાંથી) છૂટકારો મેળવ્યો.

૨૭૮૯. હ. ઈસા તેમના દુશ્મનોથી છટકવા ઉભા થયા. તે ઝરો તેઓને ચોથા આસમાને લઈ ગયો.

૨૭૯૦. અર્ધો દાણો (મનાઈ કરેલું ફળ) હ. આદમને માટે છટકું બન્યો. તેથી તેમનું અસ્તિત્વ માણુસ જાત માટે ઘઉંનો કાન (ઓલાદ અસલિયાત) બન્યું.

૨૭૯૧. બાજપક્ષી ખોરાક માટે છટકામાં ફસાય છે, અને તે રાજાની હથેલીનું ખુશનશિબી ભરેલું માન મેળવે છે.

૨૭૯૨. બચ્ચું સ્કૂલે જ્ઞાન મેળવવા જાય છે બાપાની પાસેથી સુંદર પક્ષી (ઇનામ) મેળવવાની આશાએ જાય છે.

૨૭૯૩. પછી સ્કૂલે (જતાં) તે બાળક ઉંચે (દરજ્જે) ચડે છે, દર મહીને સ્કૂલની ફી આપે છે અને (જ્ઞાનમાં) સંપૂર્ણ બને છે.

૨૭૯૪. હ. આહમદ (હ. મુહમ્મદ ર. સ. અ.) ઉપર સરસાઈ મેળવવા વેર વાળવા અને ધર્મ (ઇસ્લામની) વિરૂદ્ધતાઈ કરવા અબ્બાસ લડાઈમાં આવ્યા.

૨૭૯૫. તે અને તેના વંશ જો ખીલાફતમાં (સાચા) મઝહબ (ઇસ્લામમાં) આગળ પાછળ કયામત સુધી (મદદગાર) બન્યા.

૨૭૯૬. હું આ ન્યાયાલયમાં દોલતની તપાસમાં આવ્યો છું. પણુ જેવો હું ન્યાયાલયમાં દાખલ થયો છું. હું પોતે (રૂહાની) નાયક બન્યો છું.

૨૭૯૭. હું પાંઉ મેળવવાની ખાતર આ પાણી લઈને આવ્યો છું. પાંઉની આશા મને ઉંચામાં ઉંચા સ્થાને લઇ આવેલ છે.

૨૭૯૮. રોટલાએ હ. આદમને સ્વર્ગમાંથી નીચે ઉતાર્યાં. રોટલાએ મને બહેસ્તના રહેવાસીઓ સાથે મેળાપ કરાવ્યો.

૨૭૯૯ હું પાણી અને રોટલાથી (પાર્થિવ ચીજોથી) ફિરસ્તાઓની માફક મુક્ત થયો છું. ફરતા આસમાનની માફક હું (દુન્યવી) ઇચ્છા વગરનો આ ન્યાયાલયમાં ફરી રહ્યો છું.

પાંઉવાળાની - ખુબસુરતી - ભુતને છોડી દીધુ
ગુલાબના બગીચો - માળી ની ખુબસુરતી -
પાણી કૂવામાંથી - યુસુફ પાણીનો સ્વાદની ખુબસુરતી
ચહેરામાં..

૨૮૦૦. ખુદાની મહોબત કરવાવાળા આત્માઓ અને શરીરો સિવાય કોઈ વસ્તુ હીલચાલ વગરની આ દુનિયામાં નથી.

આ દુનિયાનો ચાહક જાણે એવો છે કે દીવાલ પર પડતા તાપનો ચાહક કે જે તેજ અને શોભા દીવાલમાંથી આવતા નથી પણ સૂર્યના ગોળામાંથી આવે છે તે જોવા કાંઈ પોતાનું બધું ધ્યાન દીવાલ તરફ રાખે છે, અને પરિણામે તે કાર્ય કે શ્રમ કરતો નથી, જ્યારે તડકો સૂર્યમાં સમાઈ જાય છે (સૂર્યઅસ્ત થાય છે) ત્યારે તે કાયમ માટે નિરાશામાં મૂકાઈ જાય છે. "તેઓએ ઇચ્છેલી અટકાવત તેઓ વચ્ચે સૂકવામાં આવી છે

૨૮૦૧. જેઓ તેના ભાગને ચાહે છે તેઓ 'કુલ્લ' ને ચાહનારા નથી. જેઓ ભાગને ચાહે છે તેઓ 'કુલ્લ' ને મેળવવામાં નિષ્ફળ ગયા છે.

૨૮૦૨. જ્યારે ભાગ. બીજા ભાગ સાથે મહોબતમાં પડે છે ત્યારે મહોબતની વસ્તુ 'કુલ્લ' તરફ જાય છે.

૨૮૦૩. તે ખાસનો ચાહનાર બીજા ગુલામનો હાંસીપાત્ર બને છે, તે (પોતાથી નબળો) ને પકડીને ડૂબતો હોય છે.

૨૮૦૪. તે ચાહક (ગુલામને) પોતાની આપ મુખત્યારી હોતી નથી. કે જેથી તે પોતાની સંભાળ રાખી શકે. તે તેના શેઠનું કામકાજ કરે કે પોતાનું (કરે).

અરેબીક કહેવત " જો તમે સંબંધ રાખવા
માગતા હોતો આઝાદ સ્ત્રી સાથે સંબંધ રાખો
જો તમારે ચોરી કરવી હોય તો સોનાની ચોરી કરો"

૨૮૦૫. જેથી (કહેવામાં આવ્યું) આઝાદ સ્ત્રી સાથે સંબંધ રાખો એ કહેવત બની ગઈ અને "મોતી ચોરો" (એ દષ્ટાંતીય) (અર્થમાં ફેરવાઈ ગઈ.)

૨૮૦૬. (પ્રેમાળ) ગુલામ તેના શેઠ પાસે ચાલ્યો ગયો. તે (ચાહક) દુઃખમાં ડૂબી ગયો ગુલાબની સુવાસ પાછી ગુલાબમાં ગઈ તે કાંટા સાથે રહી ગયો.

૨૮૦૭. તે તેની ઇચ્છીત વસ્તુથી દૂર રહી ગયો તેની મહેનત એળે ગઈ. સખત પરિશ્રમ નકામો ગયો. તેના પગને ઝખમો થયેલાં (દુઃખ થયેલું)

૨૮૦૮. શિકારી કે જે પડછાયાને પકડે છે તેની માફક પડછાયો તેની મિલ્કત કેમ બનશે?

૨૮૦૯. માણસે પક્ષીના પડછાયાને સખત રીતે ઝાલ્યો હતો. (જ્યારે) પક્ષી ઝાડની ડાળીએ આશ્ચર્યમાં ગરકાવ થઈ (જોતું) હતું.

૨૮૧૦. (ધારતું હતુ) હું અજાયબ થાઉં છું કે આ ફરી ગએલા મગજવાળો કોના તરફ હસી રહ્યો છે? આ તારીજ મૂર્ખાઈ છે. આ અનર્થ છે.

ભાગ સાથે બીજો ભાગ જોડાય → મહોબત ને કુલ્લ.
ભાગને ચાહે તો કુલ્લને ચાહનાર નહિ.

૨૮૧૧. અને જો તમે કહો કે ભાગનો 'કુલ્લ' સાથે સંબંધ છે તો (પછી) કાંટા આરોગ. કાંટા ગુલાબ સાથે સબંધિત છે.

૨૮૧૨. માત્ર એક દલીલ સિવાય, તે (ભાગ) 'કુલ્લ' સાથે સંકળાએલ નથી. નહિતર ખરેખર, પયગમ્બરોનું નસીહત કરવું નકામું હોત.

૨૮૧૩. જેવી રીતે પયગમ્બરોને (ભાગને કુલા સાથે) જોડવા મોકલવામાં આવ્યા. તો પછી કેવી રીતે (પયગમ્બરો) તેઓ એક શરીર બન્યા પછી જોડે?

૨૮૧૪ આ હકીકતનો અંત નથી, ઓ છોકરા, આજે મોડું થયું છે, વાર્તા પૂરી કર.

અરબની ભેટ એટલે, પાણીનો કુંજો ખલીફાના નોકરોને અપર્ણ કરવો.

૨૮૧૫. તેણે પાણીના કુંજાને ભેટ તરીકે રજૂ કર્યો. તેણે તે મહાન દરબારમાં આધિનતાનાં બી વાવ્યા.

૨૮૧૬. તેણે કહ્યું, "આ ઇનામ ઉંચકીને સુલતાનને પહોંચાડો. રાજાના અરજદારોને ગરીબાઈમાં ખરીદ કરો.

૨૮૧૭. આ મીઠું પાણી અને આ નવો લીલો કુંજો છે, તેમાંનું થોડું ખાઈમાંથી ભેગું કરેલું છે.

૨૮૧૮. અમલદારો આથી હસ્યા, પણ તેઓએ તે સ્વીકાર્યું (જાણે કે તે) જિંદગી જેવું કિંમતી હોય.

૨૮૧૯. પેલા ભલા અને સમજુ રાજવીએ પોતાની કૃપાની દરેક અમલદાર ઉપર અસર ઉપજાવી હતી.

૨૮૨૦. રાજાના સ્વભાવની તેની રૈયત પર અસર પડી હતી. હરીયાળું આકાશ પૃથ્વીને સુશોભિત બનાવે છે.

૨૮૨૧. રાજાને દરેક દિશાએ (વહેરાવતા) નળના હોજની માફક સમજ, અને (દરેક) નળમાંથી કૂદકા મારતું પાણી દોડે છે.

૨૮૨૨. જો પાણી ચોકખા હોજમાંથી બધા (નળમાં) વહે તો દરેક મીઠું પાણી સ્વાદીષ્ટ પીણું પાય છે.

૨૮૨૩. પણ જો હોજનું પાણી કાળું અને ગંદુ હોય દરેક નળ તેવા જ દેખાવનું બહાર લાવે છે.

૨૮૨૪. કારણ કે દરેક નળ હોજથી સંધાએલ છે. આ શબ્દોના અર્થ (સમજવામાં) ડુબકી માર, ડુબકી માર.

૨૮૨૫. ઘર વગરના આત્મા પર બાદશાહી દયા (કેટલી છે તે સમજ) (કે જેણે) શરીર ઉપર કેવી અસર ઉત્પન્ન કરી છે.

હોજનું પાણી - ચોકખુ - બધા નળમાંથી - ચોકખુ મીઠું પાણી,

૨૮૨૬. સમજની રહેમત થકી કે જે કુદરતની ભલાઈ છે, જે ભલાઈ વંશમાં (પણ) હોઈ આખા શરીરને કાયદાપણામાં લાવે છે.

૨૮૨૭. પ્રેમ, અસભ્ય, કાણુ વગરનો, આરામ વગરનો, આખા શરીરને ગાંડપણુમાં ફેંકે છે.

૨૮૨૮. હૌજે કવસર માફક જે સમુદ્રના પાણીની ચોકખાય છે તેના બધા પથ્થર મોતી અને જવાહીરો છે.

૨૮૨૯. શિક્ષક જે પણુ વિજ્ઞાન શીખવે છે તેના વિદ્યાર્થીઓના આત્મા તેજ ગ્રહે છે.

૨૮૩૦. ખુદાઈ જ્ઞાન શીખવનાર શિક્ષકથી ઉમંગી અને ઉદ્યોગી વિદ્યાર્થી ખુદાઈ જ્ઞાન શીખે છે.

૨૮૩૧. કાયદા શીખવનાર શિક્ષકથી તે કાયદા શીખનાર વિદ્યાર્થી કાયદાશાસ્ત્ર વાંચશે. જ્યારે તે ખુદાઈ જ્ઞાન શીખવવાને બદલે તે શીખવાડે છે.

૨૮૩૨. વ્યાકરણુનો શિક્ષક તેના વિદ્યાર્થીના આત્મામાં વ્યાકરણુ રંગી દેશે.

૨૮૩૩. ફરી જ્યારે શિક્ષક (સૂફીના) રસ્તે તલ્લીન થએલો હશે તો તેના પ્રતાપે તેના વિદ્યાર્થીનો આત્મા બાદશાહ (ખુદામાં) તલ્લીન બની જશે.

૨૮૩૪. આ બધી જુદી જુદી જાતના જ્ઞાનમાં મરણુને દિવસે (ઉત્તમ) સાધન અને રસ્તાનું ભાતું (રૂહાની) ગરીબાઈનું જ્ઞાન છે.

વ્યાકરણુ શાસ્ત્રી અને હોડીવાળા વચ્ચે શું બન્યું.

૨૮૩૫. અમુક વ્યાકરણુ શાસ્ત્રી હોડીમાં બેઠો. પોતાની બડાઈખોરી કરતો હોડીવાળા તરફ ફર્યો.

૨૮૩૬. અને કહે, તું કદી વ્યાકરણુ શીખ્યો છે? તેણે જવાબ આપ્યો 'ના' પેલો કહે, તારી અર્ધી જિંદગી પાણીમાં ગઈ.

૨૮૩૭. હોડીવાળો દિલગીરીમાં હ્રદયભગ્ન બન્યો, પણ તે વખતે તે જવાબ દેતાં અટકી ગયો.

૨૮૩૮. પવને હોડીને વમળમાં ફસાવી. હોડીવાળાએ જોરથી વ્યાકરણુ શાસ્ત્રી તરફ બૂમ પાડી.

૨૮૩૯. મને કહે, કેવી રીતે તરવું તે તું જાણે છે? તે કહેઃ ના. અરે ભલા મીઠી ભાષા બોલનાર સુંદર યુવાન!

૨૮૪૦. તે કહે, એ વ્યાકરણુ શાસ્ત્રીજી તમારી આખી જિંદગી પાણીમાં ગઈ આ વમળમાં હોડી ડૂબી રહી છે.

૨૮૪૧. જાણુ કે અહીં પોતાને ભુસી નાખવું જરૂરી છે. વ્યાકરણુ નહિ. જો તું પોતાને મારી શકયો છે તો દરિયામાં બીક વગર ભૂસકો માર.

૨૮૪૨. દરિયાનું પાણી મરેલા માથા પર (તરતો) ઉપર રાખે છે, પણુ જો તે જીવતો હોય તો દરિયાના પાણીમાં કેવી રીતે બચી શકશે?

પોતાને ભૂસી નાખ વ્યાકરણ નહીં. મરણના દિવસે (રૂહાની ગરીબાઈનું જ્ઞાન) રસ્તાનું ભાતું.
વ્યાકરણનો શિક્ષક વિદ્યાર્થીના આત્મામાં વ્યાકરણ રંગી દેશે.

૨૮૪૩. તેવી જ રીતે જો તું નફસના સબંધીઓથી મરી ગયો તો (દૈવી) હોશિયારીનો સાગર તેનો પોતાનો મુગટ તને પહેરાવશે.

૨૮૪૪. (પણ) ઓ તું, કે જે માણસને ગધેડો કહે છે, (તો) આ વખતે તને પણ ગધેડાની માફક બરફ પર મૂકી દીધો છે.

૨૮૪૫. જો તું ચાલુ જમાનામાં દુનિયામાં સૌથી વધારે ભણેલો છે (તે છતાં પણ) આ દુનિયાનું પસાર થઈ જવું આજ વખતે યાદ રાખ.

૨૮૪૬. જોકે અમોએ વ્યાકરણ શાસ્ત્રીની (વાત) કહી, એટલા માટે કે અમે તને પોતાનું ૦ નહિવતપણાનું વ્યાકરણ શીખવીએ.

૨૮૪૭. ઓ ખુદીને ઓછી કરનાર માનવંતા દોસ્ત ! તું કાયદાની હોશિયારીમાં કાયદાની હોશિયારી વ્યાકરણમાં વ્યાકરણ, અને બધા જ્ઞાનમાં.

૨૮૪૮. પાણીનો કુંજો એ આપણું જુદી જુદી જાતનું જ્ઞાન છે, અરે બાદશાહ એ ખુદાઈ જ્ઞાનનો ટીગ્રીઝ (દરિયો) છે.

૨૮૪૯. આપણે પાણીનો જગ દરિયા પાસે લઇ જઈએ છીએ. તે જો જાણતા ન હોઈએ તો આપણે ગધેડા છીએ. (જાણ કે) ગધેડા જ છીએ.

૨૮૫૦. આટલું છતાં અરબ તો માફીને પાત્ર છે, કારણ કે તે દજલાથી મહાન નદીથી અજ્ઞાત હતો.

૨૮૫૧. જેમ આપણે દરિયાથી વાકેફ છીએ તેમ તે વાકેફ હોત તો તે (પાણીનો) કુંજો એકથી બીજી જગ્યાએ લઈ ગયો ન હોત.

૨૮૫૨. બલકે જો તે દરિયાથી ખબરદાર હોત તો પથ્થરથી પેલા કુંજાના ટુકડા કરી નાખ્યા હોત.

તે પાણીના કુંજાને અંગે ઈનામને પાત્ર નથી એમ સજવાને બદલે બાદશાહનું ભેટ સ્વીકારવું અને ઇનામ.ની નવાજીશ કરવી.

૨૮૫૩. જ્યારે બાદશાહે (ભેટ) જોઈને અને તેની વાત સાંભળી ત્યારે તેણે તે કુંજો સોનાથી ભરી દીધો. અને (બીજી ભેટો) ઉમેરી.

૨૮૫૪. તેણે (બાદશાહે) અરબને ગરીબાઈમાંથી છોડાવ્યો. તેણે તેને ભેટો અને માનવંતો પોષાક અર્પણ કર્યો.

૨૮૫૫. કહે, આ કુંજાને સોનાથી ભરી દઈ તેના હાથમાં આપો. જ્યારે તે ઘર તરફ પાછો ફરે ત્યારે ટીગ્રીસ (નદીને) રસ્તે પાછો મોકલો.

૨૮૫૬. તે અહીં રણના રસ્તે જમીન પર મુસાફરી કરીને આવ્યો. નદી રસ્તે જતાં તેને (તેનુંઘર) વધુ નજદીક થશે.

૨૮૫૭. જ્યારે તે અરબ વહાણમાં બેઠો, અને તીગ્રીઝનદી જોઈ તે શરમમાં માથું ઝૂકાવી સીજદા કરવા મંડી પડયો.

નહિવત પણા નું વ્યાકરણ.

૨૮૫૮. કહે, તે કૃપાળુ સુલતાનનું માયાળુ પણું અજબ છે, અને વધુ અજબ તો તે છે કે તેણે પાણી સ્વીકાર્યું.

૨૮૫૯. ઉદારતાના સાગરે આટલી જલ્દીથી આના જેવો ઘસાઇ ગએલો સિક્કો કેમ સ્વીકાર્યો ?.

૨૮૬૦. ઓ પુત્ર જાણ કે આ જે કાંઈ બ્રહ્માંડમાં છે તે કુંજો છે જે ડહાપણ અને સુંદરતાથી ભર્યો છે.

૨૮૬૧. તેની ખૂબસૂરતી ટીગ્રીસના એક પાણીના ટીપા જેટલી છે, કે જે (ખૂબસૂરતી) તેના સંપૂર્ણપણાને અંગે ચામડાની અંદર સમાએલી નથી.

૨૮૬૨. તે છૂપો ખજાનો હતો, તેના સંપૂર્ણ પણાને અંગે છલકાઇ ગયો. અને આ દુનિયા સ્વર્ગ કરતાં પણ વધુ ખૂબસૂરત બની.

૨૮૬૩. તે છુપો ખજાનો હતો, તેના સંપૂર્ણ પણાને અંગે છલકાઈ ગયો અને પૃથ્વીને સાટીન પહેરેલ બાદશાહ માફક (સુશોભિત કરી).

૨૮૬૪. અને જો તેણે (અરબે) ટીગ્રીઝની સાખા (પણ) જોઈ હોત તો તેણે કુંજાનો નાશ કર્યો હોત, તેનો નાશ કર.

૨૮૬૫. જે તેઓએ જોયું તે હંમેશાં તેમની બાજુમાં જ હોય છે, જેમ પોતે પોતાની નજીક હોય, તેઓએ કુંજા તરફ પત્થર ફેંકયો (પોતાની ખુદી તરફ)

૨૮૬૬. ઓ તું, કે જેણે અદેખાઈથી કુંજા તરફ પત્થર ફેંકયો છે. તો કુંજો પત્થર વાગવાના પ્રતાપે વધુ સંપૂર્ણ (મજબુત) બન્યો છે.

૨૮૬૭. બરણીના ટૂકડા થયા છે, પરંતુ તેમાંથી પાણી ઢોળાતું નથી. આના ટકરાવાથી હજારો અવાજો ઉત્ન્ન થયા છે.

૨૮૬૮. કુંજાના દરેક ટૂકડા એના આનંદમાં નાચે છે, જોકે જાહેરી દૃષ્ટિ તે સુખાઇ ભરેલું લાગે છે.

૨૮૬૯. (અત્યાનંદ) ની હાલતમાં ન તો જગત નજરે પડે છે ન તો પાણી, સારી રીતે ગણત્રી કર, માત્ર ખુદા જ ખરેખર સત્ય જાણે છે.

૨૮૭૦. જ્યારે તું સત્યનો દરવાજો ખખડાવીશ. ત્યારે તે તારા માટે ખુલશે. વિચારોની પાંખ ફફડાવ, એટલા માટે કે તું બાદશાહનો બાજપક્ષી બને.

૨૮૭૧. તારા વિચારની પાંખ ગારા ભરેલી ભારે બની છે, કારણકે, તું માટી ખાનાર છે, માટી તારો ખોરાક બન્યો છે.

૨૮૭૨. પાંઉ અને માંસ એ (અસલ) માટી જ છે, માટે તું થોડું ખા. કે જેથી તું માટીની માફક દુનિયા ઉપર પડયો ન રહે.

૨૮૭૩. જ્યારે તું ભૂખ્યો થાયછે, ત્યારે તું કૂતરો બને છે, તું ઝનુની ખરાબ સ્વભાવવાળો અને ટેવો વાળો બને છે.

બ્રહ્માંડ છે = કુંજો છે.

સત્યનો દરવાજો ખખડાવ તો ખુલશે.

છુપો ખજાનો → સંપૂર્ણપણાના લીધે છલકાઈ ગયો.

૨૮૭૪. જ્યારે ખાઈ ને તું ધરાઈ ગયો હોય છે ત્યારે મરેલા માંસ જેવો બને છે, તું ખરી સમજણુથી દૂર અને પગ વગરનો દિવાલ જેવો (નકામો) બને છે.

૨૮૭૫. તેથી કોઈ વખતે તુ. મુડદાલ માંસ (જેવો) બને છે અને બીજી વખત કૂતરો. તું સિંહના રસ્તે સારી રીતે કેમ દોડી શકીશ (દરવેશીના રસ્તે)

૨૮૭૬. તારૂં શિકાર કરવાનું માત્ર પ્રયોજન કૂતરો (નફસે અમ્મારા છે) કૂતરા તરફ હાંડકાં ફેંક પણુ ક્યારેક.

૨૮૭૭. કારણુકે જો કૂતરાએ ખાઈને પેટ ભરી લીધું હશે તો તે બળવો કરશે તો તે શાહી શિકાર પાછળ કેવીરીતે દોડી શકશે ?

૨૮૭૮. ખોરાકની તમન્ના પેલા અરબને (બાદશાહના) દરબારમાં લઈ ગઈ. અને (ત્યાં) તેને પોતાનું ખુશનશીબ સાંપડયું.

૨૮૭૯. જેનો કોઈ આધાર નહિ હતો તેવા (અરબની) વાત આપણે કહી રહ્યા છીએ, કે જેના તરફ બાદશાહે રહેમદિલી બતાવી.

૨૮૮૦. (ખુદાની) મહોબતમાં માણુસ જે કાંઇ બોલે છે, તે મહોબતના અવકાશમાં તેના મોઢામાંથી મહોબતની સુવાસ પ્રસારે છે.

૨૮૮૧. જો તે ખુદાઈ જ્ઞાન ઉપર બોલે છે તો તે (રૂહાનીયત) ગરીબાઈમાં ફેરવાઈ જાય છે, તે માણુસની મીઠી અને કડવી વાતોમાં (રૂહાની) ગરીબાઈની વાસ આવે છે.

૨૮૮૨. અને જો તે નાસ્તિકતા ભર્યું બોલે છે તો તેમાં સત્ય ધર્મની સુવાસ આવે છે અને જો વહેમ ભર્યું બોલે તો તે શક ભરેલી વાત ચોકસાઈમાં ફેરવાઈ જાય છે.

૨૮૮૩. સચ્ચાઈના સમુદ્રમાં જક્કી ફીણો ઉદય પામ્યા છે, તો ખાટાં ફીણો ચોકખા ઝરામાંથી બન્યા છે.

૨૮૮૪. જાણુ, કે તે ફીણુ ચોખ્ખાં અને કિંમતી છે, જાણુ કે ભૂંડા શબ્દો પ્યારાની જીભથી (બોલાએલા) છે.

૨૮૮૫. (ચાહક) કે જે તેણીના ગાલનો તલબગાર છે તેને તેણીના નહિ બોલેલા શબ્દો પણુ મીઠા લાગશે.

૨૮૮૬. જો તે (ખુદાઈ ચાહક) જુઠું બોલે છે તો પણુ તે સત્ય લાગે છે, ઓ સરસ જુઠાણું ! જે સત્ય જેટલું પ્યારૂં છે.

૨૮૮૭. જો તું (મીઠાઈ) બનાવવા સાકરને રોટલાના રૂપમાં ફેરવીશ, તો જ્યારે તું તેને ચૂસે છે ત્યારે સાકરનો સ્વાદ મળશે, રોટલાનો નહિ.

૨૮૮૮. જો સાચા ઈમાનદારને સોનાની મૂર્તિ મળે તો પણુ તે તેને પૂજવા માટે ત્યાં કેમ રહેવા દેશે ?

૨૮૮૯. ના, તે તેને ઉંચકી લેશે, અને તેને અગ્નિમાં નાખી દેશે. તે તેને ભાંગી નાખશે, તેના ઉછીના (ખોટા) રૂપનો (નાશ કરશે).

બરેમશક, → ચોખાંકડરુ ખુદાઈ સત્ય ઉપર બોલે તો તે રૂહાનીયત ગરીબાઈમાં ફેરવાય.
કડવું આઈ → સત, ધર્મનો સુવાસ આવે છે. સાકરને રોટલામાં નાખશો તો પણ સાકરનો સ્વાદ, રોટલાનો X.

૨૮૯૦. એટલા માટે કે મૂર્તિનો આકાર સોના ઉપર રહે નહિ. કારણ કે રૂપ (સત્ય શોધવામાં) અડચણ અને અટકાયત કરે છે.

૨૮૯૧ તેના સોનાનું સત્વ એ માલિકનું સત્વ છે. સોનાના સિક્કા પર મૂર્તિની છાપ એ તો ઉછીની છે.

૨૮૯૨. જુની ખાતર ધાબળાને બાળતો નહિ. ડાંસના દુખાવાના અંગે દિવસને (નકામો) જવા ન દેતો.

૨૮૯૩. જો તું રૂપના (બંદીવાસમાં) રહીશ તો તું મૂર્તિપૂજક છો. (મૂર્તિના) રૂપને છોડી દે અને 'સત્ય' તરફ જો.

૨૮૯૪. જો તું હજ કરવા જવાવાળો છો તો જાત્રાળુનો સાથ કર. ભલે પછી તે હિન્દુ હોય તુર્ક કે આરબ (હોય).

૨૮૯૫ તેના આકાર અને રંગ તરફ ન જોતો તેના ઈરાદા અને ધારણા તરફ જો.

૨૮૯૬. જો કે તે કાળો (પણ) હોય તો પણ તે તને અનુકૂળ છે તેને સફેદ કહે, કારણ કે (રૂહાની) રીતે તેનો ચહેરો તારા જેવો જ છે.

૨૮૯૭. આગળ પાછળ આ વાત કહેવાય ગઈ છે, જેમ પ્રેમીઓનાં કૃત્યો હાથપગ વગરનાં (દેખાય સમજી ન શકાય તેવાં)

૨૮૯૮. તેને માથું નથી કારણ કે અનંતતાની પણ પહેલા હસ્તિ હતી. તેને પગ નથી. તેને અનંતકાળ સાથે સંબંધ છે.

૨૮૯૯. ના. તે પાણી માફક છે. દરેક ટીપું હાથ અને પગ છે. અને તેજ વખતે તે બન્નેના વગર (પણ).

૨૯૦૦. આ કાંઈ વાતો નથી. તે યાદ રાખ. ખુદા મનાઈ કરે છે! આ મારૂં અને તારૂં દિલ (દર્શાવતું) ચલણી નાણું છે. (તેને) બરાબર સમજ.

૨૯૦૧. કારણ કે સૂફી (તેના રૂહાની દૃષ્ટિના અંગે) મહાન અને દિવ્ય છે. ભૂતકાળ યાદ રાખવામાં આવતો નથી (ભૂલી જાય છે).

૨૯૦૨. આપણે અરૂજ અને કુંજો અને રાજા બન્ને છીએ. આપણે બધું છીએ. જેને તેનાથી (સત્યથી) હાંકી કાઢવામાં આવ્યો, હાંકી કાઢવામાં આવશે.

૨૯૦૩. જાણ કે સમજ એ ધણી છે, લોભ અને કંજૂસાઈ એ સ્ત્રી, આ બન્ને કાળા અને (સમજણથી) ના મુકર જનાર છે, સમજણ એ બતી છે.

૨૯૦૪. તેઓની ના મુકર જવાની અસલિયાત કે જ્યાંથી તે ઉદય પામે છે તે હવે સાંભળ, આખાને જુદા જુદા ભાગો છે તે ખરૂં છે.

૨૯૦૫. આખાના ભાગો નો સંબંધ આખાના ભાગ સાથે નથી (તેઓ) જાણે કે ગુલાબની સુવાસ છે. કે જે ગુલાબનો ભાગ છે.

૨૯૦૬. બધા લીલા છોડવાઓ ગુલાબની ખૂબસૂરતીના ભાગ છે. હોલાનું કુ બુલબુલનો ભાગ છે.

મૂર્તિના રૂપને છોડ → સત્ય તરફ
મૂર્તિનો આકાર → સોના ઉપર ન રહે
સોના ઉપર છાપ ઉછીની. (સત્ય). સોનાનું સત્ય :- માલિકનું સત્ય.

૨૯૦૭. જો હું મુશ્કેલ સવાલો અને જવાબોમાં ગૂંચવાઈ જાઉં તો હું તરસ્યાને પાણી કેમ આપી શકું ?

૨૯૦૮. જો તું ગૂંચવણ અને આફતમાં ફસાયો હોય તો (પણ) ધીરજ ધર, ધીરજ આનંદની ચાવી છે.

૨૯૦૯. ગુંચવણ ભરેલા વિચારોમાંથી મુક્ત રહે, મુક્ત રહે, વિચાર એ સિંહ અને જંગલી ગધેડા (માફક) છે. (માણસોનાં) દિલ ઝાડી છે

૨૯૧૦. કાર્યોમાં પરહેજી દવા કરતાં વધુ ઉત્તમ છે, ઉજરડા ખંજવાળથી વધે છે.

૨૯૧૧. પરહેજી એ દવાનો ચોક્કસ મુખ્ય નિયમ છે, પરહેજી રાખ અને આત્માની શક્તિ જો.

૨૮૧૨. આ મારા શબ્દો ખુલ્લા કાન રાખી સાંભળ, કે જેથી હું તારા માટે કાનની સોનાની વાળી બનાવું.

૨૯૧૩. (પછી) તમે ચંદ્રમાં કે જે સોનામાં કાર્ય કરે તેના કાનની વાળી બનશો.

૨૯૧૪. પહેલાં સાંભળ અને (શીખ) કે જુદી જુદી પેદા થએલી હસ્તિઓ રૂહાની રીતે જુદી જુદી છે, જેમ 'યા' અને 'અલીફ'.

૨૯૧૫. જુદી જુદી અસરોમાં જુદાપણું છે. અને અચોક્કસતા જો કે એક રીતે તેઓ પગથી માથા સુધી એકજ છે.

૨૯૧૬. એક રીતે જોતાં એક બીજાથી વિરોધી છે બીજી રીતે જોતાં તેઓ ભેગા થએલા છે. એક રીતે તેઓ મશ્કરી છે બીજી રીતે જોતાં તેઓ ખરા દિલના છે.

૨૯૧૭. તેથી કયામત તે છે કે જે દિવસે ખાસ તપાસ થશે, તપાસની ઈચ્છા કરનારો તેજ છે કે જે મહાન અને કૃપાળુ છે.

૨૯૧૮. જે કોઈ છેતરનાર હિન્દુ જેવો છે, તેના માટે (પાપ) ખુલ્લા કરવાનો દિવસ એ તપાસનો દિવસ છે.

૨૯૧૯. જેમ કે તેનો ચહેરો સૂર્યની માફક (ચમકતો) નથી તે બુરખાની માફક રાતનો જે તલબગાર હોય છે.

૨૯૨૦ જ્યારે તેના કાંટાને ગુલાબના ફૂલનું એકપણ પાન નથી. વસંત તેના અંતઃકરણ માટે દુશ્મન છે.

૨૯૨૧. જ્યારે તે કે જે પગથી માથા સુધી ગુલાબો અને કમળો છે તે વસંતને ચમકતી આંખોની જોડી માફક (આવકારે છે).

૨૯૨૨. રૂહાનીયત વગરનો કાંટો પાનખર ઋતુ ઈચ્છે છે, ગુલાબના બગીચાના (હરીફ તરીકે) તે તેને હડસેલે.

૨૯૨૩. અને તે (પાનખર) (ગુલાબ) ની સુંદરતાને ઢાંકે અને (કાંટાની) શરમને, કે જેથી તું આ અને તેનો રંગ જોઈ ન શકે.

૨૯૨૪. તેથી પાનખર (કાંટાની) વસંત અને જિંદગી છે, (તેથી તેઓને) પથ્થર અને માણેક એક જ દેખાય છે.

જુદી જુદી પેદા થયેલી હસ્તીઓ - રૂહાની રીતે જુદી જુદી છે.
જુદી જુદી અસરોમાં જુદાપણું છે.
[illegible]

૨૯૨૫. સાળી પાનખરમાં પણ આ ફેરફાર જુએ છે. પણ તેની (ખુદાની) દષ્ટિ સારી દુનિયાની દષ્ટિ કરતાં વધુ બહેતર છે.

૨૯૨૬. ખરેખર પેલો એક જ શખ્સ (આખી) દુનિયા છે. તે દષ્ટતાથી માહિતગાર નથી. દરેક તારાઓ ચંદ્રમાના એક ભાગ છે.

૨૯૨૭. તેથી જ દરેક સારૂ રૂપ અને આકાર બૂમો પાડતું હોય છે, શુભ સમાચાર શુભ સમાચાર વસંત અહીં આવી રહી છે!

૨૯૨૮. જ્યાં સુધી મોર બખ્તરની માફક અગારા મારે છે ત્યાં સુધી ફળો પોતાની ગાંઠો કેમ બનાવી શકશે?

૨૯૨૯. જ્યારે મોર ખર્યો ત્યારે ફળનું માથું બહાર આવ્યું જ્યારે શરીરના ટૂકડા થઈ ગયા ત્યારે રૂહ પોતાનું માથું ઉંચકે છે.

૨૯૩૦. ફળ જ ખરી ચીજ છે. મોર તો તેનું રૂપ છે. મોર એ સારા સમાચાર છે, ફળ તેની બક્ષિસ છે.

૨૯૩૧. જ્યારે મોર ખરી પડયો ફળ દેખાવમાં આવ્યું જ્યારે તે અદશ્ય થયું ત્યારે આનું વધવાનું થયું.

૨૯૩૨. પાંઉ જ્યારે ટૂકડા ટૂકડા ન થયું ત્યાં સુધી તે તાકાત કયાંથી આપી શકે? (દ્રાક્ષનું) નહિ છુંદાએલું ઝુમખું દારૂ કેવી રીતે ઉત્પન્ન કરશે?

૨૯૩૩. દવા સાથે હરડે મેળવવામાં ન આવે તો તે દવા પોતાની મેળે શક્તિ વર્ધક કેમ બનશે?

(રૂહાની રાહનુમા) પીરની મહાનતા અને તેને તાબે થવાની (ફરજ) વિષે,

૨૯૩૪. આ સત્યની શોભા હીસ્સામુદીન એક બે કાગળ લે અને પીર વિષે કવિતામાં લખાણ ઉમેર.

૨૯૩૫. જોકે તારી નાજુક કાયામાં શક્તિ નથી છતાં સૂર્ય (આત્મા) વગર આપણી પાસે પ્રકાશ નથી.

૨૯૩૬. જો કે તું બત્તીની પ્રકાશિત વાટ બન્યો છે. છતાં તું જ (મારા) દિલનો આગેવાન છે. તું જ (સાંધનાર) દોરાનો છેડો છે.

૨૯૩૭. જ્યારે દોરાનો છેડો તારા હાથમાં અને ઈચ્છામાં છે, દિલના હારના મણકા (રૂહાની જ્ઞાન) તારી ઉદારતામાંથી છે.

૨૯૩૮. પીર (રાહનુમા) કે જે રસ્તો જાણે છે તેની હકીકત લખવા માંડ. મુરશિદ પસંદ કર, અને તેને રસ્તા માટેનું સત્વ સમજ.

૨૯૩૯. મુરશિદ ગ્રીષ્મઋતુ (માફક) છે. જ્યારે (બીજા) માણસો પાનખર ઋતુના મહિના છે. (બીજા) માણસ રાત્રિ માફક છે જ્યારે મુરશિદ ચંદ્રમા છે.

પેલો એક શખ્સ → આખી દુનિયા છે.
સૂર્ય (આત્મા) ના પ્રકાશ,
બત્તીની પ્રકાશીત વાટ છે.

૨૯૪૦. મેં (મારા) યુવાન કિસ્મતને 'પીર' ના નામની નવાજીશ કરી છે કારણ કે તે સત્યથી મહાન બન્યા છે, ઉમરને પ્રતાપે (મોટા) નહિ.

૨૯૪૧. તે એટલો વૃદ્ધ છે કે તેની શરૂઆત જ નથી. આવા અમૂલ્ય મોતીની જોડ જ નથી.

૨૯૪૨. ખરેખર જુનો દારૂ વધુ શક્તિ વાળો છે. ખરેખર જુનું સોનું વધારે કિંમતી છે.

૨૯૪૩. મુરશિદ પસંદ કર. કારણકે મુરશિદ વગર આ મુસાફરી આફતકારક, ભયજનક અને બિહામણી છે.

૨૯૪૪. જે રસ્તા પર તેં ઘણીવાર મુસાફરી કરી છે, તે રસ્તા પર પણ વળાવા વગર તું ગૂંચવાઈ જઈશ.

૨૯૪૫. તો પછી તે રસ્તો કે જેં તેં કદી દીઠો નથી. તે રસ્તા પર એકલો મુસાફરી ન કર. રાહનુમાથી તારૂં મોઢું ફેરવી ન લે.

૨૯૪૬. જો તેનો પડછાયો (રક્ષણ) તારા ઉપર ન હોય (તો તુ) મુર્ખ છો. તો પછી, ભૂતની રાડ તારૂં માથું વમળમાં ફેરવશે.

૨૯૪૭. ભૂત તને રસ્તામાં લલચાવશે અને વિનાશમાં ફેંકી દેશે. તારા કરતાં ઘણા વધુ ચાલાકીવાળા આ રસ્તામાં (દયાજનક રીતે નાશ પામ્યા છે)

૨૯૪૮. મુસાફરોની સત્યાનાશી કુરાનમાંથી સાંભળ (વાંચ) શાપિત આત્મા ઇબલીસે તેમને શું કર્યું (તે વાંચ)

૨૯૪૯ તે (તેઓને) રસ્તાપરથી લાખો વર્ષ પાછળ ઉપાડી ગયો. અને તેમને પીછેહટ કરનાર નગ્ન બનાવ્યા.

૨૯૫૦ તેઓનાં હાડકાં અને વાળ તપાસ. (તેનાથી) ચેતવણી લે, અને તારા ગધેડાને તેના તરફ ન હાંક.

૨૯૫૧. તારા ગધેડા (નફસે અમ્મારા)ની ગરદન પકડ, અને તેને સાચવી રસ્તા પર દોરવ. રસ્તાના સાચા માહિતગારો અને તારી કાળજી લેનાર તરફ.

૨૯૫૨. ખબરદાર! તારા ગધેડાને જવા ન દે, તેનાપરથી તારો હાથ હટાવ નહિ. કારણકે તેનો (નફસે અમ્મારાનો)પ્રેમ જ્યાં લીલા છોડવા છે તે તરફ છે.

૨૯૫૩. જો તે દરકાર વગર એકપળ માટે પણ તેને છૂટો મુકયો તો તે લીલોતરીના સંઘની દીશામાં જશે.

૨૯૫૪. આ રસ્તામાં આ ગધેડો (નફસે અમ્મારા) દુશ્મન છે, (તે) ઘાસ સાથે ખૂબજ પ્રેમ ધરાવે છે. અરે તેના ચોકીદારોમાંના ઘણાનો તેણે નાશ નોતર્યો છે.

૨૯૫૫. જે પણ ગધેડો ઇચ્છા કરે અને તે રસ્તો તું જાણતો નહોતો તેનાથી વિરોધ દિશાએ જા. અને તે ચોક્કસ ખરો રસ્તો હશે.

૨૯૫૬. (હ. પયગમ્બર સાહેબે ફરમાવ્યું) તેમની (સ્રીઓની) સલાહ લ્યો. અને પછી તેનાથી ઉલટા ચાલો. જે તેની સલાહ માનતો નથી તે પો નુકશાન ખમશે નહિ.

વૃદ્ધ - જેની શરૂઆત જ નથી,
મોતીની - જોડ નહિ.
(પીરનો) પડછાયો : ૨૯૪૬

૨૯૫૭. (વિષય વાસના) ના આવેગ અને ઇચ્છાના દોસ્ત ન બનો. કારણ કે તે તમોને ખુદાના રસ્તામાંથી ઉંધે દોરવશે.

૨૯૫૮. સાથી મુસાફરોનો પડછાયો (રક્ષણ) સિવાય આ દુનિયામાં આ આવેગને તોડી શકશે નહિ.

હ. પયગમ્બર (સ. અ. વ.) નું હ. મૌલા મુર્તુઝાઅલી (અ. સ.) ને કહેવું. આમાલ થકી જેઓ ખુદાની નજીક થવા ઇચ્છે, તેમ તમો તેના દાના અને પસંદ કરાએલાની તેની પસંદગી ગોતો કે જેથી ત્યાં આવનારાઓમાં તમો પહેલા હો.

૨૯૫૯. હ. પયગમ્બર સાહેબ હ. મૌલાઅલીને કહ્યું, ઓ 'અલી' તમો ખુદાના સિંહ છો. તમો હિંમતવાન અમીર છો.

૨૯૬૦. છતાં તમો તમારા સિંહના (હિંમતવાળા) દિલમાં ભરોસો ન રાખતા, આશાની ખજુરીના ઝાડ નીચે આવો.

૨૯૬૧. સતના (રક્ષણ) પડછાયામાં આવો. તેને રસ્તાપરથી કોઈ વાહનવાળો લઈ જઈ શકશે નહિ.

૨૯૬૨. તેનો પડછાયો (રક્ષણ) દુનિયા પર કાફ પર્વત જેવું છે તેઓ (આત્મા) 'સીમુર્ગ' જેવો છે કે જે ખૂબજ ઉંચે આસમાનમાં ઉડે છે.

૨૯૬૩. જો હું તેઓની મહાનતા કયામત સુધી ગાયા કરૂં તો પણ સંપૂર્ણ અને છેડો શોધી શકાય નહિ.

૨૯૬૪. તે (દૈવી) સૂર્ય પોતે માણસમાં પડદા રૂપે છે. (આ ગૂઢાર્થ) ને પકડ, ખરૂં શું તે માત્ર ખુદા જ જાણે છે.

૨૯૬૫. ઓ 'અલી' ખુદાના રસ્તે બધી ભક્તિ ભાવની કાર્યવાહી કરતાં ખુદાના 'ખાસ' નું રક્ષણ પસંદ કરવું વધુ બહેતર છે.

૨૯૬૬. દરેક જણ કોઈ પણ જાતના ભક્તિ ભાવના કાર્યમાં લાગેલા છે, અને મુક્તિ માટેનો રસ્તો પોતાને માટે શોધ્યો છે.

૨૯૬૭. તમો જાઓ, અને સતના પડછાયે (રક્ષણે) પનાહ મેળવો કે જેથી તમારા ખાનગી દુશ્મની કરતાં વિરોધીઓથી બચો.

૨૯૬૮. દરેક ભક્તિ ભરેલાં કાર્યોમાં આ ઉત્તમ છે, તમોને પાછળ રાખનારાથી તમો આને પ્રતાપે સરસાઈ મેળવી શકશો.

૨૯૬૯. જ્યારે પીરે તને સ્વીકાર્યો (મુરીદીમાં દાખલ કર્યો) ધ્યાન રાખજે તેમના તાબામાં તને સોંપી દે. હ. મુસાની માફક હ. ખીઝરની સત્તાની નીચે જા.

૨૯૭૦. ખીઝરનાં કૃત્યો ધીરજથી સહન કર કે જે ઢંગ વગરનાં છે, એટલા માટે કે તને ખીઝર એમ ન કહે કે "જા આપણે છૂટા પડીએ છીએ."

સૂર્ય - પોતે - માણસમાં પડદા રૂપે.

૨૯૭૧. જો તે બોટમાં કાણું પાડે (તો પણ) એક શબ્દ બોલતો નહિ. જો તે બચ્ચું મારી નાખે (તો પણ) તારા વાળ પીંખતો નહિ.

૨૯૭૨. ખુદાએ જાહેર કર્યું છે કે તેનો (મુરશિદે કામિલનો હાથ તેનો પોતાનો જ હાથ છે, જેમ તેના શબ્દોમાં) ખુદાનો હાથ તેના હાથ ઉપર છે."

૨૯૭૩. ખુદાનો હાથ (બચ્ચાને) મૃત્યુ નીપજાવે છે અને પછી તેને જિંદગી અર્પણ કરે છે. અરે જિંદગી તો શું? તે તેને હંમેશ રહેનારી રૂહાની બનાવે છે.

૨૯૭૪. ભાગ્યે જ કોઈએ આ રસ્તો (મુરશિદ) વગર ઓળખ્યો. મુરશિદે કામિલના દિલોની મદદ થકી તે પોતાની (જગ્યાએ પહોંચ્યો)

૨૯૭૫. (તેમની સત્તામાં ન આવનાર ઉપરથી પણ) તે મુરશિદે કામિલનો હાથ ખેંચાણો નથી. તેનો હાથ ખુદાની પકડ સિવાય બીજું કાંઈ નથી.

૨૯૭૬. જ્યારે તેઓ આવા માનનો ઝભ્ભો (મુરીદ નથી તેને પણ) આપે છે (ત્યારે તેઓ પોતાના મુરીદોને શું નહિ આપતા હોય?) શક વગરની વાત છે કે ગેરહાજર કરતાં હાજર વધુ ઉત્તમ છે.

૨૯૭૭. જ્યારે તેઓ ગેરહાજર ઉપર (રૂહાની) ખોરાક નવાજીશ કરે ત્યારે જેઓ હાજર છે (મુરીદ થયા છે) તેઓ ઉપર તેઓ કેવી બક્ષિસો કરશે?

૨૯૭૮. તે કે જે ખિદમત માટે પોતાને બાંધે છે અને બીજો જે દરવાજાની બહાર છે (ગેરહાજર છે) તો પેલો ખિદમતગાર કેવો ઉત્તમ છે)?

૨૯૭૯. જ્યારે તેં મુરશિદ પસંદ કર્યો છે ત્યારે મૂર્છીત દિલવાળો ન બન. પાણી જેવો નબળો ન બન અને જમીનના જેવો રોટલાનો ટૂકડો ન બન.

૨૯૮૦. જો તું દરેક ફટકાએ ગુસ્સે થઈશ તો તું ચોખ્ખો અરિસો વગર પોલીસે કેમ થઈ શકીશ?

કઝવીનનો માણસ પોતાના ખભાપર સિંહનું ચિત્ર વાદળી રંગનું રંગાવતાં તેના સોયના ભોંકવાથી થતાં દુ:ખમાં હાયકારો કરવા વિષે.

૨૯૮૧. વાત કહેનાર પાસેથી કઝવીનના લોકોના રીતરીવાજ વિષેની આ વાત સાંભળ.

૨૯૮૨. તેઓ પોતાના શરીર ઉપર સોયની અણીથી છૂંદણા કરાવતા કે જેથી તેઓને કાંઇ નુકશાન સહન કરવાનું ન થાય.

૨૯૮૩. કઝવીનનો અમુક માણસ હજામ પાસે ગયો અને કહ્યું, મને છુંદણાં કર. અને તે (પણ) કલામય રીતે કર.

૨૯૮૪. તેણે કહ્યું, ઓ બહાદુર સાહેબ! હું કેવા આકારનું છૂંદણું કરૂં? ઝનુની સિંહનું ચિત્ર ભોંક.

૨૯૮૫. સિંહ જેવું ચિત્ર મારૂં માનીતું છે. સિંહ જેવું છૂંદણું કર. તારી જાતે ખૂબ મહેનત કર. વાદળી રંગ પૂરેપૂરો નાખ.

એક શબ્દ ના બોલ :- કાણું પાડે બચ્ચાને મારે. ખિઝર મૂસા

કારણકે ખુદાનો હાથ તેનો જ પોતાનો હાથ

૨૯૮૬. તેણે પુછ્યું, કઈ જગ્યાએ હું તમોને છૂંદણું કરૂં ? મારા ખભા ઉપર સુંદર રૂપનું છૂંદણું કર.

૨૯૮૭ જેવી તેણે સોય ભોંકવી શરૂ કરી કે, તેનું દર્દ તેના ખભામાં અસર કરી ગયું.

૨૯૮૮. અને તે બહાદુર નિસાસા નાખવા મંડયો. (કહે) ઓ ખ્યાતનામ, તેં મને લગભગ મારી નાખ્યો, તું છૂંદણાનો કયો ભાગ કરી રહ્યો છે ?

૨૯૮૯. તે કહે, શામાટે ? તેં મને સિંહ ચિતરવાની ફરમાયશ કરી છે, બીજાએ પૂછ્યું, (સિંહના) કયા અવયવથી તેં શરૂઆત કરી છે ?

૨૯૯૦. તે કહેઃ મેં પુંછડીથી શરૂઆત કરીછે, તે રાડ પાડી કહે, ઓ મારા વહાલા દોસ્ત, પૂછડી (ચીતરવી) છોડી દે.

૨૯૯૧. સિંહની પૂછડી અને કુલાએ મારો શ્વાસ અટકાવી દીધો છે. મારા શ્વાસની નળી તેના કુલાએ મજબુત દબાવી દીધી છે.

૨૯૯૨. ઓ સિંહ બનાવનાર, સિંહ ભલે પૂછડી વગરનો બને. કારણ કે મારૂં દિલ તારા દાંતાના ઘાથી મૂર્છા ખાઈ ગયું છે.

૨૯૯૩. પેલા શખ્સે કાંઈપણ બીક વગર, કાંઈ મહેરબાની કે દયા વગર (તે માણસના ખભાના) બીજા ભાગમાં છૂંદણું કરવું શરૂ કર્યું.

૨૯૯૪. તે ચીસ પાડી ઊઠયો, આ કયો ભાગ (ચિતરે છે) ? બાબરે જવાબ દીધો ભલા માણુસ, આ તેનો કાન છે.

૨૯૯૫. તે કહેઃ ઓ હકીમ ભલે તેને તેના કાન ન હોય કાન ઓછા કરી નાખ. અને ટૂંકમાં પતાવ.

૨૯૯૬. હજામે બીજા ભાગમાં (સોય) ભોંકવી શરૂ કરી. એકવાર ફરીવાર કાઝવીનનો માણુસ શોક કરવા મંડયો.

૨૯૯૭. તે કહેઃ આ ત્રીજી જગ્યાએ હવે કયો ભાગ (ચિતરે છે) મારા વહાલા સાહેબ, આ સિંહનું પેટ છે.

૨૯૯૮. તે કહેઃ ભલે સિંહને પેટ ન હોય. તે કહે ચિત્રના પેટની જરૂર પણ શું છે ?

૨૯૯૯. હજામ અકળાઈ ઉઠયો, અને ગુસ્સામાં આવી ગયો. તે પોતાના દાંતમાં આંગળાં રાખી લાંબો વખત ઉભો રહ્યો.

૩૦૦૦. પછી માસ્તરે (હજામે) સોય જમીન પર ફેંકી અને કહ્યું, દુનિયામાં આમ કયાંય બન્યું છે ?

૩૦૦૧. સિંહને કદી કોઈએ પૂંછડી વગરનો માથા વગરનો, અને પેટ વગરનો જોયો છે ? ખુદાએ પોતે આવો સિંહ કદી પેદા જ કર્યો નથી.

૩૦૦૨. ઓ ભાઈ, દાકતરની છરીનું દુઃખ સહન કર, કે જેથી તું તારા નફસે અમ્મારાના ઝેરથી છટકી શકે.

૩૦૦૩. ખુદીમાંથી છૂટેલા માણસોને આકાશ, સૂર્ય, ચંદ્ર નીચું નમન કરી માન આપે છે.

૩૦૦૪. જેના શરીરમાં નફસે અમ્મારા મરી ગયો છે, તો સૂર્ય અને વાદળો તેના હુકમને તાબે થાય છે.

૩૦૦૫. જેના દિલમાં બત્તીની રોશની (રૂહાની જ્ઞાન અને પ્રેમ) છે, સૂર્ય તેને બાળી શકશે નહિ.

૩૦૦૬. ખુદાએ (કુરાનમાં) ઉગતા સૂર્યનું વર્ણન કર્યું છે 'તેઓની ગુફામાંથી' ની માફક "બાજુએ ફરતો"

૩૦૦૭. 'કુલ્લ' તરફ જતા ખાસની નજરમાં કાંટો ગુલાબના જેટલો જ ખૂબસૂરત લાગે છે.

૩૦૦૮. કીર્તિવંત અને મહાન ખુદાનો અર્થ શું થાય છે? પોતાને તુચ્છ અને ધૂળ (કિંમત વગરનો) સમજ.

૩૦૦૯. ખુદાની એકતાનું જ્ઞાન મેળવવાનો અર્થ શું છે? તેની આગળ તને પોતાને નહિ-વત્ સમજવું (તે છે)

૩૦૧૦. દિવસની માફક ચમકાવતી તારી ઈચ્છા હોય તો તારી રાતની ખુદીને બાળી નાખ.

૩૦૧૧. તારાં અસ્તિત્વને ઓગાળી નાખ. જેમ ત્રાંબુ અર્કમાં (ઓગળી જાય છે) તેનો થવામાં જે અસ્તિત્વને ઉછેરે છે.

૩૦૧૨. તેં તારા બન્ને હાથ "હું" અને "અમે" માં સખત ભીડાવ્યા છે, આ (રૂહાની) નાશ હીનપણાને અંગે છે.

સિંહ સાથે વરૂ અને શિયાળનું શિકાર કરવા જવું.

૩૦૧૩. એક સિંહ, એક વરૂ અને એક શિયાળ ખોરાકની શોધમાં પર્વતમાં શિકાર કરવા ગયા.

૩૦૧૪. તેઓ સાથે મળીને શિકાર કરેલાં જનાવરોના પગ બાંધવામાં (વધુ) મદદગાર થઇ શકે.

૩૦૧૫. તે ગહન જંગલમાં તેઓ ત્રણેય સાથે રહીને વધુ સારો શિકાર કરી શકે.

૩૦૧૬. જોકે ઝનુની સિંહ તેનાથી (વરૂ અને શિયાળથી) શરમાતો હતો. છતાં તેણે તેઓને માન આપ્યું, અને તેઓને રસ્તામાં સાથ આપ્યો.

૩૦૧૭. આવી રીતે સિપાઈઓનું રાજાને વળાવવા જવું એ પીડા છે. પણ તેણે તેઓને સાથે લીધા. સંપેલો સમુહ એ આશીર્વાદ છે.

૩૦૧૮. આ ચંદ્રમા જેવા તારાઓથી નામોશી પામે છે, તે તારાઓની વચ્ચે ઉદારતાને અંગે જ છે.

ખુદાનો શું અર્થ!- પોતાને તુચ્છ ને ધૂળ વગરનો સમજ.

ખુદાની એકતાની જ્ઞાન મેળવવાનો શું અર્થ! - તેના આગળ પોતાને નહિ-વત સમજ

૩૦૧૯. પયગમ્બર સાહેબને (ખુદાનો) હુકમ થયો "તેઓ સાથે સલાહ મસવરો કરો" જોકે તેની (પયગમ્બરની) સલાહ જેવી (ઉપયોગી) બીજા કોઈની સલાહ નજ હોય.

૩૦૨૦. ત્રાજવામાં જવ સોનાની સાથીદાર બને છે, (તેનો અર્થ એમ નહિ કે) જવ સોના જેવી કિંમતી છે.

૩૦૨૧. રૂહ શરીરનો સાથી મુસાફર બન્યો છે. કૂતરો થોડા વખત માટે રાજાના મહેલનો ચોકીદાર બન્યો છે.

૩૦૨૨. સિંહ, બાદશાહ અને મહાન સાથીની ટુકડી (વરૂ, શિયાળ) સાથે રહીને પર્વત ઉપર ગયા.

૩૦૨૩. તેઓએ જંગલી બળદ, બકરો, જાડા હરણનો શિકાર કર્યો. આમ તેઓનું કામ-કાજ ગતીમાં આવ્યું.

૩૦૨૪, જે કોઈ તેની એડી ઉપર એટલેકે સિંહ સાથે લડવામાં (શામિલ હોય) તો રાતે કે દીવસે ભૂંજેલા ગોસમાં (કદી ખામી ન આવે)

૩૦૨૫. જ્યારે તેઓ પ્રાણીઓને (શિકાર કરેલો તેને) જંગલના પહાડથી મરેલા ઘાયલ થએલા કે લોહી નીતરતા ખેંચી લાવ્યા ત્યારે.

૩૦૨૬. વરૂ અને શિયાળે આશા રાખેલી કે શિકારના ભાગ બાદશાહીનાં ન્યાય મુજબ થશે.

૩૦૨૭. તે બન્નેની આશાનું પ્રતિબિંબ સિંહને અથડાયું, તેવી આશા રાખવાનું કારણ સિંહ જાણતોજ હતો.

૩૦૨૮. જે કોઇ સિંહ અને (રૂહાની) રહસ્યોનો રાજા છે તે (આપણે) જે ધારીએ તેને જાણતોજ હોય છે.

૩૦૨૯. તારી પોતાની ચોકી કર, તેની હાજરીમાં ખરાબ વિચારો કરવામાં ખબરદાર રહે.

૩૦૩૦. તે જાણે છે, અને ચૂપકીદીથી પોતાની (સવારી કરે છે) પોતાના અંતરની અસર છૂપાવવાને તારા ચહેરા સામે હસે છે.

૩૦૩૧. જ્યારે સિંહે તેઓના બદ ઈરાદાઓ જાણ્યા, (છતાં) ત્યારે તેણે (તે જ્ઞાનની) જાહેરાત ન કરી. તે વખતે તેઓ તરફ વિવેક કર્યો.

૩૦૩૨. પણ તેણે પોતાના મનમાં કહ્યું "ઓ ભિખારડા બદમાસો, તમો શાને લાયક છો તે હું તમોને બતાવીશ.

૩૦૩૩. તમારા માટે મારો ઈન્સાફ શું પૂરતો નથી? શું મારી ઉદારતાનો તમારો અભિપ્રાય આજ છે?

૩૦૩૪. (આખી) દુનિયામાં વખણાએલી મારી બક્ષિસ અને ઈન્સાફને તમારી સમજણ અને ન્યાય તિરસ્કારથી હસી રહી છે?

૩૦૩૫. ચિત્રકાર માટે ચિત્ર (ભલાઈ) સિવાય બીજું શું વિચારી શકે? જ્યારે તેણે પોતાના વિચારો અને જ્ઞાન તેમાં ઉતાર્યું હોય છે.

સિંહે બદ ઈરાદા જાણ્યા, છતા અંતરની અસર છૂપાવવા - ચહેરા સામે હસે છે, સિંહ ની જાહેરાત ન કરી - પરંતુ વિવેક કર્યો

૩૦૩૬. ઓ તમો કે જેઓ દુનિયા માટે કલંકરૂપ છો, તેઓનો (મારા માટે) આવો જંગલી મત છે?

૩૦૩૭. જેઓ ખુદા માટે બદ ઈરાદા કરે છે, તેઓના નાસ્તિક માથાં હું ભાંગી નાખીશ.

૩૦૩૮. આ વાત દુનિયામાં હંમેશા (ચેતવણી તરીકે) રહે તેમ હું તમારી નામોશી ભર્યા કાર્ય પ્રદેશોમાં રજૂ કરીશ!

૩૦૩૯. આવા (દિલના) વિચારો સહિત દેખીતી રીતે સિંહે હસવું ચાલુ રાખ્યું. સિંહના હસવાનો ભરોસો ન કર.

૩૦૪૦. દુનિયાની દોલત એ ખુદાના હસવા જેવી છે, તેણે આપણને નશામાં નાખેલ છે, વ્યર્થ અને તૂટેલા (જેવા) (રૂહાની આઝાદીનો માર્ગ રૂંધનાર).

૩૦૪૧. ગરીબાઈ અને તકલીફો તારા માટે વધુ ઉત્તમ છે, ઓ માલિક (પછી) તે હસવું તેના લલચાવવામાંથી હટી જશે.

સિંહની વરૂની ચકાસણી કરવી અને કહ્યું: ઓ વરૂ આગળ આવ અને શિકારના ભાગ પાડ.

૩૦૪૨. સિંહ કહે, ઓ વરૂ, આ (શિકારનો) ભાગ પાડ. ઓ વૃદ્ધ વરૂ નવો ઈન્સાફ કર (તારા દાખલાથી ઈન્સાફ તાજો કર).

૩૦૪૩. વહેંચણી કરવાની મારી કચેરીનો નાયબ થા. કે જેથી ખબર પડે કે તું કેવો સમજણો છે?

૩૦૪૪ તે કહે: ઓ બાદશાહ! જંગલી બળદ એ તારો ભાગ છે. તે મોટો છે. તું પણ મોટો મજબુત અને ચપળ છો.

૩૦૪૫ બકરો મારો છે. કારણકે બકરો મધ્યમ અને વચલા કદનો છે, ઓ શિયાળ કાંઈ પણ ભૂલચૂક વગરનું સસલો લે.

૩૦૪૬. સિંહ કહે: ઓ વરૂ, તું આમ કેમ બોલ્યો? કહે, જ્યારે હું પોતે અહીં છું. ત્યારે હું અને તું એમ બોલે છે?

૩૦૪૭. ખરેખર વરૂ કેવો બાલીશ છે? હું સિંહ કે જેની અમીરાત અને (મર્દાનગીમાં) જેનો જોટો નથી તેની હાજરીમાં તે પોતાને (મહાન) સમજ્યો?

૩૦૪૮. (પછી) તે કહે, ઓ અહંકારી ગધેડા! આગળ આવ. તે તેની નજદીક આવ્યો, સિંહે તેને પોતાના પંજા વતી પકડયો અને ફાડી નાખ્યો.

૩૦૪૯. (સિંહે)તેનામાં સારી રીતભાતનું તત્વ નજોતાં શિક્ષા તરીકે તેના માથાની ચામડી ઉતરડી નાખી.

૩૦૫૦. જેની નજર પોતાના સિવાય (બીજે ન હોય) તેવા જીવે આવી દયાજનક મોતે મરવું જોઈએ.

૩૦૫૧. મારી હાજરીમાં તું તારી ખુદીમાંથી બહાર નીકળી ન શકે તો તે કૃત્ય તારૂં માથું ભાંગી નાખવાની (સજાવાળું) છે.

સિંહના હસવાનો ભરોસો ન કર.
દુનિયા.ની દોલત - ખુદાના હસવા જેવી છે

૩૦૫૨. તેના ચહેરા સિવાય દરેક ચીજ નાશવંત છે, જ્યાં સુધી તું તેના ચહેરામાં છે ત્યાં સુધી (ખુદીપણાની) તલપ નકર.

૩૦૫૩. જે કોઇ પોતાની ખુદીમાંથી મોરા ચહેરામાં દાખલ થયો. તો "દરેક ચીજ નાશવંત છે" તે તેને લાગુ પડતી નથી.

૩૦૫૪. કારણકે તે "સિવાય" માં છે તે નહિવતપણામાં બદલાઈ ગયો છે. જે કોઈ "સિવાય"માં છે તે નાશ પામતા નથી.

૩૦૫૫. જે કોઈ (ખુદાઈ દરબારના) દરવાજે હું અને અમે ઉચ્ચારે છે તેને તેના (ખુદાના) દરવાજેથી પાછા હાંકી કાઢવામાં આવે છે. અને તે નહિવતમાં (ચાલુ રહે છે)

દોસ્તના દરવાજે જઇ બારણું ખખડાવનારની વાત તેના દોસ્તે અંદરથી પૂછ્યું: કોણ છો? તેણે કહ્યું "હું છું" અને મિત્રે જવાબ દીધો, જ્યારે તું, તું છો તો હું દરવાજો ખોલીશ નહિ, કોઈ હું હોય તેવા દોસ્તને હું ઓળખતો નથી.

૩૦૫૬. અમુક માણસે દોસ્તના દરવાજા પાસે આવી દરવાજો ખખડાવ્યો. તેના દોસ્તે તેને પૂછ્યું, ઓ વિશ્વાસુ તું કોણ છે?

૩૦૫૭. તેણે જવાબ આપ્યો: હું. દોસ્ત કહે: ચાલ્યો જા. આના જેવી બેઠકમાં તારા જેવા કાચાની જગ્યા નથી.

૩૦૫૮. ગેરહાજરી અને જુદાઈનો અગ્નિ સાચવ. કાચાને કોણ પકાવશે? તેના નાસ્તિકપણામાંથી કોણ બચાવશે?

૩૦૫૯. દુ:ખી માણસ ચાલ્યો ગયો. એક વર્ષની મુસાફરીમાં તેના દોસ્તની જુદાઈમાં તે અગ્નિની જ્વાળાથી બળતો હતો.

૩૦૬૦. પેલો બળતો માણસ પાકી ગયો હતો. પછી તે પાછો ફર્યો. અને ફરીવાર તેના દોસ્તના ઘરની નજીક આંટા મારવા શરૂ કર્યા.

૩૦૬૧. હજારો બીક અને માનપૂર્વક તેણે ફરીવાર દરવાજો ખખડાવ્યો. રખેને તેની જીભમાંથી અપમાન ભર્યો એકાદ શબ્દ પણ બહાર આવે.

૩૦૬૨. તેના દોસ્તે તેને સવાલ કર્યો, દરવાજે કોણ છે? તેણે જવાબ આપ્યો, ઓ દિલના દિલાવર, દરવાજા પાસે તુંજ છો.

૩૦૬૩. દોસ્તે કહ્યું, હવે જ્યારે તું હુંજ છો (તો) અંદર આવ. આ મારા પોતાના ઓરડામાં બે "હું" માટે જગ્યા નથી.

૩૦૬૪. બે દોરાના છેડા સોય માટે હોય નહિ. તેવીજ રીતે તું જ્યારે એકલો જ છે તો આ સોયમાં (ઘરમાં) આવ.

૩૦૬૫. દોરોજ છે જે સોય સાથે જોડાએલો છે. સોયનું કાણું ઉંટને માટે માફક (આવે તેવું) નથી.

(સોય: ઘરમાં) હું જ છો
તું જ છો.
તું હું જ છો - તો અંદર આવ. ઘરમાં બે હું માટે જગ્યા નથી.

૩૦૬૬. અસ્તિત્વ ધરાવનાર (કાયા)રૂપી ઉંટને દંડ કેમ કરી શકાય? દરવેશી તપશ્ચર્યા અને કાર્યોરૂપી કાતરને કાપતાં અટકાવ.

૩૦૬૭. ઓ વાંચનાર તેના માટે ખુદાનો હાથ (શક્તિ) જરૂરી છે. કારણ કે તે "થા" અને થઈ ગયું દરેક જે અશક્ય હતું (તે પણ)

૩૦૬૮. તેના હાથના પ્રતાપે જે અશક્ય હોય તે પણ શક્ય બને છે તોફાની પણ તેની બીકમાં શાંત બની જાય છે.

૩૦૬૯. જન્માંધ અને કોઢીઓ માણસ પણ (તેનાથી શાંતિ અનુભવે છે) સર્વ સત્તાવાનના એક મંત્રથી મુએલાં જીવતાં થાય છે.

૩૦૭૦. જેઓ મરેલાં છે તેનાથી પણ મરેલાં કે જેઓ અસ્તિત્વમાં નથી તેઓ પણ જ્યારે તેઓને થવાનો હુકમ કરવામાં આવે છે ત્યારે તાજે થાય છે.

૩૦૭૧. (કુરાન) વાંચ દરેક દિવસે તેઓ કોઈ કાર્યમાં (ગૂંથાએલ) છે. તેને આળસુ અને કાર્ય વગરનો છે તેમ નહિ જો.

૩૦૭૨. છેવટે તેનું કાર્ય એ તો હરોજ કે દરરોજ એ ત્રણ (જાતનાં) લશ્કરોને રવાના કરે છે.

૩૦૭૩. એક લશ્કર (પિતાની) પીઠમાંથી માતાઓ તરફ એ એટલા માટે કે ગર્ભમાં તે ઉગે.

૩૦૭૪. એક લશ્કર ગર્ભમાંથી પૃથ્વી પર તે દુનિયાનાં પુરૂષો અને સ્ત્રીઓથી ભરાઈ જાય.

૩૦૭૫. એક લશ્કર પૃથ્વી ઉપરથી મૃત્યુની પેલીપાર કે જેથી દરેક પોતાનાં સારાં કૃત્યોના (ફળ) મેળવે.

૩૦૭૬. આ વાતનો છેડોજ નથી. આવ અને પેલા બન્ને વિશ્વાસુ અને પ્રેમી દોસ્તોની (વાત) તરફ ઉતાવળે પાછો ફર.

એકત્ર થવા ઉપર વિવરણ

૩૦૭૭. તેના દોસ્તે તેને કહ્યું, બગીચામાં ગુલાબ અને કાંટા જૂદા હોય છે તેની માફક નહિ, પણ તું જે મારામાંજ સમાઈ ગયો છે તો (હવે) અંદર આવ.

એક મંત્રથી મુએલા જીવતા થાય છે.
૩ જાત ના લશ્કરોને રવાના કરે છે.

૩૦૭૮. દોરો એકલો બન્યો છે. અક્ષરો 'કાફ' અને 'નુન' બે છે (જુદા છે) એમ જોવાની ભૂલમાં હવે પડતો નહિ.

૩૦૭૯. 'કાફ' અને 'નુન' ગળા ફાંસાની માફક ખેંચે છે. એટલા માટે કે તેઓ નહિવતને મોટા કાર્યક્ષેત્રમાં ખેંચી જાય.

૩૦૮૦. 'રૂપની (દુનિયામાં) ગળાફાંસો બે ગણો હોવો જોઈએ. જોકે આ બન્ને (શબ્દો) અસરમાં એક જ છે.

૩૦૮૧. પગ ચાર હોય કે બે હોય તેઓ એક જ રસ્તે જઈ રહ્યા છે. બે કાતર (ના પાંખા) એકજ કાપ મૂકે છે.

૩૦૮૨. પેલા બે ધોબીઓ તરફ જુઓ. તે પેલો અને આની વચ્ચે દેખીતી રીતે તફાવત છે.

૩૦૮૩. પેલો એક સુતરાવ કપડાં પાણીમાં નાખે છે જ્યારે બીજો તેમને સૂકવી રહ્યો છે.

૩૦૮૪. ફરીવાર પેલો જ્યારે સૂકાં કપડાં ભીનાં કરે છે. તે એમ લાગે છે કે પેલો વેરની ખાતર તેનાથી ઉલટો વર્તી રહ્યો છે.

૩૦૮૫. છતાં આ બન્ને વિરોધીઓ જાણે ઝગડામાં હોય તેમ લાગે છે, તે એક જ દિલ છે, અને સંપીને કાર્ય કરે છે.

૩૦૮૬. દરેક પયગમ્બર અને રૂહાની પેશ્વાનો રસ્તો ખુદા તરફ દોરી જવાનો છે. (હકીકતમાં) દરેક રસ્તો એક જ છે.

૩૦૮૭. સાંભળનારનું ધ્યાન ઝોકાંખાવામાં ચાલ્યું જાય તો પાણી ચક્કીના પત્થર ખેંચી જાય છે.

૩૦૮૮. આ પાણીનું વહેણ ચક્કીના ઉપરના ભાગમાં છે તે ચક્કીમાં તારી ખાતર જ જાય છે.

૩૦૮૯ જ્યારે તેને વધુવાર ચક્કીની જરૂર નથી તે (પયગમ્બર કે રૂહાની પેશ્વા) પાણીને તેની અસલ જગ્યાએ વહેવડાવે છે.

૩૦૯૦. સમજણો જીભ તારા મોંમા શીખવવા આવે છે. નહિતર (ન આવત) ખરેખર તો તે બોલીની નીક તો જુદી જ છે.

૩૦૯૧. તે ગડબડ કે અવાજ ફરી આવ્યા વગર ગુલાબના બગીચા "જેઓની નીચે નદીઓ વહે છે" તરફ વહે છે.

૩૦૯૨. ઓ ખુદા તું તે જગ્યા કે જ્યાં વાણી વગર શબ્દો ઉત્પન્ન થાય છે, તે આત્માને ખુલ્લા પાડે છે.

૩૦૯૩. કે જેથી પવિત્ર આત્મા તેના પગને માથું બનાવે (ઉડે) અસ્તિત્વ ન ધરાવતી પેલી પારની પાર વગરની દુનિયામાં.

૩૦૯૪. આ વિસ્તાર ઘણો જ વિસ્તીર્ણ અને વિશાળ છે. અને તેમાંથી આ તરંગો અને આપણી હસ્તીને ખાધ મળે છે.

D.નહિવત ૨૯ :- મોટા કાર્યક્ષેત્રમાંથી બહાર

૩૦૯૫. આ કલ્પનાની દુનિયા અસ્તિત્વ ન ધરાવતી (દુનિયા) કરતાં સાંકડી છે એટલા માટે કલ્પના દુઃખનું કારણ છે.

૩૦૯૬. અને ફરીવાર ખરેખર અસ્તિત્વ ધરાવતું રાજ્ય, કલ્પનાની દુનિયા કરતાં સાંકડું છે. તેમાં જાણે કે ચંદ્રમા ઓછો થતો ચંદ્રમા બન્યો છે.

૩૦૯૭. ફરીવાર આ સમજ અને રંગરૂપ ધરાવતી દુનિયાનું અસ્તિત્વ (આનાથી) વધુ સાંકડું છે. તે સાંકડું કેદખાનું છે.

૩૦૯૮. સાંકડાપણાનું કારણ મેળવણી અને સંખ્યા છે. સમજ મેળવણી તરફ ચાલતી હોય છે.

૩૦૯૯. જાણે દુનિયાનું એકત્રપણું આપણી સમજથી પર છે. જો તારે એકતા જોઈતી હોય તો તે દિશામાં કદમ ભર.

૩૧૦૦. (ખુદાઈ) હુકમ 'કુન' થા એ એકજ કૃત્ય હતું. અને બે અક્ષરો કુન અને કાફ એકજ વાણીમાં ઉચરેલ. જ્યારે આંતરિક અર્થ પવિત્ર હતો.

૩૧૦૧. આ વાતનો છેડોજ નથી. પાછો ફર અને જો, કે વરૂનું (સિંહ) સાથેની બાથમાં શું બન્યું.

(શિકારના) ભાગ પાડવામાં અસભ્યતા બતાવનાર વરૂને સિંહે કેવી શિક્ષા કરી તે વિષે.

૩૧૦૨. તે સત્તાશાળીએ વરૂનું માથું ભાંગી નાખ્યું, એટલા માટે કે બે માથાનો (અહંકારી) અને પ્રતિષ્ઠા રહેવા ન પામે (વરૂની)

૩૧૦૩. "તેથી અમોએ તેઓ પર વેર વાળ્યુ" તે આ છે. ઓ ઘરડા વરૂ, એટલા માટે કે તું અમીરની હાજરીમાં મૃત્યુ (મરેલા જેવો) ન બન્યો.

૩૧૦૪. ત્યારબાદ સિંહ સસલાં તરફ ફર્યો, અને કહ્યું, નાસ્તા માટે આના ભાગ પાડ.

૩૧૦૫. તે (શિયાળે નીચા વળીને નમન કર્યું, ઓ કીર્તિવંત બાદશાહ! આ જાડો બળદ તમારા નાસ્તામાં ખાવા માટે છે.

૩૧૦૬. ખરે બપોરે જમવા માટે વિજયી બાદશાહ માટે આ બકરો જૂદોજ રાખ્યો છે.

૩૧૦૭. દયાળુ અને કીર્તિવંત માટે રાત શરૂ થવાના વખતે જરૂર પડશે માટે આ સસલું રાતના ભોજન માટે (છે).

૩૧૦૮. સિંહ કહેઃ ઓ શિયાળ તેં ન્યાયને ઉજળો કરી બતાવ્યો છે. આવી સરસ રીતે ભાગ પાડવાનું તું કોની પાસેથી શીખ્યો ?

૩૧૦૯. ઓ પ્રખ્યાત થએલા, તું આ કયારે શીખ્યો ? તેણે જવાબ આપ્યોઃ ઓ પૃથ્વીપતિ, વરૂના કિસ્મતે (મને શીખવાડયું છે.)

૩૧૧૦. સિંહે કહ્યું, મારો ચાહક બનવાની તેં વિનંતી કરી છે, તો પછી આ ત્રણેય (જનાવરો) ઉપાડી લે અને તે લઇ રવાના થા.

ખુદાની હાજરી માં - મરેલા જેવો બન.

૩૧૧૧. ઓ શિયાળ, જ્યારે તું સારોજ બની ગયો છે ત્યારે હું તને નુકશાન કેમ કરી શકું ? તું મારો પોતાનો જ બની ગયો છે.

૩૧૧૨. હું તારો છું અને બધાં શિકારનાં જનાવરો પણ તારાજ છે. તારા પગલાં સાતમા આસમાને લઈ જઈ સવારી કર.

૩૧૧૩. જ્યારે તે જંગલી વરૂના (કિસ્મતથી) ચેતવણી લીધી તો તું હવે (શિયાળ) નથી, તું મારો પોતાનો સિંહ છે.

૩૧૧૪. ડાહ્યો માણસ તેજ છે કે જે પોતાના દોસ્તના મૃત્યુથી દુઃખની કસોટી વખતે ચેતવણી ગ્રહણ કરે છે.

૩૧૧૫. શિયાળે (પોતાના) દિલમાં કહ્યું: સિંહના હજારો ઉપકાર કે તેણે મને વરૂના પછી (ભાગલા કરવા) બોલાવ્યો.

૩૧૧૬. પણ જો તેણે મને શરૂઆતમાં બોલાવી ભાગલા કરવા હુકમ કર્યો હોત તો તેની પાસેથી પોતાની જિંદગી માટે કોણ નાશી શકયું હોત!

૩૧૧૭. તેનો (ખુદાનો) આભાર તેઓ ખુદાઓ (પેદા થયા બાદ) આ દુનિયામાં આપણે દૃષ્ટિએ પડયા (જન્મયા)

૩૧૧૮. જેથી આપણે અગાઉના જમાનામાં થઈ ગએલી પ્રજાને ખુદાએ ફરમાવેલાં હુકમો સાંભળ્યા.

૩૧૧૯. આપણે શિયાળની માફક જુના વરૂઓના કિસ્મત યાદ કરીને આપણે આપણાં ઉપર વધુ સારી રીતે ચોકી કરીએ.

૩૧૨૦. સાચા ખુલાસા આપનાર અને ખુદાના પયગમ્બરો આજ કારણથી આપણને આમ બોલાવ્યા, આ લોકો કે જેઓ ઉપર ખુદાએ દયા કરી છે.

૩૨૨૧. ઓ સતાશાળીઓ! પેલા વરૂઓના હાડકાં અને રૂવાંથી નજર કરો અને તેમાંથી ચેતવણી લ્યો.

૩૧૨૨. ડાહ્યો માણસ કે જેણે આદ અને ફિરઓનના અંત વિષે સાંભળ્યું અને પોતાનું માથું ખુદીપણાથી અને અહંકારના પવનથી ફેરવી લીધું.

૩૧૨૩. અને જો તે તેનું (માથું) ન ફેરવે તેણે લીધેલા ખોટા રસ્તાને પ્રતાપે તેના થએલા હાલ ઉપરથી બીજાઓ ચેતવણી લેશે.

હ. નુહ પોતાના લોકોને ધમકી આપી કહ્યું, મારી સાથે ઝગડો નહિ કરો. કારણ કે હું તો માત્ર પડદો છું. તમે ખરેખર ખુદા સાથે ઝગડી રહ્યા છો. કે જે આ પડદામાં છે, ઓ ખુદાને ભુલી જનારા.

૩૧૨૪. હ. નુહે કહ્યું: ઓ માથાભારે લોકો, હું હું નથી, હું (જનાવરી) રૂહથી મરેલો છું હું આત્માના આત્મા થકી જીવી રહ્યો છું.

તું મારો બની ગયો છો તો હું તને
નુકશાન કેમ કરૂં !
હું તારો, શિકારના જાનવરો પણ તારાજ

૩૧૨૫. તેવી રીતે હું માણુસ જાતની પોતાની ઇંદ્રીઓથી મરેલો છું. ખુદા મારૂં સાંભળવું જેવું અને સમજ બન્યો છે.

૩૧૨૬. જ્યારે હું હું. નથી, મારો આ શ્વાસ તેનામાંથી છે. આ શ્વાસની હાજરીમાં જો કોઈ શ્વાસ લીએ (શબ્દ બોલે) તો તે નાસ્તિક છે.

૩૧૨૭. આ શિયાળના રૂપમાં સિંહ છે. આ શિયાળની સામે હિંમત પૂર્વક આગળ વધવું એ ઘટારત નથી.

૩૧૨૮. બહારના રૂપ (છતાં) જો તું તેને માનીશ તો તું તેમાંથી સિંહની ગર્જના સાંભળીશ નહિ.

૩૧૨૯. જો હ. નુહ અમર સિંહ ન હોત તો તેણે કેમ આખી દુનિયાને મુંઝવણમાં નાખી દીધી ?

૩૨૩૦. તે એક માત્ર શરીરમાં લાખો સિંહ (માફક) હતા. તેઓ અગ્નિની મિસાલ હતા. અને દુનિયા ઘાસની ગંજી (મિસાલ) છે

૩૧૩૧. જો ઘાસની ગંજી તેને આપવાનો દશમો ભાગ (દશોંદ) આપવામાં બેદરકારી બનાવે તો તે ઘાસની ગંજી સામે અગ્નિ પ્રગટાવે.

૩૧૩૨. વરૂની માફક અસભ્યાતાથી તે છૂપા (ભાગ્યેજ ઓળખાતી દુનિયા) સિંહની હાજરીમાં પોતાનું મોઢું ખોલે.

૩૧૩૩. તો તે સિંહ તેને ટૂકડેટૂકડામાં ચિરી નાખશે. (જેમ તેણે) વરૂ ને (ચિર્યું) અને તેને (કુરાની) શબ્દ સંભળાવશે "તેથી અમોએ એ તેમનાપર વેર વાળ્યું"

૩૧૩૪. તે સિંહના પંજાથી વરૂની માફક ફટકા સહન કરશે સિંહની હાજરીમાં શેખી કરનાર મુર્ખ છે.

૩૧૩૫. તે ફટકાઓ શરીર ઉપર પડયા. તેથી એમ બને કે (પાપીનો) વિશ્વાસ અને દિલ સલામત રહે !

૩૧૩૬. આ મુદ્દા ઉપર પહોંચતાં મારી શકિત હણાઈ ગઇ છે. હું આ ભેદ કેમ જાહેર કરી શકું ?

૩૧૩૭. પેલા શિયાળની માફક તમારા પેટોને નાનાં બનાવો. શિયાળની ચાલાકીઓ તેની હાજરીમાં નહિ અજમાવતા.

૩૧૩૮. તમારૂં સઘળું "અમો" અને "હું" તેની આગળ મુકી દીઓ. બાદશાહી તેનીજ બાદશાહી છે. શહેનશાહી તેનેજ સુપ્રદ કરો.

૩૨૩૯. ખરા રસ્તે જ્યારે તું ગરીબ (બીન સ્વાર્થી) બનીશ ત્યારે ખરેખર સિંહ અને સિંહનો શિકાર તારોજ છે.

૩૧૪૦. કારણુ કે તે પવિત્ર છે. કીર્તિ તેને જ લાગુ પડે છે: તેને ભલાં કર્તવ્યો, સત્ય કે છાલ કંઇની જરૂર નથી.

હ. નુહ → અમર સિંહ (એકમાત્ર શરીરમાં લાખો સિંહ માફક).
શ્વાસ લે (શબ્દ બોલે)
સિંહ - બાજુમાં અમે હું મુકી દો.
સિંહ - અગ્નિ - મિસાલ.
દુનિયા - ઘાસ.

૩૧૪૧. તે બાદશાહ (ખુદાના) દાસો માટે દરેક ભેટ સોગાદ તેની દયાથી હસ્તી ધરાવે છે, તે તેમના માટે છે

૩૧૪૨. બાદશાહને (ખુદાને) કાંઇ તમન્ના નથી. તેણે આ બધી શહેનશાહત તેણે પેદા કરેલાઓ માટે બનાવી છે, આ જાણ્યું તે સુખી છે!

૩૧૪૩. તે કે જેણે આ બધી શહેનશાહત અને બન્ને દુનિયા પેદા કરી, તેને આ શહેનશાહત પોતાના કબજામાં રાખવાનો શું અર્થ?

૩૧૪૪. તેની કીર્તિની હાજરીમાં તારા દિલ ઉપર ચોકી કરતો રહે. રખેને ખરાબ વિચારોને અંગે તું શરમમાં મૂકાઈ જા.

૩૧૪૫. કારણ કે તે દિલ, વિચાર અને ઇચ્છા જેમ ચોખ્ખા દૂધમાં વાળ (ચોખ્ખો જોઈ શકાય) તેમ જુએ છે.

૩૧૪૬. તે કે જેનું દિલ કોઈપણ ધારણા વગરનું ચોખ્ખું બન્યું છે તો તે અદૃશ્યની છાપ જોવાની આરસી બની છે.

૩૧૪૭. તે આપણા આંતરિક વિચારો અને જાણવા બેશક સજાગ બન્યું છે, કારણ કે ખરો ઈમાનદાર, ઇમાનદારની આરસી છે.

૩૧૪૮. જ્યારે તે આપણી (રૂહાની) ગરીબાઈ સોનું ચકાસવાના પત્થર પર ઘસે છે ત્યારે તે ઈમાન અને શંકા વચ્ચેનો તફાવત જાણે છે.

૩૧૪૯. જ્યારે તેનો આત્મા સિક્કા જોવાનો પત્થર બને છે ત્યારે તે (સાચું) દિલ અને ખોટો સિક્કો (અવિશ્વાસુ) પારખી જશે.

સૂફીઓ કે જેઓ ખુદાને ઓળખે છે, તેઓની આગળ
રાજાઓ બેસશે. એટલા માટે કે તેઓને જોઈને તેઓની
આંખો પણ પ્રકાશિત બને તે વિષે.

૩૧૫૦. બાદશાહોની આવી રીત છે. જો તે તેં સાંભળી હોય તો તને યાદ હશે.

૩૧૫૧. પહેલવાનો ડાબા હાથ ઉપર આધાર રાખે છે, કારણ કે દિલ (હિંમત ધરાવતું) ડાબી બાજુએ બેસાડેલું છે.

૩૧૫૨. જમણે હાથે વડો અમલદાર અને સેક્રેટરીઓ હોય છે, કારણ કે લખવાનું અને હિસાબ રાખવાનું વિજ્ઞાન જમણે હાથે થાય છે.

૩૧૫૩. તેઓ સૂફી લોકોને દરબારમાં સામે જગ્યા આપે છે કારણ કે તેઓ આત્માની આરસી છે, આરસીથી પણ અધિકતર.

૩૧૫૪. ખુદાઈ ઇશ્ક અને ધ્યાનમાં તેઓએ પોતાનાં દિલ ઉજાળ્યાં છે કે જેથી આત્માનો અરીસો અસલ પ્રતિબિંબ ઝીલે.

૩૧૫૫. જે કોઈ પેદા કરનારની પીઠમાંથી સુંદર જનમ્યો છે તેની આગળ અરીસો રાખવો જોઈએ.

પહેલવાન ડાબી | જમણીબાજુ અમલદારો
હિંમત ધરાવતું દિલ, સામે સેક્રેટરી (લખવાનું,
સૂફી આત્માની આરસી

૩૧૫૬. સુંદર ચહેરા અરીસાનો આશક છે. તે આત્માને સ્વચ્છ કરનાર છે (પ્રકાશ પાથરનાર) "તેઓના દિલમાં ખુદાઈ બીક."

હ. યુસુફની હજૂરમાં તેના દોસ્તનું આવવું કે જે દોસ્ત બહાર દેશથી આવ્યો તેની પાસે હ. યુસુફની ભેટની માગણી કરવી તે વિષે

૩૧૫૭. એક ચાહક દોસ્ત દુનિયાના બીજા છેડાથી સત્યવાદી હ. યુસુફનો મહેમાન થયો.

૩૧૫૮. તેઓની નાનપણથી ઘણી સારી ઓળખાણ હતી. મુલાકાતના સોફા પર (સાથે બેસી) આરામ કરતા કરતા....

૩૧૫૯. તેણે હ. યુસુફને તેમના ભાઈઓની અદેખાઈ અને અન્યાયની વાત કરી. હ. યુસુફ કહે, તે સાંકળ (જેવી) હતી. હું સિંહ હતો.

૩૧૬૦ સિંહ સાંકળથી હલકો પડતો નથી. હું ખુદાએ મોકલાવેલા ભાવીની ફરિયાદ કરતો નથી.

૩૧૬૧. જો કે સિંહના ગળા ઉપર સાંકળ હોવા (છતાં) તે સાંકળ બનાવનારાં ઉપર રાજવી છે.

૩૧૬૨. તેણે પૂછ્યું, જેલ અને કૂવા અંગેનો તમારો ભાવ કેવો હતો ? હ. યુસુફ કહે; ચંદ્રમા જ્યારે ઓછો ઓછો થતો જાય છે તેના જેવો.

૩૧૬૩. તે સમય દરમ્યાન જો કે ચન્દ્રમા વળી ગએલા જેવો લાગે (છતાં) શું આખરે આકાશમાં તે પુનમનો ચાંદ બનતો નથી ?

૩૧૬૪. જ્યારે મોતીને બીજા ખરલમાં ખાંડવામાં આવે છે ત્યારે તે આંખ અને દિલનો પ્રકાશ બને છે અને ઉંચે નજરે પડે છે.

૩૧૬૫. તેઓ જમીનમાં ઘઉંના બીને વાવે છે, પછી જમીનમાંથી તેઓ અનાજના દાણાના કણો (અનેક ગણું) મેળવે છે.

૩૧૬૬. તેઓ ફરીવાર તેને ઘંટીમાં પીસે છે, તેની કિંમતમાં વધારો થાય છે, અને આત્માને ચેતન આપે છે.

૩૧૬૭. ફરીવાર તેઓ રોટલાને પોતાના દાંત વડે પીસે છે, તેમાંથી મન, જીવ અને એક બીજાને સમજવાની સમજશક્તિ બને છે.

૩૧૬૮. ફરીવાર જ્યારે આત્મા પ્રેમની અંદર ખોવાઈ જાય છે, (ત્યારે તે) વાવેલાને લણવાનો આનંદ પ્રાપ્ત કરે છે.

૩૧૬૯. આ વાતનો છેડો નથી, પાછો ફર, કે જેથી આપણે જાણીયે કે પેલા ભલા માણસે હ. યુસુફને શું કહ્યું.

૩૧૭૦. તેણે (હ. યુસુફે) પોતાની હકીકત કહી સંભળાવી. પછી કહેઃ ઓ ફલાણા, તેં આ મુસાફરીમાં મારા માટે કેવી ભેટો આણી છે ?

૩૧૭૧. દોસ્તના દરવાજે ખાલી હાથે આવવું એ ચક્કી પાસે ઘઉં વગરના આવવા બરાબર છે.

[illegible]

૩૧૭૨. કીર્તિવંત ખુદા, ન્યાય માટે એકઠા થએલા માણસોને પૂછશે, તમે કયામતના દિવસની શું ભેટ લાવ્યા છો ?

૩૧૭૩. અમો માલ સામાન વગરના ખાલી હાથે તારી પાસે આવ્યા છીએ. "અમે તમને પેદા કર્યા" તેવા જ પોષાકના (નગ્ન) (પેદા કર્યા હતા).

૩૧૭૪. જ્યારે આપણે મૃત્યુ પામેલા ઉઠીશું ત્યારે કયાતમના દિવસે ભેટ કંઈ લઈ જવાનો તેનો વિચાર કર.

૩૧૭૫. અથવા તને પાછા ફરવાની ઉમેદ જ નથી. "મારી મુલાકાતનો દિવસ" નું વચન શું તને વ્યર્થ જણાય છે ?

૩૧૭૬. (વાંચનાર) શું તું તેના મહેમાન થવાના વચનને માનતો નથી ? તો પછી તેના (રસ્તાના) રસોડામાંથી તને (માત્ર) ધૂળ અને રાખ જ મલશે.

૩૧૭૭. અને જો તું તેમ માનતો નથી તો પછી તે દોસ્તના દરબારમાં ખાલી હાથે પગલાં કેમ મૂકે છે ?

૩૧૭૮. સૂવા અને ખાવામાંથી તારી જાતને દૂર રાખતો રહે, તેની સાથેની તારી મુલાકાતમાં ભેટ લાવતો રહે.

૩૧૭૯. કારણ કે થોડી ઊંઘ "પ્હો ફાટવાના વખતે તેઓ ઝોકાં ખાતા હતા. (જેઓ) ખુદાની ક્ષમા માગતા હતા.

૩૧૮૦. ગર્ભની માફક થોડી હલચલ કર, એટલા માટે કે (ખુદા) નું નૂરને જે સમજણ તને આપવી છે તે આપે.

૩૧૮૧. અને (પછી) તું આ ગર્ભ જેવી દુનિયામાંથી બહાર આવે છે, તું દુનિયા પરથી પેલી વિસ્તારેલી પેલે પારની દુનિયામાં જાય છે.

૩૧૮૨. હદીશનું વચન સમજ, "ખુદાની દુનિયા બહુ બહોળી છે," તે પેલી જ અર્શે અઝીમ કે જ્યાં ઓલિયાઓ દાખલ થયા છે તે માટે જ છે.

૩૧૮૩. તે વિશાળ વિસ્તીર્ણ જગ્યાએ દિલ ધડકતું નથી. ત્યાં ખજૂરીના ઝાડના છોડ સૂકાઈ જતા નથી.

૩૧૮૪. અત્યારે તું સમજણનો (બોજો) સહન કરે છે, તું થાકેલો કંટાળેલો અને માથાભર પડી જવા જેવો બન્યો છે.

૩૧૮૫. નિંદ્રાની વખતે તું (ઉપર) જન્મ ધારણ કરે છે. અને ત્યારે તું બોજો સહન કરતો નથી, તારો થાક ચાલ્યો ગયો છે. અને તું દુઃખ અને તકલીફથી પર છો.

૩૧૮૬. નિંદ્રાનો વખત અને ઓલિયાઓ (ઉપર) જન્મે છે તે બન્નેની હાલત માફક સરખામણી કર.

૩૧૮૭. ઓ હઠીલા, ઓલિયાઓ "ગુફામાના માણસો" માફક છે. તેઓ હરવા ફરવા અને ઉઠવામાં પણ "તેઓ નિંદ્રામાં છે"

૩૧૮૮. તેઓના દિલ વગર કે કાર્ય વગર પણ ખુદા તેને ખેંચે છે "જમણા હાથ તરફ અને ડાબા હાથ તરફ"

૩૧૮૯. જમણો હાથ શું છે? ભલા કૃત્યો, ડાબો હાથ શું છે? શારીરિક કામો.

૩૧૯૦. આ બન્ને જાતનાં કર્તવ્યો ઓલિયાઓ તરફનાં છે. (જ્યારે) તેઓ પડઘાની માફક તેઓ બન્નેથી સભાન નથી.

૩૧૯૧. જો પડઘાને અંગે ખરાબ કે સારૂં સાંભળવાનું મલે તો (જાણે કે) પહાડ તે બન્નેથી સભાન નથી.

દોસ્તનું હ. યુસુફને પોતાની ભેટ અરીસો હોવા વિષે કહેવું, ને જેથી જ્યારે તમો તેમાં તમારો ચહેરો જુઓ ત્યારે મને યાદ કરો.

૩૧૯૨. હ. યુસુફે કહ્યું, આવ તારી ભેટ રજૂ કર, તે (સહેમાન) આ માગણીથી શરમાઈને મોટે અવાજે નિસાસો મૂક્યો.

૩૧૯૩. તેણે જવાબ આપ્યો, મેં તારા માટે કેટલા ઈનામો શોધવા કોશિશ કરી પણ તારા લાયક કોઈ ચીજ મારી નજરમાં ન આવી.

૩૧૯૪. હું (સોનાની) કણને સોનાની ખાણે કેમ લાવું? હું પાણીનું ટીપું 'ઉમાન' ના (દરિયા) પાસે કેમ લાવું.

૩૧૯૫. હું (માત્ર) જીરાને "કીરમાન" પાસે લાવીશ. જો હું મારૂં દિલ અને આત્મા તારી (ભેટ તરીકે) લાવું (તો પણ ઓછું છે).

૩૧૯૬. આ ભંડાર એવો છે કે ત્યાં કોઈ બીજ ન હોય તેમ નથી, માત્ર તારી ખૂબસૂરતી, કે જેનો કોઈ હરીફ નથી.

૩૧૯૭. મને લાગ્યું કે પવિત્ર દિલના પ્રકાશ જેવી આરસી તમારા માટે ભેટ તરીકે લાવવી મને યોગ્ય લાગી.

૩૧૯૮. કે જેથી તમે તમારો ખૂબસૂરત ચહેરો તેમાં જોઈ શકો. ઓ તું કે જે સૂર્યની માફક સ્વર્ગની મીણબત્તી છો.

૩૧૯૯. (ઓ મારી આંખોના પ્રકાશ) હું તમારા માટે આરસી ભેટ તરીકે લાવ્યો છું. તેથી જ્યારે તમો તમારો ચહેરો જુઓ ત્યારે મને યાદ કરો.

૩૨૦૦. તેણે પોતાના હાથ નીચે રાખેલી આરસી બહાર કાઢી સુંદર લોકોને આરસીથી સંબંધ છે.

૩૨૦૧ અસ્તિત્વની આરસી શું છે? "નીસ્તી" બની જવું, (ભેટ તરીકે) તું નીસ્તી બની જા. જો તું મૂર્ખ ન હોતો.

૩૨૦૨. હયાતી માત્ર "નીસ્તી" માંજ જોઈ શકાય, પૈસાદાર ગરીબોને દાન આપતા હોય છે.

દિલ અને આત્માં : ભેટ લાવું તો પણ ઓછું છે
અસ્તિત્વ ની આરસી → નીસ્તી બની જા.
હૈયાતી → નીસ્તી માં જોય શકાય

૩૨૦૩. રોટલાની ચોખ્ખી આરસી એ ભૂખ્યો માણસ છે, તેવી જ રીતે બત્તીમાં પ્રકાશ આવ્યો તેની આરસી વાટ છે.

૩૨૦૪. "નીસ્તી" અને ખામી જ્યાં પણ ઉદય પામે છે (દેખાય છે) (તે) આરસી છે, કે જેમાં દરેક ઉત્તમ ચાલાકીઓ દેખાય છે.

૩૨૦૫. જ્યારે એક પોષાક ચોખ્ખો અને સારો ગૂંથેલો છે, તો તે દરજીની હોંશિયારી બતાવવામાં અશક્ય કેમ થશે?

૩૨૦૬. ઝાડનાં થડને મૂળમાંથી ઉખેડવામાં આવે એટલા માટે કે લક્કડ શેડો તેની ડાળીઓ કાપીને પોતાની ચાલાકી બતાવી શકે?

૩૨૦૭. દાક્તર, કે જે ભાંગેલાં હાડકાં બેસાડે છે તે જ્યાં ભાંગેલાં પગવાળો હોય ત્યાં જાય છે.

૩૨૦૮. ક્ષીણ થએલા બીમાર ન હોય તો દાક્તર પોતાની દવાની અસરકારકતા કેમ બતાવી શકે?

૩૨૦૯ અર્ક પોતાની (શક્તિ) કેમ બતાવી શકે જો હલકું અને ગંદુ જસત ખરાબ રીતે નામીચું ન હોય?

૩૨૧૦. સંપૂર્ણ ગુણ (ભૂલોમાંથી) દર્શાવતી ચીજ તે આરસી છે. (વળી) તે અધમપણું આરસીની શક્તિ અને કીર્તિ પણ (બતાવે છે).

૩૨૧૧. કારણ કે દરેક વિરોધી તેના વિરોધી થકી જ જાહેરાતમાં આપે છે, કારણ કે મધ સરકા થકી જ જણાય છે. (વિરોધી સ્વાદ અંગે).

૩૨૧૨. પોતાના દુર્ગુણો પોતામાં જોનાર અને જાણનારે (રૂહાની રીતે) પોતાને સંપૂર્ણ કરવામાં સારી ઉન્નતિ સાધી છે.

૩૨૧૩. પોતાને સંપૂર્ણ ધારીને તે કીર્તિવાન માલિક તરફ નથી ઉડી ઓગળી ન શક્યો તેનું કારણ (તેની પેલી ધારણા જ છે).

૩૨૧૪. પોતાને સંપૂર્ણ સમજવા કરતાં બીજું કાંઈ ખરાબ (આત્માનું) દર્દ નથી.

૩૨૧૫. તારા દિલ અને આંખમાંથી ખૂબ જ લોહી વહેવડાવવું જોઈએ, કે જેથી તારા દિલમાંથી હુંપદ ચાલ્યું જાય.

૩૨૧૬. ઈબલીસની ભૂલ એમ ધારી લેવામાં જ હતી કે હું તેનાથી (આદમથી) ઉત્તમ છું. દરેક પેદા થએલ હસ્તીમાં બીમારી છે.

૩૨૧૭. જો કે તે (આત્મિક) રીતે ઘણો જ નમ્ર પોતાને માનતો હતો. જાણ કે તે નીચે વિષ્ટાવાળું પાણી અને ઉપર ચોખ્ખા પાણી માફક છે.

૩૨૧૮. જ્યારે તે (સેતાન) તને પોતાના સકંજામાં ખેંચે છે કે તુરત જ પાણી વિષ્ટાના રંગનું બને છે.

૩૨૧૯. ભલા માણસ, ઝરામાં વિષ્ટા પણ છે, જો કે તને તે ઝરો ચોખ્ખો લાગે છે.

સંપૂર્ણ ગુણ દર્શાવતી ચીજ = આરસી

૩૨૨૦. તે મુરશીદે કામીલ, ડહાપણનો ભંડાર અને રસ્તાનો માહિતગાર છે કે જે નફ્સ અને શરીરના પ્રવાહમાં નહેર ખોદે છે.

૩૨૨૧. ભ્રષ્ટ થએલાં પાણીનો ઝરો વિષ્ટા વગરનો ચોખ્ખો બને ? શું માણસનું જ્ઞાન તેના વાસનામય નફ્સની અજ્ઞાનતામાંથી હાંકી શકે ?

૩૨૨૨. તલવાર તેની પોતાની મૂઠ કેવી રીતે ઘડશે ? જા. આ જખમની (મરામત) દાકતર પાસે કરાવ, (રૂહાની પેશ્વા પાસે જા).

૩૨૨૩. દરેક જખમ પર માખીઓ ભેગી થાય છે, કે જેથી કોઈપણ તેના જખમનું ખરાબપણું જોઈ શકતું નથી.

૩૨૨૪. પેલી માખીઓ તે તારા હલકા વિચારો છે, અને તારો માલિકીપણાનો પ્રેમ છે. તારો જખમ તારી (રૂહાની) સ્થિતિનો અંધકાર છે.

૩૨૨૫. અને જો મુરશીદ તારા જખમ પર પ્લાસ્ટર કરે તો તેજ વખતે દુઃખ અને આર્તનાદ શાંત બની જાય.

૩૨૨૬. તેવી તું એવી કલ્પના કરે છે કે જખમને રૂઝ આવી ગઈ છે. (હકીકતમાં) પ્લાસ્ટરનું કિરણ તે જગ્યા ઉપર દેખાણું છે.

૩૨૨૭. ખબરદાર થા ! તારૂં માથું પ્લાસ્ટરની ન હટાવ ઓ તું કે જે પીઠમાં જખમી થયો છે. પણ સમજ કે (ઝખમની રૂજ) કિરણમાંથી આપે છે (તારા ડહાપણથી નહિ):

કુરાનની વહી લખનારનું રસ્તો ચૂકી જવું;
કારણ કે હ. પયગમ્બર કરતાં પહેલાં
બોલી જતાં તેનાં દિલમાં થયું કે મને
પણ આવી જ વહી આપે છે તે વિષે.

૩૨૨૮. હ. ઓ સમાન (ર.) ના વખત પહેલાં એક વહી લખવામાં ખંતીલો લહિયો હતો.

૩૨૨૯. જ્યારે પણ હ. પયગમ્બર તેને વહી લખાવતા તે તેજ પાંદડા ઉપર લખી લેતો.

૩૨૩૦. વહીનાં કિરણો તેના ઉપર પ્રકાશ ફેલાવતાં, અને તે તેમાં ડહાપણ શોધતો.

૩૨૩૧. તે ડહાપણનું સત્ય પયગમ્બર સાહેબ લખાવતા. આ પ્રતિબિંબના પ્રકાશને અંગે તે માથું મારનાર મૂર્ખ રસ્તો ભૂલી ગયો.

૩૨૩૨. ધારવા માંડયો કે પ્રકાશિત પયગમ્બર જે કહે છે તે 'સત્ય' મારામાં પણ છે.

૩૨૩૩. તેના વિચારનું કિરણ હ. પયગમ્બર સાહેબને અથડાયું, તે લહિયાના (આત્મા) પર ખુદાઈ કોપ ઉતર્યો.

૩૨૩૪. તેણે લહિયા તરીકે લખવાનું કાર્ય અને પવિત્રદીપ ઈસ્લામ ત્યજી દીધો. તે હ. મુસ્તફા (હ. મહમ્મદ ર. સ. અ) અને ઈસ્લામનો કટ્ટો શત્રુ બન્યો,

પયગંબર જે કહે છે તે સત્ય મારામાં છે.

૩૨૩૫. હ. મુસ્તફા (હ. મહમ્મદ. ર. સ. અ) એ કહ્યું ઓ હઠીલા દુષ્ટ આદમી, જો તે પ્રકાશ તારામાંથી હતો તો તું કાળો કેમ બન્યો (પાપથી).

૩૨૩૬. જો તારામાં (વહીનો) ઝરો વહેતો હોત તો તારામાં આવું કાળું પાણી કેમ બહાર આવ્યું ?

૩૨૩૭. તેની આબરૂ દરેકની નજરમાં ખતમ થએલી ભલે જુએ કે તેના આ (અહંકારો) તેનું મોઢું બંધ કર્યું છે.

૩૨૩૮. તેનું (પાપીનું) દિલ કાળું પડેલું હોય છે, તેથી તે પશ્ચાતાપ પણ કરી શકતો નથી. આ ઘણું અજાયબ ભરેલું છે.

૩૨૩૯. તે (લહિઓ) અફસોસની બૂમ પાડતો હતો, પણ તલવારે આથી તેનું માથું કાપી લીધું પછી 'અફસોસ' બોલવો નકામો છે.

૩૨૪૦. સો મણ લોઢાના વજન જેવી ખુદાએ ખ્યાતિ મેળવી છે. અરે ઘણાં આવી સાંકળથી બંધાએલા છે.

૩૨૪૧. આવા ડહાપણ વાળાનો (પણ) અહંકાર અને નાસ્તિકતાએ રસ્તો (પશ્ચાતાપનો) બંધ કર્યો છે તે (પાપી) એક નિસાસો પણ નાખી શકતો નથી.

૩૨૪૨. તેણે (ખુદાએ) કહ્યું. (અમે તેના ગળામાં નાખી છે) બેડી અને તેનાં લીધે પરાણે તેઓના માથાં ઉંચા રાખ્યાં છે, આ બેડીઓ આપણા ઉપર બહારથી (મૂકાઈ) નથી.

૩૨૪૩. "(અને અમે મૂકયો)" તેની પાછળ અટકાવ, અને અમે તેનાં પર ઢાંકણુ (અંધારાનું) કર્યું. કાકો (જૂનો પાપી) પોતાંની આગળ પાછળ અટકાવ જોઈ શકતો નથી.

૩૨૪૪. જે અટકાવ ઉત્પન્ન થયો તે ખુલ્લા મેદાન જેવા દેખાવનો છે, તે ખુદાઈ ભાવિનો અટકાવ છે તે તે જાણતો નથી.

૩૨૪૫. તારો (દુન્યવી) વ્હાલ એ વ્હાલના ચહેરા (મુલાકાત નો) અટકાવ છે. તારો સાથીદાર એ (ખરા રૂહાની) લોમિયાના શબ્દોનો અટકાવનાર છે.

૩૨૪૬. અરે, ઘણા નાસ્તિકો છે કે જેઓને સત્ય ધર્મ (ઈસ્લામ) માટે લાગણી છે, (પણ) નામના. અહંકાર, આ અને પેલી (દુન્યવી ઈચ્છાઓ) તેની સાંકળ (છે)

૩૨૪૭. સાંકળ અદૃષ્ય છે, પણ તે (સાંકળ) લોઢાની સાંકળથી પણ વધુ ખરાબ છે. લોઢાની સાંકળ તો હથોડાથી તોડી શકાય છે.

૩૨૪૮. લોઢાની સાંકળ ખસેડી શકાય છે, (પરંતુ) આ અદ્રષ્ય સાંકળ કેમ ખસેડવી તે કોઈ જાણતું નથી.

૩૨૪૯. જો માણસ ભમરો કરડયો હોય તો તે પોતાના શરીરમાંથી ભમરાના ચટકાનો કાંટો કાઢે છે.

૩૨૫૦. પણ જો કરડવાનો જખમ તેં પોતાની હસ્તીને લીધે કર્યો હોય તો દુઃખ ઘણી જ પીડા સાથે ચાલુ રહેશે, અને બળાપામાંથી આરામ મળશે નહિ.

૩૨૫૧. આ (બાબતનું) સંપૂર્ણ ધ્યાન મારા દિલમાંથી બહાર આવે છે પણ મને બીક લાગે છે કે તે તને (કદાચ) નિરાશાનું (કારણ બને).

૩૨૫૨. નહિ, નિરાશ નહિ થા. તને પોતાને આનંદી બનાવ. તેની મદદ માંગો કે જેને બોલાવતાં (મદદે) આવે છે.

૩૨૫૩. કહે જે, અમોને માફ કર, ઓ તું, કે જે માફી આપવાનો ચાહક છે, ઓ તું કે જેની પાસે જૂના ભયંકર દર્દોની દવા છે.

૩૨૫૪. ડહાપણની ઝલક પેલા દયા જનક (હ. પયગમ્બરના લહિયાને) નાસ્તિકતામાં ખેંચી ગઈ. આત્મ પ્રશંસક ન બન. તારૂં (ખુદીપણું) તારામાંથી કાદવ ઉડાવશે.

૩૨૫૫. ઓ ભાઈ ડહાપણ તારા તરફ ઉડતું આવતું હોય છે. જે "રૂહાની પેશ્વા" તરફથી આવે છે, અને તે તારામાં તો માત્ર ઉછીની ચીજ છે.

૩૨૫૬. જો કે ઘરમાં (તારા દિલમાં) પ્રકાશ મલ્યો છે, પરંતુ તે (પ્રકાશ) તારા પ્રકાશ દેનાર પાડોશી (રૂહાની પેશ્વા) માંથી પ્રકાશે છે.

૩૨૫૭. શુક્ર ગુજાર. અહંકારથી આંધળો ન થતો. અહંકારથી તારૂં નાક (માથું) ઊંચું નહિ કરતો. ધ્યાનપૂર્વક સાંભળ. ખુદીપણું જરાય ન બતાવ.

૩૨૫૮. તે સેંકડો દયા અને દિલગીરીઓ છે કે આ ઉછીની હાલત ધાર્મિક કોમોને (તેમની ધાર્મિક ફરજો બજાવવામાંથી) દૂર ખેંચી ગઈ છે.

૩૨૫૯. (ખુદાનો મેળાપ) કરવાના મેજ (પર બેસવાના) ખાસ હક્કનો દરજ્જો જેણે પ્રાપ્ત કર્યો હોઈ તેવાની દરેક મુસાફરી (રૂહાની ઉન્નતિની દરેક કક્ષાએ)માં પોતાને નહિવત્ સમજનારનો હું ગુલામ છું.

૩૨૬૦. કેટલીએ મુસાફરીઓ જે છોડી દેવામાં આવી છે, એટલા માટે કે એક દિવસે માણસ પોતાને ઘરે જરૂર પહોંચશે.

૩૨૬૧. જો કે લોઢું રાતું થયું છે. (પરંતુ) તે (કુદરતી) રાતું નથી થયું. તે (રતાશ) એ ઉછીના લીધેલા કિરણો છે કે જે અગ્નિના અથડાવાથી છે.

૩૨૬૨. જો કે બારી કે ઘર પ્રકાશથી ભરપૂર છે. (તો પણ) કોઈ વસ્તુ સૂર્ય સિવાય ચમકતી જોવાય નહિ.

૩૨૬૩. દરેક દરવાજો અને દીવાલ કહે છે, હું ચમકદાર છું. હું બીજાના કિરણો ધરાવતું નથી, હું (પોતે) આ (પ્રકાશ) છું.

૩૨૬૪. પછી સૂર્ય કહે છે, (આ માન્યતામાં) તું સત્ય નથી, જ્યારે હું અસ્ત પામીશ ત્યારે તને તે સ્પષ્ટ થશે.

૩૨૬૫. તરૂઓ કહે છે, અમો અમારી મેળે લીલા છીએ. અમો ખૂબસૂરત અને હસતા (ખીલતા) છીએ અને અમો (કુદરતી) ઊંચા છીએ.

૩૨૬૬. વસંત ઋતુ (તેમને) કહે છે, ઓ લોકો જ્યારે હું રવાના થાઉં ત્યારે તમો પોતાને સંભાળજો.

૩૨૬૭. શરીર પોતાની સુંદરતા અને નાજુકતા માટે બડાઈ હાંકે છે (જ્યારે) આત્માએ પોતાની કીર્તિની પાંખો અને પીછાં સંતાડી રાખ્યાં હોય છે.

૩૨૬૮. તે (રૂહ) તેને (શરીરને) કહે છે ઓ નર્કના ટેકરા તું કોણ છો ? મારા કિરણો થકી એક બે દિવસ (ટૂંકી જિંદગી) માટે હૈયાતીમાં આવ્યું છે.

૩૨૬૯. તારાં નખરા અને અહંકારી શ્વાસો દુનિયામાં સમાએલા છે (તેનાથી આગળ જા) હું ઊભો થઈ (તારાથી નાસી જાઉં) ત્યાં સુધી વાટ જો.

૩૨૭૦. તેઓ કે જેનો પ્રેમ તને હૂંફ આપે છે તેજ તારા માટે કબર ખોદશે. કીડા અને જીવડાનો તેઓ તને કોળિઓ બનાવશે.

૩૨૭૧. (તારા પ્રેમ થકી મળવા) તારી હાજરીમાં જેઓ મરતા હોય છે તેઓ જ તારી ખાઈ પાસે નાક ઊંચું કરશે.

૩૨૭૨. રૂહના કિરણો વાણી, આંખ અને કાન છે, (પરંતુ) અગ્નિનું કિરણ પાણીના પરપોટા સમાન છે.

૩૨૭૩. જેમ રૂહના કિરણો શરીર પર પડે છે તેમ "રૂહાની પેશ્વા" ના કિરણો મારા આત્મા પર પડે છે.

૩૨૭૪. જ્યારે આત્માઓનો આત્મા આત્મામાંથી ખેંચાઈ જાય છે. ત્યારે આત્મા આત્માવગરના શરીર જેવો બને છે. (આ ચોકકસ રીતે) જાણ.

૩૨૭૫. એટલા માટે હું મારૂં માથું જમીન પર મૂકું છું. (સિજદો કરૂં છું.) કે જેથી (જમીન) કયામતના દિવસે મારી સાક્ષી બને.

૩૨૭૬. કયામતના દિવસે આપણને બળજબરીપૂર્વક ઉઠાડવામાં આવશે ત્યારે જેઓ માટીમાંથી પસાર થયા હશે તેની (માટી) સાક્ષી પૂરશે.

૩૨૭૭. તેણી (માટી) ચોખ્ખી રીતે જાણતી હશે તે જાહેર કરશે. જમીન અને પત્થરો બોલવું શરૂ કરશે.

૩૨૭૮. ફિલસૂફ ખોટા તરંગોમાં ઇમાન વગરનો બને છે. તે વિદાય કરો અને તેનું માથું દીવાલ સાથે પછાડો (ભલે પછાડે).

૩૨૭૯. જેઓનું દિલ આત્મ જ્ઞાન સમજી શકે છે તે યોનિ ઇંદ્રિઓ પાણીની બોલી, જમીનની ભાષા અને માટીની ભાષા (હોવી) કબૂલ કરે છે.

૩૨૮૦. ફિલસૂફ જે થાંભલાઓનું હોવું માનતો નથી. તે રૂહાની પેશ્વાઓના જ્ઞાનથી અજાણ્યો છે.

૩૨૮૧. તે કહે, લોકોના અંતઃકરણમાં દિલગીરીઓની અસર ઘણી કલ્પનાઓ લાવે છે.

રૂહના કિરણો - શરીર પર. (આંખ, કાન, વાણી છે.)
રૂહાની પેશ્વાના કિરણો - આત્મા ઉપર પડે છે.

૩૨૮૨. નહિ. તેના દુષ્ટપણા અને નાસ્તિકતાનું પ્રતિબિંબ તેના પર શંકાવાદના આળસુ તરંગો લાવે છે.

૩૨૮૩. તત્વવેત્તા શેતાનનું અસ્તિત્વ કબૂલ કરતો નથી અને તેજ વખતે તે શેતાનના કાબૂમાં હોય છે.

૩૨૮૪. જો તેં સેતાનને ન જોયો હોય તો તારી જાતને સંભાળ, રાક્ષસી કાબૂ વગર કપાળ પર વાદળીપણું ન હોય !

૩૨૮૫. જેના દિલમાં ગૂંચવણ અને શક હોય તે આ દુનિયામાં છૂપો તત્વવેત્તા છે.

૩૨૮૬. તે ખાત્રીપૂર્વક પોતાની માન્યતા જાહેર કરે છે. પરંતુ નજીકના વખતમાં તેની તત્વપણાની નાડી તેનો ચહેરો કાળો બનાવશે.

૩૨૮૭. ઓ ઈમાનદાર, કાળજી રાખ, કારણ કે તે (નાડી) તારામાં છે, તારી અંદર અંત વગરના જગતો છે.

૩૨૮૮. તારી અંદર બોંતેર ફિરકા છે, જો એક દિવસ (પણ) તારા ઉપર તેઓનો હાથ આવે (સત્તા ચલાવે.તો તને) ધિક્કાર છે.

૩૨૮૯. આની બીક થકી જે કોઈ આ ઈમાન સાચવવામાં પાંદડાની માફક ધ્રુજે છે તે ભાગ્યશાળી છે.

૩૨૯૦. તું ઈબલીસ અને સેતાનો તરફ હસે છે કારણ કે તેં તને પોતાને ભલો માણસ સમજ્યો છે.

૩૨૯૧. જ્યારે રૂહ તેના ફરવાની જગ્યા બદલશે (જેવો છે તેવો દેખાશે) ત્યારે ધર્મના માનનારાઓમાંથી કેટલી દિલગીરીઓ પરાણે નીકળશે?

૩૨૯૨. (દુકાનના) માલ બતાવવાના બાંકડા પર હરેક (સિકકા) સોનાની માફક હસ્તા હોય છે, કારણ કે પારખવાનો પત્થર દૃષ્ટિ બહાર છે.

૩૨૯૩. ઓ (ગુનાહના) ઢાંકવાવાળા, અમારા ઉપરથી પડદો ન હટાવ. અમારી પરખમાં અમારો રક્ષણહાર બન.

૩૨૯૪. રાત્રે ખોટા સિકકા સોનાની સાથે જ હડસેલાઈ જાય છે, સોનું દિવસની રાહ જોતું હોય છે.

૩૨૯૫. પોતાની આંતરિક જીભથી સોનું કહેતું હોય છે, ઓ કથીર, દિવસ ચોકખો ઉગે ત્યાં સુધી રાહ જો.

૩૨૯૬. લાખો વરસ સુધી શ્રાપિત ઈબલીસ સંત હતો, અને ઈમાનદારોનો સરદાર હતો.

૩૨૯૭. તેનામાં જે મગરૂરી હતી તેના પ્રતાપે તે હ. આદમ સાથે અથડામણમાં આવ્યો (અને) સવારની દરિયાની ભરતીની વિષ્ટા મુજબ તિરસ્કાર પામ્યો.

બાઉરના પુત્ર બલઅની ખુદાને પ્રાર્થના કરવી, આશરેર કે જેનો તેઓએ કબજો કર્યો તેમાંથી તેઓની ઉમેદ પૂરી કર્યા વગર તેઓ પાછા ફરે તેવી દુઆ માંગી તે વિષે

તારી અંદર 72 ફિરકા છે.

૩૨૯૮. જીસસના વખતની માફક બાઉરનો પુત્ર બલમના દબાણુમાં દુનિયાના લોકો આવ્યા.

૩૨૯૯. માત્ર તેને જ તેઓ (માનપૂર્વક) નમતા. તેના જાદુ મંત્ર બીમાર માણસની તંદુરસ્તી હતી,

૩૩૦૦. અહંકાર અને હુંપદમાં તે હ. મુસા સાથે અથડામણુમાં આવ્યો. તેની કેવી દશા થઈ જે તેં સાંભળી છે.

૩૩૦૧. તેવી જ રીતે સંતાએલા કે જાહેર લાખો ઈબલીસ અને બલમ આ દુનિયામાં છે.

૩૩૦૨. ખુદાએ આ બન્નેને ખરાબ રીતે નામીચા કર્યા, એટલા માટે કે આ બન્ને બાકીના માટે સાક્ષી બની રહે.

૩૩૦૩. આ બન્ને ચોરોને તેણે (ખુદાએ) ઊંચી ફાંસીના માંચડે લટકાવ્યા (બીજાની ચેતવણી માટે) જો કે તેના જેવા બીજા ઘણા ચોરો તેના વેર માટે (લાયક) હતા.

૩૩૦૪. આ બન્નેને શહેરના દરવાજેથી ખેંચ્યા (ફાંસીએ લટકાવ્યા) (પણ) તેની સજાના ભોગ બનનારની સંખ્યા ગણવી અશક્ય છે.

૩૩૦૫. તું તેનો (ખુદાનો) માનીતો છે પણ તારી મર્યાદાની અંદર રહી ખુદાથી (ડર) ખુદાથી (ડર) પેલી મર્યાદાની બહાર પગ નહિ રાખતો.

૩૩૦૬. જો તારા કરતાં વધુ માનીતો હોય તેની અથડામણુમાં જો તું આવીશ તો તે તને સાત પાતાળની સૌથી નીચે લાવી મૂકશે.

૩૩૦૭. આદ અને થામુદના લોકોની વાત કરવાનું તાત્પર્ય શું છે? તું જાણ કે પયગમ્બરો ને (દુષ્ટ લોકો માટે) દિલગીરી હોય છે.

૩૩૦૮. આં નિશાનીઓ (પૃથ્વીનું) (પાપીઓને) ગળી જવું. તેમના પર (પત્થર મારો); વીજળીના કડાકા એ સત્યના આત્મા (ખુદાની શક્તિની સાબિતીઓ છે).

૩૩૦૯. ઈન્સાન માટે બધાં જનાવરોની કુરબાની કરો, હેતુ માટે બધી માણસ જાતની કુરબાની કરો.

૩૩૧૦. હેતુ શું છે? "અકલેકુલ" ની સમજણ, "અકલેજૂજ" ની સમજણ એ સમજણ તો છે પણ અનિશ્ચિત.

૩૩૧૧. બધાં જનાવરો જેઓ ફાડી ખાનારા માણસ જાતના (દુશ્મન) છે તે મનુષ્ય પ્રાણીથી ઉતરતા છે.

૩૩૧૨. તેઓનું લોહી માણસ જાત માટે હલાલ છે, કારણ કે તેઓ માણસાઈનાં કૃત્યોને લાયક બન્યાં નથી.

(હેતુ : ? → અક્કલે કુલની સમજણ) ઇન્સાન માટે → બધા જાનવરોની કુરબાની કરો.
હેતુ માટે :→ બધા માણસ જાતની કુરબાની કરો.

૩૩૧૩. જંગલી જનાવરોનું માન નીચે પડ્યું છે, કારણ કે તેઓ મનુષ્ય જાતિ તરફ દુશ્મનાવટવાળા બન્યાં છે.

૩૩૧૪. તો પછી તારૂં શું માન હશે? કેવી અજાયબી! (મૂર્ખાઈની) જ્યારે તું પણ બીકણ જંગલી ગધેડાઓ જેવો બન્યો છે (રૂહાની પેશ્વાથી મુખ ફેરવ્યું છે).

૩૩૧૫. તેના ઉપયોગીપણા માટે (પાળેલા) ગધેડા મારી નાખવા ન જોઈએ. (પણ) જ્યારે તે જંગલી બને છે ત્યારે તેનું લોહી હલાલ બને છે.

૩૩૧૬. જો કે ગધેડાને (જંગલી બનવામાંથી) બચવાનું જ્ઞાન હોતું નથી. છતાં તે દયાળુ તેને માફ કરતો નથી.

૩૩૧૭. તો પછી માણસને કેમ માફી અપાશે? ઓ ભલા દોસ્ત! જ્યારે તે 'શબ્દ' (રૂહાની પેશ્વા) તરફ ઝનૂની બન્યો છે.

૩૩૧૮. જેમ જંગલી જનાવરોને તીર અને ભાલાથી લોહી રેડવા રજા આપવામાં આવી છે, તેવી જ રીતે નાસ્તિકોનું પણ.

૩૩૧૯. તેઓની બધી સ્ત્રીઓ અને બચ્ચાં સ્વતંત્ર લૂંટનો માલ છે, કારણ કે તેઓ જંગલી રીતે માન ભરેલી સમજણથી ઉંધાં ચાલ્યા છે.

૩૩૨૦. એક વધુ સમજણ બીજી સમજણથી ભાગે છે. તેને બુદ્ધિ વિષયકથી જાનવરી (સપાટીએ) ઉતારવામાં આવે છે.

હારૂત અને મારૂતનું પોતાની પવિત્રતામાં
આધાર રાખવો અને આ દુનિયાના માણસો
સાથે ભળવાની ઈચ્છા કરી અને પછી
આવેગોને આધીન થવા વિષે.

૩૩૨૧. દાખલા તરીકે તેઓના અહંકારના લીધે પ્રખ્યાત હારૂત અને મારૂતને ઝેરીલા તીરથી (ખુદાઈ કોપથી) મારવામાં આવ્યા હતા.

૩૩૨૨. તેઓને પોતાની પવિત્રતામાં વિશ્વાસ હતો, પરંતુ ભેંસનો વિશ્વાસ સિંહમાં હોય તે શું કામનો?

૩૩૨૩. જો કે તેણે તેના શીંગડાં વડે (પોતાના બચાવ માટે) હજાર હિકમતો કરી (તો પણ) ઝનૂની સિંહ તેના એક પછી એક અવયવ ફાડી ખાશે.

૩૩૨૪. જો તે શીંગડાંથી ભરપૂર શેળો બને તો પણ ભેંસ ચોક્કસ સિંહથી મારી જશે.

૩૩૨૫. ફુંકાએલો પવન જો કે ઘણાં ઝાડોને મૂળથી ઉખેડી નાંખશે, છતાં પણ તે દરેક ઘાસના તણખલાને સુંદરતાથી સજાવશે.

૩૩૨૬. તે ભયંકર પવનને ઘાસની નબળાઈ ઉપર દયા હતી. ઓ દિલ, તેં તારા સામર્થ્ય માટે નકામો ગર્વ કર્યો.

ભેંસનો વિશ્વાસ → સિંહમાં શું કામનો.
હારૂત-મારૂત- પોતાની પવિત્રતામાં વિશ્વાસ.!

૩૩૨૭. ડાળીઓની જાડાઈથી કુહાડો કેવી રીતે ડરશે ? તે તેના કટકે કટકા કરી નાખશે.

૩૩૨૮. પણ તે પોતે પાંદડાં ઉપર પ્રહાર કરશે નહિ. તે પોતાની ધારના પ્રહાર બીજી ધાર સિવાય કરશે નહિ. (કાંઈ સખત અને પોતાના જેવું મજબૂત).

૩૩૨૯. અગ્નિ બળતણના મોટા જથ્થાની થોડી પરવા કરશે ? ઘેટાંઓના બહુ મોટા જથ્થાની બીકમાં શું કસાઈ ભાગી જશે ?

૩૩૩૦. સત્યની હાજરીમાં (સરખામણી કરતાં) રૂપ શું છે ? તદ્દન નબળું આકાશની સત્યતા તેને ઉપર નીચે રાખે છે.

૩૩૩૧ સ્વર્ગીય ધરીની સરખામણી કરી ન્યાય કર. તેની હિલચાલ કેમ આગળ વધે છે, તેના માર્ગદર્શક 'સત્ય' થી.

૩૩૩૨. ઓ પુત્ર, આ ઢાલ જેવી કાયાની હિલચાલ છૂપાએલા આત્મામાંથી આવે છે.

૩૩૩૩. આ હવાની હિલચાલ તેની વાસ્તવિકતામાંથી આવે છે, જેમ ઝરાનું પાણી (પવન) ચકકીમાં કેદી બને છે.

૩૩૩૪. ભરતી અને ઓટ, આવતો અને બહાર જતો શ્વાસ, તે કોના થકી આગળ પાછળ ચાલે છે ? આત્મા કે જે ઈચ્છાથી ભરપૂર છે.

૩૩૩૫. હવે તે (આત્મા) તેને (શ્વાસને) 'જીમ' બનાવે છે, કોઈવાર હય અને ડાલ, ક્યારેક શાંતિ આપે છે, ક્યારેક ઝઘડા.

૩૩૩૬. આપણા ખુદાએ પણ પવનને અજગરની માફક (ગુસ્સે થએલો) 'આદ' (કોમની) વિરૂધ્ધ (મોકલ્યો હતો).

૩૩૩૭. ફરીવાર તેણે પવનને શાંત કર્યો, માન ભર્યો અને ઈમાનદારોની સલામતી ભર્યો.

૩૩૩૮. (મુસ્લિમ) ધર્મના રૂહાની પેશ્વાએ કહ્યું: ખુદા જ સત્ય છે, કે જે રૂહાની સત્યતાનો સાગર અને પેદા કરેલાઓનો માલિક (છે).

૩૩૩૯. પૃથ્વીના બધા તબકકા અને સ્વર્ગ 'તે' ફરતા મહાસાગરના માત્ર એક તણખલા (સમાન) છે.

૩૩૪૦. પાણી જ્યારે ઉશ્કેરાય છે ત્યારે ધસતા અને પછડાતા પાણીમાંના તણખલા ઘસડાય છે,

૩૩૪૧. જ્યારે તે (સત્યનો સાગર) તણખલાને તરફડિયામાંથી બચાવવા ઈચ્છે ત્યારે તે તણખલાને કિનારા તરફ ઘસડી જાય છે.

૩૩૪૨. તે તેને કિનારામાંથી ખેચી મોજામાં ખેંચે છે જેમ તોફાની (પવન) ઘાસને ખેંચે છે.

૩૩૪૩. આ વિવાદના વિષયનો છેડો નથી. ઓ યુવાન! પાછળ જા, હારૂત અને મારૂતની (વાતો કર).

હારૂત અને મારૂતની બાકીની વાત અને તેમના પર નમૂના રૂપી સજા કરવામાં આવવી, આ દુનિયામાં બાબીલોનના કૂવામાં તે વિષે

૩૩૪૪. તેઓ (બન્નેને સ્વર્ગના) દરવાજાની જાળીમાંથી દુનિયાના લોકોનાં પાપ અને બદમાશી ચોકખી રીતે દેખાતી હતી.

૩૩૪૫. તેઓ કોપના અંગે પોતાના હાથ કરડવા લાગ્યા. પણ તેઓને પોતાની ભૂલો જોવાની આંખો ન હતી.

૩૩૪૬. કદરૂપો માણસ આરસીમાં જુએ છે તો તે પોતાનો ચહેરો (પ્રતિબિંબથી) હટાવી લીએ છે.

૩૩૪૭. જ્યારે આત્મશ્લાઘાથી કોઇને પાપ કરતો જુએ છે, ત્યારે તેનામાં દોજખમાંથી શોધેલી આગ ઉત્પન્ન થાય છે.

૩૩૪૮. તે (દોજખી) અહંકારને મઝહબનું રક્ષણ કહેવડાવે છે, તે તેનામાં અજ્ઞાની આત્મા હોવાનું માનતો નથી.

૩૩૪૯. મઝહબના રક્ષણ માટે જુદી જ નિશાની છે કારણ કે (દીનની) અગ્નિ થકી આખી દુનિયા લીલી છે (તાજી અને પ્રફુલ્લિત બને છે.)

૩૩૫૦. ખુદાએ તેઓને કહ્યું, જો કે તમોને પ્રકાશિત બનાવ્યા છે (છતાં પણ) કાળા કૃત્યોના દરવાજા તરફ જુઓ નહિ, કે જેઓને ખુદાઈ રહેમતથી અભાગી બનાવ્યા છે.

૩૩૫૧. ઓ (બહેસ્તના) યજમાન, અરે (ખુદાના) ચાકરો, તમો વાસના તથા વાસનામય કાર્યોથી વિરક્ત બન્યા છો.

૩૩૫૨. જો હું તમારા પર તે જાતની હાજત લાવું તો તમોને વધુ વાર સ્વર્ગ સંઘરશે નહિ.

૩૩૫૩. તમારી કાયાથી, પાપથી બચવું, એ મારી સંભાળ અને સાચવણનું પ્રતિબિંબ છે.

૩૩૫૪. અરે ઓ, ખબરદાર થા. તે (જે આવે છે) તે મારામાંથી સમજ, નહિ કે તારામાંથી, રખેને તારા પર શ્રાપિત ઈબલીસ ફાવી જાય.

૩૩૫૫. (દાખલા) તરીકે પયગમ્બરના વહી લખનારને તેના અંતરમાં પ્રકાશ અને ડહાપણ પોતાનામાંથી આવે છે તેમ તેણે માન્યું.

૩૩૫૬. પોતે ખુદાઈ ગાનાર પક્ષીઓનો પોતાને સાથી માનવા લાગ્યો. (જ્યારે) તે (માત્ર) સિસોટીના અવાજનો પડઘો જ હતો.

૩૩૫૭. જો તું પક્ષીઓના ગાનનો સમજણ પાડનાર બન્યો છે તો તું પક્ષીઓના (ખરા) અર્થથી વાકેફગાર કેમ બનીશ?

કદરૂપો- આરસીમાં જુએ છે- પરંતુ. ચહેરો હટાવી લેવો.
અહંકારને - મઝહબનું રક્ષણ. માને પરંતુ. અજ્ઞાની આત્મા નહી માનતો.

૩૩૫૮. જો તું બુલબુલની યાદી રાખવાનું શીખીશ, તો તું તેની ગુલાબ તરફની (લાગણી) શી રીતે જાણીશ.

૩૩૫૯. અગર તું જાણે જ છે તો તે સરખામણી અને અટકળ છે એક બહેરા માણુસે તેઓના ચાલતા હોઠ ઉપરથી અનુમાન કર્યું (તેમ).

બહેરો તેના સાંદા પડોશીને જોવા ગયો તેના વિષે.

૩૩૬૦. એક દીલવંત માણુસે એક બહેરા માણુસને કહ્યું કે તમારો એક પડોશી બીમાર છે.

૩૩૬૧. બહેરા માણુસે પોતાના મનમાં કહ્યું, સાંભળવાની તકલીફને લીધે તે યુવાને ઉચ્ચારેલા શબ્દો હું કેવી રીતે સમજી શકીશ.

૩૩૬૨. ખાસ કરીને જ્યારે તે બીમાર છે અને તેનો અવાજ ધીમો હશે. પણ મારે ત્યાં જવુંજ જોઇએ. છટકવાનો રસ્તો જ નથી.

૩૩૬૩. જ્યારે હું તેના હોઠ હાલતા જોઈશ ત્યારે તેના હાલવાના પ્રતાપે હું અટકળ કરીશ.

૩૩૬૪. જ્યારે હું પૂછીશ કે તમે કેમ છો? એ મારા દુઃખ ભોગવતા (દોસ્ત)? તે જવાબ દેશે, હું સરસ છું અથવા હું મજામાં છું.

૩૩૬૫. હું કહીશ, (ખુદાનો) આભાર, તમે પીવામાં કઈ દવા લ્યો છો? તે જવાબ દેશે, કોઈ સરબત કે કીડની–બીમનો ઉકાળો.

૩૩૬૬. પછી હું કહીશ, કે ખુદા તમોને તંદુરસ્ત રાખે. તમારી તહેનાતમાં દાક્તર કોણ છે? તે જવાબ દેશે, ફલાણો.

૩૩૬૭. તે સારૂં નસીબ લઈ આવનારમાંનો એક છે. પછી હું ઉમેરી શકે જ્યારે તે આવ્યો છે તો બધું સારૂં થઈ જશે.

૩૩૬૮. મેં તેના પગલાના (પ્રતાપે) સારૂં નસીબ અનુભવ્યું છે. તે જ્યાં જ્યાં જોઈ છે ત્યાં ઇચ્છેલી વસ્તુઓ મેળવાય છે.

૩૩૬૯. તે ભલા માણુસે આ અનુમાન કરેલા જવાબો તૈયાર કર્યા અને તે નબળા માણુસને (બીમારને) જોવા ગયો.

૩૩૭૦. તેણે પૂછ્યું, તમે કેમ છો? તે કહે, હું મૃત્યુના કિનારે છું. બહેરો જોરથી કહે, ખુદાનો આભાર. આથી બીમાર બેચેન અને ઉશ્કેરાએલો બન્યો.

૩૩૭૧. તે (પોતાના મનમાં) કહે, આ ખુદાનો આભાર કેવા પ્રકારનો માને છે. તે મારો શત્રુ બનેલો હોવો જોઈએ. પેલા બહેરા એ અટકળ કરી જે ખોટી કરી હતી.

૩૩૭૨. ત્યારબાદ તેણે તેને પૂછ્યું, તમોએ કઈ દવા પીધી છે? પેલો કહે, "ઝેર" બહેરો કહે, તે તમોને આરામ અને તંદુરસ્તી આપશે. પેલાનો ગુસ્સો વધવા પામ્યો.

૩૩૭૩. પછી (પાછી) તેણે પૂછપરછ કરીઃ તમારી તહેનાતમાં કયો દાક્તર આવે છે?

બહેરો-માંદાઓની અટકળો - મૃત્યુના કિનારે. ખુદાનો આભાર
- તમે કઈ દવા પીધી - ઝેર. → આરામ - તંદુરસ્તી આપશે
- કયા ડોક્ટર? મલકુલમઉત, જા, તો તો તંદુરસ્તી.

૩૩૭૪. તેણે જવાબ આપ્યો, અઝરાયલ જમ (મોતનો ફિરસ્તો.) આવે છે, ચાલ ભાગ અહીંથી. પેલો બહેરો કહે, તેનાં પગલાં બહુ શુકનવંતા છે, ખુશ થાઓ !

૩૩૭૫. બહેરો માણુસ આગળ વધ્યો, તે ખુશી સાથે કહે. (આવો દાકતર મલવા માટે) ખુદાનો આભાર. હવે હું જઇશ.

૩૩૭૬. પેલો નબળો માણુસ કહે, આ મારો અસલ દુશ્મન લાગે છે હું જાણુતો નહિ હતો કે તે અન્યાયની ખાણુ છે.

૩૩૭૭. બીમાર માણુસનું મન સેંકડો ગાળો ગોઠવતું હતું, કે જેથી તે દરેક જાતની ગાળોવાળો સંદેશો તેને મોકલાવે.

૩૩૭૮. જેમ કોઈએ ખરાબ ખોરાક ખાધો હોય તો તેનું દિલ તેને ઊલટી કરવા તરફ લઈ જાય છે.

૩૩૭૯. ગુસ્સાને આવી રીતે દબાવો. તેની ઊલટી ન કરો, કારણુ કે તમે તેના બદલામાં મીઠા શબ્દો મેળવી શકો.

૩૩૮૦ જ્યારે તેનામાં ધીરજ ન હતી ત્યારે તેને ભારે પીડામાં પડવું પડ્યું. તે રાડ પાડી કહે, આ નીચ પ્રખ્યાત લૂંટારો ક્યાં છે ?

૩૩૮૧. તેણે જે કહ્યું, તે તેના ઉપર જ રેડાયું, તે વખતે મારો વિચાર રૂપી સિંહ સૂતેલો હતો.

૩૩૮૨. બીમારને જોવાનું કારણુ તેને શાંતિ આપવાનું છે, એ કાંઈ બીમારની મુલાકાત જ નથી. એ દુશ્મનની ઈચ્છાને સંતોષવી એ છે.

૩૩૮૩. (તેનો ઈરાદો હતો) કે તે તેના દુશ્મનને કમજોર જુએ અને પોતાનું દુષ્ટ મન (તે જોઈને) શાંતિ અનુભવે.

૩૩૮૪. એવા ઘણા છે જેઓ ભલાઈના કાર્યો કરે છે અને પોતાના દિલમાં તેથી સંતોષ પામે છે, અને તેના માટે બક્ષિસ પામે છે.

૩૩૮૫. ખરી રીતે તે છૂપાએલું પાપ છે જે (પવિત્ર માણુસ) તેને પવિત્ર ધારે છે, પણુ (ખરેખર) તો તે દગો છે.

૩૩૮૬. જેમ પેલા બહેરા માણુસનું (કૃત્ય) કે જેણે કલ્પના કરી કે તેણે ભલું કાર્ય કર્યું પરંતુ તેનું પરિણામ તો તેનાથી ઉલટું જ હતું.

૩૩૮૭. તે ખુશી થતો બેઠો બેઠો કહે છે, મેં મારા તરફનો પૂજ્ય ભાવ બતાવ્યો છે, મારા પડોશી તરફની ફરજ મેં બજાવી છે.

૩૩૮૮. (પણુ) તેણે પેલા બીમારના દિલમાં પોતા માટે આગ જ સળગાવી અને પોતાને બાળ્યો.

૩૩૮૯. તો પછી આગ તેં સળગાવી છે તેનાથી ખબરદાર રહે, ખરેખર તેં પાપમાં વધારો જ કર્યો છે.

૩૩૯૦. આપણા પયગમ્બર સાહેબે રણુના આરબોને ફરમાવ્યું, 'મારા માણુસો પ્રાર્થના કરો, (ખરેખર) તમોએ પ્રાર્થના કરી નથી.'

બિમાર ને જોવાનું કારણ–શાંતિ આપવા.

૩૩૯૧. આ જોખમમાંથી બચાવના ઉપાય માટે, દરેક નમાઝમાં આવે છે "અમોને દોરવણી આપ."

૩૩૯૨. કહેવાની મતલબ એ છે કે ઓ ખુદા, મારી દુઆને, નાસ્તિકો અને દાંભિકોની પ્રાર્થના સાથે ન ભેળવ.

૩૩૯૩. અટકળના કારણો થકી તે બહેરા માણસે દસ વર્ષની મિત્રતા નકામી કરી.

૩૩૯૪. ખાસ કરીને ઓ શેઠ, વહી કે જે અસીમ છે તેને હલકી સમજથી અટકળ કરવાથી (દૂર રહે)

૩૩૯૫. જો તારો સાંભળવાનો કાન (વહી) ને (સમજવાને) લાયક છે, તો જાણુ કે તારો કાન આકાશી ભેદ સમજે છે તેને બહેરો કર (ચુપ રહે)

જાહેર થએલ હુકમ વિરૂદ્ધ સૌથી પહેલાં સરખામણી કરનાર ઈબ્લીસ હતો તે વિષે

૩૨૯૬. ખુદાના નૂરની હઝૂરમાં સૌથી પહેલાં આ હલકી સરખામણી રજૂ કરનાર ઈબ્લીસ હતો.

૩૩૯૭. તે કહે, અગ્નિ માટી કરતાં બેશક ઉત્તમ છે. હું આતશમાંથી છું અને તે (આદમ) વાસ મારતી માટીમાંથી (છે.)

૩૩૯૮. ચાલો ત્યારે, આપણે મુખ્ય મુદ્દાને તેના બીજા (મુદ્દા) સાથે સરખામણી કરી ઈન્સાફ કરીએ. (તે કહે,) તે અંધારામાંથી છે, હું લાલી ભર્યો મશનવો છું.

૩૩૯૯. ખુદાએ જવાબ આપ્યો, નહિ, પણ આ વિરોધાભાસમાં આ બન્નેનો સંબંધ નથી દરવેશીપણું અને દયા એ કીર્તિવંત છે.

૩૪૦૦. આ કોઈ ઝડપથી દોડતી દુનિયાનો વારસો નથી, કે જેથી તું સંબંધના અંગે તે મેળવી શકે. તે રૂહાની (વારસો) છે.

૩૪૦૧. નહિ, આ ચીજો પયગમ્બરોનો વારસો છે. આના વારસો સાચા દીનદારોની રૂહાનીઓ છે.

૩૪૦૨. અબુ જહલનો પુત્ર બધા જુએ તેમ સાચો ઈમાનદાર બન્યો. હ. નુહનો ફરઝંદ રસ્તો ભૂલી ગયેલાઓમાંનો બન્યો.

૩૪૦૩. માટીનો પુત્ર (હ. આદમ) ચંદ્રમાની માફક રોશની વાળો બન્યો. (જો) તું અગ્નિનો પુત્ર છે (તો) તારા કાળા ચહેરા સાથે ચાલ્યો જા.

૩૪૦૪. ઝાંખા દિવસે કે રાત્રે કિલ્લો (શોધવાને) માટે ડાહ્યા માણસે આવી સમજણો અને તપાસનો ઉપયોગ કર્યો છે.

૩૪૦૫. પણ સૂર્ય અને કાબા તારી નજર સામે હોય તો સમજણ અને તપાસ કરવાની આ બાબતમાં જરૂર નથી.

અગ્નિનો પુત્ર :- કાળા ચહેરા વાળો.

અબુજહલનો પુત્ર - સાચો ઈમાનદાર બન્યો.
હ. નૂહનો - રસ્તો ભૂલી ગયેલાઓમાંનો.
માટીનો પુત્ર - ચંદ્રમાની માફક રોશની.

૩૪૦૬. તું કાબા જોઈ શકતો નથી તેવો ઢોંગ ન કર. તારો ચહેરો તેનાથી ન ફેરવ, કારણ કે તને સમજણ છે, ખુદા સૌથી સારૂં શું છે તે જાણે છે.

૩૪૦૭. જો તું ખુદાઈ પક્ષીની સીટી સાંભળીશ, ત્યારે તું જોગની માફક તારી ચાદીમાં તેનો બહારનો અર્થ તારવીશ.

૩૪૦૮. અને પછી તારા પોતા તરફથી તું તેની અટકળો કરીશ. ત્યારે હકીકતમાં તું માત્ર થોડી કલ્પનાઓ કરીશ.

૩૪૦૯ ખુદાઈ આશક અમુક ચોક્કસ ગૂઢાર્થ અસરો ધરાવતો હોય છે, જે (જાહેરી ધર્મ પાળવાવાળા) તેનાથી અજ્ઞાન હોય છે.

૩૪૧૦. તેં (માત્ર) પક્ષીની ભાષા અવાજ ઉપરથી શીખી છે. તેં સો અટકળો અને સો તરંગો કર્યાં છે.

૩૪૧૧. (રૂહાની પેશ્વાનાં) દિલ તેં ઘાયલ કર્યાં છે, જેમ પેલો નકામી જીતના કેફમાં (બહેરાથી ઈજા પામ્યો) (જ્યારે) બહેરો (અત્યાનંદમાં) બેહોશ બન્યો.

૩૪૧૨. વહી લખનારે, પક્ષીનો અવાજ સાંભળી પોતે પક્ષીનો બરોબરિયો છે, તેમ છે, ધારી લીધું.

૩૪૧૩. પક્ષીએ પાંખ મારી તેને આંધળો કરી નાખ્યો, જોઈ લ્યો તે તેને ઊંડી મોતની ખીણમાં અને દુઃખમાં ખેંચી ગયું.

૩૪૧૪. ખબરદાર રહેજે, તું પણ (છેતરાતો) નહિ. અભિપ્રાયના પ્રતિબિંબથી બહેસ્તની ઊંચાઈએથી નીચે નહિ પડતો.

૩૪૧૫. ભલે તું હારૂત અને મારૂત અને બધા (ફિરસ્તાઓથી) ઊંચો હો છતાં (ખુદાઈ) અગાશીમાં. 'અમો અમારા દરજ્જાની હારમાં ઉભા છીએ".

૩૪૧૬. (છતાં) દુષ્ટોના દુષ્ટપણા તરફ દયાથી જો, હુંપદ અને આપ મતલબીપણાના સિદ્ધાંતને ચોંટી ન રહે.

૩૪૧૭. ખબરદાર થા, (દૈવી) અદેખાઈ છૂપાવાની જગ્યાએથી આવે તો તું જમીન પર માથા ભર પડી જા.

૩૪૧૮. તેઓ બન્નેએ કહ્યું, ઓ ખુદા તારોજ હુકમ છે. તારા રક્ષણ વગર ખરેખર ક્યાં સલામતી છે ?

૩૪૧૯ તેઓ આમ કહેતા હતા, પણ તેઓનાં દિલ જોરથી ધડકતાં હતાં. અમારામાં ખરાબી કેમ આવશે ? અમે (ખુદાના) સારા ચાકરો છીએ.

૩૪૨૦. તે બન્ને ફિરસ્તાઓને ઈચ્છાની ખૂંપીએ છોડયા નહિ, જ્યાંસુધી કે તેઓમાં ખુદીનાં બી તેણે વાવ્યાં.

૩૪૨૧. પછી તેઓ કહેતા હતા. "ઓ તમો કે જેઓ (ચાર) મૂળ તત્વોના રચાએલા છો રૂહાની હસ્તીઓની પવિત્રતાથી અજાણ છો.

૩૪૨૨. અમો આ આકાશમાં પ્રકાશના પડદા ઊંચકીએ છીએ. અમો પૃથ્વી પર આવીશું અને છત્ર ઊભું કરશું.

૩૪૨૩. અમો ન્યાય કરીશું, અને દુઆ કરીશું, અને દરેક રાતના (ફરીવાર) અમો સ્વર્ગમાં ઉડી જશું.

૩૪૨૪. કે જેથી અમો દુનિયાની અજાયબી બનીએ, જેથી અમે દુનિયા પર સલામતી અને રક્ષણ બનીએ.

૩૪૨૫. સ્વર્ગીય દરજ્જો અને દુનિયા પરના દરજ્જાની સરખામણી કરવી અચોક્કસ છે. તેમાં ગુપ્ત ફેરફારો છે.

દરેકે પોતાની (રૂહાની) હાલત અને (ગૂઢાર્થ) ખુદાઈ પ્રેમનું રહસ્ય અજ્ઞાનોથી સંતાડીને સમજવા વિષે.

૩૪૨૬. સંત (હાકીમ)ના શબ્દો સાંભળ કે જે એકાંતમાં રહેતો હતો "જે જગ્યાએ તે શરાબ (ખુદાઈ ઈશ્ક) પીધો ત્યાંજ તારૂં મસ્તક નમાવ."

૩૪૨૭. જ્યારે પીધેલ માણુસ રસ્તા પરથી આડો ગયો હોય ત્યારે તે બાળકોનું હસવા અને રમવાનું સાધન બને છે.

૩૪૨૮. જે કોઈ રસ્તે તે જાય છે ત્યાં ગારાંમાં પડે છે. (હમણાં) આ બાજુએ (હમણાં) પેલી બાજુએ અને દરેક મૂર્ખ તેનાથી હસે છે.

૩૪૨૯. આ પ્રમાણે તે ચાલ્યો જાય છે, જ્યારે છોકરાઓ પોતાની એડી ઉપર (દોડતાં) તેવા કેફ અને શરાબના સ્વાદથી ખબરદાર નથી.

૩૪૩૦. જે ખુદા સાથે (મહોબતમાં) બેહોશ છે તેના સિવાય બીજી માણુસ જાત બચ્ચાં છે. વિષયવાસનાથી જે પર થયો છે તેના સિવાય કોઈ યુવાન થયો નથી.

૩૪૩૧. તેણે (ખુદાએ) કહ્યું, આ દુનિયા રમત અને ગમ્મત છે અને તમે બચ્ચાં છો, અને ખુદા ખરૂં કહે છે.

૩૪૩૨. જો તમે રમતમાં આગળ ગયા ન હો તો તમે બચ્ચાં છો. રૂહાની પવિત્રતા વગર તમે સંપૂર્ણ અક્કલવાળા (યુવાન) કેમ થશો?

૩૪૩૩. ઓ યુવાન જાણ કે માણસો (આ દુનિયામાં) વિષયવાસનાના મોજશોખમાં છે તેઓ જાણે કે બચ્ચાંના સંભોગ (રમત) જેવા છે.

૩૪૩૪. બચ્ચાંનો સંભોગ શું છે? આળસુ રમત. રૂસ્તમ અને ઈસ્લામના બહાદુર વિજેતાના સંભોગની સરખામણી કર.

૩૪૩૫. માણુસ જાતની લડાઈ બચ્ચાંની લડાઈ જેવી છે. બધી અર્થ વગરની અને ધિક્કારવા જોગ.

૩૪૩૬. તેઓની આ બધી લડાઈઓ નિરર્થક હેતુ વગરની (જાણે) લાકડાની તલવારથી (લડયા જેવી) છે.

ખુદા-મહોબ્બતમાં બેહોશ - તેના સિવાય - બચ્ચાં.
વિષયવાસનાથી પર - યુવાન.
દુનિયા - રમત - ગમત.
બચ્ચાંનો સંભોગ (રમત)
બચ્ચાંનો સંભોગ — આળસુ રમત.

૩૪૩૭. તેઓ બધાં લાકડાની લાકડી ઉપર સવારી કરે છે, (અને)કહે છે કે આ અમારો બુરાક (ઘોડો) છે અથવા દુલદુલ માફક દોડતો ખચ્ચર છે.

૩૪૩૮. તેઓ (ખરેખર તેઓની રમતના ઘોડા) લઈ જાય છે. પરંતુ તેઓ તેઓની મૂર્ખાઇથી પોતાને ઊંચા સમજ્યા છે. તેઓ રસ્તા પર ઘોડેસ્વાર થઈને જઈ રહ્યાની કલ્પના કરી છે.

૩૪૩૯. ખુદાએ જે ઓને ઊંચા જન્માવ્યા છે તેઓ પસાર થઈજાય (બહેસ્તના) નવે દરવાજા ઠેકીને ત્યાં સુધી રાહ જો.

૩૪૪૦. "રૂહ અને ફિરસ્તાઓ તેની તરફ ઉપર ચઢશે." રૂહનું ઉપર ચડવું એ બહેસ્તને પણ ધ્રુંજાવશે.

૩૪૪૧. બચ્ચાંની માફક તમે તમારા પહેરણ ઉપર સવારી કરો છો. તમે તમારા પહેરણનો ખૂણો ઘોડા તરીકે પકડયો છે.

૩૪૪૨. ખુદા પાસેથી (વહી આવી) ખરેખર (સત્યને બદલે) ધારણા વહેચી શકાય નહિ. શું ધારણાનો ઘોડો બહેસ્તમાં દોડી શકશે?

૩૪૪૩. બન્ને બાજુની ધારણા માંથી જોરદારને પસંદ કરીને જ્યારે સૂર્ય ચમકતો હોય ત્યારે તેના વિષે શક ન કર.

૩૪૪૪. તે વખતે તારા ઘોડાઓને પકડી રાખ. તે તારા પગને તારો ઘોડો બનાવ્યો છે.

૩૪૪૫. આવ તારી ધારણા અને તેના પ્રતિબિંબને ઓળખ. તારી ઇંદ્રીની સમજ અને બીક છોકરાં લાકડાના ઘોડાથી રમે છે તેવાં છે.

૩૪૪૬. રૂહાની ગૂઢાર્થનું વિજ્ઞાન તેમને (ઊંચા) ઊચકે છે. વિષય વાસનાનું વિજ્ઞાન તેઓ ઉપર બોજો છે.

૩૪૪૭. જ્યારે જ્ઞાન દિલમાં ઉત્પન્ન થાયછે ત્યારે તે ઉપયોગી બને છે. જ્યારે જ્ઞાન શરીર સાથે ભટકાય છે ત્યારે બોજો બને છે.

૩૪૪૮. ખુદાએ કહ્યું છે. (ગધેડાની માફક) તેની બુકો લદાએલી છે. તેનામાંથી (ખુદામાંથી) આપેલા જ્ઞાન સિવાયનું જ્ઞાન બોજો છે.

૩૪૪૯. જે તેના (ખુદા) તરફથી સીધું જ્ઞાન નથી તે વેઠી લેવા જેવું નથી, તે વૃદ્ધ સ્ત્રીના વેશભૂષા જેવું છે.

૩૪૫૦. પણ જ્યારે તું આ બોજો સારી રીતે ઉપાડીશ ત્યારે બોજો હટાવી લેવાશે અને તને (રૂહાની) ખુશી આપવામાં આવશે.

૩૪૫૧. ખબરદાર થા, આ જ્ઞાનનો ભાર (પોતા માટે) આપ મતલબ માટે ન ઉપાડ કે જેથી તું જ્ઞાનના ઉત્તમ દોડતા ઘોડા ઉપર સવાર થઇ શકે.

૩૪૫૨. તેથી તું હરણફાળ કરતા જ્ઞાનના ઘોડા ઉપર સવાર થઇ શકે, ત્યારબાદ તારા ખભા ઉપરનો ભાર ઉતરી જાય.

૩૪૫૩. "હું"(તેના) પ્યાલા વગર તારા મતલબી ઈચ્છાઓમાંથી તુ કેમ છૂટી શકીશ? તું કે જે "હું" વગર માત્ર (તેના) નામથી સંતોષ પામનાર છો?

રુહાની ગુઢાર્થનું વિજ્ઞાન-ઉંચા ઉચકે છે.
વિષય વાસનાનું વિજ્ઞાન- તેઓ ઉપર બોજો.
જ્ઞાન દિલમાં ઉત્પન્ન થાય- ત્યારે ઉપયોગી.
જ્ઞાન શરીર સાથે ભટકાય -ત્યારે બોજો.

૩૪૫૪. ગુણદર્શક અને નાકોમાંથી શું જન્મે છે? કલ્પના અને તે કલ્પના. તેના મેળાપનો રસ્તો બતાવે છે.

૩૪૫૫. તમે કદી હેતુ વગરનો કરતા જોયો છે? જો રસ્તો ન હોય તો રસ્તા લલચાવીને નીચે પાડનાર ક્યાંથી હોય?

૩૪૫૬. હકીકત વગરનું કદી નામ સાંભળ્યું છે તેં કદી 'ફૂલ' નામમાંથી ગુલાબનું ફૂલ ચૂંટયું છે?

૩૪૫૭. તે નામનો ઉચ્ચાર કર્યો છે. જા વસ્તુના નામની શોધ કર જાણ કે ચંદ્રમા ઉંચે છે નહિ કે નીચે ઝરાના પાણીમાં (પ્રતિબિંબ)

૩૪૫૮. જો તું નામ અને અક્ષરની પર જઇ શકયો હોય તો (સારુ) અરે, તારા પોતાનામાંથી સંપૂર્ણપણે (ગંદકીથી) સાફ થઈ જા.

૩૪૫૯. સાફ કરેલા લોઢાની માફક ગંદા રંગથી સાફ બની જા. ચોકખી આરસીની માફક દરવેશી ફરમાંબરદાનું જીવન (જીવ.)

૩૪૬૦. ખુદાથી પોતાને પવિત્ર બનાવ, (કે જેથી) તું તારા પોતાંના પવિત્ર સત્યનું તત્વ જોઈ શકે.

૩૪૬૧. પયગમ્બરોએ બતાવેલું જ્ઞાન તારા પોતાના દિલમાં જો કિતાબ કે શિક્ષકકે સમજાવનાર વગર (મુરશીદની કૃપાને અંગે સમજી જઇશ)

૩૪૬૨. હ. પયગમ્બર સાહેબે ફરમાવ્યું છે તે, મારા લોકોમાંના કેટલાક મારી પ્રકૃતિ અને મહત્વાકાંક્ષામાં મારા એક થઈ ગયા છે.

૩૪૬૩. હું જે પ્રકાશથી તેઓને જોઈ રહ્યો છું તેઓના આત્માઓ મને તેજ પ્રકાશથી જુએ છે.

૩૪૬૪. આ બન્ને (બુખારી અને મુસ્લિમ) વગર, શરીઅત અને શરીયતીઓ (કે જેઓ) જિંદગીનું પાણી ત્યાંથી પીએ છે.

૩૪૬૫. આ ખાનગીનો (ખુલાસો) જાણઃ સાંજના હું કુર્દ હતો અને સવારમાં હું અરબ હતો, તેનું ગૂઢાર્થ વાંચ.

૩૪૬૬. છૂપું જ્ઞાન દૃષ્ટાંતની ભાષામાં જાણવા ઈચ્છા હોય તો હું ગ્રીક અને ચાઈનીઝની એક વાર્તા રજૂ કરૂં.

રંગવા અને ચિત્રકલામાં ગ્રીકો અને ચાઇનીઝોના વાદવિવાદની વાત.

૩૪૬૭. ચીનાઓ કહે, અમો વધારે સારા કલાકાર છીએ. ગ્રીકો કહે, શક્તિ અને ઉત્તમતા અમારી પાસે છે.

૩૪૬૮. બાદશાહ કહે, આ બાબતમાં હું તમોને કસોટીમાં મૂકીશ (અને જોઈશ) કે કોણ પોતાના દાવામાં પારંગત છે.

૩૪૬૯. ચીનાઓએ અને ગ્રીકોએ વાદવિવાદ શરૂ કર્યો, ગ્રીકો વાદવિવાદમાંથી પાછા હઠી ગયા.

૩૪૭૦. પછી ચીનાઓ કહે, અમોને એક ખાસ ઓરડો આપો અને એક તમારા માટે પણ.

૩૪૭૧. ત્યાં દરવાજા સામસામે ધરાવતા બે ઓરડાઓ હતા. ચીનાઓએ એક લીધો, ગ્રીકોએ બીજો.

૩૪૭૨. ચીનાઓએ બાદશાહને સો (જાતના) રંગો આપવા વિનંતિ કરી. બાદશાહે પોતાનો ભંડાર તે આપવા માટે ખોલ્યો.

૩૪૭૩. તેની (કૃપાથી) રોજ સવારે ભંડારમાંથી ચીનાઓને રંગો આપવામાં આવતા હતા.

૩૪૭૪. ગ્રીકો કહે, અમારા કામ માટે રંગ કે રંગની એક છાંટપણ ઉપયોગી નથી મેલ દૂર કરવા સિવાય (કોઈ ચીજની જરૂર નથી)

૩૪૭૫. તેઓએ દરવાજો બંધ કર્યો અને ઓપવું શરૂ કર્યું, તે આસમાન જેવા ચોકખા બન્યા.

૩૪૭૬. ઘણા રંગોમાં રંગ વગરના હોવાનો રસ્તો હોય છે, રંગ વાદળાની માફક છે, રંગ વગરનું હોવું એ (જાણે કે) ચંદ્રમા છે.

૩૪૭૭. તું વાદળામાં જે પ્રકાશ અને ભવ્યતા જુએ છે, તે જાણ કે તે તારા, સૂર્ય કે ચંદ્રમામાંથી આવે છે.

૩૪૭૮. જ્યારે ચીનાઓએ કામ પૂરું કર્યું ત્યારે તેઓ ખુશીનાં નગારાં વગાડતા હતા.

૩૪૭૯. બાદશાહ દાખલ થયો. અને ત્યાંના ચિત્રો જોયાં તે (દેખાવ) જ્યારે તેની સામે આવ્યો ત્યારે જાણે કે તેથી બુદ્ધિ હરાઈ જતી હોય!

૩૪૮૦ ત્યાર બાદ તે ગ્રીકો તરફ આવ્યો. તેઓએ વચ્ચેનો પડદો હટાવ્યો.

૩૪૮૧. ચીનાઓની જ ચિત્રકલાનાં કાર્યોનું જ પ્રતિબિંબ પેલી દીવાલો જે ચોખ્ખી કરવામાં આવી હતી તેના ઉપર પડ્યું.

૩૪૮૨. જે બધું તેણે (ચીનાઓના ઓરડામાં) જોયું હતું તે વધુ ખૂબસૂરત અહીં જોયું, તે આંખના ખૂણાને ખેંચતું હતું.

૩૪૮૩. ઓ પિતા, ગ્રીકો છે તે સૂફીઓ છે, તેઓ કિતાબો અભ્યાસ અને પાંડિત્યથી પર છે.

૩૪૮૪. પણ તેઓએ તેઓના દિલમાંથી લોભ, કંજૂસાઈ અદેખાઈ અને ધિક્કારને કાઢી (પોતાના દિલને) ઓપ્યાં છે.

૩૪૮૫. શક વગરની વાત છે કે આરસીની (દિલની) ચોકખાઈ થકી, દિલ અસંખ્ય પ્રતિબિંબ મેળવે છે.

૩૪૮૬. હ. મુસા પોતાના દિલની આરસીમાંથી પ્રતિબિંબિત થએલાં અસંખ્ય રૂપ વગરનાં રૂપ દિલમાં નિહાળે છે.

સૂફીઓ : કિતાબો, અભ્યાસ, પાંડિત્યથી પર છે.
દિલની ચોકખાઈ થી - દિલ અસંખ્ય પ્રતિબિંબ મેળવે છે.

૩૪૮૭. જો કે તે રૂપ આસમાનના રૂપનું નથી તે અવકાશ કે તારાઓ કે પછી (પૃથ્વી) પરના કોઈનું (પણ).

૩૪૮૮. કારણ કે તેઓ (બધા) ની મર્યાદા અને સંખ્યા છે. જાણ કે દિલની આરસીની મર્યાદા જ નથી.

૩૪૮૯. અહીં સમજણ ચુપ થઈ જાય છે, નહિતર તે નાશ નોતરે છે કારણ કે દિલ, તેની (ખુદાની) સાથે છે અથવા તો ખરેખર દિલ જ તે છે.

૩૪૯૦. દરેક ધારણાનું પ્રતિબિંબ હમેશ માટે માત્ર દિલમાંથી પ્રકાશે છે બહુરૂપે કે વગરરૂપે.

૩૪૯૧. કાંઈ પણ ખામી વગર જે પણ નવી ધારણા (દિલ) પર પડે છે તે તેને સ્પષ્ટ દેખાય છે.

૩૪૯૨. જેઓએ પોતાના દિલને ઉજાળ્યું છે તેઓએ રંગઅને વાસથી નાસી છુટયા છે, તેઓ વિના વિલંબે દરેક પળે 'રોશની' જુએ છે.

૩૪૯૩. તેઓએ રૂપ અને જ્ઞાનનું છીલટું છોડી દીધું છે, તેઓએ ગૂઢાર્થ જોવાની આંખનો વાવટો ફરકાવ્યો છે.

૩૪૯૪. વિચારો ખતમ થયા તેઓએ 'રોશની' મેળવી છે, તેઓએ ખરૂં (સત્ય) મેળવ્યું છે અને સમુદ્ર (આખરી મંજિલ) મેળવી છે.

૩૪૯૫. મૃત્યુ કે જેનાથી બધા સખત બીએ છે, આ લોકો (સંપૂર્ણ હદે પહોંચેલા) તેની (મૃત્યુ)ની હાંસી ઉડાવે છે.

૩૪૯૬. પોતાના દિલ પર કોઈ જીત મેળવી શકતું નથી છીપને નુકશાન થાય છે મોતીને નહિ.

૩૪૯૭. જોકે તેઓએ વ્યાકરણ અને ન્યાય શાસ્રને જવા દીધું છે છતાં તેઓએ રૂહાનિયત ગરીબાઈ અને પોતાને ઓળખવાનું ગૂઢાર્થ જ્ઞાન સંપાદન કર્યું છે.

૩૪૯૮. જ્યારથી આઠ બહેસ્તોના રૂપોએ પ્રકાશ દીધો છે ત્યારથી તેઓ (સૂફીઓ)એ પોતાના દિલની ગોળીઓ ગ્રહણ કરી છે.

૩૪૯૯. (તેઓ) તારાથી મઢેલા અવકાશની સો છાપો મેળવે છે, "નહિ" "તે ખુદ ખુદાનો દીદાર છે."

હ. પયગમ્બરનું ઝયદને પૂછવું, આજે તું કેમ
છો ? અને સવારે કેવી હાલતમાં ઉઠયો; ઝયદનો
જવાબ દેવો, ઓ ખુદાના સંદેશક,
"આજ સવારે હું ઈમાનદાર છું"

૩૫૦૦. હ. પયગમ્બર સાહેબે એક સવારે ઝયદને કહ્યું, ઓ વિશ્વાસુ દોસ્ત આજ સવારે તું કેમ છો ?

૩૫૦૧. તેણે જવાબ આપ્યો, ખુદાનો વિશ્વાસુ બંદો ફરી (હ. રસુલ (સ.) તેને કહ્યું ઈમાનના બગીચાનું ફળ ખીલેલું છે તો તેની નિશાની કયાં છે ?

વિચારો ખતમ - રોશની મેળવી.
ખરૂ સત્ય મેળવ્યુ - છે અને સમુદ્ર. (આખરી મંજીલ) મેળવ્યો.
મૃત્યુ કે જેનાથી - સંપૂર્ણ હદે પહોંચેલા - મૃત્યુની હાંસી ઉડા

૩૫૦૨. તેણે જવાબ આપ્યો, દિવસના ભાગોમાં હું તરસ્યો હતો. રાત્રે (ખુદાના) પ્યાર અને દિલની બળતરાને પ્રતાપે સૂતો નથી.

૩૫૦૩. તેવીજ મારી રાત અને દિવસ પસાર થતી રહે છે, જેમ ભાલાની અણી ઢાલમાં પસાર થાય છે.

૩૫૦૪. ઇસુના જન્મથી પણ પર (વિરોધીઓનું રાજ્ય) ચાલુ ભેગું થતું (પણ) એકજ છે, લાખો વર્ષ એક કલાક જેવાં છે (લાગે છે)

૩૫૦૫. અમરત્વ અને અનંતતા એક થઈ ગઈ છે. પૂછપરછ કરવા (છતાં) ત્યાં સમજણનો છેડોજ નથી.

૩૫૦૬. હ. રસુલ (સ. અ. વ.)એ પૂછ્યું. આ મુસાફરીમાંથી મુસાફરીની ભેટ કયાં છે? તે બતાવ તારા દિવ્ય દેશમાંની શુદ્ધ ભાવની નિશાની કયાં છે?

૩૫૦૭. ઝયદે કહ્યું જ્યારે (બીજા) માણસો આકાશને જુએ છે. હું બહેસ્ત તેમાં રહેનારા માણસો સહિત નિહાળું છું.

૩૫૦૮. મૂર્તિ પૂજકને મૂર્તિ (જેટલી ચોકખી) નજરે પડે છે. તેવી જ રીતે આઠ આસમાનો અને સાત દોજખો (મને) નજરે પડે છે.

૩૫૦૯. (અહીંના) લોકોનો ભેદ ચકકીમાં બાજરીમાંના ઘઉંની માફક (ચોખ્ખી) રીતે સમજી શકું છું.

૩૫૧૦. તેથી બહેસ્ત માટે કોણ અને (બહેસ્ત) માટે અજાણ્યો કોણ છે એ મચ્છી અને સર્પની (માફક) મને ચોખ્ખો દેખાય છે.

૩૫૧૧. (કયામતના) દિવસે કે જ્યારે ચહેરાઓ સફેદ અને કાળા બનશે. તે જ દિવસ રૂમી કે ઇથોપિયન અને દરેક જાત માટેનો જન્મ દિવસ હશે.

૩૫૧૨. આ (જન્મ) પહેલાં તે આત્મા ગમે તેવો ગુન્હેગાર હતો. તે (શરીર રૂપી) ગર્ભમાં હતો. માણસોથી સંતાએલો હતો.

૩૫૧૩. તેઓ જ શ્રાપિત છે કે જેઓ માતાના ગર્ભમાં શ્રાપિત છે. ખુદાની નિશાનીઓથી તેઓ બધા જાણીતા થયા છે.

૩૫૧૪. કાયા, માતાની માફક રૂહાની (રૂપી) બચ્ચાથી મોટી બની છે. મૃત્યુ એ જન્મ વખતના ચસકા અને પ્રસૂતિ વેદના છે.

૩૫૧૫. બધા આત્માઓ કે જેઓ (બીજી જિંદગી માટે) પસાર થયા છે તેઓ પોતાનો મગરૂર રૂહ કેવા રૂપમાં જન્મશે તેની આતુરતાપૂર્વક રાહ જુએ છે.

૩૫૧૬. ઈથોપિયન્સ (શ્રાપિત આત્માઓ) કહે છે. તે અમારી માલિકીનો છે. તુર્કો (આશીર્વાદિત આત્માઓ) કહે છે, નહિ, તે દેખાવડા છે (અમારા જેવા)

૩૫૧૭. જેવા તે રૂહાની દુનિયામાં જન્મ ધારણ કરે છે ત્યારે સફેદ (આશીર્વાદિત) અને કાળા (શ્રાપિતો) વચ્ચે અભિપ્રાયમાં મતભેદ રહેતો નથી.

રૂ. દુનિયામાં જન્મ – તો સફેદ, કાળાનો
મતભેદ x. રહેતો

૩૫૧૮. જો તે ઇથોપિયન (શ્રાપિત આત્મા) છે તો તેને ઇથોપિયન લઈ જાય છે અને જો તે રૂમી (આશીર્વાદીત આત્મા) છે તો રૂમીઓ લઈ જાય છે.

૩૫૧૯. જ્યાં સુધી કે તે (બીજી દુનિયામાં જન્મે છે) દુનિયા માટે તે આંટીઘૂંટી છે. નહિ જન્મેલાના નસીબ જાણનારા બહુ જ થોડા છે.

૩૫૨૦. આવા ખાત્રીપૂર્વક ખુદાના 'નૂર'થી જુએ છે, કારણ કે તેમની ચામડીમાં રસ્તો છે. (અદૃષ્ય જોવાનો)

૩૫૨૧. જેવો પોતાનો આત્મા તુર્ક (સફેદ) કે ઈથોપિયન (કાળો) તેવુંજ આરસીમાં પ્રતિબિંબ પડે છે.

૩૫૨૨. રંગ (મહત્તા) આપવામાં તુર્કો કે જેઓ પોતાની (અસલી) હાલતમાં ખૂબજ ઉત્તમ છે (જ્યારે) બીજા અર્ધા (ઈથોપિયન) નીચામાં નીચા દરજ્જાના પર છે.

૩૫૨૩. આ વાર્તાલાપનો અંત નથી. જલ્દી પાછો ફર કે જેથી આપણે વણજારની હારમાં પાછળ ન રહી જઈએ.

૩૫૨૪. તે દિવસે કે જ્યારે ચહેરાઓ કાળા એને સફેદ બનશે. ત્યારે કોને તુંક અને હિંદુ તરફ એક સરખો પૂજ્યભાવ થશે ?

૩૫૨૫. ગર્ભમાં (આ દુનિયામાં) હિંદુ અને તુર્ક ઓળખી શકાય તેમ નથી. પણ જ્યારે દરેક જન્મશે (બીજી દુનિયામાં) ત્યારે જોનાર જોશે કે કોણ માનવંત અને કોણ દયાજનક છે.

૩૫૨૬. કયામતના દિવસે તેઓ કેવા હશે તે હું ચોકખી રીતે અત્યારે જોઈ શકું છું. જેમ લોકો, સ્ત્રીઓ અને માણસ (પારખી શકાય)

૩૫૨૭. સાંભળો, (તમો કહો) તો હું કહું કે ચુપ રહું ? હ. મુસ્તુફા (ર. સ. અ.)એ (ઝયદના) હોઠ દબાવ્યા. એમ કહીને કે "બસ."

૩૫૨૮. ઓ ખુદાના સંદેશક (કયામતના દિવસનું) ભેગું થવું તે ગૂઢાર્થ તમો કહો તો કહું, કયામતના દિવસની જાહેરાત દુનિયાને આજે કરૂં ?

૩૫૨૯. ભલે પડદો ઉંચકવા દો. કે જેથી મારૂં (રૂહાની) સત્ય પ્રકાશિત થાય.

૩૫૩૦. કે જેથી સૂરજને મારાથી ગ્રહણ થાય કે જેથી હું ખજૂરીના ઝાડ અને 'વીલો' (સૂકા ઝાડ) વચ્ચેનો તફાવત બતાવું.

૩૫૩૧. કયામતના દિવસનો ગૂઢાર્થ અને સોનાનો સિક્કો અને મિશ્રધાતુના સિક્કા ખુલ્લી રીતે બતાવું.

૩૫૩૨. ડાબા હાથના લોકો (શ્રાપિત) હાથ કપાએલા (અને) હું પયગમ્બરને (કબુલ કરનારા) અને નાસ્તિકોનો રંગ (હમણાંથી) બતાવી શકું.

૩૫૩૩. ચંદ્રમા કે જે ગ્રહણ પામતો કે ઘટતો નથી તેના પ્રકાશમાં નાસ્તિકતાના સાતેય ગુન્હાઓને ખુલ્લા કરૂં.

૩૫૩૪. શ્રાપિતોનાં જીનના જબ્બા હું બતાવી શકું છું હું પયગમ્બરના ઢોલ અને ત્રાંસા સંભળાતા કહી શકું છું.

૩૫૩૫. દોજખ અને બહેસ્તના બગીચા અને 'બરજખ', નાસ્તિકોની આંખોને ખુલ્લી રીતે બતાવી શકું છું.

૩૫૩૬. હું આશીર્વાદિત (આત્માઓના) ચહેરા પર હૌજે કઉસરનાં મોજાં અથડાતાં તેનો અવાજ કાને સંભળાય તેવી રીતે બતાવી શકું છું.

૩૫૩૭. હૌજે કઉસરના કિનારે તરસથી આંટાફેરા મારતા (આત્માઓનાં) નામ પણ એક પછી એક બતાવી શકું છું.

૩૫૩૮. તેઓના ખભા મારા ખભા સાથે અથડાય છે, તેઓનું આક્રંદ મારા કાન ફાડી નાખે છે.

૩૫૩૯. મારી આંખની સામે બહેસ્તના લોકો પોતાની રાજી ખુશીથી એક બીજાની છાતી મેળવતા ભેટતા (જોઉં છું.)

૩૫૪૦. એક બીજાને ચુંબન આપતા અને એક બીજાના મહાન દરજ્જાના સ્થળોની મુલાકાત લેતા (હું જોઉં છું)

૩૫૪૧. (દોજખના) દુષ્ટ લોકોની રાડ પાડતી આહોથી મારા કાન બહેરા થવા આવ્યા છે.

૩૫૪૨. આ (માત્ર) સુચનાઓ છે. હું (મારા જ્ઞાનના) ઊંડાણથી બોલું, પણ (ખુદાના) સંદેશથી ગુનાહમાં ભરાઉં તેથી હું બીઉં છું.

૩૫૪૩. તે આમ બે ખુદી અને બેધ્યાનપણામાં (છતાં) સમજણપૂર્વક બોલતો હતો. હ. પયગમ્બર સાહેબે તેનું કોલર ખેંચ્યું.

૩૫૪૪. અને કહ્યું ખબરદાર તારો ઘોડો તોફાની થયો છે રોકી દે. જ્યારે દિલને અથડાતું ખુદાઈ પ્રતિબિંબ શરમાય છે, (રોકાય છે) શરમ જતી રહે છે.

૩૫૪૫. તારી આરસીએ પ્રતિબિંબ જીલ્યું છે આરસી અને ત્રાજવું ખોટું કેમ બોલશે?

૩૫૪૬. આરસી અને ત્રાજવું (સચ્ચાઈને) કેમ દબાવશે? કોઈની ઈજ્જતની કે શરમની બીકથી (કેમ દબાશે.)

૩૫૪૭. આરસી અને ત્રાજવું એ ઉમદા કસવાનો પથ્થર છે. જો તું બસો વર્ષ તેની ખિજમત કરે તો પણ (તે શરમ રાખશે નહિ)

૩૫૪૮. કહેવામાં આવ્યું છે, મારી ખાતર સત્ય જાહેર કરો. વધારો બતાવો. ખોટ નહિ બતાવતા.

૩૫૪૯. તેઓ કદાચ તને કહેશે તારૂં મોઢું અને દાઢી તરફ હસતો નહિ. આરસી અને ત્રાજવું અને પછી નુકશાન કે યુક્તિઓ.

૩૫૫૦. સત્ય જાણવાનું શક્ય બને તેટલા માટે ખુદાએ આપણને ઊંચા (દરજ્જે) ચઢાવ્યા છે.

૩૫૫૧. જો આમ ન બને તો એ જુવાન, આપણી શી કિંમત છે? આપણે તે પ્યારાના ચહેરાને લાયક કેમ બનશું?

૩૫૫૨. (હ. પયગમ્બર સાહેબે) કહ્યું, પણ આરસીને કપડામાં વીંટાળીને જો, કે (ખુદાઈ) રોશની 'એ તારૂં' દિલ, સિનાય (પર્વત જેવું) બનાવ્યું હોય.

૩૫૫૩. તે (ઝયદ) કહે, સત્યનો સૂર્ય અને અનંતતાનો સૂર્ય હોવામાં કાંઈ ડહાપણ હોય!

૩૫૫૪. તે બગલમાં અને દગલમાં બન્નેમાં ચિરાઈ જાય છે, તેની હાજરીમાં ગાંડપણું કે સમજદારી રહેતી નથી.

૩૫૫૫. તે (હ. પયગમ્બર) કહે, જ્યારે તું તારી આંગળી આંખ પર મૂકે છે ત્યારે સૂર્ય વગરની ખાલી જુએ છે.

૩૫૫૬. આંગળીનું એક ટેરવું ચંદ્રમા પર પડદો બને છે, આ ખુદાના પડદાનું ચિહ્ન છે.

૩૫૫૭. કે જેથી આખી દુનિયા એક અણીથી જ ઢંકાઈ જાય. સૂર્ય એક ચીપથી ગ્રહણ પામે.

૩૫૫૮. તારા હોઠો બંધ કર, અને તારા (દિલના) દરિયાના ઊંડાણમાં જો. ખુદાએ સમુદ્રને માણસના કબજામાં રાખ્યો છે.

૩૫૫૯. બહેસ્તને દરજ્જે ચડેલાઓના કાબૂમાં 'સલસબીલ' અને 'ઝનજબીલ' ના ઝરાએ પણ કબજે છે.

૩૫૬૦. બહેસ્તની ચાર નદીએ આપણા કબજામાં છે. (જો કે) આ આપણું બળ નથી. પણ ખુદાના હુકમને (પ્રતાપે) છે.

૩૫૬૧. જેઓને આપણે ધારીએ તેમ વહેતા મૂકીએ, જાદુની માફક જે જાદુગરની ઈચ્છા પ્રમાણે (દૃશ્યો બતાવે છે).

૩૫૬૨. જેમ આ બન્ને આંખો ઝરાની માફક આપના દિલના કબજામાં છે અને આત્માના હુકમના તાબે છે.

૩૫૬૩. જો (દિલ) ઈચ્છે તો તે ઝેર અને સર્પ તરફ ફરે છે, અને જો તે ઈચ્છે તો સમજદારી તરફ ફરે છે.

૩૫૬૪. જો તે ઇચ્છે તો તેને વાસનામય ચીજો તરફ ફેરવે છે અને જો તે ઈચ્છે તો તે (ખ્યાલો અને તરંગો) તરફ ફેરવે છે.

૩૫૬૫. જો તે ઈચ્છે તો તેને 'સર્વમય' તરફ આગળ વધારે છે અને જો તે ઈચ્છે તો તેઓ પાર્થિવ ચીજો તરફ રહે છે.

૩૫૬૬. તેવી જ રીતે પાંચેય ઇંદ્રીઓ દિલની ઇચ્છા અને હુકમ પ્રમાણે ફીરકી માફક પસાર થાય છે.

૩૫૬૭. બધી પાંચેય ઇંદ્રીઓ દિલ જે દિશા તરફ તેમને દોરવે તે તરફ ફરતી તેઓના ઝભ્ભાની પાછળ પાછળ રહે છે.

૩૫૬૮. હાથ અને પગ હ. મુસાની લાકડી મુજબ ખુલ્લી રીતે દિલના હુકમમાં છે.

૩૫૬૯. જો દિલ ઇચ્છે તો તત્ક્ષણ પગ નાચવા માંડે છે અથવા તો નુકશાનીમાંથી ફાયદા તરફ દોડે છે.

૩૫૭૦. જો દિલ ઇચ્છે તો ચોપડી લખવામાં હાથની આંગળીઓ હાથ સાથે સહકાર કરે છે.

૩૫૭૧. હાથ (છુપા) હાથના હુકમમાં રહે છે તે (છૂપેલા હાથે) શરીરને બહારનું (હથિયાર) બનાવ્યું છે.

૩૫૭૨. જો તે (છૂપો હાથ) ધારે તો તે દુશ્મન માટે સાપ (માફક) બને છે, અને જો તે ધારે તો દોસ્તનો મદદગાર પણ બની રહે!

૩૫૭૩. અને જો તે ધારે તો ખોરાકમાં ચમચો (બને) અને જો તે ધારે તો દસ મણ વજનનું કાટલું બને.

૩૫૭૪. દિલ તેમને (શરીરના અવયવોનો) કહે છે, તેનાથી હું અજાયબ થાઉં છું. એ અદ્‌ભૂત સબંધ છે. છૂપું જોડાણ.

૩૫૭૫. ખરેખર દિલને હ. સુલેમાન પયગમ્બરની વીંટી મળેલી છે, કે જેથી તે પાંચેય ઇંદ્રીઓ પર રાજ ચલાવે છે.

૩૫૭૬. પાંચ બહારની ઇંદ્રીઓ પર કાબૂ કરવો સહેલો છે. પાંચેય આંતરિક ઇંદ્રીઓ તેના હુકમમાં છે.

૩૫૭૭. (શરીરમાં) દસ સમજણો અને સાત અવયવો છે તારી પોતાની મેળે જે (અહીં) ન બતાવ્યું તે ગણવા માંડ.

૩૫૭૮. ઓ દિલ, તારી પાસે હ. સુલેમાનની માફક રાજ્ય છે, તો તું પરીઓ અને દાનવો પર તારી વીંટીની છાપ લગાવ.

૩૫૭૯. જો આ બાદશાહીમાં તું ખામીરહીત હોઇશ તો ત્રણે રાક્ષસો તારા હાથમાંની આ વીંટી પડાવી નહિ જાય.

૩૫૮૦. ત્યારબાદ તારૂં નામ આખી દુનિયા જીતી લેશે. બન્ને દુનિયામાં શરીરની માફક તું રાજ ચલાવી શકીશ.

૩૫૮૧. અને જો સેતાન તારા હાથમાંની વીંટી છીનવી જાય તો તારૂં રાજ્ય ખતમ થયું, તારૂં નસીબ મરી ગયું.

શરીરમાં 10 - સમજણો
7 - અવયવો

૩૫૮૨. ત્યારબાદ ઓ ખુદાના સેવક "અરે અફસોસ" કયામત સુધી તારી માઠી દશાની શીક્ષા ઉચ્ચારતો શબ્દ બની રહેશે.

૩૫૮૩. અને જોતું તારી ખામીથી નામુકર જઈશ તો તું તારો ચહેરો અરીસા અને ત્રાજવાથી કેમ બચાવિશ?

ગુલામો અને સાથીદારોનું લુકમાન પર તહોમત મુકવું અને કહેવું કે તેઓ (શેઠ) માટે લાવતા હતા તે ફળો તેણે (લુકમાને) ખાધાં છે.

૩૫૮૪. (બીજા) ગુલામોની (સરખામણીમાં) લુકમાન તેના શેઠની નજરમાં (તેના બહારના દેખાવને) લીધે હલકો હતો.

૩૫૮૫. તે (શેઠ) તેના ગુલામોને પોતાની ખુશીમાટે બગીચામાં ફળો લાવવા માટે મોકલતો હતો.

૩૫૮૬. બીજા ગુલામો વચ્ચે લુકમાન જાણે પરોપજીવી પ્રાણી માફક હતો. તે (રૂહાની) જ્ઞાનથી ભરપુર રાતના દીપક જેવો હતો.

૩૫૮૭. પેલા ગુલામો કંજુસાઈમાં ફસેલા, બધાંફળો આનંદપૂર્વક ખાઈ ગયા.

૩૫૮૮. અને તેના શેઠને કહ્યું કે લુકમાન ખાઈ ગયોં છે. (જેના અંગે) શેઠ લુકમાન તરફ નાખુશ અને કરડો બન્યો.

૩૫૮૯. જ્યારે લુકમાનને આ વાતની ખબર પડી, ત્યારે તેણે તેના શેઠને ખુલાસો કરવા પોતાની જીભ ખોલી.

૩૫૯૦. લુકમાન કહે ઓ સાહેબ, મહેરબાન, ખુદાની નજરમાં અવિશ્વાસુ નોકર સ્વીકારાએલો નથી.

૩૫૯૧. અમો બધાની કસોટી કરો, ઓ ભલાશેઠ, અમો બધાને ગરમ પાણી પીવા માટે આપો.

૩૫૯૨. અને પછી આપ ઘોડેસ્વાર અને અમો બધા પગે એમ દરેકને ખુલ્લા મેદાનમાં દોડાવો.

૩૫૯૩. પછી ખરાબ કૃત્ય કરનારને જોજો. તેઓએ કરેલ કાર્યો જ આ ભેદ ખોલશે.

૩૯૯૪. શેઠે નોકરોને ગરમ પાણી પીવા આપ્યું. અને તેઓ (તેની) બીકથી તે પી ગયા.

૩૫૯૫. ત્યારબાદ તે તેઓને ખુલ્લા મેદાનમાં હાંકી ગયો અને તેઓ અનાજના ખેતરમાં દોડા દોડી કરવા લાગ્યા.

૩૫૯૬. તેઓ દુઃખથી ઉલટીઓ કરવા લાગ્યા. (ગરમ) પાણી પેલાં ખાધેલાં ફળો બહાર લાવતું હતું.

ખુદાની નજરમાં અવિશ્વાસુ નૉકર સ્વીકારેલ નહિ

૩૫૯૭. જ્યારે લુકમાને ઊલટી કરી ત્યારે તેમાંથી ચોકખું પાણી બહાર આવતું હતું.

૩૫૯૮. જ્યારે લુકમાનનું ડહાપણ આમ ચોકખું દેખાણું તો પછી અસ્તિત્વના માલિકનું ડહાપણ કેવું હશે?

૩૫૯૯. "તે દિવસે કે જ્યારે છૂપા વિચારો શોધી કાઢવામાં આવશે" ત્યારે તમારી જે ઈચ્છા નહિ હોય તેવું ગુપ્ત જાહેરમાં આવશે.

૩૬૦૦. જ્યારે "તેઓને ગરમ પાણી પીવા માટે આપવામાં આવશે" ત્યારે બધા પડદાઓ "જેને ધિક્કારવામાં આવ્યુ" તેના ચીરાઈ જશે.

૩૬૦૧. દોજખનો અગ્નિ નાસ્તિકો માટે તીવ્ર પીડા આપનાર છે, કારણ કે અગ્નિ પથરા માટે (યોગ્ય) કસોટી છે.

૩૬૦૨. આપણાં પથ્થર જેવાં દિલ સાથે આપણે કેટલી વાર નમ્રતાથી બોલ્યા છીએ અને (છતાં) તેઓએ તે સલાહ માની નથી.

૩૬૦૩. ખરાબ જખમ માટે નાડી ખરાબ (તંગ) દવાદારૂ મેળવે છે, કુદરતના દાંત ગધેડાના માથા માટે સગવડતાભર્યા છે.

૩૬૦૪. દુષ્ટ સ્ત્રીઓ દુષ્ટ પુરૂષો માટે એ ડહાપણ છે, બદસૂરતનો દોસ્ત બદસૂરત હોય એ માફકસર જ છે.

૩૬૦૫. પછી જે પણ તું તેની સરખામણી કરીશ. જા. વ્હાલી (વસ્તુમાં) તલ્લીન બની જા. અને તેના જેવો આકાર અને ગુણ મેળવ.

૩૬૦૬. જો 'નૂર'ની ઈચ્છા છે તો 'નૂર' મેળવવા માટે ખુદને તૈયાર કર જો તું (ખુદાથી) દૂર થવા ઈચ્છા કરે તો તું ખુદ મુખત્યાર અને દૂર થા.

૩૬૦૭. આ નાશવંત કેદખાનામાંથી બહાર જવાનો રસ્તો (શોધવા) ઈચ્છા છે તો માશૂકથી તારૂં મોઢું ફેરવ નહિ પણ નીચો નમી સિજદો કર અને નહિવત બની જા.

હ. પયગમ્બરને જવાબ દેવો અને ઝયદની બાકી રહેલી વાત.

૩૬૦૮. આ વાદવિવાદનો અંત નથી. ઉઠ, ઓ ઝયદ તારા સમજુ રૂહ રૂપી ખુરાકને બેડી નાખ.

૩૬૦૯. સમજુ રૂહ ભૂલોને ખુલ્લી પાડે છે, તે છુપાએલાથી પડદો ઉચકે છે.

૩૬૧૦. થોડીવાર માટે છૂપાવાવાળી જગ્યાએ (રહેવું) એ ખુદાઈ ઈચ્છા છે, (મોટાઈની) આ નોબત વગાડનારનો રસ્તો રોક, (તેને) હાંકી કાઢ.

૩૬૧૧. ઘણી ઝડપથી ન દોડ, લગામ ખેંચી રાખ. (તારા આત્મા પર) પડદો હોવો વધુ લાભકારક છે, દરેક પોતાના તરંગોથી ખુશી થાય તે વધુ સારૂં છે,

સમજુ રૂહ રૂપી ખુરાક.

૩૬૧૨. ખુદા ઇચ્છે છે કે નાસીપાસ થએલા પણ તેનાથી (ખુદાથી) તેની યાદીમાંથી તેઓના ચહેરા દૂર ન રાખે.

૩૬૧૩. તેઓની ઉમેદો થકી પણ તેઓ નવાજિશ થએલા બને. (ખુદાની યાદીમાં) તેઓ થોડા દિવસ (ટૂંક વખત) પેગડામાં (પગ) રાખીને દોડે છે.

૩૬૧૪. તે ઇચ્છે છે કે ખુદાઇ દયા દરેક પર તેની સર્વત્ર દયાના (પ્રતાપે) ભલા અને બૂરા (બન્ને) પર ઉતરે.

૩૬૧૫. ખુદા ઇચ્છે છે કે રાજા કે ગુલામ આશા સહિત (ખુદાથી) બીતો અને ડરતો હોવો જોઈએ.

૩૬૧૬. આ ઉમેદ અને બીક પડદામાં છે, આ પડદા પાછળ તેઓ ઉછેર પામે છે.

૩૬૧૭. જ્યારે તે પડદો ઉચકાયો (તો) બીક અને આશા ક્યાં છે, શહેનશાહ અને તેની સત્તાની અજમાયશ અદૃશ્યને આભારી છે.

૩૬૧૮. એક જુવાન માણસે નદીના કિનારે (પોતાના મનમાં) વિચાર્યું ' (અહીં) આપણો માછીમાર સુલેમાન છે.'

૩૬૧૯. (પણ) જો આ તે જ છે તો શા માટે એકલો અને છૂપા વેશે છે ? અને જો નથી તો તે શા માટે સુલેમાનનો દેખાવ કરે છે ?

૩૬૨૦. આમ વિચાર કરવામાં તે બે વિચારો વચ્ચે રહ્યો, જ્યાં સુધી કે સુલેમાન ફરીવાર રાજા અને સંપૂર્ણ બાદશાહ બન્યો.

૩૬૨૧. હ. સુલેમાનની શહેનશાહ અને ગાદીથી સેતાન છૂટો થઈ ભાગ્યો તેના ભવ્ય નસીબની તલવારે દૈત્યનું ખૂન રેડયું.'

૩૬૨૨. તેણે પોતાની આંગળીમાં વીંટી પહેરી, દૈત્યો અને દેવતાઓનાં ટોળાં ભેગાં થયાં.

૩૬૨૩. માણસો જેઓ જોવા આવ્યા તેમાં તે માણસ પણ હતો કે જેને તરંગ આપેલ (માછીમાર જ હ. સુલેમાન છૂપા વેશમાં હતા કે નહિ).

૩૬૨૪. જ્યારે તેણે (હ. સુલેમાનનો) હાથ ઉઘાડયો અને વીંટી જોઈ તેનું વિચારવું અને શોધવું એકદમ અદૃશ્ય થયાં.

૩૬૨૫. જ્યારે (દિલની ઇચ્છિત વસ્તુ) સંતાએલી હોય છે ત્યારે ચિંતા થાય છે આ શોધ અદૃશ્ય પાછળ હોય (પણ).

૩૬૨૬. જ્યારે તે અજ્ઞાન હતો ત્યારે જ તેના દિલમાં તરંગો વધ્યા. જેવો તે હાજર થયો (ભાનમાં આવ્યો) કે તેના તરંગો અદૃશ્ય થયા.

૩૬૨૭. જો પ્રકાશિત આકાશ વરસાદ વગરનું નથી તો વનસ્પતિ વગરની અંધારી જમીન પણ નથી,

૩૬૨૮. ખુદાએ (કુરાનમાં) કહ્યું, હું ઈચ્છું છું કે તેઓ અદૃશ્યમાં માને, તે કારણને અંગે જ જલ્દીથી નાસી જતી દુનિયાની બારી બંધ કરી છે.

૩૬૨૯. જો હું તેની બારી હુકમના છેલ્લા પાનાની માફક ખોલું તો હું કેમ કહી શકું ? તું તેમાં પડેલી કોઈ તીરાડો જોઈ શકયો ?

૩૬૩૦. એટલા માટે કે તેઓ આવા અંધારામાં (રસ્તો શોધવાની) કોશિશ કરે, તેઓ દરેક જણ પોતાના ચહેરા કોઈપણ દિશાએ રાખી આંટાફેરા કરે છે.

૩૬૩૧. થોડીવાર માટે વસ્તુઓ ઉલટાઈ ગઈ. ચોર ન્યાયાધીશને ફાંસીને માંચડે લાવે છે.

૩૬૩૨. તેવી જ રીતે ઊંચા આત્મા ધરાવતા કેટલાક રાજાઓ અને માણસો થોડીવાર માટે પોતાના જ ગુલામો બને છે.

૩૬૩૩. (આંખથી ન જોયેલ છતાં વિશ્વાસથી) જે ખિદમત કરવામાં આવે એ સારી અને સુંદર છે જ્યારે ખુદા તરફથી ખિદમત માંગવામાં આવે ત્યારે તે તેને ખુશ કરી અદૃશ્ય યાદીમાં આવે છે.

૩૬૩૪. રાજાની હાજરીમાં તેના વખાણ કરનાર અને તેની ગેરહાજરીમાં શરમજનક ચહેરો ધરાવનારની સરખામણી કર.

૩૬૩૫. કિલ્લાનો હાકેમ કે જે રાજ્ય સરહદે બાદશાહથી દૂર અને સલ્તનતનો પડછાયો (રક્ષણકર્તા) (જે).

૩૬૩૬. દુશ્મનોથી કિલ્લાનું રક્ષણ કરે છે અને અઢળક દ્રવ્યથી પણ તે તેને (કિલ્લાને) વેચશે નહિ.

૩૬૩૭. સરહદની નજીક રાજાથી દૂર હોવા છતાં તે રાજા પર વિશ્વાસ રાખશે જાણે કે તે (રાજા) હાજર હોય.

૩૬૩૮. રાજાની નજરમાં બાકીના જેઓ તેની હજૂરમાં ખિદમત કરે છે જેઓ પોતાની જિંદગીમાં આપવા તૈયાર હોય છે તે કરતાં (તે હાકેમ) વધુ ઉત્તમ છે.

૩૬૩૯. હાજરીઓ લાખ ગણી બજાવાતી ફરજ કરતાં ગેરહાજરીમાં અર્ધા પરમાણુ જેટલી ફરજ વધુ બહેતર છે.

૩૬૪૦. (ખુદાનું) આજ્ઞાંકિતપણું અને વિશ્વાસ એ હમણાંની (જિંદગી દરમ્યાન) વખાણવા લાયક છે. મૃત્યુ બાદ જ્યારે બધું ચોખ્ખી રીતે બતાવાશે (ત્યારે) બધું તીરસ્કારાશે.

૩૬૪૧. તે જ પ્રમાણે અદીઠ અને ગેરહાજરપણાનો પડદો વધુ સારો છે, તારું મોઢું બંધ કર, ચુપ રહેવું આપણા માટે વધુ સારું છે.

૩૬૪૨. ઓ ભાઈ, ભાષણ આપવામાંથી દૂર રહે, ખુદા પોતે જ જ્ઞાન, કે જે તેની પાસે છે તે જાહેર કરશે.

૩૬૪૩. સૂર્યનો સાક્ષી તેનો ચહેરો જ બસ છે, કઈ ચીજ (સૌથી) વધુ મોટો સાક્ષી છે? "ખુદા".

ચોર -ન્યાયધીશને ફાંસીને માંચડે લાવે છે.
ઉંચા આત્માને થોડીવાર ગુલામ બનાવે છે

મોટો સાક્ષી
= ખુદા.
સૂર્યનો સાક્ષી તેનો
ચહેરો.

૩૬૪૪. નહિ. બોલ, ખુદા ફિરસ્તા અને જ્ઞાની પુરૂષો સંયુક્ત (આ સત્ય) તરફ આગળ પગલાં માંડે છે.

૩૬૪૫. ખુદા, ફિરસ્તા અને (દૈવી) જ્ઞાન શીખેલા સાક્ષી પૂરે છે કે ખુદા સિવાય બીજો ખુદા નથી, કે જે હંમેશાં રહેનાર છે.

૩૬૪૬. જ્યારે ખુદાએ સાક્ષી આપેલ છે ત્યારે ફિરસ્તાઓ વળી કોણ કે જે સાક્ષીમાં સામેલ હોય ?

૩૬૪૭. (તેઓ સંકળાયેલા હોય છે) કારણ કે અસ્થિર (નબળી) નજર અને દિલવાળા પ્રકાશને મદદ કરી શકતા નથી (જીરવી શકતા નથી)

૩૬૪૮. ચામાચીડિયાની માફક કે જે સૂર્યના પ્રકાશને સહન કરી શકતું નથી અને ઉમેદ છોડી આપે છે.

૩૬૪૯. ત્યારે જાણ કે ફિરસ્તાઓ અને આપણે પોતે પણ આકાશમાંના મગ્રહબી સૂર્યના મદદગારો છીએ.

૩૬૫૦. કોણ કહેશે, આપણે (આપણો) પ્રકાશ સૂર્યમાંથી મેળવ્યો છે, આપણે નબળાઓ પર (શક્તિશાળી શહેનશાહના) પ્રતિનિધિ તરીકે પ્રકાશ રાખ્યો.

૩૬૫૧. (તેઓને પસંદ પડે) બીજનો ચંદ્રમા કે સાત દિવસનો કે પૂર્ણિમાનો ચંદ્ર, દરેક ફિરસ્તાનો 'નૂર' અને રૂહાની લાયકાતનો ખાસ દરજ્જો હોય છે.

૩૬૫૨. દરેક ફિરસ્તાની દરજ્જાઓ પ્રમાણે ત્રણ કે ચાર જોડ ચળકતી પ્રકાશની પાંખો હોય છે.

૩૬૫૩. મનુષ્યની બુદ્ધિની પાંખો માફક કે જે દરેકમાં ઘણો તફાવત હોય છે.

૩૬૫૪. મનુષ્ય પ્રાણી કે જે ભલા કે બૂરા માટે સાથી હોય છે તેને કે તેણીને ફિરસ્તાની મહત્તા સંદેશા આપ લે કરે છે.

૩૬૫૫. દોરવણી આપવા ગ્રહો પ્રકાશે છે. ઝાંખી નજરવાળા માણસ માટે કે જે ચંદ્રમાંનો પ્રકાશ પણ સહન કરી શકતો નથી.

હ. પયગમ્બર સાહેબનું ઝયદને કહેલું આની વધુ ખુલ્લી રીતે ગૂઢાર્થ જાહેર ન કર (કાયદાને) અનુસરવાનું ધ્યાન માં રાખ.

૩૬૫૬. હ. પયગમ્બર સાહેબે કહ્યું છે કે મારા અસહાબો ગ્રહોની માફક છે. (રસ્તે જનાર) મુસાફરો માટે બત્તીની મિસાલ અને સેતાનો પર ખરતા તારા (જેવા છે).

૩૬૫૭. જો કોઈને આકાશી સૂર્યમાંથી પ્રકાશ અને શક્તિ મેળવવાની આંખ હોય તો.

૩૬૫૮. સૂર્યની સાક્ષી માટે ચંદ્રમા કે તારાઓની જરૂર નથી.

"ખુદા સિવાય બીજો ખુદા નથી" જે હંમેશા રહેનાર છે.
સૂર્યની સાક્ષી માટે - તારા, ચંદ્રમાંની જરૂર નથી.'

૩૬૫૯. ચંદ્રમા (હ. પયગમ્બર) પૃથ્વી, વાદળાં અને પડછાયાને કહે છે, "હું એક માણસ છું." "હું એક તમારા જેવો જ છું." પણ મારે ખુલ્લું પાડેલ છે કે ખુદા એક જ છે.

૩૬૬૦. હું પણ મારી ખાસિયતમાં તમારા જેમ અંધારામાં હતો. સૂર્યના સ્પષ્ટીકરણથી આના જેવો પ્રકાશ મળ્યો છે.

૩૬૬૧. રૂહાની (સૂર્યોની) સરખામણીમાં અમુક અંધકાર છે (પણ) (મનુષ્ય) આત્માઓના અંધકાર માટે મારામાં પ્રકાશ છે.

૩૬૬૨. હું ઝાંખો છું. (સૂર્ય કરતાં) એટલા માટે કે તું (મારા કિરણો). ઉચકવાને શક્તિમાન થાય, કારણ કે તું સૌથી પ્રકાશિત સૂર્યનો માણસ નથી.

૩૬૬૩. હું મધ અને સરકાની માફક એકરસ થઈ ગયો હતો. કે જેથી હું દીલની બીમારી (સુધારી) રસ્તો શોધી શકું. અને

૩૬૬૪. જ્યારે તું તારી બીમારીમાંથી સાજો થઈ ગયો છે. તું ગુલામીમાં છો (તો હવે), સરકો છોડી દે મધ ખાવું ચાલુ રાખ.

૩૬૬૫. જો દિલનું તખ્ત અવાજ વગરનું અને વિષય વાસના ત્યજી પવિત્ર બન્યું હોય તો પછી દયાળુ ખુદા તેના તખ્ત પર (દિલના) બિરાજશે.

૩૬૬૬. આ પછી ખુદા વચ્ચે કોઈને રાખ્યા વગર તારા દિલને કાબૂ કરશે કારણ કે દિલ આવા સંબંધ સુધીના દરજ્જે પહોચ્યું છે.

૩૬૬૭. આ વાદવિવાદનો કોઈ અંત નથી, ઝયદ કયાં છે? કે જેથી હું તેને સલાહ આપું કે ખોટી રીતે પ્રખ્યાતિ ન ગોતે.

ઝયદની વાત તરફ પાછા ફરવું.

૩૬૬૮. તમે ઝયદને હવે શોધી નહિ શકો, કારણ કે તે નાસી છૂટયો છે બૂટની કતારમાંથી પોતાના બૂટ ફેંકી (પોતે) ફેંકાઈ ગયો છે.

૩૬૬૯. (તેને શોધનાર) તમે કોણ છો? ઝયદ પોતે પોતાને શોધી શકશે નહિ. સૂર્યનો પ્રકાશ પડતાં તારો દેખાતો નથી તેમ તે અદૃશ્ય થયો છે.

૩૬૭૦. તમે તેની નિશાની કે પગલાં શોધી શકશો નહિ. આકાશ ગંગામાં તે તારો તમે શોધી શકવાના નહિ.

૩૬૭૧. આપણા (રૂહાની) બાદશાહના ડહાપણ અને જ્ઞાનમાં આપણી સમજણો અને મર્યાદિત બોલી બદલાઈ ગઈ છે.

૩૬૭૨. તેઓની (ખુદાઈ રોશનીમાં ગૂઢાર્થમાં) બુદ્ધિ અને સમજણો તેઓના મોજા ઉપર મોજામાં ઉછળી છે જેમ "તમો અમારી આગળ થયા છો."

૩૬૭૩. જ્યારે રાત પડે છે ત્યારે ફરીવાર તેઓને સહન કરવાનો વખત થાય છે: તારાઓ જેઓ સંતાએલા હતા તે ફરીવાર દેખાય છે.

ઝયદ પોતે પોતાને શોધી શકશે નહિ. "હું એક માણસ છું." "હું એક તમારા જેવો જ છું." ખુદા એક જ છે. ખુદા વચ્ચે કોઈને રાખ્યા વગર તારા દિલને કાબૂ કરશે.

૩૬૭૪. ખુદા સમજ વગરના બનેલાઓને (નિંદ્રામાં) તેઓની સમજણ પાછી આપે છે. હારબંધ તેઓના કાનમાં (રૂહાની જ્ઞાનની) વાળીઓ સહિત.

૩૬૭૫. નાચતા અને (ખુદાના) વખાણમાં તેઓના હાથની તાળીઓ બજાવતા (ગાય છે) "ઓ માલિક તેં જ અમોને જિંદગીમાં આણ્યા છે."

૩૬૭૬. જેઓ ભાંગી ગએલા હાડકાં અને ચામડી વાળા હતા તેઓ ઘોડેસ્વાર (ની માફક) ધૂળમાંથી ઉઠાડવામાં આવ્યા છે.

૩૬૭૭. ક્યામતના દિવસે ઉપકારિત અને અનુપકારિત બન્ને શૂન્યમાંથી અસ્તિત્વ તરફ દોડવા માંડશે.

૩૬૭૮. શા માટે તું તારૂં માથું ફેરવી ન જોઈ શકવાનો ઢોંગ કરી રહ્યો છે? જ્યારે શૂન્યમાં તું હતો ત્યારે તેં તારૂં માથું ફેરવ્યું ન હતું.

૩૬૭૯. તમે તમારા પગ (દૃઢતાથી) શૂન્યમાં રોપ્યા છે, એમ કહીને કે મારી જગ્યાએથી મને કોણ ઉખેડી શકશે?

૩૬૮૦. શું તમે ખુદાઈ કૃત્યો જોતા નથી, કે જેણે તમોને બંદીખાનામાંથી બહાર ખેંચી કાઢ્યા?

૩૬૮૧. તારા વિચાર કે કલ્પનામાં નહિ હતા તેવી જુદી જુદી હાલતમાંથી તમોને બહાર આણ્યા.

૩૬૮૨. પેલું શૂન્યપણું તો તેનું ગુલામ છે. (તેની ખિદમતનું) કાર્ય કર ઓ દૈત્ય, સુલેમાન હૈયાત છે.

૩૬૮૩. દૈત્ય, પાણીના હવાડા જેવા મોટા વાસણ બનાવે છે તેની એક શબ્દ પણ નામુકર જવા અથવા ઉલટો બોલવાની હિંમત નથી.

૩૬૮૪. તારા તરફ જો. (નહિવત થવાની) બીકમાં ધ્રુજી રહ્યો છે, જાણ કે નહિવત પણ ખુદાથી (અસ્તિત્વમાં) ચાલુ ધ્રુજ્યા કરે છે.

૩૬૮૫. જો (દુનિયાની) મોટાઈને તમારે પકડી રાખવી છે તો તેનું કારણ રૂહની માનસિક પીડાથી પીડાઈ રહ્યો છે, તે છે.

૩૬૮૬. મહાન દયાળું ખુદાના પ્રેમ સિવાય જે (દુનિયાનો) આનંદ સાકર જેવો લાગે તો પણ આત્મા માટે પીડા છે.

૩૬૮૭. રૂહાની પીડા શું છે? મોત તરફ આગળ વધવું અને જિંદગીના પાણીને પકડવું નહિ (રૂહને ભૂલી જવું)

૩૬૮૮. લોકો તેઓની બન્ને આંખોને દુનિયા અને મોત ઉપર માંડે છે તેઓના (દિલમાં) જિંદગીના જીવન માટે સો શંકાઓ હોય છે.

૩૬૮૯. સોમાંથી નેવું શંકા (બાકી રહે) ઓછી થાય તેની સખત કોશિશ કર. રાત્રિના ખુદા તરફ (પાછો) ફર, પણ જો તેં ઝોકું ખાધું તો રાત પસાર થઈ જશે.

રૂહાની પીડા શું છે? મોત તરફ આગળ વધવું

૩૬૯૦. કાળી રાત્રિમાં તે (ચમકતી રોશની) દિવસને શોધ, અંધારામાં આગળ વધ, સમજણને વાપરી નાખ.

૩૬૯૧. ખરાબ (કાળા) રંગ લાગતી રાત્રિમાં ઘણું ઉત્તમ પણ છે. અંધારૂં જિંદગીના જીવનનું મિત્ર છે.

૩૬૯૨. ઝોકામાંથી માથું ઉચકવું કેવી રીતે શક્ય છે? જ્યારે તું સો આળસુપણાના બીજ વાવી રહ્યા છે?

૩૬૯૩. મરેલું (ભારે) ઝોકું અને મરેલો (હરામ) ખોરાક (તારા) મિત્ર બન્યા છે, વેપારી નિંદ્રામાં પડયો અને રાતનો ચોર કામે લાગી ગયો.

૩૬૯૪. શું તું તારા કોણ દુશ્મનો છે તે જાણતો નથી? જેઓ માટીના બનેલા છે, જેઓ અગ્નિથી બનેલા છે તેના તેઓ દુશ્મનો છે.

૩૬૯૫. અગ્નિ, પાણી અને તેનાં બચ્ચાંઓનો દુશ્મન છે જો કે અગ્નિની જિંદગીનો પાણી દુશ્મન છે.

૩૬૯૬. પાણી અગ્નિનો નાશ કરે કારણ કે તે પાણીના બચ્ચાંનો વેરી અને દુશ્મન છે.

૩૬૯૭. ત્યાર બાદ (હકીકતમાં) આ અગ્નિને તે વિષય વાસનાનો અગ્નિ છે, કે જેમાં પાપ અને દુઃખના મૂળ છે.

૩૬૯૮. બહારનો અગ્નિ કદાચ પાણીથી ઓલવાઈ જાય, (પણ) વિષય વાસનાનો અગ્નિ તને દોઝખે લઈ જાય છે.

૩૬૯૯. વિષય વાસનાનો અગ્નિ પાણીથી ઓલવાતો નથી, કારણકે તેની અસલિયાત દોઝખની તીવ્ર પીડા ભોગવવાની હોય છે.

૩૭૦૦. વિષય વાસના ના અગ્નિની દવા શું છે? મઅરૂફની રોશની (હોવી). તમારી (ઈમાનદારોની) રોશની નાસ્તિકોની અગ્નિને ઠારીનાખે છે.

૩૭૦૧. આ અગ્નિનો કોણ નાશ કરે છે? "ખુદાનું નૂર"

હ. ઈબ્રાહીમની રોશનીને તારો શિક્ષક બનાવ.

૩૭૦૨. કે જેથી આ તારી કાયા કે જે લાકડાં ભેગાં કરે છે તે નમરૂદ જેવા નફસે અમ્મારાની અગ્નિમાંથી મુકિત મેળવે.

૩૭૦૩. ઝનૂની વિષયવાસના મોજ શોખથી ઘટશે નહિ. તેને છોડી દેવાથી બેલાશક તે જરૂર ઘટશે.

૩૭૦૪. જ્યાંસુધી તું અગ્નિમાં લાકડાં નાખતો રહીશ તો પછી લાકડાં ઉપાડનારથી અગ્નિ કેમ બુઝાશે?

૩૭૦૫. જ્યારે તું લાકડાં નાખવાનું બંધ કરીશ તો અગ્નિ બુઝાઈ જશે, કારણકે ખુદાની બીક અગ્નિ ઉપર પાણી લઈ જશે.

(કોણ નાશ કરે અગ્નિને x વિષયવાસના) = ખુદાનું નૂર.
અગ્નિની દવા :- મઅરફતની રોશની.

૩૭૦૬, જે માણુસના દિલમાં ખુદાની બીક રૂપી ગુલાબી રંગ છે તે (આત્માનો) ચહેરો કાળો કેમ પડવા દેશે ?

હ. ઉમર (ર.)ના વખતમાં મદીના શહેરમાં દાવાનળ ફેલાયો તે વિષે.

૩૭૦૭. હ. ઉમર (ર.)ના વખતમાં દાવાનળ ફાટી નીકળ્યો. તે પત્થરોને પણ સૂકા લાકડાં હોય તેમ ફાડી ખાતો હતો.

૩૭૦૮. તે મકાનો અને ઘરો ઉપર પડયો, આખરે પક્ષીઓની પાંખો અને માળા સુધી પહોંચ્યો.

૩૭૦૯. અર્ધું શહેર અગ્નિના ભડકાઓમાં ફસાયું, પાણી પણ તેનાથી (અગ્નિથી) બીતું હતું અને વિસ્મય પામતું હતું.

૩૭૧૦. કેટલાક સમજુ માણુસો પાણીની મસકો અને સરકો અગ્નિ ઉપર ફેંકતા.

૩૭૧૧. આ અટકાવ છતાં અગ્નિ વધતો જતો હતો. તે કે જે અનંત છે, તેમાંથી મદદ આવતી હતી.

૩૭૧૨. માણુસો હ. ઉમર (ર.) પાસે ઉતાવળા આવ્યા. અને કહે, અમારી અગ્નિ પાણીથી બુઝાઈ જનાર નથી.

૩૭૧૩. તે કહે, તે અગ્નિ ખુદાની નિશાનીઓમાંની એક છે, તેના ભડકા તમારી દુષ્ટતાની અગ્નિમાંથી છે.

૩૭૧૪. પાણી ફેંકી દયો. (સખાવતમાં) ભાખરી વહેંચો. જો તમો મારા લોકો હો તો, બૂરાઈ ત્યજી દયો.

૩૭૧૫. ટોળાએ તેમને જવાબ દીધો, અમે અમારા દરવાજા ખુલ્લા મૂકી દીધા છે, અમે દયાળુ છીએ અને સખાવતો કરી છે.

૩૭૧૬. તેમણે જવાબ આપ્યો, તમોએ ભાખરી રિવાજ અને ટેવ મુજબ આપી છે, તમોએ તમારા હાથ ખુદાની ખાતર ઉપાડયા નથી.

૩૭૧૭. (માત્ર) મોટાઇ, ભપકો અને અહંકારમાં (આમ કર્યું છે) બીક, દયા અને ઉદ્દારતાને ખાતર નહિ.

૩૭૧૮. દોલત એ બીજ છે, તે ઉજ્જડ જગ્યાએ વાવો નહિ, રસ્તે ચાલતા દરેકના હાથમાં તલવાર આપો નહિ.

૩૭૧૯. ખુદાઇ દુશ્મનોમાંથી ખુદાઈ દીનના દોસ્તોને ઓળખી કાઢ, ખુદા સાથે બેસનાર માણુસને ગોતી કાઢ અને તેની સાથે બેસ.

દિલમાં ગુલાબી રંગ:- (ખુદાની બીક) તેનો આત્માનો ચહેરો કાળો કેમ પડે!

૩૭૨૦. પોતાના જાતિ ટોળા માટે દરેક જણ કૃપા બતાવે છે, ધારે છે કે તેણે ભલું કાર્ય કર્યું છે.

અમીરૂલ મોમનીન મૌલા મુર્તુઝાઅલીના ચહેરાપર દુશ્મનનું થૂંકવું અને મૌલા અલીનું હાથમાંની તલવારને ફેંકી દેવા વિષે

૩૭૨૧. હ. મૌલા મુર્તુઝાઅલી પાસેથી શ્રદ્ધાપૂર્વક વર્તવાનું શીખ, જાણે કે શેરે ખુદા (મૌલા અલી) દગા ફટકા બાબતમાં પવિત્ર હતા.

૩૭૨૨. નાસ્તિક સાથે લડવામાં તેઓ ફાવી જતા હતા, કે જે અમીરને (મારવા માટે) તેઓએ તલવાર કાઢી.

૩૭૨૩. તે (હ. મૌલા મુર્તુઝાઅલીના) ચહેરા ઉપર થૂંક્યો કે જે ચહેરો દરેક પયગમ્બર અને ઔલીયાઓની મગરૂરી હતો.

૩૭૨૪. તે, તે ચહેરા ઉપર થૂંક્યો કે જેના ઉપર ચંદ્રમા ઈબાદત કરવાની જગ્યાએ સિજદો કરે છે.

૩૭૨૫. તુરતજ હ. મૌલાઅલીએ તલવાર ફેંકી દીધી અને તેની સાથે લડવામાંથી ઢીલા પડયા.

૩૭૨૬. પેલો લડનાર આ કાર્યથી પ્રસંગ વગરની દયા અને માફી જોઈ નવાઈ પામ્યો.

૩૭૨૭. તેણે કહ્યું, તમે તમારી તલવાર મારા ઉપર ઉગામી અને (પછી) શા માટે તે દૂર ફેંકી દીધી અને મને બચાવ્યો ?

૩૭૨૮. મારી સાથે દ્વંદ્વ યુદ્ધ કરતાં વધુ સારું તમે શું જોયું, કે જેથી તમે મારો સંહાર-કરવામાં ઢીલા પડયા ?

૩૭૨૯. તમે શું જોયું કે જેથી તમારો ગુસ્સો ઓછો થયો ? આછી વીજળી ચમકી અને (વળી) પાછી પડી ?

૩૭૩૦. તમે શું જોયું કે મેં (માત્ર) તેનું પ્રતિબિંબ જોયું અને મારા દિલમાં આત્મામાં ભડકો દેખાણો ?

૩૭૩૧. તમે શું જોયું કે આ (દુન્યવી) અસ્તિત્વ અને અવકાશથી પર કે જે મારી જિંદગી કરતાં વધુ ઉત્તમ છે (છતાં) તમે મારી જિંદગી આપી. (બચાવી)

૩૭૩૨. બહાદુરીમાં તમે શેરે ખુદા છો, ઉદારતામાં ખરેખર કોણ જાણે કે તમે કેવા મહાન છો ?

૩૭૩૩. હ. મુસાના (વખતમાં) રણમાં વાદળાઓમાંથી ખાવાના થાળા અને ભાખરીઓ આવતી, તેવી જ ઉદારતાવાળા આપ છો.

૩૭૩૪. સખત પરિશ્રમના પ્રતાપે પેદા થતા ઘઉં, માણસોને માટે રાંધેલા મધ જેવા મીઠા વાદળાઓમાંથી આવતા.

૩૭૩૫. હ. મુસાનાં વાદળાં દયાની પાંખો ફેલાવતા અને રાંધેલો મીઠો ખોરાક કાંઇ પણ મહેનત વગર આવતો.

૩૬૩૬. પેલા ભિખારીઓ કે જેઓએ આ દયાની (દરકાર ન કરી) તેના કારણે દુનિયામાં આ (વાદળાની) દયાએ ઝંડો ફરકાવ્યો.

૩૭૩૭. ચાલીસ વર્ષો સુધી આ ખોરાક અને બક્ષિસ એક પણ દિવસ માટે ઉમેદ ભરી મજામાં આવતાં અટક્યા નહિ.

૩૭૩૮. ત્યાં સુધી કે તેઓ પોતે પોતાની ધૃષ્ટતાના કારણે લસણ, લીલોતરી અને બકાલાની માંગણી કરવા લાગ્યા.

૩૭૩૯. આ અહમદના લોકો કે જેઓ ઉદાર છે. "તે ખોરાક કયામતના દિવસ સુધી ચાલુ રહેનાર છે."

૩૭૪૦. જ્યારે (હ. પયગમ્બરે ફરમાવ્યું :) મેં મારા માલિક સાથે રાત્રિ પસાર કરી, (આ શબ્દો) ઉચ્ચારવામાં આવ્યા : તેણે મને ખાવાનું તથા પીવાનું આપ્યું, આ અલંકારિક શબ્દો (રૂહાની ખોરાક) (માટેના છે.)

૩૭૪૧. આ (હદીસ) કાંઇપણ અર્થ બેસાડયા વગર કબૂલ કર કે જેથી તે તારા ગળામાં મધ ને દૂધ માફક આવે (કબૂલાતમાં)

૩૭૪૨. અર્થ બેસાડવાના કારણોની (કોશિશ કરવી) એ બક્ષિસની અવગણના કરવા બરાબર છે, જ્યારે તે (દુભાષિયો) ખરા (અસલ) અર્થને ભૂલભરેલ માને છે.

૩૭૪૩. ભૂલ ભરેલો દેખાવ તેની સમજણની ખામીના અંગે ઉત્પન્ન થાય છે. 'અકલેકુલ' સત્ય છે અને આપણી સમજણ એ છીછરું છે.

૩૭૪૪. પોતાને ફેરવી નાખ નહિ કે હદીસને તારા મંદ બુદ્ધિના મગજને દોષ દે, નહિ કે ગુલાબની ફૂલવાડીને.

૩૭૪૫. ઓ મૌલાઅલી, તમો જ મારૂં ધ્યાન અને આંખ છો. તમોએ જોયેલામાંથી થોડું મને જણાવો.

૩૭૪૬. તમારી ક્ષમાની તલવારે મારી જિંદગી બચાવી છે, તમારા જ્ઞાનના પાણીએ મારી જમીન (દિલ) પવિત્ર કર્યું છે.

૩૭૪૭. ખુલ્લું કહો, હું જાણું છું કે આ બધું (ખુદાનું જ) ગૂઢાર્થ છે, કારણ કે તલવાર વગર મારવું તે તેનું જ કામ છે.

૩૭૪૮ તે હથિયાર વગર અને અવયવો વગર કામ કરે છે તેજ આવી ફાયદાજનક બક્ષિસો નવાજિશ કરે છે.

૩૭૪૯. બુદ્ધિ લાખો શરાબોનો સ્વાદ લેવાનું એવી ડાહી રીતે કારણ બને છે કે આંખો અને કાનો તેનાથી અજાણ હોય છે.

૩૭૫૦. ખુલ્લેખુલ્લું કહો, ઓ સુંદરમાં સુંદર શિકાર કરનાર અવકાશી બાજ ! કહો, કે જેથી (હું જાણું કે) તે વખતે તમોએ પેદા કરનારથી આ જોયું છે.

મારી જમીન = દિલ: પવિત્ર કર્યું અકલેકુલ → સત્ય છે.
તલવાર વગર મારવું. આપણી સમજણ = છીછરું.

૩૭૫૧. તમારી આંખો અદ્રશ્ય જોવાનું શીખેલી છે. (જ્યારે) બાજુમાં ઉભેલાની આંખોએ સીલ મારેલું હોય છે.

૩૭૫૨. એક માણસ ચંદ્રમાને ચોખ્ખી રીતે જોઈ શકે છે જ્યારે બીજો દુનિયાનું અંધારૂં જુએ છે.

૩૭૫૩. અને વળી બીજો ત્રણ ચંદ્રમા એક સાથે જુએ છે અને વળી આ ત્રણેય એકજ જગ્યાએ બેઠેલા હોય છે!

૩૭૫૪. આ ત્રણેયની આંખો ખુલ્લી હોય છે અને ત્રણેયના કાન પણ તે જ હોય છે, તેઓ તમારા તરફ જડાએલા છે જ્યારે મારાથી ભાગવામાં છે.

૩૭૫૫. શું આ આંખનું જાદુ છે? (અથવા તો) તે અદ્ભૂત છૂપેલી રહેમંત છે તમારા તરફ તે વરૂના રૂપમાં છે, જ્યારે મારા તરફ યુસુફના ગુણમાં છે.

૩૭૫૬. જો પૃથ્વીઓ અઢાર હજાર કે તેથી વધારે હોય આ અઢાર (હજાર) દરેકની આંખથી જોઈ શકાય તેમ નથી.

૩૭૫૭. ઓ મૌલાઅલી, આ ગૂઢાર્થ ખુલ્લો કરો. તમો કે જેઓ ને (ખુદાએ) પસંદ કર્યા છે, ઓ તમો કે જેઓ ખરાબ ભાવથી પાછળ ખુશકિસ્મત છો.

૩૭૫૮. તમો તમારી સમજ અંગે માલમ પડેલું જણાવો, નહિતર હું મને થયેલ જ્ઞાન મુજબ જાહેરાત કરૂં

૩૭૫૯. તમારામાંથી જ મારામાં પ્રકાશિત થાયછે. તમો તેને કેમ સંતાડશો? ચંદ્રમાની માફક વગર જીભે તમો પ્રકાશનાં કિરણો ફેંકો છો.

૩૭૬૦. જો ચંદ્રમાનો ગોળો બોલવા માંડે તો રાત્રિના મુસાફરોને સાચે રસ્તે દોરવે.

૩૭૬૧. તેઓ અચોક્કસતા અને દુઃખમાંથી સલામત બની જાય. ભૂતોના અવાજ ઉપર ચંદ્રમાનો અવાજ સરસાઈ ભોગવે છે,

૩૭૬૨. મતલબ ચંદ્રમા વગર બોલે રસ્તો બતાવે છે, જ્યારે તે બોલે છે ત્યારે તો પ્રકાશ ઉપર પ્રકાશ (મોકલશે)

૩૭૬૩. જ્યારે તમો જ્ઞાનના શહેરના દરવાજા છો. જ્યારે તમો ઉદ્દારતાના સૂર્યના કિરણો છો.

૩૭૬૪. "ઓ દરવાજા", જેઓ દરવાજો શોધે છે તેને માટે જરૂર ખોલો કે જેને પ્રતાપે છીલટું મગજ સુધી પહોંચે.

૩૭૬૫. ઓ દયાના દરવાજા, હંમેશ માટે ખુલ્લા રહો! ઓ દાખલ થવાના મહેલ, "તેની અંદર દાખલ થનાર બીજો કોઈ નથી."

૩૭૬૬. દરેક હવા અને રજકણ જ્યાં સુધી તે ગુપ્ત છે ત્યાં સુધી તે (ખુદાઈ) દીદારની જગ્યા બનીજાય છે કે જેઓ કહેછે, "પેલીપાર દરવાજો છે."

૩૭૬૭. જ્યાં સુધી ચોકીદાર દરવાજો ખોલતો નથી, ત્યાં સુધી ખ્યાલ અંદર હલચલ કરતો નથી.

જાઓ

આંખોથી → એક અદ્રશ્ય જોવાનું
→ બીજો અંધારૂં. (સીલ મારેલું).

3 ચંદ્રમાં એક સાથે જુએ. તેમજ આ 3 એકજ જગ્યાએ બેઠેલા હોય છે

ઓ દરવાજા હંમેશા માટે ખુલ્લા રહો! ઓ દાખલ થવાના મહેલ

૩૭૬૮. જ્યારે દરવાજો ખોલવામાં આવે છે, તે આશ્ચર્યચકિત થઈ જાય છે અને પાંખો ઊગે છે ખ્યાલમાં ઉડવા માંડે છે.

૩૭૬૯. એક બેદરકાર માણસને ખંડેરમાંથી ખજાનો હાથ આવ્યો. ત્યારબાદ તે દરેક ખંડેરમાં ખજાનો (શોધવાની) ઉતાવળમાં પડયો.

૩૭૭૦. જ્યારે તું એક મોતી એક દરવેશ પાસેથી મેળવે છે, ત્યારે તું બીજા દરવેશ પાસેથી મોતી મેળવવા શોધ કરે છે.

૩૭૭૧. ઘણા વર્ષો સુધી પોતાના પગો વિચારોમાં દોડશે તો પણ તે તેના નસકોરાની ફાટથી આગળ જઈ શકશે નહિ.

૩૭૭૨. કહે, તું તારા નાક સિવાય બીજું કોઈ જોઈ શકે છે? કહે, હવે જો તું તારૂં નાક ફેરવીશતો શું જોઈશ?

હ. મૌલાઅલીને પેલા કાફરને પૂછ્યું,
જ્યારે તમે મારા જેવા ઉપર વિજયી થયા
હતા ત્યારે શા માટે તલવાર ફેંકી દીધી તે-વિષે

૩૭૭૩. તેણે કહ્યું, કહો એ ઈમાનદારો સરદાર, કે જેવો મારો આત્મા ગર્ભની અંદર તેની અંદર હલચલ કરે.

૩૭૭૪. જ્યારે તેનાપર (ગ્રહોની) સત્તા ચાલે ત્યારે ગર્ભ હલચલ કેમ કરે? તે ગ્રહો તરફથી સૂર્ય તરફ ફરે છે.

૩૭૭૫. જ્યારે ગર્ભને જીવ મળવાનો વખત આવે છે, ત્યારે સૂર્ય તેનો મદદગાર બને છે.

૩૭૭૬. આ ગર્ભ સૂર્યના અંગે જ હલચલ અનુભવે છે, કારણકે સૂર્ય તેને રૂહની જલ્દીથી નવાજિશ કરે છે.

૩૭૭૭. બીજા ગ્રહો થકી ગર્ભ માત્ર થોડી અસર મેળવે છે, ત્યાં સુધી કે સૂર્ય તેના પર પ્રકાશે.

૩૭૭૮. કયા રસ્તે તે ગર્ભની અંદર સુશોભિત સૂર્ય સાથે સંકળાએલ છે?

૩૭૭૯. આપણી સમજ શક્તિ સમજી શકે તે કરતા છૂપા રસ્તે (કારણકે) સૂર્યને અવકાશમાં ઘણા રસ્તા હોય છે.

૩૭૮૦. તે જ રસ્તે કે જે રસ્તે સોનું પોષણ મેળવે છે, તે જ રસ્તે કે જે રસ્તે પથ્થર માણેક બને છે.

૩૭૮૧. અને જે રીતે માણેકને તે રાતું બનાવે છે અને ઘોડાના પગની લોઢાની નાળને તે જે રીતે ઝગમગતો ચમકારો આપે છે.

૩૭૮૨. અને જે રીતે તે ફળોને પકાવે છે, અને જે રીતે એક નિરાશ થએલાને ફરીવાર દિલ (હિંમત) આપે છે.

૩૭૮૩. જલ્દી બોલી નાખ, એ ચળકતી પાંખોવાળા બાજ, (કે જે) રાજા અને તેના અંગરક્ષક (સાથે મળતિયુ બન્યું છે.)

૩૭૮૪. જલ્દી બોલી નાખ એ રાજવી બાજ? (કે જે) 'અંકા' ને પકડે છે અને આખા લશ્કરને વગર લશ્કરે જીતી શકે છે.

૩૭૮૫. તું એક (આખી) કોમ જેવો છે, તું એક પણ છે અને એક લાખ પણ છે. જલ્દી કહે, એ તું, કે જેનું બાજ તારા ગુલામને પ્રતાપે તારો શિકાર બન્યું છે.

૩૭૮૬. શાના કારણે વેરને બદલે આ દયા? કોના રસ્તે એક (ભયંકર) અજગરને હાથ (મદદ) આપવામાં આવે?

અમીરૂલ મોઅમનીન મૌલામુર્તુઝાનો
જવાબ દેવો, "તે વખતે પોતાનાથી હાથ
તલવાર શા કારણે ફેંકી દીધી" તે વિષે.

૩૭૮૭. તેઓ કહે, હું ખુદાની ખાતર તલવાર વાપરૂં છું, હું ખુદાના હુકમમાં છું, હું શરીરના હુકમમાં નથી.

૩૭૮૮. હું ખુદાનો સિંહ છું, હું આવેગ નો સિંહ નથી, મારા કૃત્યો મારા દીનની સાક્ષી પૂરે છે.

૩૭૮૯. હું લડાઈમાં (સત્યની સાબિતી) છું, "તે જ્યારે ફેંક્યું ત્યારે તે ફેંક્યું ન હતુ" (પણ ખુદાએ ફેંકેલ) હું જાણે કે તલવાર છું પણ પકડનાર સૂર્ય (ખુદાઈ નૂર છે.)

૩૭૯૦ મેં મારાપણાનો બોજો ઉપાડીને રસ્તામાં ફગાવી દીધો છે, ખુદા સિવાય (બીજું કાંઈ) હસ્તીમાં નથી, એમ મેં માન્યું છે.

૩૭૯૧. હું પડછાયો છું, ખુદા સૂર્ય છે, હું અમીર છું. હું (તેને ઢાંકવાનો) પડદો નથી.

૩૭૯૨. હું તેની સાથે એક થઈ જનાર જવાહિર છું, જેવી કે જવાહિરની તલવાર હું લડાઈમાં માણસોને જિંદગી આપું છું, મૃત્યુ ઉપજાવતો નથી.

૩૭૯૩. મારી તલવારના તેજને લોહી ઢાંકતું નથી. મારા વાદળને હવા કેમ ખેંચી જાય?

૩૭૯૪. હું ઘાસ (જેવો ફોરો) નથી. હું સહનશીલતા, ધીરજ અને ન્યાયનો પહાડ છું, ભયંકર પવન (પણ) પર્વતને કેમ ખસેડી શકે?

૩૭૯૫. જે પોતાની જગ્યાએથી (હવા અંગે) ફેંકાઈ જાય છે તે કચરો હોય છે, કારણ કે ખરેખરા વિરોધી પવનો (પણ) ઘણા હોય છે.

૩૭૯૬. જે રોજીંદા બંદગી કરતો નથી તેને ગુસ્સાનો, વિષય વાસનાનો અને કંજૂસાઈનો પવન ઉખેડી નાખે છે.

૩૭૯૭. હું પહાડ છું, સારૂં હોવું એજ તેનું મકાન છે, અને તણખલું બનું અને જો પવન ખેંચે તો તે તેનો જ (ખુદાઈ) પવન હશે.

૩૭૯૮. મારી ઇચ્છા તેના પવનથી ચિરાતી નથી. મારો નાયક માત્ર તેનો પ્રેમજ છે.

૩૭૯૯. ક્રોધ એ રાજાનો પણ રાજા છે, પણ મારો તે ગુલામ છે, મેં ક્રોધને લગામમાં બાંધ્યો છે.

૩૮૦૦. મારી સહનશીલતાની તલવારે મારા ક્રોધની ડોક ભાંગી નાખી છે. ખુદાનો ગુસ્સો મારા તરફ દયાની માફક આવે છે.

૩૮૦૧. મારું છાપરૂં ખંડેર બન્યા છતાં હું "નૂર"માં ડૂબકી મારૂં છું. હું 'બુતુરાબ' હોવા છતાં હું બગીચો બન્યો છું.

૩૮૦૨. જ્યારે ખુદાના (વિચાર સિવાય) બીજું વચ્ચે પડયું છે, ત્યારે મારી તલવાર મ્યાનમાં મૂકી છે.

૩૮૦૩. કે જેથી મારું નામ "તે ખુદાની ખાતર ચાહે છે." તે હોય. "તે ખુદાની ખાતર ધિક્કારે છે મારી ઈચ્છા હોય.

૩૮૦૪. કે જેથી મારી ઉદારતા જ "તે ખુદાની ખાતર આપે છે" હોય કે જેથી મારું કાર્ય "તે ખુદાની ખાતર અટકાવે છે" હોય.

૩૮૦૫. મારો અટકો ખુદાની ખાતર હોય, મારી બક્ષિસ ખુદાની ખાતર હોય. હું સંપૂર્ણ ખુદાનો છું, હું કોઈ (બીજાનો) નથી.

૩૮૦૬. હું જે કાંઈ ખુદાની ખાતર કરું છું તે (બીજાની) આજ્ઞામાં રહીને કરવામાં આવતું નથી, તે માત્ર કલ્પના કે અભિપ્રાય નથી. તે આંતરદર્શન સિવાય બીજું કાંઈ નથી.

૩૮૦૭. કાર્ય અને શોધમાંથી હું સ્વતંત્ર થયો છું. મેં મારી બાંય ખુદાના પહેરણથી બાંધી છે.

૩૮૦૮. જો હું ઉડતો હોઉં તો ઉપર ચડવાની જગ્યા મેં જોઈ છે અને જો હું વર્તુલમાં ફરું છું તો તે ધરીને જોઇ છે.

૩૮૦૯. અને જો હું બોજાને ખેંચતો હોઉં તો (જવાની જગ્યા) ને જાણું છું. હું ચંદ્રમા છું, અને સૂર્ય મારી સમક્ષ માર્ગદર્શક છે.

૩૮૧૦. લોકો સાથે આનાથી વધુ સંપર્ક રાખવાનું સાધન નથી. નદીમાં દરિયા માટે જગ્યા નથી.

૩૮૧૧. હું હમણાં જે બોલું છું તે લોકોની સમજણના માપ પરથી બોલું છું. તે ખામી નથી. પયગમ્બરોનું આજ કામ છે.

૩૮૧૨. હું મારા પોતાપણાના કાર્યથી સ્વતંત્ર છું, સ્વતંત્ર માણસનો પુરાવો સાંભળ, ગુલામના પુરાવાની કિંમત બે બાજરીના દાણા જેટલી પણ નથી.

૩૮૧૩. મઝહબના કાયદામાં ગુલામના પુરાવાની, દાવામાં કે ન્યાય કરવામાં જરાપણ કિંમત નથી.

૩૮૧૪. જો તારા બદલે હજારો ગુલામો સાક્ષી પૂરે તો પણ કાયદો તેઓનો પુરાવો એક તણખલા જેટલો પણ કબૂલ નહિ કરે.

૩૮૧૫. ખુદાની દૃષ્ટિમાં નોકરો અને ગુલામોને ખિદમતમાં લાવવા કરતાં વિષય વાસનાની ગુલામી વધુ ખરાબ છે.

૩૮૧૬. પાછલી (બાબત) તેના શેઠના એક શબ્દથી તે (ગુલામ) સ્વતંત્ર બને છે, જ્યારે પહેલી (બાબત) (વિષયવાસના) મીઠી જિંદગી જીવે છે, પણ દુ:ખ અને ગમગીનીમાં મરે છે.

૩૮૧૭. વિષય વાસનાના ગુલામને છૂટવાનો કોઇ રસ્તો નથી ખુદા અને તેની પસંદગીની રહેમત (થકી છૂટી શકે)

૩૮૧૮. તે એવા ખાડામાં પડયો છે કે જેનું કોઈ તળિયું નથી, કે જે તેનું પોતાનું પાપ છે, તે કાંઈ (ખુદાઈ) અન્યાય અને દબાણ નથી.

૩૮૧૯. તેણે પોતાને એવા કૂવામાં ફેંકયો છે કે તેના તળિયે પહોંચવા કોઇ દોરડું શક્તિશાળી નથી.

૩૮૨૦. હું હવે છેડો લાવીશ જો આ સંભાષણ આગળ વધશે તો દિલ તો શું પણ ખંડકોનું પણ લોહી વહેશે.

૩૮૨૧. (જો) આ દિલોમાંથી લોહી ન વહ્યું, તે તેના સખતપણાને અંગે નહિ, (પણ) બદકિસ્મત, ગૂંચવણ અને આગળથી કબજે થવાનું. (કારણ છે)

૩૮૨૨. તેઓ પોતાનું લોહી વહેવડાવશે કે જ્યારે લોહી તેમના કોઇ ઉપયોગનું નહિ હોય, જ્યારે તારું લોહી નાપસંદ પડે તે પહેલાં તારૂં લોહી વહેવડાવ.

૩૮૨૩. અલબત ગુલામનો પુરાવો કબૂલ થતો નથી (પણ) પાસ થએલો સાક્ષી તે છે કે જે (વાસનાનો) ગુલામ ન હોય.

૩૮૨૪. "અમે તને સાક્ષી તરીકે મોકલાવ્યો છે" કુરાનમાં ચેતવણી આપવામાં આવી, કારણ કે તે (હ. પયગમ્બર) તદ્દન અસ્તિત્વથી સ્વતંત્ર હતા.

૩૮૨૫. જ્યારે હું સ્વતંત્ર છું, ત્યારે ક્રોધને કેમ બાંધી શકે? દૈવી ગુણો સિવાય બીજું કાંઈ અહિં નથી, અંદર આવ.

૩૮૨૬. અંદર આવ, કારણકે ખુદાની દયાએ તને સ્વતંત્ર કર્યો છે, કારણ કેતેની દયા તેના કોપ ઉપર સરસાઈ ભોગવે છે.

૩૮૨૭. હવે અંદર આવ, કારણ કે તું ભયમાંથી મુક્ત થયો છે. તું એક (સામાન્ય) પથ્થર હતો. અર્ક થકી તું જવાહિર બન્યો છે.

૩૮૨૮. તું અવિશ્વાસ અને તેના કાંટાના જાળામાંથી બહાર આવ્યો છે "હું" (ખુદાના) બગીચાસાંના ખીલેલા ગુલાબની કળીની માફક,

૩૮૨૯. તું હું છે અને હું તું છું, ઓ રોશની પામેલા, તું અલી (માં સમાઈ ગયો), હવે હું અલીને કેમ કાપું?

૩૮૩૦. તેં જે પાપ કર્યું તે દયાના કાર્ય કરતાં વધુ સારૂં છે, એક પળમાં તું (આ) અવકાશમાં ફરતો બની ગયો.

૩૮૩૧. માણસે પાપ કર્યું તે બહુ નસીબદાર હતો. શું ગુલાબના પાંદડાંઓ કાંટામાંથી ખીલતાં નથી ?

૩૮૩૨. હ. ઉમર હ. પયગમ્બરની (જિંદગી) ઉપર હુમલો કરવાનું પાપ ન હતું, જે તેને સ્વીકારાએલાના દરવાજે દોરી ગયું. ?

૩૮૩૩. જાદુગરોનું જાદુ તેઓને ફીરઓન પાસે ખેંચી ન ગયું કે જ્યાં તેઓની મદદે તેમનું ખુશનસીબ પ્રાપ્ત થયું ?

૩૮૩૪. તેઓનું હ. મુસાથી નાસુકર જવું અને તેમનું જાદુ, કે જે બળવો કરનાર ફીરઓન આગળ ખેંચી ગયું.

૩૮૩૫. તેઓએ અસા અને મોજીઝો કેમ જોયો હોત ? આ બેફરમાન લોકો, (ખુદાની) બેફરમાની (તેમની) ફરમાંબરદારીમાં લઈ ગઈ.

૩૮૩૬. ખુદાએ નિરાશાની ડોક મરડી નાખી. (તેઓનુ) પાપ અને બેફરમાની ફરમાંબરદાર બની ગઈ.

૩૮૩૭. તે ખરાબ કૃત્યોને (સારામાં) ફેરવી નાખે છે, દૈત્યોના દ્વેષ છતાં તે (અનાજ્ઞાંકિત પણાને) આજ્ઞાંકિતપણામાં લાવે છે.

૩૮૩૮. આ (ખુદાની દયા થકી) પત્થર (ઈબ્લીસ) ને હાંકી કાઢવામાં આવ્યો એ (બાઈબી) ફાટે છે અને (તેને) ફેંકી દેવામાં આવ્યો.

૩૮૩૯. તે આપણને (પાપમાં) નાખવા સખત કોશિશ કરે છે અને તે પાપના પ્રતાપે આપણને ખાડામાં ઉતારે છે.

૩૮૪૦ જ્યારે તે પાપ ફરમાંબરદાર બન્યું. તે જુએ છે ત્યારે (સેતાન માટે) બૂમ ન પાડી શકાય તેવો (વખત) આવે છે.

૩૮૪૧. અંદર આવ, હું તારા માટે દરવાજો ખોલું છું, તું (મારા પર) થૂંક્યો, અને હું તને બક્ષિસ આપું છું.

૩૮૪૨. અન્યાય કરનારાઓને પણ હું આવી ચીજો આપું છું. (તેં જોયું) કે મેં કેવી રીતે મારું માથું ડાબી તરફ ફેરવ્યું (તારા પર દયા કરી).

૩૮૪૩. ત્યારે સારા કૃત્યો કરનાર માટે હું કેવી બક્ષિસો કરતો હોઉં છું ? તું જાણે કે (હું) ખજાના અને કાયમી સલ્તનતો (બક્ષિસ કરૂં છું.)

હ. પયગમ્બર (સ. અ. વ.) નું મૌલા મુર્તુઝાના ઘોડાનું પેંગડું પકડનાર નોકરને કાનમાં કહેવું કે તેના હાથથી હ. મૌલા મુર્તુઝાઅલી શહીદ થશે."

૩૮૪૪. હું એવો શખ્સ છું કે મારી દયાનું મધ મારા ખૂનીના વેરમાં પણ ઝેર થતું નથી.

બેફરમાન લોકો – ફરમાંબરદાર બન્યા.
જાદુગરો – મગરા

૩૮૪૫. હ. પયગમ્બરે મારા નોકરના કાનમાં કહ્યું કે, તે એક દિવસ મારી ગરદન ઉપરથી મારું માથું જુદું કરશે.

૩૮૪૬. હ. પયગમ્બર સાહેબ (ખુદાઈ) દિવ્ય સંદેશના પ્રતાપે મારા દોસ્તે જણાવ્યું કે છેવટે મારો (જીસમાની) અંત તેના હાથથી થશે.

૩૮૪૭. તે (મારો દોસ્ત) છેવટે કહે છે, પહેલાં મને મારી નાંખો. કે જેથી આ તુચ્છ કાર્ય મારા હાથથી બનવા ન પામે.

૩૮૪૮. હું કહું છું. મારું મૃત્યુ તારાથી જ થનાર છે (તો) હું દૈવી ભાવિને અટકાવવાનું શામાટે પ્રયત્ન કરું ?

૩૮૪૯. તે મારા પગે પડીને કહે છે કે ઓ દયાળુ, ખુદાની ખાતર મને બે ભાગમાં વહેરી નાંખો.

૩૮૫૦. કે જેથી આવો ખરાબ અંત મારા માટે ન આવે, કે જેથી મારો આત્મા દિલગીરીમાં બળ્યા ન કરે, કારણ કે તમેજ મારી (જિંદગી) છો.

૩૮૫૧. હું કહું છું, ચાલ્યો જા. "કલમ સૂકી છે" (ખુદાઈ ભાવિ ભૂંસી ન શકાય) તે કલમથી ઘણા ઊંચા) ખડકો તૂટી પડયા છે.

૩૮૫૨. મારા આત્મામાં તારા માટે જરાપણ તિરસ્કાર નથી, કારણકે હું આ કૃત્ય તારાથી (છે) તેમ માનતો નથી.

૩૮૫૩. તું ખુદાનું હથિયાર છે, ખુદાનો હાથ જ (ખરો) પ્રતિનિધિછે. હું ખુદાના હથિયાર સામે કેમ હુમલો કરું ?

૩૮૫૪. તેણે (અમીરે) કહ્યું, તો પછી વેર લેવાનું કારણ શું છે ? હ. મૌલા અલીએ કહ્યું, તે પણ ખુદામાંથી છે, તે છૂપો ગૂઢાર્થ છે.

૩૮૫૫. જો તે પોતાને કાર્ય થકી ગુનાહ કરે (છતાં) તે ગુનાહ થકી (ભલાઈના) બગીચામાં વાવેતર કરે છે.

૩૮૫૬. તે પોતાના કાર્યમાટે બદલો લેવા આજીજીકરેછે પણ વેર અને દયામાં તે એકજ છે.

૩૮૫૭. આ નોંધવા યોગ્ય શહેરમાં તે બાદશાહ છે. દરેક રાજ્યનો તે રાજાછે.

૩૮૫૮. જો તે પોતે પોતાનું હથિયાર ભાંગે છે તો તે જ ભાંગેલાને સાંધે છે.

૩૮૫૯. ઓ ભલા આદમી, આ સમજ, (જે) "આયાત ને અમે મનસુખ કે ભૂલાવી દઈએ છીએ અને અમે વધુ સારી લાવીએ છીએ."

૩૮૬૦. દરેક (મઝહબી) (કાયદો) જે (ખુદાએ) મનસુખ કર્યો, તે તેણે ઘાસ લઈ લીધું અને તેની બદલીમાં ગુલાબ આપ્યું.

૩૮૬૧. રાત દિવસના કામકાજને ખતમ કરે છે. જીવંતપણું જે સમજને રોશની આપે છે, તે જો.

૩૮૬૨. ફરીવાર દિવસના પ્રકાશ અને રાત ખતમ થાય છે કે જેથી જીવનપણું આગ સળગાવનારા વાપરે.

કલમ સુકી છે – (ખુદાઈ ભાવી ભૂંસી ન શકાય). (તું ખુદાનું હથિયાર – તારે શું કેમ હુમલો કરું)

તું – મારી જુદા છો.

૩૮૬૩. જોકે ઉંઘ અને આરામ એ અંધારું છે પણ અંધારામાં શું જીવનનું પાણી નથી?

૩૮૬૪. તે અંધારામાં મગજ ફરીવાર તાજા નથી થતાં? થોડી શાંતિ અવાજનું (ઉમદાપણું) વધારતી નથી?

૩૮૬૫. વિરોધીપણાને અંગે જ વિરોધીઓ જાણી શકાય છે, કાળા ફળના ગરમાં (દિલમાં) તેણે કાયમી પ્રકાશ (પ્રેમ) ઉત્પન્ન કર્યો.

૩૮૬૬. પયગમ્બર સાહેબની લડાઇઓ શાંતિનો અગત્યનો મુદ્દો બન્યો. પેલી લડાઈઓમાંથી અત્યારના જમાનામાં શાંતિ પેદા થઈ છે.

૩૮૬૭. દિલ હરણ કરવાવાળા લાખો માથાં કાપી નાખે છે એટલા માટે કે (આખી) દુનિયાના લોકોના માથાં સલામત બને.

૩૮૬૮. માળી નુકશાનકર્તા છોડ ઉખેડી નાખે છે, એટલા માટે કે ખજૂરીનું ઝાડ ઊંચાઈ અને મજબૂતાઈ મેળવે.

૩૮૬૯. હોંશિયાર (માળી) બગીચામાંથી બરુ ખોદાવી નાખે છે, એટલા માટે કે તેનો બગીચો અને ફળો આબાદ થાય.

૩૮૭૦. દાકતર ખરાબ દાંત ખેંચી કાઢે છે, એટલા માટે વહાલો (બીમાર) દુઃખ અને બીમારીથી બચી જાય.

૩૮૭૧. ખામીમાં ઘણા ફાયદાઓ પણ (છુપાએલા) હોય છે, શહીદો માટે મોત એ જિંદગી છે.

૩૮૭૨. જ્યારે (શહીદનું) માથું કાપી નાખવામાં આવે છે ત્યારે તે રોજનો ખોરાક ખાતો હોય છે. (તેના માટે કુરાનમાં) (ખુદાઇ) બક્ષિસો મેળવે છે અને આનંદ કરે છે.

૩૮૭૩. જ્યારે જનાવરનું ગળું કાપવામાં આવે છે, ત્યારે (તેનાથી) માણસનું ગળું મોટું થાય છે, (તે ખાવાથી) અને તેની ઉત્તમતા વધે છે.

૩૮૭૪. જ્યારે (શહીદનું) માથું કાપી નાખવામાં આવે છે, અને તેનું પરિણામ સમજ. આ દાવાની સરખામણી પેલા (દાવાની) સાથે કર.

૩૮૭૫. ત્રીજું ગળુ જન્મશે અને તેની સંભાળ (ખુદાઈ) સરબત અને તેનો પ્રકાશ કરશે.

૩૮૭૬. જે ગળું કાપવામાં આવ્યું (શહીદનું) તે (રૂહાની) શરબત પીશે. પણ (માત્ર) તેજ ગળાં કે જે "નહિ" મુક્ત થયાં અને "તુંજ" માં મરાણાં.

૩૮૭૭. હવે છેડો લાવ, ઓ ટૂંકી આંગળીવાળા બીકણ, (અદઢ) તારી રૂહની જિંદગી કયાં સુધી રોટલા પર (આધાર રાખશે)

૩૮૭૮. "વીલો"ની માફક તને ફળો લાગતાં નથી. સફેદ રોટલાની ખાતર તેં તારું માન ગુમાવ્યું છે.

૩૮૭૯. જો વાસનામય આત્મા આ રોટલામાંથી છૂટતો નથી, તો અર્ક લે અને જસતને સોનામાં ફેરવી નાખ.

૩૮૮૦. ઓ ફલાણાભાઇ, શું તું તારા કપડાં ધોઇશ (ચોખ્ખાં કરીશ)? તારો ચહેરો કપડાં સફેદ કરનારાના રહેઠાણથી ન ફેરવ.

શહીદો માટે મોત = એ જીંદગી છે.

૩૮૮૧. જોકે રોટલાએ તારો રોજો તોડયો છે, પણ જે તૂટેલું સાંધે છે તેને ચોંટી રહે, અને (પછી) ઉપર ચઢ.

૩૮૮૨. અલબત તેનો હાથ તૂટેલું છે તે સાંધે છે. તેની સાથે જ તેનું (ખુદાનું) ભાંગવું ચોકકસ સંધાઈ જાય છે.

૩૮૮૩. પણ જો તું ભાંગીશ તો તે તને કહેશે, આવ અને આખું બનાવ, અને તારો હાથ કે પગ પણ નહિ હોય (સાંધવા માટેનો)

૩૮૮૪. તેટલા માટે તેને એકલાને જ ભાંગી નાખવાનો હક છે, કારણ કે તે એકલો જ જે ભાંગી નાંખવામાં આવ્યું તે સાંધે છે.

૩૮૮૫. તે જે સીવતાં જાણે છે તેજ ફાડતાં જાણે છે. જે કંઈ પણ તે વેચે છે તે તે ખરીદ કરે છે.

૩૮૮૬. તે ઘરનો ઉપરથી નીચે સુધી નાશ કરે છે, અને તેજ એક પળમાં તે રહેવા લાયક બનાવે છે.

૩૮૮૭. જો તે કાચા ઘરથી તેનું માથું જુદું કરે છે તો તે લાખો માથાં બદલીમાં ઉભાં કરી શકે છે.

૩૮૮૮. જો તેણે ગુનેગારો ઉપર બદલો લેવાનો હુકમ ન કર્યો હોત અથવા તો તેણે (આસ) ન કહ્યુ હોત, "બદલામાં (તમારા માટે) ત્યાં જિંદગી છે."

૩૮૮૯. જે ખુદાના હુકમ આગળ ગુલામ છે, તેની સામે પેટ તલવાર (પોતાની જવાબદારી પર) કેમ ઉપાડી શકે?

૩૮૯૦. કારણ કે દરેક કે જેની આંખ ખુદાએ ઉઘાડી છે. તે જાણશે કે મારનાર (ખુદાએ) આગળથી ભાવિ નક્કી કરેલા મુજબ મારી રહ્યો છે.

૩૮૯૧. કોઈપણ જે આગળના નકકી થએલ ભાવિ ને કબૂલ કરે છે તે પોતે પોતાના બચ્ચા ઉપર પણ તલવારનો વાર કરશે.

૩૮૯૨. જા, ખુદાની બીક રાખ, દુષ્ટોની નિંદા નકર. (ખુદાઈ) હુકમના ફાંસા આગળ તારી ઉપયોગિતા જાણવા (કોશિશ કર)

હ. આદમ નું ઈબ્લીસ તરફ અભિમાન બતાવવા વિષે.

૩૮૯૩. એક દિવસે (શ્રાપિત) ઈબ્લીસ તરફ હ. આદમે ધિક્કાર અને તુચ્છતાથી જોયું.

૩૮૯૪. તેઓએ આપખુદી અને હુંપદથી જોયું, તેઓ શ્રાપિત ઈબ્લીસ ના દુઃખ તરફ હસ્યા.

૩૮૯૫. ખુદાની અદેખાઈ પુકાર કરી ઊઠી, ઓ પસંદ કરાએલા, તમો છૂપા ગૂઢાર્થથી અજ્ઞાન છો.

૩૮૯૬. જો તેઓ રૂંવાટી અંદરથી બહાર કરે (સત્ય બતાવે), તો તે ઈમાનના ડુંગરો તેના જડમૂળ માંથી ઉખેડી નાખે.

એકલાનેજ ભાંગી નાંખવાનો હક છે.
તે એકલોજ છે. જે ભાંગી નાંખવામાં આવ્યું તે સાંધે છે.
ઘરનો એક પળમાં નાશ અને એક પળમાં રહેવા...

૩૮૯૭. તે પળે તે સો આદમને શરમમાં મૂકે તેવો પડદો ઉંચકે અને નવા દાખલ થએલા મુસ્લિમોને સો સેતાનોમાં ફેરવી બતાવે.

૩૮૯૮. હ. આદમે કહ્યું, હું આમ જોવા માટે પશ્ચાતાપ કરું છું, હું ફરીવાર આવી અપમાનજનક રીતે જોઈશ નહિ.

૩૮૯૯. જેઓ મદદ માટે પુકાર કરે છે, તેઓને મદદ કર, અને સીધો રસ્તે દોરવ. જ્ઞાન અને શ્રીમંતાઈમાં અહંકાર કરવો વ્યર્થ છે.

૩૯૦૦. દિલને રસ્તા પરથી ઉતારતો નહિ. એમ સમજીને તું તારી પોતાની દયાથી દોરવાણો છે અને 'કલમે' લખાએલી ખરાબીથી બચી જા.

૩૯૦૧. તારી કસોટીની ખરાબી અમારા આત્માઓમાંથી જવાદે. તારી સાથે ખુશી ભોગવનારાથી અમોને છૂટા પાડી ન દે.

૩૯૦૨. તારાથી જુદાઈ કરતાં બીજી કોઇ વસમી ચીજ નથી. મારા રક્ષણ વગર અમારી મૂંઝવણનો પાર નથી.

૩૯૦૩ અમારો (દુન્યવી) માલ (રૂહાની) માર્ગનો રસ્તો રોકે છે. અમારાં શરીર અમારો આત્માનાં (રૂહાની) કપડાં ફાડે છે.

૩૯૦૪. તેવી જ રીતે આપણા હાથેથી (ખરાબ લખાતાં) આપણા પગથી થતી ભલાઈને ફાડી ખાય છે. તારા સંરક્ષણ વગર કોઈ પોતાનો આત્મા કેવી રીતે બચાવશે?

૩૯૦૫. અને જો આ ભયંકર ભયોમાંથી તે પોતાના આત્માને બચાવશે તો પણ તેણે માત્ર કમનસીબ અને બીકના સંગ્રહને બચાવ્યો છે.

૩૯૦૬. કારણ કે આત્મા જો તે પ્યારાથી સંધાયો ન હોય તો તે આંધળો અને વાદળી રંગનો પોતા થકી કાયમ માટેનો છે.

૩૯૦૭. તું તેને તારી હાજરીમાં દાખલ નહિ કર. ધારી લે કે તેણે પોતાનો આત્મા બચાવ્યો, છતાં તેને તેના (ખુદા વગર) જીવતો મરેલો સમજી લે.

૩૯૦૮. જો તું તને પસંદ પડે તેવા ગુલામને તું ગુલામોમાંથી (તારી ખિદમતમાં) ચૂંટે છે. ઓ તું, કે જેની દરેક ઈચ્છા પૂર્ણતા પામે છે.

૩૯૦૯. અને જો તું કહે કે ચંદ્રમા અને સૂર્યમાં છારી લાગેલા છે અને જો તું કહે કે (સીધું) સાઈપ્રસ ઝાડ વાંકું વળી જાય.

૩૯૧૦. અને જો તું અવકાશ અને સૂર્યને ધિક્કારવા લાયક બોલાવે, અને જો તું કહે કે ખાણ અને દરિયો ખતમ બને.

૩૯૧૧. તને સંબોધવા માટે તે તારા માટે લાયક છે તારામાં અપૂર્ણતાને સંપૂર્ણ કરવાની સત્તા છે.

૩૯૧૨. કારણ કે તું પવિત્ર ભયરહિત અને નહિવત હોવાથી પવિત્ર છે. તું અસ્તિત્વ વગરનાને અસ્તિત્વમાં લાવનાર છે.

દુન્યવી માલ- રૂહાની માર્ગનો રસ્તો રોકે છે.
અમારા શરીર. અમારા આત્માનાં (રૂહાની

૩૯૧૩. તે કે જેણે બનાવ્યું, તે તેને બાળી શકે છે, કારણ કે જ્યારે તેણે ફાડયું છે ત્યારે તે સાંધી પણ શકે. છે.

૩૯૧૪. દરેક પાનખરમાં તે બગીચાને બાળે છે (સૂકવી નાખે છે) પછી તે (બગીચામાં) ગુલાબ ફરી બનાવે છે.

૩૯૧૫. કહે છે, ઓ તમો જેઓ પાછળ ગયાં હતાં હવે આગળ આવો, તાજા થાઓ, ફરી એકવાર સુંદર અને મનગમતાં બનો.

૩૯૧૬. આત્મપૂજકની આંખ આંધળી બની છે, તે તેને ફરીવાર દેખતી કરે છે વાંસડાનું ગળું કાપવામાં આવ્યું. તે તેને ફરીવાર (ત્યાંજ) ઉગાડે છે.

૩૯૧૭. જ્યારે આપણે (ખુદાથી) બનેલા છીએ અને આપણે બનાવનાર નથી. આપણે કંઈજ નથી. નમ્ર અને સંતોષી (બન).

૩૯૧૮. આપણે હાડમાંસ છીએ, અને માંસમાં રચ્યાપચ્યા છીએ. જો તું (ખુદા) અમોને બોલાવીશ નહિ તો અમો બધા અસુરો છીએ.

૩૯૧૯. અને જો અમોને અસુરોમાંથી મુક્ત કર્યા તો (તે માત્ર) તેં અમારા આત્માઓનો આંધળાપણામાંથી દેખતા કર્યા છે.

૩૯૨૦. તુંજ જેને જિંદગી છે તેનો રાહનુમા છે, (અમો) કે જેઓ લાકડી કે દોરી જનાર વગરના આંધળા છીએ.

૩૯૨૧. માત્ર તારા એકલા સિવાય (બધા) ભલા કે બૂરા માણસનો સત્ય નાશ કરનાર અને આગનું સત્ય છીએ.

૩૯૨૨. જે કોઈને અગ્નિ આસરો આપે અને મદદગાર છે, તે કાંતો જાદુગર કે પારસી બને છે.

૩૯૨૩. ખુદા સિવાય બીજું ફોકટ છે, ખરેખર ખુદાની કૃપા, આશીર્વાદીત, હંમેશનું વરસાદ વરસાવતું વાદળ છે.

અમીરૂલ મોમનીન મૌલા મુર્તુઝાની વાત તરફ પાછા ફરવું અને કેવી ઉદારતા તેના ખૂની તરફ બતાવી, તે વિષે

૩૯૨૪. હ. મૌલાઅલી અને તેના ખૂનીની (વાત) તરફ પાછો ફર અને તેણે જે માયાળુપણું તેના તરફ બતાવ્યું, ખૂની તરફ પોતાનું ઉત્તમપણું (બતાવ્યું)

૩૯૨૫. તેમણે કહ્યું, દિવસ અને રાત્રે હું મારી આંખોથી મારા ખૂનીને જોઉં છું (છતાંપણ) મને તેના તરફ ગુસ્સો નથી.

૩૯૨૬. કારણકે મૃત્યુ મને "મન્ના" ની જેમ મીઠું બન્યું છે, મારા મૃત્યુએ કયામતને મજબૂત પકડી રાખી છે.

૩૯૨૭. મૃત્યુ વગરનાનું મૃત્યુ આપણને કાયદાસર લાગે છે, આપણને પૂરી ન પાડનારની ખાદ્યસામગ્રી બક્ષિસ (લાગે છે)

ખુદા સિવાય બીજુ નકામું છે.
આપણે (ખુદાથી) બનેલા છીએ આપણે બનાવનાર
આપણે કાંઈજ નથી. નમ્ર, સંતોષી બન. નહિ.

૩૯૨૮. બહારથી દેખાતું મૃત્યુ અંદર ખાતેનું જીવન છે, હકીકતમાં તે (બીમારી) કાપે છે, બાતૂનમાં અનંત જીવન છે.

૩૯૨૯. પેટના ગર્ભમાં જન્મ ધારણ થતો હોય છે, દુનિયામાં નવો બને છે.

૩૯૩૦. જ્યારે મને મૃત્યુ માટે અનહદ ચાહના અને પ્રેમ છે, મનાઈ હુકમ "તમો પોતાને નાશમાં નાંખો નહિ" તે શરીર માટે નથી.

૩૯૩૧. કારણ કે (માત્ર) મીઠી 'બેરી'ની મનાઇ કરવામાં આવી છે (ત્યારે) ખાટીને મનાઈ કરવાની જરૂરિયાત કેમ હોય?

૩૯૩૨. 'બેર' કે જેની ગર્ભ અને છાલ કડવી હોય છે (ત્યારે) તેનું કડવાપણું અલડપણું મનાઈની ગરજ સારે છે.

૩૯૩૩. મારી મરી જવાની 'બેરી' મીઠી બની છે. (કુરાને શરીફ) "નહિ, મારા માટે જ તેઓનું જીવતર છે."

૩૯૩૪. વિશ્વાસુ દોસ્ત, મને મારી નાખ. હું અધમ છું. ખરેખર મને મારી નાખવામાં વધુ સારી જિંદગી છે

૩૦૩૫. ઓ યુવાન, ખરેખર મારા મૃત્યુમાં મારું જીવન છે, ક્યાં સુધી હું મારા વતનથી જુદો રહીશ? ક્યાં સુધી?

૩૯૩૬. જો મારા (અહીં) રહેવામાં જુદાઈ નથી તો તેણે આમ (કુરાનમાં) ન કહ્યું હોત, "ખરેખર, અમે તારી તરફ જ પાછા ફરનાર છીએ."

૩૯૩૭. પાછો ફરનાર તે જ છે કે જે પોતાના શહેરમાં પાછો ફરે છે. એકતામાં સમાઈ જવાના ફરતા વખતથી નાસે છે.

મૌલા મુર્તુઝાના ઘોડાનું પેંગડું પકડનારનું (તેમની) પાસે આવી કહેવું: ખુદાની ખાતર મને મારી નાખો અને આ માઠી દશામાંથી ઉગારો.

૩૯૩૮. તે આમ કહેતો પાછો ફર્યો, "ઓ મૌલા અલી, મને જલ્દી મારી નાખો, કે જેથી તે ભયંકર કલાક અને પળ જોઉં નહિ.

૩૯૩૯. મારૂં લોહી વહેવડાવવો, હું તે તમારા માટે હલાલ કરું છું, કે જેથી મારી આખ તે કયામત જુએ નહિ.

૩૯૪૦. મેં કહ્યું, જો દરેક પરમાણું ખૂની બને, હાથમાં કટાર સહિત તને મારવા હુમલો કરે (તો પણ)

૩૯૪૧. તેઓમાંથી કોઈ તારો એક વાળ પણ કાપી શકે નહિ. જો પેલા (ભાવિએ) આ પ્રમાણે લખ્યું ન હોય તો.

૩૯૪૨. પછી (તું) દિલગીર તથા હું તારી વચ્ચે છું. હું રૂહનો ધણી છું. હું કાંઇ શરીરનો ગુલામ નથી.

૩૯૪૩. મારી નજરમાં આ શરીરની કિંમત નથી શરીર વગર પણ હું અમીર છું, અમીરનો ફરઝંદ છું.

મારા મૃત્યુમાં મારું જીવન છે, કયાં મૃત્યુ

૩૯૪૪. કટાર અને તલવાર મારા માટે મીઠા તુલસી છે. મારું મૃત્યુ મારો ભોજન સમારંભ અને માનદાયક કાર્ય બન્યું છે.

૩૯૪૫. તે જે પોતાના શરીર માટે આવો સંયમ કેળવે છે, તે બાદશાહી અને ખિલાફતનો લોભ કેમ કરે?

૩૯૪૬. દેખીતી રીતે તે સત્તા અને અધિકાર માટે સખ્ત પ્રયત્ન કરે છે (પણ માત્ર) એટલાજ માટે કે તે રાજાઓને (સાચો) રસ્તો અને ન્યાય બતાવે.

૩૯૪૭. કે તે બાદશાહીમાં નવો પ્રાણ પૂરે કે જેથી તે ખિલાફતના ઝાડને ફળો આપે.

હ. પયગમ્બર (સ. અ.) નું પોતાના મુદ્દાને સમજાવવું મક્કા અને મક્કા સિવાયની જગ્યાઓની જીત એ દુનિયાની લાલસા ખાતર કરેલી નહિ, જેમ તેઓએ કહ્યું, "દુનિયા મડદું છે" તેથી ઉલટું (તેમ કરવાનો) ખુદાઈ હુકમ હતો.

૩૯૪૮. તેટલા જ માટે હ. પયગમ્બર સાહેબ મક્કા જીતવા કોશિશ કરી, તેઓ આ દુનિયાના પ્રેમ (માટે કર્યું) તેવો શક તેમના પર કેમ લાવી શકાય?

૩૯૪૯. તે કે જે ન્યાયના દિવસે પોતાની આંખો અને દિલ સાતેય બહેસ્તોના ખજાનાથી (પણ) બંધ કરશે (દિલ નહિ લગાડે).

૩૯૫૦. જ્યારે સાતેય આસમાનોના ક્ષિતિજમાં જ્યાં ફિરસ્તા અને જીનોએ તેના તરફ મીટ માંડી હશે.

૩૯૫૧. તેમના (ખુદાના) પ્રતાપે તેઓ શોભતા હશે ત્યારે તેઓ માત્ર વ્હાલમ સિવાય બીજાની પરવાહ શા માટે કરે?

૩૯૫૨. તે ખુદાઈ રોશનીમાં એવો શોભાયમાન હશે કે ખુદાથી જેઓ તદ્દન નજીક હશે તેઓ પણ તેમાં દખલ કરવા તેની પાસે જઈ શકશે નહિ.

૩૯૫૩. આપણી એકતામાં (ખુદા સાથેની) પયગમ્બર કે જેઓને સંદેશક તરીકે મોકલ્યા હતા. તેઓ કહેતા ફિરસ્તા કે રૂહને મારે માટે જગ્યા નથી. શું તું આ સમજે છે?

૩૯૫૪. તેણે (વળી એમ પણ) કહ્યું "આપણે" 'માઝાગ' (આંખો ભટકાવનાર) છીએ, આપણે કાગડા માફક નથી (મરેલું માંસ ખાનાર) આપણા રંગરેજ સાથે પ્રેમમાં મદહોશ છીએ આપણે બગીચાના મદહોશ નથી.

૩૯૫૫. તેથી જ હ. પયગમ્બર આંખને આ અવકાશોનો ખજાનો અને સમજણો તણખલાની માફક કિંમત વગરની છે.

૩૯૫૬. ત્યારે તેની (ગણત્રીમાં) મકકા ઈરાક કે સિરીયા શું છે? કે તે લડાઈ કરી તે મેળવવાની તમન્ના કરે?

૩૯૫૭. તે વિચાર અને ધારણા નાસ્તિકતા જેવાં છે કે જે પોતના દુષ્ટ આત્માની સરખામણી કરી ઇન્સાફ તોળે છે.

૩૯૫૮. જ્યારે તમો (તમારા અને સૂર્ય વચ્ચે) પીળો કાચ ધરશો તો તમને સૂર્યનો પ્રકાશ પીળો લાગશે.

૩૯૫૯. વાદળી અને પીળા કાચ ભાંગી નાખો, કે જેથી તમો (તેમાં છૂપી રીતે રહેલા) ધૂળ અને માણસ ને જાણી શકો.

૩૯૬૦. (રૂહાની) ઘોડેસ્વાર, આપણા (શરીરની) ધૂળે પોતાનું માથું ઉચક્યું છે, તમે ધૂળને ખુદાનો માણસ સમજવાની કલ્પના કરી છે.

૩૯૬૧. ઈબ્લીસે માત્ર માટી જ જોઈ અને કહ્યું, આ માટીમાંથી ઉત્પન્ન થયેલ ઝનૂની કપાળ (આતશી) થી ઊંચો કેમ બને ?

૩૯૬૨. જ્યાં સુધી તું પવિત્ર (પયગમ્બરો અને રૂહાની પેશ્વાને) માણુસ જેવા માનીશ ત્યાં સુધી જાણુ કે તે મત ઈબ્લીસમાંથી ઉતરેલો છે.

૩૯૬૩. ઓ ભાન વગરના, જો તું ઇબ્લીસનો બચ્ચો નથી તો પછી તે કૂતરો તારી પાસે કેમ આવ્યો ?

૩૯૬૪. હું હલકી જાતનો કૂતરો નથી. હું ખુદાનો સિંહ છું. ઓ ખુદાના બંદા, ખુદાનો સિંહ તે છે, જે (જીસ્માની) રૂપથી નાસી છુટયો છે.

૩૯૬૫. આ દુનિયાનો સિંહ શિકાર અને ખોરાક શોધે છે. માલિકનો સિંહ સ્વતંત્રતા અને મોત શોધે છે.

૩૯૬૬. અલબત મોતમાં તે સો અસ્તિત્વ નિહાળે છે. જેમ પતંગિયું પોતાના અસ્તિત્વને બાળી નાખે છે.

૩૯૬૭. મોતની ઈચ્છા મોમનનો ચંદ્રક છે, કારણકે આ દુનિયા જ્યુની પરીક્ષાની (જગ્યા) છે.

૩૯૬૮. તે (ખુદાએ) કુરાનમાં ફરમાવ્યું, ઓ જ્યુ લોકો, મોત એ ખજાનો અને ઈમાન દારોની દોલત છે.

૩૯૬૯. (દુનિયાની ઈચ્છા ધરાવનારા) ને દુનિયાની દોલતનો નફો કરવા ઇચ્છા હોય છે, (પણ ઈમાનદારોની આંખમાં) મોતને જીતવું વધુ બહેતર છે (એમ સમજે છે.)

૩૯૭૦. દુનિયાના લોકોના માન મેળવવાની ખાતર ઓ જ્યુ લોકો, આ ઈચ્છા તમારી જીભથી ઉચ્ચારો.

૩૯૭૧. જ્યારે હ. મહમ્મદ (ર.સ.અ.) એ વાવટો ફરકાવ્યો ત્યારે એક પણ જ્યુની હિંમત (આમ કહી શકી નહીં.)

૩૯૭૨. તેમણે કહ્યું, જો તેઓ પોતાની જીભે આમ બોલ્યા હોત તો ખરેખર દુનિયામાં એકપણ જ્યુ બાકી ન રહેત (બધા મુસ્લિમ બની જાત)

૩૯૭૩. પછી જ્યુ લોકો પોતાની મિલ્કત (ભેટ તરીકે) લાવ્યા એમ કહીને કે "ઓ દુનિયાની રોશની અમોને શરમમાં ન મૂકો"

૩૯૭૪. આ વાતચીતનો અંત દૃષ્ટિ બહાર છે. તારો હાથ આપ, કારણુ કે તારી આંખે દોસ્તને (ખુદાને) જોયો છે.

અમીરૂલ મોઅમનીન મૌલા મુર્તુઝાનું હારેલાને કહેલું, તું જ્યારે મારા ચહેરા પર થૂંકયો, મારો નફ્સે અમ્મારા જાગૃત થયો અને હું સંપૂર્ણ દિલથી વર્તી ન શકું (ખુદા તરફ) તેથી જ મેં તને કતલ ન કર્યો.

૩૯૭૫. અમીરૂલ મોમનીન (મૌલા મુર્તુઝાઅલીએ) પેલા જુવાનને કહ્યું ઓ અમીર, લડાઈની વેળાએ.

૩૯૭૬. જ્યારે તું મારા ચહેરા પર થૂંકયો. મારો નફ્સે અમ્મારા જાગૃત થયો અને મારા (ભલા) સ્વભાવમાં ફેર પડ્યો.

૩૯૭૭. (તે વખતે) (લડાઈ) અધીં ખુદાને ખાતર હતી અને અધીં ખોટા આવેલ ને ખાતર, ખુદાઈ બાબતોમાં ભાગીદારી મંજૂર નથી.

૩૯૭૮. તું ખુદાના હાથથી બનેલો છે. તું ખુદાના કાર્ય (થકીજ) છો. તું મારાથી બનેલો નથી.

૩૯૭૯. ખુદાએ (બનાવેલ) પૂતળું ભાંગ (પણ માત્ર) ખુદાના હુકમથી. વહાલાના કામ તરફ (પત્થર) ફેંક, પણ (માત્ર) વહાલાના હુકમથી જ.

૩૯૮૦. અગ્નિપુજકે આ સાંભળ્યું, અને તેના દિલમાં રોશની પેદા થઈ કે જેથી તેણે કમરપટો કાપ્યો (પારસીઓ કમરે દોરો પહેરે છે તે)

૩૯૮૧. તેણે કહ્યું હું ખોટાં બી વાવતો હતો. મેં તમોને જુદી રીતે સમજવાની (કલ્પના) કરી હતી.

૩૯૮૨. તમો ખુદાની કુદરની સમતુલા છો. 'ના' તમો દરેક સમતુલા ની જીભ છો.

૩૯૮૩. તમો જ મારા કુટુંબી અને પુંજી છો, તમો મારા દીન ધર્મની બત્તીની રોશનીછો.

૩૯૮૪. તમારી બત્તી જેમાંથી દિવ્ય પ્રકાશ મેળવે છે, તે આંખને આંજતી બત્તીનો હું ગુલામ છું.

૩૯૮૫. હું તે દરિયાની રોશનીના મોટાં મોજાંનો ગુલામ છું, કે જે આના જેવું મોતી દરિયામાંથી બહાર લાવે છે.

૩૯૮૬. મને ઇસ્લામ દીનના તરીકામાં દાખલ કરો કારણુકે હું તમોને જમાનાના માનવંતા (રાહનુમા) માનુ છું.

૩૯૮૭. લગભગ ૫૦ માણુસો તેના સગાવહાલા અને જાતિના એ. (પાક) દીન ઇસ્લામનો રાજીખુશીથી સ્વીકારર્યો.

૩૯૮૮ (હ. મૌલા અલી)ની રહેમતી તલવારે આટલા બધાં માથા તલવારથી કપાતા બચાવ્યાં.

ખુદાઈ બાબતમાં ભાગીદારી મંજૂર નથી

૩૯૮૯. દયાની તલવાર લોઢાની તલવારથી વધુ તેજ છે. 'ના એમ નહિ.' તે સો લશ્કરો કરતાં વધુ જીત અપાવનાર છે.

૩૯૯૦. અરે અફસોસ, બે મોઢાએ ધરાઈને ખાધું (તેથી) ઉભરાએલા વિચારો ઠરી ગયા.

૩૯૯૧. એક ઘઉંના દાણાએ હ. આદમના સૂર્યને ગ્રહણ કર્યું. નીચે ઉતરતી ગાંઠ પૂનમના ચંદ્રમાનાં તેજને ગ્રહણ કરે છે.

૩૯૯૨. દિલની ખૂબસૂરતી સાચવી રાખ, તેનો ચંદ્રમા (દિલમાં કેવી રીતે પ્રકાશ બુઝાવે છે), માત્ર હાથમાંની થોડી માટી થકી. (ગુનાહ થકી)

૩૯૯૩. જ્યારે પાંઉ રૂહ હતો ત્યારે તે ફાયદાકારક હતો. જ્યારે તે રૂપમાં આવ્યો ત્યારે તે બેઈમાનીને જાગૃત કરે છે.

૩૯૯૪. (દાખલા તરીકે) ઉટકંટો જે ઊંટ ખાય છે, તેના ખાવાથી સો ફાયદા અને આનંદ મેળવે છે.

૩૯૯૫. પણ જ્યારે જંગલના ઊંટ પેલા ઉટકંટો ખાય છે તો જ્યારે તેઓનું લીલાપણું ચાલ્યું ગયું હોય છે ત્યારે તેઓ સૂકા બને છે.

૩૯૯૬. તેઓ તેના મોઢાને ને ગાલને ચીરે છે, અરે અફસોસ, આવી તાજગી આપનાર તલવાર બની.

૩૯૯૭. જ્યારે પાંઉ જીવ હતો. તે જાડો કે લીલાં ઉકઠાં હતા. જ્યારે તે આકાર પામ્યું, તે હવે સૂકાએલું ગંદુ બન્યું.

૩૯૯૮. ઓ ભવ્ય હસ્તી! જ્યારે તું શરૂઆતથી ખાવાની ટેવમાં હતો.

૩૯૯૯. તેવી જ આશાથી આ સૂકી ચીજ ખાઈ રહ્યો છે, કે જ્યારે રૂહ માટીની કાયામાં એકરૂપ બની ગયો છે.

૪૦૦૦. તે માટી અને સૂકાએલમાં એક રસ થઈ ગયો છે. ઓ ઊંટ, પેલા છોડ (સૂકા) થી હવે સંયમ જાળવ.

૪૦૦૧. શબ્દો માટીની કાયામાંથી બહાર આવે છે. પાણી ગંદુ બની ગયું છે. કૂવાનું મોં બંધ કરી દે.

૪૦૦૨. કે જેથી ખુદા ફરીવાર તેને ચોકખું અને મીઠું બનાવે. તે જ કે જેણે ગંદુ બનાવ્યું, તે જ તેને તેવું જ ચોકખું બનાવે.

૪૦૦૩. ધીરજ ઇચ્છિત ચીજોને લાવે છે, નહિ કે ઉતાવળ. ધીરજ ધર. શું સાચું છે તે તે માત્ર ખુદા જ જાણે છે.

તુરતમાંજ પ્રગટ થશે.

૧. મશનવી મૌલાના રૂમ ભાગ ૨ જો.

સંપૂર્ણ ગુજરાતી અનુવાદ

[૫૦૦ પાનાનું દળદાર પુસ્તક]

૨. મૌલાના રૂમની ૧૦૦ બોધદાયક વાર્તાઓ ભાગ ૨ જો.

૩. મૌલાના રૂમની ૧૦૦ બોધદાયક વાર્તાઓ ભાગ ૩ જો.

૪. મારફતનાં મોતી.

મશનવીની મારફત સમજાવતી

૨૫૦૦ બૈતોનો અમૂલ્ય સંગ્રહ.

☆

અલ વાઈઝ નૂરમાહમદ રહેતુલ્લા

પી. ઓ. બોકસ ૮૫૨૯.

મોમ્બાસા.